View metadata, citation and similar papers at core.ac.uk

brought to you by CORE

provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Barot, Jayashree N., 2007, " **આંતર-જ્ઞાતિય તથા આંતર-ધર્મીય લગ્ન કરનાર યુવતિઓની અનુકૂલનની સમસ્યાઓ - એક અભ્યાસ** ", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/929

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# આંતર–જ્ઞાતિય તથા આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓની અનુકૂલનની સમસ્યાઓ – એક અભ્યાસ

# Adjustment problems of women married in Inter-Caste and Inter-religion - A Study

❁❁❁❁❁❁

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગૃહવિજ્ઞાન વિષયમાં
પી.એચ.ડી. ની પદવી માટે રજૂ કરવા માટેનો
મહા શોધ નિબંધ

❁❁❁❁❁❁


❁ સંશોધક ❁
પ્રા. જયશ્રી એન. બારોટ
અધ્યક્ષા,
ગૃહવિજ્ઞાન વિભાગ,
ગુરુકુળ મહિલા કોલેજ,
પોરબંદર

❁ માર્ગદર્શક ❁
ડો. હેમીક્ષાબેન રાવ
પ્રોફેસર અને અધ્યક્ષા,
સમાજશાસ્ત્ર વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ



સમાજશાસ્ત્ર ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ

વર્ષ ૨૦૦૭

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે પ્રા. જયશ્રીબેન બારોટે "આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓની અનુકૂલનની સમસ્યાઓ – એક અભ્યાસ" વિષય પર વિનયન વિદ્યાશાખાની ગૃહવિજ્ઞાન શાખામાં પી.એચ.ડી. ની પદવી માટેનું સંશોધન કાર્ય કરેલ છે. આ તેમનું મૌલિક સંશોધન છે જે અન્યત્ર કોઈ પદવી માટે રજૂ કરવામાં આવ્યું નથી, કે આ સંશોધનનો કોઈ અંશ કયાંય પ્રસિધ્ધ થયો નથી. આ શોધ–નિબંધ પી.એચ.ડી.ની પદવીની જરૂરિયાતના ભાગરૂપે રજુ કરવાની આથી હું અનુમતી આપું છું.

સ્થળ : રાજકોટ

તારીખ :

(હેમીક્ષાબેન રાવ)
માર્ગદર્શક
પ્રોફેસર અને અધ્યક્ષ,
સમાજશાસ્ત્ર ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ

# –: આમુખ :–

માનવસમાજની વિકાસની પ્રક્રિયા સતત ચાલતી રહી છે. માનવ સભ્યતાના વિકાસને ઉત્ક્રાંતિના વિવિધ તબક્કામાં વહેંચવામાં આવે છે. આદિમાનવ ભટકતું જીવન ગાળતો. ત્યારબાદ સમૂહમાં રહેવા લાગ્યો અને ક્રમશઃ માનવ એક જગ્યાએ સ્થિર વસવાટ કરવા લાગ્યો. ધીમે ધીમે કુટુંબ, લગ્ન, અને નેતાની જરૂરિયાત ઊભી થતા રાજ્ય સંસ્થા અસ્તિત્વમાં આવી.

કુટુંબ અને લગ્નસંસ્થા એ પાયાની સંસ્થા તરીકે ગણવામાં આવે છે. જેમાં સ્ત્રી અને પુરૂષની મુખ્ય ભૂમિકા હોય છે. પ્રાચીન સમયમાં સ્ત્રી અને પુરૂષના કાર્યનું શ્રમ વિભાજન કરવામાં આવ્યું. પુરૂષો શિકાર કરીને ખોરાક એકત્ર કરવાનું કામ કરતા. જ્યારે સ્ત્રીઓ પ્રજોત્થાન તથા બાળકના ઉછેર અને ગૃહવ્યવસ્થાનું કાર્ય કરતી હતી. સ્ત્રી અને પુરૂષ બંન્ને પોતાની ભૂમિકા સમાયોજન દ્વારા ભજવતાં હતા. જેમાંથી ક્રમશઃ સ્ત્રીઓ માટે ગૃહિણીની ભૂમિકા અને પુરૂષો માટે આર્થિક પ્રવૃત્તિની ભૂમિકા નિશ્ચિત બની.

ભારતીય સમાજ એ વર્ણવ્યવસ્થામાંથી જ્ઞાતિ વ્યવસ્થામાં પરિવર્તન પામતા ખુલ્લા સમાજને બદલે બંધ સમાજ બન્યો. જેમાં વ્યકિતનું સ્થાન એ અર્પિત દરજ્જા દ્વારા નિશ્ચિત થયું. રાજાનો દિકરો રાજા ગણાયો અને કુંભારનો દિકરો કુંભાર ગણાયો. આમ જ્ઞાતિના આધારે સમાજની વ્યકિતની ઓળખ થવા લાગી. જ્ઞાતિ વ્યવસ્થામાં દરેક જ્ઞાતિમાં પોતાના ચોક્કસ નીતિનિયમો, બંધારણ, ધોરણો, રૂઢીઓ અને મૂલ્યો જોવા મળતા હતા. અને દિનપ્રતિદિન જ્ઞાતિ વ્યવસ્થા વધુ મજબૂત બની. સ્વતંત્રતા બાદ પશ્ચિમીકરણ, ઔદ્યોગિકરણ, શહેરીકરણ, વૈશ્વિકીકરણની પ્રક્રિયાઓ તથા શિક્ષણનું વધતું જતું પ્રમાણ, સ્થળાંતરની પ્રક્રિયા, સંચાર માધ્યમોની અસરો, સંદેશા વ્યવહારની વધતી જતી સુવિધાઓ તથા સરકારની બદલાતી જતી નીતિઓ જેવા વિવિધ પરિબળોને કારણે જ્ઞાતિ વ્યવસ્થાના ધારાધોરણો અને રીત રિવાજમાં પરિવર્તન આવવા લાગ્યું છે. જ્ઞાતિના નિયમો શિથિલ બનવા લાગ્યા છે. જેની અસર લગ્નસંસ્થા ઉપર જોવા મળે છે.

છેલ્લા બે–ત્રણ દાયકાથી ભારતમાં ઉપરોકત પરિબળો અને પ્રક્રિયાઓને કારણે આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નોનું પ્રમાણ વધવા લાગ્યું છે. જો કે દરેક વ્યકિતની જીવનશૈલીમાં એની જ્ઞાતિ અને ધર્મની અસર જોવા મળે છે. જે તેના કુટુંબ વ્યવસ્થામાં, સભ્યોના વર્તન, વ્યવહારમાં દષ્ટિગોચર થાય છે.

હું પોતે છેલ્લા પચ્ચીસ વર્ષથી પોરબંદર ગુરૂકુળ મહિલા કોલેજમાં ગૃહવિજ્ઞાન વિષયના અધ્યાપક તરીકે કાર્ય કરું છું. અને મારી અધ્યાપક તરીકેની કારકિર્દી દરમિયાન ગૃહવિજ્ઞાનના વિવિધ વિષયો શીખવતાં શીખવતાં કોલેજની ઘણી છોકરીઓએ પોતાની જ્ઞાતિની બહાર અને પોતાના ધર્મ વિરૂધ્ધ અન્ય ધર્મના પાત્રો સાથે લગ્ન કરેલાં જોવા મળ્યા. તેમજ તેઓને જ્યારે કુટુંબ સમાયોજનના અનેક પ્રશ્નો ઉદ્દભવતા ત્યારે તેઓ મારી પાસે માર્ગદર્શન માટે આવતા. આમ અનેક અનુભવોને આધારે જ્યારે મને મારા પી.એચ.ડીના અભ્યાસ માટે વિષય પસંદ કરવાની પરિસ્થિતિ ઉદ્દભવી ત્યારે એક ગૃહવિજ્ઞાનના અધ્યાપક તરીકેના અને આટલા વર્ષોના

પોરબંદરના અનુભવના આધારે મે મારા અભ્યાસ વિષયમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલ યુવતિઓની અનુકૂલનની સમસ્યાઓને વિષય તરીકે પસંદ કરેલ છે.

જ્યારે કોઈ સ્ત્રી ગૃહિણી તરીકેની ભૂમિકા ભજવે છે ત્યારે જે તે જ્ઞાતિ ધર્મ અને કુટુંબની જીવનશૈલી પ્રમાણે તેણે આયોજન કરવાનું હોય છે. મારા અભ્યાસમાં પણ મે એ જોવાનો પ્રયત્ન કર્યો છે કે આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરતી યુવતિઓ ગૃહસંચાલન કેવી રીતે છે, તેઓ કેવા પ્રકારની અનુકૂલનની સમસ્યાઓનો કેવી રીતે સામનો કરે છે. ગૃહ સંચાલન અંગેનું વૈજ્ઞાનિક જ્ઞાન તેઓ ધરાવે છે કે કેમ ? વિગેરે પાસાંઓને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

મારા સમગ્ર સંશોધનનું અભ્યાસ ક્ષેત્ર પોરબંદર અને જુનાગઢ જિલ્લાના આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલ યુવતિઓ પૂરતું મર્યાદિત રહ્યું છે. મારા શોધ નિબંધ માટે તલસ્પર્શી અભ્યાસ કરવા તથા વૈજ્ઞાનિક બનાવવા માટે મુલાકાત અનુસૂચી, નિરીક્ષણ, વ્યકિત એકમ અભ્યાસ પધ્ધતિ વિગેરે પ્રવિધિનો ઉપયોગ કર્યો છે.

મને મારા અભ્યાસ માટે અનેકવિધ સ્ત્રોતો અને વ્યકિતઓના માર્ગદર્શનનો લાભ પ્રાપ્ત થયેલ છે. જેના માટે હું તેઓની આભારી છું.

જેની આત્મીયતા અને માર્ગદર્શન વિના આ સંશોધનનું કામ જે મારા મનમાં ઉદ્ભવ્યું હતું તે મનની સમસ્યાને સંશોધનમાં ફેરવવા માટે જેમણે સતત સાથે રહીને પ્રેરણા આપી છે તેવા મારા ગુરૂ ડો. હેમીક્ષાબેન રાવનો આભાર માનું એટલો ઓછો છે.

☞ મારા શોધ નિબંધ માટે ઘણા પુસ્તકો, લેખો અને સામાયિકોનો સંદર્ભ ગ્રંથ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. એ તમામ લેખકો, સંપાદકોની હું આભારી છું.

☞ મારી વિષય પસંદગી માટે તથા અભ્યાસ સમસ્યા પસંદગી માટે તથા અભ્યાસક્ષેત્રની માહિતી માટે વિવિધ પુસ્તકો તથા સંદર્ભ સાહિત્ય પૂરા પાડવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગ્રંથપાલ શ્રી સોનીસાહેબનો, ગુરૂકુળ મહિલા કોલેજ તથા બહાઉદ્દિન કોલેજ તથા બોસમીયા કોલેજના ગ્રંથપાલશ્રીઓનો આભાર માનું છું.

☞ ઉત્તરદાતાઓ પસંદ કરવા માટે મને માહિતી પૂરી પાડનાર પોરબંદર અને જુનાગઢ જિલ્લાના મેરેજ બ્યુરો, આર્ય સમાજ, લગ્ન–નોંધણી કચેરી તેમજ મિત્રો દ્વારા માહિતી મળેલી છે. જેનો આ તકે આભાર માનું છું.

☞ માનનીય ટ્રસ્ટી કુલભ્રાતા શ્રી ધીરેન્દ્રભાઈ મહેતા, શ્રી મેધાવિનીભાભી તેમજ મહેતા પરિવાર અને ટ્રસ્ટના માનદ સેક્રેટરી શ્રી સુરેશભાઈ કોઠારી, પ્રશાસકશ્રી કનકભાઈ દવે, મહાઅધિષ્ઠાત્રી પૂ. ચંપાબેન જોશી, સંતોકબા મંદિરના ચીફ કોર્ડીનેટર શ્રી પ્રજ્ઞાબેન ગજ્જર વિગેરે પ્રત્યે આભારની લાગણી વ્યકત કરું છું.

☞ ગુરૂકુળ મહિલા કોલેજના પ્રિન્સીપાલ દેવેન્દ્રભાઈ આચાર્ય તેમજ વાઈસ પ્રિન્સીપાલ ડો. હરીનબેન મજેઠીયા જેઓએ મારા સંશોધન કાર્ય દરમિયાન મને જે સગવડતા કરી આપી છે

તે બદલ આભારી છું.

☞ મારા ડીપાર્ટમેન્ટના પ્રો. રોહિણીબા જાડેજા, પ્રો. શોભનાબેન વાળા અને મનોરમાબેન વોરા અને મારી વિદ્યાર્થીનીઓ જેઓએ સતત સાથે રહીને કાર્યમાં મદદ કરી છે તેમની આત્મીયતા બદલ તેમની આભારી રહીશ.

☞ ગુરૂકુળ મહિલા કોલેજનો ટીચીંગ અને નોનટીચીંગ સ્ટાફ, જેની પ્રેરણા અને પ્રોત્સાહનથી આ કાર્યમાં જે ઝડપ આવી તે બદલ તેમની રૂણી રહીશ.

☞ મારા ક્ષેત્રકાર્યમાં જેનો સતત સહકાર મળતો રહ્યો છે તેવા ડો. ચન્દ્રકાન્તભાઈ વાઘેલા, ડો. યોગેશભાઈ પંડયા, ડો. મનહરભાઈ ગોસ્વામી, ડો. રાજેન્દ્ર રાઠોડ, ડો. દિલીપ વ્યાસ તેમજ ડો. ભરત ગઢવી, ડો. જનક પંડિત, ડો. જીતેન્દ્ર જોબનપુત્રા, ડો. નેહાબેન શાહ, પ્રો. રાજુલબેન રોકડ, ડો. માલતી મહેતા, પ્રો. ઈલાક્ષી દવે, ડો. કીર્તિબેન જાની તે સર્વેની પ્રત્યે આભારની લાગણી વ્યકત કરું છું.

☞ પ્રો. જયશ્રીબેન નાયક, મનોજ નાયક, ડો. હરેશભાઈ ઝાલા, ડી. કે. શાહ સાહેબ, બકુલભાઈ રાઠોડ તેમજ હોમસાયન્સ ડીન વર્ષાબેન છીછીયાનો આ તકે આભાર માનું છું.

☞ તેમજ જેના સાથ અને સહકાર વિના પૂર્ણતાને આરે ન પહોંચાય તેવા હંસાબેન ભરતભાઈ રાજ્યગુરૂ, પૂ.બા તેમજ શીલાબેન ઠકરાર અને અન્ય પાડોશીની હું આભારી છું.

☞ મારા જીવનમાં જેણે સતત મારા વિકાસમાં રસ દાખવ્યો છે અને સતત પ્રેરણા અને હૂંફ આપી છે તે મારા ફ્રેન્ડ, ફિલોશોફર અને ગાઈડ પ્રો. નારાયણભાઈ મહેતાની કાયમી રૂણી રહીશ.

☞ જેનો મને સહાય, પ્રેમ અને લાગણી મળી છે. તેવી બેન પ્રજ્ઞા નીતિન બુમીયા, ભાવના અને ભરતભાઈ પટેલ, ડો. ભૂલિકાબેન ત્રિવેદી, જ્યોતિબેન પારાશર્ય, જ્યોતિબેન થાનકી અને સરોજબેન જોશીની આભારી છું.

☞ આજે હું જે કંઈ છું તે મારા કુટુંબની આભારી છું. તેમાં મારો ભાઈ જયદત્ત (કેનેડા) અને અસૌ. શીલા તેમજ વહાલી નીકું તેમજ રાજેન્દ્રભાઈ બારોટ તેમજ અસૌ. સુધાભાભી, બેન ભાવના તેમજ અશોકકુમાર તેમજ બેન ચેતના અને તુલસીકુમાર તેમજ ભાઈ શનિ, કીશન, નીધી તેમજ જય અને મુદ્રા. તેમજ જસ્મીન. આ કુટુંબીજનોના પ્રેમ અને સહકાર અને આત્મીયતા માટે આભારી છું.

☞ જેની સતત ઈચ્છા હતી કે મારી પ્રગતિ થતી રહે તેવા મારા પિતાશ્રી નટવરલાલ બારોટ તેમજ માતુશ્રી તારાબેન બારોટ જેની નાનપણથી જ ભણાવવાની તીવ્ર ઈચ્છાને પરિણામે જ આ વસ્તુ શકય બની છે. તેમના માટે આભાર શબ્દ પણ ઓછો પડે.

☞ ક્ષેત્રકાર્ય દરમિયાન મને માહિતી પૂરી પાડનાર મારા ઉત્તરદાતાઓ કે જેઓએ પોતાનો સમય, શકિત અને સતત વ્યસ્તતા વચ્ચે પણ મને સમય ફાળવીને માહિતી પૂરી પાડી છે. તેમનો આભાર માનું છું.

☞ આ સમગ્ર કાર્ય દરમિયાન સમયસર મને ટાઈપીંગ અને બાઈન્ડીંગ કરી આપી સાથ આપનાર

સિધ્ધાર્થ એન. મહેતાનો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

☞ આ સમગ્ર કાર્ય દરમિયાન મને ગ્રાફિકલ ચાર્ટ બનાવી આપવામાં મદદ કરવા બદલ હું રચના સી. વાઘેલાનો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

☞ તદઉપરાંત નામી–અનામી શુભેચ્છકો, મિત્રો, વડીલો, વિદ્વાનો, જ્ઞાતિજનો, પરિવારજનો વગેરે કોઈને કોઈ ક્ષેત્રે કાર્ય કરવામાં મદદરૂપ થયા હોય અને નામ લખતા ભૂલાઈ ગયા હોય તો તેઓનો હું અંતઃકરણપૂર્વક સાદર આભાર માની વિરમું છું.

# —: અનુક્રમણિકા :—


– પ્રમાણપત્ર

– આમુખ

– કોષ્ટકોની યાદી

– ગ્રાફની યાદી

– નકશાની યાદી

| | | પાના નંબર |
|---|---|---|
| | **પ્રકરણ – ૧**<br>**સંશોધન પરિચય** | ૧ થી ૩૬ |
| ૧.૧ | પ્રસ્તાવના | ૧ |
| ૧.૨. | ગૃહવિજ્ઞાન શિક્ષણનો ઉદ્દભવ અને વિકાસ | ૧ |
| ૧.૩ | આહાર અને પોષણ વિભાગ | ૫ |
| ૧.૪ | ગૃહવિજ્ઞાન શિક્ષણ વિસ્તરણ | ૭ |
| ૧.૫ | બાળવિકાસ | ૧૦ |
| ૧.૬ | વસ્ત્ર વિજ્ઞાન | ૧૩ |
| ૧.૭ | ગૃહસંચાલન | ૧૭ |
| ૧.૮ | ઉપસંહાર | ૩૫ |
| | **પ્રકરણ – ૨**<br>**સંશોધન આયોજન** | ૩૭ થી ૬૧ |
| ૨.૧ | પ્રસ્તાવના | ૩૮ |
| ૨.૨. | સંશોધન વિષય પસંદગી | ૩૯ |
| ૨.૩ | અભ્યાસ સમસ્યા | ૪૧ |
| ૨.૪ | સૈધ્ધાંતિક ભૂમિકા | ૪૨ |
| ૨.૫ | સંશોધનના હેતુઓ | ૪૩ |
| ૨.૬ | અભ્યાસના ખ્યાલો | ૪૫ |
| ૨.૭ | ઉપકલ્પના | ૪૮ |
| ૨.૮ | અભ્યાસનું મહત્વ | ૫૧ |
| ૨.૯ | અભ્યાસ ક્ષેત્ર | ૫૨ |

| | | |
|---|---|---|
| ૨.૧૦ | સંશોધનમાં ઉપયોગમાં લીધેલી પધ્ધતિઓ અને પ્રવિધિઓ | ૫૩ |
| ૨.૧૧ | વર્ગીકરણ અને વિશ્લેષણ | ૫૫ |
| ૨.૧૨ | પ્રકરણીકરણ | ૫૫ |
| ૨.૧૩ | અભ્યાસની મર્યાદાઓ | ૫૮ |
| ૨.૧૪ | ક્ષેત્રકાર્યના અનુભવો | ૫૯ |
| ૨.૧૫ | સમાપન | ૬૦ |

**પ્રકરણ – ૩ ૬૨ થી ૭૬**

**ભૌગોલિક અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા**

| | | |
|---|---|---|
| ૩.૧ | પ્રસ્તાવના | ૬૩ |
| ૩.૨. | પોરબંદર જિલ્લાનું ભૌગોલિક સ્થાન | ૬૩ |
| ૩.૩ | વાહન વ્યવહાર | ૬૪ |
| ૩.૪ | કૃષિ, વ્યાપાર, ઉદ્યોગ | ૬૪ |
| ૩.૫ | વસ્તી | ૬૫ |
| ૩.૬ | ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા | ૬૫ |
| ૩.૭ | સંસ્કૃતિ અને લોકજીવન | ૬૬ |
| ૩.૮ | જુનાગઢ જિલ્લાનું ભૌગોલિક સ્થાન | ૭૦ |
| ૩.૯ | કૃષિ, વ્યાપાર, ઉદ્યોગ | ૭૧ |
| ૩.૧૦ | જુનાગઢ જિલ્લાની ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા | ૭૧ |
| ૩.૧૧ | જુનાગઢનું સમાજજીવન | ૭૨ |
| ૩.૧૨ | ઉપસંહાર | ૭૫ |

**પ્રકરણ – ૪ ૭૭ થી ૯૬**

**વ્યકિત, કૌટુંમ્બિક માહિતીનું વર્ગીકરણ**

| | | |
|---|---|---|
| ૪.૧ | પ્રસ્તાવના | ૭૮ |
| ૪.૨. | ઉત્તરદાતાનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ | ૭૮ |
| ૪.૩ | ઉત્તરદાતાનું ધર્મ વિષય વર્ગીકરણ | ૮૦ |
| ૪.૪ | ઉત્તરદાતાનું તાલુકા વિષય વર્ગીકરણ | ૮૧ |
| ૪.૫ | ઉત્તરદાતાનું વૈવાહિક દરજ્જાનું વર્ગીકરણ | ૮૩ |
| ૪.૬ | ઉત્તરદાતાનો શૈક્ષણિક દરજ્જાનું વર્ગીકરણ | ૮૪ |
| ૪.૭ | ઉત્તરદાતાનું વ્યાવસાયિક દરજ્જાનું વર્ગીકરણ | ૮૬ |

| | | |
|---|---|---|
| ૪.૮ | ઉત્તરદાતાઓના કુટુંબનો પ્રકાર દર્શાવતું વર્ગીકરણ | ૮૯ |
| ૪.૯ | ઉત્તરદાતાઓનું કુટુંબનું કદ દર્શાવતું વર્ગીકરણ | ૯૧ |
| ૪.૧૦ | કુટુંબના સભ્યોની જાતિ દર્શાવતું વર્ગીકરત | ૯૨ |
| ૪.૧૧ | કુટુંબના સભ્યોનું વયજૂથ દર્શાવતું વર્ગીકરણ | ૯૩ |
| ૪.૧૨ | કુટુંબના સભ્યોની માસિક આવક દર્શાવતું વર્ગીકરણ | ૯૫ |
| ૪.૧૩ | ઉપસંહાર | ૯૬ |


## પ્રકરણ – ૫     ૯૭ થી ૧૪૬

## માહિતીનું વિશ્લેષણ : લગ્ન, સમસ્યા અને અનુકૂલન


| | | |
|---|---|---|
| ૫.૧ | પ્રસ્તાવના | ૯૯ |
| ૫.૨ | જીવનસાથીની પસંદગીની રીત દર્શાવતું કોષ્ટક | ૧૦૦ |
| ૫.૩ | લગ્નની દરખાસ્ત પ્રથમ કોણે મૂકી તે દર્શાવતું કોષ્ટક | ૧૦૧ |
| ૫.૪ | આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન છે તે દર્શાવતું કોષ્ટક | ૧૦૨ |
| ૫.૫ | દરખાસ્તની સ્વીકૃતિનો સમયગાળો દર્શાવતું કોષ્ટક | ૧૦૪ |
| ૫.૬ | કુટુંબના પ્રતિભાવો દર્શાવતું કોષ્ટક | ૧૦૫ |
| ૫.૭ | ઊભયપક્ષના પાત્રોના માતા–પિતાનું શિક્ષણ દર્શાવતું કોષ્ટક | ૧૦૬ |
| ૫.૮ | લગ્નના નિર્ણય વખતે કોને મહત્વ આપ્યું | ૧૦૮ |
| ૫.૯ | લગ્ન પહેલાં જાતિય જ્ઞાન હતું | ૧૦૯ |
| ૫.૯ A) | જાતિય જ્ઞાન કયાંથી મેળવ્યું | ૧૧૧ |
| ૫.૯ B) | લગ્ન પછી જાતિય જ્ઞાન કયાંથી મેળવ્યું | ૧૧૧ |
| ૫.૧૦ | લગ્ન કંઈ વિધીથી કર્યા | ૧૧૨ |
| ૫.૧૧ | કોના રિવાજ પ્રમાણે લગ્ન થયા | ૧૧૫ |
| ૫.૧૨ | લગ્ન અંગેનો અભિપ્રાય | ૧૧૬ |
| ૫.૧૩ | લગ્નનો કયો રિવાજ પસંદ નથી | ૧૧૭ |
| ૫.૧૪ | લગ્ન સમયે કુટુંબના સભ્યોને જાણ હતી કે નહિ | ૧૧૮ |
| ૫.૧૫ | લગ્નમાં કુટુંબના સભ્યોની હાજરી | ૧૧૯ |
| ૫.૧૬ | લગ્ન સમયે કેવી મદદ કરી તે દર્શાવતું કોષ્ટક | ૧૨૦ |
| ૫.૧૬ A) | લગ્ન પછી શ્વસુર પક્ષે કયારે સ્વીકાર થયો | ૧૨૨ |
| ૫.૧૬ B) | લગ્ન પછી પિયર પક્ષે કયારે સ્વીકાર થયો | ૧૨૨ |
| ૫.૧૭ | હાલ તમે કયો ધર્મ પાળો છો તે દર્શાવતું કોષ્ટક | ૧૨૫ |
| ૫.૧૭ A) | પતિનો ધર્મ પાળવા માટે થતું દબાણ | ૧૨૬ |

૫.૧૭ B) અંગત જીવનમાં જ્ઞાતિ કે ધર્મના કારણે ઉદ્દવેલા અવરોધો ૧૨૭
૫.૧૮ લગ્નજીવનથી સંપૂર્ણ સંતોષ ૧૨૮
૫.૧૯ જીવનસાથીમાં જોવા મળતું પરિવર્તન ૧૨૯
૫.૧૯ A) કેવા પ્રકારનું પરિવર્તન જોવા મળ્યું ૧૩૦
૫.૨૦ કુટુંબમાં મતભેદો થાય છે ૧૩૧
૫.૨૦ A) કોની સાથે મતભેદ થાય છે ૧૩૨
૫.૨૦ B) મતભેદો થવા માટે જવાબદાર કારણો ૧૩૨
૫.૨૧ સમાધાન કરવામાં કોની મદદ લો છો ૧૩૩
૫.૨૨ બીજી જ્ઞાતિમાંથી આવો છો માટે માન મળે છે ૧૩૫
૫.૨૨ A)કેવું માન મળે છે ૧૩૫
૫.૨૩ તમે તમારા પતિ પાસે કેવાં પ્રકારની અપેક્ષા રાખો છો ૧૩૬
૫.૨૪ કુટુંબ નિયોજનમાં માનો છો ૧૩૭
૫.૨૪ A) કંઈ પધ્ધતિ અપનાવો છો ૧૩૮
૫.૨૫ બાળકોના અભ્યાસક્રમમાં જાતિય શિક્ષણનું જ્ઞાન ૧૪૦
૫.૨૫ A) લગ્નજીવન પહેલાં તમારા બાળકોને જાતિય જ્ઞાન ૧૪૧
મળે તેમ તમે ઈચ્છો છો ૧૪૧
૫.૨૫ A) જાતિય શિક્ષણનું જ્ઞાન શા માટે આપવા ઈચ્છો છો ૧૪૧
૫.૨૬ બાળકોને જીવનસાથીની પસંદગીમાં સ્વતંત્રતા ૧૪૨
૫.૨૭ બાળકો કયો ધર્મ પાળે છે ૧૪૨
૫.૨૮ બાળકના લગ્ન માટે અવરોધ ૧૪૩
૫.૨૯ બાળકના લગ્ન કંઈ જ્ઞાતિ / ધર્મમાં કરશો ૧૪૪
૫.૩૦ પતિની જ્ઞાતિમાં તમારા કુટુંબનું માન કેવું રહ્યું ૧૪૫
૫.૩૧ ઉપસંહાર ૧૪૬

પ્રકરણ – ૬ ૧૪૭ થી ૧૯૧
ગૃહસંચાલન અને જીવનશૈલી

૬.૧ પ્રસ્તાવના ૧૪૮
૬.૨.૧ ઔપચારિક શિક્ષણ ૧૪૯
૬.૨.૨ ગૃહવ્યવસ્થાની મુશ્કેલીઓ ૧૫૧
૬.૨.૩ ગૃહવ્યવસ્થામાં આયોજન ૧૫૨
૬.૨.૪ નાણાંકીય બજેટ ૧૫૪
૬.૨.૫ નિર્ણયની પ્રક્રિયા ૧૫૫

| | | |
|---|---|---|
| ૬.૨.૬ | સમય, શકિતની બચત અને નવરાશની પ્રવૃત્તિ | ૧૫૮ |
| ૬.૩ | જીવનશૈલી | ૧૬૮ |
| ૬.૩.૧ | ધ્યેયો અને મૂલ્યો | ૧૬૯ |
| ૬.૩.૨ | ઘરની રચના અને સુવિધા | ૧૭૧ |
| ૬.૩.૩ | અનાજ–કઠોળની સાચવણી | ૧૮૬ |
| ૬.૪ | ઉપસંહાર | ૧૯૦ |


## પ્રકરણ – ૭ ૧૯૨ થી ૨૧૩
## કેસ સ્ટડી


| | | |
|---|---|---|
| ૭.૧ | પ્રસ્તાવના | ૧૯૩ |
| ૭.૨. | આંતર–જ્ઞાતિય લગ્ન O.B.C. / ઉચ્ચ જ્ઞાતિ જુનાગઢ | ૧૯૪ |
| ૭.૩ | આંતર–ધર્મીય લગ્ન O.B.C. / મુસ્લીમ પોરબંદર | ૧૯૬ |
| ૭.૪ | આંતર–ધર્મીય લગ્ન ઉચ્ચ જ્ઞાતિ / મધ્યમ જ્ઞાતિ પોરબંદર | ૧૯૮ |
| ૭.૫ | આંતર–જ્ઞાતિય લગ્ન મધ્યમ જ્ઞાતિ / અનુસૂચિતજાતિ પોરબંદર | ૧૯૯ |
| ૭.૬ | આંતર–ધર્મીય લગ્ન મધ્યમ જ્ઞાતિ / મુસ્લીમ પોરબંદર (રાણાવાવ) | ૨૦૧ |
| ૭.૭ | આંતર–જ્ઞાતિય લગ્ન ઉચ્ચ જ્ઞાતિ / O.B.C. પોરબંદર | ૨૦૩ |
| ૭.૮ | આંતર–ધર્મીય લગ્ન O.B.C. / જૈન જુનાગઢ | ૨૦૫ |
| ૭.૯ | આંતર–ધર્મીય લગ્ન મધ્યમ / સિંધી જુનાગઢ | ૨૦૬ |
| ૭.૧૦ | આંતર–પ્રાદેશિક લગ્ન ઉચ્ચ જ્ઞાતિ / મરાઠી જુનાગઢ | ૨૦૮ |
| ૭.૧૧ | આંતર–પ્રાદેશિક લગ્ન ઉચ્ચ જ્ઞાતિ / સાઉથ ઈન્ડિયન જુનાગઢ | ૨૧૦ |
| ૭.૧૨ | ઉપસંહાર | ૨૧૨ |


## પ્રકરણ – ૮ ૨૧૪ થી ૨૩૪
## તારણો


| | | |
|---|---|---|
| ૮.૧ | પ્રસ્તાવના | ૨૧૫ |
| ૮.૨ | સારાંશ | ૨૧૫ |
| ૮.૩ | અભ્યાસના તારણો | ૨૧૭ |
| ૮.૩.૧ | વ્યકિતગત કૌટુંમ્બિક માહિતી | ૨૧૮ |

૮.૩.૨ લગ્ન, સમસ્યા અને અનુકૂલનના પ્રશ્નો અંગેના તારણો ૨૨૦
૮.૩.૩ ગૃહવ્યવસ્થાના શિક્ષણ અંગેના વર્ગીકરણના તારણો ૨૨૫
૮.૪ સૂચનો ૨૩૨
૮.૫ સંશોધનના નવા ક્ષેત્રો ૨૩૩
પરિશિષ્ટ ૨૩૫

# –: કોષ્ટકોની યાદી :–

## પ્રકરણ – ૪

## વ્યકિત, કૌટુંમ્બિક માહિતીનું વર્ગીકરણ


૪.૧ ઉત્તરદાતાનું વયજૂથ દર્શાવતું કોષ્ટક

૪.૨ ઉત્તરદાતાઓનું ધર્મ વિષયક કોષ્ટક

૪.૩ ઉત્તરદાતાનું તાલુકા વિષયક કોષ્ટક

૪.૪ ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો દર્શાવતું કોષ્ટક

૪.૫ ઉત્તરદાતાનો શૈક્ષણિક દરજ્જો દર્શાવતું કોષ્ટક

૪.૬ ઉત્તરદાતાઓનું વ્યાવસાયિક દરજ્જો દર્શાવતું કોષ્ટક

૪.૭ કુટુંબનો પ્રકાર દર્શાવતું કોષ્ટક

૪.૮ કૌટુંમ્બિક સભ્ય સંખ્યા દર્શાવતું કોષ્ટક

૪.૧૦ કુટુંબનું જાતિ જૂથ દર્શાવતું કોષ્ટક

૪.૧૧ કુટુંબના સભ્યોની વય દર્શાવતું કોષ્ટક

૪.૧૨ કુટુંબના સભ્યોની માસિક આવક દર્શાવતું કોષ્ટક


## પ્રકરણ – ૫

## માહિતીનું વિશ્લેષણ : લગ્ન, સમસ્યા અને અનુકૂલન


૫.૨ જીવન સાથીની પસંદગીની રીત દર્શાવતું કોષ્ટક

૫.૩ લગ્નની દરખાસ્ત પ્રથમ કોણે મૂકી તે દર્શાવતું કોષ્ટક

૫.૪ આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્ન છે તે દર્શાવતું કોષ્ટક

૫.૫ દરખાસ્તની સ્વીકૃતિનો સમયગાળો દર્શાવતું કોષ્ટક

૫.૬ કુટુંબના પ્રતિભાવો દર્શાવતું કોષ્ટક

૫.૭ ઊભયપક્ષના પાત્રોના માતા–પિતાનું શિક્ષણ દર્શાવતું કોષ્ટક

૫.૮ લગ્નના નિર્ણય વખતે કોને મહત્વ આપ્યું તે દર્શાવતું કોષ્ટક

૫.૯ લગ્ન પહેલાં જાતિય જ્ઞાન હતું તે દર્શાવતું કોષ્ટક

૫.૯ (A) જાતિય જ્ઞાન કયાંથી મેળવ્યું તે દર્શાવતું કોષ્ટક

૫.૯ (B) લગ્ન પછી જાતિય જ્ઞાન કયાંથી મેળવ્યું તે દર્શાવતું કોષ્ટક

૫.૧૦ લગ્ન કંઈ વિધિથી કર્યા તે દર્શાવતું કોષ્ટક

૫.૧૧ કોના રિવાજ પ્રમાણે લગ્ન થયાં તે દર્શાવતું કોષ્ટક

૫.૧૨ લગ્ન અંગેનો અભિપ્રાય તે દર્શાવતું કોષ્ટક

પ.૧૩ લગ્નનો કયો રિવાજ પસંદ નથી તે દર્શાવતું કોષ્ટક
પ.૧૪ લગ્ન સમયે કુટુંબના સભ્યોને જાણ હતી કે નહિં તે દર્શાવતું કોષ્ટક
પ.૧૫ લગ્નમાં કુટુંબના સભ્યોની હાજરી તે દર્શાવતું કોષ્ટક
પ.૧૬ લગ્ન સમયે કેવી મદદ કરી તે દર્શાવતું કોષ્ટક
પ.૧૬(A) લગ્ન પછી શ્વસુર પક્ષે કયારે સ્વીકાર થયો તે દર્શાવતું કોષ્ટક
પ.૧૬(B) લગ્ન પછી પિયરપક્ષે કયારે સ્વીકાર થયો તે દર્શાવતું કોષ્ટક
પ.૧૭ હાલ તમે કયો ધર્મ પાળો છો તે દર્શાવતું કોષ્ટક
પ.૧૭(A) પતિનો ધર્મ પાળવા માટે થતું દબાણ તે દર્શાવતું કોષ્ટક
પ.૧૭(B) અંગત જીવનમાં જ્ઞાતિ કે ધર્મના કારણે ઉદ્દભવેલા અવરોધો દર્શાવતું કોષ્ટક
પ.૧૮ લગ્નજીવનથી સંપૂર્ણ સંતોષ તે દર્શાવતું કોષ્ટક
પ.૧૯ જીવનસાથીમાં જોવા મળેલું પરિવર્તન તે દર્શાવતું કોષ્ટક
પ.૧૯(A) કયા પ્રકારનું પરિવર્તન જોવા મળ્યું તે દર્શાવતું કોષ્ટક
પ.૨૦ કુટુંબમાં મતભેદો થાય છે તે દર્શાવતું કોષ્ટક
પ.૨૦(A) કોની સાથે તે દર્શાવતું કોષ્ટક
પ.૨૦(B) મતભેદો થવા માટે જવાબદાર કારણો તે દર્શાવતું કોષ્ટક
પ.૨૧ સમાધાન કરવામાં કોની મદદ લો છો ? તે દર્શાવતું કોષ્ટક
પ.૨૨ બીજી જ્ઞાતિમાંથી આવો છો માટે માન મળે છે ? તે દર્શાવતું કોષ્ટક
પ.૨૨(B) કેવું માન મળે છે ? તે દર્શાવતું કોષ્ટક
પ.૨૩ તમે તમારા પતિ પાસે કેવા પ્રકારની અપેક્ષાઓ રાખો છો ? તે દર્શાવતું કોષ્ટક
પ.૨૪ કુટુંબ નિયોજનમાં માનો છો તે દર્શાવતું કોષ્ટક
પ.૨૪(A) કુટુંબ નિયોજનમાં કંઈ પધ્ધતિ અપનાવો છો તે દર્શાવતું કોષ્ટક
પ.૨૫ બાળકોના અભ્યાસક્રમમાં જાતિય શિક્ષણનું જ્ઞાન તે દર્શાવતું કોષ્ટક
પ.૨૫(A) લગ્નજીવન પહેલાં તમારા બાળકોને જાતિય જ્ઞાન મળે તેમ તમે ઈચ્છો છો તે દર્શાવતું કોષ્ટક
પ.૨૫(B) જાતિય શિક્ષણનું જ્ઞાન શા માટે આપવા ઈચ્છો છો તે દર્શાવતું કોષ્ટક
પ.૨૬ બાળકોને જીવનસાથીની પસંદગીમાં સ્વતંત્રતા તે દર્શાવતું કોષ્ટક
પ.૨૭ બાળકો કયો ધર્મ પાળે તે દર્શાવતું કોષ્ટક
પ.૨૮ બાળકના લગ્ન માટે અવરોધ તે દર્શાવતું કોષ્ટક
પ.૨૯ બાળકના લગ્ન કઈ જ્ઞાતિ / ધર્મમાં કરશો ? તે દર્શાવતું કોષ્ટક
પ.૩૦ પતિની જ્ઞાતિમાં તમારા કુટુંબનું માન કેવું રહ્યું તે દર્શાવતું કોષ્ટક

# પ્રકરણ – ૬
# ગૃહસંચાલન અને જીવનશૈલી

૬.૨.૧ ઔપચારિક શિક્ષણ દર્શાવતું કોષ્ટક
૬.૨.૧(A) ગૃહવ્યવસ્થાનું ઔપચારિક શિક્ષણ શેમાં મેળવેલું છે તે દર્શાવતું કોષ્ટક
૬.૨.૨ ગૃહવ્યવસ્થામાં મુશ્કેલી દર્શાવતું કોષ્ટક
૬.૨.૨(A) કેવા પ્રકારની મુશ્કેલી દર્શાવતું કોષ્ટક
૬.૪ ગૃહવ્યવસ્થાના અવરોધક પરિબળો દર્શાવતું કોષ્ટક
૬.૫ ગૃહવ્યવસ્થાનો પ્રકાર દર્શાવતું
૬.૫.૧ ગૃહવ્યવસ્થાનું આયોજન દર્શાવતું કોષ્ટક
૬.૬ આયોજનપૂર્વક કામ કરવામાં મદદ દર્શાવતું કોષ્ટક
૬.૭ કોની મદદ લો છો ? તે દર્શાવતું કોષ્ટક
૬.૮ આયોજનપૂર્વક કેવા કાર્યોમાં મદદ લો છો તે દર્શાવતું કોષ્ટક
૬.૮.૧ ના તો શા માટે મદદ નથી મળતી ? તે દર્શાવતું કોષ્ટક
૬.૯ બજેટ બનાવવામાં આવે છે તે દર્શાવતું કોષ્ટક
૬.૧૦ બજેટ કોણ બનાવે છે તે દર્શાવતું કોષ્ટક
૬.૧૨ બજેટનો સમયગાળો દર્શાવતું કોષ્ટક
૬.૧૩ આકસ્મિક બજેટ વ્યવસ્થાપન દર્શાવતું કોષ્ટક
૬.૧૫ ખરીદી અંગેનો નિર્ણય દર્શાવતું કોષ્ટક
૬.૧૬ પ્રાથમિક જરૂરિયાતોની પરિપૂર્તિ બાદ આવકના ઉપયોગ અંગેના માધ્યમો દર્શાવતું કોષ્ટક
૬.૧૭ બચત અંગેનો નિર્ણય કોણ કરે છે તે દર્શાવતું કોષ્ટક
૬.૧૮ બચતના માધ્યમો દર્શાવતું કોષ્ટક
૬.૨૧ ધ્યેયો અને મૂલ્યો કોણ નક્કી કરે છે તે દર્શાવતું કોષ્ટક
૬.૨૨ ધ્યેયો–મૂલ્યો નક્કી કરવામાં જ્ઞાતિ–ધર્મને કારણે સંઘર્ષ થાય છે તે દર્શાવતું કોષ્ટક
૬.૨૨.૧ ધ્યેયો–મૂલ્યો નક્કી કરવામાં જ્ઞાતિ–ધર્મને કારણે સંઘર્ષ થાય છે તે દર્શાવતું કોષ્ટક
૬.૨૩ નવરાશનાં સમયનો ઉપયોગ શેમાં કરો છો તે દર્શાવતું કોષ્ટક
૬.૨૪ સમય અને શકિતની બચત થાય તેવું આયોજન કરો છો તે દર્શાવતું કોષ્ટક

૬.૨૫ સમય અને શકિત બચાવે તેવા સાધનો ઘરમાં છે તે દર્શાવતું કોષ્ટક
૬.૨૬ તમારી શકિતનો બચાવ થાય તે માટે સાધનો સિવાય કોઈની મદદ લો છો તે દર્શાવતું કોષ્ટક
૬.૨૭ ઘર પોતાનું છે કે ભાડાનું તે દર્શાવતું કોષ્ટક
૬.૨૮ તમારા ઘરમાં કેટલા રૂમ છે, ઘરમાં બાળકોનો રૂમ અલગ છે તે દર્શાવતું કોષ્ટક
૬.૨૯ બાળકોના રૂમમાં કંઈ કંઈ સુવિધાઓ છે તે દર્શાવતું કોષ્ટક
૬.૩૦ તમને કાર્યમાં આનંદ અને સ્ફૂર્તિ રહે તે માટે રસોડું પૂરતી જગ્યાવાળું છે તે દર્શાવતું કોષ્ટક
૬.૩૧ તમારા રસોડામાં હવા ઉજાસ માટે ક્રોસવેન્ટીલેશન છે તે દર્શાવતું કોષ્ટક
૬.૩૨ રસોડામાં પ્લેટફોર્મની વ્યવસ્થા કેવી છે ? પ્લેટફોર્મનો શેઈપ કેવો છે તે દર્શાવતું કોષ્ટક
૬.૩૩ રસોડાની બાજુમાં કોઠાર રૂમ (સ્ટોર રૂમ) છે તે દર્શાવતું કોષ્ટક
૬.૩૪ કોઠારરૂમમાં પાટીયા છે તે દર્શાવતું કોષ્ટક
૬.૩૪.૧ કોઠારરૂમમાં પાટીયા કેવા છે તે દર્શાવતું કોષ્ટક
૬.૩૫ ડબ્બાઓ ઉપર લેબલીંગ છે ? તે દર્શાવતું કોષ્ટક
૬.૩૬ રસોડામાં પાણી તથા કચરાના નિકાલની વ્યવસ્થા છે તે દર્શાવતું કોષ્ટક
૬.૩૭ રસોડાની પાછળ કે આસપાસ કિચન ગાર્ડન છે તે દર્શાવતું કોષ્ટક
૬.૩૮ રસોડામાં વાસણોનો ઉપયોગ દર્શાવતું કોષ્ટક
૬.૩૯ જમવાની બેઠક વ્યવસ્થા કયા પ્રકારની છે તે દર્શાવતનું કોષ્ટક
૬.૪૦ બેઠક રૂમની સાઈઝ દર્શાવતું કોષ્ટક
૬.૪૧ બેઠક રૂમની વ્યવસ્થા કેવા પ્રકારની છે તે દર્શાવતું કોષ્ટક
૬.૪૨ ઘરમાં કયા પ્રકારનું ફરનીચર છે તે દર્શાવતું કોષ્ટક
૬.૪૩ ગૃહસજાવટમાં માનો છો તે દર્શાવતું કોષ્ટક
૬.૪૪ ગૃહસજાવટમાં તમે શું કાળજી રાખો છો દર્શાવતું કોષ્ટક
૬.૪૫ તમે અનાજ–કઠોળ સિઝનમાં ખરીદો છો તે દર્શાવતું કોષ્ટક
૬.૪૫.૧ શા માટે અનાજ–કઠોળ સિઝનમાં ખરીદો છો તે દર્શાવતું કોષ્ટક
૬.૪૬ અનાજ અને કઠોળની સાચવણી કેવી રીતે કરો છો તે દર્શાવતું કોષ્ટક
૬.૪૭ સિઝન પ્રમાણે શાકભાજી અને ફળ ખરીદો છો તે દર્શાવતું કોષ્ટક
૬.૪૮ શા માટે સિઝન પ્રમાણે શાકભાજી અને ફળ ખરીદો છો તે દર્શાવતું કોષ્ટક
૬.૪૯ શા માટે સિઝન પ્રમાણે શાકભાજી અને ફળ નથી ખરીદતા તે દર્શાવતું કોષ્ટક

**૬.૫૦ અથાણાં તથા સુકવણી તેમજ સોસ જેવી વસ્તુ ઘરે બનાવો છો ? તે દર્શાવતું કોષ્ટક**

**૬.૫૧ શા માટે ઘરે બનાવો છો તે દર્શાવતું કોષ્ટક**

## –: *Table Chart* :–

1. Age group of the Resopndent
2. Religion of the Resopndent
3. The Taluka
4. Education status
5. Professional status
6. Types of Family
7. Monthly Income
8. Selection of Life Partner
9. Who propos for marriage
10. Types of Marriage
11. The Period of acceptance of proposal
12. Response of the Family
13. Education of the both side parents
14. Importance give to Whom
15. Sources of knowledge of Sex Education
16. Decision for Savings
17. Medium of Savings
18. Activities
19. Types of House
20. Belief in House furnishing
21. Seasonal purchase of Corns & Edibles
22. Storege of Corns & Pulses
23. Ceremony of Marriage
24. Rejection of Marriage system
25. Attendance of Family members at the time of marriage
26. Period of acceptance of the Inlaws
27. Obstacles in personal life
28. Satisfaction in marriaed life
29. Expectation from Husband

**30. Belief in Family Management**
**31. Barriers in Home Managent**
**32. Types of Home Management**
**33. Help taken in planning**

## –: નકશા સૂચિ :–

૧) પોરબંદર
૨) જુનાગઢ

# પ્રકરણ – ૧

## સંશોધન પરિચય

૧.૧ પ્રસ્તાવના
૧.૨. ગૃહવિજ્ઞાન શિક્ષણનો ઉદ્દભવ અને વિકાસ
૧.૩ આહાર અને પોષણ વિભાગ
૧.૪ ગૃહવિજ્ઞાન શિક્ષણ વિસ્તરણ
૧.૫ બાળવિકાસ
૧.૬ વસ્ત્ર વિજ્ઞાન
૧.૭ ગૃહસંચાલન
૧.૮ ઉપસંહાર

# પ્રકરણ – ૧
# સંશોધન પરિચય

## ૧.૧ પ્રસ્તાવના :–

પરિવર્તન એ સમાજની સહજ પ્રક્રિયા છે. જ્યારે પણ સમાજની પરિવર્તનની દિશા બદલે, આર્થિક વ્યવસ્થા નવા ઢાંચામાં બદલાય. ઈતિહાસ અને સંસ્કૃતિના પ્રવાહો બદલાય અથવા સમાજમાં કોઈ પણ ક્ષેત્રે ફેરફાર થાય તો તેનો પ્રભાવ જેમ સમાજના અન્ય ક્ષેત્રો ઉપર પડે છે તેમ લગ્નસંસ્થામાં અને લોકોની જીવનશૈલી ઉપર પણ પડતો જોવા મળે છે. જેમકે પ્રત્યેક સમાજની વ્યવસ્થાઓ જેવી કે કુટુંબ, લગ્ન, જ્ઞાતિ ધર્મ, શિક્ષણ, અર્થવ્યવસ્થા, ગૃહસંચાલન વિગેરેમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યું છે. વૈદીક યુગ અને વર્તમાન યુગ ને સરખાવવામાં આવે તો ઉડીને આંખે વળગે તેવું પરિવર્તન અનેક ક્ષેત્રમા જોવા મળે છે.

આદિમાનવ રખડતું જીવન ગાળતો. પછી તેનું જીવન સમુહમાં સ્થિર થયું અને તેમાંથી કુટુંબ અસ્તિત્વમાં આવ્યું અને કુટુંબના સભ્યો સાથે મળીને એક જગ્યાએ રહેવા લાગ્યા. તે જગ્યાને ઘર કહેવામાં આવ્યું. "ઘર એ ચાર દીવાલોનું અને ઈંટ માટીનું ખોખું નથી પણ તે સંસ્કાર અને ચારિત્ર્યનાં ઘડતરનું સ્થાન છે. ઘરમાં બધું જ હોય પણ જો તે જીવંત ન હોય, તેમાં ધબકાર ન હોય તો તે રહેઠાણ (House) જ રહે છે પણ તેને ચેતનવંતું ગૃહ (Home) બનાવવા માટે સ્ત્રી અને પુરૂષ બંનેનો સહયોગ–સમાયોજન જરૂરી છે. પરંતુ ગૃહિણી તેની સૂત્રધાર છે. તેજ તેને ધબકતું, જીવંત અને ચેતનવંતુ બનાવે છે. જીવનનું મધ્યબિંદુ ગૃહ છે અને તેનું સંચાલન કરનાર ગૃહિણી છે."[૧] આમ ગૃહિણી માટે કહેવાય કે "कार्येषु मंत्री, चरणेषु दासी, भोज्येषु माता, शयनेषु रंभा" ગૃહિણી સવારથી સાંજ સુધી દાસી તરીકે, મંત્રી તરીકે, માતા તરીકે અને રંભા તરીકેની ફરજો બજાવે છે. જે આ ફરજો સફળતાપૂર્વક પૂર્ણ કરે છે તે આદર્શ ગૃહિણી કહેવાય છે. આમ ગૃહિણીની ફરજો અને તેના ગુણોનાં ખૂબજ સુંદર વર્ણનો આદિકાળથી થતાં આવ્યા છે. ઘરમાં કાર્યની શરૂઆત થાય અને સાંજ પડે એટલે ઘર ચાલે છે એમ આપણે માનીએ છીએ પરંતુ તે ખરેખર સાચું નથી. ઘર ત્યારે જ બરાબર ચાલ્યું કહેવાય કે જ્યારે ગૃહવ્યવસ્થા સરળ રીતે ચાલે. ઉપરાંત તે વ્યવસ્થા સુવ્યવસ્થિત, આનંદદાયક અને સુખકારક બને. ત્યારે જ વ્યવસ્થાનો ઉપયોગ સાચો બને છે અને તે વ્યવસ્થા કરવાનું પુરૂષો કરતાં ગૃહિણીના હાથમાં વધારે છે. ગૃહવ્યવસ્થા એક આરસી સમાન છે અને તેના પ્રતિબિંબ ઉપરથી ગૃહિણીની પ્રતિભા આંકી શકાય છે.

આમ આધુનિક જમાનામાં ગૃહ વિજ્ઞાનમાં જ્ઞાનની ઉપયોગિતા લોકોને સમજાતાં તે જ્ઞાન વધુને વધુ ફેલાય તે માટે દરેક જગ્યાએ ગૃહવિજ્ઞાનની શાળાઓ અને કોલેજો ખુલી છે.

## ૧.૨ ગૃહવિજ્ઞાન શિક્ષણનો ઉદ્દભવ અને વિકાસ :–
### (Origin and Development of Home-Science education)

ભારતમાં ગૃહવિજ્ઞાન શિક્ષણનો ઈતિહાસ વધારે લાંબો નથી ૧૯૨૦–૧૯૪૦ ની વચ્ચે બ્રિટિશ શાસનકાળ દરમ્યાન ગૃહવિજ્ઞાનને ડોમેસ્ટિક સાયન્સ, ગૃહઉદ્યોગ વગેરે જુદા જુદા નામોથી

થોડી સ્કૂલોમાં અને કોલેજોમાં દાખલ કરવામાં આવ્યું હતું.

સૌ પ્રથમ મુખ્ય રાજ્ય વડોદરા હતું. વડોદરાની મહારાણી ગર્લ્સ સ્કૂલમાં ઉચ્ચ માધ્યમિક કક્ષાએ ગૃહવિજ્ઞાન શિક્ષણ દાખલ કરવામાં આવ્યું હતું. ૧૯૪૭ પછી આમાં ઘણાં પરિવર્તનો આવ્યા છે. ૧૯૬૦ અને ૧૯૭૦ ના દાયકામાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષાએ ગૃહવિજ્ઞાનને અલગ શાખા બનાવવામાં આવી હતી. આજ સમયે ગુજરાત અને બીજા કેટલાક રાજ્યોમાં ગૃહવિજ્ઞાનને ઉચ્ચ માધ્યમિક અને શિક્ષણની શાખા તરીકેનું સ્થાન આપવામાં આવ્યું. ઉપરાંત દિલ્હી, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ વગેરેમાં ગૃહવિજ્ઞાન ખૂબ લોકપ્રિય થયું.

કોલેજો અને યુનિવર્સિટીમાં ગૃહવિજ્ઞાન શિક્ષણની શરૂઆત કોલેજની કક્ષાએ દિલ્હીની લેડી ઈરવીન (Lady Irwin) કોલેજમાં ૧૯૩૨ માં થઈ. ત્યાર બાદ ૧૯૩૮ પછી મદ્રાસમાં કોલેજમાં ડિગ્રી કક્ષાએ ગૃહવિજ્ઞાન શિક્ષણની શરૂઆત કરવામાં આવી. ૧૯૪૨ માં મદ્રાસમાં બે મહત્વની કોલેજોની શરૂઆત થઈ જેમાં ગૃહવિજ્ઞાન શિક્ષણને મહત્વનું સ્થાન આપવામાં આવ્યું. આ બે કોલેજોના નામ (૧) કવીન મેરીસ કોલેજ (Queen Mary's College) (૨) વીમેન્સ કિશ્ચિયન કોલેજ (Women's Christiun College).[૨]

આમ દિલ્હી, મદ્રાસ અને અલ્હાબાદની કોલેજોમાં ગૃહવિજ્ઞાન શિક્ષણનો પાયો કોલેજ કક્ષાએ નંખાયો અને ૧૯૫૦ માં વડોદરા ગૃહવિજ્ઞાન શિક્ષણનું મહત્વનું કેન્દ્ર બન્યું. ગુજરાતમાં ગૃહવિજ્ઞાન શિક્ષણની અલગ ફેકલ્ટીની સ્થાપના મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો. હંસાબેન મહેતા દ્વારા કરવામાં આવી. આઝાદી પછીના સમયગાળામાં ગૃહવિજ્ઞાન શિક્ષણના વિકાસ માટે વડોદરા વધારે મહત્વનું કેન્દ્ર ગણાવા લાગ્યું. સ્થાપના પછીના બે વર્ષના ટૂંકા સમયગાળામાં સ્થાનિક કક્ષાએ વિષયનું વિશિષ્ટીકરણ (Specialization) શરૂ કરવામાં આવ્યું. ૧૯૮૦ સુધીમાં ગૃહવિજ્ઞાનના પાંચ વિભાગો જેવા કે આહાર અને પોષણ વિભાગ, બાળ વિકાસ વિભાગ, શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, કાપડ અને વસ્ત્ર વિભાગ અને ગૃહવ્યવસ્થા વિભાગ. આ પાંચે વિભાગોમાં બી.એસ.સી., એમ.એસ.સી. અને પી.એચ.ડી. ની ડિગ્રીઓ આપવાનું શરૂ કરવામાં આવ્યું. અર્થાત્ ઉચ્ચ શિક્ષણની તમામ ડિગ્રીઓ આ વિષયમાં મળે તેવી જોગવાઈ કરવામાં આવી.

વડોદરા પછી સરદાર પટેલ યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ભાવનગર યુનિવર્સિટી, અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ક્રમશઃ ગૃહવિજ્ઞાન વિષયનો વિસ્તાર થતો રહ્યો છે. દરેક વિભાગને પોતાનું આગવું અને ચોક્કસ ક્ષેત્ર છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની જેતપુર, ઊના, સાવરકુંડલા, જુનાગઢ, લીંબડી અને પોરબંદર જેવા શહેરોની કોલેજોમાં જનરલ હોમસાયન્સ (બી.એ હોમસાયન્સ) ની પદવી પ્રાપ્ત થાય છે. જ્યારે રાજકોટ, જામનગર, મોરબી, જુનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર વિગેરેની કોલેજોમાં બી.એસ.સી ની પદવી આપવામાં આવે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બી.એસ.સી, એમ.એસ.સી અને પીએચ.ડી. ની પદવી આપવામાં આવે છે.

ગૃહવિજ્ઞાન સમાજ અને રાષ્ટ્રીય જીવનના તમામ પાસાંઓ સાથે સંકળાયેલી શાખા છે.

ગૃહવિજ્ઞાન માનવીય સંબંધોની સુધારણા માટે, કુટુંબના પોષણનું ધોરણ ઊંચું લઈ જવા માટે, પ્રાપ્ય સ્ત્રોતોની ઉત્તમ વ્યવસ્થા કરવા માટે તથા બાળવિકાસમાં સારા પરિણામો પ્રાપ્ત કરવા માટે વિજ્ઞાન અને કળાની જુદી–જુદી શાખાઓના જ્ઞાનનો સમન્વય કરે છે માટે જ ગૃહવિજ્ઞાન શિક્ષણ વ્યકિત અને કુટુંબજીવનની ફરતે રચાયેલું છે. તથા તેના પાયામાં સ્ત્રીના કાર્યો, જરૂરિયાતો અને પ્રશ્નો રહેલા છે વિજ્ઞાન તથા ટેકનોલોજીની પ્રગતિ અને આર્થિક તથા સામાજીક પરિવર્તનોની સાથે ગૃહવિજ્ઞાનની શાખા પણ પરિવર્તનશીલ રહે એ ઈચ્છનીય છે. કારણ કે બદલાતાં સમાજમાં ગૃહસંચાલન કરવાની પધ્ધતિ પણ બદલાઈ છે માટે ગૃહવિજ્ઞાન શિક્ષણ પોતાના વિદ્યાર્થીઓના વ્યકિતગત વિકાસ તેમજ કૌટુંબિક વિકાસ માટેનો હેતુ ધરાવે છે. ગૃહવિજ્ઞાન વિવિધ વિષયોના જ્ઞાનની ખીલવણી અને કૌશલ્યોના વિકાસનો હેતુ ધરાવે છે. ગૃહવિજ્ઞાનનો હેતુ વિદ્યાર્થીઓમાં યોગ્ય સમજ, નિર્ણયશકિત, તર્કશકિત, મૌલિક વિચાર શકિત ખીલવવાનો છે. ગૃહવિજ્ઞાન દ્વારા યોગ્ય શારીરિક વિકાસ, માનસિક વિકાસ, આવેંગિક વિકાસ, સામાજિક વિકાસના ઘડતરનો વિશાળ હેતુ ધરાવે છે.

વૈજ્ઞાનિક જ્ઞાનના ઉપયોગ દ્વારા આજે ગૃહવિજ્ઞાનનું મહત્વ વધતું જાય છે. ગૃહવિજ્ઞાન, કુટુંબ જીવનની સુધારણા અને વિકાસ, સમૃધ્ધ કુટુબંજીવન માટે આવશયક તમામ બાબતોનું જ્ઞાન, સમજ અને માહિતી આપી, સફળ ગૃહજીવન માટે પાયાની શકિતઓ અને કૌશલ્યો ખીલવવાનું ધ્યેય ધરાવે છે. વિવિધ વિષયો જેવા કે આહાર અને પોષણ, બાળ મનોવિજ્ઞાન, બાળ વિકાસ, બાળઉછેર, ગૃહવ્યવસ્થા, આર્થિક આયોજન, કપડાંની બનાવટ, પસંદગી, કાળજી વગેરેના વૈજ્ઞાનિક જ્ઞાન દ્વારા કુટુંબજીવનને વધારે સુખસગવડ ભર્યું, સમૃધ્ધ અને આનંદિત બનાવી શકાય છે. તે ઉપરાંત ગૃહવિજ્ઞાન ભણેલી વ્યકિતઓને નોકરીની પણ અનેક તકો પૂરી પાડે છે. જેથી તે આર્થિક રીતે પણ સ્વતંત્ર બની શકે. ગૃહવિજ્ઞાન શિક્ષક, પ્રોફેસર તથા વ્યવસ્થાપક કે આયોજનકર્તાનું કાર્ય અથવા અન્ય ક્ષેત્રમાં જેમ કે ડાયેટીશયન, વિસ્તરણ કાર્યકર, સમાજ કલ્યાણ ખાતામાં, ગૃહવૈજ્ઞાનિક તરીકે ખોરાકની સાચવણી અને સંભાળ માટેના કારખાનામાં, ઈન્ટીરીયર ડેકોરેટર, ટેક્ષટાઈલ ડીઝાઈનર, પત્રકારીત્વ, સામૂહિક માહિતી માધ્યમોમાં કાર્યકર તરીકે કાર્ય કરવાની તક પૂરી પાડે છે. આમ ઘર અને ઘરની બહાર પણ અનેક રીતે ગૃહવિજ્ઞાનની ઉપયોગિતા છે. ગૃહવિજ્ઞાન વિશાળ અને વૈવિધ્યપૂર્ણ ક્ષેત્ર છે. તેના જે મુખ્ય વિભાગો છે તે તમામ પોતાના અલગ–અલગ હેતુઓ ધરાવે છે.



## ૧.૩ આહાર અને પોષણ વિભાગ :

કુટુંબીજનોને સારો ખોરાક મળે તે ગૃહિણીની મુખ્ય ફરજોમાંની એક ફરજ છે. સારો ખોરાક આપવાથી કુટુંબના સભ્યોનો શારીરિક, માનસિક વિકાસ અને સામાજિક વિકાસ સારી રીતે થાય છે. માટે જ કહેવાય છે કે "આહાર એજ ઔષધ" પરંતુ મોટા ભાગનાં કુટુંબોમાં ખોરાકની પસંદગી પોષણની દષ્ટિએ બરાબર હોતી નથી. તેમાં સ્વાદને વધારે પડતું મહત્વ આપવામાં આવે છે પણ કુટુંબના સારા સ્વાસ્થ્ય માટે ખોરાક પૌષ્ટિક હોવો જોઈએ. તેમાં પ્રોટીન્સ, કાર્બોહાઈડ્રેટ, ચરબી, વિટામીન્સ અને ક્ષારો પૂરતા પ્રમાણમાં આવી જતાં હોવા જોઈએ. મોટાભાગનાં કુટુંબોમાં આ બધાંજ પૌષ્ટિક તત્વોનું યોગ્ય પ્રમાણ જળવાતું નથી. ખોરાકની બનાવટમાં સ્વાદને વધુ ધ્યાનમાં ન રાખતાં તેની રાંધવાની પધ્ધતિનો, કુટુંબના દરેક સભ્યોનો, ડાયેટ પ્લાન બનાવવામાં આવે છે. જેમાં માતાના ગર્ભથી માંડીને વૃધ્ધાવસ્થા સુધીનાં ડાયેટ પ્લાન માં આહાર અને પોષણ વિશે શીખવવામાં આવે છે. ભારે કામ અને હલકા કામમાં જેટલી શકિત વપરાય તે પ્રમાણે આહારનું આયોજન કરવામાં આવે છે. તેમજ સિઝન પ્રમાણે પૌષ્ટિકતાની દષ્ટિએ ફળ અને શાકભાજી સસ્તા મળે છે તેમજ પોષણની દષ્ટિએ ગુણવતા સારી હોય છે. વ્યકિતના જ્ઞાતિ અને સ્થળ પ્રમાણે પણ આહાર આયોજન અલગ–અલગ કરવામાં આવે છે. દા.ત. પંજાબમાં ઘઉંનો ઉપયોગ વધારે થાય છે. જ્યારે મેર અને રબારી જ્ઞાતિમાં બાજરીનો ઉપયોગ વધારે જોવા મળે છે. જ્યારે મદ્રાસમાં ભાતનું પ્રમાણ વધારે જોવા મળે છે. એકંદરે કહી શકાય કે જ્યા જે પ્રદેશમાં જે પાકે છે તે પ્રકારનો ત્યાંના લોકોનો ખોરાક હોય છે.

બદલાતાં જમાનામાં રોગનું પ્રમાણ વધ્યું છે. કારણ કે માનસિક ટેન્શન અને અનિયમિત ખોરાક તેમજ પ્રોટીનનો અભાવ અને અનિયમિત જીવનશૈલીને કારણે અનેક રોગોનો વ્યકિત ભોગ બને છે. પરંતુ જો આહાર યોગ્ય લેવામાં આવે તો રોગ આવી શકતો નથી. કેટલાય રોગોમાં આહાર એજ ઔષધ છે. દા.ત. એનીમીયા જેવા રોગમાં લોહતત્વવાળી દવા કરતાં ખોરાકમાં રોજિંદી જરૂરિયાત કરતાં લોહતત્વ વધું આપવામાં આવે તો દવા કરતાં જલ્દી રીકવરી આવી શકે છે. આ તમામ બાબતોને આહાર અને પોષણ વિજ્ઞાનમાં આવરી લેવામાં આવે છે અને આ ગૃહવિજ્ઞાનનો એક ભાગ છે. જેની અસર વ્યકિતની જીવનશૈલી ઉપર પડે છે. ઉત્તમ સ્વાસ્થ્યની પ્રાપ્તિનાં હેતુથી સમતોલ આહાર આવશ્યક છે અને ભોજન અને પોષણનો સ્વાસ્થ્ય સાથે શું સંબંધ છે ? અને ભોજન આપણાં ધાર્મિક, સામાજિક, આર્થિક તથા સાંસ્કૃત્તિક માન્યતાઓ થી કેવી રીતે પ્રભાવિત થાય છે તથા તેનાથી આપણાં સ્વાસ્થ્ય ઉપર કેવો પ્રભાવ પડે છે તેની જાણકારી આપે છે.

આહાર વિજ્ઞાન શારીરિક માંગ અનુસાર સમતોલ ભોજનનાં આયોજનમાં સહાયતા કરે છે. જેથી વ્યકિત ઉત્તમ સ્વાસ્થ્ય પ્રાપ્તિ કરી શકે છે. આહાર દ્વારા જુદા–જુદા રોગોનો ઉપચાર અને નિયંત્રણ કરવું જેથી વ્યકિત અનેક રોગોથી છૂટકારો મેળવી શકે અને સ્વાસ્થ્ય લાભ મેળવી શકે. પૌષ્ટિક તત્વોની સંપૂર્ણ જાણકારી પ્રાપ્ત થાય છે. તથા કયા–કયા ભોજનમાં કયા–કયા પૌષ્ટિક તત્વો ઉપસ્થિત છે તેની જાણકારી મળે છે. ભોજન સબંધી આદતોમાં સુધાર લાવવાનાં હેતુથી તર્ક પૂર્ણ કારણ દઈને વ્યકિતને ઉપચારાત્મક પોષણ વિશે સાચી જાણકારી દેવી અને

પાકશાસ્ત્ર તથા ભોજન પકાવવા અંગેનું યોગ્ય જ્ઞાન હોવું જરૂરી છે કેમકે ભોજન રાંધતી વખતે પૌષ્ટિક તત્વોનો નાશ ઓછામાં ઓછો થાય તે જરૂરી છે. તેવી જ રીતે ખોરાકનાં સંગ્રહ, પરીક્ષણની પૂર્ણ જાણકારી હોવી જોઈએ જેથી વર્ષભર કે આવશ્યકતા જણાય ત્યાં સંરક્ષિત તેમજ પરીરક્ષિત આહારનો ઉપયોગ થઈ શકે. જુદી–જુદી શારીરિક અવસ્થાઓ (ગર્ભાવસ્થા, ધાત્રીવસ્થા, બાલ્યાવસ્થા, શૈશવાવસ્થા, કિશોરાવસ્થા) માં કયા–કયા પૌષ્ટિક તત્વોની માંગ વધી જાય છે તેની પર ધ્યાન દઈને આહાર આયોજન કરવું જેથી આ અવસ્થાઓમાંથી પસાર થતી વ્યકિતનું સ્વાસ્થ્ય ઉત્તમ રહે અને રોગીની ભોજન પ્રત્યેની જીજ્ઞાસાને શાંત કરી પરિવર્તિત આહારનો ઉપયોગ કરવા માટે પ્રેરિત કરવા. તથા અલગ–અલગ બિમારીની સ્થિતિમાં ભોજનને પ્રભાવિત કરતાં કારણો વિશે જાણકારી દેવી, ભોજન સંબંધી વિભિન્ન સ્ત્રોતો વિશેની સાચી જાણકારી મેળવવી, તેમજ અલગ–અલગ સંસ્કૃતિ, સામાજિક પરીસ્થિતિ, આર્થિક સ્થિતિ વગેરેને ધ્યાનમાં રાખીને પૌષ્ટિક તેમજ સમતુલિત આહારનું આયોજન કરવું તથા ઉત્તમ પોષણનું આપણાં સ્વાસ્થ્ય, કાર્ય કુશળતા, નિપુણતા વગેરે ઉપર પડતા પ્રભાવ વિશેની જાણકારી મળે છે.

ખોરાકના આયોજનમાં કુટુંબીજનોની ઉંમર અને પ્રવૃતિને ધ્યાનમાં રાખીને ખોરાકની યોજના કરવી જોઈએ. જો ગૃહિણીને પૌષ્ટિક તત્વોની રોજિંદી જરૂરિયાતોનું જ્ઞાન હોય તો તે ખોરાકની યોજના ઘણી સારી રીતે કરી શકે છે. તેમજ કયા ખોરાકમાંથી કયું પૌષ્ટિક તત્વ વધુ મળે તેનું જ્ઞાન આહાર અને પોષણ વિજ્ઞાનમાંથી મળે છે. આખા દિવસ દરમ્યાન સવારનો નાસ્તો, બપોરનું જમણ, બપોરનો નાસ્તો અને રાતનું જમણ. આ પ્રમાણે ખોરાક લઈએ છીએ. તેથી આ ચારેય જમણ અને નાસ્તામાં પૌષ્ટિક તત્વોની રોજિંદી જરૂરિયાતો આવી જાય તો કુટુંબની તંદુરસ્તી ખૂબ જ સારી રહે છે. કુટુંબીજનોની ખોરાકની સારી ટેવો તેઓની તંદુરસ્તી પર સારી અસર કરે છે.

અગાઉથી નક્કી કરેલી ખોરાકની યોજનામાં થોડો સમય જાય છે, પણ તેનું આયોજન વિચારીને તેમજ કુટુંબીજનોની પૌષ્ટિક જરૂરિયાતોને ખ્યાલમાં રાખીને નક્કી કરવામાં આવ્યું હોય છે. આ પ્રકારના ખોરાકમાં વિવિધતા જોવા મળે છે. તેમજ ઘેર બનાવેલી વસ્તુઓનું પ્રમાણ પણ વધુ હોય છે. પહેલેથી આયોજન બનાવવાથી ઓછા સમય અને શકિત ખર્ચીને ખોરાક બનાવી શકાય છે. પહેલેથી નક્કી હોય તો જથ્થામાં વસ્તુ લાવવાથી કિંમતમાં સસ્તી પણ પડે છે.

આહાર અને પોષણ વિષયમાં ખોરાકની યોજનામાં બધાં કુટુંબીજનોની રોજિંદી પૌષ્ટિક જરૂરિયાતો આવી જવી જોઈએ. ઘણા દિવસોની યોજના એક સાથે કરવી જોઈએ. ખોરાકની પસંદગી પોષણને ધ્યાનમાં રાખીને બનાવવી અને પીરસવામાં સરળ રહે તેવું હોવું જોઈએ. જુદા–જુદા જમણ માટે જુદી–જુદી રાંધવાની પધ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ. રાંધતી વખતે રંગ, ટેકસચર અને સુગંધમાં વિવિધતા હોવી જોઈએ. જેથી તે જોઈને ખાવાનું મન થાય. દર્દી માટે બનાવવું હોય તો તેના દર્દને અનુરૂપ ડાયેટ પ્લાન બનાવવો જોઈએ. જેને સ્પેશ્યલ ડાયેટ તરીકે ઓળખવામાં આવે છે. વ્યકિતને રોગ કેટલા સમયથી થયો છે. વારસાગત છે કે કેમ ? કેટલો આગળ વધ્યો છે તેના કામનો પ્રકાર આ તમામ બાબતો ડાયેટ પ્લાન બનાવતી વખતે ધ્યાનમાં રાખવી જોઈએ. આપણા દેશમાં ગૃહિણી પોતાનો મોટાભાગનો સમય બીજી બધી પ્રવૃતિઓ કરતાં ખોરાકની તૈયારી પાછળ વધુ વાપરે છે. તેથી પોતે નક્કી કરેલા અંદાજપત્રની અંદર રહીને

સુંદર પૌષ્ટિક તત્વોવાળા અને આકર્ષક ખાણાની યોજના કરવી અને પીરસવું, આ તમામ બાબતોને આહાર અને પોષણમાં આવરી લેવામાં આવે છે.

## ૧.૪ ગૃહવિજ્ઞાન શિક્ષણ અને વિસ્તરણ : (Home-science education and extension)

ગૃહવિજ્ઞાન શિક્ષણને શાળા કે કોલેજોની ચાર દિવાલની વચમાં ન રાખતાં આ વિષયનો વિસ્તાર કરવામાં આવ્યો છે. ભારતમાં ૮૦% વસ્તી ગામડામાં રહે છે અને ગામડામાં જો શિક્ષણનો પ્રચાર કરવો હોય તો શિક્ષણનું વિસ્તરણ કરવું જરૂરી બન્યું છે. ગામડામાં નવી નવી ટેકનોલોજી વિકસાવવી પડે. તેના પ્રશ્નોને સમજવા પડે. આ બધા માટે ગૃહવિજ્ઞાન શિક્ષણ અને વિસ્તરણ જરૂરી બન્યું.

આજે ગામડામાં પણ નવી વિચારણા, નવી ટેકનોલોજી અપનાવવામાં આવી છે. આ પરિવર્તનની પ્રક્રિયા વડે જ સમાજનાં માળખામાં અને સામાજિક પ્રથામાં ફેરફાર થાય છે. સામાજિક પરિવર્તનની આ પ્રક્રિયાનાં ત્રણ પગથિયાં છે. શોધ, પ્રસાર અને પરિણામો. શોધ પ્રક્રિયામાં નવા વિચારો સર્જાય છે અને તેનો વિકાસ થાય છે. પ્રસાર પ્રક્રિયા વડે નવા વિચારોને સમાજના સભ્યો સુધી પહોંચાડવામાં આવે છે. પરિણામો એટલે સમાજની વ્યવસ્થામાં નવા વિચારોનો સ્વીકાર અથવા અસ્વીકારને લીધે થતો ફેરફાર. જ્યારે નવા વિચારો ઉપયોગમાં લેવામાં આવે અથવા તેનો અસ્વીકાર કરવામાં આવે ત્યારે તેની અસર થવાથી ફેરફાર થાય છે તે જોતા સામાજિક પરિવર્તનની ઉપર સંચારની અસર છે તે સ્પષ્ટ જણાય છે. વર્તમાન સમયમાં સંચાર અને વિકાસને એક વિજ્ઞાન, કલા અને વિષયની રજૂઆત માટે શિસ્તબધ્ધ રજૂઆતના એક સામાજિક વિજ્ઞાન તરીકે ઓળખાવ્યું છે. આજે પબ્લિકેશન ક્ષેત્રે અનેક સંશોધનો થયા છે. નવાં નવાં મેગેઝિન લોકો સમક્ષ આવતાં જ રહે છે. જે કોઈ પણ ક્ષેત્રની નવી માહિતી પૂરી પાડે છે. આ સિવાય રેડિયો, ફિલ્મ પ્રદર્શન, ડેમોસ્ટ્રેશન અને ટેલિવિઝન વ્યાખ્યાન પધ્ધતિ, એસાયમેન્ટ પધ્ધતિ, આ બધી પધ્ધતિઓનો ઉપયોગ વિજ્ઞાનના વિસ્તરણ માટે કરવામાં આવે છે.

શિક્ષણનું વિસ્તરણ રેડિયો, સિનેમા, ટેલિફોન, સમાચાર પત્ર, પ્રદર્શન, પુસ્તિકા, બુલેટિન, પત્રિકાઓ અને લેખિત સાધનો અને પોસ્ટર, કૃષિ મહાવિદ્યાલય અને વિશ્વ વિદ્યાલય, વિસ્તરણ અધિકારી, વ્યવસાયિક એજન્સીઓ વગેરે દ્વારા થાય છે.

વિવિધ ક્ષેત્રો જેવા કે કૃષિક્ષેત્રો, શિક્ષણ ક્ષેત્રો, પ્રૌઢ શિક્ષણ માટે અને નિરંતર શિક્ષણ માટે વિવિધ રીતે સંચાર કરવા અને ભાગ લેનાર દરેક વ્યકિત સુધી પહોંચવા કોઈ ને કોઈ માધ્યમનો ઉપયોગ કરવામાં આવે છે. દા.ત. વિસ્તરણ કાર્યકર્તા અને ખેડૂતો વચ્ચે સંચાર માધ્યમ ઘર અને ખેતરે જઈને સંપર્ક, નિદર્શન, ચલચિત્ર, હરિફાઈ વગેરે માધ્યમો દ્વારા જાણકારી આપી શકાય છે. આ ઉપરાંત તાલીમ, પ્રકાશન, મિટિંગ, મેળા, પ્રદર્શન ગોષ્ઠિ વગેરે માધ્યમોનો પણ કૃષિ ક્ષેત્રે સંચાર પ્રક્રિયા માટે ખેડૂતો સુધી પહોંચવા ઉપયોગ થાય છે.

શિક્ષણ ક્ષેત્રમાં પણ વિવિધ દશ્ય, શ્રાવ્ય અને દશ્ય–શ્રાવ્ય સાધનો વડે વિદ્યાર્થીઓ સાથે સંપર્ક કરીને સંચાર પ્રક્રિયા થાય છે. વર્તમાન શિક્ષણ પધ્ધતિ માધ્યમોના ઉપયોગ પર અને એક સાથે બે કરતાં વધુ માધ્યમ અને પધ્ધતિઓના ઉપયોગ માટે છે. કેમ કે તેનાથી પ્રાપ્ત થતું શિક્ષણ

વધુ અસરકારક જણાયું છે.

## સંચાર પધ્ધતિના સ્વરૂપને આધારે વર્ગીકરણ

| લિખિત | શ્રાવ્ય (સાંભળીને) | દશ્ય માધ્યમ |
|---|---|---|
| ૧) બુલેટિન | ૧) વ્યાખ્યાન | ૧) પ્રદર્શન |
| ૨) સમાચાર પત્ર | ૨) આકાશવાણી વાર્તાલાપ | ૨) નાટક |
| ૩) પેમ્પલેટ, ફોલ્ડર, લિફલેટ | ૩) સામૂહિક વાર્તાલાપ | ૩) નિદર્શન |
| ૪) વ્યકિતગત પત્ર | ૪) ખેતર તથા ઘરે મુલાકાત | ૪) પોસ્ટર |
| ૫) પરિપત્ર | ૫) ટેલિફોન | ૫) ફોટોગ્રાફ |
| | ૬) સભા | ૬) સ્લાઈડ્સ |

ઉપરોકત સંપર્કની રીતો વ્યકિતની સંખ્યાના આધારે વ્યકિતગત સંપર્ક, સમૂહ સંપર્ક અને સામુદાયિક સંપર્ક પધ્ધતિઓ છે. આ ઉપરાંત પધ્ધતિઓને અનેક રીતે વર્ગીકૃત કરી શકાય છે જેમ કે શૈક્ષણીક સોપાનોને આધારે, પધ્ધતિના સ્વરૂપને આધારે, દશ્ય, શ્રાવ્ય, દશ્ય–શ્રાવ્ય સાધનો, મુજબ વર્ગીકરણ કરી શકાય છે.

શિક્ષણના વિસ્તરણ માટે વ્યકિતગત સંપર્ક, સમૂહ સંપર્ક, વિરાટ સંપર્ક નીચેની રીતે કરવામાં આવે છે :

| વ્યકિતગત સંપર્ક | સમૂહ સંપર્ક | સામુદાયિક, વિરાટ સંપર્ક |
|---|---|---|
| – ખેતરે અથવા ઘરે મુલાકાત | – પધ્ધતિ નિદર્શન | – વ્યકિતગતપત્ર, પરિપત્ર |
| – કાર્યાલયમાં બોલાવવા | – સામૂહિક ચર્ચા | – સમાચાર પત્ર |
| – ટેલિફોન કોલ | (ચેનલ, સેમિનાર, સિમ્પોઝિયમ) | – બુલેટિન |
| – વ્યકિતગત પત્રો | – પ્રવાસ અને ફિલ્ડ ટ્રીપ | – પ્રદર્શન |
| – પરિણામ નિદર્શનો | – તાલીમ શિબિર | – નાટક અને ગીતો |
| | – દશ્ય દર્શન | – ચલચિત્રો |
| | – વ્યાખ્યાન | – દૂરદર્શન કાર્યક્રમો |
| | | – આકાશવાણી વાર્તાલાપ |
| | | – પોસ્ટર |
| | | – લીફલેટ, પેમ્ફલેટ,ફોલ્ડર[૪] |

વ્યકિતગત સંપર્કમાં એક વિશેષ ઉદ્દેશ માટે વિસ્તરણ કાર્યકર્તા દ્વારા લોકો સાથે કરવામાં આવતો આ પ્રત્યક્ષ સંપર્ક છે. જેમાં કોમ્યુનિકેટરની સામે ખેડૂત, ગૃહિણી, યુવાવર્ગ, વૃધ્ધો હોય છે. ખાસ કરીને જ્યારે સામુદાયિક કાર્ય કરવાનું હોય ત્યારે વ્યકિતગત રૂબરૂ મુલાકાત લઈને સંપર્ક કરવામાં આવે છે. આનાથી ખેડૂતો કે ગૃહિણીઓનો પરિચય મેળવવા માટે, તેનો વિશ્વાસ મેળવવા માટે તથા શિષ્ટાચાર નિભાવવા માટે મુલાકાત લેવામાં આવે છે. તેમજ વ્યકિતગત

સમસ્યા વિશે વિચારવિમર્શ કરવા માટે ખેડૂતોને કે અન્ય જૂથની વ્યકિતઓને નિપુણતાના આપવા માટે, અજાણી સમસ્યાઓને જાણવા માટે જરૂરી સુચનો મેળવવા અથવા આપવા માટે, આ મુલાકાત ઘરે તથા ખેતરે સંપર્ક સ્થાપીને, પશુપાલન અને તેની સુધારણા, શૌચાલય, જાહેર સુધારણા, શોષખાડા, મિત્ર ખાતરના ખાડા, અન્નનો સંગ્રહ, અન્ન તથા શાકભાજીનું સંરક્ષણ, લીલું ખાતર બનાવવું વગેરે વિશે શિક્ષિત કરવામાં આવે છે.

બીજી નિદર્શન પધ્ધતિમાં ક્રિયા કરીને શીખવવામાં આવે છે. આ માધ્યમથી સમૂહમાં સંપર્ક કરવામાં આવે છે. અનુભવો અને સંશોધનો બતાવે છે કે અન્ય પધ્ધતિની તુલનામાં આ એક ઉત્તમ પધ્ધતિ અને સશકત માધ્યમ છે. કારણ કે "જોઈને વિશ્વાસ કરવાનાં અને કરીને શિખવાનાં" સિધ્ધાંત ઉપર આ પધ્ધતિ રચાયેલી હોવાથી તેમાં જોવાની, સાંભળવાની અને ભાગ લેવાની ક્રિયાઓનો સમાવેશ થાય છે. તેથી વિસ્તરણમાં આ પધ્ધતિ દ્વારા જલ્દી અને ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત થાય છે.

શિક્ષણ વિસ્તરણનું કાર્ય પ્રદર્શન દ્વારા પણ કરવામાં આવે છે. પ્રદર્શન દ્વારા લોકોમાં ખૂબ ઉત્સાહ અને રસરુચિ જાગૃત કરવા માટે, લોકો નવું કાર્ય કરી શકે છે તેને પ્રોત્સાહન આપવા માટે, લોકોની જીવનશૈલીમાં સુધારો લાવવા માટે, પ્રદર્શન માટે એકાદ એવો ખંડ હોય જ્યાં શૈક્ષણિક સાધનો, ચિત્રો, ચાર્ટ, ગ્રાફસ, નકશા વગેરે વ્યવસ્થિત અને વિભાગસર સૌ કોઈ જોઈ શકે એમ મૂકેલા હોય. કેટલાક પ્રદર્શનો કાયમી હોય તો કેટલાક પ્રાસંગિક હોય છે. ઘણાં પ્રદર્શનો વૈવિધ્ય પૂર્ણ હોય છે. આવા પ્રદર્શનો સામાન્ય જનતામાં જ્ઞાનસચંરણ કરવાનાં હેતુથી ગોઠવાતાં હોય છે. જુદા–જુદા પ્રકારના પ્રદર્શનો જેવા કે ચિત્રકામ, ફોટોગ્રાફી, શિલ્પ અને સ્થાપત્ય, આરોગ્યનું રક્ષણ શી રીતે કરશો, કુટુંબ નિયોજન, પંચવર્ષિય યોજનાઓ, ભારતનું સંરક્ષણ, નાની બચત યોજના, ખેતી વાડીને લગતા, ખાદી ગ્રામોદ્યોગ જેવા પ્રદર્શનો રાજ્ય દ્વારા યોજવામાં આવે છે.

ઉપરોકત બાબતોની સફળતાનો આધાર તે કાર્ય કરનાર વ્યકિત, તેની આવડત, સૂઝ અને શકિત ઉપર રહેલો છે. પોતાના કાર્ય વિશે સૂઝ અને સમજશકિત ધરાવનાર વ્યકિત જેટલે અંશે પોતાના કાર્યને વફાદાર રહે તેટલી સારી રીતે તે વિકાસ સાધી શકે છે. આ દષ્ટિએ જોતાં વિસ્તરણ કાર્યની સફળતાનો આધાર વિસ્તરણ કાર્યકર્તાઓમાં રહેલાં કેટલાક ઉમદા તથા આવશ્યક ગુણો તેમજ શિક્ષણના વિસ્તરણ માટે કંઈ પધ્ધતિ અપનાવે છે તેની ઉપર રહેલો છે. વિસ્તરણ કાર્યમાં ગ્રામીણ કક્ષાએ કાર્ય કરતાં કાર્યકરો, વિસ્તરણ અધિકારીઓ કે વિકાસ ઘટક અધિકારી કે અન્ય કોઈ પણ વિષય નિષ્ણાત વ્યકિતનો સમાવેશ કરી શકાય છે.

આજે વિસ્તરણ કાર્ય ગ્રામ્ય વિસ્તારો પૂરતું મર્યાદિત નથી. તે શહેરી વિસ્તાર સુધી પણ વિસ્તાર પામ્યું છે. ગામડામાં લોકો ગરીબીમાં જીવે છે. તેઓમાં સમગ્ર રીતે જાગૃતતા લાવવાનું કામ અને ગ્રામ વિસ્તારના વિકાસ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. તેથી વિસ્તરણ કાર્યકર્તાએ પાયાનું જે કાર્ય કરવાનું છે તે ગામડાનાં ઉત્કર્ષનું છે. કારણ કે તે ગામડાના લોકોના સીધા સંપર્કમાં વિસ્તરણ કાર્યકર્તાની ભૂમિકા, ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી, વિકાસ ઘટક અધિકારી, ગૃહવિજ્ઞાની અથવા કોઈ નિષ્ણાંત દ્વારા સીધા સંપર્કમાં આપવાનું હોય છે.

જ્યાં કાર્ય કરવાનું છે ત્યાં સૌ પ્રથમ તેણે પોતાનાં કાર્યક્ષેત્રનું જ્ઞાન મેળવી લેવું જોઈએ. સાથે તેણે ગામમાં વસતા દરેક જણ સાથે પરિચય કરી લેવો જોઈએ અને તેમની દરેક બાબતોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરવો જોઈએ તેમજ દરેક કાર્યનું આયોજન લોકોને સાથે રાખીને કરવું જોઈએ. તેમજ કાર્ય કરવા માટે જુદી–જુદી પધ્ધતિનું જ્ઞાન મેળવી લેવું જોઈએ અને ઉપયોગી હોય તેટલી વિસ્તરણ પધ્ધતિનો તેણે ઉપયોગ કરવો જોઈએ. તેણે લોકોને પ્રેરિત કરવા માટે અગત્યની ભૂમિકા ભજવવાની હોય છે. શરૂઆતમાં તો વિસ્તરણ કાર્યકર્તાએ આ જૂથને નેતૃત્વ સોંપવું જોઈએ. વિસ્તરણ કાર્યકર્તાએ ગ્રામજનોની આવડત અને આવકમાં વધારો કરવામાં મદદરૂપ થવું એ લક્ષ્ય તો છે જ સાથે–સાથે ગ્રામજીવન અને તેની આસપાસ વાતાવરણને સુધારવું જોઈએ. અને ગ્રામજનોને ભારતીય પ્રજાસત્તાકના સામાજિક, આર્થિક અને રાજકીય રીતે સક્રિય સભ્યો બનાવવા માર્ગદર્શન પૂરૂં પાડવું એ અંતિમ લક્ષ્ય છે. ગામડાની બાબતમાં ગ્રામજનો જ ખરા ભાગીદાર છે એવું દરેક ગ્રામજન અનુભવતો થાય તે જોવાની જવાબદારી વિસ્તરણ કાર્યકર્તાની છે.

વિસ્તરણ કાર્યકર્તાએ ગામડાના લોકોની ફરજો અને સુવ્યવસ્થિત ઢબે જીવન જીવવાનાં હક્કોની જાણ થાય તે માટે તેને મદદ કરવાની છે. સામાજિક, સાંસ્કૃતિક તથા બૌધ્ધિક પ્રવૃતિને ઉત્તેજન આપીને ગ્રામજીવનનાં ધોરણને ઊંચું લાવવાનું છે. તે ઉપરાંત વિકસતા દેશોમાં પ્રતર્વતી પરિસ્થિતિઓનું જ્ઞાન ગ્રામજનોને આપવાનું છે. ગ્રામજનોને આત્મનિર્ભર અને પોતાના કુટુંબ તથા ઘરોને ચાહનાર સ્વતંત્ર નાગરિક બનાવવાના છે. ગ્રામજનોનાં પ્રશ્નોનાં સાચા અને વ્યવસ્થિત ઉકેલ મેળવવા માટે તેણે તેમના પ્રશ્નો વૈજ્ઞાનિક સંસ્થાઓ સુધી લઈ જવાના છે. વિસ્તરણ કાર્ય કર્તાએ સમાજ મનોવૈજ્ઞાનિકની ભૂમિકા પણ કરવી પડે છે. તેણે ગ્રામજનોના વલણો, જ્ઞાન અને કૌશલ્યોમાં પરિવર્તન લાવવાનું છે અને જીવનની નવી રીત ગ્રામજનો અપનાવે તે માટે તેણે તેમના માનસને મનોવૈજ્ઞાનિક પરિવર્તન માટે તૈયાર કરવાનું છે.

આમ એકંદરે જોતાં વિસ્તરણ કાર્યકર્તાનું કાર્યક્ષેત્ર અતિ વિસ્તૃત છે. તેણે ગ્રામજનોને ઉપયોગી એવા છેલ્લામાં છેલ્લા સંશોધનનાં તારણો અને સંસ્થાઓએ કરેલ શોધ તથા દેશમાં અન્ય બાબતોમાં થયેલ સંશોધનનું જ્ઞાન ગ્રામજનોને આપવાનું છે. ખેડૂતોને તેમની આવકમાં વધારો થાય તે દષ્ટિએ વિસ્તરણ કાર્યકર્તાએ તેમના ખેતીના વ્યવસાયમાં, પશુ સંવર્ધન અને ગૃહ વ્યવસ્થાનું પાયાનું જ્ઞાન આપવાનું છે. જેને પરિણામે ખેડૂતો પોતાની ખેતપેદાશ વધારી શકે, પશુની જાત સુધારી શકે અને પશુ પાસેથી મળતી પેદાશ સુધારી શકે, તે તે સાથે પોતાનાં જીવન ધોરણને પણ સુધારી શકે. આ દષ્ટિએ જોતાં ગામડાના લોકોનાં જીવનનું સ્તર ઊંચું લાવવા માટે, તેમને આર્થિક તથા માનસિક સલામતી પૂરી પાડવા માટે ગૃહવિજ્ઞાનનું શિક્ષણ અને વિસ્તરણ અગત્યનો ભાગ ભજવે છે.

### ૧.૫ બાળવિકાસ વિભાગ (Child development) :

માનવીએ સામાજીક પ્રાણી છે. અને બાળક એ સમાજનું એક અંગ છે અને એટલે જ 'બાળક પ્રભુનો પયગંબર છે 'બાળક એટલે પ્રભુના બાગનું સુંદર સુકોમળ ફુલ, બાળક એટલે આવતીકાલનો નાગરિક'[૫] આ પોતાનું બાળક ભવિષ્યમાં શું થશે ? કેવું બનશે ? તે જાણવાની જિજ્ઞાસા, તે પોતાના થી વધુ તંદુરસ્ત, સુખી, સમૃધ્ધ, પ્રતિષ્ઠિત અને પ્રભાવશાળી બને તેવું કંઈક

કરી છુટવાની મનોકામના અને પોતે જે કંઈ ભૌતિક સમૃધ્ધિ, ખાનદાની અને નામનાનો વારસો આપી રહેલ છે તે, પોતાનું બાળક સાચવશે, વધારશે કે પાયમાલ કરશે તે અંગેની ઊંડી ચિંતા માનવ માત્રમાં જોવા મળે છે.

કોલમેન નામના અમેરિકન મનોવૈજ્ઞાનિકે આધુનિક યુગને "ચિંતાગ્રસ્તતાના યુગ" તરીકે ઓળખાવેલ છે.[૬] પોતાની જાતને અદ્યતન માનતો માનવી ચિંતા અને તંગદિલીમાં ચોતરફથી ઘેરાઈ ગયો છે. તેઓ ચિંતા કરે છે. પરંતુ મા–બાપો ગરીબ, અજાણ અને અજ્ઞાન છે, તેમને બાળઉછેર વિષે કંઈ ખ્યાલ જ હોતો નથી. તેઓ તો માને છે કે બાળઉછેરમાં વળી તાલીમની શું જરૂર ? બાળક તો જેમ જન્મે એમ એની મેળે મોટાં પણ થાય. આ ખોટી સમજને લીધે મા બાપ પોતાને બાળકના પાલનપોષણ માટે પૂર્ણ સમજે છે અને પરિણામે બાળક પર જે અત્યાચાર થાય છે તેનો એમને ખ્યાલ જ આવતો નથી. માટે બાળક માટે ગૃહિણીને બાળવિકાસનું જ્ઞાન અતિ આવશ્યક છે. માતા–પિતા બાળકની શારીરિક જરૂરિયાતો સંતોષે છે પરંતુ માનસિક જરૂરિયાતો વિષે તો મોટાભાગને ખ્યાલ આવતો નથી. બાળકનું માનસિક જીવન શારીરિક સાથે જ શરૂ થઈ જાય છે. જીવનનાં વિવિધ કાર્યક્ષેત્રોમાં કામ કરતા લોકો માનસિક સ્વસ્થતા અને સમાયોજનના જ્ઞાનના અભાવે હતાશા અને સંઘર્ષ અનુભવી રહ્યા છે. માનવી પોતાના અને બીજાના વર્તનની સમજણના અભાવે આજે બેચેની અને ખિન્નતા અનુભવી રહ્યો છે. માટે જ સાચાં સુખ, સંતોષ, શાંતિ અને આનંદ શામાં રહેલાં છે એ જાણવા માટે મનોવિજ્ઞાનની એક શાખા "વૈયકિતક સમાયોજનનું મનોવિજ્ઞાન" તરીક ઓળખાય છે. પરંતુ આ સમાયોજનની આદત બાળપણથી પડે તે અતિ આવશ્યક છે. માટે બાળ મનોવિજ્ઞાન અને તેના વિકાસમાં બાળક ગર્ભમાં હોય ત્યારેથી તેની સાળસંભાળ અતિ મહત્વની બાબત બની રહે છે.

આ દરેક બાબતનું જ્ઞાન વૈજ્ઞાનિક રીતે બાળમનોવિજ્ઞાનમાં આપવામાં આવે છે. બાળ મનોવિજ્ઞાન મનોવિજ્ઞાનની એક આધુનિક શાખા છે. તે જન્મ પૂર્વેની સ્થિતિથી આરંભી પુખ્તતા પ્રાપ્તિ સુધીની માનવીની વિકાસ પ્રક્રિયાનો વૈજ્ઞાનિક અભ્યાસ કરે છે. ઈલિઝાબેથ હરલોક કહે છે કે "બાળમનોવિજ્ઞાન ગર્ભાવસ્થાથી માંડીને પુખ્યવસ્થા સુધીના બાળકના વિકાસ અને વર્તનનો અભ્યાસ કરે છે."[૭] બાળમનોવિજ્ઞાન એ જન્મથી માંડીને પુખ્તતા સુધીના માનવીના વિકાસનો અભ્યાસ કરતી મનોવિજ્ઞાનની એક શાખા છે. બાળમનોવિજ્ઞાન બાળકને માનવીની 'લઘુ આવૃતિ' માનતું નથી. પરંતુ તેને એક સ્વતંત્ર વ્યકિત તરીકે સ્થાપે છે. ગર્ભની પરિસ્થિતિથી શરૂ કરીને, બાળક જન્મે ત્યારથી તે તરૂણવયમાં પ્રવેશે ત્યાં સુધીમાં તેના પર માતાના શરીરના આંતરિક વાતાવરણથી માંડી કૌટુમ્બિક, સામાજિક અને સાંસ્કૃતિક જેવા બાહ્ય વાતાવારણની આંતરક્રિયાત્મક અસરોનો અભ્યાસ કરે છે.

બાળકના જન્મ પૂર્વે અને જન્મ બાદ બાળકના શરીરના ચોક્કસ અંગઉપાંગો કયારે, કેવી રીતે અને કેટલા પ્રમાણમાં જુદી જુદી વયકક્ષાએ વૃધ્ધિ અને વિકાસ પામે છે તે બાળવિકાસમાં જોવામાં આવે છે. બાળકમાં આવતી શારીરિક ખામીઓ અને માંદગીની બાળકના મજ્જાતંત્ર, રસગ્રંથિઓ, પાચનતંત્ર તથા દષ્ટિ, શ્રવણ અને વાણીતંત્ર તથા અન્ય જન્મગત ખામીઓ તથા રોગો બાળકના શારીરિક વિકાસ ઉપરાંત વ્યકિતત્વ અને સ્વભાવ ઉપર શી અસર કરે છે તે

જોવામાં આવે છે. આવા ખામીવાળા બાળકોને જો મા–બાપ અને શિક્ષકો તરફથી વિવેકપૂર્વકનો સ્નેહ, ઉત્સાહ, ઉષ્માભર્યો વર્તાવ અને સમજપૂર્ણ વ્યવહાર ન સાંપડે તો તે લઘુતાગ્રંથિનો ભોગ બને છે. બાળક માટે આવેગો અને તેનું નિયંત્રણ મહત્વની બાબતો ગણાય છે. તેથી બાળકની ઉપર ભિન્ન ભિન્ન તબક્કાએ આવેગોનો વિકાસ કેવો થાય છે, તે આવેગ વિકાસને મદદકર્તા કે રૂંધતા પરિબળો કયાં છે, બાળકના આવેગો ઉપર કાબૂ કંઈ રીતે આવી શકે , બાળકમાં ભાવાત્મક પરિપકવતા કયારે અને કેવી રીતે આવી શકે, બાળકને આવેગોનું શિક્ષણ કેવી રીતે આપવું, બાળકોના આવેગ વિકાસને આડે આવતાં અંતરાયો અને તેના ઉપયોગીપણાની ચર્ચા બાળ મનોવિજ્ઞાનમાં કરવામાં આવે છે. બાળમનોવિજ્ઞાન બાળકની બૌધ્ધિક સિધ્ધિઓનો અભ્યાસ કરે છે. બાળકની સમજશકિત, ભાષા પ્રત્યયો તથા તેજસ્વિતાની સિધ્ધિઓ અંગેનો અભ્યાસ કરવામાં આવે છે. બાળકનો ભાષાવિકાસ બાર મહિને શરૂ થાય છે. ભાષા વિકાસમાં બાળકને કુટુંબ અને શાળા તરફથી સાનુકૂળ ઉષ્માભર્યુ વાતાવરણ ન સાંપડે, તેમજ તેના તરફ બેકાળજી રખાય તો તે અનેક પ્રકારની સંપાદિત વાણીક્ષતિઓનો ભોગ બને છે. આવી બધી સંભવિત વાણીક્ષતિઓ કેવી રીતે નિવારી શકાય તેમજ વાચન અને લેખન કલા કેવી રીતે વિકસે તે પણ બતાવવામાં આવે છે. આ ઉપરાંત બાળકોનો વ્યકિતત્વ વિકાસ શાળા પૂર્વેના અને શાળા પછીના તબક્કાઓમાં કેવી રીતે ઈચ્છનીય યા અનિચ્છનીય વળાંક લે છે તથા તે વિકાસને ઈષ્ટ દિશામાં લઈ જવા મા–બાપ અને શિક્ષક શું કરી શકે તેની ચર્ચા કરે છે.

બાળવિકાસનો અભ્યાસ કરવા માટે બાળમનોવિજ્ઞાનનો અભ્યાસ કરવો ખૂબ જરૂરી છે. કારણ કે આમ કરવાથી આપણી સમક્ષ બાળકની સમગ્ર માનસસૃષ્ટિ ખુલ્લી થાય છે. વ્યકિતના જીવનમાં પ્રથમ ૧૨ કે ૧૪ વર્ષ તેના જીવન અને વ્યકિતત્વ ઘડતરમાં ખૂબ જ મહત્વના છે. આ સમય દરમિયાન બાળક માનસિક અને શારીરિક ક્ષેત્રે જે વિકાસ કરે છે તે પુખ્તતા આવ્યા બાદ થતો નથી. બાળપણમાં પ્રાપ્ત કરેલા સંસ્કારો તથા ટેવો પાછળથી બદલવા ખરેખર મુશ્કેલ કાર્ય છે. પુખ્ત ઉંમરની વ્યકિતના માનસને સમજવા માટે બાલ્યાવસ્થાનો અભ્યાસ અનિવાર્ય છે. પુખ્ત ઉંમરની વ્યકિતના શારીરિક, માનસિક, સામાજિક વ્યવહારો અને વર્તનનાં મૂળ, જન્મ પૂર્વેની, જન્મ સમયની તેમજ જન્મ બાદ ઉછેરની અવસ્થામાં શોધી શકાય છે. બાળવિકાસમાં જો બાળકો ઉપર પરિપકવતા પ્રાપ્ત થતાં પૂર્વે તાલીમનો ભાર લાદવામાં આવે એટલે કે, તેઓને બળજબરીથી તાલીમ આપવામાં આવે તો શરૂઆતમાં તેઓની શીખવાની પ્રક્રિયા ઝડપી બને છે. પરંતુ ક્રમશઃ સ્થગિત થાય છે. એટલું જ નહિ પણ પરાગતિ કરે છે. આવાં બાળકો 'retaration' અનુભવે છે. બાળકમાં બુધ્ધિ આનુવંશિક ઘટક હોવાથી તે વિકસાવી શકાય છે, પરંતુ તેમાં વધારો કરી શકાતો નથી. દરેક બાળકનું શિક્ષણનું આયોજન તેની બુધ્ધિ, રુચિ, અભિયોગ્યતા અને વ્યકિતત્વ ભાતનું માપન કરીને તેને અનુરૂપ બને તે રીતે જ કરવું જોઈએ. બધા જ બાળકોને એક જ ઢાંચામાં ઢાળવાની કોઈ પણ પધ્ધતિ અવૈજ્ઞાનિક છે. એટલું જ નહિ પણ હાનિકારક છે. પરંતુ બાળકને શિસ્તબધ્ધ બનાવવાનો એક માત્ર માર્ગ તેઓના વ્યકિતત્વને અને તેમની જરૂરિયાતોને સમજવાનો અને પ્રેમપૂર્વક તેઓની જરૂરિયાત આપમેળે તૃપ્ત થાય તેવું હેત, હુંફ અને સલામતીસભર વાતાવરણ રચવાનો છે. જે કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર તેમની સાથે નિષ્ઠાભરી

આત્મીયતા દાખવી શકે છે તેજ સમાજમાં બાળકો આપોઆપ શિસ્તબધ્ધ અને વિવેકી બને છે. બાળકોમાં કેટલીક વખત જન્મજાત ખોડખાંપણ પણ જોવા મળે છે. જેમાં મંદબુધ્ધિવાળા બાળકને અલગ રીતે શિક્ષણની વ્યવસ્થા કરવી. અન્ય બાળકો કરતાં તેમને પ્રેમ અને હુંફ અને લાગણી આપવી જોઈએ. તેમને અનુરૂપ શાળામાં મૂકવા જોઈએ. વાતાવરણથી તેનામાં સુધારો જોવા મળે છે. પરંતુ માતા અને અન્ય કુટુંબીજનોએ આવા બાળકોમાં રસ લેવો જોઈએ. કેટલીક વખત બાળકો જિદ્દી હોય છે તો બાળકોની જિદ્દ કયા પ્રકારની છે તે મા–બાપે સમજવું જોઈએ. બાળક માટે કુટુંબ જ તેની પ્રગતિનું પગથિયું છે. કુટુંબ સંસ્થાની સામે ગમે તેટલા પડકારો હોય છતાં પણ એક યા બીજી રીતે કુટુંબસંસ્થા ટકી જ રહેવાની છે. પ્રજોત્પત્તિ અને બાળઉછેરનું કાર્ય કુટુંબમાં જ સારી રીતે થઈ શકે એ વિશે શંકા ઉઠાવી શકાય તેમ નથી માટે ગૃહવિજ્ઞાનમાં બાળ વિકાસનું મહત્વ પણ એટલું જ આંકવામાં આવે છે. બાળવિકાસ અને સમાયોજન યોગ્ય રીતે થયા હોય તો આજનો બાળક આવતી કાલનો નાગરિક છે અને કુટુંબનું અવિભાજ્ય અંગ છે. તેથી ગૃહવિજ્ઞાનમાં બાળવિકાસ બાલ્યાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા દરેકમાં બાળવિકાસની અસર પડે છે. યોગ્ય વિકાસ વ્યકિતને દરેક જગ્યાએ સમાયોજન સાધવામાં અનુકુળ રહે છે. અને તેનું વ્યકિતત્વ વિકાસ પામે છે. તેના મૂળ તો મનોવિજ્ઞાનનો એક ભાગ એટલે બાળ વિકાસ અને ગૃહવિજ્ઞાનના એક ભાગ તરીકે ઓળખાય છે. બાળવિકાસમાં યોગ્ય વાતાવરણ મા–બાપ, સ્કુલ, મિત્રો, વિગેરે દ્વારા પૂરૂં પાડવામાં આવે છે.

બાળકના સુયોગ્ય વિકાસ માટે અને તેને તેજસ્વી તેમજ હોશિયાર બનાવવા માટે જન્મ પહેલેથી જ તેને માટે માતાએ પૂર્વ તૈયારી કરવી પડે છે. માતાએ તેના ખોરાકમાં ધ્યાન આપવું પડે છે ઉપરાંત તેના આવેગો ઉપર પણ નિયંત્રણ રાખવું પડે છે.

દરેક માતાને બાળકનો શારીરિક તેમજ માનસિક વિકાસ એટલે શું ? તેના ઉછેરમાં કઈ કઈ બાબતો ખ્યાલમાં રાખવી જોઈએ ? તેના શિક્ષણ અંગેના પ્રશ્નો અને મુંઝવણો સમજી તેનો ઉકેલ લાવવા માટે તેનું વ્યવસ્થિત જ્ઞાન હોવું આવશ્યક છે. બાળકને કંઈ રીતે ઉછેરવું, તેના અભ્યાસ કે વર્તનની મુશ્કેલીઓ કેવી રીતે દૂર કરવી, તેને કેવા પ્રકારનું શિક્ષણ આપવું વગેરે પ્રશ્નો સમજવા બાળકના દૈહિક વિકાસ, ચેષ્ટા વિકાસ, આવેગો તેમજ બૌધ્ધિક તેમજ સામાજિક વિકાસ વિગેરેની ઊંડી સમજ કેળવવી જોઈએ. ટૂંકમાં બાળકના માનસનું જ્ઞાન હોવું આવશ્યક નહિ પણ દરેક માતા–પિતા માટે અનિવાર્ય છે. આમ બાળ વિકાસ એ ગૃહવિજ્ઞાનની એક શાખા તરીકે તેનો અભ્યાસ કરવામાં આવે છે.

### ૧.૬ વસ્ત્ર વિજ્ઞાન :

આદિમાનવ જંગલમાં રહેતો અને વસ્ત્રો તરીકે ઝાડની છાલને લપેટતો અથવા વસ્ત્રો તરીકે પ્રાણીઓનાં ચામડાનો ઉપયોગ કરતો જેમ–જેમ તાંતણાઓની શોધ થતી ગઈ તેમ–તેમ માનવીનાં પોતાનાં વસ્ત્રોમાં નવીનતા આવતી ગઈ. પહેલા માનવી ફકત તનનું રક્ષણ કરવા માટે જ વસ્ત્રો પહેરતા પરંતુ આધુનિક યુગમાં વસ્ત્ર પરિધાન એ વ્યકિતત્વનું તથા સામાજિક દરજ્જાનું પ્રતિક માનવામાં આવે છે.

પ્રાચીન યુગમાં અમુક જ તાંતણાઓ પ્રચલિત હતા. જેવા કે સુતરાઉ, સિલ્ક (રેશમ), ઊન, જેવા કુદરતી તાંતણાઓ જ વપરાતા હતા. કૃત્રિમ તાંતણા તો ખુબ જ લાંબાગાળે શોધાયા. એમાંય રેશમનો ઈતિહાસ તો ખુબ જ રસપ્રદ છે. ચીનની રાજકુમારી પોતાનાં બગીચામાં ચા પીતી હતી અને શેતૂરના ઝાડ પરથી એક કોશેટો તેના ચાનાં પ્યાલામાં પડયો અને એ કોશેટોને અંદરથી કાઢવા જતા જે તાંક તંતુઓ દેખાયા તેના પરથી રાજકુમારીને વિચાર આવ્યો કે આવા સુંદર તારમાંથી જો વસ્ત્રો બનાવવામાં આવે તો તે કેટલાં સુંદર વસ્ત્રો બને અને આ રીતે રેશમના તારની એટલે કે તાંતણાની શોધ થઈ.

આમ વસ્ત્રવિજ્ઞાનમાં તંતુ થી લઈને વસ્ત્રો સુધીની પ્રક્રિયા, આધુનિક રીતે લેબોરેટરીમાં કૃત્રિમ તાંતણાની બનાવટથી માંડીને કાપડનાં વણાટ કામ સુધીની પ્રક્રિયા વિશેની તલસ્પર્શી માહિતી આપવામાં આવી છે. તદ્ઉપરાંત ફકત કાપડની બનાવટ સુધી જ આ વિષય સિમીત ન રહેતા વસ્ત્ર પરિધાન સુધીનાં આધુનિક ફેશન ડિઝાઈનીંગ, રંગકામ, પ્રીંટીંગ તથા વસ્ત્રોની જાળવણી સુધીનું વૈજ્ઞાનિક જ્ઞાન, આપવામાં આવે છે. તદ્ઉપરાંત આજ વિષયમાં ટેક્ષટાઈલ સાયન્સને મુખ્ય વિષય તરીકે પણ ભણાવવામાં આવે છે. અને તેની અલગ વિદ્યાશાખા પણ છે. આ વિષયનાં નિષ્ણાંત ટેક્ષટાઈલ ઉદ્યોગો સાથે સંકળાઈને કાર્ય કરી શકે છે.

આમ જુદા–જુદા પ્રકારના નિર્માણ પામેલા રેશાથી વણાટ કલા એ વસ્ત્ર કલામાં ક્રાંતિ લાવી. વસ્ત્રો નિર્માણ ઘર–ઘરમાં થવા લાગ્યું. કુશળ કારીગર વણાટ કરતાં તેઓ વણકરનાં નામથી ઓળખાતા અને તે લોકો દ્વારા અદ્વિતીય અને આકર્ષક નમૂનાઓ સમૃધ્ધ વ્યકિતઓ માટે તૈયાર થતા. પ્રત્યેક સંસ્કૃતિ કે ઈતિહાસમાં પ્રાકૃતિક રેશા તૈયાર થતાં તેવો ઉલ્લેખ મળે છે. સૂતર, કપાસ, રેશમ, ઉન વગેરેનો ઉપયોગ પહેલા બધા જ દેશોમાં થતો હતો. શાહી દરબાર, નવાબ, રાજા–મહારાજાઓનાં વસ્ત્રો રેશમી અને સોનાના સોનેરી તારથી વણાટ કરી તૈયાર કરવામાં આવતા હતા. રાજ દરબારમાં સુંદર અને ઉત્કૃષ્ટ કલાકૃતિ કરનારને સન્માનિત કરી પ્રોત્સાહન આપવામાં આવતું. અતિ સુક્ષ્મ, સુંદર વસ્ત્રોનું નિર્માણ દરેક ક્ષેત્રમાં વિશેષ પ્રચલિત થવા લાગ્યું. ઢાકાની મલમલની સાડી ૧૯મી સદીમાં બંગાળમાં બહુ જ લોકપ્રિય હતી. કલાત્મક અને આકર્ષક નમુનાની બનાવેલી ઢાકાની સાડી સુંદરતા, સુક્ષ્મતા અને હલકાપન માટે અદ્ભુત હતી. ઢાકાની સાડીમાં ચાંદી અને સોનાના તારના નમૂના બનાવેલાં હતાં. ઢાકાનું મલમલ જેના પર વણાટ દ્વારા ડિઝાઈન બનાવવામાં આવતી તેને "જામદાની" કહેવામાં આવે છે. બલૂચીની સાડી મુર્શિદાબાદની પાસે બાલુચરમાં બનતી. મોગલ કલાનો પ્રભાવ બાલુચર ડિઝાઈનમાં જોવા મળે છે. બુટીમાં ફુલ, પાન, પશુ–પક્ષી તથા માનવ આકૃતિઓ હોય છે. મોગલ કાળના પ્રસિધ્ધ ચિત્રો જેવા કે હાથમાં ફુલ લીધેલ બેગમનું ચિત્ર તથા ફારસા વસ્ત્રમાં ઘોડેસવારના ચિત્રોના નમૂના બનાવવામાં આવે છે. આ સાડીનો ઉપયોગ હિન્દુ સ્ત્રીઓ દ્વારા વધારે થાય છે. બાલુચરની સાડી હવે લુપ્ત થતી જાય છે. બનારસનું સિલ્ક અને ચંદેરી સાડીઓ સમગ્ર વિશ્વમાં પ્રસિધ્ધ થયા.[૭]

વસ્ત્રોનું નિર્માણ તાંતણાનું વણાટકામ કરીને તૈયાર કરવામાં આવે છે. તંતુઓમાં દબાવ આપીને તાંતણો નિર્માણ થાય છે. જેને બે વર્ગોમાં વહેંચવામાં આવે છે. ટૂંકા તારને 'સ્ટેપલ' રેશા (Staple) તથા લાંબા તારને ફીલામેન્ટ (Filament) કહેવામાં આવે છે. વસ્ત્ર વિજ્ઞાનમાં નવી ટેકનીકનો ઉપયોગ કરીને રેશાને ખેંચીને ફેલાવવામાં આવે છે. લાંબા રેશાને વિભિન્ન પ્રકારમાં વહેંચીને વણાટ (Weaving)

કરી વસ્ત્ર તૈયાર કરવામાં આવે છે. કુદરતી (પ્રાકૃતિક) રેશામાં રેશમનો તંતુ ઘણો લાંબો હોય છે. અને કૃત્રિમ રેશામાં બધા જ રેશાની લંબાઈ વધુ હોય છે. વસ્ત્ર વિજ્ઞાનનો અભ્યાસ વિવિધ વસ્ત્રોથી તથા વસ્ત્ર નિર્માણની સામગ્રી માંથી થાય છે.

વસ્ત્રોનો ઉપયોગ દૈનિક ક્રિયાઓમાં અનેક રૂપમાં કરવામાં આવે છે.

ગૃહસજાવટ
પડદા, ફર્નીચર, ગાલીચા
(Home furnishing)

વસ્ત્રો દ્વારા ઓળખ
સેના (સૈનિક), મહાત્મા
(Mark of Identification)

ઔદ્યોગિક ઉપયોગ
થેલા, બેલ્ટ, સીટ, ગાદી વગેરે
(Industrial Use)

વસ્ત્રોનો ઉપયોગ
Use of Textile

સરળતાથી નિકાલ
(Easy Disposal)

સંરક્ષણ માટે,
પર્યાવરણ, આગ, અંતરીક્ષ,
શરદી,ગરમી, વરસાદ
(Protection Purpose)

વ્યકિતગત ઉપયોગ
આરામ, ફેશન, પ્રતિષ્ઠા,
સુંદરતા, આકર્ષણ
(Personal use)[૮]

## ૧) <u>સંરક્ષણ માટે વસ્ત્રોનો ઉપયોગ</u> :

વસ્ત્રોનો ઉપયોગ અનેક કારણોથી થાય છે. ગરમીમાં ધૂપથી બચાવ માટે, ઠંડીમાં આપણાં શરીરને ગરમ રાખવા માટે તથા પર્યાવરણમાં ઉપસ્થિત પ્રદૂષણથી બચવા માટે વસ્ત્રોનો ઉપયોગ કરવામાં આવે છે. તેવી જ રીતે અગ્નિશમન કાર્યોમાં કાર્યરત વ્યકિત શરીરનું રક્ષણ વસ્ત્રો દ્વારા કરે છે.

## ૨) <u>ગૃહ સજાવટમાં વસ્ત્ર ઉપયોગ :</u>

વસ્ત્રોનો ઉપયોગ ગૃહ સજાવટમાં અનેક પ્રકારે થાય છે. ફર્શ પર ગાલીચો પાથરીને તથા સોફા કે ખુરશી પર સુંદર આકર્ષક વસ્ત્રોની ડિઝાઈન અનુસાર લગાવવામાં આવે છે. બારી–દરવાજા પર પડદાં અનેક પ્રકારનાં ડિઝાઈન કે તંતુઓથી નિર્મિત હોય છે. જેમ કે સૂતરાઉ, નાયલોન, કોટન, સાટિન, નેટવાળા વગેરેનો ઉપયોગ કરી તેને સુંદર અને કલાત્મક રૂપ દેવામાં આવે છે. પથારી પર સુંદર હલ્કા રંગોની વિવિધ તાંતણામાંથી બનેલી ચાદરનો ઉપયોગ કરવામાં આવે છે. ફોમ કે સિન્થેટીક રૂ ના ઉપયોગથી બનાવેલ રજાઈ આકર્ષક લાગે છે. એવી જ રીતે નેપકીન, ટેબલ કલોથ વગેરેમાં પણ સજાવટમાં ઉપયોગમાં લેવાય છે.

## ૩) <u>ઔદ્યોગિક ઉપયોગ</u> :

ઔદ્યોગિક ક્ષેત્રમાં વસ્ત્રોનો ઉપયોગ અલગ ઢંગથી કરવામાં આવે છે. જેમ કે બેલ્ટ પટ્ટી (Conveyorbelts), થેલા, પેડસ વગેરે ધ્વનિ ગ્રહણ કરે છે. આવી જ રીતે ટાયરની અંદર પણ

વસ્ત્રોનો ઉપયોગ થાય છે. મશીનમાં કંપન કે અવાજને રોકવા માટે વસ્ત્રોનો ઉપયોગ થાય છે. તેમજ પેરાશૂટ, લિનોલીયમ વગેરે ધ્વનિને શોષિત કરે છે.

**૪) <u>ઓળખ માટે</u> : (Mark of Identity)**

વસ્ત્રોનો ઉપયોગ ઓળખ માટે પણ થાય છે. સ્કૂલમાં બાળકો એકસરખા યુનિફોર્મ પહેરે છે. વ્યાયામ, એન.સી.સી., ગાઈડ અને ખેલકૂદની વિશિષ્ટ વેશભૂષા હોય છે. જે ઓળખ બની જાય છે. સેનાની વિવિધ પાંખો તો તેમાં પણ વિવિધતા હોય છે. ધાર્મિક કાર્યોમાં ધર્મગુરૂ અલગ વેશભૂષા પહેરે છે. વિશેષ અવસર પર રાષ્ટ્રિયદીન, વિવાહ, અન્ય સામાજિક અવસરો કે પ્રસંગો પર વસ્ત્ર પહેરણમાં વિભિન્નતા હોય છે. આમ વસ્ત્ર ઓળખ બની રહે છે.

**૫) <u>સરળતાથી નિકાલ</u> : (Easily disposable)**

કેટલાક વસ્ત્રોનો નિકાલ સરળતાથી થઈ શકે છે. વિશેષ પ્રકારના તંતુથી બનેલા વસ્ત્રો યાત્રાનાં સમયે બાથરૂમમાં, સાર્વજનિક સ્થાનો પર કે કોઈપણ પ્રકારના વિશેષ પ્રયોજનથી કામમાં લેવામાં આવતા હોય છે. અને કામમાં લીધા પછી તેનો નિકાલ તેને બાળીને કરી શકાય છે. તેનો પુનઃઉપયોગ નથી થતો.

**૬) <u>વ્યકિતગત ઉપયોગ માટે</u> :**

પ્રત્યેક વ્યકિત તન ઢાંકવા માટે વસ્ત્ર ધારણ કરે છે. ઘરમાં, બહાર જાય ત્યારે, નોકરીમાં, વિશેષ આયોજનોમાં કે રાત્રિ સમયે વિભિન્ન વસ્ત્રોને પહેરે છે. આયુ, ઉંમર, જાતિ, ફેશન તથા વ્યકિતત્વથી વસ્ત્રોનો ઉપયોગ પ્રભાવિત થાય છે. પ્રતિષ્ઠા, પ્રશંસા, આકર્ષણ મેળવવા માટે વસ્ત્રોનો સહારો લેવામાં આવે છે.

ટેકનોલોજીના વિકાસનાં કારણે અને આધુનિક મશીનરીથી અનેક રંગો અને તંતુઓનો મેળ કરીને વસ્ત્ર તૈયાર કરવામાં આવે છે. વસ્ત્રના ઉપયોગમાં ઉત્તરોત્તર ટેકનીકલ વિકાસ થતો રહે છે. ફેશનમાં પરિવર્તનની સાથે–સાથે વસ્ત્રોના ઉપયોગમાં પણ પરિવર્તન થતું રહે છે. દેશની સમૃધ્ધિ કે આર્થિક વ્યવસ્થા વસ્ત્ર નિર્માણ કે તેના વ્યાપાર પર નિર્ભર રહે છે.

મશીનો એ તે સંભવ કરી દીધુ કે દરેક પ્રકારનાં વસ્ત્રો જુદી–જુદી કિંમત પર ઉપલબ્ધ રહે છે. રાસાયણિક પદાર્થથી વસ્ત્ર તૈયાર કરીને શોધમાં ક્રાંતિ લાવી શકયા છીએ.

વસ્ત્ર વિજ્ઞાનમાં આધુનિક વિકાસમાં સરળતાથી નિકાલ લાવી શકાય તેવા વસ્ત્રો એટલે કે (Disposal) બને છે. જેને ચિકિત્સાકીય ઉપયોગ કે સ્વચ્છતાની દષ્ટિએ કામમાં લીધા પછી નિકાલ (Disopsed) કરી શકાય છે. આવી જ રીતે માનવકૃત ચામડાનો સામાન, વસ્ત્ર, ગૃહ સજાવટ કે બેગ થેલા વગેરે બનાવવાનાં કામમાં લેવામાં આવે છે. માનવકૃત (Man-made) ઘણું પ્રચલિત થઈ રહ્યું છે. ઘરની અંદર અને બહાર ખુલ્લા સ્થાનો પર, રમતનાં મેદાન વગેરે જગ્યાઓમાં પાથરવામાં આવતા મેટ કે પાથરણના કામમાં લેવામાં આવે છે. જે વસ્ત્રો સરળતાથી ફેલાય જાય છે તથા સંકોચાય જાય છે (Stretch-fabrics). શરીરને સહારો અને આરામ આપે તેવા વસ્ત્રો બનાવવામાં પ્રયુકત હોય છે. આજકાલ વસ્ત્ર વિજ્ઞાનમાં નિરંતર વિકાસ અને પરિવર્તન થઈ રહ્યું છે. જેની જાણકારી સામાન્ય ઉપભોકતાને હોવી આવશ્યક છે. ઉચીત નિર્ણય કરીને

ઉપયુકત વસ્ત્રોની પસંદગી કરી શકે. જેથી ઉપભોકતા પોતાની રુચિ, આરામ, સુરક્ષા, સુન્દરતા, ટકાઉપણું કે સાર–સંભાળમાં સરળતા રહે તેવા વસ્ત્રોની પસંદગી કરી શકે.

પ્રત્યેક ઉપભોકતાને અનેક ગુણોવાળા વસ્ત્રો એક જ ઉપયોગ માટે જોઈએ. એક વ્યકિત કપડાની દેખભાળના ગુણને વધારે મહત્વ આપે છે. જેને સરળતાથી ધોઈ–સૂકવી શકાય કે ઈસ્ત્રી વગર પણ પહેરી શકાય. તેનાથી વિપરિત કોઈ વ્યકિત તેની સારસંભાળમાં વધુ સમય–શકિત વ્યય કરવાનું પસંદ કરે છે. કેટલાક લોકો બહારની સહાય લેવાનું પસંદ કરે છે. ધોબી, ઈસ્ત્રી, ડ્રાયકલીન વગેરે બહાર કરાવી લે છે.

તંતુઓની બનાવટ તથા ઉપયોગીતા તેનાં તત્વોનાં સંયોગ પર નિર્ભર કરે છે. આ તત્વો મુખ્ય રૂપથી નીચે પ્રમાણે છે. તંતુનું સંગઠન તથા સંરચના, તંતુ નિર્માણવિધિ કે તેના પર કરવામાં આવેલ ફીનીશીંગ. વસ્ત્ર સૂતરાઉ, ઉન, માનવકૃત કે મિશ્રિત રૂપમાં હોય છે. તંતુઓની બનાવટ તથા ઉપયોગ જ વસ્ત્રની દેખરેખને નિર્ધારિત કરે છે. વસ્ત્રોમાં સંકોચાવાની ક્ષમતા હોય છે. તથા કેટલાકમાં પાણી શોષણની ક્ષમતા વધારે હોય છે. આધુનિક માનવકૃત તંતુઓથી બનેલા વસ્ત્રોની અધિકતા અને વિવિધતાએ વસ્ત્રવિજ્ઞાનને વધારે જટિલ બનાવી દીધું છે. પ્રાકૃતિક તંતુઓથી બનેલા વસ્ત્ર પ્રાચીન સમયથી ઉપલબ્ધ છે. પરંતુ કૃત્રિમ તંતુ પ્રાકૃતિક તંતુની અદ્વિતીય નકલ કરી લે છે. આવી રીતે આ પ્રકારથી વસ્ત્રોનું નિર્માણ કરવું સંભવ છે. નાયલોન ક્રેપ, રેયોન ક્રેપ, એક્રીલીન ક્રેપ આનાં ઉદાહરણો છે.

વસ્ત્રોનું નિર્માણ મિશ્રિત તંતુઓ (Biends) ના દ્વારા કરવામાં આવે છે. જેમાં પ્રાકૃતિક તથા માનવકૃત તંતુઓ સંમિશ્રિત હોય છે.

આધુનિક પરીવેશમાં વસ્ત્ર–વિજ્ઞાનનું જ્ઞાન હોવું અતિ આવશ્યક છે. આજ આપણને વસ્ત્રોનો ઉપયોગ કરવા માટે અનેક પ્રકારનાં વસ્ત્રો ઉપલબ્ધ રહે છે. વસ્ત્રોના રંગ, ફીનીશીંગ, વણાટ, વગેરે અનેક તત્વો છે. જેનું જ્ઞાન હોવું નિર્ણય પ્રક્રિયાને સરળ બનાવે છે. વસ્ત્રોની સાર–સંભાળ, સંગ્રહ, ઉપયોગ, સફાઈ, ધુલાઈ વગેરે વિશેની પર્યાપ્ત જાણકારી હોવાથી વસ્ત્રોનો સદ્ઉપયોગ કરી શકાય છે.

પ્રત્યેક ગૃહિણીને કાર્ય, ફેશન, મોસમ અને વ્યકિત વિશેષ અનુસાર વસ્ત્ર પરીધાન કરવું અને કાર્ય કરતાં સમયે વસ્ત્રોનાં ગુણો અને જ્ઞાન અને પરખ હોવી આવશ્યક છે. પ્રત્યેક કપડાની તાપમાન ક્ષમતા ભિન્ન હોય છે. ઠંડીમાં ઉનના, રેશમી કે રેશમ જેવા દેખાતા કૃત્રિમ વસ્ત્ર પહેરવા વધારે ઉચિત રહે છે. અન્યથા ગરમીથી તકલીફ પડે છે. વસ્ત્રનો ઉપયોગ, ટકાઉપણું, મજબૂતી, કાર્યક્ષમતા, અવશોષણ ક્ષમતા, લચીલાપણું (સ્થિતિ સ્થાપકતા), વગેરેને ધ્યાનમાં રાખીને કરવો જોઈએ.

## ૧.૭ ગૃહ સંચાલન : (Home-management)

આદિમાનવ રખડતું જીવન ગાળતો. પછી તેઓ સ્થિર જીવન જીવવા લાગ્યો અને ક્રમશઃ કુટુંબ જેવી સંસ્થા અસ્તિત્વમાં આવી હતી. કુટુંબના સભ્યોએ સાથે રહેવાનું શરૂ કર્યુ અને ઘર બન્યું અને ઘરની સ્ત્રી ગૃહિણી કહેવાઈ. છેક આદિકાળથી, આદમ–ઈવના જમાનાથી, માનવી પોતાના જીવન

વ્યવહાર સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓનું સંચાલન કરતો જ આવ્યો છે. માનવ પ્રવૃત્તિના કોઈ પણ ક્ષેત્રમાં નિશ્ચિત ધ્યેય હાંસલ કરવા માટે સંચાલનની જરૂર પડે છે. આમ ગૃહિણીએ નક્કી કરેલા ધ્યેયને પહોંચી વળવા માટે ગૃહ સંચાલનનું જ્ઞાન હોવું આવશ્યક નહિં પરંતુ અનિવાર્ય બને છે.

વળી સંચાલનની બાબતમાં શ્રી એફ. ડબલ્યુ. ટેલરના અભિપ્રાય અનુસાર ''વૈજ્ઞાનિક સંચાલન એટલે તમે વ્યકિતઓ પાસે શું કરાવવા માંગો છો તે સ્પષ્ટ રીતે જાણવું અને તેઓ તે ઓછામાં ઓછા ખર્ચે તથા ઉત્તમ રીતે કરે તે જોવું''[૯] આમ ગૃહિણીએ પણ ગૃહ સંચાલનમાં કુટુંબના દરેક સભ્યોની રસ, રુચિ જાણવી અને તે પ્રમાણે તેને કામની વહેંચણી કરવી અને કુટુંબના ધ્યેયો યોગ્ય સમયે પૂરા થાય તે જોવાનું હોય છે. મૂલ્યોની સાચવણી કરવી તે પણ ગૃહ સંચાલન દ્વારા ગૃહિણીને શીખવવામાં આવે છે.

૧) ''ગૃહવ્યવસ્થાને કૌટુંબિક જીવનનું વહીવટી પાસું કહી શકાય. જેમાં માનસિક અને શારીરિક કાર્યો થાય છે. કુટુંબમાં સાધન સંપતિનાં જથ્થાને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેવામાં આવે છે. અને તે નિર્ણયનું પાલન કરવા માટે યોગ્ય આયોજન કરવામાં આવે છે.''[૧૦]

આમ ગૃહસંચાલન માટે વ્યકિતએ સંપૂર્ણ હોવા કરતાં સજાગ હોવું વધુ આવશ્યક છે. ઘરમાં તમામ પાસાંઓ ભિન્ન હોવા છતાં 'એક સાથે સાંકળી લઈને તેનું સંચાલન કરવાનું શ્રેય ગૃહિણીને ફાળે જાય છે. ગૃહિણીએ કુટુંબમાં બધા જ સાધન સંપત્તિ એકત્રિત કરી તેને યોગ્ય રીતે વાપરવાની યોજના ઘડી, યોજના પ્રમાણે કાર્યો કરવાનાં શરૂ કર્યા. છેવટે કાર્યની સફળતા કે નિષ્ફળતા નક્કી કરી, તે વ્યવસ્થા કહેવાઈ.

૨) ત્યારે કુટુંબ વિતેલા સમયને ધ્યાનમાં રાખીને આયોજનનું મૂલ્યાંકન કરે છે. અને જાણી શકે છે કે કાર્ય કે ધ્યેય કેટલે અંશે સફળ થયા છે. આ ઉપરથી જાણી શકાય છે કે વ્યવસ્થાની પ્રક્રિયામાં ત્રણ પ્રવૃત્તિયો હોય છે તે છે આયોજન, અમલ, મૂલ્યાંકન.

ગૃહસંચાલન એક માનસિક પ્રક્રિયા છે, જેમાં



નીકલ અને ડોરસેના મત અનુસાર, "ગૃહવ્યવસ્થા આયોજન, નિયંત્રણ તેમજ મૂલ્યાકંનની તે ક્રિયા છે જેનો ઉદ્દેશ્ય કૌટુંબિક સાધનોના ઉપયોગથી કૌટુંબિક લક્ષ્યોની પૂર્તિ કરવાનો છે."

કૌટજીનના મત અનુસાર જોઈએ તો "ગૃહવ્યવસ્થા એ એક વ્યવહારિક વિજ્ઞાન છે. જેને કોઈ સામાન્ય વિચાર, ડિગ્રી કે માપ હોતું નથી. જેવા કે ઔષધી વિજ્ઞાનમાં સામાન્ય અને અસામાન્ય સ્વાસ્થ્યના તાપને માપવાનું યંત્ર હોય છે. ગૃહવ્યવસ્થાને નિપૂણતા તેમજ કુશળતાની સ્થિતિમાં માપી શકાય છે. ઘરમાં જ્યા પૂર્વ નિર્ધારિત સમયમાં લક્ષ્યની પૂર્તિ થઈ જાય છે તો તે ઘરને એક સારું વ્યવસ્થિત ઘર સમજી શકાય છે." આ બધી વ્યાખ્યાઓને આધારે એમ કહી શકાય કે ગૃહવ્યવસ્થા એ એક માનસિક પ્રક્રિયા છે, જેનો અર્થ કોઈ કાર્યને ફકત પૂરૂ કરવું એટલું જ નથી; પરંતુ તે એક અત્યંત સૂક્ષ્મ તેમજ કુશળતાપૂર્વક બનાવેલી યોજના છે. જેમાં કુટુંબના બધા સાધનોના ઉપયોગ, કુટુંબના સભ્યોના સંતોષ તેમજ વધારેમાં વધારે લાભ માટે કરવામાં આવે છે. તેના અંતર્ગત મુખ્ય રૂપથી કાર્યોને પૂર્ણ કરવા માટે તેમજ પોતાના લક્ષ્ય સુધી પહોંચવા માટે કૌટુંબિક સાધનોના આધારે આયોજન (Planning), સંગઠન (Organization), અમલમાં મૂકવું (Implementaion), અને નિયંત્રણ (Control), તેમજ મૂલ્યાંકન (Evaluation) આવે છે.

આયોજન, નિયંત્રણ અને મૂલ્યાંકન ગૃહવ્યવસ્થા માટે જરૂરી છે. કારણ કે આ ત્રણેય ગૃહવ્યવસ્થાનું અંગ અને જીવનનો આધાર મનાય છે. આથી કુટુંબમાં યોગ્ય સમાયોજન તેમજ વ્યવસ્થા માટે ગૃહવ્યવસ્થાનું જ્ઞાન ગૃહિણી માટે હોવું જરૂરી છે. કારણ કે કુટુંબની વ્યવસ્થા ઉપર જ કુટુંબના સભ્યોનું સ્વાસ્થ્ય તેમજ કાર્યકુશળતા આધારિત હોય છે. માટે જ આજના માનવજીવનમાં તેની જરૂરિયાત તેમજ મહત્વ વધુ છે.

આમ ગૃહિણી સાથે સંકળાયેલી ગૃહવ્યવસ્થાની પ્રક્રિયા એટલે ધ્યેય પ્રાપ્તિ સુધી પહોંચવાનો પ્રયત્ન. ગૃહવ્યવસ્થાનું માધ્યમ વ્યકિતની જીવન જરૂરિયાત ગણાવી શકાય. રહેઠાણ ખોરાક, કપડાં, શિક્ષણ, શોખ અને મનોરંજન વિગેરે જરૂરિયાતો માટે વ્યકિતને આયોજન કરવાનું હોય છે. આ સમગ્ર આયોજનની પ્રક્રિયા ગૃહવ્યવસ્થાની પ્રક્રિયા તરીકે ઓળખી શકાય. આમ ગૃહવ્યવસ્થાની પ્રક્રિયા માનવી સાથે સંકળાયેલી છે. માનવીના વિકાસનું મૂળ ઘર છે. ગૃહિણી પ્રેમ, લાગણી, મમતા, સલામતી, હુંફ, સુખ–શાંતિભર્યું વાતાવરણ સર્જવાનું કાર્ય કરે છે. આ રીતે જોતા ગૃહવ્યવસ્થા ગૃહિણીની પ્રતિભાનું સાચું દર્શન કરાવે છે. કુટુંબ જીવનની પ્રથા પ્રમાણે માનવીની શારીરિક, બૌધ્ધિક, માનસિક અને સામાજીક વિકાસની પ્રક્રિયાઓમાં ગૃહસંચાલન પધ્ધતિ અને વ્યકિતનું જીવનધોરણ એક જવાબદાર પરિબળ છે. તેમજ ગૃહજીવનના સુખી વિકાસ માટે સમય અને શકિતનું સુયોગ્ય આયોજન અને વ્યવસ્થા અત્યંત આવશ્યક છે. જેમ અર્થશાસ્ત્ર ટાંચા સાધનોનો અનેક જરૂરિયાતો માટે કેમ ઉપયોગ કરવો તે શીખવે છે તે જ રીતે કુટુંબની કાર્યશકિતનો સુપેરે ઉપયોગ કરવામાં અને સમયનો સદુપયોગ કરીને ગોઠવેલી વ્યવસ્થા કૌટુંબિક જીવનને વધુ સુખી બનાવે છે.

✰ **સમયની વ્યવસ્થા (Time Management) :**

સમય એ એક અમૂલ્ય માનવીય સાધન છે. આ સાધનની વ્યવસ્થા કરવી મુશ્કેલ નથી. કારણ કે તેને માપી શકાય છે. આ એક સીમિત સાધન છે અને બધાની પાસે સમાન માત્રામાં

ઉપલબ્ધ હોય છે. છતાં પણ પોતપોતાની વ્યકિતગત યોજના અનુસાર દરેક વ્યકિત વિવિધ રીતથી પોતાના સમયનો ઉપયોગ કરે છે. જો સમયનો સદુપયોગ કરવામાં ન આવે તો કુટુંબના લક્ષ્યોની પ્રાપ્તિ સમયસર ન થતાં ઘરની બધી વ્યવસ્થા છિન્નભિન્ન થઈ જાય છે. પરિણામે કુટુંબના માનસિક સંતોષ પર સીધો પ્રભાવ પડે છે. અતઃ દરેક કુટુંબમાં ગૃહિણી માટે સમયની વ્યવસ્થા કરવી એ ખૂબ જ મહત્વપૂર્ણ છે. માટે જ કહેવાય છે કે "જો તમે જીવનને પ્રેમ કરો છો, તો સમયનો વ્યર્થ વ્યય ન કરો. કારણ કે સમય જ એ વસ્તુ છે, જેનાથી જીવનનું નિર્માણ થાય છે." માટે તેનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. ઉપયોગ ન કરીએ તો કહેવાય છે કે સમય અને ભરતી–ઓટ કોઈની રાહ જોતા નથી.

"જ્યારે નિશ્ચિત સમયમાં કાંતો ઓછા સમયમાં સૂઝબૂઝ તેમજ યોજનાબધ્ધ રીતથી વિવિધ કાર્યોને પૂર્ણ કરવામાં આવે છે, ત્યારે તેવી વ્યવસ્થાને સમય વ્યવસ્થા કહેવામાં આવે છે." [૧૨]

"કુટુંબની વિવિધ ક્રિયાઓમાં સમયને એ રીતે વહેંચવો કે જેથી કુટુંબ તથા તેના સભ્યોના વધુમાં વધુ લક્ષ્યોની પૂર્તિ થાય." [૧૩]

સમય અનુસાર કાર્ય કરવા માટે યોગ્ય વ્યવસ્થા કરવી જરૂરી છે. જેના માટે વધારે માત્રામાં શકિતની જરૂર પડે છે તેથી સમય અને શકિત એક બીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. સમય સરખો મળે છે. પરંતુ શકિત અને પૈસા સરખા મળતા નથી. સમયનો સદુપયોગ જાગ્રતપણે કરવો હોય તો તે વિચારપૂર્વકનું આયોજન માંગી લે છે. આદર્શ ગૃહિણીની ફરજ છે કે ઓછા સમયમાં સારું કામ કરી તંદુરસ્તી સાચવી રાખવી. સમય, શકિત અને પૈસો એ ત્રણેય ગૃહિણીને ઘર ચલાવવામાં મદદ કરે છે. આ ત્રણેયને એક અથવા બીજી રીતે વાપરી સમતોલન જાળવી શકાય છે. દા.ત. એક ગૃહિણી પૈસા કમાતી હોય તો તે પૈસાથી માણસ પાસે કામ કરાવી પોતાની શકિતનો બચાવ કરી ઘરની વ્યવસ્થા સારી રીતે જાળવી શકે છે. ગરીબ સ્ત્રી પાપડ, ખાખરા જેવી વસ્તુ બનાવી પૈસા મેળવે છે પણ તેને વધુ શકિત વાપરવી પડે છે. આમ ઘર ચલાવવા આ ત્રણેયનું સમતોલન કરવું જરૂરી બને છે. ગૃહિણીઓએ પોતાની શકિત અનુસાર કામ કરવું જોઈએ. બધું કામ કરવા જતાં ગૃહિણી પૂરતો આનંદ મેળવી શકતી નથી, ઘરના સભ્યો સાથે સારી રીતે રહી શકતી નથી અને બાળકોનો ઉછેર પણ યોગ્ય રીતે થતો નથી. પણ ઘણી ગૃહિણીઓ સમય અને શકિતનું આયોજન કરીને કામને બોજ ગણ્યા વિના ઘરની અને બહારની પ્રવૃત્તિઓમાં પણ રસ લેતી હોય છે. બહારની પ્રવૃત્તિઓ કરવાથી જીવનનો વિકાસ સધાય છે. શ્રીમતી માનના સંશોધન અનુસાર ભારતીય ગૃહિણીનો સમય દિવસ દરમ્યાન નીચેની પ્રવૃત્તિઓ પૂર્ણ કરવામાં વપરાય છે.

૧) **રસોઈ બનાવવી** : ખોરાકની તૈયારી કરવી, રસોઈ કરવી, જમવાનું પીરસવું, વાસણો સાફ કરવા વિગેરે.

૨) **ઘરની કાળજી** : બધા જ રૂમની સફાઈ, ઘરમાં વપરાતી વસ્તુઓની ગોઠવણ તેમજ જરૂરિયાત પ્રમાણે તેને શણગારવી વિગેરે કાર્યોનો સમાવેશ થાય છે.

૩) **કપડાંની કાળજી** : કુટુંબના સભ્યો માટે કપડાં ખરીદવાં, શીવવા, ધોલાઈ કરવી, તેમજ

તેને જાળવવા, શિયાળા તેમજ ઉનાળામાં કપડાંનો યોગ્ય સંગ્રહ કરવો વિગેરે.

૪) **કુટુંબની કાળજી :** ઘરના બાળકોની સંભાળ રાખવી, તેને ખવડાવવું, નવડાવવું, કપડાં પહેરાવવા, આરામ આપવો, તેમની સાથે રમવું. બાળકોની સાથે સાથે ઘરડાં અને માંદા સભ્યોની કાળજી રાખવી પડે છે. આ તમામ કાર્યને પહોંચી વળવા માટે સમય અને શકિતનું આયોજન કરવું ગૃહિણી માટે અતિ આવશ્યક બની જાય છે.

૫) **નાણાંકીય જવાબદારી :** ગૃહિણીએ ઘરના બધા જ ખર્ચનો યોગ્ય હિસાબ રાખવો, નવા વર્ષ માટેનું બજેટ બનાવવું. આ બધામાં તેણે આકસ્મિક ખર્ચ માટે પણ બચત રાખવી જોઈએ. નાણાંકીય જવાબદારી માટે જો ગૃહિણી સહેજ પણ બેદરકાર રહે તો કુટુંબને બચત કરાવવા કરતાં દેવામાં ઉતારી દે છે.

૬) **કેળવણી વિષયક જવાબદારી :** સ્કૂલે જતાં બાળકોને ભણાવવામાં મદદ કરવી, બાળકોના અભ્યાસ અને ગૃહકાર્યમાં ઊભા થતાં પ્રશ્નોને દૂર કરવા. જેમ અભ્યાસ આગળ વધે તેમ જવાબદારી વધતી જાય છે. બાળકોને યોગ્ય સ્કૂલમાં મૂકવા, યોગ્ય આહાર આપવો, તેમનો સમય સાચવો વિગેરે.

૭) **સામાજીક અને ધાર્મિક પ્રવૃત્તિઓ :** કુટુંબ એ સમાજનું એક અંગ છે. ગૃહિણીએ મિત્રો અને પડોશિયોને મળવું, લગ્ન પ્રસંગે જવું, સામાજીક અને ધાર્મિક તહેવારોએ જવું વિગેરે મહત્વનો સામાજિક ભાગ ભજવવાનો હોય છે. ગૃહિણી સમાજ અને કુટુંબ વચ્ચેની મહત્વની કડી છે. પોતે પૂજા કરવી જોઈએ. ઘરમાં ધાર્મિક વાતાવરણ ઊભું કરવું જોઈએ અને બાળકોને પણ ધાર્મિક ફરજો શીખવવી જોઈએ.

૮) **વહીવટી પ્રવૃત્તિઓ :** ઘરમાં થતાં બધા કાર્યોની ગૃહિણી સંચાલક છે. તેણે કુટુંબના બધા જ સભ્યો તેમજ કામ કરનારાઓને માર્ગદર્શન અને દોરવણી આપવા જોઈએ. નોકર, કપડાં ધોનાર, તેમજ દરેકની યોજના તેણે ઘડવાની હોય છે અને તેનું નિરીક્ષણ કરવું પડે છે. આ બધી જ પ્રવૃત્તિઓ અને જવાબદારીઓ અદા કરવામાં પોતાની જાતને ભૂલી જવી જોઈએ નહીં. તેણે તેની સમયની યોજનામાં પોતાના શરીરની કાળજી, આરામ અને મનોરંજન માટે થોડો સમય રાખવો જ જોઈએ. જેથી તે વ્યકિતગત વિકાસ સાધી શકે. ઉપર જણાવેલી બધી જ પ્રવૃત્તિઓમાં વપરાતો સમય કુટુંબે–કુટુંબે અલગ હોય છે. બે વ્યકિત કે બે કુટુંબો કદી સરખા હોતા નથી. આ ફેરફાર ઉપર કુટુંબનું સામાજિક, આર્થિક ધોરણ, કુટુંબનું બંધારણ, કુટુંબના સભ્યોની જાતિ અને ઉંમર તેમજ સામાજિક વાતાવરણ વિગેરે અસર કરે છે. મર્યાદિત સમયનો જો સારામાં સારો ઉપયોગ કરવો હોય તો તેણે બધા જ કાર્યો સારી રીતે પૂર્ણ થાય તે માટે સમયની યોજના ઘડવી જોઈએ. કુટુંબના બધા જ સભ્યો કુટુંબના ધ્યેયને પહોંચી વળવાની તૈયારી બતાવે ત્યારે ગૃહિણી માટે સમય અને શકિતની વ્યવસ્થા સરળ બને છે. યોજના કર્યા પછી વધેલા સમયમાં બીજું કાર્ય થઈ શકે. કંઈક નવું શીખી શકાય અથવા બદલાતી પરિસ્થિતિને પહોંચી વળવા સમય કામમાં લગાડી શકાય છે.

## ✰ સમય અને શકિતની વ્યવસ્થા ઉપર અસર કરતાં પરિબળો :

૧) **રહેઠાણ** : કુટુંબનું રહેઠાણ સમય અને શકિતની વ્યવસ્થા પર અસર કરે છે. ગામડાં કે શહેરમાં પણ રહે તો પણ તેની અસર થાય છે. ગામડામાં રહેઠાણ હોય તો ધૂળ ઉડવાથી ગૃહિણીનો સમય વધારે જાય છે. કેટલીકવાર કાચા મકાનમાં લીપણ પ્રક્રિયા કરવાની હોવાથી સમય અને શકિત વધારે ખર્ચાય છે જે શહેરમાં ઓછું જોવા મળે છે.

૨) **કુટુંબના સભ્યોની ઉંમર અને સંખ્યા :** કુટુંબના સભ્યોની ઉંમર અને સંખ્યા સમય અને શકિત ઉપર અસર કરે છે. સભ્યો વધારે હોય તો ગૃહિણીને કામ વધું રહે છે. ઘરમાં બાળકો અને વૃધ્ધો વધારે હોય તો ગૃહિણીનો સમય અને શકિત વધારે માંગી લે છે. યુવાનો વધુ હોય અને ઘરમાં સમય આપતા હોય તો ગૃહિણીનો સમય અને શકિત બચે છે.

૩) **બીજી મળતી મદદ :** ગૃહિણીને ઘરમાં સભ્યોના મળતા સહકાર પર તેના સમય અને શકિતનો આધાર રહે છે. સહકાર મળે તો સમય અને શકિત બચે છે. ગૃહિણી બચેલા સમયનો ઉપયોગ કુટુંબના વધારાના અન્ય કાર્યો માટે કરી શકે છે.

૪) **કાર્ય પધ્ધતિ :** ગૃહિણી કામ કરવામાં જે કાર્ય પધ્ધતિ અપનાવે તે સમય અને શકિતને બચાવે તેવી હોવી જોઈએ. સરળ કાર્ય પધ્ધતિથી ઓછા સમયમાં વધુ કામ કરી શકાય છે. જરૂર પડે તો બીજાની કાર્યપધ્ધતિ જાણી પોતાની કાર્યપધ્ધતિમાં જરૂર પડે તો સુધારો કરવો જોઈએ.

૫) **કુટુંબનો પ્રકાર :** વિભકત કુટુંબ કરતાં સંયુકત કુટુંબમાં કામ વધારે હોય છે. અને સભ્યોની મદદ મળી રહે. અને ગૃહિણીને કાર્યની વહેંચણી કરતાં આવડે તો ઘણો બધો સમય અને શકિત બચાવી શકાય છે.

૬) **કુટુંબના સભ્યોનો સ્વભાવ :** કુટુંબના સભ્યોનો સ્વભાવ આનંદી અને ખુશમિજાજી હોય તો કામ પૂર્ણ કરવાનો સંતોષ થાય છે. પણ એ સ્વભાવ ચીકણો અને ટીકાખોર હોય તો કામમાં ગૃહિણીને માનસિક કંટાળો આવે છે અને તેથી સમય અને શકિત વધારે ખર્ચાય છે.

૭) **ગૃહિણીની કુશળતા :** ગૃહિણીની કુશળતા વડે સમય અને શકિત બચાવી શકાય છે. કુશળ ગૃહિણી હશે તો ઓછા સમયમાં ઘણાં કાર્યનું આયોજન કરી શકશે. આવડત હોવાથી કાર્યનું સરલીકરણ કરી કામને સરળ બનાવી સમય અને શકિત બચાવી શકે છે.

૮) **જીવન ધોરણ :** જીવન ધોરણ સાદું હોય તો ગૃહિણીને કામ ઓછું રહે છે. જીવન ધોરણ ઊંચું હોય તો કામ વધુ રહે છે. બ્રાહ્યપ્રવૃત્તિમાં વધુ રોકાયેલા રહેવું પડે છે. તેમજ સમય અને શકિત વધુ ખર્ચાય છે.

૯) **સાધનો :** સમય અને શકિત બચાવે તેવા સાધનો વસાવ્યા હોય તો ગૃહિણીનો સમય અને શકિત બચે છે. દા.ત. વોશિંગ મશીન, મીક્ષચર, વેકયુમ કલીનર વિગેરે ગૃહિણીના સમય અને શકિત બચાવે તેવા સાધનો છે.

૧૦) **કામની વહેંચણી :** કુટુંબના દરેક સભ્યોને અમુક જવાબદારી સોંપી દેવાથી ગૃહિણીને બધી જવાબદારી રહેતી નથી. જવાબદારી સોંપવાથી ગૃહિણી પાસે ફાજલ સમય પડે છે. થાક

ઓછો લાગે છે. સ્વભાવ આનંદી રહે છે. બધા સભ્યો સાથે હળીમળીને રહી શકે છે.

ગામડાના લોકો રસોઈમાં, સંભાળમાં, સફાઈમાં અને કપડાંની ધોલાઈમાં વધુ સમય ગાળે છે. જ્યારે શહેરના લોકો કુટુંબની સંભાળમાં, ઈત્તરપ્રવૃતિ અને ખરીદીમાં વધુ સમય ગાળે છે. પરંતુ ભારતીય ગૃહિણી કરતા પશ્ચિમની ગૃહિણીઓ પાસે વધુ સમય અને શકિત બચાવે તેવા સારાં સાધનો છે. અને તેમનાં રસોડા પણ કાર્યદક્ષતા, આરામ અને ઓછામાં ઓછી શકિત ખર્ચાય તે ધ્યાનમાં રાખીને બાંધવામાં આવેલા છે. સામાન્ય રીતે ભારતીય ઘરો, તેમનાં સાધનો અને તેમની યોજના વિગેરે ઘરગથ્થું ફરજો બજાવવા માટે બધુ અનુકૂળ થતાં નથી. ભારતીય કુટુંબોમાં સભ્યસંખ્યા વધારે હોય છે. આધુનિક ઘરગથ્થું સાધનો વાપરવાથી ગૃહિણીનો શારીરિક થાક દુર કરી શકાય છે. જેવા કે પ્રેશર કુકર, વોંશીગમશીન, મીક્ષચર , ઓવન, મિલ્કકૂકર વિગેરે

પરંતુ આવા બધા સાધનોનો ભારતીય ગૃહિણીઓ બહુ ઓછો ઉપયોગ કરે છે. અને કારણોમાં જઈએ તો ગરીબી, અજ્ઞાનતા, ઘરનું કદ નાનું વિગેરે છે. કેટલાંક ભારતીય કુટુંબોમાં તો નાના કદનું જુદું રસોડું પણ હોતું નથી. કાર્ય કરવાની પધ્ધતિ , કાર્ય કરવાનો સમય, કાર્યનો ક્રમ તેમજ કાર્ય, પૂર્ણ કરવા માટે સભ્યોનો સહકાર, એ શકિતની વ્યવસ્થામાં ઘણા મહત્વના મુદાઓ છે. સમય અને શકિત એક બીજા સાથે સંકળાયેલા છે. તો સમયની યોજના ઘડવામાં નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ. ગૃહિણીએ દિવસ દરમિયાન કરવાના કામનું લીસ્ટ બનાવવું જોઈએ. કાર્ય જરૂરિયાત પ્રમાણે અગ્રતાક્રમમાં ગોઠવવા જોઈએ. અને અગત્યની પ્રવૃતિ રહી ન જાય તેનું ધ્યાન રાખવું જોઈએ. દરેક કાર્ય પાછળ વપરાતો અંદાજીત સમય અને તેને મળતા સમય સાથે સરખામણી કરવી જોઈએ. જો કાર્યનો સમય વધુ હોય અને ગૃહિણી પાસે ઓછો સમય હોય તો ઓછા સમયમાં કંઈ રીતે કાર્ય કરવું તેનું આયોજન કરવું જોઈએ. ગૃહિણીએ દરેક પ્રવૃતિ ક્રમમાં ગોઠવાય તે રીતે યોજના ઘડવી જોઈએ. ગોઠવણી કરતી વખતે ગૃહિણીએ ભારે અને હલકા કાર્યને ધ્યાનમાં રાખવા જોઈએ. દરેક કાર્યને પૂરો સમય આપવો જોઈએ. પૂરતો સમય ન આપીએ તો ધારેલા સમયમાં કાર્ય પૂરૂં થતું નથી અને સમય ખૂટે છે. તેથી સમયની યોજના સફળ બનતી નથી. યોજનામાં એવો પણ થોડો સમય રાખવો જે સમયમાં કોઈપણ કાર્ય કરવાનું ન હોય. આ સમય સવાર અથવા સાંજને અંતે રાખવો જેથી કોઈપણ કાર્ય એના સમયે પૂર્ણ ન થાય તો વધારાના સમયમાં પૂર્ણ કરી શકે. સમયની યોજનામાં આરામનો સમય પણ રાખવો જોઈએ. આરામ કર્યા પછી કાર્ય સારી રીતે કરી શકાય છે. સમયની યોજના ગૃહિણી લખતી નથી. પરંતુ યાદ રાખે છે. અને પ્રેકટિસ પડવાથી તેઓ તેમનું કાર્ય નિર્ધારીત સમયમાં પૂર્ણ કરી શકે છે. કયા કાર્ય માટે કેટલો સમય જોઈશે તે તેઓને અનુભવે તેનો ખ્યાલ આવી જાય છે.

આધુનીક જમાનામાં ભારતીય કુટુંબોમાં બધા સભ્યો પહેલાની જેમ માત્ર ખેતી કરતા નથી. દરેકના જુદા જુદા ધંધા હોય છે. કેટલાક નોકરી કરે છે. બાળકો સ્કુલ અને કોલેજોમાં જાય છે. દરેકને સમયસર પહોંચવાનું હોય છે. તેથી ગૃહિણીએ તેના સમયની યોજનાને ઘરના સભ્યોના સમય સાથે અનુકૂળ કરવી જોઈએ. તેની સમયની યોજના ફેરવી શકાય તેવી હોવી જોઈએ. ઘણા કાર્યો ફેરવી શકાય તેવા હોય છે. સમયની યોજના ઘડયા પછી તેને કાળજીપૂર્વક અમલમાં મૂકવા

પ્રયત્નો કરવા જોઈએ. દિવસના અંતે ગૃહિણી એ કાર્યોનું મૂલ્યાંકન કરવુ જોઈએ. કાર્ય યોજના પ્રમાણે થયા છે કે નહિ, તેમાં તે કેટલી સફળ થઈ છે. કાર્યો બરાબર થયા છે કે નહિ, તેનું મૂલ્યાંકન કરવું જોઈએ. નોકરી કરતી ગૃહિણી એ અમુક કલાક ઘરની બહાર રહેવાનું હોવાથી સમયની યોજના એ પ્રમાણે કરવી જોઈએ. તેની સમયની યોજના ઘરમામાં રહેતી ગૃહિણી કરતા જુદી હોય છે. આધુનિક જમાનામાં મોટાભાગની ગૃહિણીઓ ઘરની સાથે બહાર પણ કાર્ય કરતી હોય છે. તેઓ એ બંને જવાબદારી સાથે નિભાવવાની હોય છે માટે આવી ગૃહિણીઓ માટે સમયની યોજના અંત્યત જરૂરી છે.

ગૃહવ્યવસ્થામાં જેમ સમયની વ્યવસ્થા કરવામાં આવે છે. તેમ શકિતને મુખ્ય સાધન સંપત્તી ગણવામાં આવે છે. વ્યવસ્થાની પ્રક્રિયા શકિતને લાગુ પડે છે. સમય અને શકિત એકબીજા સાંથે સંકાળાયેલા છે. એટલે જ શકિત ને સમય દ્વારા માપવામાં આવે છે. સમય બદલાય છે તેમ સાધનો બદલાય છે. આજના યુગમાં ગૃહિણીનું કાર્ય યાંત્રિક સાધનો પર આધારિત છે. શકિતની બચતને વધારે ને વધારે મહત્વ અપાય છે. વ્યકિત માંદી પડયા પછી અશકત થઈ જાય છે અને ત્યારે તેને કામ કરવાનું હોય તો તેની શકિતની સાથે આયોજન બનાવીને કાર્ય કરે છે. શકિતની વ્યવસ્થા કરવાનો મુખ્ય હેતુ થાક અનુભવ્યા વગર, બિનજરૂરી શકિતનો વપરાશ કર્યા વગર, સ્ફૂર્તિપૂર્વક કાર્ય કરવુ. થાક લાગવાને કારણે શરીરમાં કાર્ય કરવાની ક્ષમતા ઘટે ત્યારે જાણવુ કે વ્યકિત થાકી ગઈ છે. થાક અને કંટાળા એકબીજા સાથે સંકળાયેલા હોવાથી ગૃહિણી પોતાના કાર્યો કેવી રીતે પૂર્ણ કરે છે તેની પર આધાર છે શકિતનું આયોજન એવી રીતે કરવું કે થાક ઓછો લાગે અને વધારાના સમયમાં અન્ય કાર્યો આનંદથી કરી શકાય. જુદી જુદી પ્રવૃતિઓ માટે કેટલી શકિત જોઈશે તે ઉપરથી પ્રવૃતિઓને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે. (૧) હલકા કાર્યો (૨) મધ્યમ કાર્યો (૩) ભારે કાર્યો.

## ✯ આર્થિક આયોજન :–

ગૃહવ્યવસ્થામાં જેમ સમય અને શકિતનું આયોજન કરવું પડે છે તેમ આર્થીક આયોજન એ પણ મહત્વનું છે. કારણ કે આધુનિક યુગમાં અર્થવ્યવસ્થા એ દરેક માટે સમસ્યા છે. અર્થ વ્યવસ્થા ગૃહિણી માટે એક મહત્વપૂર્ણ કાર્ય છે. કુટુંબના બધા સભ્યોને સુખ સગવડતા આપવી, કુટુંબની જરૂરિયાતો પૂરી કરવી, એ ગૃહિણીનું મુખ્ય કાર્ય છે.

ગ્રોસ અને કેન્ડલ (ગૃહવ્યવસ્થા નો પરીચય), આ બંને વિદ્વાનોના મત અનુસાર "કૌટુંબીક આવક, નાંણા, વસ્તુઓ, સેવાઓ તથા સંતોષનો એ પ્રવાહ છે કે કુટુંબના અધિકારમાં તેમની જરૂરિયાતો તથા ઈચ્છાઓને પૂર્ણ કરે છે."[૧૪] અને કુટુંબના દરેક સભ્યોએ આવકનો ઉપયોગ વિવેકપૂર્ણ રૂપથી કરકસર પૂર્વક કરવો જોઈએ. અંદાજપત્ર બનાવતા પહેલા કુટુંબના આવકના સર્વે સાધનો તેમજ અન્ય સાધનોનું અનુમાન લગાવવું પડે છે. દરેક કુટુંબની આવક તથા અન્ય સાધનો જુદા જુદા હોય છે. અંદાજ પત્ર બનાવતા પહેલા જરૂરીયાતો તેમજ સાધનોનું જ્ઞાન હોવું જરૂરી છે.

"બજેટ એટલે અમુક સમયમાં થનાર ખર્ચનું પ્રથમથીજ કરેલું આયોજન." નાણાંના

ઉપયોગના આયોજન માટેનું સૌથી સામાન્ય સાધન બજેટ છે. તેની ઉત્પત્તી ફ્રેન્ચ શબ્દમાંથી થઈ છે. જેનો અર્થ 'BAGWA LLET ' થતો હતો. "ઈ.સ. ૧૯૨૪ માં એન્જલ નામનાં અર્થશાસ્ત્રીએ સૌ પ્રથમ અંદાજપત્ર બનાવ્યું હતું."[૧૫] જીવનમાં અણછાજતું અને અકસ્માતથી વધુ પડતું ખર્ચ ન થાય તે માટે ઘણાં અનુભવી કુટુંબીજનો પોતાની આવક – જાવકનું અંદાજપત્ર તૈયાર કરે છે. પોતાને અને પોતાના કુટુંબીજનોને વર્ષ દરમિયાન ખર્ચ કરવાથી વધુમાં વધુ આનંદ અને આત્મસંતોષ મળે અને તેમના શોખ અનુસાર ખર્ચ થાય, એ રીતની જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવે છે. અંદાજપત્ર તૈયાર કરતાં પહેલા રોજિંદા, અઠવાડિક, પખવાડિક, માસીક, વાર્ષિક હિસાબ લખવા જોઈએ.

કાન્ત પાડેના મત અનુસાર "બજેટ એટલે કોઈ નિશ્ચિત સમયનાં પૂર્વાનુમાનીત આવક અને ખર્ચનું વિસ્તૃત વર્ણન" એમ કહેવાય છે. આવકથી મહત્તમ સંતોષ મેળવવા માટે ખર્ચને આવક અનુસાર વિવિધ ભાગોનું પૂર્વાનુમાન લગાવવું પડે છે."[૧૬]

કૌટુંબિક બજેટની સહાયથી એક સાધારણ વ્યકિત પોતાના ઘરેલુ ખર્ચનાં ઓછામાં ઓછા ખર્ચ દ્વારા વધુમાં વધુ સંતોષ મેળવે છે. ખર્ચની રૂપરેખા જ્યારે કુટુંબના સભ્યો સાથે મળીને બનાવે છે ત્યારે બધી વસ્તુઓને તેમની ઉપયોગિતા અનુસાર પ્રાથમિકતા અપાય છે અને તેજ ક્રમમાં તેના ઉપર ખર્ચ કરાય છે. માનવીની જરૂરિયાતો અનંત છે અને આવક મર્યાદિત હોવાથી કઈ વસ્તુઓ ખરીદવી, કઈ ન ખરીદવી, તે યાદીનું મૂલ્યાંકન કરવાથી, વાસ્તવિક ખરીદીનો સમય આવે કુટુંબના સભ્યોની લાગણી, ફેશન તથા દેખાવથી પ્રભાવિત ન થતા કુશળતાપૂર્વક અને તર્કબદ્ધ રીતે ખરીદી કરી શકાય છે. ખર્ચની યાદીના પુનરાવલોકનથી જો એવો ખ્યાલ આવે કે મોજશોખ અને અનઆવશ્યક વસ્તુઓ ઉપર વધારે ખર્ચ થાય છે તો તેના ઉપર કાપ મુકિને જરૂરિયાતની વસ્તુઓ કે સેવાઓ ઉપર ખર્ચ કરીને કાર્યક્ષમતાને વધારી શકાય છે. જરૂરિયાત ઉપર ગંભીરતાપૂર્વક વિચારવાથી કુટુંબના લાંબાગાળાના હેતુઓ સ્પષ્ટ થાય છે. જેના માટે શરૂઆતથી જ વ્યવસ્થા કરવી જરૂરી છે. જેમ કે બાળકોનું ઉચ્ચશિક્ષણ, લગ્ન, ઘર, વગેરે. કુટુંબ માટે વર્તમાન ઉદેશ્ય તથા સમસ્યાઓ જ મહત્વ પૂર્ણ હોતી નથી પણ ભાવિ–જીવનમાં આવનાર ખર્ચનું અનુમાન લગાવીને તેના માટે આયોજન કરવું પડે છે. બજેટ બનાવીને વ્યકિત પોતાની આવકની વર્તમાન તથા ભવિષ્યની જરૂરિયાતોની વચ્ચે સરળતાથી વહેંચણી કરી શકે છે. વર્તમાન જરૂરિયાતોની ઉપેક્ષા ન થાય અને ભવિષ્ય માટે કંઈક બચાવી શકાય. કૌટુંબિક બજેટની સહાયથી ગૃહસ્થ પોતાની આવક તથા ખર્ચને સંતુલિત કરીને "પગ તેટલા ફેલાવે જેટલી ચાદર હોય" કહેવતને ચરિતાર્થ કરી શકે. તેનાથી બિનજરૂરી આર્થિક મૂશ્કેલીઓ તથા ઉધાર લેવાનો પ્રસંગ કુટુંબમાં ઓછો આવે. બજેટનું મહત્વ ફકત આવકના યોગ્ય ઉપયોગ સુધી સિમીત નથી. પરંતુ તે આવક વૃદ્ધિમાં સહાયક બને છે.

કુટુંબની આર્થિક પરિસ્થિતિ તથા જરૂરિયાતો પ્રત્યેક અવસ્થામાં બદલાતી રહે છે તથા નવી નવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. એક વાર આવડતથી ઉદેશ્યોને ધ્યાનમાં રાખવાથી બનાવેલી યોજના થોડા ઘણા ફેરફારોની સાથે અન્ય અવસ્થાઓની સાથે પણ યોગ્ય રહે છે. આ રીતે બદલાયેલી પરિસ્થિતિમાં પણ આર્થિક સમાયોજન મૂશ્કેલ નથી હોતું. આમ જોતા બજેટના

ફાયદાઓ નીચે મુજબ કુટુંબને થાય છે. ✰ કુટુંબને પોતાની આવકની મર્યાદામાં રહેતા શીખવે છે. ✰ આવક અને જાવકની સમતુલા જળવાય છે. ✰ વ્યકિતને ફરજિયાત બચત કરવા પ્રેરે છે. ✰ વ્યકિતને દેવાદાર બનતા અટકાવવા માટે લાલબત્તી ધરે છે. ✰ કુટુંબનું જીવન ધોરણ સુધરે છે. ✰ અણધાર્યા ખર્ચ માટે બજેટ માર્ગદર્શક નીવડે છે. ✰ બજેટ ગૃહજીવનને વ્યવસ્થિત અને સુરક્ષિત બનાવે છે. ✰ કુટુંબમાં સહકાર અને સૂમેળનું વાતાવરણ સર્જાય છે. ✰ અંદાજપત્ર ઉપર કુટુંબનું જીવન ધોરણ, સભ્યોની સંખ્યા, ઉંમર, જાતિ, વ્યવસાય, શોખ, ટેવ, સામાજિક દરજ્જો, ઉપરાંત દેશની આર્થિક પરિસ્થિતિ, વિશ્વના આર્થિક પ્રવાહો, નાણાકિય કટોકટી, ભાવ વધારો, ભૌગોલિક પરિસ્થિતિ અને ગૃહિણીની કુશળતા વગેરે પરિબળો અસર કરે છે. બજેટ ગૃહિણીનું સ્થાન નહી લઈ શકે પણ ગૃહિણી સરળ રીતે કામ કરવામાં એક સાધન છે.

બજેટમાં પતિ–પત્નીની ભૂમિકા મહત્વની હોય છે. બાળકો મોટા થતા ભાગ લેતા હોય છે. કારણ કે તેમની પણ કેટલીક ઈચ્છાઓ અને જરૂરિયાતો હોય છે. જેની પૂર્તિ તેઓ કરવા માંગતા હોય છે. ભથ્થાની પદ્ધતિ ભારતમાં શિક્ષિત કુટુંબોમાં જ જોવા મળે છે. આમાં કુલ આવકમાંથી કુલ બે ભાગ પાડી એક ભાગ ગૃહિણી રાખે છે. તેમાંથી ઘરખર્ચની નાની–મોટી બાબતનો વહીવટ કરે છે. આવકનો બીજો ભાગ પુરૂષ પોતે રાખે છે અને તેમાં ભાડું, વીમા પ્રીમિયમ, ટેકસ, લોનના હપ્તા વગેરે ખર્ચ કરે છે. અનિયમિત અને અનિશ્ચિત આવકવાળા કુટુંબ માટે આ પદ્ધતિ અનુકૂળ પડે છે. બીજી પદ્ધતિમાં કુટુંબની કુલ આવકમાંથી બધો જ ખર્ચ કર્યા બાદ જે નાણાં વધે છે તેના બે સરખા ભાગ કરી પતિ–પત્ની એક–એક ભાગ પોતાની પાસે રાખે છે. આ નાણાંનો ઉપયોગ તેઓને અનુકૂળ લાગે તે રીતે કરે છે. આમાં કુટુંબની આવક કુલ ખર્ચ કરતાં વધારે હોવી જોઈએ. આ પદ્ધતિ સામાન્ય રીતે પશ્ચિમના દેશોમાં વપરાય છે. મધ્યમ કે ગરીબ વર્ગ માટે આ પદ્ધતિ અનુકૂળ આવતી નથી.




આ પદ્ધતિમાં આવક અને ખર્ચના બે સરખા ભાગ પાડવામાં આવે છે. પતિ અને પત્ની બંને આવક અને ખર્ચના એક એક ભાગ પોતાની પાસે રાખી ખર્ચ કરે છે. જે કુટુંબની આવક નિયમિત અને નિશ્ચિત હોય ત્યાં આ પદ્ધતિ અનુકૂળ આવે છે. સામાન્ય રીતે ભારતમાં આ પદ્ધતિ વપરાતી નથી.



A+B આવકના સરખા ભાગ

આ પદ્ધતિમાં કુટુંબનો વડો પોતાની આવક તેની પાસે રાખે છે અને ગૃહિણીને અને બીજા સભ્યોને ખર્ચ પ્રમાણે નાણાં આપે અથવા ન પણ આપે, તેનો નિર્ણય તે પોતે જ કરે છે અને તે સત્તાધીશ બને છે. આમાં લોકશાહી વાતાવરણ રહેતું નથી. એક બીજાનાં વિચારોની આપ લે થતી નથી, ખર્ચનું આયોજન થતું નથી. જેના લીધે કુટુંબમાં સંતોષ અને



આનંદ મળતો નથી. આ રીતે જોતાં આ પદ્ધતિ કનિષ્ટ પ્રકારની છે. ભારતમાં ઘણા કુટુંબોમાં આ પદ્ધતિ જોવા મળે છે. આમ ગૃહિણીએ બજેટ બનાવવા માટેની જુદી–જુદી પદ્ધતિનો અભ્યાસ કરવો જોઈએ અને પોતાના કુટુંબ માટે કઈ પદ્ધતિ અનુકૂળ આવે છે તે વિચારવું જોઈએ. આધુનિક યુગમાં ગૃહિણી પોતે સ્વતંત્ર આવક ધરાવતી ન હોય અથવા હોય પણ ખરી. પરંતુ તે શિક્ષિત હોય છે. તેથી પતિ–પત્ની અને પુખ્ત ઉંમરના બાળકોએ ભેગા મળીને ખર્ચની વિગતો નક્કી કરવી જોઈએ.

આમ, સંપૂર્ણપણે વિચારતાં બજેટ પદ્ધતિ ઉત્તમ ગણાય છે અને Hand Out પદ્ધતિ સૌથી નીચી ગણી શકાય. ગૃહિણીને બજેટ બનાવી વધેલા પૈસાને કયા રોકવા તેની માહિતી પણ હોવી જોઈએ. ગૃહિણી જ્યારે બચત કરતી હોય છે ત્યારે તેના હેતુનો ખ્યાલ કુટુંબીજનોને હોવો જોઈએ. શકય હોય તો જીવનની શરૂઆતમાં અને દર મહિને નિયમિત રીતે બચત થવી જોઈએ અને કૌટુંબિક જીવનની જરૂરિયાતો પર વધુ કાપ ન મુકાય અને તકલીફ વિના બચત થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ. બચત કરીને તેની યોગ્ય વ્યવસ્થા ન કરવામાં આવે તો કુટુંબીજનોમાં નિરાશાની અને કચવાટની લાગણી પેદા થાય છે અને કુટુંબીજનોને પૈસા બચાવવાનો ઉત્સાહ મરી જાય છે. બચતના નાણાં રોકતી વખતે કેટલા રોકવા, કયાં રોકવા વિગેરે બાબતોનું જ્ઞાન ગૃહિણીને હોવું જોઈએ. નાણાં બેંકમાં, પોસ્ટ ઓફિસમાં, વીમો ઉતરાવી, કોઈ વેપારીને ત્યાં જમા કરાવી, કોઈ સારી સધ્ધર કંપનીના શેરો ખરીદી તેમાં રોકાણ કરી શકાય છે. યુનિટ ટ્રસ્ટમાં રોકી શકાય. આમ ઘણી રીતે પૈસાનું રોકાણ કરી શકાય છે. પૈસાના રોકાણથી એકલી બચત ન થાય પણ સાથે સારું વ્યાજ મળે અને મૂડીને નુકશાન ન થાય તે પણ જોવું જરૂરી છે. અને તેનું જ્ઞાન હોવું આવશ્યક છે.

ગૃહસંચાલનમાં ગૃહિણીએ કુટુંબીજનોને સારો ખોરાક મળે તે જોવું ગૃહિણીની મુખ્ય ફરજોમાંની એક ફરજ છે. ખોરકાની વ્યવસ્થામાં ઘણા પ્રશ્નો ઊભા થાય છે. સારો ખોરાક આપવાથી કુટુંબનો શારીરિક, માનસિક વિકાસ, સામાજિક વિકાસ કરવા અને શકય હોય તેવા સાધનની શકયતાને યોગ્ય રીતે વાપરવા, તે ખોરાકની વ્યવસ્થાનું મુખ્ય ધ્યેય છે. ખોરાકની વ્યવસ્થાના પ્રશ્નો હલ કરવામાં માનવીય અને ભૌતિક બંન્ને સાધનની સુગમતાની જરૂર પડે છે. જ્ઞાન એ મહત્વની સાધનની સુગમતા છે. એમાં પોષણ, શકય આવકમાંથી ખોરાક માટેનો જથ્થો, જુદા–જુદા પ્રકારના ખોરાક અને તેને કેવી રીતે બનાવવા અને પીરસવા, ખોરાકની કિંમત, બજારની સામાન્ય પરિસ્થિતિ અને ખરીદવા માટેની સરળતા આવી જાય છે. બીજી માનવીય સાધનની સુગમતામાં ગૃહિણીની હોંશિયારી અને શકિત છે. યોગ્ય ખોરાક અને જમણમાં તેની બનાવટને સાંકળી લેવામાં ગૃહિણીની ચપળતા દેખાઈ આવે છે. મોટાભાગના કુટુંબોમાં ખોરાકની પસંદગી પોષણની દષ્ટિએ બરાબર હોતી નથી. તેમાં સ્વાદને વધુ મહત્વ આપવામાં આવે છે. પણ કુટુંબના સારા સ્વાસ્થ્ય માટે પૌષ્ટિક ખોરાક હોવો જોઈએ. તેમાં પ્રોટીન્સ, કાર્બોહાઈડ્રેટ, ચરબી, વિટામીન્સ અને ક્ષારો પૂરતા પ્રમાણમાં આવવા જોઈએ. ખોરાકની બનાવટમાં સ્વાદને વધુ ધ્યાનમાં ન રાખતાં તેની રાંધવાની પદ્ધતિનો ખ્યાલ રાખવો જોઈએ. રાંધવાની સારી ટેવો ગૃહિણી કેળવે તો પૌષ્ટિક તત્વોની રોજિંદી જરૂરિયાતો આવી જાય તેથી કુટુંબની તંદુરસ્તી ખૂબ

જ સારી રહે છે. ગૃહિણીએ બાળક નાનું હોય ત્યારથી જ ખોરાકની સારી ટેવો પાડવી જોઈએ.

ગૃહસંચાલનમાં જેમ ખોરાકની અગત્યતા છે તેમ કપડાંની વ્યવસ્થા પણ કરવાની હોય છે. ગૃહિણીએ કુટુંબના દરેક સભ્યનાં કપડાંના ધોરણ પ્રત્યેનાં વલણનો વિકાસ કરવો. જેમ કે અનુકૂળ કપડાં, કપડાંની ગુણવત્તા તેમજ કુટુંબની કપડાંની જરૂરિયાતોનું વર્ગીકરણ કરવું. કપડાંના ઉપયોગને માટે કુટુંબ માટે પૈસા નક્કી કરવા. ગૃહિણીએ ઘરનાં સભ્યો માટે કપડાં તૈયાર લેવા, ઘરે સીવડાવવા કે બંન્નેનું મિશ્રણ કરવું, તેની યોજના ઘડવી. તેમજ જ્યાં કપડાં ખૂબ સુંદર અને સસ્તા મળતાં હોય તેવા બજારની તપાસ કરવી. બાળકો પ્રસંગને અનુરૂપ કપડાં પસંદ કરી શકે તેવી કેળવણી આપવી. બાળકો કપડાંની સાર સંભાળ સારી રીતે કરી શકે તેવી કેળવણી આપવી. તેમજ કપડાંનો સંગ્રહ પણ સારી રીતે કરી શકાય તેવી યોજના ઘડવી. ઘરે ગૃહિણી કપડાંની સિલાઈ કરતી હોય તો તેના સાધનો વસાવવા, તેની સાચવણી કરવી. ગૃહિણીને કાપડ વિશેનું, કાપડની જાત વિશેનું, તેની સંભાળ રાખવાનું વિગેરેનું જ્ઞાન હોય તો કપડાંની વ્યવસ્થામાં ઊભા થતા પ્રશ્ન ગૃહિણી સહેલાઈથી દૂર કરી શકે છે. કપડાંને ખરીદવું, તેને સીવવું, ધોવું, ઈસ્ત્રી કરવી, સંગ્રહ કરવો, સાર સંભાળ રાખવી વગેરે ક્રિયાઓ ઘણો સમય અને શકિત માંગી લે છે.

ગૃહવ્યવસ્થાની પ્રક્રિયા ઊભી કરવામાં મુલ્ય, ધ્યેય અને ધોરણ અગત્યનો ભાગ ભજવે છે. દરેક કુટુંબમાં જીવનને જોવાની અને જાણવાની દરેક વ્યકિત અને કુટુંબને એક ચોક્કસ દષ્ટિ હોય છે. જીવનને જોવાની દષ્ટિ કેળવવામાં કુટુંબજીવનનું સમગ્ર તત્વજ્ઞાન આવી જાય છે. આ દષ્ટિ વ્યકિતઓના અનુભવ, જ્ઞાન, રૂઢિ, રીતરિવાજ, શૈક્ષણિક ભૂમિકા, શારીરિક તેમજ સામાજિક વારસાનાં આધારે કેળવાય છે. કુટુંબ જીવનના તત્વજ્ઞાનમાંથી કુટુંબના ધ્યેયો, મૂલ્યો અને ધોરણો ઉદ્દભવે છે. આ ત્રણે ઘટકો ગૃહવ્યવસ્થાની પ્રક્રિયા ઊભી કરી આપે છે. દરેક કુટુંબમાં કોઈને કોઈ રીતે ગૃહવ્યવસ્થા ચાલતી હોય છે અને એક કાર્યની અસર બીજા કાર્યો પર પડે છે. કુટુંબમાં દરેક વ્યકિત કંઈક પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવતો હોય છે જેને ધ્યેય કહે છે. એ જ રીતે વ્યકિતગત તેમજ સામૂહિક મૂલ્યો પણ હોય છે. જેમ કે પ્રમાણિકતા જાળવવી તે અગત્યનું મૂલ્ય છે.




મૂલ્ય, ધ્યેય અને ધોરણો એકબીજા સાથે સંકળાયેલા છે. મૂલ્ય એ મુખ્ય ઘટક છે. મૂલ્યમાંથી જ બીજા બે ધ્યેય અને ધોરણો ઉદ્દ્ભવે છે. ગૃહવ્યવસ્થા એ એક માનસિક પ્રક્રિયા છે. જેના દ્વારા ગૃહિણી કૌટુંબિક શકિતઓનો ઉપયોગ કરી કૌટુંબિક ધ્યેયો પ્રાપ્ત કરે છે. કૌટુંબિક શકિતઓના આયોજન, નિયંત્રણ અને મૂલ્યાંકન દ્વારા કૌટુંબિક ધ્યેયો સિદ્ધ થાય છે. ધ્યેયો અનેક પ્રકારના

હોય છે. લાંબા ગાળાના, ટુંકા ગાળાના અને વચગાળાના. ટુંકાગાળાના ધ્યેયો મહદ્ અનુસાર, લાંબાગાળાના ધ્યેયો પ્રાપ્ત કરવા માટે ઘડવામાં આવે છે.

ઔદ્યોગિકરણને પરિણામે શહેરીકરણની પ્રક્રિયા શરૂ થઈ. ગ્રામ્ય પ્રજાએ શહેરમાં આવીને વસવાટ શરૂ કર્યો. તેથી કુટુંબજીવનમાં ઘણા પરિવર્તનો આવ્યા. કુટુંબના સભ્યોના આંતરસંબંધો, અધિકારો અને ફરજોની ભૂમિકા બદલાઈ ગઈ. તેમજ પાશ્ચાત્ય સમાજના નવા વિચારો અને નવા મૂલ્યોની અસરો ભારતીય સમાજ પર થવાથી કુટુંબ ઉપર એની વ્યાપક અસરો પહોંચી. સ્ત્રીએ ઘરની ચાર દિવાલમાંથી બહાર નીકળી જાહેર જીવનમાં પ્રવેશ કર્યો. મોંઘવારી, ગરીબાઈ અને શહેરમાં રહેઠાણની તંગીને કારણે વિભકત કુટુંબો થયા. વર્તમાનપત્રો, ચલચિત્રો, પુસ્તકો, રેડિયો, શિક્ષણ, ચર્ચા, સ્વભાવ વગેરે પરંપરાગત વિચારો થયા અને અસર કરેલા. પરિણામે કુટુંબના મંતવ્યો, આદર્શો, રહેણીકરણી તેમજ ધાર્મિક, રાજકીય, આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિચારો એ જીવનના મૂલ્યોમાં પરિવર્તન આણ્યું. આ મૂલ્યો વ્યકિતગત પણ હોઈ શકે અથવા કૌટુંબિક, સામાજિક, ધાર્મિક, રાષ્ટ્રિય મંડળ આમ, ગૃહિણીએ અને કુટુંબના સભ્યો અને વડીલોએ ભેગા મળીને કૌટુંબિક મૂલ્યો નક્કી કરવા જોઈએ અને તેનું પાલન દરેક વ્યકિત કરે તે જોવાનું કાર્ય ગૃહિણીનું છે. આમ ધોરણો પણ કુટુંબમાં નક્કી કરવામાં આવે છે. ધોરણો ધ્યેયો અને મૂલ્યો કરતાં વધુ સ્પષ્ટ હોય છે. ધ્યેયો અને મૂલ્યો જોઈ શકાતાં નથી. "ધોરણો જીવનને સક્ષમ બનાવવા માટેની જરૂરિયાતો અને આવશ્યકતાઓના માનસિક ચિત્રો છે." વ્યકિતને ધોરણો પ્રાપ્ત થવાથી સંતોષ થાય છે પરંતુ ન પ્રાપ્ત થાય તો અસ્વસ્થતા ઊભી થાય છે. આધુનિક યુગમાં આજે સમયશકિતનું મહત્વ ખુબ વધી ગયું છે. પહેલા અર્થાપાર્જનનું કાર્ય કુટુંબનો પુરૂષવર્ગ જ કરતો. જ્યારે સ્ત્રીઓ બાળઊછેર અને ગૃહસંચાલનનું કાર્ય કરતી. પરંતુ ઔદ્યોગિકરણ, શહેરીકરણ, મોંઘવારી, શિક્ષણ, ગરીબાઈ વગેરે પરિબળોએ સ્ત્રીને ઘરની ચાર દિવાલમાંથી મૂકત કરી જાહેર જીવનમાં પ્રવેશ કરવાનો માર્ગ આપ્યો. સ્ત્રીઓએ દરેક ક્ષેત્રમાં જંપલાવ્યું છે. ગૃહવ્યવસ્થા અને વ્યવસાય બંનેની જવાબદારી સ્ત્રીને માથે આવી પડે છે. આ બંને જવાબદારીનું સંતુલન જાળવવા કુટુંબના જીવનના ધોરણો બદલાયા છે. પુરૂષવર્ગ ગૃહકાર્યમાં મદદ કરતો થયો. સમયશકિત બચાવે તેવા સાધનો અસ્તિત્વમાં આવ્યા. જેથી ગૃહિણીએ તેના ગૃહકાર્યને ઝડપી બનાવ્યું. ફૂરસદના સમયમાં પોતાને અનુકૂળ એવો વ્યવસાય અપનાવ્યો. કુટુંબની આવકમાં વધારો થાય તેવું કર્યુ. તેને કારણે કુટુંબનું જીવનધોરણ ઊંચું આવ્યું.

"ગૃહિણી ગૃહ ઊચ્ચ્યતે" આ વિધાનને સાર્થક કરતા એમ કહી શકાય કે ગૃહિણી એ ઘરની માલિક છે. અને આ ઘરમાં રસોડુ અગત્યનું સ્થાન ધરાવે છે. ગૃહિણીનો ૭૦% થી વધારે સમય રસોડામાં વ્યતીત થાય છે. આથી, રસોડુ હવા ઊજાસવાળુ, સગવડભર્યુ અને પ્રફુલ્લિત વાતાવરણ પેદા કરે એવું હોવું જોઈએ. રસોડા બે પ્રકારના છે. ઊભા રહીને રસોઈ થઈ શકે એવા રસોડાને પાશ્ચાત્ય જાતનું રસોડુ કહેવાય છે અને બેસીને કરી શકાય તેવા રસોડાને ભારતીય રસોડુ કહી શકાય છે. રસોડાનું ક્ષેત્રફળ તેમાં કામ કરનારની સંખ્યા એમજ એમાં મુકવાનાં સાધન સામગ્રી પર આધાર રાખે છે. ગૃહિણીની ઊંચાઈ અને કદ બીજી ગૃહિણીના ઊંચાઈ અને કદ કરતા જુદા પડે છે. માટે ગૃહિણીએ પોતાની ઊંચાઈ અને કદનો ખ્યાલ રાખીને વિવિધ કાર્ય સ્થાનોની વ્યવસ્થા

કરવી જોઈએ. આમ કરવાથી ગૃહિણીને માનસિક સ્વસ્થતા સારી રહે છે. પાશ્ચાત્ય ઢબના રસોડામાં L, H, I, U, વિવિધ ટાઈપના પ્લેટફોર્મ બનાવી શકાય છે જેથી ગૃહિણીનો સમય અને શકિત સારી રીતે બચી શકે છે.

ગૃહિણી વિવિધ રીતે ગૃહસંચાલન કરતી હોય છે. તે તેનું કર્તવ્ય છે. કુટુંબની સુખ સમૃદ્ધિ ગૃહિણીની વિવિધશીલતા, કુશળતા પર નિર્ભર છે. વાસ્તવમાં ગૃહિણી જ છે જે ઘરને સ્વર્ગ કે નર્ક બનાવે છે. માટે જ ગૃહિણીને "ગૃહલક્ષ્મી" નું બિરૂદ આપેલ છે. ગૃહિણી પોતાની જવાબદારીઓ સફળતાપૂર્વક બજાવે અને ગૃહસંચાલન યોગ્ય રીતે ચાલે તે માટે ગૃહિણીએ કેટલીક ભૂમિકાઓ ભજવવાની છે. જેમાં ગૃહિણી એક આયોજક (Planner), સંગઠનકર્તા રૂપે (As an organiser), વ્યવસ્થાપક રૂપે (As an Administrator), નિર્દેશિકા રૂપે (As a Teacher and Guide), ગૃહ નિર્માત્રી રૂપે (As a Home Maker) જોવા મળે છે. ગૃહિણી આયોજક તરીકે ઘરમાં કયા કાર્યો, કયા સમયે, કેવી રીતે, કોણ કરશે, તેની યોજના બનાવે છે કે જેથી વધારેમાં વધારે કાર્ય થાય. કુટુંબની આવકના સાધનોમાંથી પૂર્ણ સંતોષ પ્રાપ્ત થાય તેની યોજના કરે છે. કુટુંબીજનોનાં શારીરિક અને માનસિક, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યો યોગ્ય રીતે થાય, બાળકોનું શિક્ષણ અને રૂચિઓ સંતોષાય તે દરેક નિર્ણય / આયોજન કરતી વખતે કુટુંબીજનોની સંમતિ લે છે.

અનુભવી અને કુશળગૃહિણીઓ પોતાના પ્રાપ્ત સાધનસંપત્તિ એકત્રિત કરી કુટુંબની રહેણીકરણીનું સ્થળ ઊંચું લાવી શકે છે. મર્યાદિત આવકમાંથી અધિકત્તમ ઉપયોગિતા અને સંતોષ પ્રાપ્ત કરવા કુટુંબના દરેક સભ્યને પોતાની ક્ષમતા અને રૂચિ પ્રમાણે જવાબદારી સોંપે છે. પરિણામે ઓછામાં ઓછા સમયમાં બિનજરૂરી થાક અનુભવ્યા વગર કુશળતાપૂર્વક કાર્ય કરી શકે છે.

➯ **વ્યવસ્થાપક રૂપે (As a Administrator) :–** વ્યવસ્થા એ કુટુંબનું વ્યવસ્થિત પાસુ છે. જે ગૃહિણી કુશળતાથી સંભાળે છે. ઘરના વાતાવરણને આકર્ષક અને પ્રફુલ્લિત બનાવવું, કુટુંબીજનોની જરૂરિયાતો સંતોષવાનો પ્રબંધ, તેમની વચ્ચે સ્નેહ સંબંધો અને સ્વાસ્થ્ય જાળવવું વગેરે મુખ્ય કાર્ય ગૃહિણી કરે છે.

➯ **નિર્દેશિકા તરીકે (As a Director) :–** ઘરમાં કોઈપણ કાર્ય કરવા માટે નિર્દેશનની જરૂર પડે છે. કુટુંબના નિર્ધારિત ધ્યેય, મૂલ્ય અને ધોરણોને પ્રાપ્ત કરવા માટે, ઘરમાં બાળકોને, નોકરોને અને કયારેક પોતાના પતિને પણ નિર્દેશન આપતી હોય છે. ગૃહિણીના નિર્દેશન સ્પષ્ટ, સંક્ષેપમાં, મધુરતા પૂર્ણ હોવા જોઈએ કે જેથી વ્યકિત સારી રીતે સમજીને તેનું પાલન કરે. ગૃહિણીએ બીજાને સલાહ સુચન આપતા પહેલાં સ્વયં તેનું પાલન કરવું. આમ કરવાથી નિર્દેશન અધિક પ્રભાવપૂર્ણ બને છે અને બીજી વ્યકિતઓ પર તેનો નૈતિક પ્રભાવ પડે છે.

➯ **શિક્ષિકા કે માર્ગદર્શિકા તરીકે (As a Teacher and Guide) :–** બાળકના વ્યકિતત્વના વિકાસનો પાયો માતા નાખે છે. બાળકની સર્વપ્રથમ પાઠશાળા ઘર છે, અને માતા તેની શિક્ષક છે. માટે જ કહેવાય છે કે "સો શિક્ષક બરાબર એક માતા". આમ, માતા બાળકમાં ઉચિત્ત નૈતિક મૂલ્યો, ચારિત્ર્ય, પરસ્પરની વ્યવહાર કુશળતા, જેવા ગુણોનો સમાવેશ પોતાના આદર્શ વ્યકિતત્વ

અને વ્યવહારના માધ્યમ દ્વારા બાળકને શીખવે છે. ગૃહિણી કુટુંબીજનોનું માર્ગદર્શન કરે છે. તે બાળકોમાં સ્વસ્થ જીવનદર્શનનું નિર્માણ કરવા માટે પરિવાર અને તેના દરેક સદસ્યને સમાજ, રાજ્ય, અને વિશ્વ સંબંધી સમસ્યાઓ પ્રતિ પથપ્રદર્શન કરે છે.

➩ **ગૃહનિર્માત્રી રૂપે (As a Home Maker) :–** ગૃહ નિર્માણનો સંપૂર્ણ શ્રેય ગૃહિણીને શીરે જાય છે. તેનામાં કળાત્મક ચેતના તથા કળા સબંધી સિદ્ધાંતોનું જ્ઞાન હોવું જોઈએ. ઘરને પ્રાપ્ય હોય એ સામગ્રીઓનો ઉપયોગ કરી ઘરને કળાની દષ્ટિએ સુસજ્જિત કરવાની આવડત હોવી જોઈએ. ગૃહિણી ઘરના દરેક ભાગને આકર્ષક બનાવવા માટે ફર્નિચર તથા વસ્તુઓને આકર્ષક રીતે ગોઠવી પોતાની કળાત્મક શકિતનું પ્રદર્શન કરે છે. તે ઉપરાંત તેનામાં જૂની વસ્તુઓનો ઉપયોગ કરી તેમાંથી ઉપયોગી વસ્તુઓનું નિર્માણ કરવાની યોગ્યતા હોવી જોઈએ. ગૃહિણી એ કુટુંબીજનો માટે પૌષ્ટિક આહાર બનાવવો. તેને આકર્ષક રીતે પિરસવો જેથી સામાન્ય વસ્તુ પણ રૂચિકર લાગે.

➩ **સંયોજીકાના રૂપમાં (As a co-ordinator):–** ગૃહિણીએ ઘરના વિવિધ સભ્યો તેમજ ક્રિયાઓની વચ્ચે સંયોજનનું કાર્ય કરવાનું હોય છે. તેના સંયોજનથી જ ઘરના બધા કાર્યો, બધા વિચારો સ્વાભાવિક રીતે એક ક્રમમાં પૂર્ણ થાય છે. તેનું આચરણ અને વ્યવહાર કુશળતાના (Counduct and conducting skill) ના ફળ સ્વરૂપે કુટુંબના બધા સભ્યોની વચ્ચે મધુર સ્નેહપૂર્વકનો પારસ્પરિક સબંધ રહે છે. યોગ્ય સંયોજનથી કુટુંબના દરેક સભ્ય સુરક્ષાનો અનુભવ કરે છે.

➩ **અર્થશાસ્ત્રીના રૂપમાં (As a Economist) :–** ઘરમાં જે આવક થતી હોય તેની યોજના કરી, આવકને કેવી રીતે ખર્ચવી તેનું સંપૂર્ણ આયોજન ગૃહિણી એ કરવાનું હોય છે. આવકની રકમ કયારે ખર્ચવી, કેટલી માત્રામાં ખર્ચવી અને કેમ ખર્ચવી. આથી ગૃહિણીને અર્થશાસ્ત્રનું જ્ઞાન હોવું જોઈએ. ગૃહિણીને અંદાજપત્ર બનાવતા પણ આવડવું જોઈએ. જેથી ખર્ચની જોગવાઈ તેમજ કુટુંબના સભ્યોની જરૂરિયાતો, આરામદાયક જરૂરિયાતો તથા મોજશોખની જરૂરિયાતો સંતોષી શકાય છે.

આમ, ગૃહ સંચાલનમાં ગૃહિણીઓએ અનેક જવાબદારીઓ ભજવવાની હોય છે. અને આ જવાબદારીઓ ભજવવા માટે ગૃહિણીમાં અનેક વ્યકિતગત ગુણો (Personal Qualities) હોવી જોઈએ. ગૃહિણીને ગૃહસંચાલક કે ગૃહવ્યવસ્થાપક ગણી શકાય છે. ગૃહ સંચાલકમાં પોતાની જવાબદારીઓને તેમજ કર્તવ્યોને સફળતાપૂર્વક કરવા માટે બુદ્ધિ, બહોળું જ્ઞાન, સારી વ્યવસ્થા શકિત અને કુશળ વહિવટી શકિત હોવી જોઈએ.

✧ ગૃહ કાર્ય સારી રીતે કરવા માટે વ્યવહારિક બુદ્ધિ (Practical Knowledge) ખુબ જરૂરી છે. વિવિધ પરિસ્થિતિમાં ઉકેલ લાવવા માટે કુશાગ્ર બુદ્ધિ (Sharp Knowledge) અને શીખવાની યોગ્યતા, યોગ્ય અને અયોગ્યનો વિચાર કરી નવી–જૂની પદ્ધતિઓ વચ્ચેનો સંબંધ, પૂર્વજ્ઞાનના આધારે નવી સમસ્યાને ઉકેલવી, વર્તમાન અને પરિવર્તનશીલ પરિસ્થિતિમાં પોતાની જાતને અનુકૂળ કરવી તેમજ કુટુંબના લક્ષ્યને નક્કી કરવા, બધાં કાર્યો પોતાની કુશળતાથી કરી શકે છે.

✰ ઉત્સાહપૂર્વક કરેલું કાર્ય ઝડપથી અને કુશળતાથી પૂર્ણ થાય છે. જો ગૃહવ્યવસ્થામાં ગૃહિણીને અતિ ઉત્સાહ છે તો તેનો પ્રભાવ કુટુંબના અન્ય લોકો પર પડે છે. કુટુંબમાં ગૃહિણી કાર્યો પ્રત્યે સાચો અને સમતુલિત ઉત્સાહ બતાવશે તો બાળકો અને કુટુંબીજનો પણ તેનું અનુકરણ કરી કાર્યોમાં ઉત્સાહ દેખાડશે.

✰ ગૃહિણીમાં સહનશીલતા તેમજ ધીરજનો ગુણ હોવો અનિવાર્ય છે. ગૃહિણીમાં હિંમત પણ હોવી જોઈએ અને તે તેનો સારો ગુણ છે. સહનશીલતા અને ધીરજ ન હોય તો કુટુંબમાં કલહ, માનસિક તણાવ, લડાઈ, ઝઘડા અને અશાંતિનું વાતાવરણ ઉભું થાય છે. અને તેની અસર ગૃહિણીના સ્વાસ્થ્ય પર પડે છે. ગૃહિણીએ અનેક કાર્યો કરવાના હોય છે. તેના માટે તેનામાં ધીરજ ખુબ જરૂરી છે. જો આ ગુણ ન હોય તો કુટુંબના કાર્યો પૂરા થતા નથી, અધુરા રહે છે. આ ઉપરાંત તેણે હિંમત પણ કેળવવી જોઈએ. કૌટુંબિક કટોકટી જેવી કે માંદગી, અકસ્માત કે મૃત્યુ, આ પ્રસંગે તેની હિંમત જરૂરી છે. અને જો તે હિંમત ગુમાવે તો તેનું કુટુંબ પડી ભાંગે છે. ગૃહિણી કુટુંબના ચણતરમાં સિમેન્ટનું કાર્ય કરે છે. જેથી કુટુંબ મજબૂત બને છે. ગૃહિણી એક વ્યવસ્થાપકના રૂપમાં હોય છે અને વ્યવસ્થાપકમાં સહનશીલતા, ધીરજ અને હિંમત ખુબ જરૂરી છે. તેનાથી કુટુંબમાં મહત્વપૂર્ણ લક્ષ્યો તેમજ કાર્યોને પૂર્ણ કરવાની ક્ષમતા ઉત્પન્ન થાય છે.

✰ કુટુંબમાં ઉભી થતી સમસ્યાના વ્યવહારિક સમાધાન (Practical Solution) માટે કલ્પનાશકિત જરૂરી ગુણ છે. ગૃહિણીએ નવી યોજના તેમજ કાર્યોને વ્યવહારિક રૂપ દેતાં પહેલાં તેના પરિણામની રૂપરેખા મગજમાં નક્કી કરી લેવી જોઈએ. દરેક સમસ્યાના પ્રયોગાત્મક વ્યવહારિક ઉકેલ માટે કલ્પનાશકિતનું હોવું ખુબ જ જરૂરી છે. ગૃહિણીમાં ગૃહસબંધી યોજનાને સફળ બનાવવા માટે રચનાત્મક કલ્પનાશકિત મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

✰ ગૃહવ્યવસ્થામાં દરેક ક્ષણે એવા પ્રસંગો ઉભા થતા હોય છે કે જેમાં નિર્ણય જરૂરી બને છે. કુટુંબની સુખ શાંતિ તેમજ સમૃદ્ધિ વિવેકપૂર્ણ તેમજ દૂરદર્શી નિર્ણયો પર આધારિત હોય છે. આ પ્રકારના નિર્ણયની ક્ષમતા (Capability) અનુભવના માધ્યમથી ગૃહિણીમાં વિકસતી જોવા મળે છે.

✰ કુટુંબની સુખશાંતિ માટે ગૃહિણીએ નિસ્વાર્થભાવથી કાર્ય કરવું જોઈએ અને પોતાના હિત કરતાં કુટુંબના હિતને વધારે મહત્વ આપવું જોઈએ.

✰ સફળ ગૃહ વ્યવસ્થા માટે ગૃહની યોજનાને અમલમાં મૂકતી વખતે કુટુંબના સભ્યોની વ્યકિતગત રૂચિઓ, અભિરૂચિઓ તેમજ તેમની વિવિધતાઓને વિશેષ રૂપથી ધ્યાનમાં રાખવી જોઈએ. ઘરમાં પારસ્પરિક સમાયોજન સબંધી અનેક સમસ્યાઓ ઉભી થાય છે આ સમસ્યાઓને સરળતાપૂર્વક ઉકેલવા માટે ગૃહિણીમાં માનવ સ્વભાવને સમજવાની ક્ષમતા હોવી જોઈએ. તેમજ ગૃહિણીમાં સહકારી સ્વભાવનું હોવું ખુબ જ જરૂરી છે. તેણે સહકારથી બીજા કૌટુંબિક સભ્યો તેમજ નોકરો પાસેથી કામ લેવાનું હોય છે. તે કુટુંબના ઘણાં કાર્યોમાં કુટુંબના સભ્યો અને બાળકોની મદદ લઈને તેમનામાં પણ સહકારની ભાવના

ખીલવી શકે છે.

✰ કમાયેલા નાણાંને ખર્ચ કરવાની જવાબદારી ગૃહિણી ઉપર હોય છે. એક કુશળ ગૃહિણી ઘરની આવક–ખર્ચ સબંધી વ્યવસ્થાને સમતુલિત રાખે છે. તે બુદ્ધિપૂર્વક કુટુંબની જરૂરિયાતોને સમજીને યોગ્ય નાણાં ખર્ચ કરી બધી સગવડતાઓની વ્યવસ્થા કરી શકે છે. બિનજરૂરી ખર્ચમાં કાપ મૂકી ઉપયોગી અને જરૂરી વસ્તુઓ પર ખર્ચ કરે છે. કુશળ ગૃહિણી એ યોગ્ય સમયે, યોગ્ય માત્રામાં અને યોગ્ય પદ્ધતિથી નાણાંને ખર્ચવા જોઈએ. ઉપરાંત આકસ્મિક કાર્યો માટે અમુક બચત કરવી એ કરકસરનું લક્ષણ છે.

ગૃહ સંચાલન કરવા માટે ગૃહિણીમાં ઘરગથ્થું ગુણો (Domestic Quality), આર્થિક ગુણો (Economic Quality), સામાજિક ગુણો (Social Quality), ગ્રાહક તરીકેના ગુણો (Out door Quality) જેવા ગુણો પણ હોવા જોઈએ.

➩ **ઘરગથ્થું ગુણો (Domestic Quality) :–** ગૃહ સંચાલનમાં ગૃહિણીએ ઘર કેવી રીતે વ્યવસ્થિત રાખવું, કુટુંબના બધા કાર્યો કેવી રીતે પૂરા કરવા, તંદુરસ્તી અને આનંદી બાળકો બને તે માટે શું કરવું, પતિને કેવી રીતે આનંદ આપવો, કુટુંબને પોષ્ટિક ખોરાક મળે તે રીતે રાંધવું, ઘરને કેવી રીતે શોભાયમાન કરવું, કુટુંબની આવક અને ખર્ચનો યોગ્ય ઉપયોગ કરી બચત કઈ રીતે કરવી આ બધા વિશેનું જ્ઞાન ગૃહિણીને હોવું જોઈએ. નાણાંની સારી વ્યવસ્થા માટે ગૃહિણીએ પોતાનો કૌટુંબિક હિસાબ નિયમિત રાખવો જોઈએ. આ હિસાબ કરવાથી અંદાજપત્ર બનાવવામાં ઉપયોગી થાય છે. ખોટા ખર્ચનું નિયંત્રણ કરી આવકનો સારો અને યોગ્ય જગ્યાએ ઉપયોગ કરવો જોઈએ. ગૃહ વ્યવસ્થામાં સમય, શકિત અને પૈસાએ ત્રણેયનો યોગ્ય ઉપયોગ કરી ઘરને વ્યવસ્થિત બનાવવું જોઈએ. દરેક ગૃહિણીએ ઘરની સજાવટની સાથે–સાથે સારી રસોઈ બનાવવી એ અતિ મહત્વનો ઘરગથ્થું ગુણ છે. દરેક ગૃહિણીમાં આ ગુણ હોવો જરૂરી છે. ગૃહિણીને પોતાના કુટુંબના સભ્યોના ખોરાકમાં પોષ્ટિકતત્વનો નાશ ન થાય તે રીતે રાંધતા આવડવું જોઈએ. રાંધેલા ખોરાકમાં વધુંમાં વધું પોષ્ટિક તત્વો કેવી રીતે જાળવી શકાય તે પણ ખબર હોવી જોઈએ. કુટુંબના સભ્યોની ભુખ ઉઘડે તેવો આકર્ષક ખોરાક બનાવતા આવડવો જોઈએ. કુટુંબના સભ્યો નાના થી મોટા, માંદા થી તંદુરસ્ત દરેકના જુદા–જુદા સ્વાદને ધ્યાનમાં રાખી, દરેકની જરૂરિયાત સંતોષાય તે રીતે રસોઈ કરતાં આવડવું જોઈએ. આ ઉપરાંત ગૃહિણીએ સમયનો સદ્ઉપયોગ કરવો જોઈએ. તેણે સમયની યોજના ઘડવી જોઈએ જેથી તે દરેક કાર્યમાં નિયમિત રહી શકે, જુદી–જુદી પ્રવૃત્તિઓ કરતાં તેને કેટલો સમય જાય છે તેની નોંધ રાખવાથી દરેક કાર્ય સરળતાથી કરી શકાય.

➩ **આર્થિક ગુણો (Economic Quality) :–** કૌટુંબિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે આવક હંમેશા ઓછી પડે છે. અને જરૂરિયાતો અમર્યાદિત હોય ત્યારે આવકમાંથી વધુંમાં વધું જરૂરિયાતો કેવી રીતે પૂર્ણ કરવી. આ માટે ગૃહિણી જો ખર્ચ પહેલા જો કુટુંબનું અંદાજપત્ર બનાવે તો તે સફળ બને છે. અંદાજપત્ર કેવી રીતે બનાવવું, કઈ જરૂરિયાતો મહત્વની છે, તેનું જ્ઞાન ગૃહિણીમાં હોવું જોઈએ. તેનામાં આ વિશેનું જ્ઞાન હોય તો આવકનો સારામાં સારો ઉપયોગ કરી વધુંમાં વધું જરૂરિયાતો પૂર્ણ કરી કુટુંબના સભ્યોમાં સંતોષ અને આનંદ જન્માવી શકે છે. અંદાજપત્રમાં મહત્વની જરૂરિયાત જેવી કે ખોરાક, કપડાં, રહેઠાણ, કેળવણી, તંદુરસ્તી, આનંદ પ્રમોદ બચત

વગેરેને સ્થાન હોવું જોઈએ. ઘણી ગૃહિણી ખોરાકના પૈસા ઊપર કાપ મૂકી આનંદ પ્રમોદ વધારે છે. પણ કુશળગૃહિણી માટે આ યોગ્ય નથી. ગૃહિણીને જો કરકસર કેવી રીતે કરવી તેનું જ્ઞાન હોય તો બચત કરી શકે છે. ગૃહિણી એ સૌપ્રથમ કુટુંબની મુખ્ય જરૂરિયાતો પાછળ પૈસા વાપરવા જોઈએ. કુટુંબનું કાર્ય સરળ બને તે માટે સગવડતા હોવી જોઈએ છેલ્લે મોજશોખ પાછળ પૈસા વાપરવા જોઈએ. એકજ જરૂરીયાત જુદા–જુદા કુટુંબ માટે જુદી–જુદી હોઈ શકે. દા.ત. મોટર, એક કુટુંબ માટે જરૂરીયાત છે. બીજા કુટુંબ માટે સગવડ છે. ત્રીજા કુટુંબ માટે મોજ–શોખ બની રહે છે. તેનો આધાર કુટુંબના જીવન–ધોરણ અને ધંધા ઊપર રહે છે. ખરીદી કરતી વખતે ગૃહિણી એ રોકડા પૈસાથી કરવી, ઉધાર કરવી કે હપ્તેથી તેનો વિચાર કરવાનો હોય છે. રોકડ આપી ને ખરીદી કરવી એ સારામાં સારો ઉપાય છે. જેથી ખોટો ખર્ચ થતા અટકી જાય. રોકડેથી ખરીદી કરવાથી વસ્તુ ઉધાર લેવા કરતા સસ્તી પડે છે.

આમ, ગૃહિણીમાં આર્થિક ગુણ હોવો ખુબ જરૂરી છે.

➩ **સામાજીક ગુણ (Social Quality) :–** બાળક સામાજીકતાના ગુણો કુટુંબમાંથી જ શિખે છે. ગૃહિણીમાં સારો સમાજ ઉભો કરવા માટે સામાજીક ગુણો હોવા જરૂરી છે. આ માટે કુટુંબમાં, સમાજમાં કે જ્ઞાતિમાં અનુકૂળ થવાનું જ્ઞાન તેનામાં હોવું જોઈએ. ગૃહિણીમાં સહિષ્ણુતા હોવી જોઈએ. સાથે–સાથે પ્રાથમિક સારવારનું જ્ઞાન પણ હોવું જોઈએ. માંદા માણસની સારવાર કેવી રીતે કરવી અથવા તો કુટુંબમાં કોઈ પણ સભ્યને અકસ્માત થાય, જેવો કે દાઝી જવું, વાગવું આ વખતે તેને પ્રાથમિક જ્ઞાન હોય તો તે ખુબ જ ઉપયોગી થઈ પડે છે. પ્રાથમિક જ્ઞાન ધરાવતી ગૃહિણી ઘરમાં એક ડોકટરની ગરજ સારે છે અથવા તો ડોકટરે આપેલી સુચના મુજબ ઘરમાં માંદા પડેલ વ્યકિતને ઉપયોગી થાય છે. ગૃહિણીએ ઘરનાં સભ્યોમાં આત્મવિશ્વાસ પેદા કરવાનો હોય છે. કામ કરનાર સભ્યોને ઉત્સાહ આપવાનો હોય છે. જો ભૂલ કરે તો ભૂલને પ્રેમથી સારી રીતે સમજાવવાથી સભ્ય ફરી તે કામમાં ભૂલ ન કરે તેની તકેદારી રાખે છે. એક કામ ન આવડતું હોય તો આવડતું કામ સોંપવાથી વ્યકિતમાં આત્મવિશ્વાસ આવે છે.

ગૃહિણી પોતાની શકિત અને સમય ફકત પોતાના જ કુટુંબીજનો માટે વાપરે તે યોગ્ય નથી. તેણે પોતાનો ફાળો સમાજ કે પડોશીના કાર્યમાં પણ આપવો જોઈએ. ગૃહિણી સમાજને ઉપયોગી થાય તો સાથે સાથે તેનો વિકાસ પણ થાય છે. સમાજમાં રહેવાથી તેને દરેક બાબતનું બહોળું જ્ઞાન મળે છે. કુટુંબના સભ્યોની જરૂરિયાતને પહોંચી વળવા માટે તેને આખા ઘર માટેની ખરીદી કરવાની હોય છે. ગ્રાહક તરીકેના ગુણ ગૃહિણીમાં હોવા જોઈએ. શું ખરીદવું, કયારે ખરીદવું, ખરીદતી વખતે એક જ દુકાનેથી ન ખરીદતાં બે ચાર દુકાને ભાવ પૂછવો જોઈએ. આ ઉપરાંત બજારમાં ચાલતા ભાવોનો પણ તેને ખ્યાલ હોવો જોઈએ. વધારે જથ્થામાં વસ્તુ ખરીદવી હોય તો જથ્થાબંધ માર્કેટમાં જવું જોઈએ. ઓફ સિઝનમાં વસ્તુ ખરીદવાથી સસ્તી પડે છે. શાકભાજી, ફળો વિગેરે સીઝનમાં સસ્તા લઈ તેની સુકવણી કે કેચપ બનાવી રાખવાથી બહુ જ સસ્તુ પડે છે અને જ્યારે જોઈએ ત્યારે સારું તુરત મળી રહે છે .. તેને પૈસા કયાંથી ઉપાડવા, કેવી રીતે રોકવા, તેનું પણ જ્ઞાન હોવું જોઈએ. પોતાના શહેરમાં સરકારી કેવી સેવાઓ ઉપલબ્ધ છે તેનું જ્ઞાન પણ હોવું જોઈએ.

આજના આ મોંઘવારીના જમાનામાં ગરીબ અને મધ્યમ વર્ગની સ્ત્રીઓ પણ આર્થિક જવાબદારી ઉપાડવા લાગી છે. અત્યારના જમાનામાં આર્થિક ક્ષેત્રમાં પણ સ્ત્રીએ પગપેંસારો કરવા માંડયો છે અને આ રીતે આર્થિક રીતે આગળ આવવામાં કેળવણીએ સ્ત્રીમાં હિંમત પ્રેરી છે. તે વધું જાગૃત અને સભાન બની છે. કેળવણી એ સ્ત્રીમાં રહેલી સુષુપ્ત શકિતઓને જગાડી છે. ઔદ્યોગિકરણને પરિણામે વ્યાપાર ઉદ્યોગ પણ વિકસ્યા છે. સ્ત્રીઓ માટે વ્યવસાય મેળવવાની તક પણ વધી છે. અનેક વ્યવસાયમાં સ્ત્રીઓની નજર પડવા માંડી છે. બંધારણ અને કાયદાએ સ્ત્રીને વ્યવસાયની સમાન તક પૂરી પાડી છે. સ્ત્રીઓએ ખેતી, ઉદ્યોગ, વ્યાપાર, ખાણો, બગીચા, કળા, સાહિત્ય, પત્રકારિત્વ, સંદેશાવ્યવહાર તેમજ શિક્ષણ ક્ષેત્રમાં ઝંપલાવ્યું છે.

સી. એ. હાટેના અભ્યાસ દ્વારા જણાવી શકાય કે ભારતમાં મોટા ભાગની સ્ત્રીઓ શોખ, તરંગ કે સ્વતંત્રતા ખાતર વ્યવસાયમાં જોડાતી નથી પણ પોતાના કુટુંબને માટે, પોતાના સુખને ભોગે, પોતાની જવાબદારી સમજીને વ્યવસાયમાં ઝંપલાવે છે. આમ ગૃહિણીને ઘર તેમજ ઘરની બહાર અનેક જવાબદારી નિભાવવાની હોય છે. અને ફરજો અદા કરવાની હોય છે. તેવા સમયે ઘરનું સંચાલન યોગ્ય રીતે થાય અને ઘરના સભ્યોને સંતોષ મળે તે રીતે ગૃહિણીએ ગૃહ સંચાલન કરવાનું છે. ગૃહ સંચાલન કરવા માટે ગૃહિણીમાં ઉપરના ગુણો કેળવાયેલા હોવા જોઈએ. ગૃહિણી એ ઘરનું મધ્યબિંદુ છે. ગૃહિણી વિનાનાં ઘર એ પૈડા વિનાનું રથ સમાન છે.

આ ગૃહિણીને ગૃહમાં પ્રવેશવા માટે લગ્ન એ પ્રથમ શરત છે. કોઈ પણ શાસ્ત્રોકત વિધિ પ્રમાણે કે કાયદાની રીતે લગ્ન કરેલા હોવા જોઈએ. આમ, લગ્ન એટલે શું ? તે વિગતવાર આગળ ઉપરના પ્રકરણમાં જોઈશું.

## ૧.૮ ઉપસંહાર :–

સંશોધનની શરૂઆત કોઈ પણ વિષયની વિષય પસંદગીથી થાય છે. કોઈ પણ સંશોધનની શરૂઆતમાં સંશોધકે વિષય સાથે સંબંધિત વિવિધ સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરીને વિષય સાથે સંબંધિત ઊંડાણપૂર્વકની માહિતી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. આ પ્રકરણમાં સંશોધક દ્વારા ગૃહવિજ્ઞાનની વિવિધ શાખાઓમાંથી ગૃહ સંચાલનને વિષય તરીકે પસંદ કરવામાં આવ્યો છે. પરંતુ ગૃહસંચાલન વિષયક માહિતી પ્રાપ્ત કરતાં અગાઉ સંશોધક દ્વારા આ પ્રકરણમાં ગૃહવિજ્ઞાન શિક્ષણની પ્રારંભ અને તેના ઉદ્દભવનાં વિવિધ તબક્કાઓ અને તેના વિકાસની ચર્ચા કરી છે. આ ઉપરાંત પ્રસ્તુત પ્રકરણમાં સંશોધક દ્વારા ગૃહવિજ્ઞાનના આહાર અને પોષણ વિભાગ, શિક્ષણ અને વિસ્તરણ, બાળવિકાસ, વસ્ત્ર વિજ્ઞાન તથા ગૃહસંચાલન જેવી વિવિધ શાખાઓનો ટૂંકો પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે.

# –: સંદર્ભ સૂચિ :–


૧) સિલાબેન નાણાવટી – 'ગૃહિણી અને ગૃહવ્યવસ્થા' ભુ. મ. પટેલ કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી, જાન્યુઆરી ૧૯૮૩ પાના નં. ૨

૨) દિપ્તી એન. દેસાઈ – 'ગૃહવિજ્ઞાન શિક્ષણ' મયુર પ્રકાશન, પાના નં. ૧૨

૩) માધવ ચૌધરી – 'આહાર એ જ ઔષધ' ગાલા પબ્લિશર્સ, સરસ્વતી ભવન, ગોમતીપુર અમદાવાદ, પાના નં. ૧૦

૪) મીતા રાજપરા – 'ગૃહવિજ્ઞાન વિસ્તરણ પ્રત્યાયન' પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, ૨૦૦૪ પાના નં. ૩૦–૩૧

૫) ઉજમસી કાપડીયા, રજનીકાન્ત પટેલ, – 'બાળ મનોવિજ્ઞાન' અનડા બુક ડેપો, ૧૯૭૩ પાના નં. ૧૬

૬) કે. સી. સારડા, એમ. એમ. ગાંધી – 'વૈયકિતક સમાયોજનનું મહત્વ' પાના નં. ૨

૭) ઉજમસી કાપડીયા, રજનીકાન્ત પટેલ, – 'બાળ મનોવિજ્ઞાન' અનડા બુક ડેપો, ૧૯૭૩ પાના નં. ૪

૮) વીણા એસ. સામાલી, હીના સંવટ, માલિની કે. પાઠક – 'ડ્રેસ ડિઝાઈનીંગ' પ્રવીણ પુસ્તક ભંડાર, પ્રથમ આવૃતિ, ૨૦૦૫ પાના નં. ૩૮

૯) डॉ. बेला भार्गव –'वस्त्र विज्ञान एवम् धोलाई कला' युनिवर्सिटी बुक हाउस, १९९८ पृष्ठ नं. २

૧૦) એન. પી. પંચોળી, પી. એમ. જોષી – 'વાણિજ્ય સંચાલન' ૧૯૯૧ પાના નં. ૨

૧૧) નીરા ભટનાગર, શ્રીમતિ, વંસતી તુલસ્યાની, ચોથી આવૃતિ ૧૮૮૯–૯૦ પાના નં. ૨

૧૨) મધુબેન વી. ઠક્કર, જયશ્રીબેન પુજારા – 'ગૃહવ્યવસ્થાનો પરિચય' પ્રવીણ પ્રકાશન, ૧૯૯૮ પાના નં. ૧૨
એજન ૧ પાના નં. ૯૮, એજન ૨ પાના નં. ૯૮,
એજન ૩ પાના નં. ૧૧૬,

૧૩) દેવાંગીબહેન મહેતા, દક્ષાબેન જોષી – 'ગૃહવ્યવસ્થા અને સામાજિક જ્ઞાન' બીજી આવૃતિ – ૨૦૦૪ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પાના નં. ૮૦

૧૪) મધુબેન વિનોદભાઈ ઠક્કર, જયશ્રીબેન ભાવેશભાઈ રાણપરા – 'કૌટુંબિક અર્થવ્યવસ્થા' પ્રવીણ પ્રકાશન પ્રા. લિ. ૨૦૦૪ પાના નં. ૭૩
એજન ૧ પાના નં. ૭૦, ૭૧

૧૫) મધુબેન વિ. ઠક્કર, જયશ્રીબેન પુજારા – 'ગૃહવ્યવસ્થાનો પરિચય' પ્રવીણ પ્રકાશન, ૧૯૯૮ પાના નં. ૩૭

૧૬) હેમલતા ચૌહાડા, ગીતાબેન વાય. દીક્ષિત, ભારતીબેન ડી. દેસાઈ – 'ગૃહ વ્યવસ્થા' ગુજરાત રાજ્ય પાઠયપુસ્તક, પાના નં. ૨૭

# પ્રકરણ – ૨

## સંશોધન આયોજન


૨.૧ પ્રસ્તાવના
૨.૨. સંશોધન વિષય પસંદગી
૨.૩ અભ્યાસ સમસ્યા
૨.૪ સૈધ્ધાંતિક ભૂમિકા
૨.૫ સંશોધનના હેતુઓ
૨.૬ અભ્યાસના ખ્યાલો
૨.૭ ઉપકલ્પના
૨.૮ અભ્યાસનું મહત્વ
૨.૯ અભ્યાસ ક્ષેત્ર
૨.૧૦ સંશોધનમાં ઉપયોગમાં લીધેલી પધ્ધતિઓ અને પ્રવિધિઓ
૨.૧૧ માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ
૨.૧૨ પ્રકરણીકરણ
૨.૧૩ અભ્યાસની મર્યાદાઓ
૨.૧૪ ક્ષેત્રકાર્યના અનુભવો
૨.૧૫ સમાપન

# પ્રકરણ – ૨
# સંશોધન આયોજન

## ૨.૧ પ્રસ્તાવના :–

માનવીની મુખ્ય જરૂરિયાતો પાંચ ગણવામાં આવી છે. જેમ કે ૧) પ્રજનન અને બાળ ઉછેર ૨) સામાજીકરણ ૩) કાયદો અને વ્યવસ્થા ૪) જીવનનો હેતુ ૫) આર્થિક ઉપાર્જન.

આ જરૂરિયાતની પૂર્તિ માટે દરેક સમાજે જુદા જુદા માર્ગો શોધેલા છે. આ માર્ગને સામાજીક સંસ્થા તરીકે ઓળખવામાં આવે છે. જેમાં સમાજની એક જરૂરિયાત નવા સભ્યો લઈ આવવાની અને આ બાળકોને સમાજમાન્ય વર્તન શીખવવાની છે. આ જરૂરિયાતની પરિપૂર્તિ માટે લગ્ન અને કુટુંબસંસ્થા અસ્તિત્વમાં આવેલી છે. આ એક સાર્વત્રિક સંસ્થા છે. લગ્ન સંસ્થા સામાજીક રચના તંત્રને ટકાવી રાખવાનું મહત્વનું કાર્ય કરે છે. સ્ત્રી–પુરૂષોના જાતિય સંબંધોને વ્યવસ્થિત રીતે નિયંત્રિત કરવા માટે લગ્ન સંસ્થાનો ઉદ્‌ભવ અને વિકાસ થયો હોવાનું મનાય છે. લગ્ન એ સમાજની અનિવાર્ય સંસ્થા છે. વિશ્વનો કોઈ સમાજ એવો નથી જ્યાં લગ્ન સંસ્થાનું અસ્તિત્વ જ ન હોય. આદિમ સમાજ અને સભ્ય સમાજ બંનેમાં લગ્ન સંસ્થા અસ્તિત્વ ધરાવે છે. આની સાથે એ પણ એટલું જ સાચું છે કે લગ્નનું સ્વરૂપ દરેક સમયે સમાજમાં જુદું–જુદું જોવા મળે છે. કારણ કે લગ્ન અંગેના નિયમોમાં સમાજે–સમાજે તફાવત જોવા મળે છે તો સાથો સાથ સામાજિક પરિવર્તનની અસર પણ લગ્ન સંસ્થા પર પડે છે.

વર્તમાન યુગમાં પરિવર્તનની અસર દરેક સંસ્થાઓ ઉપર જોવા મળે છે. જેની અસર લગ્ન સંસ્થાઓ ઉપર પણ પડી છે. અનેકવિધ પરિબળોના કારણે લગ્નની પસંદગીમાં પણ પરિવર્તન આવ્યું છે. જ્ઞાતિના બંધ નિયમોના સ્થાને અન્ય જ્ઞાતિ કે અન્ય ધર્મમાં લગ્ન કરવાનું વલણ વધ્યું છે. એટલે કે પરિવર્તનની સાથે લોકોની લગ્ન તરફની માનસિકતા બદલાતી જાય છે. આવા લગ્નોનું પ્રમાણ ખૂબ ઓછું આંકી શકાય પરંતુ નોંધનીય તો ખરૂં જ. આ પ્રકારના લગ્નો સમગ્ર જીવનશૈલીમાં બદલાવ લાવે છે.

"લગ્ન દ્વારા ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ થતો હોવાથી અને ગૃહસ્થાશ્રમને સ્વર્ગ સમાન માનવામાં આવતું હોવાથી લગ્નને સ્વર્ગનું પ્રવેશદ્વાર કહ્યું છે. મેધાતિથિના મતાનુસાર 'લગ્ન કન્યાને પત્ની બનાવવા માટે એક ચોક્કસ ક્રમથી કરવામાં આવતી અનેક વિધિઓ વડે પૂર્ણ થનાર પાણિગ્રહણ સંસ્કાર છે. જેની અંતિમ વિધિ સપ્તર્ષિદર્શન છે."[૧] ધર્મ કાર્યો અને સંસ્કારો પૂરાં કરવા, અનેક પ્રકારના ૠણોમાંથી મુકત થવા, પુરૂષાર્થો પ્રાપ્ત કરીને જીવનનું લક્ષ્ય સિદ્ધ કરવા અને વંશની નિરંતરતા જાળવી રાખવા લગ્ન કરવામાં આવે છે. હિન્દુ લગ્નનો આદર્શ બે આત્માનું મિલન અને ભવો ભવનું બંધન છે.

લગ્ન કરવું અને લગ્ન જીવનને સફળ બનાવવું એ બંન્ને જુદી જુદી પરંતુ મહત્વની વાત છે. અહિ પારસ્પરિક અનુકૂલન જરૂરી છે. અનુકૂલનની પ્રક્રિયા સમગ્ર જીવન પર્યંત ચાલે છે. લગ્નનું સાયુજ્ય એ જીવનભરનું સાયુજ્ય છે. લગ્ન સામાજિકરણની એક પ્રક્રિયા છે. પરિણામે અહિ અનુકૂલન કપરૂં બને છે. ખાસ કરીને જ્યારે લગ્ન આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય હોય ત્યારે

યુવતિને યુવકના કુટુંબમાં સમાયોજન સાધવાના પ્રશ્નો ઊભા થાય છે. કેટલાક દબાણનો સ્વીકાર કરવો પડે છે. આ સમયે ગૃહસંચાલનનું જ્ઞાન અનુકૂલન સાધવામાં મદદરૂપ બને છે. યુવતિ ગૃહસંચાલનનું જ્ઞાન મેળવવાથી સફળ ગૃહિણી તરીકે પોતાને સાબિત કરી શકે છે.

### ✯ વ્યાખ્યા : ગૃહ સંચાલન એટલે :–

ગૃહવ્યવસ્થાને કૌટુંબિક જીવનનું વહિવટી પાસું કહેવામાં આવે છે. સફળ ગૃહસંચાલન માટે સમગ્ર શકિત અને નાણાંનું સુયોગ્ય આયોજન અને વ્યવસ્થા અત્યંત આવશ્યક છે. આમ સફળ ગૃહ સંચાલન કૌટુંબિક જીવનને વધુમાં વધુ સુખમય બનાવે છે જેના આધારે આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓ જીવનમાં સફળતા પ્રાપ્ત કરે છે. આ તમામ બાબતોને સમજવાના અહિ પ્રયત્ન કરેલા છે.

## ૨.૨ સંશોધન વિષય પસંદગી :–

સામાજીક સંશોધન મુખ્યત્વે સમાજરચના અને સમાજના કાર્યોનું વૈજ્ઞાનિક કક્ષાનું જ્ઞાન વિકસાવે છે. સંશોધન એક એવી પ્રક્રિયા છે જે સમાજ અને સામાજીક સંસ્થાના રચનાકીય અને કાર્યાત્મક પાસાંઓને લગતા સિદ્ધાંતો સ્થાપવાનો ધ્યેય ધરાવે છે. સંશોધન એટલે જ્ઞાનમાં વૃધ્ધિ કરતું મૌલિક પ્રદાન. આવું પ્રદાન નવી હકીકતોની શોધ કરતું અથવા જુની હકીકતોની ચકાસણી પણ કરતું હોય છે. સંશોધન દ્વારા હકીકતો વચ્ચેના કાર્યકારણની સમજૂતી આપવામાં આવે છે.

પ્રો. ગોપાલ સંશોધનનો અર્થ સમજાવતા કહે છે :

"વસ્તુલક્ષી અને ચકાસણીજન્ય પદ્ધતિ દ્વારા હકીકતો શોધવા માટેની, હકીકતો વચ્ચેનો સંબંધ શોધવા માટેની અને તેના આધારે સિધ્ધાંતો કે નિયમો તારવવાની વ્યવસ્થિત તપાસને સંશોધન કહેવાય."[2]

પોલીનયંગ સ્લસંગર અને સ્ટીવન્સને ટાંકતા લખે છે કે,

"Social research is a systematic method of exploring, analyzing and conceptualizing Social life in order to "extend correct or verifying knowledge whether that knowledge did in the construction of theory or in Practice of an art"

સામાજિક સંશોધન સામાજિક જીવન અંગેના જ્ઞાનમાં વૃધ્ધિ કરવા માટે, જ્ઞાનની ચકાસણી કરવા માટે અને સામાજિક જીવનની સમજૂતી આપવા માટે વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરે છે. આ રીતે મેળવેલું જ્ઞાન સિધ્ધાંતનાં ઘડતરમાં મદદરૂપ થઈ શકે અને વ્યવહારિક જીવનમાં પણ ઉપયોગી બની શકે છે. આમ સામાજિક સંશોધનો સમાજ અંગેના જ્ઞાનના વિકાસની સાતત્યપૂર્ણ કેડી બને છે.

"સામાજિક સંશોધન સામાજિક સત્યની પરસ્પર સંબંધિત પ્રક્રિયાઓની વિધિવત શોધ અને વિવેચન છે."

કોઈપણ સમસ્યાના ઉકેલ માટે, નવીન હકીકતોને શોધવા માટે અથવા તો હકીકતો વચ્ચેના સંબંધ શોધવા માટે સામાજિક સંશોધન હાથ ધરવામાં આવે છે. કોઈપણ વિષયના વિકાસ માટે સંશોધન અગત્યની ચાવી છે. અત્યાર સુધી અનેક સંશોધનો થયેલા છે. કોઈપણ વિષયના સંદર્ભે જયારે પસંદગી કરવાની આવે ત્યારે પસંદગી શબ્દ અટપટો, દ્વિધામાં મૂકનાર અને સંશોધકને તર્ક, વિતર્કમાં મૂકી દે એવો છે. સંશોધક માટે અનેક પ્રશ્નરૂપ શબ્દ તે પસંદગીની પ્રક્રિયા છે. સંશોધક અભ્યાસ વિષયની પસંદગી કરતી વખતે અનેક રીતે વિચારે છે. જેમ કે પોતાનું સંશોધન ભવિષ્યમાં ઉપયોગી બની રહે, નમૂનેદાર બને તેમજ સમાજ માટે ઉપયોગી બને તેવા સંશોધનની વિશેષ માંગ રહે છે. તેથી કહી શકાય કે સંશોધક સંશોધનના વણખેડાયેલા ક્ષેત્રમાં ઊંડાણ પૂર્વકનું નવું જ્ઞાન આપે છે. આવા અનેક પ્રશ્નો પછી સંશોધક અગાઉ થયેલા સંશોધનોનો અભ્યાસ કરીને પોતાની રસ, રૂચિ અને વલણને ધ્યાનમાં લઈને વિશાળ ક્ષેત્રમાંથી કોઈ એક વિષયની સંશોધન માટે પસંદગી કરે છે.

સંશોધન વિષયની પસંદગીમાં મુખ્યત્વે :–

૧) ચોક્કસ સામાજીક સમસ્યામાં રસ જાગવાથી

૨) કોઈપણ વ્યાપક ક્ષેત્રમાં રસ પડવાથી

૩) પ્રચલિત સિધ્ધાંતમાંથી તારણો ફલીત કરવા માટે"[૩]

ઉપરોકત બાબતને ધ્યાનમાં રાખીને સમાજની મુખ્ય સંસ્થા લગ્ન સંસ્થાની અભ્યાસ વિષય તરીકે પસંદગી કરી છે.

માનવી હંમેશા પોતાના જીવનને સુરક્ષિત, સુલભ અને સુખી–સરળ બનાવવાને માટે પ્રયત્નશીલ રહે છે. માનવીના વિકાસમાં પ્રાથમિક તબક્કાનાં સમયમાં તેનો હેતુ માત્ર ખોરાક, પોષણ અને રક્ષણ પૂરતો સીમિત હતો પરંતુ માનવીના વિવિધ ઐતિહાસિક, સામાજિક તબક્કાઓમાં માનવી પોતાનાં વિકાસ અને સામૂહિક જીવનનાં સંદર્ભમાં સતત વિચારતો રહ્યો. જે પ્રક્રિયાનાં પરિણામે તે સતત ગતિશીલ રહે છે. આધુનિક સમયમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની શોધ અને સિધ્ધિના પરિણામે કુદરતી પરિસ્થિતી ઉપર કાબુ કેળવી શકયો છે તે માટે આયોજન પણ જરૂરી છે. આયોજિત પરિવર્તન સમાજના વિકાસની પ્રક્રિયા સાથે વણાયેલું હોવાથી તેની ગતિ સ્વાભાવિક પણે ધીમી રહે છે.

સમાજમાં પરિવર્તનની અસર સમાજના વિવિધ એકમો, સંસ્થાઓ પર પડે છે. સમાજના એક ભાગમાં કાર્યાત્મક પરિવર્તન આવતા બીજા ભાગ પર તેની અસર પડે છે. ભારતીય સમાજની રાજય સંસ્થા અને અર્થવ્યવસ્થામાં પરિવર્તન આવતા કુટુંબ સંસ્થા અને લગ્ન સંસ્થામાં પરિવર્તન આવ્યું છે.

૨૧મી સદી તરફ જઈ રહેલાં ભારતીય સમાજમાં અનેક પરિવર્તનો આવી રહ્યા છે. ત્યારે લગ્ન સંસ્થામાં આવતા પરિવર્તનોમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન વિષયક અનુકૂલનની સમસ્યા જાણવા માટે આ અભ્યાસ પસંદ કરવામાં આવ્યો છે. આંતર–જ્ઞાતિય તથા આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓના અનુકૂલનની સમસ્યાઓને અભ્યાસમાં મુખ્યત્વે ધ્યાનમાં

લીધી છે.

દરેક જ્ઞાતિ અને ધર્મના લોકોની ચોક્કસ જીવનશૈલી અને રહેણીકરણી, ધોરણો હોય છે. અને જ્યારે યુવતિઓ દ્વારા આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નો કરવામાં આવે છે ત્યારે તેઓને ગૃહસંચાલનમાં કેવા પ્રકારના અનુભવો થાય છે, તેને સમજવા માટે આ વિષયની પસંદગી કરવામાં આવી છે.

## ૨.૩ અભ્યાસ સમસ્યા :–

એક સામાજીક કાર્યકર તરીકે અને મહિલા સુરક્ષા સમિતિમાં કાર્ય કરતી હોવાથી બહેનોના અનેક પ્રશ્નો સમાજમાં સર્જાતા જોવા મળ્યા. અને તેમાં વિશેષ જેણે સ્વ–પસંદગીના લગ્ન કર્યા છે, પોતાનું કુટુંબ અને જ્ઞાતિ ત્યજીને જેઓ બીજી જ્ઞાતિમાં આવ્યા છે. બલિદાન આપવા છતાં એવું કયું કારણ જવાબદાર છે કે પછી તેમની ગૃહ સંચાલન કરવાની રીત પિયર પક્ષની અને સાસરા પક્ષની જુદી હોવાને લીધે કે ખોરાક કે રીતરિવાજ જુદા હોવાના કારણે થોડાક સમયમાં અનુકૂલનમાં અનેક પ્રશ્નો જોવા મળતાં. ત્યારે સતત વિચાર આવતો કે આવું એક સંશોધન હાથ ધરવું છે અને મે મારા વિચારને ગતિ આપીને આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓની અનુકૂલનની સમસ્યાઓ એક અભ્યાસ કરવાનું નક્કી કયું.

ગમે તે પ્રશ્ન સંશોધન સમસ્યા તરીકે સ્વીકારાતો નથી. એ હકીકત છે કે સમસ્યા શા માટે સર્જાય છે. કોઈ પરિસ્થિતિ મુંઝવે, ઉકેલ ન મળે, અને ન સમજાય ત્યારે તે ચિંતા ઊભી કરે છે. આવા સંજોગોમાં સંશોધન માટેની એક પૂર્વભૂમિકા તૈયાર થાય છે. જેને સંશોધન સમસ્યા તરીકે ઓળખવામાં આવે છે. આમ કોઈ પણ સંશોધન સમસ્યાના પરિપાક રૂપ હોય છે.

મનુષ્ય જીવનના મુખ્યત્વે ચાર ક્ષેત્ર છે. ધાર્મિક, સામાજિક, રાજકીય અને આર્થિક. આ દરેક ક્ષેત્રમાં આવતા પરિવર્તનની અસર બીજા બધા જ ક્ષેત્ર ઉપર થાય છે અને તેના પરિણામે સમાજમાં સુધારાઓ થતા જોવા મળે છે. જેમ કે આર્થિક ક્ષેત્રમાં પરિવર્તન આવતા તેની અસર ધર્મ ઉપર થઈ અને ધાર્મિક સુધારાઓને લીધે સમાજની સંસ્થાઓમાં પરિવર્તન આવ્યા. લગ્નસંસ્થા સમાજનું એક અગત્યનું એકમ છે. માનવ જીવનની શરૂઆતથી લગ્ન સંસ્થા અસ્તિત્વમાં આવી છે અને આજ સુધી સમાજમાં ટકી રહી છે. આજે મુકત વિચાર સરણીની આબોહવા પ્રસરી રહી છે ત્યારે કેટલાકનું માનવું છે કે લગ્નસંસ્થા તૂટી રહી છે પરંતુ મુકત સહવાસ કરતાં દંપતિઓની સંખ્યા ભારતીય સમાજમાં ઘણી જ ઓછી છે. આ માટે કયા પરિબળો જવાબદાર છે તે શોધવું જરૂરી લાગ્યું તેથી આ સંશોધન હાથ ધર્યુ છે.

પરિવર્તનના કારણે આજના બદલાયેલા સમાજમાં સ્ત્રી પોતાના બધા જ નિર્ણયો જાતે લેતી થઈ છે. જીવનસાથીની પસંદગી પણ પોતાની રીતે કરે છે. પોતાના નિર્ણયને સમાજ સ્વીકારે એટલે મોટે ભાગે જ્ઞાતિની અંદર જ લગ્ન કરતી જોવા મળે છે. પરંતુ જો યોગ્ય પાત્ર પ્રાપ્ત થાય તો આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન ઉપર પણ પસંદગી ઉતારે છે. આવા લગ્નોના પરિણામે સમાજમાં અનેક પડકારો ઉભા થયેલા જોવા મળે છે. આવા લગ્નો સમગ્ર જીવનશૈલીમાં

પરિવર્તન લાવે છે. સ્ત્રીઓ ઉભા થતા પ્રશ્નોનું સમાધાન કંઈ રીતે કરે છે, સમાધાન કયા પક્ષે કરવામાં આવે છે, કૌટુંબિક સમસ્યાઓ કે બાળકોની જીવનશૈલીમાં આવા લગ્નોને પરિણામે કેવી અસરો થાય છે એ જાણવા માટેનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નના પરિણામે દંપતિએ પરસ્પરને અનુકૂલ થઈને જીવનશૈલીમાં ફેરફાર કરવા પડે છે. આ ફેરફારોમાં રહેણીકરણી, ધર્મ, ભાષા, અને રિવાજને લગતા ફેરફારો મુખ્ય છે. જો અનુકૂલન ન સાધી શકાય તો સંઘર્ષ પણ થઈ શકે છે. આવા સંઘર્ષ લગ્નજીવન અને કુટુંબજીવન ઉપર અસર કરે છે.

આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલાં દંપતિઓ કઈ રીતે અને કેવા અનુકૂલનો સાધે છે, આ અનુકૂલનોને પરિણામે કુટુંબજીવન ઉપર કેવી અસર થાય છે તે જાણવા પ્રયત્ન કરેલ છે.

આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નને પરિણામે જીવનશૈલીમાં સામાજીક પ્રશ્નો, ધાર્મિક પ્રશ્નો, રહેણીકરણીના પ્રશ્નો, ભાષાકીય પ્રશ્નો, અંગત પ્રશ્નો, બાળકોના ઉછેર અને લગ્ન અંગેના પ્રશ્નો ઉભા થાય છે અને તેના અનુકૂલન દ્વારા એક નવી જ જીવનશૈલી અસ્તિત્વમાં આવે છે જેનો અભ્યાસ કરવાનો આ પ્રયત્ન થયેલ છે.

આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર સ્ત્રીઓનું સમાજજીવન અને તેમના દરજ્જા ઉપર કેવી અસર પડે છે, સમાયોજન કંઈ રીતે કરે છે, ગૃહવ્યવસ્થાનું સંચાલન કરવામાં શું તફાવતો હોય છે, તેઓ કુટુંબમાં સમાયોજન કરે છે, આ સમજવા માટે પ્રસ્તુત અભ્યાસની સમસ્યા તરીકે "આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓની અનુકૂલનની સમસ્યા" એ પસંદ કરેલ છે.

## ૨.૪ સૈધ્ધાંતિક ભૂમિકા :–

માનવી સામાજીક પ્રાણી હોવાની સાથો સાથ જીજ્ઞાસું પ્રાણી છે. તેનામાં રહેલી જીજ્ઞાસા વૃત્તિને લીધે વિવિધ સંશોધન શકય બન્યા છે. માનવી પોતાની આસપાસના સમાજને જુએ છે, નિહાળે છે અને તેમાંથી તેના વિશે જાણવાની ઈચ્છા વ્યકત થાય છે.

ભારતીય સમાજ વિવિધતા ધરાવતો સમાજ છે. ભારતમાં અનેક જ્ઞાતિ અને ધર્મના સમુદાયો વસવાટ કરે છે. દરેક સમુદાયોને પોતાની વિશિષ્ટ સંસ્કૃતિ, રીતરિવાજો, ધોરણો, મૂલ્યો, રૂઢિઓ અને પરંપરાઓ હોય છે. તેની મહત્વની સંસ્થાઓ દ્વારા તેનું સંવર્ધન, સંહતલ અને સમાયોજન સધાય છે. કોઈપણ સમાજની મહત્વની પાંચ સંસ્થાઓ ગણવામાં આવે છે. કુટુંબ, લગ્ન, ધર્મ વ્યવસ્થા, અર્થ વ્યવસ્થા અને રાજ્ય વ્યવસ્થા આ પાંચેય પાયાની સંસ્થાઓ છે. જેમાંથી અહિ લગ્ન સંસ્થા સાથે જોડાયેલા પાસાઓને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

લગ્ન સંસ્થામાં અસંખ્ય પાસાંઓ છુપાયેલા છે જેવા કે તેના પ્રકારો, લગ્નના સ્વરૂપો, લગ્નની વિધિઓ, લગ્નના રીતરિવાજો, રૂઢિઓ અને પરંપરાઓ. જે જે જ્ઞાતિ, ધર્મ, પ્રદેશ, જાતિ પ્રમાણે અલગ અલગ હોય છે. સમાજમાં પરિવર્તન આવતા તેમાં પણ પરિવર્તન આવે છે. વૈદિક

યુગમાં લગ્ન એ ખુલ્લા સ્વરૂપના હતા. ગાંધર્વ લગ્ન કે સ્વપસંદગીના લગ્નોને અવકાશ હતો પરંતુ જ્ઞાતિ વ્યવસ્થા અસ્તિત્વમાં આવતા જીવનસાથીની પસંદગીના ક્ષેત્રો જ્ઞાતિ પૂરતાં મર્યાદિત બન્યા. સગોત્ર, સપ્રવર લગ્ન ઉપર પ્રતિબંધ મૂકાયો. પરંતુ બદલાતા જતા સમયમાં ઔદ્યોગિકરણ, શહેરીકરણની પ્રક્રિયાઓ તથા લોકશાહીના મૂલ્યો અને બુધ્ધિજીવીઓની સુધારાવાદી પ્રવૃત્તિઓએ લગ્નસંસ્થાના સ્વરૂપમાં અનેક રીતે પરિવર્તન આણ્યા. લગ્નસાથીની પસંદગી જ્ઞાતિ પૂરતી મર્યાદિત ન રહેતા તેના ધોરણો શિથિલ બન્યા. અને ક્રમશઃ આંતર જ્ઞાતિય અને આંતર ધર્મીય લગ્નોનું પ્રમાણ વધવા લાગ્યું.

જો કે ગ્રામીણ સમુદાય કરતા શહેરી સમુદાયમાં તેનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. જ્યારે સ્ત્રી–પુરૂષ દ્વારા અન્ય જ્ઞાતિ કે ધર્મમાં લગ્ન કરવામાં આવે છે ત્યારે તેમની સંસ્કૃતિ, પરંપરા, રહેણીકરણી, ધોરણો, રૂઢિઓ અને જીવનશૈલીઓનો સ્વીકાર સ્ત્રીઓએ કરવો પડે છે. અનુકૂલન સાધવું પડે છે.

પરિવર્તનના વિશિષ્ટ તબક્કાઓ અને કારણો તથા પરિણામોમાં આંતર–જ્ઞાતિય તથા આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓની અનુકૂલનની સમસ્યાઓનો ખ્યાલ અહિં સ્પષ્ટ કરવાના પ્રયત્ન થયા છે.

સામાજીક ઘટનાનો અભ્યાસ કરવા માટે બે દષ્ટિકોણ છે. ૧) સ્થિરતા ૨) પરિવર્તન.

સામાજીક સ્થિરતા સમાજના રચનાતંત્ર સાથે સંકળાયેલી છે. સામાજીક વ્યવસ્થાને ટકાવવા સમાજના બધા જ ભાગો વચ્ચે સ્થિરતા અને સમાયોજન હોવું જરૂરી છે.

લગ્ન ભારતીય સમાજની મહત્વની સંસ્થા છે. પરિવર્તનની અસર તેના ઉપર કેટલી થઈ છે તે સમજવા માટે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. વિવિધ પરિબળોની અસરને લીધે લગ્ન સંસ્થામાં પરિવર્તન આવી રહ્યા છે. તેથી બદલાતી સમાજવ્યવસ્થામાં લગ્ન સંસ્થાનું વર્તમાન સ્વરૂપ જાણવાનો પ્રયત્ન કરેલો છે. આ ઉપરાંત તેની અસર કુટુંબ વ્યવસ્થામાં, લોકોની જીવનશૈલીમાં કેવા પ્રકારનું પરિવર્તન આવે છે, સ્ત્રીઓને અનુકૂલન ગૃહ સંચાલનમાં કેવી રીતે કરવું પડે છે, કેવા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે તે સમજવાનો પ્રયત્ન કરવામા આવ્યો છે.

## ૨.૫ સંશોધનના હેતુઓ :–

માનવી એ વિચારશીલ પ્રાણી છે. માનવીનું વર્તન ધ્યેયલક્ષી હોય છે. સામાજિક સંશોધનની પ્રવૃત્તિને પણ આ બાબત એટલા જ પ્રમાણમાં લાગુ પડે છે.

કોઈપણ વહાણને દિશા માટે, લક્ષ્યપ્રાપ્તિ માટે હોકાયંત્રની જરૂર પડે છે. એમ કોઈપણ સંશોધન કરનારે પોતે જે સંશોધન કરી રહ્યા છે તેના હેતુ નક્કી કરવા પડે છે. મૂળભૂત રીતે જોઈએ તો સંશોધનના હેતુની સિધ્ધિ એટલે સંશોધનની સફળતાની સિધ્ધિ.

ક્ષેત્રીયકાર્ય ઉપર આધારિત બધા અભ્યાસો પાછળ કોઈને કોઈ ઉદ્દેશ્ય હોય છે. ઉદ્દેશ્યોની સંખ્યા અલગ અલગ હોઈ શકે છે. ઉદ્દેશ્યોનું સ્વરૂપ ભિન્ન ભિન્ન હોઈ શકે છે. પરંતુ સંશોધન

અભ્યાસોમાં ઉદ્દેશોની સદંતર ગેરહાજરી સંભવી શકતી નથી. કોઈ પણ વૈજ્ઞાનિક સંશોધન પાછળ અમુક ચોક્કસ હેતુ કે ધ્યેય હોય છે.

પોલીન યંગ સામાજિક સંશોધનના નીચેના મુખ્ય ત્રણ ધ્યેયો અથવા હેતુઓ દર્શાવે છે."[૪]

૧) હકીકતોની શોધ અને ચકાસણી
૨) હકીકતો વચ્ચેનો સંબંધ શોધવો
૩) વૈજ્ઞાનિક સિધ્ધાંત સ્થાપવો

આમ સંશોધનમાં કયારેક નવી સામાજિક હકીકતોને શોધવી અને જૂની હકીકતોની ચકાસણી કરી તેનું પરીક્ષણ કરવામાં આવતું હોય છે. સંશોધનનાં બીજા મહત્વના હેતુ તરીકે હકીકતો વચ્ચેનો સંબંધ શોધવાનો હોય છે. સામાજિક સંશોધનોમાં હકીકતો માત્ર એકત્ર કરવા ખાતર એકત્ર કરવામાં આવતી નથી. પરંતુ એકત્ર કરેલી હકીકતોને તાર્કિક પાયા પર ક્રમબધ્ધ ગોઠવીને તેનું પૃથ્થકરણ કરવામાં આવે છે. હકીકતો વચ્ચેના સંબંધોનું વિશ્લેષણ કરવું તેમજ હકીકતો વચ્ચેના સંબંધ પાછળનો ગૂઢાર્થ શોધવાનો હેતુ પણ રહેલો હોય છે. આ ઉપરાંત હકીકતો વચ્ચે કેવા પ્રકારનો સહસંબંધ રહેલો છે તે તપાસવાનો હેતુ પણ રહેલો છે. આમ કોઈપણ સામાજિક સંશોધનમાં સંશોધનને સ્પષ્ટ કરવા માટે સંશોધનના હેતુઓ ચોક્કસ હોવા જોઈએ. સંશોધનના હેતુઓ સંશોધકને માર્ગદર્શન આપે છે, તેનાં પથદર્શક બને છે.

✲ સામાજિક સંશોધનો શુધ્ધ હોવાની સાથો સાથ વ્યવહારું હેતુનાં પણ હોય છે. કારણ કે જ્ઞાન મેળવવા પાછળનો એક હેતુ તેની ઉપયોગિતા પાછળનો છે. સંશોધનમાં સમય અને પૈસાનો ખર્ચ થાય છે તેથી આ જ્ઞાન સમગ્ર માનવજાતને ઉપયોગી બને તે સંશોધનનું ધ્યેય હોય છે.

મારા સંશોધનના હેતુઓ નીચે પ્રમાણેના છે.

૧) આંતર–જ્ઞાતિય લગ્ન અને આંતર–ધર્મીય લગ્નનું સ્વરૂપ તપાસવું.
૨) આવા લગ્નો ઉપર અસર કરતાં પરિબળો તપાસવા.
૩) જીવન સાથીની પસંદગીના માપદંડો તપાસવા.
૪) લગ્ન સમયની પરિસ્થિતિ અંગે તપાસ કરવી.
૫) આ પ્રકારના લગ્નોની સમસ્યાઓ જાણવી.
૬) આ પ્રકારના લગ્નો દ્વારા જ્ઞાતિ સંસ્થામાં આવેલ પરિવર્તનો જાણવા.
૭) ગૃહ વિજ્ઞાનના સંદર્ભમાં ગૃહ સંચાલનના વિવિધ પાસાંઓ જેવા કે બજેટ, ઘરની વ્યવસ્થા તપાસવી.
૮) ઘરની રચના કે સુખ સુવિધાઓ અંગેની બાબતો તપાસવી.
૯) આ પ્રકારના લગ્નના પરિણામે ઉભા થતા કૌટુંબિક અનુકૂલનના પ્રશ્નો તપાસવા.
૧૦) આર્થિક અનુકૂલનના પ્રશ્નો તપાસવા.
૧૧) જીવનશૈલીમાં આવેલ પરિવર્તનને સમજવું.

## ૨.૬ અભ્યાસના ખ્યાલો :–

સંશોધન એટલે નવું કંઈક શોધવું. જ્યારે ખ્યાલ એ નિરીક્ષણ કરેલી ઘટના પરથી કરવામાં આવેલી તારવણી છે. ખ્યાલોની સ્પષ્ટતા એ સંશોધન માટેનું હોકાયંત્ર બને છે, જેનાથી સંશોધક સતત રીતે જાગૃત રહીને સંશોધન કાર્યને આગળ ધપાવે છે. ખ્યાલોની સ્પષ્ટતા સંશોધકને માટે ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડની ભૂમિકા નિભાવે છે. તેનાંથી સંશોધન વધુ વૈજ્ઞાનિક અને વાસ્તલક્ષી બને છે. તેથી સામાજીક ઘટનાઓ અંગેના સંશોધનો–અભ્યાસો સમાજમાં બનતી ઘટનાઓને વૈજ્ઞાનિક ઢબે ચકાસીને સમજવાનો પ્રયત્ન, અભ્યાસોમાં થાય છે તેને ખ્યાલો કેટલેક અંશે મદદરૂપ બને છે.

સંશોધન કોઈ છુટાછવાયા નિરીક્ષણોનું પરિણામ નથી. પરંતુ તે એક વૈજ્ઞાનિક પ્રક્રિયા દ્વારા મેળવેલ વ્યવસ્થિત અને અનુભવ સિદ્ધ જ્ઞાન ઉપર આધારિત છે.

જગતમાં અભ્યાસ માટે અનેકવિધ ઘટનાઓ બને છે. પરંતુ સમાજવિજ્ઞાન તેમાંથી મર્યાદિત ઘટનાઓને અભ્યાસ માટે સ્વીકારે છે. આમાં પણ વાસ્તવિકતા સાથે સંબંધ છે. તેને સ્વીકારવામાં આવે છે. આ તારવેલી ઘટનાઓને સમજાવવા માટે ચોક્કસ પ્રતિક સ્વરૂપના અમૂર્ત ખ્યાલો રચવામાં આવે છે. જેને ખ્યાલો તરીકે ઓળખવામાં આવે છે. આ ખ્યાલો સંશોધકને માહિતીના પૃથ્થકરણ અને સંબંધિત માહિતીને વર્ગીકૃત કરવા માટે ઉપયોગી બને છે.

''સામાજિક પૃથ્થકરણની પ્રક્રિયામાં અન્ય માહિતીમાંથી જુદી પાડેલી માહિતીનો એક ભાગ એટલે ખ્યાલ.''''[૫] પી.વી. યંત્ર

'સામાજિક ખ્યાલ એટલે સમાજના વૈજ્ઞાનિક નિરીક્ષણો અને ચિંતન દ્વારા તારવેલા સામાન્ય વિચારો કે જેને વિશિષ્ટ મૌખિક સંકેત તરીકે પણ ઓળખાવી શકાય છે.'' ફેર માઈલ્ડ

''ખ્યાલો એ એવા અમૂર્ત તારણો છે કે જે વાસ્તવિકતાનાં અમુક જ તથ્યોનું પ્રતિનિધિત્વ કરે છે.''''[૬] ગુડ અને હેટ

ટૂંકમાં ખ્યાલો એ કેટલાક તથ્યો પર આધારિત અમૂર્ત વિચાર છે. સિધ્ધાંતનું એક મહત્વપૂર્ણ અંગ છે. ખ્યાલો ઉપકલ્પનાની રચનામાં પણ મદદરૂપ બને છે.

આમ ઉપરોકત વ્યાખ્યાઓ પરથી સંશોધનના ખ્યાલ વિશેની સ્પષ્ટતા મેળવી શકાય છે. દરેક સંશોધનમાં કેટલાક 'શબ્દસમૂહો' 'ખ્યાલો' નો ઉપયોગ કરવામાં આવતો હોય છે. ત્યારે તે ખ્યાલો કયા સંદર્ભમાં ઉપયોગમાં લેવામાં આવ્યા છે, તેની શું વ્યાખ્યા કરવામાં આવી છે, તેના વિશેની સમજૂતિ મેળવવી સ્પષ્ટતા કરવી જરૂરી છે અને કયારેક સંશોધનના સંદર્ભમાં તેની કાર્યકારી વ્યાખ્યા ''Operational Definition'' આપવામાં આવે છે.

**લગ્ન :** લગ્ન માનવજીવનનું અવિભાજ્ય અંગ છે. તેના અભાવમાં વ્યવસ્થિત માનવજીવનની કલ્પના પણ શકય નથી. સમાજશાસ્ત્રીય દષ્ટિએ જોઈએ તો લગ્નની કાયદેસરતા કુટુંબને તેની સામાજિક ભૂમિકા ભજવવા માટેની આવશ્યક પરિસ્થિતિ પૂરી પાડે છે.

**અર્થ અને વ્યાખ્યા :** વેસ્ટર માર્ક ''લગ્ન એક કે વધારે પુરૂષોને એક કે વધારે સ્ત્રીઓ સાથેનો

સંબંધ છે, જેનો સમાજના રિવાજ અથવા કાયદા દ્વારા માન્ય કરાયેલ પધ્ધતિથી સ્વીકાર થયો હોય છે. આ પ્રકારના સંબંધમાં લગ્ન કરનાર વ્યકિતઓ તેમના ભાવિ સંતાનોના કેટલાક હકો અને ફરજોની જવાબદારીનો સ્વીકાર કરીને જાતિય અને સામાજિક સંબંધથી જોડાય છે તેને લગ્ન કહેવામાં આવે છે."[૭]

રવીન્દ્રનાથ મુકરજી "કેટલીક ધાર્મિક વિધિઓ વડે સમાજની માન્યતા પ્રાપ્ત કરેલું સ્ત્રી–પુરૂષનું જોડાણ એટલે હિંદુ લગ્ન, જેનો ઉદ્દેશ્ય ધર્મ કાર્ય, પુત્ર પ્રાપ્તિ અને રતિ પ્રયોજનોને પૂર્ણ કરવાનો છે."[૯]

બોગાર્ડસ :– "લગ્ન એ સ્ત્રી અને પુરૂષને કૌટુંબિક જીવનમાં પ્રવેશ કરાવવાની એક સંસ્થા છે."[૧૦]

**આંતર–જ્ઞાતિય લગ્ન :** આંતર–જ્ઞાતિય લગ્નો એટલે એક વ્યકિતની જ્ઞાતિ બીજી જ્ઞાતિની વ્યકિત સાથે લગ્ન કરે તેને આંતર–જ્ઞાતિય લગ્ન તરીકે ઓળખાવી શકાય. હિન્દુ સમાજમાં વ્યકિતને પોતાની જ જ્ઞાતિમાં લગ્ન કરવા ફરજીયાત હતા. તે જ્ઞાતિ વ્યવસ્થાના મહત્વના લક્ષણો હતાં. અંતર્લગ્ન અને બહિર્લગ્નના રિવાજો જોવા મળે છે. જેમાં ગોત્ર, પ્રવર, લગ્નના નિષેધો જોવા મળે છે. દરેક જ્ઞાતિના લગ્ન વિષયક રીત–રિવાજો, પ્રતિબંધો હોય છે.

આંતર–જ્ઞાતિય લગ્ન એ સમાજમાન્ય ગણવામાં આવતા ન હતા પરંતુ અનુલોમ અને પ્રતિલોમ લગ્નો પણ જોવા મળતા હતા. પરંતુ તેનું પ્રમાણ ઘણું જ ઓછુ હતુ, પરંતુ ઔદ્યોગિકરણ, શહેરીકરણ, વધતુ જતું શિક્ષણનું પ્રમાણ તથા સંચાર વ્યવહાર વધતા આંતર–જ્ઞાતિય લગ્નોનું પ્રમાણ વધ્યું છે.

જેના પરિણામે સમાજમાં બાળલગ્ન, કજોડા લગ્ન અને દહેજ પ્રથા જેવા દુષણો જન્મ પામ્યા. સમાજને આવા દુષણોથી મુકત કરવા માટે સમાજસુધારકોએ જુદી–જુદી જ્ઞાતિ વચ્ચેના લગ્નોને સમર્થન આપ્યું જેને આંતર–જ્ઞાતિય લગ્ન તરીકે ઓળખવામાં આવે છે. રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને સરકારે પણ જુદા–જુદા કાયદાઓ દ્વારા આંતર–જ્ઞાતિય લગ્નને સમર્થન આપેલું છે.

**આંતર–ધર્મીય લગ્ન :–** આંતર–ધર્મીય લગ્ન એટલે એક ધર્મના યુવક કે યુવતી બીજા ધર્મના યુવક કે યુવતી સાથે લગ્ન કરે તેને આંતર–ધર્મીય લગ્ન તરીકે ઓળખાવી શકાય.

ભારતમાં અનેક ધાર્મિક સમૂહોના લોકો વસવાટ કરે છે. જેઓ પરિવર્તનના અનેક પરિબળોને કારણે એકબીજા સાથે સંપર્કમાં આવવાથી આંતર–ધર્મીય લગ્નો થતા જોવા મળે છે. પરંતુ વાસ્તવિકતા જોતા જણાય છે કે આંતર–ધર્મીય લગ્નોને સમાજ દ્વારા માન્યતા જલ્દીથી આપવામાં આવતી નથી. જ્યારે આંતર–જ્ઞાતિય લગ્ન કરનાર લોકોનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. આંતર–જ્ઞાતિય લગ્નની જેમ આંતર–ધર્મીય લગ્નને પણ પ્રોત્સાહન અપાવવા લાગ્યું છે. સાથે ભણવાથી, સાથે કામ કરવાથી અથવા તો સાથે રહેવાથી યુવક યુવતિ લગ્નથી જોડાય છે. જેમાં ધાર્મિક બંધન જોવા મળતું નથી. જે ધર્મનિરપેક્ષતા અને ઉદારતા બતાવે છે.

**જ્ઞાતિ :–** જ્ઞાતિ એ મૂળ પોર્ચ્યુગીઝ શબ્દ (કાસ્ટા) પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ પ્રજાતિ (race) જન્મ અથવા તફાવત થાય છે. જ્ઞાતિ જન્મ પર આધારિત હોવા છતાં એક સામાજિક

અને સાંસ્કૃતિક એકમ તરીકે પોતાનું અસ્તિત્વ ધરાવે છે. જ્ઞાતિ એ જન્મ પર આધારિત એવું સામાજીક સ્તર છે કે જે તેના સભ્યો પર માનપાન, સામાજિક સંપર્ક, રહેણીકરણી, વ્યવસાય, વિવાહ વિગેરે બાબતોમાં કેટલાક વિધિ–નિષેધો મૂકે છે. દરેક જ્ઞાતિઓને પોતાના અલગ–અલગ કુલદેવતાઓ હતા. લગ્ન અને મૃત્યુને લગતા રિવાજોમાં પણ એક જ્ઞાતિ બીજી જ્ઞાતિઓ કરતાં જુદી પડતી. હિન્દુ સમાજમાં આજે આશરે ત્રણ હજાર જેટલી જ્ઞાતિઓ હશે એમ માનવામાં આવે છે.

જ્ઞાતિ વિશિષ્ટ નામ ધરાવતું વિવિધ ગોત્રના કુટુંબવાળા લગ્ન અને ભોજન માટે ચોક્કસ પ્રકારનું નિયમ અપનાવતું ચોક્કસ ધંધો કરતું માનવ જૂથ છે.

રિસ્લી – "કેટલાક કુટુંબો અથવા કુટુંબજૂથના સમૂહ હોય છે. માનવ કે દૈવી એવા કોઈ એક પૌરાણીક પૂર્વજમાંથી ઊતરી આવ્યાનો તેમનો દાવો હોય છે. પેઢી દર પેઢી ચાલ્યો આવતો એકજ વ્યવસાય કરે છે. એમ તેઓ જણાવે છે. આ બાબતમાં અભિપ્રાય આપવાની લાયકાત ધરાવનારાઓના કહેવા મુજબ એક સ્વતંત્ર જાતિય જમાત ગણાય છે."[૧૧]

શ્રીનિવાસ – "જ્ઞાતિ વંશપરંપરાગત આંતરલગ્નની પ્રથા ધરાવતું સામાન્ય રીતે એક જ સ્થળે વસતું જૂથ છે. જ્ઞાતિના પરંપરાગત ધંધાઓ હોય છે જે પેઢી દર પેઢીથી ચાલ્યા આવે છે. જ્ઞાતિના સામાજિક કોટિક્રમમાં તેનું નિશ્ચિત સ્થાન હોય છે. જુદી–જુદી જ્ઞાતિઓ વચ્ચેના સંબંધોનું નિયમન શુદ્ધિ અને અશુદ્ધિના ખ્યાલો વડે થાય છે. સામાન્ય રીતે સાથે બેસીને ભોજન કરવાનો રિવાજ સૌથી વિશેષ જ્ઞાતિની અંદર જ હોય છે."[૧૨]

**ગૃહ સંચાલન :–** સમાજ વ્યવસ્થામાં વ્યકિતના લિંગ અને જાતિ પ્રમાણે કાર્ય વિભાજન કરવામાં આવતું હોય છે. સમયાંતરે આ શ્રમવિભાજનમાં સમાજની જરૂરિયાત પ્રમાણે તેમાં પરિવર્તન આવે છે. પ્રાચીન સમયમાં વ્યકિતની શારીરિક શકિતની આધારે શ્રમવિભાજન કરવામાં આવતું. જેમાં પુરૂષો શારીરિક શ્રમના કાર્યો કરતાં જ્યારે સ્ત્રીઓ હળવા કાર્ય કરતી. જ્યારે પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાની રચના થતા પુરૂષોએ ઘર બહારના તથા સ્ત્રીઓએ ઘરના કાર્યો કરવાના રહેતા. અને જે અંગેની તાલીમ અને શિક્ષણ ઘરમાં જ માતા દ્વારા આપવામાં આવતું હતું. પરંતુ વર્તમાન સમયમાં ગૃહ સંચાલન અંગેની તાલીમ વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા જુદી–જુદી સંસ્થાઓ દ્વારા આપવામાં આવે છે.

ગૃહવ્યવસ્થાને કૌટુંબિક જીવનનું વહીવટી પાસું કહી શકાય. જેમાં માનસિક અને શારીરિક કાર્યો થાય છે. ગૃહસંચાલનમાં સમય અને શકિતનો બચાવ કેવી રીતે કરવો, ગૃહ સંચાલન માટેનું બજેટ કેવી રીતે બનાવવું, કુટુંબના ધ્યેયો નક્કી કરવા, તથા સંચાલન અંગેના નિર્ણયો લેવા, વિગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. કુટુંબમાં સાધનસંપત્તિના જથ્થાને ધ્યાનમાં રાખીને જ્યારે કોઈપણ પ્રશ્નનો ઉકેલ લાવવાનો હોય અથવા ઘણાં બધા વિકલ્પોમાંથી એક વિકલ્પની પસંદગી એટલે નિર્ણય. એસ્થર ક્રિયુ બ્રૈટન (Eusther Crew Bratton) નિર્ણય ગૃહવ્યવસ્થાનો સૌથી નાનો એકમ છે, પરંતુ તે ભૌતિકવિજ્ઞાનના અણુ સમાન છે. માટે નિર્ણયનું પાલન કરવા માટે આયોજન કરવામાં આવે છે. જેમાં સમય, શકિત અને નાણાંનું આયોજન કરવામાં આવે છે.

ત્યારે કુટુંબ વિતેલા સમયને ધ્યાનમાં રાખીને આયોજનનું મૂલ્યાંકન કરે છે અને જાણી શકે છે કે કાર્ય કે ધ્યેય કેટલે અંશે સફળ થયું છે. આ ઉપરથી જાણી શકાય કે વ્યવસ્થાની પ્રક્રિયામાં ત્રણ પ્રવૃત્તિઓ હોય છે તે છે આયોજન, અમલ, મૂલ્યાંકન. આ ત્રણે પ્રવૃત્તિઓ માટે ચોક્કસ સમય હોય છે.

ગ્રોસ અને કેન્ડલના મતે "ગૃહવ્યવસ્થાનો અભિપ્રાય આપણી ઉપલબ્ધ સાધનોના વધારેમાં વધારે ઉપયોગથી પોતાની ઈચ્છીત લક્ષ્યોની પ્રાપ્તિ કરવાનો છે."

## ૨.૭ સંશોધનની ઉપકલ્પનાઓ :–

માનવીને ઈશ્વરે બુધ્ધિની વિશિષ્ટ ભેટ આપી છે. જેની મદદથી માનવી એક પછી એક પ્રકૃતિના પરિબળોને નાથવા અને તેને માનવ કલ્યાણમાં રોકવા શકિતમાન બન્યો છે. વિવિધ વૈજ્ઞાનિક શોધખોળ અને તેના પરિણામે સુલભ બનતી જીવનની સુખ સગવડતા અંતે તો માનવ બુધ્ધિનું જ પ્રદાન છે. અત્યારે માનવી પ્રકૃતિનાં વિવિધ પરિબળોને સમજવા, તેની આગાહી કરવા અને તેનું નિયમન કરવા શકિતમાન બન્યો છે. તેનું કારણ તેની વિચારશકિત છે. તેથી જ વર્ષો પહેલાં એરિસ્ટોટલે માનવીને વિચારશીલ પ્રાણી તરીકે બિરદાવેલ છે.

વિચાર કરવો, તર્ક કરવા, દલીલ કરવી વગેરે માનવીને માટે સહજ અને સુલભ પ્રક્રિયા છે. તેમ છતાં માણસ જે કંઈ વિચાર, તર્ક કે દલીલ કરે તે હંમેશા સત્ય જ હોય તેમ માનવાને કારણ નથી. તેથી આપણને સ્વાભાવિક એવો પ્રશ્ન થાય કે વિચાર યથાર્થ કયારે કહી શકાય ? એવા કોઈ નિયમ કે ધોરણ ખરાં કે જેનાથી આપણે વિચારેલ કે કલ્પના કરેલ ઘટના યથાર્થ સ્વરૂપ ધારણ કરે. તે માટે સામાજિક સંશોધન જરૂરી છે. અને સંશોધનમાં જે ઉપકલ્પના વિચારો હોય તે સાબિત કરવામાં આવે છે.

દરેક વૈજ્ઞાનિક સંશોધનમાં ઉપકલ્પનાનું ઘણું મહત્વ છે. ઉપકલ્પના વગર આગળ વધવું શકય જ નથી. ઉપકલ્પનાનું કાર્ય અમુક નિશ્ચિત હકીકતોનો ખુલાસો સૂચવવાનું છે. સંશોધનને માર્ગદર્શન આપવાનું છે.

સામાજિક સંશોધનમાં ઉપકલ્પના ઘણી મહત્વની બાબત છે. સામાજિક સંશોધનમાં વૈજ્ઞાનિક–પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. તેથી તેની સૌથી મહત્વની બાબત ઉપકલ્પનાનું ઘડતર છે. સામાજિક સંશોધનની શરૂઆત કોઈ અનિશ્ચિત પરિસ્થિતિમાં થાય છે. ઉપકલ્પના દ્વારા આવી અનિશ્ચિત પરિસ્થિતિને દિશા આપવામાં આવે છે. ઉપકલ્પના એક એવું વિધાન છે જેની સચ્ચાઈની ચકાસણી કરવાની બાકી હોય છે.

સંશોધનનો પ્રારંભ કરતી વખતે સૌ પ્રથમ પ્રશ્ન સમસ્યાના ઘડતરનો છે. આવી સમસ્યા સંશોધક સાહિત્ય, પૂર્વજ્ઞાન અથવા તો અનુભવ ઉપરથી ઘડે છે. જ્યારે સમસ્યાને વિધાનોમાં (Proposition) રજૂ કરવામાં આવે તેને ઉપકલ્પના તરીકે ઓળખવામાં આવે છે. આમ ઉપકલ્પના દ્વારા સમસ્યાને સ્પષ્ટ રૂપ આપવામાં આવે છે. સારી ઉપકલ્પના એને જ ગણાવી શકાય જે જેની શોધ કરવાની છે તે સ્પષ્ટ કરતી હોય. આવી ઉપકલ્પનાને આધાર માનીને તથ્યો એકત્ર કરવામાં આવે છે. અને પ્રાપ્ત માહિતીના આધારે જો ઉપકલ્પના ખોટી સાબિત થાય તો

તેનો સ્વીકાર કરી શકાતો નથી.

ઉપકલ્પના એટલે અસ્થાયી સામાન્યીકરણ જેની સચ્ચાઈની પ્રતીતિ કરવાની બાકી હોય છે. વિજ્ઞાનનો સ્વભાવ શંકાશીલ છે. કોઈ પણ વાતની પ્રતીતિ કર્યા વગર, તેને સિધ્ધ કર્યા વગર, વિજ્ઞાન એનો સ્વીકાર ન જ કરે. વિજ્ઞાનની શંકાવૃત્તિનું ઉદાહરણ એટલે ઉપકલ્પના.

ઉપકલ્પના સમગ્ર સંશોધન પ્રક્રિયાને સુવ્યવસ્થિત અને સુનિશ્ચિત બનાવે છે. એટલું જ નહીં પરંતુ સંશોધનના પ્રત્યેક તબક્કે ઉપકલ્પના ઉપયોગી ભૂમિકા ભજવે છે, એટલે ઉપકલ્પનાને સંશોધનની માર્ગદર્શક દિપીકા તરીકે ઓળખવામાં આવે છે.

સામાજિક સંશોધનમાં ઉપકલ્પનાનું વિશેષ મહત્વ સ્વીકારવામાં આવ્યું છે, પરંતુ ઉપકલ્પનાની રચના માટે જે તે સંશોધન સમસ્યાના ક્ષેત્રો પૂર્વે થયેલાં સંશોધનોનો આધાર અને માહિતી હોવી જરૂરી છે.

શરૂઆતમાં ઉપકલ્પના કામચલાઉ હોય છે. પરંતુ જેમ જેમ સંશોધન કાર્ય આગળ વધતું જાય તેમ તેમાં પરિવર્તન થતું જાય છે. ગમે તેવી કલ્પનાને ઉપકલ્પના કહી શકાય નહી. ઘટનાને સમજવા માટે રચાયેલ કલ્પનાને ઉપકલ્પના ગણી શકાય. ઉપકલ્પના સમસ્યાને વૈજ્ઞાનિક રીતે જોવાની આંખો છે.

લુન્ડબર્ગ કહે છે, "ઉપકલ્પના એક એવું કામચલાઉ વિધાન સામાન્યીકરણ છે. જેની યથાર્થતા ચકાસવાની બાકી હોય છે."[૧૩]

પી.વી. યંગના મતે "ઉપકલ્પના એક એવો કામચલાઉ કેન્દ્રિય વિચાર છે જે ફળદાયી સંશોધનનો આધાર બને છે."[૧૪]

બ્લેક કહે છે "ઉપકલ્પના એવું વિધાન છે જે ચોક્કસપણે સાચું છે કે ખોટું છે તે આપણે જાણતા નથી, પરંતુ તેની સત્યતા નિર્ધારિત કરવા માટે તેની ચકાસણી કરવાની હોય છે."[૧૫]

ગુડે અને હટ્ટ ઉપકલ્પનાની સમજૂતી આપતાં લખે છે કે "વૈજ્ઞાનિક સંશોધનની શરૂઆત કરવા માટે વિજ્ઞાનીએ કે સંશોધકે કોઈ પ્રશ્નરૂપ વિધાન રચવું પડે છે અને તેના આધારે વૈજ્ઞાનિક સંશોધનનો પ્રારંભ કરવામાં આવે છે. આ પ્રશ્નરૂપ વિધાનને ઉપકલ્પના તરીકે ઓળખવામાં આવે છે."[૧૬]

ઉપકલ્પનાના કેટલાંક લક્ષણો બતાવવામાં આવ્યા છે.

૧) ઉપકલ્પના સ્પષ્ટ હોવી જોઈએ.
૨) ઉપકલ્પનાનો પ્રયોગસિધ્ધ સંબંધ હોવો જોઈએ.
૩) ઉપકલ્પના વિશિષ્ટ હોવી જોઈએ.
૪) ઉપકલ્પના પધ્ધતિ સાથે સંબંધિત હોવી જોઈએ.
૫) ઉપકલ્પનાનો સંબંધ સિધ્ધાંત સાથે આધારિત હોવો જોઈએ.

### ✯ ઉપકલ્પનાના ઘડતરમાં મુશ્કેલી :

ઉપકલ્પનાના ઘડતરમાં કેટલીક સાવધાની રાખવી પડે છે. ઉપકલ્પનાના ઘડતરમાં કેટલીક મુશ્કેલીઓ આવે છે. ઉપકલ્પનાના ઘડતરમાં એટલો સમય લાગે છે કે સંશોધક પોતાની ધીરજ ગુમાવી બેસે છે. મુખ્ય મુશ્કેલીઓ આ પ્રમાણેની છે.

૧) કેટલીક વખત સંશોધક પાસે પોતાના વિષયનું સૈધ્ધાંતિક જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

૨) સૈધ્ધાંતિક જ્ઞાન પ્રાપ્ત થયા પછી મુખ્ય મુશ્કેલી એ જોવા મળે છે કે તર્કપૂર્ણ પ્રયોગની યોગ્યતા પ્રાપ્ત થતી નથી.

૩) કેટલીક વખત સંશોધક પાસે પોતાના વિષયનું કોઈપણ જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

૪) કેટલીક વખત ઉપકલ્પનાના નિર્માણ માટેની યોગ્ય પધ્ધતિનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

ઉપકલ્પના સમગ્ર સંશોધનનું કેન્દ્રિય પાસું છે. જેની ઉપર જ સમગ્ર સંશોધનનો આધાર છે. એક પ્રકારે જોઈએ તો ઉપકલ્પના સમગ્ર સંશોધનની ધરી છે. ઉપકલ્પના સંશોધનની ભાત, પધ્ધતિ, પ્રયુક્તિ બધું જ નક્કી કરે છે. ઉપકલ્પના વગરનાં સંશોધનો લંગર વિનાના જહાજ જેવા છે. જેવી રીતે ધ્રુવ તારો અજાણ્યા મુસાફરોને રસ્તો બતાવે છે. તેવી જ રીતે ઉપકલ્પના સંશોધકને રાહ બતાવે છે.

ઉપકલ્પના સંશોધનનું ખૂબ જ મહત્વપૂર્ણ અને આધારભૂત સોપાન છે. સમગ્ર સંશોધનની રૂપરેખા અને પરિણામ ઉપકલ્પના ઉપર આધારિત છે. જહોડા અને વિદ્વાનોએ સાચું જ લખ્યું છે "વ્યવહારમાં કોઈ પણ સંશોધનનો સૌથી વધુ જટિલ ભાગ તે તેનો આરંભ છે. અભ્યાસના અન્ય સ્તરોનું કોઈ મહત્વ નથી રહેતું. જો તેનો આરંભ ખોટો થયો હોય."[૧૭]

આ બાબત પરથી સ્પષ્ટ થાય છે કે ઉપકલ્પના સંશોધનમાં ઘણો જ મહત્વનો ભાગ ભજવે છે.

ઉપકલ્પના સંશોધનનું કેન્દ્રબિંદુ નક્કી કરે છે અને સંશોધકને ભટકતાં બચાવે છે. કઈ માહિતી પ્રાપ્ત કરવા જેવી છે તે ઉપકલ્પનાના આધારે નક્કી કરી શકાય છે.

ઉપકલ્પના સંશોધનમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. તેના દ્વારા જ સંશોધનની શરૂઆત થાય છે. સંશોધન સમસ્યા અંગેની ધારણા સાચી છે કે ખોટી તેની વૈજ્ઞાનિક રીતે ચકાસણી કરવા કેટલીક ઉપકલ્પનાઓનું નિર્માણ કરવું જરૂરી છે.

પ્રસ્તુત સંશોધન માટે નીચે દર્શાવેલી ઉપકલ્પનાઓની રચના કરેલી છે જે સંશોધન દ્વારા ચકાસવામાં આવે છે.

૧) આંતર જ્ઞાતિય અને આંતર ધર્મીય લગ્નોમાં આંતર જ્ઞાતિય લગ્નોનું પ્રમાણ વિશેષ હોય છે.

૨) આંતર જ્ઞાતિય અને આંતર ધર્મીય લગ્ન કરેલ યુવક–યુવતિઓ બંનેને અનુકૂલન કરવું પડે છે.

૩) આંતર જ્ઞાતિય કરતા આંતર ધર્મીય લગ્ન કરનાર યુવતિઓને ગૃહ સંચાલનમાં મુશ્કેલીઓ વધુ નડે છે.

૪) શિક્ષિત યુવતિઓમાં ગૃહવ્યવસ્થા અંગેનું સૈધ્ધાંતિક જ્ઞાન હોય છે.

૫) ગામડા કરતાં શહેરમાં આંતર જ્ઞાતિય અને આંતર ધર્મીય લગ્ન કરનાર લોકોનું પ્રમાણ વિશેષ હોય છે.

૬) આ પ્રકારના લગ્નની દરખાસ્ત મોટાભાગે યુવકો દ્વારા કરવામાં આવે છે.

૭) આ પ્રકારના લગ્ન કરનાર યુવતિઓને પિયરપક્ષ તરફથી સહકાર પ્રાપ્ત થતો નથી.

૮) આ પ્રકારના લગ્ન કરનાર યુવતિઓને સાસરીયાપક્ષ તરફથી સહકાર પ્રાપ્ત થતો નથી.

૯) આ પ્રકારના લગ્ન કરનાર યુવતિઓને ગૃહ સંચાલનમાં પતિનો સાથ સહકાર પ્રાપ્ત થાય છે.

૧૦) આ પ્રકારના લગ્ન કરનાર યુવતિઓ નિર્ણયની પ્રક્રિયામાં ભાગ વધુ લે છે.

૧૧) શહેરીકરણ અને વિકાસની અસર આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન પર વધુ થાય છે.

૧૨) યુવતિઓના ભાવિ જીવનસાથીની અને આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નની સંકલ્પનાઓ કેવા સ્વરૂપની છે તે જાણવું.

૧૩) પરંપરાગત લગ્નમાં પસંદગીનું ક્ષેત્ર, ધોરણો અને પસંદગીના નિર્ણાયક માપદંડો અને વિધિઓમાં પરિવર્તન આવ્યું છે.

૧૪) લગ્ન અંગેના પરંપરાગત મૂલ્યો, ખ્યાલોને ત્યાગી દેવામાં આવ્યા છે.

૧૫) ઉચ્ચશિક્ષણ અને આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્ન વચ્ચે સહસંબંધ છે.

આમ યુવતિઓમાં લગ્ન અંગેની જુદી જુદી બાબતોને ધ્યાનમાં રાખીને આંતર–જ્ઞાતિય આંતર–ધર્મીય લગ્નમાં કેવા ખ્યાલો પ્રવર્તે છે તે તપાસવા માટે ઉપરોકત ઉપકલ્પનાઓની રચના કરવામાં આવી છે.

## ૨.૮ અભ્યાસનું મહત્વ :–

ભારતીય સમાજ વ્યવસ્થામાં આવતા પરિવર્તનોને સમજવામાં આ સંશોધન ઘણું જ મહત્વનું બની રહેશે. હિંદુ સમાજ વ્યવસ્થાની મુખ્ય સંસ્થા તરીકે લગ્ન અને કુટુંબ સંસ્થા અસ્તિત્વ ધરાવે છે. તેમાં આવેલાં પરિવર્તનોને આ અભ્યાસ દ્વારા સમજી શકાય છે. હિંદુ લગ્ન વ્યવસ્થામાં સૌથી મોટું પરિવર્તન આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન છે. પરંપરાગત સમાજમાં વ્યકિત પોતાની જ જ્ઞાતિમાં અને પોતાના ધર્મમાં જ લગ્ન કરી શકતા હતા. આ માટેના નિયમો ઘણાં જ કડક હતાં. આવા નિયમોના પરિણામે કેટલાક દુષ્પરિણામો પણ જોવા મળતા જેવા કે બાળ લગ્ન, કજોડા લગ્ન, દહેજ પ્રથા આવા દુષણોને દૂર કરવા આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નોને સમર્થન અપાયું.

રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને સરકારે પણ હિન્દુ મેરેજ એકટ અમલમાં મૂકયો. જેના પરિણામે આવા લગ્નોને પ્રોત્સાહન મળ્યું. સ્ત્રી શિક્ષણનો વિકાસ થવાથી આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નની સંખ્યા વધવા લાગી. આ ઉપરાંત શહેરીકરણ, પશ્ચિમી શિક્ષણનો પ્રભાવ,ઊંચી વય વિગેરેને પરિણામે આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નને પ્રોત્સાહન મળ્યું. આમ હિન્દુ લગ્નમાંથી જ્ઞાતિ અને ધર્મના બંધન ઢીલા પડતા જાય છે જેમાં ધર્મ નિરપેક્ષતા અને ઉદારવાદી વલણ જોવા મળે છે.

વર્તમાન સમયમાં લગ્નમાં જ્ઞાતિ કે ધર્મને બદલે શિક્ષણ, દેખાવ, જીવનસાથીનો સ્વભાવ, વ્યવસાય, આર્થિક પરિસ્થિતિ જેવા અનેક માપદંડોને આધારે જીવનસાથીની પસંદગી કરવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસ દ્વારા વર્તમાન સમયમાં લગ્ન સંસ્થાનું બદલાતું જતું સ્વરૂપ અને પ્રકારોને સમજી શકાશે. આ ઉપરાંત જ્ઞાતિના લગ્નના રીતરિવાજો, ધોરણો કે પરંપરાઓમાં કેટલે અંશે પરિવર્તન આવ્યું છે તે પણ જાણી શકાશે. આ અભ્યાસ એ સૈધ્ધાંતિક દષ્ટિએ સમાજશાસ્ત્ર અને ગૃહ સંચાલનના ક્ષેત્રમાં ગૃહ સંચાલનમાં બદલાતા જતા જીવનસાથીના માપદંડો કેવી અસર કરે છે, લગ્ન સંસ્થામાં આવતા પરિવર્તનો ગૃહ વ્યવસ્થામાં કેવા પરિણામો નિપજાવે છે તેને સમજવામાં મદદરૂપ બની શકશે. તેમજ આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નોનું પ્રમાણ વધે છે કે ઘટે છે ? લોકો શા માટે આ પ્રકારના લગ્નો કરવા લાગ્યા ? તેના કારણે સમાજના સામાજિક નિયંત્રણો કરતા સામાજિક કાયદાઓ, રૂઢિઓ શિથિલ થયા છે કે કેમ તે જાણી શકાશે.

આ ઉપરાંત આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલ યુવતિઓને ગૃહ સંચાલનમાં કેવા પ્રકારનું અનુકૂલન કરવું પડે છે. કયા પક્ષ દ્વારા, કોના દ્વારા સહકાર પ્રાપ્ત છે. કયા ક્ષેત્રોમાં સંઘર્ષની પરિસ્થિતિ ઉદ્ભવે છે. તેઓ માનસિક તંગદિલી અનુભવે છે કે કેમ ? ગૃહ સંચાલનમાં નિર્ણયની પ્રક્રિયામાં અન્ય સ્ત્રીઓ કરતાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલ યુવતિઓ વધુ ભાગ લે છે ? આવી અનેક બાબતો અને પાસાંઓને સમજવામાં આ અભ્યાસ ઘણોજ ઉપયોગી બની રહેશે તેમજ સમાજમાં આવતા ઝડપી પરિવર્તનો અને કૌટુંબિક સંબંધો અને લગ્નના સંબંધોમાં આવતા પરિવર્તનોને સમજવામાં આ અભ્યાસ ઘણોજ ઉપયોગી પૂરવાર થશે.

આમ સૈધ્ધાંતિક અને વ્યવહારિક બંને દષ્ટિકોણથી પ્રસ્તુત સંશોધન ઘણું મહત્વ ધરાવે છે.

## ૨.૯ અભ્યાસ ક્ષેત્ર

જ્યારે સંશોધન આયોજન કરવામાં આવે ત્યારે સંશોધનના હેતું, સમય અને નાણાંને નજર સમક્ષ રાખીને આયોજન કરવાનું હોય છે. આ દરેક બાબતને નજર સમક્ષ રાખીને સંશોધનનું ક્ષેત્ર નક્કી કરવામાં આવે છે. દરેક અભ્યાસનું સંશોધન ક્ષેત્ર અલગ–અલગ હોય છે.

કોઈપણ સંશોધનમાં રાષ્ટ્ર, રાજ્ય, શહેર કે ગામડાનાં કોઈપણ ભૌગોલિક વિસ્તારની સમસ્ત વસ્તીનો ભાગ્યે જ અભ્યાસ કરવામાં આવે છે. તેથી સંશોધન ક્ષેત્ર પસંદ કરવું જરૂરી બને છે. કારણ કે સંશોધનમાં સામાન્ય રીતે બધાં જ એકમોનો અભ્યાસ કરી શકાતો નથી. એટલું જ નહિ, પણ કેટલીકવાર ચોકસાઈ પણ આવતી નથી. તેથી સમય, શકિત અને નાણાંકીય મર્યાદાને ધ્યાને લઈને સંશોધન ક્ષેત્ર પસંદ કરવું જરૂરી છે. રોજિંદા જીવનમાં પણ આપણે બધા એકમો નહિ પણ થોડા કે અમુક એકમોને અભ્યાસના એકમ તરીકે પસંદ કરીએ છીએ. સંશોધન ક્ષેત્રની પસંદગી કરવાથી સંશોધન અભ્યાસ ચોકસાઈપૂર્વક, ઉંડાણપૂર્વક અને દીર્ઘદ્રષ્ટિથી થઈ શકે છે. ઉપરાંત ગમે તે સામાજિક સંશોધનમાં જે ક્ષેત્રનો અભ્યાસ કરવાનો હોય તેના પ્રતિનિધિરૂપ નમૂનો પસંદ કરવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટ્રના પોરબંદર અને જુનાગઢ જિલ્લાને અભ્યાસ ક્ષેત્ર તરીકે પસંદ કરવામાં આવેલા છે. સૌરાષ્ટ્ર વિસ્તાર ભારતના પશ્ચિમ કિનારે આવેલા ગુજરાતનો એક ભાગ છે. ગુજરાતને ભૌગોલિક રીતે ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે. (૧) દક્ષિણ ગુજરાત (૨) મધ્ય ગુજરાત (૩) સૌરાષ્ટ્ર. સૌરાષ્ટ્ર એ ભૌગોલિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિમાં વૈવીધ્ય ધરાવતો વિસ્તાર છે. ભૌગોલિક, સાંસ્કૃતિક પરિસ્થિતિની અસર માનવ સમુદાયના રિતરિવાજો ઉપર પ્રભાવ પાડે છે. તેથી આ વિસ્તારને સંશોધન ક્ષેત્ર તરીકે પસંદ કરવામાં આવેલો છે.

પોરબંદર ૨૧.૧૫˚ ઉતર અક્ષાંશ અને ૭૦.૨૫˚ પૂર્વ રેખાંશ પર આવેલું છે. પોરબંદરને જિલ્લા તરીકેનો દરજ્જો તા. ૨–૧૦–૯૭ ના રોજ મળ્યો. તે પહેલાં પોરબંદર જુનાગઢ જિલ્લામાં ગણાતું હતું. પોરબંદર જિલ્લામાં ત્રણ તાલુકા આવેલા છે. આ જિલ્લામાં કુલ ૧૮૨ ગામ છે. જિલ્લાના ૫ શહેર છે.

જુનાગઢ નગર ૨૧.૩૧˚ ઉતર અક્ષાંશ પૂર્વ રેખાંશ ૭૦.૨૭˚ ઉપર આવેલું છે. જુનાગઢમાં પૂર્વ પુરાણ પ્રસિદ્ધ દામોદર કુંડ, ગિરનાર પર્વત આવેલા છે. પશ્ચિમે મોટું તળાવ, સરદાર બાગ, મોતી બાગ છે. વળી કોડીનારનો જુનાગઢ જિલ્લા સાથે સમાવેશ કરી સૂત્રાપાડાનો નવો તાલુકો રચવામાં આવ્યો છે. જુનાગઢમાં કુલ ચૌદ (૧૪) તાલુકા મળી જુનાગઢ જિલ્લાની વસ્તી ૨૦૦૧ પ્રમાણે ૨૪,૪૮,૪૨૭ લોકોની હતી.

પ્રસ્તુત અભ્યાસમાં પોરબંદર અને જુનાગઢ જિલ્લાના ૯ તાલુકાનો અભ્યાસ ક્ષેત્રમાં નિર્દેશ પસંદ કરેલ ઉત્તરદાતાના આધારે સમાવેશ કરેલ છે. આમ અભ્યાસક્ષેત્રની પસંદગીમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલ યુવતિઓ જે ગામોમાંથી મળેલ છે તેનો અભ્યાસ ક્ષેત્રમાં સમાવેશ કરેલ છે.

સૌરાષ્ટ્રનો આ વિસ્તાર વિવિધ રીતે વિવિધતા ધરાવતો વિસ્તાર છે.

## ૨.૧૦ સંશોધનમાં ઉપયોગમાં લીધેલી પધ્ધતિઓ અને પ્રવિધિઓ :–

ઉપકલ્પના ઘડતર પછીનું મહત્વનું સોપાન સંશોધનમાં ઉપયોગમાં લેવાયેલી પધ્ધતિઓની રજૂઆત અંગેનું હોય છે.

માહિતી પ્રાપ્ત કરવા માટે સૌ પ્રથમ આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન પરનાં પુસ્તકો, સંશોધનો, સામાયિકો, વર્તમાન પત્રોમાંથી વિષયક માહિતી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આમ ગૌણ માહિતી દ્વારા સંદર્ભ સાહિત્ય પ્રાપ્ત કરવામાં આવ્યું.

ત્યારબાદ ક્ષેત્રકાર્ય દ્વારા વિવિધ સંશોધન પ્રયુકિતના આધારે પ્રાથમિક માહિતી એકત્ર કરવામાં આવી છે. આ સંશોધન પધ્ધતિઓ મુખ્યત્વે આ પ્રકારની છે.

### ✲ નિદર્શન :

નિદર્શન જ્યારે મૂડી ઓછી માત્રામાં હોય ત્યારે સામાજિક ઘટનાઓના અભ્યાસમાં નિદર્શન પધ્ધતિ દ્વારા કરવામાં આવે છે કે કેમ ? આ પધ્ધતિમાં વિષય સંબંધિત બધા જ એકમોનો

અભ્યાસ કરવામાં ન આવતાં કેટલાક એકમોની પસંદગી કરવામાં આવે છે. જે સમગ્રતાનું પ્રતિનિધિત્વ કરે છે. ગુડે તેમજ હટના જણાવ્યા પ્રમાણે "નિર્દશન એક એવું નામ છે જે વિશાળ સમષ્ટિનું નાનું પ્રતિનિધિત્વ કરે છે."[૧૮]

પ્રસ્તુત અભ્યાસમાં ગૃહ સંચાલન પધ્ધતિ, નિરીક્ષણ, મૂલાકાત અનુસૂચિ તથા વ્યકિત તપાસ પધ્ધતિનો ઉપયોગ કર્યો છે. તેમજ સરળ યદચ્છ નિદર્શનના આધારે ઉત્તરદાતાની પસંદગી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના બે જિલ્લા જુનાગઢ, પોરબંદર જિલ્લાના કુલ ૧૨૫ નો સમાવેશ કરવામાં આવ્યો છે. નિદર્શનની પસંદગી આકસ્મિક હેતુપૂર્વકની કરવામાં આવી છે.

## ✲ મુલાકાત માર્ગદર્શિકા :

મૂલાકાત માર્ગદર્શિકા દ્વારા ખાસ કરીને આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલી યુવતિઓના ગૃહ સંચાલન અંગેના વિચારો જેવા કે બજેટ, સમય આયોજન, શકિતનું આયોજન, પૈસાનું આયોજન, કુટુંબના ધ્યેયો, લક્ષ્યો તેમજ જીવનસાથીની પસંદગી અંગેના ખ્યાલો અંગેની માહિતી મેળવવાના પ્રયત્ન કરવામાં આવ્યા છે.

## ✲ મુલાકાત અનુસૂચિ :

મુલાકાત અનુસૂચિએ સંશોધન સમસ્યાના સંદર્ભમાં રચવામાં આવેલું પત્રક છે. સંશોધક ઉત્તરદાતાને રૂબરૂ મળીને પ્રશ્ન પૂછીને માહિતી પ્રાપ્ત કરે છે. સંશોધનકર્તા પાસે જ આ પત્રકમાં ભરે છે. ગુડે અને હટના મતે "મુલાકાત અનુસૂચિ એ પ્રશ્નોનો સંકુલ છે. તે શ્રેણીબધ્ધ પ્રશ્નોનું બનેલું પત્રક છે. મુલાકાત લેનાર અભ્યાસ હેઠળની વ્યકિતને રૂબરૂ મળીને પત્રક અનુસાર પ્રશ્નો પૂછે અને મળતાં જવાબો આ પત્રકમાં મુલાકાત લેનાર પોતે જ ભરે છે.

મોઝર અને કાલ્ડનના મતે "માહિતીદાતા પાસેથી અમુક માહિતી મેળવવાના હેતુ સાથે મુલાકાત લેનાર અને ઉત્તરદાતા વચ્ચે થતી હેતુપૂર્વકની વાતચીતને મુલાકાત કહેવાય."[૧૯]

સંશોધન માટે જરૂરી માહિતી મેળવવા એક અનુસૂચિની રચના કરવામાં આવી હતી. જેમાં કુલ ૮૦ પ્રશ્ન સમાવવામાં આવ્યા હતા. મુલાકાત અનુસૂચિના મુખ્યત્વે ૩ વિભાગો પાડેલા છે.

૧) જેમાં પ્રથમ વિભાગમાં ઉત્તરદાતાની વ્યકિતગત અને કૌટુંબિક માહિતી એકત્રિત કરવામાં આવી છે.

૨) જેમાં ઉત્તરદાતાનું વય જૂથ, જ્ઞાતિ, ધર્મ, તેના પતિનો ધર્મ, જ્ઞાતિ, શૈક્ષણિક દરજ્જો, વ્યવસાય અને કુટુંબનો પ્રકાર, કદ, કુટુંબના સભ્યોની શૈક્ષણિક, વૈવાહિક દરજ્જો અને આર્થિક બાબતો અંગેની માહિતી એકત્રિત કરવામાં આવી છે. આ વિભાગમાં ઉત્તરદાતાની જીવનસાથી પસંદગી, લગ્નનું સ્વરૂપ, લગ્ન સમયની પરિસ્થિતિ વિગેરે જેવા પાસાંઓને ધ્યાનમાં રાખીને કુલ ૩૪ પ્રશ્નોનો સમાવેશ કરેલ છે.

૩) વિભાગ ત્રણમાં ગૃહવિજ્ઞાનના સંદર્ભમાં ગૃહ સંચાલનના વિવિધ પાસાંઓ જેવા કે બજેટ, ઘરની વ્યવસ્થા, ઘરની રચના તથા આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્નોને કારણે

ઉદ્દભવતા પ્રશ્નોના અનુકૂલનને સમજવાનો પ્રયત્ન કરેલ છે. આ વિભાગમાં ૪૬ પ્રશ્ન મૂકેલ છે. આમ મુલાકાત અનુસૂચિમાં કુલ ૮૦ પ્રશ્નો દ્વારા સમગ્ર અભ્યાસના હેતુઓ અને ઉપકલ્પનાઓને ધ્યાનમાં રાખીને માહિતી એકત્ર કરેલ છે. મૂલાકાત અનુસૂચિમાં કેટલાક બંધ પ્રકારના તો કેટલાક ખુલ્લા પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ૨.૧૧ વર્ગીકરણ અને વિશ્લેષણ :–

સંશોધનની વિવિધ પધ્ધતિઓ જેવી કે નિદર્શન, મુલાકાત માર્ગદર્શિકા અને મુલાકાત અનુસૂચિના આધારે પ્રાપ્ત થયેલી માહિતીને ચોક્કસ અને તાર્કિક સ્વરૂપે રજૂ કરવા માટે માહિતીનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. માત્ર માહિતી એકઠી કરવાથી સંશોધન કાર્ય પૂરૂં થતું નથી. પરંતુ તેનું પૃથ્થકરણ અને રજૂઆત એટલાં જ મહત્વના છે. સંશોધકે કુશળતા પૂર્વક પૃથ્થકરણ કરીને જડવિગતોમાં ચેતન પૂરવાનું હોય છે.

અહીં સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને વિવિધ કોઠાઓ દ્વારા માહિતીની લાક્ષણિકતાઓ પ્રગટ કરવામાં આવેલી છે. તેમજ માહિતીનું અર્થઘટન કરીને તારણો તારવવામાં આવેલા છે.

## ૨.૧૨ પ્રકરણીકરણ :–

"આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓની અનુકૂલનની સમસ્યાઓ" આ શીર્ષક હેઠળ મહાનિબંધ તૈયાર કરવામાં આવ્યો છે.

દરેકની ગૃહસંચાલનની એક ચોક્કસ રીત અથવા રૂઢિ હોય છે. જે જ્ઞાતિ કે સ્થળ પ્રમાણે અલગ અલગ જોવા મળે છે. જેના કારણે તેને અનેક અનુકૂલનો સાધવા પડે છે. અને ન સધાય તો અનુકૂલનની અનેક સમસ્યાઓ ઉદ્‌ભવે છે. ત્યારે કેવા કેવા પ્રશ્નો ઊભા થાય છે, યુવતિ કયાં સુધી અનુકૂલન સાધી શકે છે વિગેરે જાણવા માટે આ સંશોધન મેં હાથ ધર્યુ છે. આ અંગેની આછી રૂપરેખા પ્રાપ્ત કરવા માટે નીચે પ્રમાણેના પ્રકરણીકરણનું આયોજન કરવામાં આવેલું છે.

**પ્રકરણ – ૧ :–** પરિવર્તન એ સમાજની સહજ પ્રક્રિયા છે. જ્યારે પણ સમાજની પરિવર્તનની દિશા બદલાય ત્યારે અનેક ક્ષેત્રોમાં તેનો પ્રભાવ જોવા મળે છે. ગૃહ સંચાલન ઉપર પણ આજે તેની અસર જોવા મળે છે. વૈદિક યુગમાં ઘરમાં ફાળે આવતું કામ સ્ત્રીઓને કરવાનું અને બહારનું કાર્ય પુરૂષો કરતાં હતાં. પરંતુ ગૃહવિજ્ઞાનના એક પ્રોફેસર તરીકે આજે કહી શકાય કે સ્ત્રીએ આજે અનેક ક્ષેત્રે કામ કરવાના છે. તેને સમય સાથે તાલ મીલાવવાનો છે. ઘરમાં પણ આહાર અને પોષણનું ધ્યાન રાખવાનું છે. તો બાળ ઉછેરમાં પણ તેને એટલું જ યોગદાન આપવાનું છે. બાળકોના કપડાં, કાપડ વિષે ખૂબ જ ઊંડાણ પૂર્વક ગૃહવિજ્ઞાનમાં શીખવવામાં આવે છે. આજે સામાન્ય રીતે જે લોકો ગૃહસંચાલન દ્વિતીય કક્ષાનું કામ ગણે છે ત્યારે એટલું જાણવું, સમજવું જરૂરી છે કે ગૃહ સંચાલન એ સરળ કામ નથી. કુટુંબના દરેક સભ્યોની રસ, રૂચી, આવડત પ્રમાણે કામની વહેંચણી, કુટુંબના દરેક કાર્યો યોગ્ય સમયે પૂર્ણ કરવાની જવાબદારી જોવાનું કામ ગૃહિણીનું હોય છે. ગૃહવ્યવસ્થાને કૌટુંબિક જીવનનું વહીવટી પાસું કહી શકાય.

ગૃહવ્યવસ્થામાં સમય, શકિત અને નાણાંનું આયોજન કરવામાં આવે છે. આમ ગૃહિણી એ

ઘરનું મધ્યબિંદુ છે. સ્ત્રી એક સફળ વ્યવસ્થાપક, સંચાલક, નિર્દેશિકા તરીકે ત્યારે સફળ થાય છે જ્યારે તે ગૃહવ્યવસ્થાના પાઠો યોગ્ય રીતે જીવનમાં ઉતારે. તે માટે વ્યવહારિક બુદ્ધિ, કુશળતા, સહનશીલતા જરૂરી છે. ગૃહવિજ્ઞાન એક વિજ્ઞાન તરીકે ની શરૂઆત ૨૦મી સદીમાં ભારતમાં થઈ છે. પરંપરાગત સમાજમાં ગૃહવ્યવસ્થા વિશેનું જ્ઞાન યુવતિઓને માતા–પિતા દ્વારા અને કુટુંબના અન્ય સભ્યો સામાજીકરણની પ્રક્રિયા દ્વારા શીખવવામાં આવતું હતું. પરંતુ વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા તેના અભ્યાસો છેલ્લા થોડા વર્ષોથી થયાં છે. તેનો ભૂતકાળ લાંબો છે પણ ઈતિહાસ ઘણો ટૂંકો છે. ગૃહવિજ્ઞાનની પ્રથમ શરૂઆત દિલ્લીમાં થઈ અને ત્યાર બાદ મુંબઈમાં થયેલ છે. ગૃહવિજ્ઞાન એક વિષય તરીકે સ્કુલો કરતાં કોલેજોમાં શીખવવાની શરૂઆત થયેલ હતી. આમ આ પ્રકરણમાં ગૃહવિજ્ઞાનનો ઉદ્‌ભવ, વિકાસ તથા એક વિષય તરીકેના વિકાસના વિવિધ તબક્કાઓનું વર્ણન કરવામાં આવેલ છે.

આ ઉપરાંત પ્રથમ પ્રકરણમાં ગૃહવિજ્ઞાનની વિવિધ પેટા શાખાઓ જેવી કે આહાર અને પોષણ, બાળ વિકાસ, વસ્ત્ર વિજ્ઞાન, શિક્ષણ અને વિસ્તરણ અને ગૃહ સંચાલન વિગેરે જેવા વિષયોનો વિસ્તૃત પરિચય અને એક શાખા તરીકેનો તેનાં ઉદ્‌ભવ અને વિકાસની પ્રક્રિયાનો પરિચય આપવામાં આવેલ છે.

**પ્રકરણ – ૨ :–** આ પ્રકરણમાં સમગ્ર સંશોધનની યોજના આપવામાં આવી છે. સંશોધન માટે પસંદ કરાયેલ વિષય "આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓની અનુકૂલનની સમસ્યાઓ" નો અભ્યાસ કરવાનો મુખ્ય હેતું છે. આ માટે મુલાકાત, અનુસુચી જેવી સંશોધન પ્રયુકિતને આધારે માહિતી પ્રાપ્ત કરીને સંશોધનના પ્રશ્નને ચકાસવાના પ્રયત્ન કર્યા છે. પ્રાપ્ત થયેલ માહિતીનું આંકડાશાસ્ત્રીય પધ્ધતિના આધારે વર્ગીકરણ કરીને અંતે અભ્યાસના તારણો તેમજ ભાવિ સંશોધન અંગેના દિશાસૂચન પણ આપવામાં આવ્યા છે તેમજ સંશોધનની ઉપયોગિતા અને મર્યાદાઓ પણ જણાવવામાં આવી છે. આ પ્રકરણમાં ૧૨ મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે. જેમાં વિષયની પસંદગી કેવી રીતે કરવામાં આવી છે. સંશોધનના વ્યવહારિક અને સૈધ્ધાંતિક હેતુંઓનો પરિચય આપેલો છે. સંદર્ભ સાહિત્ય અને અભ્યાસ પધ્ધતિઓ તેમજ પ્રવિધિઓની વિસ્તૃત ચર્ચા કરેલી છે. સાથોસાથ સંશોધનમાં સમાવેશ પામતાં ખ્યાલોની સમજૂતી આપવામાં આવેલી છે. નિદર્શન કંઈ રીતે પસંદ કરેલું છે તે અંગેની વિસ્તૃત ચર્ચા કરેલી છે. આ અભ્યાસક્ષેત્રનો વિશેષ પરિચય આપેલો છે. આમ સંશોધનના પ્રારંભથી અંત સુધીની પ્રક્રિયાના દરેક મુદ્દાઓની વિસ્તૃત છણાવટ કરવાનો પ્રયત્ન કરેલો છે.

**પ્રકરણ – ૩ :–** આ પ્રકરણમાં સંશોધન ક્ષેત્રની ભૌગોલિક તેમજ ઐતિહાસિક બાબતોનો ખ્યાલ આપવામાં આવેલો છે. કોઈપણ સંશોધન કાર્ય શરૂ કરતાં પહેલા સંશોધન કયા ક્ષેત્રમાં કરવાનું છે તે ક્ષેત્ર પસંદગી અનિવાર્ય બને છે. એટલું જ નહિ પરંતુ સંશોધન ક્ષેત્રની પૂરતી જાણકારી પણ પ્રાપ્ત કરવી પડે છે. પસંદ કરેલું ક્ષેત્ર કયા રાજ્ય, જિલ્લા કે તાલુકામાં આવેલું છે, કયા ગામનો અભ્યાસ કરવો છે આ ઉપરાંત જે તે ક્ષેત્રની સામાજીક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક બાબતોની જાણકારી પ્રાપ્ત કરવી અનિવાર્ય બની રહે છે. આ ઉપરાંત અભ્યાસ ક્ષેત્રનું ભૌગોલિક સ્થાન તેમજ વસ્તીવિષયક માહિતી જાણવી પણ જરૂરી બને છે. કારણ કે જે તે

વિસ્તારની ભૌગોલિક, સામાજિક, સાંસ્કૃતિક પૃષ્ટભૂમિકાની અસર વ્યકિતના જીવન પર, રહેણીકરણી, પોષાક, ખોરાક, જીવનશૈલી પર પડતી હોય છે. આથી જ પ્રસ્તુત અભ્યાસના આ પ્રકરણમાં તેની વિગતવાર રજૂઆત કરવામાં આવી છે.

પોરબંદર દરિયાકિનારે વસેલું શહેર છે. અહિ વ્યાપાર અને વાણિજ્ય સાથે સંકળાયેલ પ્રજા વસવાટ કરે છે. જેમના રિતરિવાજો, રહેણીકરણી અને ગૃહસંચાલનની રીતો અલગ પ્રકારની છે.

જુનાગઢ ગિરનાર જેવા સૌરાષ્ટ્રના મોટા પર્વતની તળેટીમાં વસવાટ પામેલું છે. અહિ ખેતી અને પશુપાલન જેવી આર્થિક પ્રવૃત્તિઓ વિકાસ પામી છે. જેની અસર લોકોની જીવનશૈલી ઉપર થાય છે જે ગૃહ સંચાલનમાં અગત્યની ભૂમિકા ભજવે છે. આમ આ પ્રકરણમાં પોરબંદર અને જુનાગઢની સામાજીક, આર્થિક, રાજકીય, ધાર્મિક, અને સાંસ્કૃતિક પરિસ્થિતિ વિશેની માહિતી રજૂ કરવામાં આવેલી છે.

**પ્રકરણ – ૪ :–** આ પ્રકરણમાં ઉત્તરદાતાની કૌટુંબિક માહિતી જેમાં કુટુંબનો પ્રકાર, સભ્ય સંખ્યા, વયજૂથ, ધર્મ, જ્ઞાતિ અને પતિનો ધર્મ તેમજ ઉત્તરદાતાનો વૈવાહિક અને શૈક્ષણિક દરજ્જો દર્શાવેલ છે. તેમજ ઉત્તરદાતાની તેમજ કુટુંબની આવક જેવા પાસાંઓની વિસ્તૃત છણાવટ કરેલ છે.

**પ્રકરણ – ૫ :–** પ્રસ્તુત પ્રકરણમાં મુલાકાત અને અનુસુચીના આધારે એકત્રીત કરેલી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવેલું છે. સમગ્ર સંશોધન પ્રશ્નને નજર સમક્ષ રાખીને આ વિભાગમાં જીવનસાથી પસંદગીના માપદંડો, આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નના પ્રસ્તાવ સમયના બન્ને પક્ષના પ્રતિભાવો, લગ્નની વિધિઓ, રિવાજો વિગેરે અંગેની ચર્ચા કરેલી છે. લગ્નના રિવાજો તરફી ઉત્તરદાતાઓના અભિપ્રાયો અને લગ્ન પછીના સામાજીક, ધાર્મીક જીવનની ચર્ચાઓ કરેલી છે. આવી યુવતિઓએ કેવા સંઘર્ષનો સામનો કરવો પડે છે તે અંગેની રજૂઆત કરેલી છે. આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓના શિક્ષણ સંબંધી માહિતીની પણ રજૂઆત કરવામાં આવેલી છે. આર્થિક બાબતોને પણ લગ્નના એક પાસાં તરીકે જોવાનો પ્રયત્ન કરેલો છે.

**પ્રકરણ – ૬ :–** આ પ્રકરણમાં ગૃહસંચાલન અને જીવનશૈલી સંબંધી માહિતીનું વિશ્લેષણ કરેલું છે. ગૃહ વ્યવસ્થા જીવનશૈલી ઉપર શું અસર કરે છે ? ગૃહ વ્યવસ્થાનો સમાયોજનમાં શું ફાળો છે તે તપાસવામાં આવેલું છે.

દરેકે દરેક ધર્મ અને જ્ઞાતિની કૌટુંબિક જીવનશૈલી તેમજ રહેણીકરણી અલગ–અલગ હોય છે. દરેક વ્યકિત પોતાની જ્ઞાતિના રિવાજો પ્રમાણે અને ધર્મના નિયમો પ્રમાણે જીવન જીવતો હોય છે. પોતાની જ્ઞાતિ અને ધર્મ પ્રમાણે તેનું સામાજીકરણ થયેલું હોય છે. તે અંગેના વલણો અને માન્યતાઓ બંધાયેલા હોય છે. જ્યારે વ્યકિત અન્ય ધર્મ કે જ્ઞાતિમાં લગ્ન કરે ત્યારે તેને જે તે જૂથની જીવનશૈલીમાં ગોઠવાવું પડે છે. સ્ત્રીઓને પોતાની માતા દ્વારા વારસાગત રીતે ગૃહસંચાલન શીખવવામાં આવે છે, પરંતુ યુવતિ બીજી જ્ઞાતિ કે ધર્મમાં લગ્ન કરે ત્યારે આ

ગૃહસંચાલન કેવી રીતે અને કેટલું ઉપયોગી થાય તે જાણવાના પ્રયત્ન કરેલા છે. પરસ્પર જુદા–જુદા સમૂહોમાં કયાં કેવી રીતે ગૃહસંચાલનમાં પ્રશ્નો ઊભા થાય છે અને સમૂહના સંદર્ભે તેનું કેવું સમાયોજન સાધવામાં આવે છે તે અંગેની માહિતી એકત્રીત કરીને વિશ્લેષણ કરવામાં આવેલું છે. પ્રસ્તુત પ્રકરણમાં ગૃહસંચાલનના વિવિધ પાસાંઓ જેવા કે બજેટ બનાવવું, ઘરની ગોઠવણી કરવી, ખોરાકની પસંદગી કરવી, નવરાશના સમયની પ્રવૃત્તિ. આ દરેક બાબતને ચકાસીને રજૂ કરવામાં આવેલી છે.

**પ્રકરણ – ૭ :–** પ્રસ્તુત પ્રકરણ વ્યકિત તપાસ પધ્ધતિના આધારે વિશિષ્ટ કેસમાં ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને વ્યકિતગત અભ્યાસો કરેલા છે. જેમાં મુખ્યત્વે ઉચ્ચ જ્ઞાતિની યુવતિ અને નિમ્ન જ્ઞાતિના યુવકના લગ્ન અંગેના પ્રશ્નો અને સમાયોજન, નિમ્ન જ્ઞાતિની સ્ત્રી અને ઉચ્ચ જ્ઞાતિના પુરૂષ વચ્ચે થયેલા લગ્નના પ્રશ્નો, જુદા–જુદા ધર્મના લગ્ન કરનાર પાત્રો વચ્ચે ઊભા થયેલા પ્રશ્નો અંગેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને કેઈસ સ્ટડીઝ કરેલ છે.

**પ્રકરણ – ૮ :–** આ પ્રકરણમાં સંશોધનના અંતે અભ્યાસના તારણો આપવામાં આવેલા છે. આજના યુગમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નનું પ્રમાણ વધતું જાય છે. આવા લગ્ન કરનાર ગૃહિણીઓમાં અનેક સામાજીક, માનસિક સમસ્યાઓ જોવા મળે છે. તો કેટલાક હકારાત્મક પરિણામો પણ પ્રાપ્ત થયેલા છે. પ્રસ્તુત શોધ નિબંધના સૂચિતાર્થો આપ્યા છે. ભાવિ સંશોધનો અંગે દિશા સૂચન પણ આપેલું છે. સમગ્ર સંશોધન કાર્ય દરમિયાન થયેલા ક્ષેત્ર કાર્યના અનુભવોની નોંધ પણ આપવામાં આવેલી છે. આમ આ પ્રકરણમાં સમગ્ર સંશોધનના પરિણામો રજૂ કરવામાં આવેલા છે.

## ૨.૧૩ અભ્યાસની મર્યાદાઓ :–

દરેક સંશોધક પોતાના અભ્યાસને સર્વાંગ સંપૂર્ણ બનાવવા માટેના દરેક પ્રયત્નો કરતો હોય છે. આમ છતાં પ્રત્યેક સંશોધન અભ્યાસ સાથે કોઈને કોઈ મર્યાદા જોડાયેલી હોય છે. અભ્યાસ સાથે સંકળાયેલી કેટલીક મર્યાદા સમયની હોય છે તો કેટલીક મર્યાદાઓ સાધનોની હોય છે. અને કેટલીક મર્યાદાઓ સંશોધન પધ્ધતિની પણ હોઈ શકે.

સંશોધકની જે મર્યાદાઓ હોય છે તે પધ્ધતિશાસ્ત્ર અને સંશોધન સાહિત્યના વાંચનથી જ તેમજ માર્ગદર્શકના માર્ગદર્શનથી નિવારી શકાય તેવી હોય છે. બાકી જે કેટલીક મર્યાદાઓ હોય છે તેને નિવારવા માટે સંશોધકે સંન્નિષ્ઠ પ્રયાસો કર્યા હોય છે. તે પછી પણ જે મર્યાદાઓ અભ્યાસ સાથે જોડાયેલી રહે છે તેને સમગ્ર અભ્યાસના જ એક ભાગરૂપ ગણવામાં આવે છે. એક જ વિષયના જુદા જુદા સ્થળોના જુદા જુદા સમયે અને જુદા જુદા સંશોધકો દ્વારા થતા અભ્યાસો દ્વારા તેનું નિર્મૂલન થઈ જતું હોય છે.

આમ સંશોધનની મર્યાદાઓ અભ્યાસની બિનઉપયોગિતા કે નિરર્થકતા દર્શાવતી નથી. પરંતુ અભ્યાસની મર્યાદાઓથી માહિતગાર રાખે છે.

આ અભ્યાસની કેટલીક મર્યાદાઓ નીચે પ્રમાણેની છે.

આર્થિક, સામાજિક દરજ્જાઓ મુખ્ય ગણાવા લાગ્યા છે. આમ આ અભ્યાસ લગ્ન, જ્ઞાતિ, કુટુંબ, જેવા સમાજમાં મુખ્ય એકમોમાં આવતા પરિવર્તનોને સમજવામાં ઘણો જ મહત્વનો છે.

લગ્ન અને કુટુંબસંસ્થા સમાજની મુખ્ય સંસ્થા છે જેમાં કેટલાક નિયમો જડ રીતે વ્યાપેલા છે. પરંપરાને બદલવી સહેલી નથી. કારણ એ છે કે આપણી આજુબાજુ ફેલાયેલા તેના મૂળીયાને કાપવા કે તેને ઊખેડીને ફેંકી દેવામાં આપણને પૂર્વ વિશ્વાસ અને માન્યતાઓ આડી આવી જતી હોય છે. ધર્મભિરૂ સમાજમાં વૈજ્ઞાનિક આધાર અને દષ્ટિકોણ પણ પાંગળો બની જાય છે પરંતુ યુવાવર્ગ હવે જાગૃતિના પંથ પર છે. વિચારો બદલાઈ રહ્યા છે. પરંતુ સંપૂર્ણ પરિવર્તનમાં હજુ કેટલોક સમય લાગશે.

આ અભ્યાસની મુખ્ય મર્યાદાઓ આ પ્રમાણેની છે.

૧) આ અભ્યાસ માત્ર પોરબંદર અને જુનાગઢ જિલ્લા પૂરતો જ મર્યાદિત છે.

૨) આ અભ્યાસમાં ફકત ગૃહ સંચાલનના પાસાઓનોજ સમાવેશ કરવામાં આવ્યો છે.

૩) આ અભ્યાસ આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલ યુવતિઓની અનુકૂલનની સમસ્યાઓ પૂરતો મર્યાદિત છે.

## ૨.૧૪ ક્ષેત્રકાર્યનો અનુભવો :–

પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટનાં જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલા લોકોની જીવનશૈલીને સમાજશાસ્ત્રીય અને ગૃહ સંચાલનના દષ્ટિકોણથી જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ અભ્યાસમાં જુનાગઢ અને પોરબંદર જિલ્લાના વિવિધ ગામો જેવા કે રાણાવાવ, કુતિયાણા, કેશોદ, વેરાવળ, ઊના, માંગરોળ, માળિયા હાટીના વિગેરે તાલુકાઓનો સમાવેશ કરવામાં આવ્યો હોવાથી ક્ષેત્રકાર્ય માટે સમય વધુ ફાળવ્યો હતો.

આ તાલુકાઓ છુટાછવાયા હોવાથી ક્ષેત્ર કાર્યમાં થોડી મુશ્કેલી પડતી હતી. ક્ષેત્રકાર્યમાં અનેક વખત જવું પડતું હોવાથી સમયનું બંધન રહી શકતું ન હતું. કુટુંબોની માહિતી લેવા જતી વખતે ગૃહિણીની ગોપનીય માહિતી લેવાની હોવાથી એના સમયને અનુકુળ થવું પડતું હતું. કેટલીક વખત ગૃહિણીઓ પિયર રહેવા ગઈ હોય. સામાજિક કાર્યોની અંદર રોકાયેલી હોય તો એક કુટુંબની મુલાકાત લેવા વારંવાર જવું પડતું હતું. કેટલીક ગૃહિણીઓ પોતાની અંગત લગ્ન વિશેની વાતો કુટુંબની હાજરીમાં નહિ કરતી હોવાથી પોતાનો અનુકુળ સમય આપે ત્યારે જવું પડતું હતું. તેઓ પોતાની અંગત વાતો કરતા હતા. અને તે કરાવવા માટે તેમની સાથે વધારે સમય લઈને આત્મીયતા કેળવવી પડતી હતી. અમુક ઉત્તરદાતાઓ પોતાનો ભૂતકાળ યાદ કરીને ખુશ નજર દેખાતા હતા. જ્યારે અમુક પોતે ભૂલ કરી છે અને તે ભોગવી રહ્યા છે તેવું સ્પષ્ટ દેખાઈ આવતું હતું. મોટેભાગે સંયુકત કુટુંબમાં રહેતી ગૃહિણીઓ પાસેથી ઝડપથી અને સ્પષ્ટ માહિતી મળતી ન હતી.

કેટલાક અંદરના ગામડામાં જતાં ત્યારે અનેક પ્રશ્નો પૂછતા આવું શું કામ કરો છો. સરકાર તરફથી ફોર્મ ભરવાના છે. આવા લગ્ન કરેલા લોકોને સરકાર તરફથી કંઈ સહાય મળવાની છે. દરેકના સંતોષકારક જવાબ આપ્યા પછી તેઓ સચોટ માહિતી આપતા હતા. કેટલીક ગૃહિણીઓ પતિને પૂછીને જવાબ આપીશ. એમના પૂછયા વિના અમારાથી કંઈ કરી શકાય નહિ. કેટલીકને મૂલ્યો અને ધ્યેયોની સ્પષ્ટતા કરવી પડતી હતી. કેટલાક ઉત્તરદાતાઓએ પોતાની જ્ઞાતિમાં યોગ્ય પાત્ર ન મળતાં આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્ન કર્યા હતા. તો કેટલાકે પિતાને લગ્નનો ખરચો ન કરવો પડે, દહેજ ન આપવું પડે અને પોતે ચાર પાંચ બહેનો હોય તો પિતાને આર્થિક મુશ્કેલી ન પડે તે માટે આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્ન કરેલા હતા. મોટાભાગના ઉત્તરદાતાઓ તરફથી ઘણો જ સહકાર પ્રાપ્ત થયો હતો.

## ૨.૧૫ સમાપન :–

પ્રસ્તુત અભ્યાસમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓની અનુકૂલનની સમસ્યાઓને તપાસવાનો પ્રયત્ન કરેલો છે. આ અભ્યાસમાં માહિતીદાતા તરીકે યુવતિઓની પસંદગી કરેલી છે. સંશોધન યોજનાઓને ધ્યાનમાં લઈને સમાજશાસ્ત્ર અને હોમસાયન્સ બંન્ને વિજ્ઞાનને આધારે વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા અભ્યાસ મુદ્દાઓને યોગ્ય ન્યાય આપવાનો પ્રયત્ન કરેલો છે. આ અભ્યાસમાં વિષય પસંદગી અને સંશોધનની પ્રયુકિતઓ વિષયની મર્યાદાઓને નજર સમક્ષ રાખીને કરેલી છે. આ ઉપરાંત સંશોધનની મર્યાદાઓ અને ક્ષેત્રકાર્યના અનુભવો પણ રજૂ કરવામાં આવેલા છે.

આ સંશોધન કેટલુંક વિશેષ અને આગવું મહત્વ ધરાવે છે. આના પરિણામે ભારતીય જ્ઞાતિ વ્યવસ્થાને એક નવા સ્વરૂપે જોઈ શકાશે. યુવતિઓના અનુકૂલન અંગેના અભ્યાસોની એક નવી દિશા ખુલશે. જેના પરિણામે જ્ઞાનની વૃધ્ધિ થાય તેવી કેટલીક બાબતો અભ્યાસમાં અંતે પ્રાપ્ત થઈ છે.

સંશોધકે પોતાના મનમાં ઉદ્‌ભવેલા પ્રશ્નોને વૈજ્ઞાનિક ઢબે ચકાસણી કરવાના હેતુથી આ સંશોધન હાથ ધરેલું છે.

## –: સંદર્ભ સૂચિ :–


૧) ધીરજ ધકાણ – ''લગ્ન, કુટુંબ અને સમાયોજન' નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, પાના નં. ૨

૨) પ્રો. શાહ અન દવે, – 'સામાજિક સંશોધન પધ્ધતિ' રચના પ્રકાશન અમદાવાદ, ૧૯૮૮ પાના નં. ૨૮

૩) પ્રો. દવે, સી. બી. મહેતા, કોન્ટ્રાકટર, ભટ્ટ અને પટેલ 'મનોવિજ્ઞાનની સંશોધન પધ્ધતિઓ' વિરલ પ્રકાશન, અમદાવાદ, ૧૯૮૫, પાના નં. ૧૮

૪) ડો. એ. જી. શાહ અને પ્રો. જગદીશ કે. દવે 'સામાજિક સંશોધન પધ્ધતિઓ' આવૃતિ ૨૦૦૦–૨૦૦૧ અનડા બુક ડેપો. પાના નં. ૨૭

૫) વિમલ પી. શાહ અને તારાબેન પટેલ 'સમાજશાસ્ત્રમાં સંશોધન પધ્ધતિઓ અને આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ' ભાગ – ૨, રચના પ્રકાશન, અમદાવાદ, ૧૯૭૮ પાના નં. ૩૩–૩૪

૬) એંજન – ૧ પાના નં. ૩૪

૭) ધીરજ ધકાણ 'લગ્ન, કુટુંબ અને સમાયોજન' નવભારત સાહિત્ય મંદિર, ગાંધી રોડ, દેરાસર પાસે, અમદાવાદ, પાના નં. ૩૭

૮) મધુબેન વી. ઠક્કર, જયશ્રીબેન પુજારા – 'ગૃહવ્યવસ્થાનો પરિચય' પ્રવીણ પ્રકાશન, ૧૯૯૮ પાના નં. ૧૧

૯) મધુબેન વી. ઠક્કર, જયશ્રીબેન પુજારા – 'ગૃહવ્યવસ્થાનો પરિચય' પ્રવીણ પ્રકાશન, ૧૯૯૮ પાના નં. ૧૧

૧૦) પ્રો. રાવ, વ્યાસ અને પટેલ, વૈષ્વણ, ,ચૌહાણ 'સામાજિક સંશોધન પધ્ધતિઓ' અખીલ હિન્દ પ્રકાશન, અમદાવાદ, ૧૯૬૮ પાના નં. ૩૮

૧૧) પ્રો. રાવ, વ્યાસ અને પટેલ, વૈષ્વણ, ,ચૌહાણ 'સામાજિક સંશોધન પધ્ધતિઓ' અખીલ હિન્દ પ્રકાશન, અમદાવાદ, ૧૯૬૮ પાના નં. ૪૮

૧૨) પ્રો. રાવ, વ્યાસ અને પટેલ, વૈષ્વણ, ,ચૌહાણ 'સામાજિક સંશોધન પધ્ધતિઓ' અખીલ હિન્દ પ્રકાશન, અમદાવાદ, ૧૯૬૮ પાના નં. ૪૮

૧૩) રામબિહારી તોમર 'સામાજિક અનુસંધાન' શ્રી રામ મહેશ એન્ડ કંપની, દિલ્લી, ૧૯૬૯ પાના નં. ૧૦

૧૪) Willium Goods and K. Hatt - 'Methods in Social Research- 1952 Page No. 119

૧૫) Willium Goods and K. Hatt - 'Methods in Social Research- 1952 Page No. 133

૧૬) મેયર અને કાલ્ટન – Mayor and Carlton 'Survey Method in Social Investigation' Page No. 271

# પ્રકરણ – ૩

## ભૌગોલિક અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા

૩.૧ પ્રસ્તાવના
૩.૨. પોરબંદર જિલ્લાનું ભૌગોલિક સ્થાન
૩.૩ વાહન વ્યવહાર
૩.૪ કૃષિ, વ્યાપાર, ઉદ્યોગ
૩.૫ વસ્તી
૩.૬ ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા
૩.૭ સંસ્કૃતિ અને લોકજીવન
૩.૮ જુનાગઢ જિલ્લાનું ભૌગોલિક સ્થાન
૩.૯ કૃષિ, વ્યાપાર, ઉદ્યોગ
૩.૧૦ જુનાગઢ જિલ્લાની ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા
૩.૧૧ જુનાગઢનું સમાજજીવન
૩.૧૨ ઉપસંહાર

# પ્રકરણ – ૩
# ભૌગોલિક – ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા

## ૩.૧ પ્રસ્તાવના :–

આ પ્રકરણમાં સંશોધકે જે અભ્યાસક્ષેત્ર પસંદ કરેલ છે. તે ક્ષેત્રની ભૌગોલિક, વ્યવસાયિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક માહિતી એકત્રીત કરેલ છે. તેથી સંશોધન ક્ષેત્રની મહત્વની ભૌગોલિક, વ્યવસાયિક, સાંસ્કૃતિક તેમજ ઐતિહાસિક બાબતોને અહીં આવરી શકાય. પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ ક્ષેત્ર તરીકે પોરબંદર અને જુનાગઢ જિલ્લાને પસંદ કરેલ હોવાથી આ બંને જિલ્લાની ભૌગોલિક અને ઐતિહાસિક પૃષ્ટભૂમિકાનો પરિચય આપેલ છે.

ગુજરાત રાજ્યના એક હજાર માઈલ લાંબા સાગર કાંઠા પર આવેલા સંખ્યાબંધ મધ્યમ કક્ષાના બંદરોમાં પોરબંદરનુ સ્થાન મહત્વનું રહ્યું છે. એમાંય વિશેષ કરીને અરબી સમુદ્રમાં પોરબંદરનું સ્થાન અનેરૂં છે. પૂર્વ આફ્રિકા અને યુરોપના દેશો સાથેનો પોરબંદરનો 'બંદરી વ્યાપાર' વર્ષો જૂનો છે. પોરબંદરનાં સાહસિક વ્યાપારીઓ અને નાગરિકોએ પૂર્વના દેશોમાં પોરબંદરનું નામ ગાજતું કર્યું હતું.

**૩.૨ પોરબંદર જિલ્લાનું ભૌગોલિક સ્થાન :–** પોરબંદરના ભૌગોલિક સ્થાનની દષ્ટિએ જોઈએ તો અરબી સમુદ્ર પરનું પોરબંદર ૨૧.૧૫ં થી ૨૧.૫ં ઉત્તર અક્ષાંશ અને ૬૯.૫૫ં થી ૭૦.૨૫ં પૂર્વ રેખાંશ પર આવેલું છે. પોરબંદરને જિલ્લા તરીકેનો દરજ્જો ૨–૧૦–૧૯૯૭ ના રોજ મળેલ છે.

પોરબંદર જિલ્લામાં પોરબંદર, રાણાવાવ અને કુતિયાણા ત્રણ તાલુકાઓનો સમાવેશ થાય છે. પોરબંદરમાં રાણાવાવ ૨૧.૫ં ઉત્તર અક્ષાંસ અને ૬૯.૫૫ં પૂર્વ રેખાંશ તેમજ કુતિયાણા ૨૧.૪૬ં ઉત્તર અક્ષાંસ અને ૭૦.૧૦ં પૂર્વ રેખાંશ પર આવેલ છે. પોરબંદર રેલ્વે સ્ટેશનની સમુદ્ર સપાટીથી ઊંચાઈ (MSI) ૨૦ મીટર, રાણાવાવ રેલ્વે સ્ટેશનની સમુદ્રની સપાટીથી ઊંચાઈ (MSI) ૫૭.૯૨ મીટરની છે. જિલ્લાની ઉત્તરે જામનગર, પૂર્વે રાજકોટ, દક્ષિણે જૂનાગઢ જિલ્લો અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલ છે.

પોરબંદર વિસ્તારની ભૌગોલિક દષ્ટિએ અનેક વિવિધતા છે. ભૂસ્તરની આ ભૌગોલિક વિવિધતાને લીધે સંશોધકો આ અભ્યાસ તરફ આકર્ષાયા છે. પોરબંદરના વિવિધ ક્ષેત્રોના અભ્યાસો અનેક રીતે નોંધપાત્ર છે. પોરબંદર નજીક બરડો ડુંગર આવેલો છે જે કુદરતી રીતે આગવું સ્થાન ધરાવે છે. બરડો ડુંગર કુદરતી સૌંદર્યથી સભર છે. સાથોસાથ અનેક વનસ્પતિનો ભંડાર છે. અહિં બીલીના ઝાડ, નિર્ગુન્ડી, અપ માર્ગ અને નત્રોડના ઝાડ વિગેરેથી સૌદર્યમાં વધારો થાય છે. ભૂતકાળમાં અહિં રબ્બરના ઝાડ હતા. આજે રકતચંદનના ઝાડ અને ગરોના છોડવાઓ જોવા મળે છે. આ ઉપરાંત સર્પપંખો અને જેઠીમધના છોડવાઓ પણ છે. બિયા નામની વનસ્પતિ પણ અહિંયા જોવા મળે છે. આમ બરડો ડુંગર વનસ્પતિનો ભંડાર છે.

બરડો વનસ્પતિ ઉપરાંત પ્રાણીઓ માટે પણ જાણીતો છે. અહીં નાર, ઝરખ, વરૂ જેવા

જંગલી પ્રાણીઓની સંખ્યા ઘટી રહી છે. જંગલી બિલાડા, શિયાળ, સસલા, લોકડી, ઘોર ખોદું, શેઢાઈ અને નોળિયા વિગેરેની સંખ્યા વિશેષ છે.

ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટર દરિયા કિનારો છે. તેમાં સૌરાષ્ટ્રનો દરિયા કિનારો તૂટક નથી. તેથી સમુદ્રના તોફાની મોજા સામે સમુદ્રમાં બ્રેકવોટર બાંધીને બંદરને સુરક્ષિત રાખવા માટેનો પ્રયત્ન થાય છે. હાલ તો પોરબંદરમાં ઓલવેધર જેટીનું કામ પૂર્ણ થયું છે. તેથી સ્ટીમરને લાંગરી શકાય તેવી વ્યવસ્થા પણ ભૌગોલિક પરિસ્થિતિને કારણે પોરબંદરને પ્રાપ્ત થઈ શકી છે. જે વેપાર–વાણિજ્ય ક્ષેત્રે મહત્વનું ગણાય છે.

**૩.૩ વાહન વ્યવહાર :–** પોરબંદર ગાંધી જન્મભૂમિ હોવાથી દેશ અને વિદેશ સાથે વાહન–વ્યવહારથી સંકળાયેલું છે. પોરબંદરને રેલ્વેની સુવિધાઓ પ્રાપ્ત થઈ છે. પોરબંદર જિલ્લો ભાવનગર રેલ્વે ડિવિઝન સાથે જોડાયેલો છે. પોરબંદર જિલ્લામાં ૩૩ કિ.મી બ્રોડગેજ અને ૧ કિ.મી મીટરગેજ રેલ્વે લાઈન છે. પોરબંદર ગુજરાત અને ભારતના મુખ્ય શહેરો સાથે રેલ્વેથી સંકળાયેલ છે. પોરબંદરને ઓખા, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ, વડોદરા, સુરત અને મુંબઈ, દિલ્હી, હાવરા સાથે સીધી ટ્રેન સુવિધા ઉપલબ્ધ છે. માલસામાન હેરફેર માટે ગુડઝ ટ્રેન સુવિધા પોરબંદર ખાતે ઉપલબ્ધ છે.

પોરબંદર જિલ્લોમાં નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે, કોસ્ટલ હાઈવે વિગેરે પ્રકારના રસ્તાઓથી સંકળાયેલો છે જેથી ગુજરાતના મુખ્ય શહેરો જામનગર, રાજકોટ, જુનાગઢ, અમદાવાદ, સુરત અને વલસાડ જેવા મુખ્ય મથકો સાથે રસ્તાઓ દ્વારા જોડાયેલું છે. પોરબંદરથી સિયાચીન (આસામ) સુધીના ભારતને વિશાળ રાજ્ય માર્ગોથી જોડવાનું મહત્વનું કાર્ય તેના અંતિમ તબક્કામાં છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધીના માર્ગનાં ચાર માર્ગીય રૂપાંતરનો લાભ આ જિલ્લાને પ્રાપ્ત થયેલો છે. જિલ્લા પંચાયત હસ્તકના રસ્તાઓમાં જુદા–જુદા ગામ પાકા રસ્તાથી જોડાયેલા છે. આવા ગામોની સંખ્યા ૧૧૯ છે. મેટલ રસ્તાથી જોડાયેલા ૩૨ ગામ છે અને નેશ વિસ્તારમાં ૩૧ ગામો આવે છે. પોરબંદરને એસ.ટી. ડેપોની સુવિધા પ્રાપ્ત થઈ છે. અહિંથી દેશના જુદા–જુદા ભાગમાં જવા માટે એસ.ટી. ની સુવિધા પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત ખાનગીક્ષેત્રે ૩૨ જેટલી ટ્રાવેલ્સ કંપનીઓની સેવાઓ પણ ઉપલબ્ધ છે.

પોરબંદર જિલ્લાને વિમાની સેવાઓ પણ પ્રાપ્ત થઈ છે. પોરબંદરનું એરપોર્ટ ગુજરાતનું સૌથી જૂનું એરપોર્ટ છે અહિંથી રાજકોટ, જામનગર અને દિવ એરપોર્ટ નજીક થતું હોવાથી તેમજ મુંબઈ સાથે રોજીંદી સેવાઓ ઉપલબ્ધ હોવાથી સહેલાણીઓને સુવિધા પ્રાપ્ત થાય છે.

પોરબંદર જિલ્લાને ૧૦૬ કિલોમીટરની દરિયાથી પટ્ટી પ્રાપ્ત થઈ છે. પોરબંદર બારમાસી બંદર છે. અહિંથી જુદી–જુદી વસ્તુઓની આયાત–નિકાસ થઈ શકે છે.

**૩.૪ કૃષિ, વ્યાપાર, ઉદ્યોગ :–** પોરબંદરનો સરેરાશ વરસાદ ૬૬૦ મી.મી. છે. મહત્વની ખેત પેદાશ મગફળી, બાજરી, તલ, કપાસ, જુવાર, ઘઉં, ચણા વિગેરે ગણી શકાય ઉપરાંત બાગાયત પેદાશ નાળિયેરી છે.

પોરબંદરમાં ચુનાના પત્થરો મળે છે. તેથી તેનો ઉપયોગ થઈ શકે તેવા અનેક ઉદ્યોગો

વિકાસ પામેલા છે જેવા કે સિમેન્ટ, સોડા, રંગ, કાચ, રસાયણ અને બ્લીચિંગ પાવડરના ઉદ્યોગોનો વિકાસ થયો છે. આ પત્થરની લાક્ષણિકતા એ છે કે લાકડાની જેમ વહેંરી શકાય છે, કુહાડીથી કાપી શકાય છે, અને હથોડી અને ટાંકણું લઈને ઘડી શકાય છે. તેથી અહિં બાંધકામ અને શિલ્પકામનો પણ વિકાસ થયેલો છે. બ્રિટિશ અમલ દરમિયાન રસ્તાઓ બાંધવામાં પણ આ પત્થરનો ઉપયોગ થતો. આ ઉપરાંત મકાનો બાંધવામાં પણ આ પત્થર ઉત્તમ ગણવામાં આવે છે. પોરબંદરની મહત્વની ખનિજોમાં ચોક અને લાઈમસ્ટોન છે. ગૌણ ખનિજોમાં રેતી, માટી અને ગ્રેનાઈટ છે જે આધારિત અનેક ઉદ્યોગ ધંધાઓ વિકસાવવામાં આવેલા છે.

દરિયાઈ સંપત્તિ હોવાથી અહિંયા મત્સ્ય ઉદ્યોગનો ઘણો જ વિકાસ થયેલો છે. પોરબંદર, માધવપુર, નેવીબંદર અને મિંયાણી એમ કુલ ચાર મત્સ્ય કેન્દ્રો આવેલા છે. મત્સ્ય ઉદ્યોગ સાથે સંકળાયેલી મુખ્ય જ્ઞાતિ ખારવા અહીં વસવાટ કરે છે. જેનો મુખ્ય વ્યવસાય મત્સ્ય ઉદ્યોગ છે. જેમાં બગા, ધોમા, પાપલેટ, ઝીંગા, દેડકી, દેડકા, રાણી ફીશ, સુરમાઈ, જ્યુફીશ વિગેરે પ્રકારની માછલીઓ પકડાય છે. આ માછલીઓ પૈકી ઉચ્ચ ગુણવતાવાળી માછલીઓ જેવી કે પાપલેટ, બગા, ઝીંગા, કટલફીશ, દેડકી, દેડકા, સ્કવીડ (નર સીંગા) વગેરે પ્રકારની માછલીઓની પરદેશમાં નિકાસ થાય છે. આવી માછલીઓને પ્રોસેસીંગ કરી પરદેશ મોકલવા માટે શીતાગારમાં સાચવવામાં આવે છે.

**૩.૫ વસ્તી :–** પોરબંદર જિલ્લામાં કુલ ૧૮૨ ગામ, ૫ શહેરો અને ૧૫૨ ગ્રામપંચાયતો છે. જેમાં પોરબંદરમાં ૭૪, રાણાવાવમાં ૩૧ અને કુતિયાણામાં ૪૬ ગ્રામ પંચાયતો છે.

૨૦૦૧ ની વસ્તી ગણત્રી મુજબ પોરબંદરની કુલ વસ્તી ૫,૩૬,૮૩૫ છે. જેમાં પુરૂષો ૨,૭૫,૮૨૧ છે, જ્યારે સ્ત્રીયોની સંખ્યા ૨,૬૧,૦૧૪ આટલી છે. જેમાં અનુસૂચિત જાતિના પુરૂષોની સંખ્યા ૨૪,૮૨૫ છે. જ્યારે અનુસૂચિત જાતિમાં સ્ત્રીયોની સંખ્યા ૨૩,૪૦૮ છે. તે ઉપરાંત અનુસૂચિત જનજાતિમાં પુરૂષોની સંખ્યા ૩,૩૮૦ છે. જ્યારે અનુસૂચિત જનજાતિમાં સ્ત્રીયોની સંખ્યા ૩,૦૭૬ છે. પોરબંદરમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૬૮.૬૨% છે, જેમાં સાક્ષર પુરૂષો ૧,૮૪,૭૧૭ જેટલા છે અને સાક્ષર સ્ત્રીયોની સંખ્યા ૧,૩૧,૪૫૫ જેટલી છે.

## ૩.૬ પોરબંદર જિલ્લાની ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા :–

ગાંધીપુરી પોરબંદરનો ઉલ્લેખ દશમા સૈકાના એક દાનપત્રમાં 'પૌરવેલાકુલ' તરીકે થયેલો છે. તેરમી સદીના પાળીયા અને શિલાલેખોમાં પણ આ નામ જાણીતું છે. પોરબંદર શહેરની ઉત્તરે પૌરવ માતાનું સ્થાન આવેલું છે. આ પ્રાચીન શકિતપીઠનું નામ પૌર, પૂરી, પૂર અને પોર હોવાનું માનવામાં આવે છે. જેના આધારે પોરવ ઉપરથી પોરબંદર નામ આ શહેરને પ્રાપ્ત થયેલું છે. પોરબંદરનું નામ કઈ રીતે પડયું હશે તે માટે જુદી–જુદી દંતકથાઓ જુદી–જુદી જગ્યાએથી પ્રાપ્ત થાય છે.

અનુમાન મુજબ રૂગ્વેદ અને વૈદીક સાહિત્યમાં માનવ વસતિવાળા વિસ્તારોને પુર શબ્દ તરીકે ઓળખવામાં આવે છે. ગામડાઓની આજુબાજુ પુરવણી કરીને રક્ષણ માટે દિવાલ જેવું બનાવવામાં આવતું જેને પુર તરીકે ઓળખવામાં આવતું. સામાન્ય રીતે બધા જ નગરો માટે પુર

શબ્દ વાપરવામાં આવે છે. પૌર શબ્દની સાથે બંદર શબ્દ જોડાયો હશે અને તેમાંથી પોરબંદર જેવું નામ અસ્તિત્વમાં આવ્યું હશે. ભગવાન શ્રી કૃષ્ણના પરમમિત્ર સુદામાના નામ સાથે પોરબંદર સંકડાયેલું છે. જેને સુદામાપુરી તરીકે ઓળખવામાં આવે છે. સુદામાનગરી તરીકે પ્રાચીનકાળથી પોરબંદર પ્રખ્યાત છે. સૌરાષ્ટ્રના પ્રાચીન શહેરોમાં પોરબંદર પોતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. વળી સૌરાષ્ટ્રે જાણીતા બે ક્ષેત્રો તે દ્વારકાક્ષેત્ર અને પ્રભાસક્ષેત્ર. આ બે પવિત્ર ક્ષેત્રોની સીમાઓ પોરબંદરમાં ભેગી થાય તેથી તેનું ધાર્મિક મહત્વ વિશેષ છે તે સ્વાભાવિક છે. પોરબંદર શહેરની નજીકમાં ભદરાઈ માતાજી, મોચા હનુમાનજી, લો એજ સ્વામીનારાયણ મંદિર તથા ઉજ્જૈન જેટલું જ ધાર્મિક દષ્ટિએ મહત્વ ધરાવતું હર્ષદ માતાજીનું પવિત્ર મંદિર છે. ઉપરાંત પક્ષી અભ્યારણ પણ આવેલ છે. પોરબંદર પૂ. મહાત્મા ગાંધીની જન્મભૂમિ છે. તેમનાં જન્મ સ્થળ "કિર્તી મંદિર" ને રાષ્ટ્રીય સ્મારક ઘોષિત કરવામાં આવેલ છે.

## ૩.૭ સંસ્કૃતિ અને લોકજીવન :–

દરેક માણસની પોતાની આગવી સંસ્કૃતિ હોય છે. સંસ્કૃતિ માનવ સમાજનો પાયો છે. સંસ્કૃતિ એ માનવ સમાજની અદ્ભૂત અને અદ્વિતીય લાક્ષણિકતા છે. સંસ્કૃતિને કારણે માનવસમાજ અને પ્રાણીસમાજમાં પાયાનો તફાવત રહેલો હોય છે. માનવીના જીવનમાં પરિવર્તનો આવ્યા જ કરે છે. પરિવર્તન એ જીવનની સહજ પ્રક્રિયા છે. માનવીના જીવનને વધુ સંસ્કારીતાવાળું બનાવવા માટે સંસ્કૃતિ મહત્વનું પરિબળ છે. માનવીમાં સંસ્કૃતિના ગુણો કેળવાય તેમ તેનામાં અસ્મિતા વધે છે. તે દીર્ધકાલીન પ્રક્રિયાને સંસ્કૃતિ તરીકે ઓળખવામાં આવે છે. જયાં માનવ વસે છે ત્યાં સંસ્કૃતિ છે. દા.ત. સહરાના રણમાં રહેતા લોકોની રણની સંસ્કૃતિ, નદીકાંઠે વસનારાને નદી સંસ્કૃતિ, સમુદ્ર કાંઠે રહેતા લોકોની સંસ્કૃતિને સમુદ્ર સંસ્કૃતિ તરીકે ઓળખવામાં આવે છે. જયાં લોકો રહેતા હોય છે તે પ્રમાણે તેમની સંસ્કૃતિ વિકસે છે. તેઓ ધર્મ પાળે છે અને તેમના રિતરિવાજો બનતા હોય છે. પોરબંદર દરિયા કિનારે આવેલું હોવાથી અહિંની પ્રજા સાહસિક, ઉદ્યમી, અને દરિયો ખેડવાવાળી હોય છે. પોરબંદર એ સમુદ્રીય સંસ્કૃતિવાળો પ્રદેશ છે. અહીં વિવિધ જ્ઞાતિ અને ક્ષેત્રના લોકો વસવાટ કરે છે. સંસ્કૃતિના કેટલાક તત્વોમાં સામ્યતા અને વિવિધતા અહીં જોઈ શકાય છે.

પોરબંદરની પ્રજાની સંસ્કૃતિના પ્રતીક સમાન પહોળા સિમેન્ટ રસ્તા, બાગ–બગીચા અને મનોરંજનના સ્થળો તેમજ અનેક ધાર્મિક સ્થળો અને શૈક્ષણિક સંસ્થાઓ આની સાક્ષી પૂરે છે. અહિંયાની પ્રજાનું લોકજીવન વિવિધતા સભર છે અહીં શહેરી સંસ્કૃતિ અને ગ્રામીણ સંસ્કૃતિના દર્શન થાય છે. અહીં વસવાટ કરતી વિવિધ જ્ઞાતિઓમાં સંસ્કૃતિના સંદર્ભમાં લોકબોલી, ભાષા, પહેરવેશ, અર્થ વ્યવસ્થા, મકાનની બાંધણી, સાંસ્કૃતિક પરંપરાઓ વગેરેમાં ગ્રામીણ અને શહેરી સંસ્કૃતિના સમન્વયના દર્શન થાય છે.

આ વિસ્તારમાં બરડો ડુંગર અને સમુદ્ર કિનારો પણ આવેલો છે. જેથી અહિંયાના વિસ્તારની પ્રજાને બરડા સંસ્કૃતિ તરીકે અથવા સમુદ્રીય સંસ્કૃતિ તરીકે ઓળખવામાં આવે છે. અહીંની પ્રજાનો પોષાક સાદો, આભૂષણોની પરંપરાનું વર્ચસ્વ, ખેત વ્યવસાયમાં મોટી સંખ્યાના લોકો

જોડાયેલ છે. પોરબંદરની પ્રજા જુદા–જુદા વ્યવસાયમાં રોકાયેલી છે અને વ્યવસાયિક બાબતોમાં વારસાગત ધંધા–વ્યવસાય અંગેનું સામાજીકરણ, વર્ચસ્વ ઘટયું હોવાના ખ્યાલો સ્પષ્ટ થાય છે. લોકોનું જીવન શાંત, પ્રભુમય હતું એ ભૂતકાળની ઝાંખી કરાવે છે. ભૌતિક સુખ–સગવડતા વધતા સાંસ્કૃતિક પરિવર્તનો પોરબંદરની પ્રજામાં આવ્યા છે. જુની પેઢી મૂળ સંસ્કૃતિને જાળવવા પ્રયત્નશીલ બની છે જ્યારે જુની–નવી પેઢીના સભ્યોમાં ખાસ કરીને શિક્ષિત વ્યકિતઓમાં આધુનિક સંસ્કૃતિના ખ્યાલો વિકસી રહ્યા છે.

અહીંની પ્રજાનો મુખ્ય ધંધો ખેતી અને ખેતમજૂરી ઉપરાંત અત્યારે ઔદ્યોગિકરણના કારણે અને સરકારની સહાય મળતી હોવાને કારણે લઘુ ઉદ્યોગોને પણ પ્રોત્સાહન મળ્યું છે. જેમાં મત્સ્યોદ્યોગ આધારિત ફીશ પ્રોસેસીંગ, ઝીંગા પ્રોસેસીંગ, કોલ્ડ સ્ટોરેજ, ઓટો મોબાઈલ્સ તેમજ ખનિજોની ખાણોમાં રોજગારી માટે માનવ સંસ્કૃતિ સ્થાયી અને એક ગામથી બીજે ગામ સ્થળાંતર પણ કરતી હોય છે.

ગ્રામીણ સંસ્કૃતિમાં પ્રજાના પોષાક સંબંધી બાબતો જોતા પુરૂષો માથે પાઘડી, કેડીયું, ધોતિયું અને ચોરણીનો પહેરવેશ તરીકે ઉપયોગ કરે છે. સ્ત્રીયો સાડલા, કાપડા, ચણિયાનો પોષાક ધારણ કરે છે. સાંસ્કૃતિક તેમજ શિક્ષણ અને આર્થિક કારણોને લીધે પોશાક, રિવાજ, લોકબોલી અને સંસ્કૃતિના કેટલાક પાસાઓમાં આ વિસ્તારની પ્રજામાં પરિવર્તન આવેલું જોવા મળે છે. શહેરી સંસ્કૃતિમાં પચરંગી પ્રજાના દર્શન થાય છે. પોરબંદરના લોકોની સંસ્કૃતિમાં પ્રાચીનકાળ થી અર્વાચીનકાળના સમયગાળામાં લોકજીવન ક્ષેત્રના પરિવર્તનો અંગે ડૉ. હસમુખ સાંકળીયા માને છે કે ગુજરાતનો આદિમાનવ આફ્રિકાથી આવીને અહીં વસેલો છે. અહીં વસવાટ બાદ તેનાં લોકજીવનમાં અનેકવિધ પરિવર્તનો આવ્યા છે.

ભારતમાં અનેક જ્ઞાતિઓ અસ્તિત્વમાં છે. અનાદિકાળથી ગુજરાતમાં જ્ઞાતિઓ હયાત હોવાનું મનાય છે. જ્ઞાતિઓ અંગેની એક માન્યતા એવી છે કે પહેલાં લોકો ટોળામાં રહેતા હતા. એક ટોળી બીજી ટોળીને હરાવતી, લૂંટી લેતી, હત્યા કરતા. આથી સલામતિ, સંરક્ષણની ભાવના ઊભી થઈ અને એમાંથી પોતાને યોગ્ય લાગે તેવી વ્યકિતઓ ભેગી થઈને ટોળીયો અસ્તિત્વમાં આવી. તેણે પોતાની ટોળીને ઓળખવા માટે નિશાનો આપ્યા હતા. જેમાં સૂર્ય અને ચંદ્રના નિશાન પરથી સૂર્યવંશી અને ચંદ્રવંશી તરીકે ટોળીયો ઓળખાતી, ટોળીએ પોતાની ટોળીની વ્યવસ્થા જાળ વવા માટે જુદા–જુદા લોકોને કામ સોંપ્યા તે કામ પરથી જ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી. ઈ.સ. ની આઠમી સદી સુધી જ્ઞાતિઓનું અસ્તિત્વ ન હતું. ઈ.સ. ૧૪મી સદીમાં જ્ઞાતિપ્રથા આવી ગઈ હોવાના ખ્યાલો પ્રાપ્ત થાય છે.

પોરબંદરની કેટલીક જ્ઞાતિઓના સમાજજીવન વિશે નીચે મુજબ માહિતી પ્રાપ્ત થાય છે.

સૌરાષ્ટ્રના દરિયા કિનારે ખારવા જ્ઞાતિ વસવાટ કરે છે. ખારવા વ્યવસાયક વાચક શબ્દ છે. દરિયા કિનારે મીઠાની હેરફેર કરનાર કે વેચનાર લોકોને ક્ષારવાહક કહેવામાં આવે છે. ક્ષારવાહક ઉપરથી ખારવાહ અને ખારવા શબ્દ આવેલ છે. આ પ્રજાનું શરીર પશ્ચિમકોઠાની કોળી પ્રજા સાથે વિશેષ મળતું છે. બેઠી દડીનું, મજબૂત શરીર, ઘઉંવર્ણો વાન, પહોળું માથું તથા પહોળું નાક

તેમની શારીરિક ખાસિયતો છે.

ખારવા જ્ઞાતિની મૂળવસ્તી મિશ્રજાતિની જણાય છે. જેમાં કોળી લોકોની સંખ્યા વિશેષ છે. સમય જતાં રાજપૂત જાતિઓ ખારવામાં ભળેલી છે. ખારવા જ્ઞાતિમાં સૂર્યવંશી અને ચંદ્રવંશી બંને જ્ઞાતિઓ છે. ખારવા લોકો રામદેવપીરના મોટાપંથમાં માને છે. શાખાવાર પોતાની સ્વતંત્ર કુળ દેવી હોય છે. અત્યારે ખારવા લોકો સ્વાધ્યાય પરિવારમાં વધારે માને છે. આ પ્રજાની મુખ્ય વિશિષ્ટતા તેમની જ્ઞાતિનું બંધારણ છે. ખારવા જ્ઞાતિમાં જ્ઞાતિના કૌટુંબિક કે અન્ય પ્રકારના ઝઘડાના ઉકેલ માટે 'મઢી' નામની જગ્યા ઓળખાય છે. જેને આધુનિક રીતે નિકાલ અને ન્યાય માટે ન્યાયમંદિર કે કોર્ટ તરીકે ઓળખવામાં આવે છે. જ્ઞાતિના પ્રમુખને વાણોટ તરીકે ઓળ ખવામાં આવે છે. વાણોટ ન્યાયધીશ જેવી ભૂમિકા ભજવે છે. ખારવા કોમના વ્યવસાયમાં વહાણવટું, મચ્છીમારી અને વહાણ બાંધવાનું સુથારીકામ છે. ખારવા સ્ત્રી ઘરકામ કરે છે. આ લોકો માછીમારી કે સાગરખેડૂતો તરીકે ઓળખાય છે. પ્રવર્તમાન સમયમાં આ જ્ઞાતિએ જુદા–જુદા વ્યવસાય ક્ષેત્રે અને સામાજિક સેવાની પ્રવૃત્તિમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

મેર પ્રજા પણ અહીં વસવાટ કરે છે. આ લોકો ખેતીનો ધંધો કરે છે. મોટા ભાગે ગામડામાં પોતાની જમીનની અંદર જ પોતાનું મકાન બનાવીને વાડીઓમાં રહે છે. સાથે–સાથે પશુપાલનનો ધંધો કરે છે. પ્રવર્તમાન સમયમાં આ જ્ઞાતિની અંદર પણ શિક્ષણનો વ્યાપ વધ્યો છે. મેર જ્ઞાતિના લોકો અન્ય વ્યવસાય સાથે સંકળાયેલા છે. રાજકીય ક્ષેત્રોમાં પણ આ જ્ઞાતિના લોકોએ પોતાનું યોગદાન આપેલ છે.

આ પ્રજા સાહસિક છે. ઉચું શરીર અને તામ્રવર્ણોવાન, લાંબુ અણીદાર નાક અને લંબગોળ માથું ધરાવતી આ પ્રજા દેખાવમાં જગતની કોઈ પણ પ્રજા સાથે હરિફાઈ કરી શકે તેવી પ્રજા ગણાય છે. તેઓની રહેણીકરણી, ભાષા, લોકબોલી, વૈવિધ્ય ધરાવે છે. લગ્નના રિવાજોમાં પસંદગી વિષયક લગ્નક્ષેત્રે, ક્રોસકઝિન લગ્ન સંબંધોથી યુવક–યુવતિ જીવનસાથી પસંદ કરે છે. સ્ત્રી અને પુરૂષ બન્ને દેખાવડાં હોય છે. પુરૂષોનો સફેદ પોશાક અને સ્ત્રીઓ પોશાકમાં લાલ અને કાળો રંગ મુખ્યત્વે પસંદ કરે છે. સ્વભાવે આ પ્રજા નીડર હોય છે. આ પ્રજાનું મૂળઘણાં વિદ્વાનો વાયવ્ય ઈરાનમાં હોવાનું માને છે.

લોહાણા જ્ઞાતિ મુખ્યત્વે વેપાર ધંધા સાથે જોડાયેલી છે. સ્વભાવે સાહસિક અને દરિયાઈ માર્ગે વેપાર કરનારી પ્રજા છે. મૂળ કચ્છ અને કાઠિયાવાડમાં વસવાટ કરે છે. આ જ્ઞાતિ પોતાને રઘુવંશી ગણાવે છે. વૈષ્ણવ સંપ્રદાયમાં આ પ્રજા માને છે. પુરૂષો શરીરે ઉંચા અને ગોરા અને લાંબુ નાક અને લંબગોળ માથું ધરાવે છે. આ પ્રજા વેપારમાં ડુંગળીથી માંડીને રૂ બજારના અને નવા અનેક વ્યવસાયમાં જોડાયેલી છે.

**બરડાઈ બ્રાહ્મણ** :– પોરબંદરના બ્રાહ્મણો બરડા વિસ્તારમાં વસ્યા માટે બરડાઈ બ્રાહ્મણ તરીકે ઓળખાય છે. આ જ્ઞાતિમાં બે પેટાજ્ઞાતિ જોવામાં આવે છે. જેમાં એક નાની નાત અને બીજી મોટી નાત તરીકે ઓળખાય છે. બરડાઈ બ્રાહ્મણ ગોરપદું, વેપાર, વ્યવસાય અને નોકરી ધંધામાં જોડાયેલી પ્રજા છે. ગ્રામીણ અને શહેરી સંસ્કૃતિ પ્રમાણે સ્ત્રી–પુરૂષ પોષાક ધારણ કરે છે.

મેઘવાળ જ્ઞાતિ આ વિસ્તારમાં વણાટકામ, ચર્મ કામ સાથે વણાયેલી મહેનતું, સાહસિક પ્રજા છે. તેઓ કદાવર, સશકત પ્રજા તરીકે ઓળખાય છે. આ જ્ઞાતિનો મુખ્ય ધંધો કાપડવણાટ, ચર્મકામ છે. જીવનનિર્વાહ માટે ખેતમજૂરી, ખેતીના અને અન્ય પૂરક ધંધા સાથે જોડાયેલી છે. આઝાદી બાદ આ જ્ઞાતિમાં શિક્ષણનો વ્યાપ વધતા તેઓને શિક્ષણની સવલતો મળી, નોકરીમાં અનામતના લીધે વ્યવસાયિક સારી તકો મળી. બીજી બાજુ ઔદ્યોગિક ક્રાંતિને લીધે તેમના વારસાગત ધંધાને અસર પહોંચી છે. યાંત્રીક યુગમાં હાથ–શાળ જેવા લઘુઉદ્યોગો ઉપર અસર પડી છે છતાં પણ આજે આ જ્ઞાતિની પ્રજા વણાટ કરીને બેનમૂન ગરમ શાલો બનાવે છે. જે છાયા વિસ્તારમાં બનાવે છે. જેનો રબારી લોકો વધારે ઉપયોગ કરે છે.

પોરબંદરમાં ખાસ કરીને મેઘવાળ, રબારી, ખારવા, મેર, લોહાણા, બરડાઈ બ્રાહ્મણ વગેરેમાં સોના, ચાંદીના ઘરેણાનું ચલણ છે. સોનીકામ, ચાંદી કામના જાણકાર કારીગરો પોરબંદરમાં વસે છે. કેટલાક વેપારીઓ તો ગોલ્ડ ડીલરનું લાયસન્સ પણ ધરાવે છે. સોનીકામમાં એક હજારથી વધુ કારીગરો હસ્તઉદ્યોગમાં રોકાયેલા છે. દરેક વર્ષે અંદાજે ૧૦૦થી વધુ કિલોનો સોનાનો વેપાર થતો હોવાનો અંદાજ છે. ચાંદીના ઘરેણાનો ઉપયોગ અમુક ઘરેણા માટે સીમિત છે. આર્થિક રીતે નબળા વર્ગોમાં તેનો વપરાશ વધુ છે. રબારી લોકો પગના કડલાં તરીકે ચાંદીનો વધારે ઉપયોગ કરે છે. જ્યારે મેર લોકોમાં લગ્ન વખતે બનતું સોનાનું ઝુમણું લગભગ ૧૫થી ૨૦ તોલાનું પોતાની આર્થિક સધ્ધરતા પ્રમાણે બનાવતા હોય છે. અહિંયા સોનાના ઘાટમાં પણ વિશિષ્ટતા જોવા મળે છે. અહિંયાના લોકો વજનદાર અને પહોળા ઘાટના દાગીના પસંદ કરે છે.

પોરબંદરને દેશ અને વિદેશની ધરતી પર નામના અપાવવામાં અનેક ક્ષેત્રોએ પોતાનું યોગદાન આપેલ છે. જેવા કે ઔદ્યોગિક, સાંસ્કૃતિક અને કલાના ક્ષેત્રે ઉપરાંત ખનિજ ઉદ્યોગ અને મત્સ્ય ઉદ્યોગમાં પણ વિકાસની કેડીએ પોરબંદરે આગેકૂચ કરેલી છે. આ ઉપરાંત પોરબંદરની પ્રજાની સાહસિકતા અને કુદરતની અનુકૂળતા વગેરે અનેક કારણો જવાબદાર છે. પોરબંદર એક 'પોર' તરીકે માછીમારોના નાના ગામ તરીકે જાણીતું હતું. પરંતુ પ્રજાની સાહસિકતા અને ઔદ્યોગિક વસાહતોને લીધે આજે જિલ્લા કક્ષાનું સ્થાન પોરબંદરે લીધું છે.

વિશ્વનું ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે પોરંબદર મહાત્મા ગાંધીનું જન્મસ્થળ છે. સુદામાપુરી નામે પણ પોરબંદર ખ્યાતનામ થયું છે.

અહીં અનેક જ્ઞાતિઓના વસવાટ હોવા છતાં વિવિધતામાં એકતાના દર્શન થાય છે. સ્થાપત્ય, શિક્ષણ ક્ષેત્રે, શિલ્પ, ચિત્ર, નૃત્યક્ષેત્રે પોરબંદરના આર્ય કન્યા ગુરૂકુળના આચાર્યા પૂ. ડૉ. સવીતા દીદીને વિશ્વ ગુજરી એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. અંતમાં પોરબંદર ઔદ્યોગિક નગરની સાથે–સાથે રમત–ગમત ક્ષેત્રે પણ પોતાનું આગવું સ્થાન ધરાવે છે. સન ૧૯૪૭માં અહીંના લોકપ્રિય રાજવી શ્રી મહારાણા નટવરસિંહજી દ્વારા દુલીપ સ્કુલ ઓફ ક્રિકેટની વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવા માટે સ્થાપના કરવામાં આવી હતી. અને દેશની ક્રિકેટ ટીમમાં આ સ્કુલના ખેલાડીઓ જોડાય તેવી તેમની અંગત ઈચ્છા હતી. દિલીપ સ્કુલ ઓફ ક્રિકેટનું ઉદ્‌ઘાટન ક્રિકેટર

દિલીપસિંહજીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. તેમનું નામ આ સ્કુલ સાથે જોડવામાં આવ્યું હતું. પેવેલિયનનું ઉદ્‌ઘાટન ક્રિકેટર વિજય મરચન્ટના હાથે થયું હતું. વધુમાં સરકારે આ સ્કુલને સંભાળતા માધવરાય સિંધિયા સાહેબે તેને વિધિવત ગ્રાન્ટથી શરૂ કરવા ઉદ્‌ઘાટિત કરી હતી.

અંતમાં પોરબંદરમાં અનેક જ્ઞાતિઓ વસતી હોવાથી દરેકના ધર્મ, રીત રિવાજ, રહેણી કરણી અલગ અલગ જોવા મળે છે. ધંધાઓ વિકસતા બહારના લોકો પણ અહીં આવીને વસતા આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નોનું પ્રમાણ પહેલાં કરતાં વધારે જોવા મળે છે. જેમાં જ્ઞાતિમાં દહેજ, જડ રીત રિવાજ, અને જ્ઞાતિમાં યોગ્ય પાત્ર ન મળવાં જેવા અનેક કારણો જવાબદાર ગણાવી શકાય.

**૩.૮ જૂનાગઢ જિલ્લાનું ભૌગોલિક સ્થાન :–** ભારતની પશ્ચિમે ગુજરાત રાજ્યમાં સૌરાષ્ટ્રની દક્ષિણે જૂનાગઢ જિલ્લો આવેલો છે. જિલ્લાનું મુખ્ય મથક જૂનાગઢ ૨૧.૩૧˙ ઉ. અક્ષાંસ અને ૭૦.૨૭˙ પૂર્વ રેખાંશ પર આવેલું છે. સને ૧૯૯૭ માં જૂનાગઢ જિલ્લાની વહીવટી નવરચના થતાં પોરબંદર, રાણાવાવ અને કુતિયાણાનો અલગ જિલ્લો બનાવવામાં આવ્યો છે. કોડિનારનો જૂનાગઢ જિલ્લા સાથે સમાવેશ કરી સૂત્રાપાડાનો નવો તાલુકો રચવામાં આવ્યો છે. આમ જૂનાગઢમાં કુલ ચૌદ તાલુકા મળી જિલ્લાનું ક્ષેત્રફળ કુલ ૮૭૮૨–૧૦ ચો.કી. જેટલું થવા જાય છે. જિલ્લામાં કુલ ૧૦૩૪ ગામ છે. ક્ષેત્રફળના કુલ વિસ્તારમાંથી ૩૨૧.૯૫ ચો.કિ.મી. જેટલો વિસ્તાર જંગલોનો છે.

જૂનાગઢ જિલ્લાની ઉતરે રાજકોટ જિલ્લો, પશ્ચિમમાં પોરબંદર જિલ્લો, પૂર્વમાં અમરેલી જિલ્લો તેમજ ગીરના જંગલનો વિસ્તાર અને દક્ષીણે અરબી સમુદ્ર આવેલો છે.

સૌરાષ્ટ્રમાં વરસાદ ઓછો પડતો હોવા છતાં અન્ય જિલ્લાઓની સાપેક્ષમાં જૂનાગઢ જિલ્લામાં સરેરાશ વરસાદનું પ્રમાણ વધારે છે. જિલ્લામાં વાર્ષિક ૩૫ થી ૪૦ ઈંચ જેટલો વરસાદ પડે છે. દરિયા કિનારાની આબોહવામાં ઠંડી અને ગરમી વચ્ચે બહુ ફેર નથી. ઉનાળામાં જિલ્લાના મધ્ય ભૂભાગમાં તાપમાન ૪૫ સે. જેટલું ઊંચું થઈ જાય છે, તો શિયાળામાં તાપમાન ૬ થી ૭ સે. જેટલું નીચું થઈ જાય છે.

જૂનાગઢ જિલ્લાનાં ભૌગોલિક રીતે ચાર પ્રકારો પડે છે. ૧) નાઘેરનો દરિયા કિનારાનો વિસ્તાર જે "લીલી ના ઘેર" તરીકે ઓળખાય છે. ૨) માંગરોળ અને કેશોદ તાલુકાનો બનેલો ઘેડનો પ્રદેશ. ૩) ગીરના જંગલો અને તેની ટેકરીઓનો ઉચ્ચ પ્રદેશ. ૪) મેદાનોનો વિસ્તાર. જિલ્લામાં મચ્છુન્દ્રી, શિંગવડો, હિરણ, મધુવંતી અને ઓઝત જેવી નદીઓ આવેલી છે. જે સામાન્ય રીતે ગીરની ટેકરીઓમાંથી નીકળી અરબી સાગરને મળે છે. નદીઓની સામાન્ય લંબાઈ ૫૦ થી ૬૦ કિ.મી. જેટલી છે. પરંતુ ઓઝત થોડી મોટી નદી છે. તેની લંબાઈ ૮૦ માઈલ જેટલી છે.

જૂનાગઢ જિલ્લામાં ગિરિવર ગિરનાર પર્વત આવેલો છે. જે હિમાલય કરતાં પણ પ્રાચીન મનાય છે. તેનું ગોરખનાથનું શિખર ગુજરાતનું ઊંચામાં ઊંચું શિખર છે. અને ૧૧૧૭ મીટરની ઊંચાઈ ધરાવે છે. ગિરનારનું ભૂસ્તર ડેલેટાઈટ અથવા બોકસાઈટ પ્રકારનું છે. ઉપરના શિખરો ગ્રેનાઈટના છે. તળેટીમાં લાઈમસ્ટોન અને મીની ઓલાઈટ છે.

સોમનાથ, તુલસીશ્યામ અને ગિરનાર જિલ્લાના મુખ્ય યાત્રા ધામો છે. ગીરનું અભયારણ્ય સમગ્ર એશિયામાં સિંહોનું એક માત્ર નિવાસ સ્થાન છે. માંગરોળથી પ્રભાસ પાટણ સુધીનો સુંદર રેતાળ સાગર કિનારો સહેલાણીઓ માટે સ્વર્ગ સમાન છે. ચોરવાડ અને અહમદપુર માંડવી સહેલાણીઓ માટેના વિહાર ધામ છે.

**૩.૯ કૃષિ, વ્યવસાય :–** વેરાવળ અને માંગરોળમાં મત્સ્ય ઉદ્યોગ વિકાસ પામ્યો છે. જિલ્લાના સૂત્રાપાડામાં સોડાએશની ફેકટરી, કોડીનારમાં સિમેન્ટ અને ખાંડ ઉદ્યોગ, વેરાવળમાં રેયોન ઉદ્યોગ નોંધપાત્ર છે. જૂનાગઢ જિલ્લો ખેતી વાડીની દષ્ટિએ સમૃધ્ધ ગણાય છે. મગફળી, શેરડી, કેસર કેરી, નાળિયેરીનો પાક સારા પ્રમાણમાં થાય છે. ઘઉં, બાજરી, કપાસ અને કઠોળનો પાક પણ લેવામાં આવે છે.

## ૩.૧૦ જૂનાગઢ જીલ્લાની ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા :–

પ્રભાસ પાટણથી થોડી દૂર હિરણ નદીને કાંઠે સાડા ચાર હજાર વર્ષ જૂનો નગરનો ટીંબો આવેલો છે. ગુજરાતમાં જે થોડાક સ્થળોએથી હડપ્પાની સંસ્કૃતિના અવશેષો મળી આવેલા છે. તેમાંનું આ એક મહત્વનું કેન્દ્ર છે. ગિરનારની તળેટીમાં વસેલું જૂનાગઢ એક ઐતિહાસિક શહેર છે. મગધના મૌર્ય વંશના રાજાઓ ગિરિનગર (જૂનાગઢ) ને પાટનગર બનાવી સુબા દ્વારા રાજ્ય ચલાવતા હતા.

ગિરનાર તરફ જવાના રસ્તે સમ્રાટ અશોકનો શિલાલેખ (ઈ.સ. પૂર્વ ૨૩૪–૨૩૭), રૂદ્રદામાનો ઈ.સ. પૂર્વે ૧૫૦નો અને સ્કંદગુપ્તનો ઈ.સ. ૪૫નો શિલાલેખ છે. જે ગિરનાર જૂનાગઢ ની પ્રાચીનતા સિધ્ધ કરે છે.

જૂનાગઢની ખાખરા કોડિયાની ગુફાઓ, બાવા પ્યાપની ગુફા, ઈંટવા વિહાર અને બોરદેવી પાસે લાખા મેડીના અવશેષો તેમજ પ્રાચીન બૌધ્ધ સંસ્કૃતિની ગવાહી પૂરે છે.

સ્કંદ પુરાણમાં જૂનાગઢનું મૂળનામ કરણકબ્જ હોવાનું કહેવામાં આવ્યું છે. એક માન્યતા મુજબ જૂનાગઢનું એક નામ મણીપુર હોવાનું પણ જાણવા મળે છે. પુરાણોના આધારે જાણવા મળ્યું છે કે મણીપુર નામનું આ નગર પછીથી ચંદ્રકેતુપુર તરીકે ઓળખાયેલું હતું. ચંદ્રકેતુપુરનો ઈતિહાસ તપાસતા જાણવા મળે છે કે ચંદ્રકેતુ નામે સૂર્યવંશી રાજા હતા. તેઓ સ્વર્ગમાં અવરજવર કરી શકતા. એક વખત નારાયણે તેમને રેવનાચળમાં રાજધાની વસાવી રહેવાનું કહ્યું અને તે ચંદ્રકેતુ રાજાની રાજધાની ચંદ્રપુર તરીકે જાણીતી બની. પુરાણમાં ઉલ્લેખ છે કે આ નગરી કળીયુગમાં જીર્ણદુર્ગ નામે પ્રસિધ્ધ થશે. ઈસુની છઠ્ઠી અને સાતમી સદીમાં આ જીર્ણદુર્ગ નામે ઓળખાયુ. પછીથી પુરાતનપુર નામે પણ પ્રસિધ્ધ થયું. આમ આજનું જુનાગઢ ચંદ્રકેતુએ વસાવેલું ચંદ્રપુર હોવાના પુરાવા પુરાણોમાં પ્રાપ્ત થાય છે.

શકોની સત્તા સૌરાષ્ટ્રમાં સ્થિર થઈ ત્યારે આ નગર ચંદ્રકેતુનગરને બદલે ગિરિનગર તરીકે ઓળખાવા લાગ્યું. શકોના શાસનકાળમાં આ એક અગત્યનું નગર હતું.

ચીનના પ્રવાસી હ્યુંએન સંગના લખાણોમાં પણ ઉજ્જૈન પર્વતની પાસે એક નગર આવેલું છે તેનો ઉલ્લેખ જોવા મળે છે. જેને આધારે કહી શકાય કે ગિરનારની પાસે ગિરિનગર વસેલું હતું.

જે અત્યારે જુનાગઢ છે.

જુનાગઢ નામ માટેની અનેક દંતકથાઓ ઈતિહાસમાં જોવા મળે છે. સોરઠના લોકોનું માનવું છે કે સોરઠ દેશની રાજધાની વંથલીમાં હતી અને વંથલી જુનાગઢ વચ્ચે ગાઢ જંગલ હતું. એક વખત એક કઠિયારાએ આ જંગલમાં કિલ્લો અને તેના દ્વાર જોયા તેણે રાજાને વાત કરતાં જંગલ કપાવી નાંખી, કિલ્લો કયારે બંધાયો તે વિશેની માહિતી મેળવવાના પ્રયત્ન કર્યા પરંતુ આ માટે કોઈ ચોક્કસ માહિતી પ્રાપ્ત ન થઈ માટે આ કિલ્લાને જુના કિલ્લા તરીકે ઓળખવામાં આવ્યો. આ જીર્ણ કિલ્લાનું નવનિર્માણ કરવામાં આવ્યું અને અહિ જુદી–જુદી પ્રજાઓને વસવાટ માટેનું આમંત્રણ આપ્યું. અહિં નાગર, બ્રાહ્મણ, વાણીયા તેમજ કારીગર વર્ગની જ્ઞાતિઓ વસવાટ કરવા લાગી. જુદી–જુદી દાસત્વ કરનારી જાતિઓએ પણ અહિ વસવાટ કર્યા. જીર્ણદુર્ગમાંથી અપભ્રંશ થઈને જીર્ણગઢ થયું હશે અને પછી સામાન્ય લોકભાષામાં જુનાગઢ કે જુનોગઢ કહેવાતું હશે. પત્રવ્યવહારમાં ઈ.સ. ૧૯૦૦માં જારણગઢ તરીકે આ શહેરનો ઉલ્લેખ થયેલો છે. આમ ચૌદમી સદીથી શરૂ કરીને ઈ.સ. ૧૯૦૦ સુધી આ નગર જુનાગઢ તરીકે જાણીતું રહ્યું.

મહેમદ બેગડાએ જુનાગઢ જીત્યું અને તેનું નામ મુસ્તફાબાદ કરી નાખ્યું. ફરી બ્રિટિશ સાર્વભૌમત્વ સ્થપાયું ત્યારે જુનાગઢ નામ રાજ્ય સ્વીકૃત નામ બન્યું.

એક માન્યતા મુજબ આ નગરનું નામ ગ્રીકયવન ઉપરથી યવનગઢ હતું તેના ઉપરથી જોનગઢ અને જુનાગઢ થયું. યૌન ગ્રીકોની એક જાતિ હતી. જુનાગઢના પર્વતીય લખાણોમાં આ માટે યોહણ શબ્દ વાપરવામાં આવ્યો છે પરંતુ આના માટેના કોઈ આધાર પુરાવાઓ પ્રાપ્ત થતા નથી.

ભારતના અનેક નગરો અને નદીઓના વિભિન્ન નામ છે તેમ જુનાગઢના પણ ગિરિનગર, નગર, જીર્ણદુર્ગ, જીર્ણપ્રકાર જુનોગઢ અને જુનાગઢ એવા વિવિધ નામો વિવિધ સમયે પ્રચલિત થયેલાં છે.

## ૩.૧૧ જુનાગઢનું સમાજજીવન :–

અહિંના લોકજીવનની એક વિશિષ્ટતા તે એ છે કે હિન્દુ અને મુસ્લીમ બંન્ને ધર્મોના શાસકોએ શાસન કરેલું છે. તેથી અહિં હિન્દુ મુસ્લીમ બંન્ને પ્રજાઓ વસવાટ કરે છે. હિન્દુ મુસ્લીમના ભેદ ભૂલાઈ ગયા છે. દરેક પોતપોતાના ધર્મને રોકટોક વિના પાળી શકે છે. પ્રજામાં ગ્રામીણ વ્યાપાર સિવાય ખેતી અને અન્ય વ્યવસાયો હતા. આહિર, કણબી, કારડીયા રાજપૂત અને મેર ખેતીનો વ્યવસાય કરતાં. વાણીયા, લોહાણા, મેમણ, વોરા અને ખોજાઓ સ્થાનિક વેપાર કરતાં. સોની, કંસારા, લુહાર, સુથાર, સલાટ, કડીયા અને ભોંઈ પોતપોતાના વ્યવસાય કરતાં. કોળી જ્ઞાતિના સભ્યો ખેતી અને લાકડા કાપવાનું કામ કરતાં. હરિજન અને વણકર પોતાના વ્યવસાય કરતાં. રબારી, ચારણ, ભરવાડો પશુપાલન કરતાં. કેટલાક લશ્કરી નોકરીમાં જોડાયેલા હતા. નાગરો રાજસેવામાં હતા. બ્રાહ્મણો કર્મકાંડનો ધંધો કરતા. મકરાણી, સિંધી અને આરબ, રજપૂત, કાઠી, ખાંટ, મહેર અને રબારી કોમના યુવાનો લશ્કરમાં ભરતી થતાં. અરબસ્થાનમાંથી આવેલા આરબોએ આ દેશને વતન તરીકે સ્વીકાર્યું અને તેઓ પણ લશ્કરમાં જોડાયા.

**પહેરવેશ :–** મધ્યકાલીન સમય કરતાં લોકોની રહેણીકરણીમાં અનેક પરિવર્તનો આવેલા છે. પહેરવેશ લગભગ જુનો જ રહ્યો છે. ભદ્રવર્ગના લોકો પગની પાની સુધીના અંગરખા, સુરવાલ અથવા ધોતીયું પહેરતા, કમ્મરે ભેંટ પણ બાંધતા. મુત્સદ્દી વર્ગના ગૃહસ્થો ખંભે ખેસ નાંખતા. લડાયક કોમના પુરૂષો ભેંટમાં જમૈયા રાખતા. બગલમાં એક ફાળીયું બાંધીને તલવાર રાખતા. જે અમીરોને અધિકાર હોય તેઓ પગમાં તોડા પહેરતા અને માથા ઉપર વિવિધ પ્રકારની પાઘડીઓ પહેરવામાં આવતી. આ પાઘડીના આધારે દરેકની જ્ઞાતિ ઓળખાતી. હિન્દુ મુસ્લીમો સાથે છુટથી હળી–મળીને રહેતા. ધાર્મિક સહિષ્ણુતા એટલી હદ સુધી હતી કે બન્ને કોમના માણસો સામાજીક ધાર્મિક પ્રસંગોમાં કોઈપણ જાતના ભેદભાવ વગર ભાગ લેતા. મુસ્લીમ રાજકર્તા હોવા છતાં હિન્દુ દેવસ્થાનો, સંતો કે મહંતોને કોઈપણ જાતની હેરાનગતિ થતી નહિ. ધાર્મિક ઉત્સવો કોઈપણ બંધન કે મર્યાદા વગર ઉજવવામાં આવતા. સ્વદેશી ચળવળો અને નવીન વિચારોએ જુનાગઢની પ્રજામાં મોટું પરિવર્તન આણ્યું. સમાજમાં શિક્ષણ અને સંસ્કારોનો ફેલાવો થયો. જુનાગઢ એક મહત્વનાં નગર તરીકે વિકાસ પામ્યું.

દરિયાકાંઠાના વિસ્તારમાં કોળી, ખારવા, મુસ્લીમ મચ્છીયારા વસે છે તો ગિરનારના જંગલમાં ચારણ, રબારી અને સીદી લોકોની વસતિ છે. માળીયા તાલુકામાં કાઠી દરબારો અને કોડીનાર તાલુકામાં કારડીયા રજપૂતોની વસતિ છે. કેશોદ, માણાવદરમાં કણબી અને કાઠી દરબારોની સાથોસાથ બ્રાહ્મણોના વસવાટો જોવા મળે છે. શહેરી વિસ્તારોમાં બ્રાહ્મણ, વાણીયા અને લુહાણાની વસતિ વિશેષ પ્રમાણમાં છે. કેટલાક ગામમાં સોરઠીયા આહિરો પશુપાલન અને ખેતીનો ધંધો કરે છે. ઉપરાંત કારીગર જાતિઓની વસતિ પણ વિશેષ પ્રમાણમાં છે. મુસ્લિમોની વસ્તી ખાસ કરીને માંગરોળ, માણાવદર, જૂનાગઢ અને વેરાવળમાં મોટા પ્રમાણમાં છે. જૂનાગઢ જિલ્લામાં ખ્રિસ્તીઓ અને નવ બૌધ્ધો પણ હવે દેખાવા લાગ્યા છે. સિંધમાંથી આવેલા સિંધી ભાઈઓ શહેરી વિસ્તારમાં વેપાર ધંધાનું કાર્ય સંભાળે છે.

સૌરાષ્ટ્રના ત્રણ મોટા પ્રખ્યાત મેળા છે. જૂનાગઢમાં મહાવદી તેરસ–શિવરાત્રિનો ભવનાથનો મેળો, ચૈત્ર સુદી નોમ–રામનવમીનો માધવપુરનો મેળો, ભાદરવા સુદી પાંચમ–ઋષિ પંચમીનો તરણેતરનો મેળો. જેમાંથી પ્રથમ બે મેળા જૂનાગઢ જિલ્લામાં ઉજવવામાં આવે છે. પ્રજા અતિ ઉત્સાહી અને ધાર્મિક છે. જૂનાગઢ જિલ્લામાં અનેક ધર્મ, સંપ્રદાયો પાંગર્યા છે, ઉછર્યા છે. ગિરિ ગુરૂ ગિરનાર તો સર્વ પંથનું આદિસ્થાન મનાય છે. એકલી ભવનાથ તળેટીમાંજ કુલ ૨૭૫ જગ્યાઓએ આશ્રમો છે. જૂનાગઢ જિલ્લામાં નાથ સંપ્રદાયનાં મહત્વનાં કેન્દ્રો ગોરખમઢી, કેશોદ પાસેનું કર્ણેરી ગામ અને ગિરનારમાં ગોરખનાથ, દત્રાત્રય વિગેરે શિખરો આવેલા છે. ગિરનાર ક્ષેત્રમાં શંકરાચાર્ય પ્રેરિત દશનામ સાધુનાં પાંચ અખાડાઓ છે. શ્રી પંચ જૂના અખાડા, અગ્નિ અખાડા, આહ્‌વાન અખાડા, નિરંજન અખાડા, અટલ અખાડા આવેલા છે. ઉપરાંત રામાનંદી અખાડાનાં નિર્વાણી અને નિર્મોહી વૈરાગી સાધુઓનાં આશ્રમો, ઉદાસીન સાધુઓની જગ્યાઓ પણ ઠેરઠેર જોવા મળે છે.

જિલ્લાનાં ગામેગામ સંત મહંતો થઈ ગયા છે અને તેમનો પ્રભાવ જન સામાન્યમાં અધિક છે. જૂનાગઢ પાસે મજેવડીમાં આવેલી દેવતણખી બાપાની જગ્યા લુહાર જ્ઞાતિની પૂજનીય જગ્યા

છે. માહત પંથી મેસવાણીયા સાધુઓનું આદિસ્થાન સિધ્ધગુરૂ બાલક સ્વામિની જગ્યા કેશોદ પાસે મેસવાણમાં આવેલી છે. નિમ્બાર્ક પંથનું ગોપાલ મંદિર જૂનાગઢમાં ગોધાવાવની પાટીમાં આવેલું છે. પુષ્ટિમાર્ગનાં પ્રવર્તક મહાપ્રભુજીની બેઠકો જૂનાગઢમાં દામોદર કુંડ, માધપુરમાં પ્રભાસ પાટણમાં અને મૂળ દ્વારકામાં આવેલી છે. પરબ વાવડી અને બીલખામાં દાદા મેકરણની સ્મૃતિરૂપે ધૂણા આવેલા છે. વેદાંતની અસરરૂપે અસ્તિત્વમાં આવેલા સૂફી મતના એક સંત જમિયલશા દાતાર (ઈ.સ. ૧૪૭૦) ની જગ્યા દાતારનાં શિખર પર આવેલી છે. જમિયલશા દાતાર પધાર્યા તે પહેલા તે ગુફા ગુરૂદત્તની કહેવાતી ત્યાં ગુરૂદત્તનો સિધ્ધ ધૂણો મોજુદ છે. ઘેડ અને બરડા પંથકમાં વાછરાદાદાના સ્થાનો આવેલા છે. તેમના પ્રત્યે રબારી, આહીર, મેર અને ચારણ ખૂબ જ આસ્થા ધરાવે છે.

પુષ્ટિ પરંપરાનો એક ફાંટો વૈષ્ણવ ગોપાલ પંથની મૂખ્ય ગાદી વડાલ પાસે ભિયળમાં આવેલી છે. આ ઉપરાંત પાશુપત સંપ્રદાયનો પ્રાદુર્ભાવ પ્રભાસતીર્થમાં થયેલો. સોમશર્મા અને નકુલીશ દ્વારા સંપ્રદાયનો વિકાસ થયેલ હતો. સોલંકીકાળ સુધી ગુજરાતમાં પાશુપત સંપ્રદાય પ્રચલિત હતો.

પ્રભાસનો ત્રિવેણી ઘાટ અત્યંત પ્રાચીન સંગમ છે. આ સંગમમાં ત્રણ નદી ભેગી થાય છે. તૂરણ, સરસ્વતી, કપિલા ઋગ્વેદના ખિલશૂકતોમાં પ્રાચી, સરસ્વતીનો ઉલ્લેખ છે.

આ ઉપરાંત આ જિલ્લામાં રબારી જ્ઞાતિનાં કુળદેવી મોમાઈ માતાનાં મઢ, ચોરવાડ સિડકોર લોએજ, બળેજ અને ઓડદર વગેરે જગ્યાઓએ આવેલા છે. નવરાત્રી અને પૂંજ જેવા પ્રસંગોમાં ત્યાં સર્જુગાન ગવાય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયનાં સ્થાપક સહજાનંદ સ્વામીએ (ઈ.સ. ૧૮૩૭) માં પોતાના જીવનકાળ દરમ્યાન છ શિખરબંધ મંદિર બંધાવ્યા હતા. જેમાનું એક જૂનાગઢનું સ્વામિનારાયણ મંદિર પ્રસાદી મંદિર તરીકે ઓળખાય છે.

જિલ્લામાં કબીર પંથનાં આશ્રમો પણ ઠેરઠેર જોવા મળે છે. રામાનંદ અને અન્ય એક શિષ્ય રોહીદાસ સરસઈ આવ્યા હતા. ત્યાં રોહીદાસનો કૂંડ આવેલો છે. રોહીદાસ પંથીઓ તેની પર શ્રધ્ધા ધરાવે છે. કોળી, ખારવા અને વણકર રામદેવજી મહારાજ પ્રત્યે અપ્રતિમ શ્રધ્ધા રાખે છે. અષાઢી બીજનાં તેનો પાટોત્સવ થાય છે અને ઠેરઠેર મેળા ભરાય છે. આ નિજિયાપંથ કે મોટા પંથના અનુયાયીઓની સંખ્યા જિલ્લામાં ઘણી છે. મેંદરડા પાસે ખોરાસામાં તિરૂપતિ વૈંકટેશ દેવસ્થાન આવેલું છે.

જૂનાગઢ જિલ્લામાં જૈનોનાં દરેક પંથ સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર અને શ્વેતાંબરના અનુયાયીઓ જોવા મળે છે.

આ ઉપરાંત જિલ્લામાં અન્ય વિખ્યાત સંતોમાં માંગનાથ પીપળીનાં માતાજી, હીરાગિરીજી નાનડિયાનાં સંત ડાયારામજી, આલીદ્રાનાં સંત બ્રહ્મચારીબાપુ, પરબનાં સંત દેવીદાસ, અમરદેવીદાસ, સતાધારનાં આપાગીગા, વિગેરે. અનેક પુનિત સંતોની આ પાવન ભૂમિ છે.

પ્રાચીન સમયમાં સૂર્યપૂજાનું અધિક મહત્વ હતુ સૂર્ય દેવતા કાઠીઓનાં કુળદેવ મનાય છે.

જૂનાગઢ જિલ્લાની દરિયાઈ પટ્ટીમાં શિલ્પ સ્થાપત્યથી ભરપૂર, ઠેર–ઠેર પ્રાચીન સૂર્ય મંદિરો આવેલા છે, જેમાં કદવાર પાટણ, હિરણ અને સુત્રાપાડાનાં સૂર્ય મંદિરો તો પુરાતત્વ રીતે ખૂબ જ મહત્વ ધરાવે છે.

## ૩.૧૨ ઉપસંહાર :–

જૂનાગઢ પૂરાતાત્વિક રીતે, પૌરાણિક રીતે, શાસ્ત્રીય રીતે, ધાર્મિક રીતે, આધ્યાત્મિક રીતે, નૃવંશ શાસ્ત્રીય રીતે ખૂબ જ અગત્યનું સ્થાન ધરાવે છે. તેનું વૈવિધ્ય ભાતીગળ છે. અત્યારનાં વૈજ્ઞાનિક અને તાર્કિક યુગમાં જનમાનસ ઘણું બદલાયું છે. નૈતિક વિભાવના અને મૂલ્યોની નવેસરથી વ્યાખ્યા કરવી પડે તેમ છે. સામાજિક રીતે જનસમૂહમાં વૈચારિક બદલાવ આવ્યો છે. જ્ઞાતિ પ્રથા તૂટતી રહી છે. આંતરજાતિય અને આંતરધર્મિય લગ્નો થઈ રહ્યા છે. લગ્ન સંસ્થાએ જનસમૂહને ટકાવી રાખનાર મૂળભૂત સંસ્થા છે. એમાંજ પાયાનાં ફેરફાર થાય તો સામાજિક ઢાંચામાં ભંગાણ પડે.

આવા પરિબળોને વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા ખોળીકાઢી જરૂર નાથી શકાય એજ આ સંશોધનનો મુખ્ય હેતુ છે.

જૂનાગઢ અને પોરબંદર જિલ્લો આવા પરિબળોને આવરી લેતો હોય પ્રસ્તુત વિષયમાં આ જિલ્લાને લક્ષ્યમાં રાખી સંશોધન કરવામાં આવ્યું છે.

# –: સંદર્ભ સૂચિ :–


૧) પોરબંદર ''સુદામાપુરી'' નારણદાસ ઠક્કર, ૧૯૬૬

૨) પોરબંદર લેખક – મણિભાઈ વોરા,

૩) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને ઔદ્યોગિક રૂપરેખા, ૨૦૦૪

૪) ''સૌરાષ્ટ્રનો ઈતિહાસ'' શંભુપ્રસાદ દેસાઈ, પ્રવીણચંદ્ર એમ. પટેલ, પ્રવીણ પ્રકાશન, ૧૯૯૦

૫) ''કાઠીયાવાડનો સર્વસંગ્રહ'' પ્રદ્યુમન ખાચર,

૬) ''જુનાગઢ અને ગિરનાર'' શંભુપ્રસાદ દેસાઈ, પ્રવીણચંદ્ર એમ. પટેલ, પ્રવીણ પ્રકાશન, ૧૯૯૦

# પ્રકરણ – ૪

## વ્યકિત, કૌટુંમ્બિક માહિતીનું વર્ગીકરણ


૪.૧ પ્રસ્તાવના
૪.૨. ઉત્તરદાતાનું વયજૂથ
૪.૩ ઉત્તરદાતાનો ધર્મ
૪.૪ ઉત્તરદાતાના તાલુકા
૪.૫ ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો
૪.૬ ઉત્તરદાતાનો શૈક્ષણિક દરજ્જો
૪.૭ ઉત્તરદાતાનો વ્યાવસાયિક દરજ્જો
૪.૮ ઉત્તરદાતાઓની કૌટુંબિક માહિતી
૪.૯ ઉત્તરદાતાઓનું કુટુંબનું કદ
૪.૧૦ કુટુંબના સભ્યોની જાતિ
૪.૧૧ કુટુંબના સભ્યોનું વયજૂથ
૪.૧૨ કુટુંબના સભ્યોની માસિક આવક
૪.૧૩ ઉપસંહાર

# પ્રકરણ – ૪
# વ્યકિત, કૌટુંમ્બિક માહિતીનું વર્ગીકરણ

## ૪.૧ પ્રસ્તાવના :–

પ્રસ્તુત અભ્યાસ પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલાં લોકોના સંદર્ભમાં કરવામાં આવેલ છે. તે સંદર્ભમાં સંશોધનના અભ્યાસ એકમ તરીકે પસંદ કરેલા ઉત્તરદાતાઓની કૌટુંમ્બિક માહિતી તેમજ સમાજ જીવન અને વૈવાહિક દરજ્જો, શૈક્ષણિક દરજ્જો, વ્યવસાય તેમજ કૌટુંમ્બિક માહિતી તેમજ સમાજ–જીવનની માહિતીની પૃષ્ઠભૂમિકા ન જાણીએ ત્યાં સુધી અભ્યાસ અધૂરો રહે છે. ઉત્તરદાતાની વ્યકિતગત કે કૌટુંમ્બિક માહિતી તેમજ અન્ય માહિતી પ્રાપ્ત કરવામાં તે ઉપયોગી બને છે.

સંશોધન અભ્યાસમાં ઉત્તરદાતાઓ સંશોધનનો પાયો ગણાય છે. જેવી રીતે મકાનની મજબૂતાઈ અને મકાનના આયુષ્યનો આધાર મકાનનો પાયો કેવો મજબૂત છે તેના ઉપર રહેલો હોય છે. તેવી જ રીતે સંશોધક ઉત્તરદાતાઓ સાથે જેટલું સાયુજ્ય સ્થાપીને, આત્મીયતા કેળવીને કે વિશ્વાસ સંપાદન કરીને સંશોધન માટે જરૂરી માહિતી એકત્ર કરી સંશોધન ક્ષેત્રે નવા સિધ્ધાંતો સ્થાપિત કરી શકે છે.

### ⇨ ઉત્તરદાતાની વ્યકિતગત માહિતી :–

પ્રસ્તુત પ્રકરણમાં ઉત્તરદાતાની વ્યકિતગત સમાજજીવન અને આર્થિક જીવન અંગેની માહિતીને સમાવિષ્ટ કરવામાં આવી છે. આ માહિતીમાં ઉત્તરદાતાનું ગામ, તાલુકો, જિલ્લો, વય, જ્ઞાતિ, પતિ–પત્નીનો ધર્મ, વૈવાહિક દરજ્જો, શૈક્ષણિક દરજ્જો, વ્યવસાય વિગેરેની માહિતી જાણી તેની અસર ઉત્તરદાતાની જીવનશૈલી ઉપર કેવી પડે છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ઉત્તરદાતાએ સંશોધનનો મૂળ પાયો છે. આથી ઉત્તરદાતા પાસેથી સંશોધન અંગેની પાયાની માહિતી એકત્ર કરવામાં આવે છે. જ્યારે પણ સામાજિક વિજ્ઞાનોમાં સંશોધન કાર્ય શરૂ કરવામાં આવે ત્યારે સંશોધનના વિષયને અનુરૂપ ઉત્તરદાતા પસંદ કરવામાં આવે છે. અને આ ઉત્તરદાતાઓ દ્વારા જ માહિતી પ્રાપ્ત થતી હોય છે. આ સમગ્ર સંશોધન દરમિયાન કુલ ૧૨૫ ઉત્તરદાતાઓ સાથે ચર્ચા કરી માહિતી મેળવવાનો પ્રયાસ કરેલ છે.

સંશોધનનો મુખ્ય આધાર સંશોધકની ચપળતા, વૈજ્ઞાનિક કલ્પના શકિત, મનોવલણ અને ઉત્તરદાતાઓ સાથે સાયુજ્ય સ્થાપિત કરવાની કુનેહ અને સફળતામાં રહેલી છે. જેનાથી સંશોધનમાં આધારશીલા સમાન માહિતી પ્રાપ્ત થઈ શકે.

## ૪.૨ ઉત્તરદાતાનું વયજુથ :–

વયજુથ પ્રમાણે વ્યકિતના વલણો, માન્યતાઓ અને વર્તનોને સમજી શકાય છે. જુદી–જુદી વયજુથના લોકોમાં વર્તન, વ્યવહારો, વલણો તેમની જીવનશૈલી પ્રમાણે અલગ–અલગ હોય છે. પ્રૌઢ વયની વ્યકિત અને યુવાન વયની વ્યકિતના મનોવલણો પણ અલગ–અલગ હોય છે. જુદી–જુદી જ્ઞાતિની અને જુદા–જુદા ધર્મની અને જુદા–જુદા વયજૂથની અસર જુદી–જુદી પડતી હોય છે. આથી પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ કઈ–કઈ વયજૂથના છે તેને તપાસવામાં આવ્યું

છે. જે ભિન્ન–ભિન્ન વયજૂથના ઉત્તરદાતાઓની પસંદગી કરવામાં આવી છે. તેનું વયજૂથ દર્શાવતું વર્ગીકરણ નીચે મુજબ છે.

**કોષ્ટક નં. ૧**

**ઉત્તરદાતાનું વયજૂથ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વયજૂથ | કુલ ઉત્તરદાતા | ટકા |
|---|---|---|---|
| ૧ | ૨૧–૩૦ | ૬૭ | ૫૪% |
| ૨ | ૩૧–૫૦ | ૫૨ | ૪૨% |
| ૩ | ૫૧–૬૦ | ૦૩ | ૦૨% |
| ૪ | ૬૦ –ઉપર | ૦૩ | ૦૨% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |




ઉપરોકત કોષ્ટક જોતાં અભ્યાસ સંદર્ભમાં લેવાયેલ ઉત્તરદાતાની કુલ સંખ્યા ૧૨૫ ની પસંદગી કરવામાં આવેલ છે. જેમાં જુદી–જુદી વયના ઉત્તરદાતાઓ એટલા માટે પસંદ કરવામાં આવેલ છે, કારણ કે દરેક વયજૂથ ધરાવતા ઉત્તરદાતાઓના દષ્ટિકોણ જુદા–જુદા હોઈ શકે. કુલ ૧૨૫ ઉત્તરદાતાઓમાંથી ૨૧ થી ૩૦ વર્ષની વય ધરાવનાર ઉત્તરદાતાની સંખ્યા ૬૭ (૫૪%) છે. પૈકી પોરબંદર જિલ્લાના ૨૯ ઉત્તરદાતાઓ છે જેની ટકાવારી ૪૩% છે. જુનાગઢ જિલ્લામાં ૩૮ ઉત્તરદાતાઓ છે. જેમની ટકાવારી ૫૭% છે. ૩૧ થી ૫૦ વર્ષના વયજૂથનો અભ્યાસ કરતાં જણાય છે કે આ જૂથમાં કુલ ૫૨ ઉત્તરદાતાઓ છે. જે પૈકી પોરબંદર જિલ્લામાં ૨૨ (૪૨%) છે. અને જુનાગઢ જિલ્લામાં ૩૧ થી ૫૦ વર્ષના વયજૂથના ઉત્તરદાતાની સંખ્યા ૩૦ છે જેની ટકાવારી ૫૮% છે. ૫૧ થી ઉપરના વર્ષની વયજૂથના કુલ ઉત્તરદાતાઓ ૬ છે. જેમાં પોરબંદર જિલ્લામાં ૩ (૫૦%) અને જુનાગઢ જિલ્લામાં ૩ (૫૦%) જોવા મળે છે.

ઉપરોકત કોષ્ટકના વિશ્લેષણમાં જણાય છે કે પોરબંદર જિલ્લા (૪૩%) કરતાં જુનાગઢ જિલ્લા (૫૭%) માં આંતર–જ્ઞાતિય લગ્નનું પ્રમાણ વધારે જોવા મળેલ છે. જો કે વસ્તીની દષ્ટિએ

પોરબંદર જિલ્લા કરતા જુનાગઢ જિલ્લો મોટો હોવાથી જુનાગઢ જિલ્લામાં વધુ ઉત્તરદાતાઓ પ્રાપ્ત થયા છે. ૨૧–૩૦ વર્ષની વયજૂથમાં પોરબંદર વિસ્તાર અને જુનાગઢ વિસ્તારમાં આંતર–જ્ઞાતિય – આંતર–ધર્મીય લગ્નની બાબતમાં લગભગ ૧૩% જેટલો તફાવત જોવા મળે છે. આજ તફાવત ૩૧ થી ૫૦ વર્ષની વયજૂથમાં ૧૬% જેટલો છે. બીજુ વિશેષમાં પ્રૌઢવયના ઉત્તરદાતાઓનું પ્રમાણ ઓછું છે. જ્યારે યુવાન વયજૂથના ઉત્તરદાતાઓ વધુ છે જે દર્શાવે છે કે આજથી ૫૦ વર્ષ પહેલા સમાજ રૂઢિચુસ્ત અને પરંપરાવાદી હોવાને કારણે આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નોનું પ્રમાણ ઘણું જ નહિવત્ જોવા મળતું પરંતુ પરિવર્તન લાવનાર અનેક પરિબળો જેવા કે શિક્ષણ, સ્થળાંતર, વ્યવસાય, શહેરીકરણ તથા મીડિયાની અસરને કારણે આ પ્રકારના લગ્નોનું પ્રમાણ વધતું જાય છે.

## ૪.૩ ઉત્તરદાતાનો ધર્મ :–

ધર્મ શબ્દનો અર્થ ફરજ પણ થાય છે. જે તે ધર્મના અનુયાયીઓ ધર્મના નિયમો પ્રમાણે વર્તે એ સૂર સંદેશો દરેક ધર્મનો હોય છે. ધર્મના નીતિ, નિયમો, સમાજમાં શાંતિ, એખલાશ, ભાઈચારો અને સુખ–સમૃધ્ધિ નિર્માણ કરે છે. જીવન જીવવાનો યોગ્ય સંદેશો ધર્મના માધ્યમથી વ્યકિતને પ્રાપ્ત થાય છે.

ધર્મ એ અંગત બાબત છે. બિન–સાંપ્રદાયિક છે. આમ છતાં તેનો સામાજિક પ્રભાવ સમાજમાં માનવીની સુખાકારી માટે જાણીતો છે. ધર્મ એ કેટલીક પવિત્ર વસ્તુઓ અને લોકોની શ્રધ્ધા સાથે સંકળાયેલી સાંકળ છે. ધર્મ સમાજને પાપ–પૂણ્ય પવિત્ર–અપવિત્ર જેવા ખ્યાલો આપે છે.

સમાજમાં સંવાદિતા સ્થાપવાનું કાર્ય કરે છે. લોકોને પાપ અને પુણ્યની પરિભાષા દ્વારા પાપ કરતાં અટકાવે છે અને પુણ્ય કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ઘણા ધાર્મિક વિધિનું સમાજમાં સુગ્રથન લાવવાનું કાર્ય હોય છે. આ દરેક ધર્મ માનવ સમાજને ટકાવી રાખવાનું કાર્ય કરે છે. છતાં પણ અલગ–અલગ ધર્મની વ્યકિતઓ એકબીજા સાથે લગ્ન કરી શકતા નથી. છતાં પણ અહીં ઉત્તરદાતાનો ધર્મ કયો છે તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**કોષ્ટક નં. ૨**

**ઉત્તરદાતાઓનું ધર્મ વિષયક કોષ્ટક**

| ક્રમ | ધર્મ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હિન્દુ | ૧૧૫ | ૯૨% |
| ૨ | જૈન | ૦૬ | ૦૪% |
| ૩ | ખ્રિસ્તી | ૦૨ | ૦૨% |
| ૪ | મુસ્લિમ | ૦૨ | ૦૨% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |




ઉપરોકત કોષ્ટકના સંદર્ભે જણાય છે કે ઉત્તરદાતાઓ પૈકી જુદી–જુદી જ્ઞાતિના અને જુદા–જુદા ધર્મના લોકોએ આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલ છે. પોરબંદરના ૫૪ તેમજ જુનાગઢના ૭૧ ઉત્તરદાતાઓ છે.

ઉત્તરદાતાઓની ધર્મવિષયક માહિતી તપાસતા જણાય છે કે પોરબંદરમાં ઉત્તરદાતાઓની સંખ્યા ૫૪ માંથી હિન્દુની સંખ્યા ૫૨ (૯૬%) છે. આજ સંખ્યા જુનાગઢ જિલ્લામાં ૭૧ માંથી હિન્દુની સંખ્યા ૬૩ (૮૯%) છે. આંતર–જ્ઞાતિય લગ્નોમાં હિન્દુ ધર્મ સિવાય જૈન ધર્મના પોરબંદર જિલ્લામાં ૧ લગ્ન થયેલ છે. જ્યારે જુનાગઢ જિલ્લામાં ૫ લગ્ન જોવા મળેલ છે. એટલે કે જૈન ધર્મના લોકોમાં આંતર–જ્ઞાતિય – આંતર–ધર્મીય લગ્નોનું પ્રમાણ પોરબંદર જિલ્લા કરતાં જુનાગઢ જિલ્લામાં વધારે જોવા મળ્યું છે. ખ્રિસ્તી ધર્મના ઉત્તરદાતાઓ પૈકી પોરબંદર જિલ્લામાં એક પણ આંતર–જ્ઞાતિય લગ્ન જોવા મળેલ નથી. જ્યારે જુનાગઢ જિલ્લામાં આવા બે (૦૨) આંતર–ધર્મીય લગ્ન જોવા મળેલ છે. મુસ્લિમ ધર્મના ઉત્તરદાતાઓની માહિતી પરથી જણાય છે કે પોરબંદર અને જુનાગઢ બંન્ને જિલ્લામાં એક (૦૧) એક (૦૧) આંતર–ધર્મીય લગ્ન જોવા મળેલ છે. આ તારણો પરથી જણાય છે કે આંતર–જ્ઞાતિય લગ્ન કરતાં આંતર–ધર્મીય લગ્નનું પ્રમાણ ઓછું જણાય છે. હિન્દુ ધર્મમાં આ સંખ્યા થોડી વધુ છે. જ્યારે જૈન ધર્મમાં આંતર–ધર્મીય લગ્નોનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળેલ છે. આનાથી પણ વિશેષ બાબત એ છે કે ખ્રિસ્તી અને મુસ્લિમ ધર્મમાં આ બાબત નહિવત્ જોવા મળેલ છે. આના ઉપરથી કહી શકાય કે આજે પણ લગ્નની બાબતમાં ધર્મ એક મહત્વનાં પરિબળ તરીકે સ્થાન ધરાવે છે.

## ૪.૪ ઉત્તરદાતાના તાલુકા :–

પોરબંદર જિલ્લામાં પોરબંદર અને રાણાવાવમાંથી ઉત્તરદાતાઓ પસંદ કરવામાં આવેલા છે. જ્યારે જુનાગઢ જિલ્લામાંથી જુનાગઢ, કેશોદ, માળીયા હાટિના, માંગરોળ, ઉના અને વેરાવળ માંથી એમ છ તાલુકામાંથી ઉત્તરદાતાઓ પસંદ કરવામાં આવ્યા છે.

## કોષ્ટક નં. ૩
## ઉત્તરદાતાનું તાલુકા વિષયક કોષ્ટક

| ક્રમ | જિલ્લો | તાલુકા | ઉત્તરદાતાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પોરબંદર | પોરબંદર | પર |
| ૨ | '' | રાણાવાવ | ૦૨ |
| ૩ | જુનાગઢ | જુનાગઢ | ૪૧ |
| ૪ | '' | કેશોદ | ૦૧ |
| ૫ | '' | માળીયાહાટિના | ૦૩ |
| ૬ | '' | માંગરોળ | ૦૨ |
| ૭ | '' | ઊના | ૧૦ |
| ૮ | '' | વેરાવલ | ૧૪ |
| કુલ | | | ૧૨૫ |




ઉપરોકત કોષ્ટક પ્રમાણે સૌરાષ્ટ્રના મુખ્ય બે જિલ્લાની પસંદગી કરવામાં આવેલ છે. જેમાં પોરબંદર જિલ્લાના મુખ્યત્વે ત્રણ તાલુકા આવેલા છે. જે અનુક્રમે પોરબંદર, રાણાવાવ અને કુતિયાણા છે. જ્યારે જુનાગઢ જિલ્લામાં ચૌદ તાલુકા આવેલા છે જે અનુક્રમે જુનાગઢ, માણાવદર, માળીયા હાટિના, વંથલી, કોડીનાર, સુત્રાપાડા, ઊના, વિસાવદર, તલાલા, ભેંસાણ, માંગરોળ, કેશોદ, વેરાવલ, મેંદરડા, છે. જેમાંથી ૬ તાલુકામાંથી ઉત્તરદાતાઓ પ્રાપ્ત થયા છે. બંન્ને જિલ્લાની વિકાસની પ્રક્રિયા અન્ય જિલ્લાઓ કરતાં પ્રમાણમાં ધીમી રહી છે. જેની પાછળ અનેકવિધ પરિબળો જવાબદાર છે. મુખ્ય પરિબળ લોકોની જીવનશૈલી ઉપર પારંપરિક અસરને

ગણી શકાય. આજે પણ આ જિલ્લાઓ લોકોની જીવનશૈલી જ્ઞાતિના નીતિ–નિયમો મુજબ ચાલે છે. એ પ્રમાણે આંતર–જ્ઞાતિય – આંતર–ધર્મીય લગ્નોને પરંપરાગત નીતિ નિયમોથી વિરૂધ્ધ ગણવામાં આવે છે. આથી આ જિલ્લાઓમાં આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્નોનું પ્રમાણ એટલું જોવા નથી મળતું જેટલું વિકસીત જિલ્લાઓમાં જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં જુનાગઢમાંથી કુલ ૪૧ (૩૩%) ઉત્તરદાતાઓની પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત જુનાગઢ જિલ્લાના મુખ્ય તાલુકા જેવા કે કેશોદ, માળીયા હાટીના, માંગરોળ તાલુકામાંથી બે બે ઉત્તરદાતાઓ અને ઊના વેરાવળમાંથી અનુક્રમે ૧૦, ૧૪ ઉત્તરદાતાઓની પસંદગી કરવામાં આવેલ છે. જ્યારે પોરબંદર તાલુકાના પર ઉત્તરદાતાઓ અને રાણાવાવ તાલુકામાંથી ર ઉત્તરદાતાઓ પસંદ કરવામાં આવ્યા છે. જેની કુલ ટકાવારી ૪૩% થાય છે.

કોષ્ટકના આધારે જોઈ શકાય છે કે જિલ્લાના મુખ્ય મથકો કરતાં તાલુકા મથકોમાં આંતર–જ્ઞાતિય – આંતર–ધર્મીય લગ્નોનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જે શહેરી સમાજના લોકોની સામાજીક વિચારધારામાં થઈ રહેલું પરિવર્તન સૂચિત કરે છે. શહેરી વિસ્તારમાં આંતર–જ્ઞાતિય – આંતર–ધર્મીય લગ્નોનું પ્રમાણ વધારે જોવા મળવા પાછળ અનેક પરિબળો જવાબદાર હોઈ શકે છે. જેમ કે ઔદ્યોગિકરણને કારણે શહેરી વિસ્તારમાં વિભિન્ન જ્ઞાતિ અને ધર્મના લોકો એકસાથે વસવાટ કરતા હોય છે. જેને કારણે એકબીજાના રીતિ રિવાજો, જીવનશૈલી, વિચારધારા વિગેરેથી પરિચીત થઈ, પ્રભાવિત થઈ આદાન પ્રદાનની પ્રક્રિયા થાય છે. સંકુચિતતા દૂર થઈ મુકત વિચારધારા વિકસે છે. જેને કારણે આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નોનું પ્રમાણ આવા વિસ્તારોમાં વધુ જોવા મળે છે. તે ઉપરાંત શિક્ષણના વ્યાપને કારણે શહેરી વિસ્તારોમાં યુવક–યુવતિઓને એકબીજાને નજીકથી મળવા, જાણવા અને ઓળખવાની તક સાંપડે છે. જેથી એ પરિચય આગળ વધીને લગ્નમાં પરિણમવાની શકયતાઓ વધી જાય છે. આ ઉપરાંત કામકાજના સ્થળે તથા આવાગમનની સગવડતાઓ શહેરી વિસ્તારમાં વધુ હોવાને કારણે ત્યાંના લોકોમાં સંપર્ક દ્વારા એકબીજાની નજીક આવવાની તક વધારે મળતી હોય છે. આ પરિબળ પણ આંતર–જ્ઞાતિય – આંતર–ધર્મીય લગ્નોને પ્રોત્સાહન પૂરૂ પાડે છે.

## ૪.૫ ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો :–

ભારતીય સમાજ પોતાની વિશિષ્ટ અનોખી સંસ્કૃતિને કારણે વિશ્વમાં આગવું સ્થાન ધરાવે છે. અનેક પ્રખ્યાત સમાજવૈજ્ઞાનિકોનું અને ચિંતકોનું ધ્યાન ભારતની વિશિષ્ટ સંસ્કૃતિને જાણવા, સમજવા તરફ પ્રેરાયું છે. ભારતની સામાજીક સંસ્થાઓએ પણ અન્ય દેશની સંસ્થાઓ કરતાં વિશિષ્ટ છાપ ઉપસાવી છે. કુટુંબ, ધર્મ, લગ્ન, જ્ઞાતિ અને રાજકીય સંસ્થાઓનું માળખું અભ્યાસ કરવા પ્રેરિત કરે છે. તે પૈકીની લગ્નસંસ્થા જેમાં સંબંધો જ્ઞાતિ આધારિત જોવા મળે છે. લગ્ન સંસ્થા સમાજની એક મહત્વપૂર્ણ સંસ્થા છે. આપણી સંસ્કૃતિએ જીવનશૈલીને ચાર આશ્રમોમાં વહેંચેલી છે. એ પૈકી ગૃહસ્થાશ્રમ માનવ જીવનનો સુવર્ણ સમય ગણી શકાય. એ સમયમાં એટલે કે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ મેળવવા માટે ભારતીય સમાજમાં 'લગ્ન' એ પ્રથમ શરત છે. ભારતીય સમાજમાં સેવા સંસ્કારોમાંથી લગ્નનો સંસ્કાર સ્ત્રીઓ માટે ફરજીયાત ગણવામાં આવે છે. સ્ત્રીઓ

માટે લગ્ન વિષયક ઘણા બંધનો જોવા મળતા હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓનો વૈવાહિક દરજ્જો કયો છે તે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક નં. ૪**

**ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વૈવાહિક દરજ્જો | પોરબંદર | જુનાગઢ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પરણિત | ૫૧ | ૬૭ | ૧૧૮ |
| ૨ | વિધવા | ૦૩ | ૦૪ | ૦૭ |
| કુલ | | ૫૪ | ૭૧ | ૧૨૫ |

ઉપરોકત કોષ્ટકનો અભ્યાસ કરતાં જણાય છે કે પોરબંદર જિલ્લામાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નોમાંથી ૫૧ (૯૪%) પરણિત છે. જ્યારે ૦૩ (૬%) વિધવા ઉત્તરદાતાઓ હતા. આજ રીતે જુનાગઢ જિલ્લામાં ૭૧ ઉત્તરદાતાઓમાંથી ૬૭ (૯૪%) ઉત્તરદાતાઓ પરણિત છે. જ્યારે ૪ (૦૬%) વિધવા ઉત્તરદાતાઓ જોવા મળ્યા હતા.

સામાન્ય રીતે આપણા સમાજમાં જોવા મળે છે કે આંતર–જ્ઞાતિય તેમજ આંતર–ધર્મીય લગ્ન કરેલા યુગલને તે પરણિત હોવા છતાં, કાયદેસર રીતે પતિ–પત્ની હોવા છતાં તેનો પરિવાર તથા સમાજ ઝડપથી તેને સ્વીકારતો નથી. ત્યારે વિધવા સ્ત્રીની દશા તો વિશેષ કરૂણ બની રહે છે. કયારેક આંતર–જ્ઞાતિય તેમજ આંતર–ધર્મીય લગ્ન કરેલ દંપતિને સમાજ થોડા સમય બાદ સ્વીકારી પણ લે છે. જ્યારે કેટલાક કિસ્સામાં ઘણી વખત એવું જોવા મળે છે કે એક વખત સ્વીકાર કર્યા બાદ યુવકના મૃત્યુ પછી વિધવા બનેલ સ્ત્રીને બીજી જ્ઞાતિ કે ધર્મની હોવાને કારણે પરિવારમાંથી કાઢી મૂકવામાં આવે છે. જ્યાં સુધી પુત્ર જીવીત હોય ત્યાં સુધી પણ મને કમને તેનો સ્વીકાર થાય છે. પરંતુ વિધવા બન્યા બાદ તેની જ્ઞાતિ કે તેનો ધર્મ જ આડે આવે છે.

વિધવાના કિસ્સામાં એવું જોવા મળે છે કે એક જ જ્ઞાતિમાં કુટુંબ તેમજ વડીલોની સંમતિથી કે વડીલો દ્વારા ગોઠવાયેલા લગ્નમાં યુવતિ વિધવા બને તો તેના સાસરાપક્ષવાળા શરમે–ધરમે પણ તેની જવાબદારી સ્વીકારે છે. પરંતુ આંતર–જ્ઞાતિય તેમજ આંતર–ધર્મીય લગ્નોમાં વિધવાની સ્થિતિ ન ઘરની કે ન ઘાટની તેવી થઈ જાય છે. માતા–પિતાથી વિરોધ કરીને કરેલાં લગ્નોમાં સ્ત્રી માટે કયાંય પણ આશરાનું સ્થાન રહેતું નથી. માત્ર આંતર–ધર્મીય કે આંતર–જ્ઞાતિય હોવાને કારણે વિધવા સ્ત્રીને ઘણું બધું સહન કરવું પડે છે. ત્યારે આવા પ્રકારના ઉત્તરદાતાઓને અનુકૂલન માટે કેવા પ્રકારનો સંઘર્ષ કરવો પડયો છે તે પણ જોવાનો પ્રયત્ન પ્રસ્તુત અભ્યાસમાં કરવામાં આવ્યો છે.

## ૧.૬ ઉત્તરદાતાનો શૈક્ષણિક દરજ્જો :–

શિક્ષણરૂપી શકિત દ્વારા નારી શકિતનું પ્રગટીકરણ થાય છે. નારી માં રહેલી અથાક શકિત શિક્ષણની જ્યોત દ્વારા પ્રજવલ્લીત બને છે. આથી જ કહેવાયું છે કે "એક માતા સો શિક્ષકની ગરજ સારે છે." આજના યુગમાં એ વાત સાબિત થઈ ચુકી છે કે એક યુવક ભણે તો

તે પોતે જ ભણે છે. જ્યારે યુવતિ ભણે ત્યારે તે બે કુટુંબને તારે છે. તેથી જ સ્ત્રી શિક્ષણની હિમાયત એકી અવાજે કરવામાં આવી રહી છે.

શિક્ષણ સમાજરૂપી શરીરની કરોડરજ્જુ સમાન છે. ખરેખર શિક્ષણ દ્વારા સમાજમાં જાગૃતિ આવે છે. વ્યકિતની વિચારસરણી તથા જીવનશૈલી બદલાય છે. તેના વ્યકિતત્વનો વિકાસ થાય છે. કોઈ પણ ઘટના પ્રત્યે તેમના વલણો તથા વિચાર હકારાત્મક બને છે. જેની સીધી અસર પરિણામ પર જોવા મળે છે. આંતર–જ્ઞાતિય તેમજ આંતર–ધર્મીય લગ્ન અંગેની બાબતમાં પણ જે તે વ્યકિતનો શૈક્ષણિક દરજ્જો ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. જેથી ઉપરોકત બંન્ને જિલ્લામાંથી પસંદ કરેલા ઉત્તરદાતાઓની શૈક્ષણિક દરજ્જા અંગેની માહિતી એકત્ર કરતાં નીચે મુજબ માહિતી મળી છે.

**કોષ્ટક નં. ૫**

**ઉત્તરદાતાનો શૈક્ષણિક દરજ્જો દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | શૈક્ષણિક દરજ્જો | પોરબંદર | જુનાગઢ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક શિક્ષણ | ૦૪ | ૦૫ | ૦૯ |
| ૨ | માધ્યમિક શિક્ષણ | ૧૦ | ૧૩ | ૨૩ |
| ૩ | ઉ. મા. શિક્ષણ | ૨૦ | ૦૯ | ૨૯ |
| ૪ | ઉચ્ચ શિક્ષણ | ૨૦ | ૪૪ | ૬૪ |
| કુલ | | ૫૪ | ૭૧ | ૧૨૫ |




ઉપરોકત કોષ્ટક પરથી જણાય છે કે પોરબંદર જિલ્લાના ઉત્તરદાતાઓ ૫૪ પૈકી કુલ ૪ (૭%) ઉત્તરદાતાઓએ પ્રાથમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દીધેલ છે. જ્યારે જુનાગઢ જિલ્લામાં કુલ ૭૧ ઉત્તરદાતાઓ પૈકી ૫ (૭%) ઉત્તરદાતાઓએ પ્રાથમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દીધેલો છે. આમ ઉત્તરદાતાઓમાંથી પ્રાથમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દેનાર

ઉત્તરદાતાઓનું પ્રમાણ બંન્ને જિલ્લામાં સમાન જણાય છે.

માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દેનાર ઉત્તરદાતાઓની માહિતી ઉપર નજર નાખતા જણાય છે કે પોરબંદર જિલ્લામાં કુલ ૫૪ ઉત્તરદાતાઓમાંથી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દેનાર ઉત્તરદાતાઓની સંખ્યા ૩૦ છે. જ્યારે જુનાગઢ જિલ્લામાં કુલ ૭૧ ઉત્તરદાતાઓ પૈકી ૨૨ ઉત્તરદાતાઓએ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દીધેલ છે. અર્થાત્ જુનાગઢ જિલ્લામાં આ પ્રમાણ ૩૨% છે. આમ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દેનાર ઉત્તરદાતાઓની તુલના કરીએ તો પોરબંદર જિલ્લામાં આ આંક (૧%) જેટલો ઊંચો છે.

ઉચ્ચ શિક્ષણની બાબતમાં આંકડાઓ એવું બતાવે છે કે પોરબંદરના ૫૪ ઉત્તરદાતાઓ પૈકી ૨૦ (૩૭%) ઉત્તરદાતાઓએ ઉચ્ચ શિક્ષણ મેળવી આગળ અભ્યાસ છોડી દીધેલ છે. આની સરખામણીમાં જુનાગઢ જિલ્લાના કુલ ૭૧ ઉત્તરદાતાઓ પૈકી ૪૪ (૬૨%) ઉત્તરદાતાઓ ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચ્યા છે. આમ ઉચ્ચ શિક્ષણની બાબતમાં પોરબંદર જિલ્લાની સરખામણીમાં જુનાગઢ જિલ્લો આગળ નીકળી જાય છે. કારણ કે જુનાગઢ જિલ્લામાં ઉચ્ચશિક્ષણની સંસ્થાઓની સંખ્યા પોરબંદર જિલ્લા કરતાં વધારે છે. આથી સ્વાભાવિક છે કે ઉચ્ચ શિક્ષણ માટેની સુવિધા વધારે હોવાને કારણે જુનાગઢ જિલ્લામાં તેનું પ્રમાણ વધારે છે.

આ ઉપરાંત પોરબંદર વિસ્તારમાં વસતી મુખ્ય ત્રણ જાતિ મેંર, ખારવા અને લોહાણા છે. આ ત્રણે કોમના લોકોની જીવનશૈલીમાં તેમના વ્યવસાયનું મહત્વ વધારે હોવાથી બાળકોને માધ્યમિક કે ઉચ્ચ માધ્યમિક શિક્ષણ સુધી ભણાવી પોતાના વ્યવસાયમાં જોડી દે છે અને છોકરીઓ માટે ઘરકામ અગત્યનું ગણવામાં આવે છે. જેથી જરૂર પૂરતું શિક્ષણ આપી ઉચ્ચ શિક્ષણ પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે. આમ પોરબંદર વિસ્તારમાં ઉત્તરદાતાઓને વારસાગત ધંધાની તક ઉપલબ્ધ હોવાને કારણે ઉચ્ચ શિક્ષણ તરફ થોડી ઉદાસીનતા જોવા મળે છે. જ્યારે જુનાગઢ વિસ્તારમાં વસતા લોકોમાં અનેધવિધ જાતિઓ વસે છે. તેમનો પરંપરાગત ધંધો કે વ્યવસાય કાયમી નથી હોતો અને જે છે તે પણ મૃતઃપ્રાય થતો જોવા મળે છે. આથી વ્યવસાયની તક ઉપલબ્ધ ન હોવાને કારણે ઉત્તરદાતાઓ ઉચ્ચ શિક્ષણ તરફ વળે છે.

પોરબંદર વિસ્તાર ભૌગોલિક દષ્ટિએ છેવાડાનો અને સામાજીક દષ્ટિએ થોડો પછાત વિસ્તાર ગણાય છે. લોકોમાં શિક્ષણ પ્રત્યે વિશેષ સભાનતા જોવા મળતી નથી. આ કારણે પણ ઉચ્ચ શિક્ષણ પ્રત્યે થોડી ઉદાસીનતા જોવા મળે છે.

## ૪.૭ ઉત્તરદાતાઓનો વ્યાવસાયિક દરજ્જો :–

માણસ એક સામાજીક પ્રાણી છે. તે પહેલાં જંગલી અવસ્થામાં જીવતો ત્યારે પોતાનું જીવન ચલાવવા માટે શિકાર કરતો, ખેતી કરતો, પશુપાલનનો ધંધો કરતો. તેનું જીવન સાદું હતું. તેની મુખ્ય ત્રણ જ જરૂરિયાતો આ વ્યવસાયમાંથી પૂર્ણ થતી જેવી કે રોટી, કપડાં અને મકાન.

આજે પણ માનવીની મુખ્ય જરૂરિયાત રોટી, કપડાં અને મકાન છે. અને તે મેળવવા માટે માનવીએ અનેકવિધ વ્યવસાય કરવા પડે છે અને વ્યવસાય અને આવકની સીધી અસર

કુટુંબની જીવનશૈલી ઉપર જોવા મળે છે. જેમ કે નોકરીયાત વર્ગની જીવનશૈલી અને ધંધાદારી વર્ગની જીવનશૈલી જુદી જોવા મળશે. આવકના સ્તરના કારણે સમાજમાં ત્રણ વર્ગ જોવા મળે છે. પૈસાદાર, મધ્યમ અને ગરીબ વર્ગ.

વ્યાવસાયિક દરજ્જાની અનેકવિધ અસરો જીવનશૈલી ઉપર જોવા મળે છે. જેમ કે શિક્ષણ, કુટુંબના સભ્યોની સંખ્યા, બાળકોની સંખ્યા, વૃધ્ધોની સંખ્યા, ભૌગોલિક પરિસ્થિતિ, કુટુંબના રીત રિવાજો, તે જ રીતે ધંધાની અને આવકની ચોક્કસ એક અસર જીવનશૈલી ઉપર જોવા મળે છે.

**કોષ્ટક નં.૬**

**ઉત્તરદાતાઓનો વ્યાવસાયિક દરજ્જો દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વ્યવસાયનું નામ | ઉત્તરદાતાઓની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | પોરબંદર | જુનાગઢ | |
| ૧ | ધંધો | ૧૨ | ૦૪ | ૧૬% |
| ૨ | નોકરી | ૧૩ | ૩૦ | ૪૩% |
| ૩ | ગૃહિણી | ૨૭ | ૩૪ | ૬૧% |
| ૪ | લેબરર | ૦૧ | – | ૦૧% |
| ૫ | રીટાયર્ડ | ૦૧ | ૦૩ | ૦૪% |
| કુલ | | ૫૪ | ૭૧ | ૧૨૫% |




ઉપરોકત કોષ્ટકનો અભ્યાસ કરતાં જણાય છે કે ઉત્તરદાતાઓનો વ્યવસાયિક દરજ્જો બંન્ને જિલ્લામાં વિવિધતા ધરાવે છે. પોરબંદર જિલ્લાના કુલ ૫૪ ઉત્તરદાતાઓ પૈકી ૧૨ (૨૨%) ઉત્તરદાતાઓ વિભિન્ન ધંધા વ્યવસાયમાં જોડાયેલ છે. જેવા કે પાર્લર, દુકાન ચલાવવી, ગૃહ ઉદ્યોગ, ભરત ગુંથણ વિગેરે. આપણે આગળના શૈક્ષણિક દરજ્જાના કોષ્ટમાં દર્શાવ્યું તે મુજબ શૈક્ષણિક રીતે થોડો પછાત હોવાને કારણે મહિલાઓ વધારે શિક્ષણ મેળવી શકેલ નથી. તેથી

નોકરીનું પ્રમાણ ઓછું છે. છતાં પણ પતિને આર્થિક રીતે મદદરૂપ થવા માટે ઘરની સાથે સાથે દુકાન પર બેસીને વ્યાવસાયિક જવાબદારી સંભાળતી જોવા મળે છે.

આની સરખામણીમાં જુનાગઢ જિલ્લામાં આ પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. આ જિલ્લાના કુલ ૭૧ ઉત્તરદાતાઓ પૈકી માત્ર ૪ (૬%) ઉત્તરદાતાઓ જ વ્યાવસાયિક ક્ષેત્રમાં જોડાયેલી છે.

પોરબંદર જિલ્લાના ઉત્તરદાતાઓમાંથી નોકરી કરતાં ઉત્તરદાતાઓની વિગતો તપાસતા જણાય છે કે કુલ ૫૪ ઉત્તરદાતાઓમાંથી ૧૩ ઉત્તરદાતા વિભિન્ન નોકરીઓમાં જોડાયેલી છે. આમ આ પ્રમાણ ૨૪% જેટલું થાય છે. જુનાગઢ જિલ્લામાં કુલ ૭૧ ઉત્તરદાતાઓમાંથી ૩૦ ઉત્તરદાતા વિભિન્ન ક્ષેત્રમાં જેમ કે પ્રોફેસર, ટીચર, નર્સ, હેલ્થ વર્કર, કોમ્પ્યુટર એન્જીનિયર તરીકે નોકરીમાં જોડાયેલી છે. એટલે કે બંન્ને જિલ્લાના નોકરીના પ્રમાણમાં ઘણો બધો તફાવત જોવા મળે છે. જે બંન્ને જિલ્લાઓના શૈક્ષણિક વિકાસના આંકડાઓની પૂર્તિ કરે છે.

પોરબંદર વિસ્તારમાં વસતી જુદી–જુદી જાતિઓ પૈકી મુખ્ય ત્રણ જાતિઓ મેર, ખારવા અને લોહાણા પોતાની જ્ઞાતિની બહેનોને નોકરીમાં જોડાવવા ઓછું પસંદ કરે છે. પરંતુ ઘરઆંગણે ઉપલબ્ધ હોઈ તેવા વ્યવસાયિક કામો જેમ કે દુકાન ચલાવવી, મચ્છીની જાળી ગુંથવી, ભરતકામ કરવું, પશુપાલન કરવા વિગેરેમાં જોડાવાનું વધારે પસંદ કરે છે.

આની તુલનામાં જુનાગઢ જિલ્લામાં અનેક જાતિઓ વસતી હોવાથી તેમજ બહારની જાતિઓ આવીને વસેલ હોવાથી અને અભ્યાસનું પ્રમાણ વધું હોવાથી તેનામાં વ્યાવસાયિક વિવિધતા વધારે જોવા મળે છે. તેથી તેઓ બહેનોને નોકરી કરાવવાનું પસંદ કરે છે. આથી પોરબંદર જિલ્લાની સરખામણીમાં જુનાગઢ જિલ્લામાં નોકરી કરતી ઉત્તરદાતા ગૃહિણીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે.

પોરબંદર વિસ્તારમાં ઉત્તરદાતા બહેનોમાંથી વ્યવસાય કે નોકરીને બદલે ગૃહિણી તરીકે જ રહેવાનું પસંદ કરનાર ઉત્તરદાતાની સંખ્યા કોષ્ટકમાં જણાવ્યા મુજબ કુલ ઉત્તરદાતા ૫૪ પૈકી ૨૭ એટલે કે ૫૦% બહેનો ઘરકામ કરે છે.

જુનાગઢ વિસ્તારમાં કુલ ૭૧ ઉત્તરદાતાઓ પૈકી ૩૪ એટલે કે ૪૮% જેટલી બહેનોએ ગૃહિણી બનવાનું પસંદ કર્યુ છે. ગૃહિણી તરીકે કામ કરતી બહેનોનું પ્રમાણ પોરબંદર અને જુનાગઢ બંન્ને જિલ્લાઓમાં સરખું જોવા મળે છે.

આમ કુલ ઉત્તરદાતાઓમાંથી અડધો–અડધ બહેનો એક યા બીજા કારણોસર ગૃહિણીધર્મમાં પ્રવૃત છે. આ માટે વ્યકિતગત તેમજ સામાજીક કારણો જવાબદાર હોઈ શકે છે. ભારતીય સમાજમાં શ્રમ વિભાજનમાં પુરૂષો માટે શારીરિક કામના કાર્યો અને સ્ત્રીઓ માટે ઘરના કાર્યો ફાળવવામાં આવ્યા છે. સ્ત્રીઓના સામાજિકરણમાં પણ સ્ત્રીઓએ ઘરના કાર્યો કરવાના હોય છે તે રીતે તેનો ઉછેર કરવામાં આવે છે. આથી મોટાભાગની સ્ત્રીઓ ગૃહિણી તરીકે કાર્ય કરતી હોય છે. આ કારણથી વ્યાવસાયિક દરજ્જાના વર્ગીકરણમાં આ આંક સૌથી ઊંચો જોવા મળે છે.

ઉપરોકત કોષ્ટકમાં કામદાર સ્ત્રીઓ તરીકે કામ કરતા ઉત્તરદાતા બહેનોની સંખ્યા

જોતાં જણાય છે કે આ બાબતમાં બહેનોની સંખ્યા ખૂબ ઓછી છે. આ બાબતે એક વાત નોંધવા જેવી છે કે નિયમાનુસાર કામદારની વ્યાખ્યામાં બંધ બેસે તેવી બહેનોનો આંક ભલે ઓછો હોય પરંતુ પોરબંદર વિસ્તારમાં મેર, ખારવા, લોહાણા ત્રણે જ્ઞાતિની બહેનો ઘર કે ખેતરમાં બીજા કામદાર કરતાં હોય તેના કરતા પણ વિશેષ કામગીરી બજાવતી જરૂરથી જોવા મળે છે.

જ્યારે જુનાગઢ વિસ્તારમાં કામદાર તરીકે કાર્ય કરતી બહેનોની સંખ્યા ઉત્તરદાતાઓમાંથી એક પણ નથી. આ વિસ્તારની ઉત્તરદાતાઓ પૈકી મોટાભાગની સ્ત્રીઓ વ્યવસાય, નોકરી અથવા ગૃહિણી તરીકે પ્રવૃત છે. તેથી કામદાર તરીકે ઓછી જોવા મળી.

પોરબંદર જિલ્લામાં ૫૪ ઉત્તરદાતાઓમાંથી ૧ ઉત્તરદાતા નિવૃત જોવા મળેલ છે. કારણ કે આ વિસ્તારના મોટાભાગના ઉત્તરદાતાઓ યુવાન વય જૂથના છે. તેથી તેઓ વ્યવસાય કે નોકરીમાં પ્રવૃત હોવાથી રીટાયર્ડ કક્ષામાં આવતા નથી. જુનાગઢ જિલ્લાના કુલ ૭૧ ઉત્તરદાતાઓ પૈકી ૩ (૨%) ઉત્તરદાતાઓ નિવૃત જીવન વીતાવે છે.

## ૪.૮ ઉત્તરદાતાઓની કૌટુંબિક માહિતી :–

કુટુંબ એ સાર્વત્રિક સામાજિક સંસ્થા છે.[૧] માનવ સમાજમાં કોઈને કોઈ સ્વરૂપે કુટુંબ જોવા મળે છે. સમાજમાં વ્યકિતના જીવનને પ્રભાવિત કરનાર જેટલા સમૂહ છે. તેમાં કુટુંબનું આગવું સ્થાન રહેલું છે. પરંતુ કુટુંબનું સ્વરૂપ દરેક સમાજ વ્યવસ્થામાં સમાન જોવા મળતું નથી.[૨] તેનું કારણ એ છે કે તેની વિવિધતા અને વિશિષ્ટતાનો આધાર સંસ્કૃતિ પર રહેલો છે. સંયુકત કુટુંબમાં અનેક પેઢીઓના સગાઓ સાથે રહેતા હોય છે. જ્યારે વિભકત કુટુંબમાં અને પશ્ચિમના સમાજમાં સામાન્ય રીતે કુટુંબ એટલે માત્ર પતિ–પત્ની અને બાળકોનું બનેલું જૂથ એવો ખ્યાલ પ્રવર્તે છે. ભારતીય સમાજ વ્યવસ્થા સંયુકત કુટુંબ પર આધારિત હતી પરંતુ કેટલાક પરિબળોને કારણે કુટુંબ વ્યવસ્થા સ્વરૂપમાં પરિવર્તન આવેલ છે. પ્રસ્તુત અભ્યાસના આ વિભાગમાં કુટુંબનો પ્રકાર, કુટુંબનું કદ, કુટુંબની સભ્ય સંખ્યા, વય જથૂ, વ્યવસાય, કુટુંબના સભ્યોની જાતિ, તથા આવક જેવા વિવિધ પાસાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. કારણ કે આ વિવિધ પાસાઓ વ્યકિતના જીવન પર, તેની જીવનશૈલી પર અસર કરતા હોય છે. તથા તેના આધારે કુટુંબનું વ્યવસ્થાપન ગોઠવાતું હોય છે. ગૃહિણી ઉપરોકત બાબતોને આધારે કુટુંબનો વહીવટ કરતી હોય છે. આથી અહીં ઉત્તરદાતાના કુટુંબની વિવિધ માહિતી રજૂ કરવામાં આવી છે. પ્રસ્તુત વિભાગમાં ઉત્તરદાતાના કુટુંબનો પ્રકાર કયો છે તે નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. ૭**

**કુટુંબનો પ્રકાર દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | સંયુકત | ૫૧ | ૪૧% |
| ૨ | વિભકત | ૭૪ | ૫૯ |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |




ઉપરોકત કોષ્ટક પરથી જણાય છે કે ઉત્તરદાતાઓ કેવા પ્રકારનું કુટુંબ ધરાવે છે. પ્રસ્તુત અભ્યાસમાં બે જિલ્લાઓમાંથી ૧૨૫ ઉત્તરદાતાઓમાંથી ૫૧ ઉત્તરદાતાઓના જણાવ્યા મુજબ તેઓનું કુટુંબ સંયુકત કુટુંબ છે. જ્યારે ૭૪ ઉત્તરદાતાઓના જણાવ્યા મુજબ તેઓનું કુટુંબ વિભકત પ્રકારનું છે.

આમ પ્રસ્તુત અભ્યાસમાં ૫૯% કુટુંબો વિભકત સ્વરૂપના અને ૪૧% કુટુંબો સંયુકત સ્વરૂપના જોવા મળે છે.

સંયુકત કુટુંબની સાનુકૂળતા બાબતે ઉત્તરદાતાઓના મતે સંયુકત કુટુંબમાં જવાબદારીનું વિભાજન થઈ જાય છે. સામાજિક સલામતી મળે છે. બાળઉછેર અને માંદગીના સમયમાં સંયુકત કુટુંબનો સહકાર મળી રહે છે.

આધુનિક શિક્ષણ મેળવનાર યુવાવર્ગ નોકરી કે વ્યવસાયને કારણે ભારતમાં કે વિદેશમાં કયાંય પણ જવામાં ખચકાટ અનુભવતો નથી. આથી નોકરી કે વ્યવસાયમાં નવા સ્થળે પોતાના પરિવારને સાથે લઈ જતો હોવાથી સંયુકત કુટુંબ તૂટે છે. અને વિભકત કુટુંબો રચાય છે. આજના યુગમાં ફિલ્મો અને સિરિયલોના પ્રભાવને કારણે દરેક વ્યકિતને પોતાનું આગવું વ્યકિતત્વ તેમજ વ્યકિતગત માલિકીના સાધનો વસાવવાની ઈચ્છા પ્રબળ બનતી જાય છે. સંયુકત કુટુંબ પ્રણાલી તેમને બાધક લાગે છે તેથી તેમાંથી અલગ થઈ વિભકત કુટુંબો રચાય છે.

આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નના કિસ્સામાં બંન્ને પાત્રોના ધર્મ, જાતિ, રીતિ રિવાજ, ટેવો, રહેણી કરણી વિગેરે અલગ હોવાને કારણે સંયુકત કુટુંબમાં અનુકૂલન સાધી શકાશે કે કેમ તે પ્રશ્ન મૂંઝવતો હોવાથી આવા યુગલો પહેલેથી જ વિભકત કુટુંબ વ્યવસ્થાને પસંદ કરતા જણાય છે. કે જેથી માત્ર બે પાત્રો વચ્ચે જ અનુકૂલન સાધવાનું રહે. પશ્ચિમી વિચારોના પ્રભાવને કારણે મનુષ્યનું માનસ સ્વતંત્ર વિચારધારાવાળું બન્યું છે. આથી સંયુકત કુટુંબમાં વૈચારિક મતભેદો વધતા જાય છે. જેને કારણે કુટુંબમાં કજીયા, કલેશ વધે છે. જે અંતે મતભેદમાંથી મનભેદમાં પરિણમે છે અને કુટુંબ તૂટે છે.

આ ઉપરાંત વિભકત કુટુંબની રચના પાછળ અનેક કારણોને જવાબદાર ગણાવી શકાય છે. જેમ કે આર્થિક પરિબળ કે જેમાં "દરેક પોતપોતાનું કરીને ખાઈ લે" એ પ્રકારની જવાબદારી પૂર્ણ ભાવના સાથે તેમજ નિવાસની પ્રતિકૂળતા, કુટુંબના અન્ય સભ્યો વચ્ચે અનુકૂલનની સમસ્યા જેમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલી યુવતિઓને કુટુંબ જલ્દી સ્વીકારતું ન હોય તેવા સંજોગોમાં વિભકત કુટુંબમાં રહે છે. બીજા કારણોમાં તમે જાતે જ લગ્ન કર્યા છે, અમારી જવાબદારી નથી. તેમ જણાવીને કુટુંબવાળા તેમને સંયુકત કુટુંબમાં સ્વીકારતા નથી. અમુક ઉત્તરદાતાઓમાં યુવક ઉચ્ચ કુટુંબનો હોય અને પોતે નિમ્ન જ્ઞાતિમાંથી આવતા હોવાથી કુટુંબના સભ્યો તેમનો સ્વીકાર કરતા નથી. પોતે જાતે જ લગ્ન કર્યા છે એટલે પોતાની રીતે જ પોતાની જવાબદારી ઉપાડીને વિભકત કુટુંબમાં રહેવાની ફરજ પડતી હોય તેવા ૭૪ ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. જ્યારે બાકીના ૫૧ ઉત્તરદાતાઓ સંયુકત કુટુંબ ધરાવે છે. જેમાં કુટુંબના સભ્યો દ્વારા લગ્ન માટેની મંજૂરી આપી હોય તેવું જોવા મળેલ છે. સંયુકત કુટુંબના ઉત્તરદાતાઓ શરૂઆતમાં વિભકત કુટુંબમાં રહેતા હતા પરંતુ એક બાળક પછી કે થોડાક સમય પછી તેમને કુટુંબમાં સ્વીકારેલા જોવા મળ્યા હતા.

## ૪.૯ ઉત્તરદાતાઓનું કુટુંબનું કદ :–

કુટુંબ સંસ્થા એ બાળકનું સામાજિકરણ કરતી અત્યંત મહત્વની સંસ્થા છે. કુટુંબનું સામાજિક, આર્થિક વાતાવરણ વ્યકિતના મંતવ્યો વલણો ઘડવામાં અસરકારક બને છે. પ્રાચીન સમયથી સંયુકત કુટુંબ પ્રથાને કારણે કુટુંબની સભ્ય સંખ્યા ઉપર ખાસ વિશેષ ધ્યાન દેવામાં ન આવતું. બાળકને કુદરતની ભેટ ગણી તેનો ઉછેર થઈ જતો. પરંતુ સમાજમાંય પરિવર્તનો આવતા આર્થિક કારણોને લીધે તેમજ યાંત્રીકરણને પરિણામે માનવશ્રમની જગ્યા યંત્રએ લીધી. તેથી માનવકામનું મહત્વ ઘટયું. જેની સીધી અસર કૌટુંબિક સભ્ય સંખ્યા ઉપર પડી. ઉપરાંત શૈક્ષણિક તેમજ સામાજિક જાગૃતિને કારણે વડીલો, બાળકોના ઉછેર તેમજ કેળવણી અંગે સભાન બન્યા જેથી કૌટુંમ્બિક સભ્ય સંખ્યાના દરમાં ઘટાડો જોવા મળ્યો. પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાના કુટુંબની સભ્ય સંખ્યા કેટલી છે તે નીચેના કોષ્ટકમાં પ્રતિબિંબિત થાય છે.

ભારતમાં સરેરાશ કુટુંબની સભ્ય સંખ્યા જેટલું જ પ્રસ્તુત અભ્યાસનું કુટુંબનું કદ જોવા મળ્યું છે. ભૂતકાળમાં જેમ વધુ બાળકો હોય તેમ વધુ રોજી કમાઈ આપે તેવો એક ખ્યાલ પ્રવર્તતો હતો. ઉપરાંત બાળકો ઈશ્વરની દેન કહેવાય. તેને રોકી શકાય નહિ. શિક્ષણના અભાવને લીધે કુટુંબનિયોજન વિશે લોકો જાણતા નહિ અને સ્વીકારતા પણ નહિ. તેમજ સંયુકત કુટુંબ હોવાથી ઘરમાં વડીલોનું વર્ચસ્વ હોવાથી ગર્ભપાત કે ગર્ભ પરિક્ષણ જેવી બાબતોને મહત્વ આપવામાં આવતું નહિ. દીકરાને મહત્વ અપાતું હોવાથી દીકરો ન આવે ત્યાં સુધી રાહ જોવી જેવા અનેક કારણોને લીધે કુટુંબની સંખ્યા વધતી.

**કોષ્ટક નં. ૮**

**કૌટુંબિક સભ્ય સંખ્યા દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ૦ થી ૬ | ૧૧૨ | ૯૦% |
| ૨ | ૭ થી ૧૦ | ૦૫ | ૦૪% |
| ૩ | ૧૦ થી વધુ | ૦૮ | ૦૪ |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક પરથી જોતા જણાય છે કે ૧૧૨ ઉત્તરદાતાઓના પરિવારમાં ૦ થી ૬ સુધીના સભ્યોની સંખ્યા છે. જે નાનું કુટુંબ ગણાવી શકાય. આવા કુટુંબનું પ્રમાણ કુલ એકમના ૯૦% છે. તે બતાવે છે કે સમાજમાં વિભકત કુટુંબોનું પ્રમાણ વધી રહ્યું છે. જ્યારે ૭ થી ૧૦ સભ્ય સંખ્યાવાળા કુટુંબો ૫ છે, જેમાં કેટલાક વિભકત કુટુંબની સાથે સંયુકત કુટુંબોનો પણ સમાવેશ થાય છે. તો માત્ર ૮ ઉત્તરદાતાઓના જણાવ્યા મુજબ તેમના પરિવારમાં ૧૦ થી વધુ સભ્યો રહે છે. જે મુખ્યત્વે સંયુકત કુટુંબ હોવાનું જણાય છે.

ઉપરોકત કોષ્ટકમાં નજર નાંખીએ તો આજે કુટુંબના સભ્યોની સંખ્યા ઘટતી જાય છે. તેના કારણોમાં વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ ગર્ભ પરિક્ષણ. વિભકત કુટુંબ હોવાથી પતિ–પત્ની પોતાનો નિર્ણય લઈ શકે છે. વધુ બાળકો હોવાથી બાળકોને પૂરતું શિક્ષણ તેમજ પોષણ ન આપી શકાય તે માટે ઓછા બાળકો હોવા જોઈએ તેવું અત્યારના મા, બાપનું માનવું છે. દીકરો દીકરી એક સમાન ગણતા કુટુંબો પણ જોવા મળ્યા. જેથી બે બાળકો પછી પણ ઓપરેશન કરાવી લે છે.  અથવા તો સાધનોનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા.

તે ઉપરાંત લોકોનું જીવનસ્તર ઊંચું ગયું હોવાથી મર્યાદિત કુટુંબના સભ્યોની સંખ્યા હોય તો જીવન સારી રીતે જીવી શકાય. સ્ત્રી પણ ઘરકામ સિવાય ઘરની બહાર નોકરી કે ધંધો કરતી હોવાથી બાળકોની સંભાળ રાખવાની જવાબદારી વધી જતી. જેથી પણ ઓછા બાળકો યુગલ પસંદ કરતા હતા. જ્યારે સરકારી ઓફિસોમાં વધારે બાળકો હોય તો L.T.C. કે ઈજાફા જેવા વધારાના લાભ મળી શકતા નહિ.

આમ આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓની કુટુંબની સંખ્યા મર્યાદિત જોવા મળેલ છે. તેઓ વિભકત કુટુંબમાં રહેતા જોવા મળેલ છે અને પોતાના બાળકોને પોતે જ ઉછેરવાના હોવાથી નાના કુટુંબને તેઓ પ્રાધાન્ય આપે છે. અને કુટુંબના સભ્યોની સંખ્યા સપ્રમાણ રાખીને સારું શિક્ષણ આપીને સ્વનિર્ભર બનાવવા ઈચ્છતાં જોવા મળેલા હતા.

## ૪.૧૦ કુટુંબના સભ્યોની જાતિ :–

ભારતીય સમાજ વ્યવસ્થામાં સ્ત્રી અને પુરૂષ બંન્નેને એક રથના બે પૈડાં માનવામાં આવે છે. બંન્નેના સહયોગથી જ લગ્ન સંસ્થાનો વિકાસ થાય છે. વિવાહ સમયે એકમેક સાથે જોડાતા પતિ–પત્ની બાદમાં માતા–પિતા બને છે. જે એક પુરૂષ અને એક સ્ત્રી મળીને કુટુંબ

રચાય ત્યારે જાતિની સંખ્યા સમાન હોય છે. પરંતુ કુટુંબ બન્યા બાદ આમાં તફાવત જોવા મળે છે.

આજે ભારતીય સમાજના વિકસીત રાજ્યોમાં અને સરેરાશ દર હજાર પુરૂષોએ સ્ત્રીઓનું પ્રમાણ ૯૨૭ જોવા મળ્યું છે. જ્યારે ગુજરાતમાં ૨૦૦૧ ની વસ્તી ગણતરી પ્રમાણે દર હજાર પુરૂષોએ ૯૨૦ સ્ત્રીઓ જોવા મળે છે. આમ આજે ઘટતા જતા સ્ત્રીઓનો દર એ એક મહત્વની સમસ્યા ગણવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓના કુટુંબમાં મહિલા સભ્યો તથા પુરૂષ સભ્યોની સંખ્યા દ્વારા આ તફાવત જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એકત્ર કરેલા આંકડાઓ મુજબ નીચે પ્રમાણે માહિતી મળેલ છે.

**કોષ્ટક નં. ૯**

**કુટુંબનું જાતિ જૂથ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પુરૂષ | ૨૪૯ | ૪૯% |
| ૨ | સ્ત્રી | ૨૬૪ | ૫૧% |
| કુલ | | ૫૧૩ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક પરથી જોતા જણાય છે કે ૧૧૨ ઉત્તરદાતાઓના પરિવારમાં પુરૂષોની સંખ્યા ૨૪૯ એટલે કે ૪૯% જોવા મળેલ છે. જ્યારે સ્ત્રીઓની સંખ્યા ૨૬૪ એટલે કે ૫૧% જોવા મળેલ હતી.

આ ઉપરથી જાણી શકાય છે કે આપણે જે ઉત્તરદાતાઓના કુટુંબની મુલાકાત લીધી તેઓ આધુનિક વિચારસરણી ધરાવતા હતા. અને પુત્ર અને પુત્રીમાં તેઓ કાંઈ ભેદ સમજતા ન હતા. તે ઉપરાંત પુત્ર હોય તો જ વંશ ચાલુ રહે તેવી માન્યતામાં માનતા ન હતા. તે ઉપરાંત તેઓ આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલા હતા. એટલે પરંપરાગત મૂલ્યોને બદલે આધુનિક મૂલ્યોમાં માનતા હતા. એતો જાતિય પરિક્ષણમાં માનતા ન હતા. તેમજ મોટાભાગે પોતે વિભકત કુટુંબમાં રહેતા હતા. તેથી કાંઈ કૌટુંમ્બિક દબાણ ન હતું. જે કંઈ બાળક હોય તેને ભણાવીને તેના પગ પર ઊભું રાખવું જોઈએ તેવી વિચારધારા ધરાવતા હતા. આથી પ્રસ્તુત અભ્યાસના કુટુંબોમાં વર્તમાન સ્થિતિમાં દીકરીઓનું પ્રમાણ જે નીચું જોવા મળ્યું તે અહીં જોવા મળ્યું નથી. તે એક નોંધનીય બાબત છે.

## ૪.૧૧ કુટુંબના સભ્યોનું વયજૂથ :–

પ્રસ્તુત અભ્યાસમાં જુનાગઢ તેમજ પોરબંદર જિલ્લાના પસંદ કરેલા ઉત્તરદાતાઓના પરિવારના સભ્યોની વય જાણવાનો પ્રયાસ સંશોધક દ્વારા સંશોધન દરમિયાન કરવામા આવ્યો છે.

કોઈપણ કુટુંબમાં કુટુંબના સભ્યોની સંખ્યા જેમ મહત્વની છે. તેમ કંઈ ઉંમરના કેટલા સભ્યો છે તે પણ મહત્વનું છે. જેમ કે વસતીની દષ્ટિએ ભારત વિશ્વમાં પ્રથમ નથી. પણ વિશ્વમાં સૌથી વધારે યુવાનો ભારતમાં વસે છે. તે જ રીતે કુટુંબમાં જો નાના બાળકોનું પ્રમાણ વધારે હોય તો તેમના ઉછેર, અભ્યાસ, વ્યવસાય વિગેરેની જવાબદારી ઓછી સંખ્યા ધરાવતા

મોટી ઉંમરના સભ્યો ઉપર આવે છે. એ જ રીતે કુટુંબમાં કામ કરતા હોય તેવા યુવાનોની સંખ્યા વધારે હોય તો મોટી ઉંમરના સભ્યોનો કાર્યબોજ હળવો થઈ શકે. આમ કુટુંબમાં સભ્ય સંખ્યા કરતાં વય મુજબ સંખ્યા કેટલી છે તે મહત્વનું છે. આ ઉપરાંત કુટુંબ વ્યવસ્થાપનમાં કુટુંબના સભ્યોની વયજૂથ પણ ઘણી મોટી અસર પાડે છે. નાના બાળકો વધુ હોય તો બાળઉછેર પ્રમાણે ઘરની ગોઠવણી, સાધનસામગ્રી વસાવવી પડે છે. કુટુંબમાં વડીલો હોય તો તે પ્રમાણે ઘરના રૂમની સંખ્યા, ફર્નિચર, પૂજા રૂમ, બાથરૂમ, સંડાસની સુવિધાઓ ગોઠવવી પડે છે. આથી સંશોધન કર્તાએ કુટુંબના સભ્યોનું વય જૂથ જાણવા પ્રયાસ કર્યો. જેમાંથી નીચેની વિગતો પ્રાપ્ત થઈ હતી.

**કોષ્ટક નં. ૧૦**

**કુટુંબના સભ્યોની વય દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ૦ થી ૬ વર્ષ | ૬૭ | ૧૩.૦૬% |
| ૨ | ૭ થી ૧૫ વર્ષ | ૪૧ | ૦૭.૯૯% |
| ૩ | ૧૬ થી ૩૫ વર્ષ | ૧૧૫ | ૨૨.૪૨% |
| ૪ | ૩૬ થી ૫૦ વર્ષ | ૧૩૨ | ૨૫.૭૩% |
| ૫ | ૫૦ થી ૬૦ વર્ષ | ૧૨૦ | ૨૩.૩૯% |
| ૬ | ૬૦ થી ઉપર | ૩૮ | ૦૭.૯૯% |
| કુલ | | ૫૧૩ | ૧૦૦% |

ઉપરોકત કુલ ૫૧૩ ઉત્તરદાતાઓનાં કુટુંબના સભ્યોને ત્રણ વિભાગમાં વહેંચવાનો પ્રયત્ન કરેલો છે. જેમાં પ્રથમ વિભાગમાં ૦ થી ૧૫ વર્ષની વય ધરાવતા સભ્યો લેવામાં આવ્યા છે. જેની કુલ સંખ્યા ૧૦૮ થાય છે. જે કુલ ૫૧૩ સભ્યોના ૨૧.૦૫% થાય છે. જ્યારે ૧૬ વર્ષની વય થી ૫૦ વર્ષની વય ધરાવતા કુલ ૨૪૭ સભ્યો થાય છે. જે કુલ ૫૧૩ સભ્યોના ૪૮.૧૫% થાય છે. તે ઉપરાંત ૫૦ થી ઉપર વય ધરાવનાર ત્રીજા વિભાગની સંખ્યા ૧૫૮ સભ્યો થાય છે. જે કુલ ૫૧૩ સભ્યોના ૩૦.૦૭% થાય છે.

ઉપરોકત કોષ્ટક પરથી જોવા મળ્યું કે કુટુંબના ૧૦૮ સભ્યો એવા છે કે જેની ઉંમર ૦ થી ૧૫ વર્ષની છે. જે પોતાનો મોટાભાગનો સમય ભણવા પાછળ ગાળતા હતા. જ્યારે ૧૬ થી ૫૦ વર્ષની વય ધરાવતા કુટુંબના સભ્યો પોતે સરકારી કે ખાનગી નોકરી કરતા અથવા પોતાનો નાનો મોટો ધંધો કરતા. થોડાક સભ્યો એવા જોવા મળ્યા કે જેઓ છૂટક મજૂરી કરતા જોવા મળ્યા. એટલે ૨૪૭ ઉત્તરદાતાઓ વતા ઓછા અંશે કમાતા જોવા મળ્યા. તેમાં પણ જેઓના બાળકોએ નાની ઉંમરમાં ધંધો સંભાળી લીધો હતો તેવા સભ્યો ૪૫ કે ૫૦ વરસે નિવૃતિનું જીવન ગાળતા હતા. જ્યારે ત્રીજા વિભાગમાં ૫૦ થી ઉપર વય ધરાવતા સભ્યોમાં જેઓ સરકારી નોકરીમાં હતા તેઓ ૫૮ વરસે નિવૃત થતા હતા. જેમાંના અમુક તો નિવૃતિ પછી ધંધો શરૂ કરતા હતા. ૨૪૭ ઉત્તરદાતાઓની વય ૧૬ થી ૫૦ વર્ષની હતી. જેઓ પોતાની કમાણી કરતા હતા એટલે બાળકો અને વૃધ્ધોની સરખામણીમાં મધ્યસ્થ વય ધરાવતા સભ્યોની સંખ્યા વધારે હોવાથી

તેઓ કમાણી કરી શકતા. સશકત હોવાથી પોતે અન્ય વ્યવસાય કરી શકતા હતા. વૃધ્ધોની સંખ્યા પણ ઓછી હોવાથી દવામાં પૈસાનો ખર્ચો થતો નહિ. આથી આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓના કુટુંબમાં આવક કરનાર સભ્યો વધારે હોવાથી તેઓનું જીવન–ધોરણ ઊંચું જોવા મળ્યું હતું. બાળકોને તેઓ સારી રીતે ભણાવી શકતા હતા. વિભકત કુટુંબ હોવાથી તેમનું જીવન ધોરણ ઊંચું જોવા મળ્યું હતું.

## ૪.૧૨ ઉત્તરદાતાના કુટુંબના સભ્યોની માસિક આવક :–

કોઈ પણ વ્યકિત, કુટુંબ, સમાજ કે દેશની સુખાકારીનો આધાર સામાન્ય રીતે આર્થિક બાબતો પર અવલંબિત હોય છે. આજના અર્થપ્રધાન યુગમાં પૈસાનું મહત્વ દિનપ્રતિદિન વધતું જાય છે. તેવા સંજોગોમાં વ્યકિતની આવક તેના કુટુંબની સુખ સમૃધ્ધિનો આધાર હોય છે. આજે તો માનવીય સંબંધો પણ આવકના આધારે જ રચાતા જોવા મળે છે. તેવા સંજોગોમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલી યુવતિઓના જીવનમાં આર્થિક બાબત કેવી અસર કરે છે તે જાણવું જરૂરી બની જાય છે. પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતાના કુટુંબના સભ્યોની માસિક આવક અંગે માહિતી એકત્રીત કરવામાં આવી. જેમાં નીચે મુજબની માહિતી પ્રાપ્ત થયેલ હતી.

**કોષ્ટક નં. ૧૧**

**કુટુંબના સભ્યોની માસિક આવક દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | આધારિત | ૩૪૦ | ૬૬% |
| ૨ | ૫,૦૦૦ થી ઓછી આવક | ૬૮ | ૩૯% |
| ૩ | ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ | ૫૯ | ૩૪% |
| ૪ | ૧૦,૦૦૦ થી ૨૫,૦૦૦ | ૩૧ | ૧૮% |
| ૫ | ૨૫,૦૦૦ થી ૫૦,૦૦૦ | ૧૨ | ૦૭% |
| ૬ | ૫૦,૦૦૦ થી વધુ | ૩ | ૦૨% |
| કુલ | | ૧૭૩ | ૧૦૦% |



ઉપરોકત કોષ્ટકનો અભ્યાસ કરતાં જણાય છે કે ૧૨૫ કુટુંબના ટોટલ ૫૧૩ સભ્ય સંખ્યા છે. જેમાંથી ૧૭૩ સભ્યો કમાય છે. એટલે કે ૩૪% સભ્યો કુટુંબમાં કમાય છે. જ્યારે બાકીના ૬૬% સભ્યો કુટુંબના સભ્યોની આવક ઉપર નભતા જોવા મળ્યા. ભારતમાં પણ સરેરાશ ૩૩% સભ્યો કમાનાર છે. જ્યારે ૭૭% વ્યકિતઓ આધારિત છે. જે પ્રસ્તુત અભ્યાસમાં પણ જોવા મળ્યું છે. જેમાં નાના બાળકો, વૃધ્ધો, અપંગો અને અશકત વ્યકિતઓનો સમાવેશ થતો જોવા મળ્યો છે. આજે પણ કમાનાર એક કે બે વ્યકિતઓ હોવાથી તેમની ઉપર આધારિત વધુ કુટુંબ સભ્ય સંખ્યા આજે પણ જોવા મળી છે. અહિંયા કુલ ૧૭૩ પૈકી ૬૮ સભ્યો એટલે ૩૯% એવા છે જેની આવક ૫,૦૦૦ થી ઓછી છે. જેનું જીવનસ્તર નીચું છે.

જ્યારે બીજા ૫૯ કુટુંબના સભ્યો એવા છે જેની આવક ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ ની વચ્ચે આવે છે. સંશોધકે પોરબંદર અને જુનાગઢ જિલ્લા લીધો હોવાથી મેટ્રોપોલિન સીટી નહિ હોવાથી આ આવકમાં કુટુંબના સભ્યોનું પોષણ તેમજ જીવનસ્તર પ્રમાણમાં સારું ગણાવી શકાય. જ્યારે ૧૦,૦૦૦ થી ૨૫,૦૦૦ આવક ધરાવનારા સભ્યો પણ જોવા મળ્યા. જેમાં નાના વેપારી તેમજ સરકારી નોકરીયાતનો સમાવેશ થતો જોવા મળ્યો છે. જેનું જીવન ધોરણ ઊંચું હતું. અને તેઓ બાળકના શિક્ષણ પાછળ પણ ખર્ચ કરતા જોવા મળ્યા. પોતાની પાસે એક સાથે રકમ ન હોય તો બેંકમાંથી કે અન્ય જગ્યાએથી લોન લઈને બાળકને ભણવા મૂકતા હતા.

જ્યારે કેટલાક કુટુંબના સભ્યોની આવક ૨૫,૦૦૦ થી ૫૦,૦૦૦ કે તેથી વધારે પણ જોવા મળી હતી. જેમાં કુટુંબની સંખ્યા ઓછી હોય દરેક કુટંબમાં એક કરતાં વધારે લોકો કમાતાં હોય અથવા તો ધંધામાં આવક સારી જોવા મળી. આવા કુટુંબના સભ્યો આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્ન કરતી વખતે તેઓએ પોતાના લગ્નજીવનમાં પૈસાને વધુ મહત્વ ન આપતા પોતાના પ્રેમને મહત્વ આપ્યું હતું. કુટુંબ કે સમાજ ન સ્વીકારે તો પોતે આર્થિક રીતે સધ્ધર હોવા જોઈએ. જેથી પોતાના લગ્નજીવનમાં આર્થિક બાબતોને કારણે કોઈ પ્રશ્નો ઊભા ન થાય. પોતે જ પોતાના પગ પર ઉભા રહેવાનું હોવાથી કેટલાક કુટુંબમાંથી તેમને ભાગ કે આર્થિક મદદ મળતી ન હોવા છતાં તેમને તે બાબતનો અફસોસ જોવા મળ્યો નહિં.

આ બધા આંકડાઓ જોતા કહી શકાય કે આંતર–જ્ઞાતિય – આંતર–ધર્મીય લગ્ન માટે આર્થિક પાસુ એટલું મહત્વનું નથી જેટલો પ્રેમ. કારણ કે ઉકત સર્વેક્ષણમાં લગભગ દરેક પ્રકારની આવક ધરાવતા યુગલો જોવા મળે છે. જેમણે આંતર–જ્ઞાતિય – આંતર–ધર્મીય લગ્ન કર્યા છે.

### ૪.૧૩ ઉપસંહાર :–

પ્રસ્તુત પ્રકરણમાં ઉત્તરદાતાની વ્યકિતગત તથા કૌટુંબિક માહિતીની પૃષ્ઠભૂમિકા રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમાં ઉત્તરદાતાઓએ આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્ન કરેલ હોવા છતાં તેમના કુટુંબનું કદ, કુટુંબનું સ્વરૂપ, કુટુંબના સભ્યોની જાતિ, આવક જેવા વિવિધ પાસાઓની તેમના લગ્નજીવન પર, ગૃહસંચાલન પર અસર પડે છે કે કેમ તેને તપાસવાનો પ્રયત્ન આગળના પ્રકરણમાં કરવામાં આવ્યો છે. તેમજ આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્ન કરેલ સ્ત્રીઓની લગ્નવય, લગ્ન અંગેનો પ્રસ્તાવ, લગ્નની વિધિ, જીવનસાથીની પસંદગીના સ્ત્રોતો, કુટુંબના સભ્યોના પ્રતિભાવો, કુટુંબના સભ્યોના સાથ–સહકાર, અનુકૂલનના પ્રશ્નો જેવી વિવિધ બાબતોની ચર્ચા હવે પછીના પ્રકરણમાં કરવામાં આવી છે.

# પ્રકરણ – ૫

## માહિતીનું વિશ્લેષણ : લગ્ન, સમસ્યા અને અનુકૂલન


૫.૧ પ્રસ્તાવના
૫.૨ જીવનસાથીની પસંદગીની રીત
૫.૩ લગ્નની દરખાસ્ત પ્રથમ કોણે મૂકી તે
૫.૪ લગ્નનું સ્વરૂપ
૫.૫ દરખાસ્તની સ્વીકૃતિનો સમયગાળો
૫.૬ કુટુંબના પ્રતિભાવો
૫.૭ માતા–પિતાનું શિક્ષણ
૫.૮ લગ્નમાં આપેલું મહત્વ
૫.૯ લગ્ન પહેલાં જાતિય જ્ઞાન
૫.૯ A) જાતિય જ્ઞાન કયાંથી મેળવ્યું
૫.૯ B) લગ્ન પછી જાતિય જ્ઞાન
૫.૧૦ લગ્નની વિધી
૫.૧૧ લગ્નના રિવાજ
૫.૧૨ લગ્ન અંગેનો અભિપ્રાય
૫.૧૩ લગ્નના રિવાજો અંગેના અભિપ્રાયો
૫.૧૪ લગ્નની કુટુંબના સભ્યોને જાણકારી
૫.૧૫ લગ્નમાં કુટુંબના સભ્યોની હાજરી
૫.૧૬ લગ્ન સમયની મદદ કોણે કરી
૫.૧૭ ધર્મપાલન
૫.૧૮ લગ્નજીવનથી સંપૂર્ણ સંતોષ
૫.૧૯ જીવનસાથીમાં જોવા મળતું પરિવર્તન
૫.૨૦ કુટુંબમાં મતભેદો
૫.૨૧ સમાધાન કર્તા કોણ
૫.૨૨ માન, પ્રતિષ્ઠા
૫.૨૩ પતિ પાસે અપેક્ષા
૫.૨૪ કુટુંબ નિયોજન અંગેની માન્યતા
૫.૨૫ બાળકોના અભ્યાસક્રમમાં જાતિય શિક્ષણ અંગેની માન્યતા
૫.૨૬ બાળકોને જીવનસાથીની પસંદગીમાં સ્વતંત્રતા
૫.૨૭ બાળકોનું ધર્મપાલન
૫.૨૮ બાળકના લગ્ન માટેના અવરોધ સંબંધી માન્યતા

૫.૨૯ બાળકના લગ્નની જ્ઞાતિ / ધર્મ અંગેની માન્યતા
૫.૩૦ પતિની જ્ઞાતિમાં તમારા કુટુંબનું
૫.૩૧ ઉપસંહાર

# પ્રકરણ – ૫
# માહિતીનું વિશ્લેષણ : લગ્ન, સમસ્યા અને અનુકૂલન

## ૫.૧ પ્રસ્તાવના :–

લગ્ન એક સામાજિક–સાંસ્કૃતિક સંસ્થા તરીકે વિશ્વના સર્વ સમાજોમાં અસ્તિત્વ ધરાવે છે. જો કે સમાજે–સમાજે, સમયે–સમયે લગ્નના સ્વરૂપ અને પ્રકારોમાં તફાવત જોવા મળે છે. તેમ છતાં સ્ત્રી અને પુરૂષ વચ્ચેના જાતીય સંબંધોને કાયદેસરનું સ્વરૂપ આપતી તેમજ પુરૂષ અને સ્ત્રીને અનુક્રમે પતિ–પત્નીનો દરજ્જો આપતી સંસ્થા એક માત્ર લગ્ન સંસ્થા છે. સ્ત્રી–પુરૂષના આવા કાયદેસરના કે સમાજમાન્ય જાતીય સંબંધોમાંથી જન્મતા બાળકોનો સમાજ દ્વારા સ્વીકાર કરવામાં આવે છે. તેમજ તેના સર્જકોને માતા–પિતાનો દરજ્જો મળે છે.

લગ્ન એક સાર્વત્રિક સંસ્થા છે. જેનું મુખ્ય કાર્ય સામાજીક રચનાતંત્રને ટકાવી રાખવાનું છે. સ્ત્રી, પુરૂષોના જાતીય સંબંધોને વ્યવસ્થિત રીતે નિયંત્રિત કરવા માટે લગ્ન સંસ્થાનો ઉદ્દભવ થયેલો માનવામાં આવે છે. આ એક અનિવાર્ય સંસ્થા છે. એટલે કે વિશ્વનો કોઈ પણ સમાજ એવો નથી કે જ્યાં લગ્નસંસ્થા અસ્તિત્વ ધરાવતી ન હોય. પરંતુ એની સાથો સાથ એ પણ એટલું જ સાચું છે કે દરેક સમયે, દરેક સ્થળે લગ્નનું સ્વરૂપ અલગ–અલગ જોવા મળે છે. આને લગ્નસંસ્થા પરની સામાજીક પરિવર્તનની અસર તરીકે ઓળખાવી શકાય.

લગ્નસંસ્થાના ઉદ્દભવ અંગે વિદ્વાનોના વિવિધ મંતવ્યો જોવા મળે છે. ડાર્વિનના ઉત્ક્રાંતિવાદના સિધ્ધાંતને આધારે સમજાવી શકાય કે સમાજમાં સૌ પ્રથમ અનિયંત્રિત જાતિય સંબંધો હતા, ત્યાર પછી સમુહ લગ્ન અસ્તિત્વમાં આવ્યા અને કાળક્રમે એક પતિ–પત્ની લગ્નપ્રથા અસ્તિત્વમાં આવેલી છે. સમાજશાસ્ત્રીય દષ્ટિએ જોતા કુટુંબને તેની સામાજીક ભૂમિકા ભજવવા માટે આવશ્યક પરિસ્થિતિ પૂરી પાડનાર લગ્નસંસ્થા છે.

હિંદુઓ લગ્નને એક પવિત્ર સંસ્કાર ગણે છે. દરેક સમાજમાં લગ્નને એક પવિત્ર બંધન ગણવામાં આવે છે અને દરેક જ્ઞાતિમાં લગ્ન સંસ્થા એ અનિવાર્ય સંસ્થા છે. આમ, સમાજ જીવનમાં વ્યકિતઓમાં એકબીજા વચ્ચેના સંબંધો જાળવી રાખવા માટે લગ્ન વ્યવસ્થા ખૂબ જ અનિવાર્ય છે. જાતિય સુખની પ્રાપ્તિ આર્થિક સહકાર, બાળકોનું પોષણ, જેવા ઉદ્દેશ્યોની પૂર્તિ માટે લગ્ન અનિવાર્ય છે. આમ, તેની અનિવાર્યતાનો સ્વીકાર બધા સમાજોમાં થયેલો છે. આમ, લગ્ન સ્ત્રી–પુરૂષ વચ્ચેનો એક વિશિષ્ટ પ્રકારનો સંબંધ દર્શાવે છે. જેમાં જાતિય સંબંધો સમાજની દષ્ટિએ અને કાયદા દ્વારા માન્ય થયેલાં હોય છે. લગ્નનો એક સામાજિક સંસ્થા તરીકે પરિચય કરાવતાં ડો. પી. એચ. પ્રભુ લખે છે, "સામાજિક સંસ્થા તરીકે લગ્ન એ કુટુંબનો એક ભાગ છે અને તેનો સમાવેશ પણ કુટુંબમાં થાય છે. સૈધ્ધાંતિક રીતે કુટુંબ વિશેની વિચારણાનો પ્રારંભ લગ્નથી થાય છે. આમ, લગ્ન કુટુંબની રચનાનો પ્રારંભિક તબક્કો હોવાથી કુટુંબ જેવી સંપૂર્ણ સંસ્થાના અભ્યાસની પુરવણી માટે પણ લગ્નનો અભ્યાસ કરવો જરૂરી બને છે." આ રીતે વિચારતાં લગ્ન સંસ્થા સ્થિર કુટુંબજીવન અને સમાજ–વ્યવસ્થાની ઈમારતની પાયાની ઈંટ બની રહે છે.

પરંતુ આધુનિક સમયમાં માનવ જીવનનાં નવા મૂલ્યો, નવા વિચારો એ લગ્ન તરફનું દષ્ટિબિંદુ બદલ્યું છે. શિક્ષણને લીધે અને શહેરી વિસ્તારોના ઉદારમતવાદી વિચારોને લીધે

લગ્નસાથીની પસંદગી કરવાની પધ્ધતિમાં પરિવર્તન આવેલું જોવા મળે છે. યુવાન વર્ગ પોતાના જીવનસાથીની પસંદગીમાં સ્વપસંદગી ઉપર વધુ ભાર મૂકતો જોવા મળે છે.

પ્રસ્તુત શોધ–નિબંધમાં લગ્નસંસ્થામાં આવેલા પરિવર્તનોને તપાસવાના પ્રયત્નો કરેલા છે. તે મુજબ ભારતના પરંપરાગત સમાજમાં નજર નાંખતા જાણવા મળે છે કે આપણે ત્યાં દરેક વ્યકિતએ પોતાની જ્ઞાતિમાં જ લગ્ન કરવું ફરજીયાત હતું.

## ૫.૨ જીવન સાથીની પસંદગીની રીત :–

ભારતીય સમાજમાં જીવનસાથીની પસંદગી માટે પ્રત્યેક સમૂહમાં વિશિષ્ટ રીત હોય છે. સામાન્યતઃ પરંપરાગત ભારતીય હિન્દુ સમાજમાં સંતાનોના જીવનસાથીની પસંદગી તેમના વડીલો કરતાં હોય છે. એટલે લગ્નનો પ્રશ્ન એ કૌટુંબિક બાબત ગણાતી. પરંતુ વર્તમાન સમયમાં લગ્નને વ્યકિતગત બાબત તરીકે સ્વીકારવામાં આવે છે. તેથી વડીલોની નિર્ણયાત્મક ભૂમિકાની સાથો સાથ સંતાનોની ઈચ્છાને પણ ધ્યાનમાં લેવાનું લોકશાહી વલણ વિકસતું જાય છે. આ બાબતને સ્પષ્ટ કરવા માટે અહિં જીવનસાથીની પસંદગીની રીત સંબંધી માહિતી પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરેલા છે.

**કોષ્ટક નં. ૫.૨**

**"જીવન સાથીની પસંદગીની રીત દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | આકસ્મિક | ૨૩ | ૧૮% |
| ૨ | સહયાત્રી | NIL | NIL |
| ૩ | સહશિક્ષણ | ૨૬ | ૨૧% |
| ૪ | પડોશી | ૨૮ | ૨૨% |
| ૫ | સહકાર્યકર | ૦૨ | ૦૨% |
| ૬ | મિત્રવર્તુળ | ૩૧ | ૨૫% |
| ૭ | અન્ય | ૧૫ | ૧૨% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |



ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં પ્રાપ્ત થયેલી માહિતી મુજબ ઉત્તરદાતાને જીવનસાથી પસંદગી માટેના જુદા–જુદા સાત વિકલ્પ આપવામાં આવેલા હતા. જેમાં સૌથી વધારે મિત્રવર્તુળમાંથી પસંદગી થયેલી જોવા મળી હતી. જે કુલ ૧૨૫ ઉત્તરદાતામાંથી ૩૧ ઉત્તરદાતાએ મિત્રવર્તુળમાંથી એટલે કે ૨૫% પ્રમાણ છે. જ્યારે સહયાત્રી તરીકે પસંદગી થયેલ એકપણ ઉત્તરદાતા નથી. પડોશમાંથી જીવનસાથીની પસંદગી થઈ હોય તેવા ૨૮ ઉત્તરદાતાઓ છે એટલે કે કુલ ઉત્તરતાદાના ૨૨% છે. સહશિક્ષણ દ્વારા ૨૬ ઉત્તરદાતાઓએ જીવનસાથીની પસંદગી કરેલી છે જે કુલ ઉત્તરદાતાના ૨૧% છે. આકસ્મિક પસંદગી પામેલા ૨૩ ઉત્તરદાતાઓ છે જેનું પ્રમાણ ૧૮% છે. અન્ય પધ્ધતિએ પણ ૧૫ ઉત્તરદાતાઓએ જીવનસાથીની પસંદગી કરેલી છે જે ૧૨% છે. સહકાર્યકર તરીકે કાર્ય કરનાર વ્યકિતઓમાંથી ૨ ઉત્તરદાતાઓએ જીવનસાથીની પસંદગી કરેલી જે ૦૨% છે.

ઉપરોકત વિશ્લેષણ પરથી સ્પષ્ટ થાય છે કે વર્તમાન સમયમાં શહેરીકરણ, પશ્ચિમીકરણ, શિક્ષણ ઉપરાંત અનેક પરિબળોની અસરથી યુવાનો જીવનસાથીની પસંદગી કરતાં જોવા મળે છે. જેમ જેમ શિક્ષણનું પ્રમાણ વધે તેમ આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય જીવનસાથીની પસંદગીનું પ્રમાણ પણ વધુ જોવા મળે છે. કારણ કે અહિં પ્રાપ્ત થયેલા ઉત્તરદાતાઓમાંથી સૌથી વધુ ઉત્તરદાતાઓએ પોતાના મિત્રવર્તુળમાંથી જીવનસાથી પસંદ કરેલ છે તેવું જોવા મળ્યું. અહિં એ જાણવા મળે છે કે આજની યુવતિઓ જીવનસાથીની પસંદગીમાં અન્ય બાબતો કરતાં વૈચારિક સમાનતા ઉપર વધુ ભાર મૂકે છે. શહેરીકરણની અસર હેઠળ જુદી–જુદી જ્ઞાતિઓ પરસ્પરના સંપર્કમાં આવતી થઈ છે. જ્ઞાતિઓના સહવસવાટના કારણે યુવતિઓ પોતાના પડોશમાંથી જીવનસાથી પસંદગી કરીને આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્ન કરતી જોવા મળી હતી.

## ૫.૩ લગ્નની દરખાસ્ત :–

સામાન્ય રીતે જોઈએ તો આંતર–જ્ઞાતિય લગ્ન અને આંતર–ધર્મીય લગ્ન મોટે ભાગે સ્વપસંદગીના લગ્ન હોવાથી તેમાં વ્યકિત પોતે જ દરખાસ્ત રજૂ કરે છે. તેથી અહિંયા દરખાસ્ત સંબંધી માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે.

**કોષ્ટક નં. ૫.૩**

**"લગ્નની દરખાસ્ત પ્રથમ કોણે મૂકી તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પુરૂષો | ૯૪ | ૭૫% |
| ૨ | સ્ત્રીઓ | ૩૧ | ૨૫% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |




ઉપરોકત માહિતીનું વિશ્લેષણ કરતાં જણાય છે કે ૧૨૫ ઉત્તરદાતાઓમાંથી ૯૪ ઉત્તરદાતાઓ એટલે કે ૭૫% ઉત્તરદાતાઓએ એટલે કે ૭૫% પુરૂષ ઉત્તરદાતાઓએ પ્રથમ લગ્નની દરખાસ્ત મૂકી તેવું જોવા મળ્યું. જ્યારે ૩૧ સ્ત્રી ઉત્તરદાતાઓએ એટલે કે ૨૫% ઉત્તરદાતાઓએ કે જેઓ સ્ત્રી હતા, તેમણે પણ પ્રથમ લગ્નની દરખાસ્ત મૂકી હતી તેવું જોવા મળ્યું.

ઉપરોકત માહિતીના આધારે અર્થઘટન કરતા કહી શકાય કે ભારત પુરૂષ પ્રધાન સમાજ છે. આપણી લગ્ન સંસ્થામાં પરાપૂર્વથી જોવા મળે છે કે દરખાસ્ત પુરૂષ તરફથી રજૂ થાય છે. તે બાબત હજુ સુધી ટકી રહી છે. સ્ત્રી પોતે ઈચ્છતી હોવા છતાં પણ પુરૂષ તરફથી પ્રસ્તાવ આવે એની રાહ જુએ છે. પરંતુ અહિંયા પ્રેમલગ્નો હોવાથી અને સ્ત્રી સ્વતંત્ર હોવાથી ૩૧ સ્ત્રી ઉત્તરદાતાઓ જોવા મળ્યા કે જેમણે પોતે લગ્નનો પ્રસ્તાવ મૂકયો હતો. આથી કહી શકાય કે પ્રવર્તમાન સમાજમાં સ્ત્રી શિક્ષિત થતાં અને સ્વતંત્ર થતાં ઉપરોકત પરિણામ જોવા મળ્યું હતું.

## ૫.૪ લગ્નનું સ્વરૂપ :–

હિન્દુ લગ્ન–વ્યવસ્થામાં સૌથી મોટું પરિવર્તન આંતર–જ્ઞાતિય લગ્ન છે. જેમાં વર–કન્યા જુદી–જુદી જ્ઞાતિના હોય છે. રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને સરકારે પણ આંતર–જ્ઞાતિય લગ્નને સમર્થન આપ્યું તેની સાથે આંતર–ધર્મીય લગ્નને પણ સમર્થન મળ તું જોવા મળે છે.

**કોષ્ટક નં. ૫.૪**

**“આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્ન છે તે દર્શાવતું કોષ્ટક”**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | આંતર–જ્ઞાતિય લગ્ન | ૧૦૦ | ૮૦% |
| ૨ | આંતર–ધર્મીય લગ્ન | ૨૫ | ૨૦% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |




ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં સ્પષ્ટ થાય છે કે આંતર–જ્ઞાતિય લગ્ન કરેલ ૧૦૦ ઉત્તરદાતાઓ છે. એટલે કે ૮૦%. જ્યારે આંતર–ધર્મીય લગ્ન કરેલ ૨૫ ઉત્તરદાતાઓ છે જે કુલ એકમના ૨૦% થાય છે.

ઉપરોકત પ્રાપ્ત માહિતી ઉપરથી કહી શકાય કે પ્રવર્તમાન સમયમાં જેટલા આંતર–જ્ઞાતિય લગ્ન જોવા મળે છે. તેટલા આંતર–ધર્મીય લગ્ન જોવા મળતાં નથી. ૨૫ ઉત્તરદાતાઓમાં પણ આંતર–ધર્મીય લગ્નોમાં જૈન–વાણીયામાં લગ્ન કરેલા વધારે જોવા મળે છે. જ્યારે મુસલમાન, પારસી કે ખ્રિસ્તીમાં આનું પ્રમાણ નહિવત જોવા મળેલ છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જે જ્ઞાતિમાં ધર્મનું બંધન છે તેવી જ્ઞાતિમાં આંતર–ધર્મીય લગ્ન બહુ જ જુજ જોવા મળ્યા હતા.

આંતર–જ્ઞાતિય લગ્નોમાં માત્ર જ્ઞાતિ જ બદલે છે, પરંતુ ધર્મ તો બંન્નેનો એક જ હોય છે. તેથી બંન્નેની પાયાની બાબતો એક જ હોવાથી અનુકૂલનમાં વધારે તકલીફ પડતી નથી. સામાન્ય રીતરિવાજ કે ઘરની ગોઠવણ કે ખોરાકમાં થોડુંક અનુકૂલન કરવું પડે છે.

જ્યારે આંતર–ધર્મીય લગ્નોમાં બંનેનો ધર્મ જ અલગ હોવાથી બંન્નેની પાયાની બાબતો જુદી પડતી હોય છે. તેઓની વિચારસરણી અને વર્તનમાં પણ ખૂબ જ તફાવત જોવા મળતો હતો. જ્ઞાતિ કે ઘરના સંસ્કાર પણ આંતર–ધર્મીય લગ્નમાં તદ્દન અલગ પડતા હતા. આવા અનેક કારણોને લઈને આંતર–ધર્મીય લગ્નનું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે અને મુલાકાત દરમિયાન પણ આંતર–ધર્મીય લગ્ન કરેલ યુવતિઓને અનુકૂલનમાં ખૂબ જ તકલીફ પડતી હતી. પોતાના પિયરપક્ષવાળા પણ જલ્દી સ્વીકારતા જોવા મળ્યા નહિ. કારણ કે તેમને પણ સમાજનો અને ધર્મનો ડર લાગતો હતો. બાળ કોએ કયો ધર્મ સ્વીકારવો તે પણ એક પ્રશ્ન બાળકો માટે ઊભો થતો જોવા મળ્યો હતો. સમગ્ર માહિતીનું અર્થઘટન કરતાં કહી શકાય કે આંતર–જ્ઞાતિય લગ્નનું પ્રમાણ જેટલું જોવા મળે છે એટલું આંતર–ધર્મીય લગ્નનું પ્રમાણ જોવા મળતું નથી.

## ૫.૫ દરખાસ્તની સ્વીકૃતિનો સમયગાળો :–

આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન સ્વપસંદગીના લગ્ન હોવાથી વડીલોની ભૂમિકા નહિવત્ જોવા મળે છે. તેથી લગ્ન કરનાર ઊભય પાત્રોએ જ લગ્ન અંગેની દરખાસ્ત મૂકવાની અને સ્વીકારવાની હોય છે. આવી દરખાસ્ત મૂકયા પછી પણ તરત જ સ્વીકારાય જતી નથી. પરંતુ તેના ઉપર વિચારીને સામેનું પાત્ર નિર્ણય લે છે. તેથી અહિં દરખાસ્ત મૂકવા અને સ્વીકારવા અંગેની માહિતી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરેલો છે. તે સંબંધી પ્રાપ્ત થયેલી માહિતી નીચે પ્રમાણે છે.

**કોષ્ટક નં. ૫.૫**

**"દરખાસ્તની સ્વીકૃતિનો સમયગાળો"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | તુરત જ | ૦૭ | ૦૬% |
| ૨ | ૨ થી ૫ માસ | ૧૮ | ૧૪% |
| ૩ | ૬ થી ૧૨ માસ | ૧૮ | ૧૩% |
| ૪ | ૧ થી ૫ વર્ષ | ૮૨ | ૬૬% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |




ઉપરોકત કોષ્ટકના આધારે ચર્ચા કરતાં કહી શકાય કે તુરત જ લગ્ન કરનારની સંખ્યા ૭ છે. કુલ એકમના ફકત ૦૬% છે. જ્યારે સૌથી વધારે ૧ વર્ષથી ૫ વર્ષમાં લગ્ન કરનારની સંખ્યા ૮૨ ઉત્તરદાતા છે. જે કુલ ઉત્તરદાતાના ૬૬% છે. એક વર્ષની અંદર લગ્ન કરનાર ઉત્તરદાતાની સંખ્યા ૩૬ (૨૮%) જોવા મળી છે.

આના આધારે કહી શકાય કે સ્વપસંદગીના લગ્ન હોવાથી ઊભય પક્ષો પરિચય પ્રાપ્ત કર્યા પછી જ લગ્ન કરે તે વધુ સફળ લગ્ન હોય છે. જેમ પરિચયનો સમય વધારે તેમ સફળતાનું પ્રમાણ વધારે જોવા મળેલ છે.

## ૫.૬ કુટુંબના પ્રતિભાવો :–

આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય સ્વપસંદગીના લગ્નો હોવાથી લગ્ન કરનાર પાત્રો પોતાના લગ્નના પ્રસ્તાવ અંગે ઘરનાના પ્રતિભાવો કેવા પ્રાપ્ત કરે છે તે સંબંધી માહિતી પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરેલા છે. લગ્ન કરનાર પાત્રો એવું ઈચ્છે છે કે લગ્ન કરતાં પહેલાં ઘરમાં પ્રસ્તાવ મૂકવો જરૂરી છે. જો પ્રસ્તાવ સ્વીકારાય જાય તો લગ્નમાં ઘણી જ સરળતા મળી રહે છે. એટલું જ નહિ પણ પ્રાપ્ત થયેલી માહિતીના આધારે જાણવા મળ્યું છે કે મોટા ભાગના પાત્રો વડીલોની મંજૂરીથી લગ્ન કરવા ઈચ્છતા હતા. આ સંદર્ભે સ્ત્રી પક્ષ તરફથી અને પુરૂષ પક્ષ તરફથી જુદા–જુદા પ્રતિભાવો પ્રાપ્ત થયેલા છે. જે નીચેના કોષ્ટના આધારે જાણવા મળે છે.

**કોષ્ટક નં. ૫.૬**

**"કુટુંબના પ્રતિભાવો દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | પિયર પક્ષ | | સાસરા પક્ષ | |
|---|---|---|---|---|---|
| | | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| ૧ | સંમતિ | ૨૯ | ૨૩% | ૫૨ | ૪૧.૬૦% |
| ૨ | વિરોધ | ૬૭ | ૫૩.૦૭% | ૪૧ | ૩૨.૮૦% |
| ૩ | અર્ધસંમતિ | ૨૭ | ૨૧.૦૬% | ૨૦ | ૧૬% |
| ૪ | જવાબદાર નથી | ૦૨ | ૦૧.૦૬% | ૧૨ | ૦૯.૬૦% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% | ૧૨૫ | ૧૦૦% |




ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં બંન્ને પક્ષના પ્રતિભાવો જાણવાનાં પ્રયત્નો કરેલા છે. જેમાં સ્ત્રી પક્ષે સંપૂર્ણ સંમતિ કુલ ઉત્તરદાતાના ૨૯ ઉમેદવારોને પ્રાપ્ત થઈ હતી. જે ૨૩.૨% જેટલી છે. વિરોધ કરનાર કુટુંબોની સંખ્યા ૬૭ હતી જે ૫૩.૦૬% છે. અર્ધસંમતિ

આપનાર ૨૭ કુટુંબો હતા. જે ૨૧.૦૬% છે. જ્યારે ૨ કુટુંબો કોઈ પણ પ્રકારની જવાબદારી લેવા તૈયાર ન હતા. જે ૦૧.૦૬% છે.

જ્યારે પુરૂષ પક્ષે સંપૂર્ણ સંમતિ આપનાર કુટુંબો ૫૨ છે. જે કુલ સંખ્યાના ૪૧.૬૦% છે. જ્યારે સંપૂર્ણ વિરોધ કરનાર ૪૧ કુટુંબો હતા. જે ૩૨ (૮૦%) છે. ૨૦ કુટુંબોએ અર્ધસંમતિ આપેલ છે. જેનું પ્રમાણ ૧૬% છે અને ૧૨ કુટુંબોએ કોઈ પણ પ્રકારની જવાબદારી સ્વીકારી નથી જે ૯.૬૦% છે.

ઉપરોકત માહિતીના આધારે કહી શકાય કે લગ્ન જેવી ગંભીર બાબતમાં લગ્ન કરનાર પાત્રો કુટુંબ સાથે ચર્ચા કરીને નિર્ણય લેવાય તેવું ઈચ્છતા હોય છે. પરંતુ કુટુંબ તરફથી અલગ–અલગ પ્રતિભાવો જોવા મળે છે. આંકડાકીય માહિતીના આધારે કહી શકાય કે યુવક પક્ષ તરફથી વધુ સંમતિ પ્રાપ્ત થાય છે. જ્યારે યુવતિઓના પક્ષે સંપૂર્ણ સંમતિ પ્રાપ્ત થતી હોય તેવું ઓછું જોવા મળે છે. આની પાછળનું મુખ્ય કારણ પુરૂષપ્રધાન સમાજવ્યવસ્થા છે. યુવકના કુટુંબના સભ્યો વિચારે છે કે જો સંમતિ આપવામાં નહિ આવે તો પણ લગ્ન કરશે તો દિકરો દૂર થઈ જશે. જ્યારે દિકરી ઘરની આબરૂ ગણવામાં આવે છે. જેથી માતા–પિતા વિચારે છે કે દિકરી અન્ય જ્ઞાતિ કે ધર્મમાં લગ્ન કરશે તો કુટુંબની આબરૂને ધક્કો લાગશે. એવી જ રીતે વિરોધ કરનાર યુવતિના પિયરપક્ષના સભ્યો વધારે છે. જ્યારે યુવકના પક્ષે વિરોધ ઓછો થતો જોવા મળે છે. જ્યારે પુરૂષ પાત્ર સારું હોય, ઊંચી જ્ઞાતિનું હોય અને દિકરી માટે લાયક હોય ત્યારે પણ દિકરીના માતા–પિતા અર્ધ–સંમતિ આપે છે એવું જોવા મળ્યું છે. એટલે કહી શકાય કે યુવતિઓને મોટે ભાગે યોગ્ય પાત્ર હોય ત્યારે પણ અર્ધ–સંમતિ પ્રાપ્ત થાય છે. જો કે પુરૂષ પક્ષમાં પણ અર્ધ સંમતિ પ્રાપ્ત થતી હોય તેવું જોવા મળે છે. જેમાં યુવક અને યુવતિની જ્ઞાતિનો સામાજિક કોટીક્રમ મહત્વનો ભાગ ભજવતાં હોય છે.

કુટુંબના લોકો સંપૂર્ણ જવાબદારી ન સ્વીકારે એવા કુટુંબો યુવક પક્ષના વધુ જોવા મળે છે. જ્યારે યુવતિના પક્ષે અમારી જવાબદારી નહિ એવું કહેનારાની સંખ્યા ઓછી હોય છે. મોટા ભાગે વિરોધ જ હોય છે. પરંતુ જો જવાબદારીથી અલિપ્ત રહેવામાં આવે અને સસરા પક્ષના દિકરીને ન સ્વીકારે તો દિકરી આપઘાત કે બીજું કોઈ અયોગ્ય પગલું ન ભરે એટલે મા, બાપ અમારી જવાબદારી નહિ તેવું કહેતા ઓછા જોવા મળેલ છે.

## ૫.૭ માતા–પિતાનું શિક્ષણ :–

વર્તમાન સમયમાં શિક્ષણ પરિવર્તનના પરિબળ તરીકે મહત્વનું સ્થાન ધરાવે છે. લગ્ન સંસ્થા ભારતની મૂળભૂત સંસ્થા છે. શિક્ષણે તેના ઉપર પણ વ્યાપક અસર પહોંચાડી છે. લગ્નને ભારતમાં વ્યકિતગત બાબત તરીકે નહીં પરંતુ કૌટુંમ્બિક બાબત તરીકે લેવામાં આવે છે. તેથી માત્ર ઊભય પાત્રના શિક્ષણની અસર ન તપાસતા અહીં તેમના માતા–પિતાના શિક્ષણના સ્તરને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યું છે. યુવક અને યુવતિના માતા–પિતાનું શિક્ષણ તપાસતા નીચે પ્રમાણેની આંકડાકીય માહિતી પ્રાપ્ત થઈ છે.

## કોષ્ટક નં. ૫.૭
## "ઊભયપક્ષના પાત્રોના માતા–પિતાનું શિક્ષણ દર્શાવતું કોષ્ટક"

| વિગત | | અશિક્ષિત | શિક્ષિત | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચમાધ્યમિક | ઉચ્ચશિક્ષણ |
|---|---|---|---|---|---|---|---|
| યુવકના | પિતા | ૧૩ | ૩૨ | ૨૦ | ૨૫ | ૧૩ | ૨૨ |
| | માતા | ૨૭ | ૩૨ | ૨૭ | ૨૬ | ૪ | ૯ |
| કુલ | | ૪૦ | ૬૪ | ૪૭ | ૫૧ | ૧૭ | ૩૧ |
| યુવતિના | પિતા | ૫ | ૧૬ | ૨૬ | ૩૫ | ૧૫ | ૨૮ |
| | માતા | ૧૯ | ૨૭ | ૧૮ | ૨૮ | ૨૨ | ૧૧ |
| કુલ | | ૨૪ | ૪૩ | ૪૪ | ૬૩ | ૩૭ | ૩૯ |




ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં જોવા મળ્યું કે યુવકના માતા–પિતાના શિક્ષણમાં નિરક્ષર પિતાની સંખ્યા ૧૩ (૧૦%) અને માતાની સંખ્યા ૨૭ (૨૨%) છે. જ્યારે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ પિતાની સંખ્યા ૨૨ (૧૮%) છે અને માતાની સંખ્યા ૯ (૦.૦૭%) છે.

સ્ત્રી પાત્રના સંદર્ભે આ બાબત તપાસતા જાણવા મળે છે કે નિરક્ષર પિતાની સંખ્યા ૫ (૦૪%) છે અને માતાની સંખ્યા ૧૯ (૧૫%) છે. જ્યારે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર પિતાની સંખ્યા ૨૮ (૨૨%) છે અને માતાની સંખ્યા ૧૧ (૦૯%) છે.

આ માહિતીના આધારે કહી શકાય કે માતા–પિતામાં શિક્ષણનું પ્રમાણ વધારે હોય ત્યાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નની સંમતિ વધારે પ્રાપ્ત થાય છે.

તેમજ શિક્ષિત માતા–પિતામાં ઉદારવાદી વલણ વિકસેલ હોય છે. તેથી તેઓ પોતાના સંતાનોની સ્વતંત્રતા, સમાનતા અને નિર્ણયશકિતમાં વિશ્વાસ રાખે છે. સંતાનોના નિર્ણયમાં પ્રગતિને જુએ છે. તેથી વધુ સંમતિ આપે છે. લગ્નને માત્ર કૌટુંમ્બિક નહીં પરંતુ વ્યકિતગત

બાબત તરીકે પણ સ્વીકારતા થયા છે. સંતાનોની પસંદગી મુખ્ય બાબત તરીકે સ્વીકારે છે. જ્ઞાતિ અને ધર્મને ગૌણ ગણે છે. જ્યારે અલ્પ શિક્ષિત મા–બાપ પરંપરા અને રૂઢિને વળગી રહે છે. તેઓ સંતાનોની ઈચ્છા કરતાં રિવાજોને વધુ મહત્વ આપે છે. શિક્ષણના અભાવને લીધે સંતાનોની સ્વતંત્રતા સ્વીકારી શકતા નથી. અલ્પ શિક્ષણ પ્રાપ્ત કરેલા મા–બાપ આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નને ઓછી મંજૂરી આપે છે. પરંતુ લગ્નની પસંદગીમાં માત્ર શિક્ષણ એક જ પરિબળ જવાબદાર નથી. આ સિવાય બીજા પરિબળો જેવા કે કુટુંબના સંસ્કાર, સંયુકત કુટુંબ, વડીલોની જોહુકમી, જેવા પરિબળો પણ અસર કરે છે. તેથી અલ્પ શિક્ષણ પ્રાપ્ત કરેલા મા–બાપના સંતાનોમાં પણ આવા લગ્નનું પ્રમાણ જોવા મળે છે. પરંતુ શિક્ષિત મા–બાપની સરખામણીમાં થોડું ઓછું જોવા મળે છે. અને તેઓ જલ્દી સ્વીકારતા નથી. તેવું પણ જોવા મળેલ છે.

## ૫.૮ લગ્નમાં આપેલું મહત્વ :–

જ્યારે લગ્નની વાત આવે ત્યારે યુવક અને યુવતિ અનેક દષ્ટિકોણથી પોતાનો જીવનસાથી પસંદ કરતાં હોય છે. જેમ કે દેખાવ, આવક, કુટુબ, જ્ઞાતિ, શિક્ષણ કે અહિંયા સ્વપસંદગીના લગ્ન છે એટલે પ્રેમને પણ પ્રાધાન્ય આપતા હોય છે.

**કોષ્ટક નં. ૫.૮**

**"લગ્નના નિર્ણય વખતે કોને મહત્વ આપ્યું"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | દેખાવ | ૧૧ | ૦૯% |
| ૨ | આવક | ૪ | ૦૩% |
| ૩ | કુટુંબ | ૩૩ | ૨૬% |
| ૪ | જ્ઞાતિ | ૦૬ | ૦૫% |
| ૫ | શિક્ષણ | ૧૫ | ૧૨% |
| ૬ | અન્ય | ૫૬ | ૪૫% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |



ઉપરોકત કોષ્ટકની આંકડાકીય માહિતીના આધારે કહી શકાય કે ૩૩ ઉત્તરદાતાઓ એટલે કે ૨૬% જેઓ લગ્ન વખતે કુટુંબને મહત્વ આપે છે. તેઓનું માનવું હતું કે કુટુંબના સંસ્કાર સારા હોય તો પોતાના જીવનસાથીમાં તેવા સંસ્કાર હોવાથી અનુકૂલનમાં ખાસ તકલીફ પડે નહિ અને પોતાને મોટાભાગનો સમય કુટુંબમાં ગાળવાનો હોવાથી લગ્ન વખતે તેઓ કુટુંબને વધારે પ્રાધાન્ય આપતા જોવા મળ્યા હતા. કુટુંબ પછી તેઓ શિક્ષણને મહત્વ આપતા હતા કારણ કે શિક્ષિત વ્યકિતમાં ઉદારવાદી વલણ હોય કોઈ પણ પરિસ્થિતિમાં જડતા દાખવે નહિ. એવા શિક્ષણને મહત્વ આપતા ૧૫ (૧૨%) ઉત્તરદાતા જોવા મળ્યા છે. જ્યારે ૧૧ (૦૯%) ઉત્તરદાતા એવા હતા કે જેઓ દેખાવને મહત્વ આપતા હતા. અહિંયા આવકને ધ્યાનમાં લેનાર ૪ (૦૩%) ઉત્તરદાતાઓ થાય છે. જ્યારે જ્ઞાતિને મહત્વ આપતા ૬ (૦૫%) ઉત્તરદાતાઓ જોવા મળ્યા. જ્યારે ૫૬ (૪૫%) ઉત્તરદાતાઓ અન્ય એટલે કે પ્રેમ, લાંબો પરિચય, વિગેરેને મહત્વ આપતા જોવા મળ્યા.

આંકડાકીય માહિતીના આધારે કહી શકાય કે આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર પાત્રો કુટુંબને તેમજ વિશેષ કોઈ પરિબળ કે પરિસ્થિતિને નજર સમક્ષ રાખીને આવા નિર્ણયો લેતા હોય તેવું જોવા મળતું નથી. પરંતુ દરેક પોતાની વ્યકિતગત પસંદગી અને પરિસ્થિતિને નજર સમક્ષ રાખીને લગ્ન અંગેના નિર્ણયો લે છે. આવા વ્યકિતગત પસંદગી અને પરિસ્થિતિમાં મુખ્યત્વે પરસ્પરના સંપર્કોને આધારે ઉત્પન્ન થયેલી લાગણી જોવા મળી હતી અથવા આકર્ષણના લીધે લગ્ન અંગેના નિર્ણયો લેતા જોવા મળ્યા હતા.

આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન સ્વપસંદગીના લગ્ન છે એટલે વ્યકિત પોતાની વ્યકિતગત પસંદગીથી લગ્ન કરે છે. તેમાં વ્યકિતની જરૂરત, રસ, રૂચિ વિગેરે અલગ–અલગ હોય અને તેના સંદર્ભમાં તેઓ નિર્ણયો લેતા જોવા મળે છે. લગ્નનો નિર્ણય લેતી વખતે કોઈ એક કે વધારે પરિબળોની અસર જોવા મળે છે. તેમજ વ્યકિતગત રીતે પસંદગી થતી જોવા મળે છે.

## ૫.૯ લગ્ન પહેલાં જાતિય જ્ઞાન :–

લગ્નને સંસ્કાર ગણવામાં આવે છે. તેથી પહેલાંના વખતમાં બાળવિવાહ કરવામાં આવતા. જે વખતે જાતિય–જીવનનું જ્ઞાન લગ્ન પહેલાં હતું નહિં. અને જાતિય જીવનને આપણા સમાજમાં નીતિ–મત્તાના ધોરણ તરીકે લેવામાં આવતું. પરંતુ વધતી જતી લગ્નની ઉંમર અને શિક્ષણ, મિત્રો, ટી.વી, ફિલ્મો વિગેરેમાંથી આજે જાતિય જ્ઞાન લગ્ન પહેલાં પણ મેળવે છે.

**કોષ્ટક નં. ૫.૯**

**"લગ્ન પહેલાં જાતિય જ્ઞાન હતું"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૬૩ | ૫૦% |
| ૨ | ના | ૬૨ | ૫૦% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં જોવા મળ્યું કે ૬૩ ઉત્તરદાતાઓ એટલે કે ૫૦% ઉત્તરદાતાઓ પાસે લગ્ન પહેલાં જાતિય જ્ઞાન હતું અને ૬૨ ઉત્તરદાતાઓ એટલે કે ૫૦% પાસે લગ્ન પહેલાં જાતિય જ્ઞાન હતું નહિ તેમ જોવા મળેલ હતું. જેમને જાતિય જ્ઞાન હતું તેમણે કયાંથી મેળવ્યું હતું તે નીચેના કોષ્ટક પરથી જાણવા મળે છે.

**કોષ્ટક નં. ૫.૯ (A)**

**"જાતિય જ્ઞાન કયાંથી મેળવ્યું"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પુસ્તકો | ૧૩ | ૨૧% |
| ૨ | શિક્ષકો | ૩ | ૦૫% |
| ૩ | મિત્રો | ૩૦ | ૪૮% |
| ૪ | સામયિકો | ૪ | ૦૬% |
| ૫ | સમાચાર પત્રો | ૩ | ૦૫% |
| ૬ | ટી.વી. | ૨ | ૦૩% |
| ૭ | ફિલ્મ | ૫ | ૦૮% |
| ૮ | અન્ય | ૩ | ૦૫% |
| કુલ | | ૬૩ | ૧૦૦% |




ઉપરોકત કોષ્ટકના આધારે જાણવા મળ્યું કે જેમ શિક્ષણ પ્રમાણ વધારે તેમ વાંચનની ટેવ વધારે. માટે ૧૩ ઉત્તરદાતાઓ એટલે કે ૨૧% ઉત્તરદાતાઓએ પુસ્તકોમાંથી આ જ્ઞાન મેળ વેલું હતું. જેના આધારે કહી શકાય કે જે ઉત્તરદાતાઓ વાંચવાની ટેવ ધરાવતા હતા તેઓએ સમાચાર પત્રો, સામયિકોમાંથી આવું જ્ઞાન પ્રાપ્ત કરેલું હતું. જે લોકોને વાંચવામાં રસ ઓછો હતો તેવા ઉત્તરદાતાઓએ સંચાર માધ્યમો દ્વારા આવી માહિતી મેળવેલ હતી. જેઓનું મિત્ર વર્તુળ વિશાળ હતું તેવા ૩૦ ઉત્તરદાતાઓ ૪૮% એ મિત્ર વર્તુળ પાસેથી જ્ઞાન મેળવેલું હતું.

તેઓને મિત્રો પાસેથી આ માહિતી મળી છે તે બાબત દર્શાવે છે કે સ્વતંત્ર વિચારસરણી ધરાવનાર પાસે આ જ્ઞાન વધુ હતું. જેઓ જાતિય જીવનને નીતિમત્તા તરીકે ગણાવતા હોય તેવા રૂઢિચૂસ્ત માનસ ધરાવનાર આવું જ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી. કારણ કે તેઓ આ વિષયની ચર્ચા કરવામાં, વાંચન કરવામાં કે આવી ફિલ્મ જોવામાં શરમ અને સંકોચ અનુભવતા હતા તેવું જાણવા મળ્યું. જેઓના કુટુંબમાં વિશાળ વિચારધારા ધરાવતા સભ્યો હતા, જાતિય જીવન વિશેનું જ્ઞાન મળવું જોઈએ તેમાં કશું ખોટું નથી, તેવા કુટુંબના ઉત્તરદાતાઓએ લગ્ન પહેલાં જાતિય જ્ઞાન મળેલું છે તેવું જણાવેલ હતું. માટે જેનું મિત્રવર્તુળ મોટું હોય, કુટુંબમાં રૂઢિચૂસ્ત માનસ ન હોય તેમજ મિત્રવર્તુળ માં છૂટથી બોલી શકતા હોય, ચર્ચા કરી શકતા હોય, તેવા ઉત્તરદાતાઓ પાસે આ જ્ઞાન લગ્ન પહેલાં મળેલું જોવા મળ્યું હતું.

## ૫.૯ (B) લગ્ન પછી જાતિય જ્ઞાન :–

જે ઉત્તરદાતાઓ રૂઢિચૂસ્ત કુટુંબમાંથી આવતા હતા અથવા જેઓ લગ્ન પહેલાં જાતિય જ્ઞાન મેળવવું તેને પણ ગણતા હતા અથવા જાતિય જ્ઞાન પ્રત્યે જેને સુગ હતી તેવા ૬૨ ઉત્તરદાતાઓ કે જે ૫૦% થાય છે. તેઓએ લગ્ન પછી કયાંથી જ્ઞાન મેળવ્યું તે નીચેના કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે.

**કોષ્ટક નં. ૫.૯ (B)**

**"લગ્ન પછી જાતિય જ્ઞાન કયાંથી મેળવ્યું"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પતિ | ૫૨ | ૮૪% |
| ૨ | મિત્રો | ૦૪ | ૦૬% |
| ૩ | કુટુંબના સ્ત્રીસભ્યો | ૦૬ | ૧૦% |
| ૪ | પુસ્તકો | – | – |
| ૫ | અન્ય | – | – |
| કુલ | | ૬૨ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં જાણવા મળ્યું કે જે ઉત્તરદાતાએ લગ્ન પછી જાતિય જ્ઞાન મેળવેલું તેમાં ૫૨ ઉત્તરદાતાઓએ એટલે કે ૮૪% ઉત્તરદાતાઓએ જાતિય જ્ઞાન પતિ પાસેથી મેળવેલું જોવા મળ્યું. જ્યારે ૪ ઉત્તરદાતાઓએ પોતાના મિત્રો પાસેથી મેળવેલું ૦૬% થાય છે. જ્યારે બાકીના ૬ ઉત્તરદાતાઓએ કુટુંબની સ્ત્રીઓ પાસેથી જાતિય જ્ઞાન મેળ વેલું જે ૧૦% થાય છે. તે કુટુંબની સ્ત્રીઓમાં સાસુ જે નર્સનું કામ કરતી હોવાથી તેની પાસેથી મેળવેલું. જ્યારે બાકીનાએ પોતાની જેઠાણી અને નણંદ પાસેથી જાતિય જ્ઞાન મેળવેલું અને પોતાને મુંઝવતાં જાતિય જ્ઞાન સંબંધી પ્રશ્નોની ચર્ચા કરેલી. આ ઉત્તરદાતાઓનું એવું માનવું હતું કે લગ્ન પછી જાતિય જ્ઞાન વિશેની માહિતી મેળવી શકાય. તે પહેલાં મેળવવું તે સંસ્કાર નથી એવી માન્યતા પણ મહદઅંશે જોવા મળી.

## ૫.૧૦ લગ્નની વિધિ :–

ભારતીય સમાજમાં લગ્નને એક સંસ્કાર તરીકે ઓળખવામાં આવે છે. હિન્દુ લગ્નમાં લગ્નવિધિઓને મહત્વ આપવામાં આવે છે. પ્રસ્તુત શોધ નિબંધમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓનો અભ્યાસ કરેલો છે. તેમાં કંઈ વિધિથી લગ્ન કરેલ તે અંગે માહિતી પ્રાપ્ત કરતા નીચે પ્રમાણેની વિગતો જાણવા મળેલ છે.

**કોષ્ટક નં. ૫.૧૦**

**"લગ્ન કંઈ વિધિથી કર્યા"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | કોર્ટ મેરેજ | ૮૩ | ૫૨% |
| ૨ | આર્ય સમાજ | ૫૦ | ૩૨% |
| ૩ | શાસ્ત્રોક્ત વિધિ | ૨૬ | ૧૬% |
| ૪ | સમૂહ લગ્ન | – | – |
| કુલ | | ૧૫૯ | ૧૦૦% |




ઉપરોક્ત કોષ્ટકની આંકડાકીય માહિતીને આધારે કહી શકાય કે અહિંયા આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓની પસંદગી કરેલ હતી. જેમાં સ્વપસંદગીના લગ્ન હોવાથી ૮૩ ઉત્તરદાતાઓ એટલે કે ૫૨% એ કોર્ટ મેરેજ કરેલા હતા. જ્યારે ૫૦ ઉત્તરદાતાઓ એવા હતા કે જેમણે આર્યસમાજ વિધિથી લગ્ન કરેલા જે કુલ એકમના ૩૨% થાય છે. તેમજ શાસ્ત્રોક્ત વિધિથી લગ્ન કરેલાની સંખ્યા ૨૬ (૧૬%) થાય છે.

લગ્નવિધિ સંબંધી પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર ઉપર ચર્ચા કર્યા પ્રમાણે ૫૨% ઉત્તરદાતાઓએ કોર્ટ મેરેજ કરેલા છે. સ્વપસંદગીના લગ્ન હોવાથી ઊભય પાત્રો ઘરના સભ્યોની મંજૂરી મેળવતાં પહેલાં કેટલીક વખત કોર્ટથી મેરેજ કરી લેતા હોય તેવું જાણવા મળે છે. જ્યાં ઘરમાંથી વિરોધ હોય ત્યાં પણ ઊભય પાત્રો કોર્ટ લગ્નને સલામત લગ્ન તરીકે સ્વીકારે

છે. આંતર–ધર્મીય લગ્નમાં ધર્મ ગૌણ બને છે. ત્યારે પણ કોર્ટ લગ્નને પસંદગી આપતા જોવા મળે છે. આમ, કોર્ટથી થતા લગ્નનું પ્રમાણ સૌથી વધારે જોવા મળે છે. જ્યારે ૩૨% આર્યસમાજ વિધિથી લગ્ન કરે છે. જ્યારે ઘરનાની સંમતિ હોય ત્યારે મોટે ભાગે આર્યસમાજ વિધિથી લગ્ન થતા જોવા મળે છે અથવા સમાનધર્મના દંપતિઓ પણ આર્યસમાજ વિધિથી લગ્નગ્રંથીથી જોડાતા હોય તેવું જોવા મળેલ છે. કેટલીક વખત કોર્ટ લગ્ન કરી લીધા પછી ઘરનાની સંમતિ માંગવામાં આવે અને સંમતિ પ્રાપ્ત થતા હિન્દુ લગ્નને સંસ્કાર ગણવામાં આવે છે માટે ધાર્મિક વિધિને મહત્વ આપવામાં આવતું હોવાથી આર્યસમાજ વિધિથી લગ્ન કરતાં જોવા મળે છે.

જ્યારે ૧૬% ઉત્તરાદાતાઓ શાસ્ત્રોકત વિધિ દ્વારા લગ્નગ્રંથીથી જોડાયેલા જોવા મળ્યા છે. જ્યારે બંન્ને પક્ષ તરફથી સંમતિ પ્રાપ્ત થયેલી હોય ત્યારે શાસ્ત્રોકત વિધિથી લગ્ન થતા જોવા મળે છે. અહિં પણ એ જોવા મળ્યું છે કે પ્રથમ કુટુંબનો વિરોધ હોય તો ઊભય પાત્રો કોર્ટથી મેરેજકરી લે છે અને કુટુંબ સ્વીકારે ત્યારે પછીથી શાસ્ત્રોકત વિધિ દ્વારા લગ્ન કરે છે.

આંતર–ધર્મીય લગ્નમાં હિન્દુ શાસ્ત્રોકત વિધિ અનુસાર લગ્ન કરી લીધાં પછી પણ ઊભય પાત્ર સલામતિની ભાવનાથી કોર્ટ મેરેજ કરતાં જોવા મળે છે. કારણ કે શાસ્ત્રોકત વિધિથી થતા લગ્ન હિન્દુઓ માટે જ માન્ય ગણવામાં આવે છે. અન્ય ધર્મ માટે નહિ. તેથી આ પ્રકારના દંપતિઓએ કોર્ટ મેરેજ કરેલ છે.

લગ્ન વિધિ સંબંધી પ્રાપ્ત થયેલી માહિતી પરથી જાણવા મળે છે કે આજે પણ ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં હિન્દુ લગ્ન વિધિને મહત્વની ગણવામાં આવે છે. કારણ કે કોર્ટ મેરેજ દ્વારા લગ્ન કરી લીધા પછી પણ આર્ય સમાજ વિધિથી લગ્ન થયેલા જોવા મળે છે. તેથી કહી શકાય કે સમાજમાં લગ્નને એક સંસ્કાર તરીકે સ્વીકારવામાં આવે છે. આવા સંસ્કાર માટે હિન્દુ લગ્ન વિધિઓ કરવી ફરજીયાત ગણવામાં આવે છે.

ખ્રિસ્તી ધર્મમાં બાઈબલ અનુસાર લગ્ન આજીવન પતિ–પત્નીના સંબંધોનું જોડાણ છે. લગ્ન એ ઈશ્વરનું સર્જન છે. આથી તેને સન્માન સાથે સ્વીકારવા જોઈએ. કારણ કે તે ઈશ્વરની ભેંટ માનવામાં આવે છે. ઈશ્વર ઈચ્છે છે કે લગ્નને કારણે સ્ત્રી અને પુરૂષ પ્રેમની અનુભૂતિ સમગ્ર જીવન દરમિયાન કરી શકે અને પરસ્પર એકબીજાની સહાય, હૂંફ અને મદદ લઈ શકે, તે માટે ઈશ્વર દ્વારા પ્રેમનું તત્વ વિસ્તારવામાં આવે છે. જે ભવિષ્યમાં કૌટુંમ્બિક જીવનનો પાયો બને છે.

**સગાઈ :–**

સામાન્ય રીતે પ્રેસબેયર દ્વારા યુવક–યુવતિની સ્થાનિક રિવાજ દ્વારા ભેટની આપલે કરી સગાઈની વિધિ કરાય છે. અહિંયા સગાઈ દરમિયાન ભેટ જેમાં વીંટી કે એવી કોઈ વસ્તુ અપાય છે. પરંતુ અહિં કોઈ ધાર્મિક વિધિ કરાતી નથી. તેથી સગાઈ તૂટી પણ શકે છે. અને અપાયેલી ભેટ પાછી આપવામાં આવે છે.

**નિર્ધારિત લગ્નની જાણ :–**

નિર્ધારિત લગ્નની જાણ નોટીસ બોર્ડ પર લગ્નના બે સપ્તાહ પહેલાં યુવક અને યુવતિએ પોતાના લગ્નની જાણ કરતી બાબતો ચર્ચના અધિકારીને આપવાની હોય છે. જેમાં લગ્ન કરનાર

વ્યકિતનું નામ, અટક અને બધી જ કૌટુંમ્બિક વિગતો ભરવી ફરજિયાત છે. આ નોટીસને રવિવારે ચર્ચને દરવાજે રાખવામાં આવે છે. અને પંદર દિવસ સુધી રાખવાની હોય છે. ઘણીવાર બિશપ કે પ્રેસબાયરને તહેવાર ઉપર નોટીસ બહાર પાડવાનું સૂચવવામાં આવે છે.

જે માણસે નોટીસ આપેલી છે તે વ્યકિત ચર્ચના નક્કી કરેલા વિસ્તારમાં રહેતો હોવો જોઈએ. જો લગ્ન કરનાર બંન્ને વ્યકિતઓ અલગ–અલગ વિસ્તારમાં રહેતી હોય તો અલગ વિસ્તારના ચર્ચમાં નોટીસ પ્રસિધ્ધ કરવી પડે છે. ચર્ચમાં લગ્ન કરવા માટે પ્રેસબાયરની પરવાનગી અતિ આવશ્યક છે. અને નોટીસ રવિવારે ચર્ચમાં જાહેર થાય છે.

**લગ્નની વિધિ :–**

૧) બંન્ને પક્ષ દ્વારા એવું જાહેર કરાય છે કે તેઓ લગ્ન માટેના કોઈપણ અવરોધથી પર છે.

૨) બંન્ને પક્ષને લગ્ન અધિકારી દ્વારા પ્રશ્ન પૂછાય છે કે તેઓ સાથે જીવવા માટે તૈયાર છે.

૩) બંન્ને પક્ષે એ શબ્દો બોલવા પડે છે કે ઈશ્વરની પવિત્ર ઈચ્છા મુજબ ઈશ્વરની હાજરી છે તેવું માનીને અમે લગ્નથી બનનાર પતિ–પત્ની લગ્ન બાદ આજીવન સાથી રહીશું.

૪) ત્યાર બાદ આંગળીમાં પુરૂષ દ્વારા રીંગ પહેરાવાય છે. અથવા અન્ય ભેટ ચર્ચની માન્યતા મળતા અપાય છે.

ચર્ચના અધિકારી ઈશ્વરની સાક્ષીએ લગ્ન કરનાર સ્ત્રી–પુરૂષને પતિ–પત્નીનો દરજ્જો આપે છે. ત્યાર બાદ પ્રાર્થના કરવામાં આવે છે. અને ચર્ચના અધિકારી બંન્નેને આશીર્વાદ આપે છે.

લગ્ન બાદ ચર્ચના નિયત કરેલ નોંધણી પત્રકમાં નોંધણી કરાવવી ફરજિયાત છે. જેમાં લગ્ન કરનાર બંન્ને પક્ષ સાક્ષી તથા ચર્ચના અધિકારીની સહીં કરાવવામાં આવે છે.

લગ્ન બાદ નોંધણી થતાં અધિકારી તેની એક નકલ લગ્ન કરનારને આપે છે. ચર્ચની નિયત કરેલી સમિતિ લગ્ન બાદ નિભાવ, સલામતિ અને લગ્નજીવનના નિયમો ઘડે છે.

**ધર્મપરિવર્તન કરનારના લગ્ન :–**

૧) ધર્મપરિવર્તન કરીને ખ્રિસ્તી લગ્ન કરનાર ઈચ્છનારે તેમની પવિત્રતા અને સચ્ચાઈને ધ્યાનમાં લઈને અને તેના લગ્ન મંજૂર કરવામાં આવે છે.

૨) જો બાળપણમાં લગ્ન નક્કી થયેલા હોય તો ચર્ચ તેને મંજૂરી આપતું નથી.

૩) એકથી વધુ પત્ની ધરાવતી વ્યકિતને ખ્રિસ્તી ચર્ચમાં લગ્નક કરવા માટે ચર્ચની કેટલીક વિધિ કે માન્યતાઓમાંથી પસાર થવું પડે છે. અને તેમને પ્રથમ લગ્નને ફોક કરવું પડે છે પછી જ તેમને લગ્ન કરવાનો અધિકાર મળે છે.

**ઉત્તર ભારતના ચર્ચના લગ્નો માટેના નિયમો :–**

૧) ચર્ચએ સ્વાયત સંસ્થા હોવા છતાં તેના લગ્ન રાજ્યના કાયદાને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. તેથી તેને રાજ્યની માન્યતા મળે.

૨) આ ચર્ચ એવું માને છે કે ચર્ચના લગ્ન એ અવિભાજીત ઘટના છે જે સ્ત્રી અને પુરૂષ સારા કે ખરાબ સ્વરૂપે જીવન પર્યંત નિભાવવી પડે છે.

૩) પ્રત્યેક બીશપ અને પ્રેસબાયટરને લગ્નવિધિ કરાવવાનો અધિકાર છે.

૪) પાદરીની કમિટિને લગ્ન વિષયક નીતિ ઘડવાનો અધિકાર છે.

૫) બીશપને પણ લગ્નની સુધારણા કે સસ્પેન્ડ કરવાનો અધિકાર છે.

૬) જિલ્લાની સમિતિમાં બિશપના નેતૃત્વ હેઠળ ચર્ચના લગ્ન અને તેના નિયમોની ચર્ચા, સુધારણા થઈ શકે છે.

૭) ચર્ચનો એવો નિયમ છે કે જ્યાં સુધી સ્ત્રી કે પુરૂષ લગ્ન સંબંધથી જોડાયેલા હોય અને કોઈ એક વ્યકિત જીવીત હોય ત્યાં સુધી બીજી વ્યકિત ચર્ચની વિધિથી લગ્ન કરી શકતી નથી. ચર્ચનો અધિકારીએ લગ્ન કરાવી શકતો નથી. છતાં એમ કરે તો ચર્ચના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ તે જવાબદાર ગણાય છે.

૮) ચર્ચના નિયમોનો જડતાપૂર્વક પાલન કરવું એવું પણ નથી. અપવાદ રૂપ કિસ્સામાં ચર્ચની કમિટિ બિશપ કે સીનોડ વિગેરે લગ્નના નિયમોમાં ઓછા નુકશાનકારક હોય તેવા સુધારા લાવી શકે છે.

વિવિધ ધાર્મિક સમુદાયમાં, મુસ્લીમ સમુદાયના સામાજિક રચનાતંત્રમાં લગ્નનછ ભૂમિકા સ્પષ્ટ કરવી આવશ્યક બની રહે છે. વાસ્તવમાં મુસ્લીમ લગ્ન 'કરાર' ની જોગવાઈ ધરાવે છે અને લગ્ન સંસ્થામાં આ 'કરાર' નું તત્વ સવિશેષ જોવા મળે છે. મુસ્લીમ લગ્ન સંસ્થા મૂળભૂત રીતે સ્ત્રીના દરજ્જાને સુચિત (દ્વિતીય દરજ્જા) કરે છે. મુસ્લીમ લગ્નમાં બંને પક્ષોનું હકારાત્મક વલણ અને સમજૂતી જરૂરી માનવમાં આવે છે, અપર કલાસ મુસ્લીમોમાં લગ્નમાં કુટુંબના દરજ્જાને પ્રાધાન્ય આપવામાં આવે છે. મુસ્લીમ ધર્મ સાથે જોડાયેલા વિવિધ સમુદાયો શિયા, સુન્ની, સૈયદ આ દરેક સમુદાયમાં લગ્ન અંગેના માપદંડ અલગ–અલગ જોવા મળે છે. મુસ્લીમોમાં લગ્નની શ્રૈણીઓ જોવા મળે છે. ૧) મુસ્લીમોમાં અંતર્લગ્નની શ્રેણી ૨) વ્હોરા, ખોજા મુસ્લીમ સમુદાયમાં મુસ્લીમોથી અલગ પાડતી પ્રથા ધરાવે છે. આ ઉપરાંત મુસ્લીમ જમાત પણ મુસ્લીમ લગ્નની વ્યવસ્થા સંભાળતી જોવા મળે છે. મુસ્લીમોમાં પિતરાઈ લગ્નની પ્રથા જોવા મળે છે. મુસ્લીમ સમુદાયમાં વિશેષ કરીને દહેજ (મેહર) અને છૂટાછેડા (તલાક) લગ્ન સમુદાયના એક અનિવાર્ય પાસાં તરીકે જોવામાં આવે છે. આ બંને પાસાંઓ મુસ્લીમ લગ્ન સંસ્થાના અનિવાર્ય અંગ છે. જો કે સમાન સિવિલ કોડ અંગેની બાબતોમાં મુસ્લીમ સમુદાયના લોકો વર્તમાન સમયમાં વ્યાપક સભાનતા કેળવતા થઈ ગયા છે.

## ૫.૧૧ લગ્નના રિવાજ :–

હિન્દુ લગ્નમાં લગ્નવિધિ મહત્વની ગણવામાં આવે છે. આપણે ત્યાં દરેક જ્ઞાતિ અનુસાર લગ્નની વિધિઓમાં તફાવત જોવા મળે છે. એવી જ રીતે ધર્મ અનુસાર લગ્નવિધિ અલગ–અલગ હોય છે. તેથી અહિં પતિ–પત્નીની જ્ઞાતિ કે ધર્મ અલગ–અલગ હોવાથી કોની જ્ઞાતિ કે ધર્મના રિવાજ પ્રમાણે લગ્ન થયાં તે સંબંધી માહિતી પ્રાપ્ત કરતાં નીચેની બાબતો જાણવા મળી.

**કોષ્ટક નં. ૫.૧૧**

**"કોના રિવાજ પ્રમાણે લગ્ન થયાં"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પતિની | ૯૨ | ૭૪% |
| ૨ | પોતાની | ૩૩ | ૨૬% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં જાણવા મળ્યું કે ૯૨ ઉત્તરદાતઓના લગ્ન પતિની જ્ઞાતિ કે ધર્મ અનુસાર થયેલા જોવા મળેલ છે. જે કુલ એકમના ૭૪% થાય છે. જ્યારે ૩૩ ઉત્તરદાતાઓના લગ્ન પોતાની જ્ઞાતિના રિવાજ અનુસાર થયેલા જોવા મળ્યા. જે ૨૬% થાય છે. પ્રાપ્ત માહિતીના આધારે કહી શકાય કે ભારતીય સમાજ પુરૂષ પ્રધાન સમાજ છે. તેમજ છોકરીએ લગ્ન કરીને છોકરાના ઘરે જવાનું હોવાથી મોટાભાગે અહિં વધુ પ્રમાણ યુવકોની જ્ઞાતિ કે સમુદાયના રિવાજ મુજબ થયેલા લગ્નનું છે. પોતાની જ્ઞાતિમાં લગ્ન હોય ત્યારે પણ છોકરીપક્ષવાળા છોકરાપક્ષના રિવાજોને જ મહત્વ આપે છે. તે જ બાબત અહિં જોવા મળેલી છે. જ્યારે યુવતિની જ્ઞાતિના રિવાજ મુજબ લગ્ન થયેલા હોય તેનું પ્રમાણ ઓછું છે.

### ૫.૧૨ લગ્ન અંગેનો અભિપ્રાય :–

પ્રવર્તમાન સમયમાં લગ્નને સમાજમાં જુદા–જુદા દષ્ટિકોણથી મુલવવામાં આવે છે. પશ્ચિમી વિચારસરણીનો પ્રભાવ અને શિક્ષણના વધતા જતાં વ્યાપને પરિણામે સમાજનો કેટલોક વર્ગ લગ્નને એક કરાર તરીકે જોતો થયો છે. મુસ્લિમ ધર્મમાં પરાપૂર્વથી લગ્નને કરાર તરીકે જ જોવામાં આવે છે. જ્યારે હિંદુ સમાજમાં એક વર્ગ એવો છે જે લગ્નને હજુ પણ સંસ્કાર તરીકે ઓળખાવે છે. સામાજીક પરિવર્તનના આ પ્રવાહમાં યુવકો કેટલીક વખત લગ્નને કરાર કે સંસ્કાર તરીકે નહિ મુલવતા એક પરંપરાગત રિવાજ તરીકે પણ મુલવતા જોવા મળે છે. એટલે અહિં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નના અભ્યાસમાં ઉત્તરદાતાઓ લગ્નને કયા દષ્ટિકોણથી મુલવે છે તે સંબંધી માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે જે નીચે મુજબ છે.

**કોષ્ટક નં. ૫.૧૨**

**"લગ્ન અંગેનો અભિપ્રાય"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | લગ્ન એક કરાર | ૦૮ | ૦૬% |
| ૨ | લગ્ન એક સંસ્કાર | ૧૦૬ | ૮૫% |
| ૩ | લગ્નએ પરાપૂર્વથી ચાલી આવતી વિધિ | ૧૧ | ૦૯% |
| ૪ | અન્ય | – | – |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં જાણવા મળ્યું કે કુલ ઉત્તરદાતામાંથી ૧૦૬ (૮૫%) ઉત્તરદાતાના જવાબ મુજબ લગ્ન એક સંસ્કાર છે. જ્યારે ૧૧ ઉત્તરદાતાઓ લગ્નને પરાપૂર્વથી ચાલી આવતી એક વિધિ તરીકે ગણાવે છે. બાકીના ૮ ઉત્તરદાતાઓ લગ્નને એક કરાર તરીકે જુએ છે. પ્રાપ્ત થયેલી માહિતીના આધારે જાણવા મળે છે કે મોટા ભાગના ઉત્તરદાતાઓ લગ્નને એક સંસ્કાર તરીકે ગણાવે છે. પ્રસ્તુત શોધ નિબંધમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓનો અભ્યાસ છે, તેથી આંતર–જ્ઞાતિય લગ્ન કરનાર હિન્દુ સમુદાયના જ સભ્યો છે. તેથી તેઓ મોટે ભાગે લગ્નને સંસ્કાર તરીકે ઓળખાવે છે.

આંતર–ધર્મીય લગ્નો કરનાર ઉત્તરદાતાઓની સંખ્યા ઓછી છે. એટલે લગ્નને કરાર તરીકે સ્વીકારનારની સંખ્યા પણ ઓછી જોવા મળે છે.

પરસ્પર અન્ય સંસ્કૃતિઓ જ્યારે સંપર્કમાં આવે ત્યારે એક સંસ્કૃતિનો પ્રભાવ હંમેશા બીજી સંસ્કૃતિ પર પડે છે તેવું અહિં પણ જોવા મળેલું છે. ઉત્તરદાતાઓ હિન્દુ સમાજનાં જ રહેનારા છે. હિન્દુ જ્ઞાતિઓમાં લગ્નને સંસ્કાર ગણવામાં આવે છે. તેથી મોટાભાગના સંસ્કાર તરીકે ગણાવે છે. જે હિન્દુ સંસ્કૃતિનો પ્રભાવ બતાવે છે. તો સાથો સાથ શિક્ષણ અને પરિવર્તનના પ્રવાહ હેઠળ કેટલાક ઉત્તરદાતાઓ કરાર કે સંસ્કાર તરીકે ન લેતા માત્ર પરંપરાગત પ્રક્રિયાના ભાગ તરીકે જોતા જોવા મળેલ છે.

## ૫.૧૩ લગ્નના રિવાજો અંગેના અભિપ્રાયો :–

લગ્નસંસ્થામાં અનેક કુરિવાજો જોવા મળે છે. જેને આપણે લગ્નની બદીઓ તરીકે ઓળખાવીએ છીએ. જેને સામાન્ય ભાષામાં રિવાજ તરીકે સ્વીકારવામાં આવે છે. લગ્નના રીતરિવાજો, રૂઢિઓ એ સમાજ વ્યવસ્થાના ભાગ રૂપે પરંપરાથી ચાલી આવતી હોય છે અને તે જે તે સમાજના મૂલ્યો અને ધોરણો સાથે સંકળાયેલી હોય છે. જે તે સમયે તે રીતરિવાજો કે રૂઢિઓએ સમાજની જરૂરિયાતના ભાગરૂપે ઉદ્દભવી હોય છે. પરંતુ સમાજમાં જ્યારે પરિવર્તન આવે છે ત્યારે સમાજના રૂઢિ, પરંપરાઓ કે રીત રિવાજોમાં પરિવર્તન ન આવતા તે કુરિવાજ બની જાય છે. પ્રસ્તુત અભ્યાસમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓની મુલાકાત લેતા તેમને લગ્નના કોઈ રીતરિવાજો વિશેની પસંદગી, નાપસંદગી અંગેનો અભિપ્રાય પૂછતા તેમને લગ્નના નીચે મુજબના રિવાજ પસંદ નથી તેવું જણાવેલ હતું.

**કોષ્ટક નં. ૫.૧૩**

**"લગ્નનો કયો રિવાજ પસંદ નથી"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | દહેજ | ૧૨૦ | ૩૬% |
| ૨ | બાળલગ્ન | ૧૦૦ | ૩૦% |
| ૩ | જ્ઞાતિમાં જ લગ્ન કરવા | ૬૬ | ૨૦% |
| ૪ | વિધવા પુનર્લગ્ન નિષેધ | ૪૭ | ૧૪% |
| ૫ | અન્ય | – | – |
| કુલ | | ૩૩૩ | ૧૦૦% |




ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં જાણવા મળ્યું કે ૧૨૦ (૩૬%) ઉત્તરદાતાઓને દહેજ આપવાનો રિવાજ પસંદ નહોતો. જ્યારે ૧૦૦ (૩૦%) ઉત્તરદાતાઓને બાળલગ્ન થાય તે રિવાજ પસંદ ન હતો. જ્યારે ૬૬ ઉત્તરદાતાઓ જ્ઞાતિમાં જ લગ્ન કરવા તેવું માનતા ન હતા. જે કુલ એકમના ૨૦% છે. જ્યારે વિધવા પુનર્લગ્ન નિષેધમાં ૪૭ (૧૪%) ઉત્તરદાતાઓ હતા.

પ્રાપ્ત થયેલી આંકડાકીય માહિતી મુજબ એવું કહી શકાય કે સૌથી વધારે ઉત્તરદાતાઓ દહેજ અને બાળલગ્નના રિવાજને પસંદ કરતાં ન હતા. સ્વપસંદગીના લગ્ન હોવાથી પુખ્તવયે લગ્નમાં માનતા હતા. કારણ કે બાળલગ્નમાં સ્વપસંદગીનો અવકાશ રહેતો નથી. પ્રસ્તુત શોધ નિબંધના ઉત્તરદાતાઓ ઉપર શિક્ષણ અને ઉંમર અને પ્રચાર માધ્યમોની અસર હોવાથી તેઓ દહેજનો પણ વિરોધ કરતા હતા. કેટલાક ઉત્તરદાતાઓ દહેજ અને બાળલગ્નનો બંન્નેનો વિરોધ કરતા જોવા મળેલ છે. આ ઉપરાંત મોટાભાગના ઉત્તરદાતાઓએ પોતાની જ્ઞાતિની બહાર લગ્ન કરેલ હોવાથી ૨૦% ઉત્તરદાતાઓએ માત્ર લગ્ન માટે જ્ઞાતિ કરતાં અન્ય પરિબળોને મહત્વ આપીને જ્ઞાતિના ઘટતા જતા મહત્વનો નિર્દેશ કર્યો છે.

સાથોસાથ વિધવા પુનર્લગ્ન નિષેધનો પણ વિરોધ કરતા જોવા મળ્યા છે. આમ, લગ્ન સંસ્થા સંબંધી કુરિવાજો તરફ ઉત્તરદાતાઓ નકારાત્મક પ્રતિભાવ આપતા જોવા મળ્યા છે.

## ૫.૧૪ લગ્નની કુટુંબના સભ્યોને જાણકારી :–

અહિંયા આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર ઉત્તરદાતાઓનો અભ્યાસ કરવામાં આવેલો છે. આવા લગ્નો સમાજમાં સહિષ્ણું બન્યા છે. પરંતુ રિવાજગત માન્યતા પ્રાપ્ત કરી શકયા નથી. તેથી સમાજમાં કેટલાક લોકો હજુ પણ આવા લગ્નને સંમતિ આપતા નથી.

## કોષ્ટક નં. ૫.૧૪
## "લગ્ન સમયે કુટુંબના સભ્યોને જાણ હતી કે નહિં"

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૬૯ | ૫૫% |
| ૨ | ના | ૫૬ | ૪૫% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |




ઉપરોકત કોષ્ટકના આધારે વિશ્લેષણ કરતાં જોવા મળે છે કે સ્વપસંદગીના લગ્નમાં પણ લગ્ન સમયે કુટુંબના સભ્યોને જાણ હતી. તેના જવાબમાં ૬૯ ઉત્તરદાતાઓએ એટલે કે ૫૫% ના કુટુંબના સભ્યોને જાણ હતી. જ્યારે ૫૬ ઉત્તરદાતાઓના એટલે કે ૪૫% ના ઉત્તરદાતાઓના કુટુંબના સભ્યોને લગ્ન સમયે જાણ ન હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર જાણવા મળે છે કે આજે પણ સમાજમાં આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્ન સમાજમાન્ય બન્યા નથી. તેથી કુટુંબના સભ્યો સરળતાથી સંમતિ આપતા નથી. આમ છતાં આ લગ્નો પ્રત્યે સમાજમાં સહિષ્ણુતા ઊભી થઈ છે એટલે આવા લગ્નને સંમતિ આપનાર કુટુંબોની સંખ્યા પણ નોંધપાત્ર રીતે વધતી જોવા મળે છે. ખાસ કરીને સમાન દરજ્જાવાળા કે સમાન સ્તરની જ્ઞાતિના સભ્યોને આવી જાણ હતી એવું જોવા મળેલ છે. પણ જે કુટુંબો રૂઢિચૂસ્ત હતા, કે જે કુટુંબમાં માતા–પિતાનું શિક્ષણ ઓછું હતુ તેવા કુટુંબમાં સ્વપસંદગીના લગ્ન કરતી વખતે ઉત્તરદાતાએ પોતાના કુટુંબને જાણ કરવાથી લગ્નમાં વિઘ્નો આવશે તેવા કારણથી કુટુંબને જાણ કરી નહોતી.

### ૫.૧૫ લગ્નમાં કુટુંબના સભ્યોની હાજરી :–

લગ્નમાં સામાન્ય રીતે બંને પક્ષની હાજરીની અંદર જ લગ્ન કરવામાં આવે છે. ભારતીય સમાજમાં લગ્ન એ બે વ્યકિતનો સંબંધ નહી પરંતુ બે કુટુંબો વચ્ચેનો સંબંધ માનવામાં આવતો હોય છે. આથી લગ્ન સમયે બંને પક્ષના કુટુંબના સભ્યો, જ્ઞાતિ, સમુદાયના સભ્યો,

મિત્રો, સગા–સંબંધીઓ હાજર રહેતા હોય છે અને તેમની બધાની હાજરીમાં લગ્નવિધિ કરવામાં આવતી હોય છે. અહિંયા પ્રસ્તુત અભ્યાસમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નો મોટે ભાગે સ્વપસંદગીના હોય છે. માટે ઉત્તરદાતાઓ પાસેથી પોતાના લગ્નમાં પિયર પક્ષના અને સાસરા પક્ષના સભ્યો હાજર હતા કે નહિ તે જાણવાનો પ્રયત્ન કરેલો છે.

**કોષ્ટક નં. ૫.૧૫**

**"લગ્નમાં કુટુંબના સભ્યોની હાજરી"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પિયર પક્ષના સભ્યોની હાજરી | ૧૧૦ | ૩૧% |
| ૨ | સાસરા પક્ષના સભ્યોની હાજરી | ૨૪૦ | ૬૯% |
| કુલ | | ૩૫૦ | ૧૦૦% |

આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન સ્વપસંદગીના લગ્ન હોવાથી ઘરમાંથી તેઓના સ્વીકાર અને વિરોધ બંન્ને પ્રકારના પ્રતિભાવો પ્રાપ્ત થાય છે. ઘરના યુવાન અને શિક્ષિત સભ્યો આવા લગ્નને સ્વીકારે છે. જ્યારે મોટાભાગે નિરક્ષર અને વડીલો આનો વિરોધ કરે છે. તેથી કુટુંબના બધા જ સભ્યો આવા લગ્નોમાં હાજરી આપતા જોવા મળતા નથી. પ્રસ્તુત અભ્યાસમાં ખાસ કરીને યુવતિના પિયર પક્ષમાંથી ઓછી હાજરી જોવા મળી કારણ કે દિકરી બીજી જ્ઞાતિમાં લગ્ન કરે તે કુટુંબના સભ્યો માટે, જ્ઞાતિના રિવાજ મુજબ યોગ્ય ગણાય નહિ. તેથી કેટલાક કુટુંબના સભ્યોની ઈચ્છા હોવા છતાં પણ આવા કુટુંબના સભ્યોએ દિકરીના લગ્નમાં હાજરી આપી નહોતી. યુવક પક્ષે યુવતિની જ્ઞાતિ સમકક્ષ હોય, બંન્ને પાત્રો ભણેલા હોય અને આર્થિક સધ્ધરતા હોય તો કુટુંબના સભ્યો સ્વીકૃતિ આપતા અને હાજરી પણ આપતા જોવા મળ્યા છે. કેટલાક એકમોમાં કુટુંબના સભ્યોએ હાજરી આપી ન હતી. પરંતુ તેમના મિત્રો કે અન્ય સગાઓની હાજરીમાં લગ્ન થયેલા જોવા મળેલા છે. જેમાં બેન, બનેવી, ભાઈ, ભાભી કે માસીના કે માસાના ઘરનાઓએ હાજરી આપેલી હોય, પોતાના માતા–પિતા હાજર ન રહ્યા હોય તેવું જોવા મળ્યું છે. કેટલાક કિસ્સામાં નજીકના મિત્રો પણ આવા લગ્નો કરાવવામાં સહકાર આપતા હોય છે. અને પછીથી આ લોકો કુટુંબના સભ્યો જેવા જ સંબંધો રાખતા જોવા મળે છે.

આ સંદર્ભે તપાસતા જાણવા મળ્યું છે કે યુવતિ પક્ષ તરફથી ૩૧% સભ્યોએ લગ્ન સમયે હાજરી આપેલી હતી. જ્યારે યુવકના પક્ષે ૬૯% હાજરી આપેલ જોવા મળી હતી.

આના આધારે કહી શકાય કે સ્ત્રી આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્ન કરે તો પોતાના કુટુંબમાંથી વધુ વિરોધ થાય છે. જ્યારે યુવકના પક્ષે અહીં વિરોધનું પ્રમાણ ઓછું જોવા મળેલ છે.

**૫.૧૬ લગ્ન સમયની મદદ :–**

પ્રસ્તુત અભ્યાસમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નો હોવાથી ઉત્તરદાતાને જ્યારે ઘરમાંથી લગ્નની મંજૂરી મળતી નથી. માટે તેવા સમયે ઉત્તરદાતાને લગ્ન સમયે કોણે

મદદ કરી હતી તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

"લગ્ન સમયે કોણ મદદરૂપ બન્યા" તે પ્રશ્નના જવાબમાં પ્રાપ્ત થયેલી માહિતી મુજબ જે તે ઉત્તરદાતાનું મિત્ર વર્તુળ, ભાભી અથવા તો પોતાની સમકક્ષ ઉંમરના સભ્યો મદદરૂપ બનેલા જોવા મળે છે.

નોંધપાત્ર બાબત એ છે કે મોટે ભાગે સ્ત્રી સભ્યોએ મદદ કરેલી છે. કેટલાક કિસ્સામાં તો યોગ્ય પાત્ર હોય તો માતાએ મદદ કરેલી તેવું જાણવા મળેલ છે. પરંતુ ગોપનીય રીતે જેની જાણ પતિને હોય નહિ. કારણ કે પુરૂષપ્રધાન સમાજ છે અને આજે પણ લગ્ન જેવી ગંભીર બાબતોમાં પુરૂષો આવા પ્રકારના લગ્નોમાં પોતાની સંમતિ આપતા ઓછા જોવા મળે છે. અહિંયા પણ માતૃપ્રેમને લીધે માતાએ મદદ કરેલી તેવો ૬૭ ઉત્તરદાતાએ જવાબ આપેલા. જ્યારે પિતા જીદ્દી અને જ્ઞાતિના રીતરિવાજમાં માનતા હોવાથી સામાજિક પ્રતિષ્ઠાને કારણે આવા લગ્નો તે સ્વીકારવા જ તૈયાર ન હતા તેવું જોવા મળેલ છે. કયારેક દિકરીની ઉંમર વધતા અને પોતાની જ્ઞાતિમાં યોગ્ય પાત્ર ન મળતા માતાએ તેમજ ભાભીએ પોતે મૂક સંમતિ આપીને મદદ કરી હતી તેવું જાણવા મળેલ છે. માતાની મૂક સંમતિથી લગ્ન સમયે પોતે સ્વસ્થ રહી શકયા હતા તે પણ ઉત્તરદાતાઓ પાસેથી જાણવા મળેલું હતું.

લગ્ન સમયે વ્યકિતઓને અનેક વસ્તુઓની જરૂર પડે છે. અને તેમાં જ્યારે સ્વપસંદગીના લગ્ન હોય ત્યારે અંગત લોકો મદદ કરે છે અને વિવિધ રીતે મદદ કરતાં જોવા મળે છે. જેમાં ઉત્તરદાતાઓને કેવી મદદ મળી હતી તે પ્રશ્ન પૂછતા જે જવાબ મળ્યો છે તેની આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

**કોષ્ટક નં. ૫.૧૬**

**"લગ્ન સમયે કેવી મદદ કરી તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | વસ્તુ | ૨૨ | ૦૮% |
| ૨ | પૈસા | ૨૮ | ૧૦% |
| ૩ | વાહન | ૦૬ | ૦૨% |
| ૪ | લગ્ન વ્યવસ્થા ગોઠવી હોય | ૭૫ | ૨૭% |
| ૫ | ફકત હાજર રહ્યા હોય | ૭૫ | ૨૭% |
| ૬ | માનસિક સાંત્વન | ૭૧ | ૨૬% |
| ૭ | અન્ય | – | – |
| કુલ | | ૨૭૭ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં જોવા મળ્યું કે લગ્ન સમયે ૨૨ વ્યકિતઓ (૦૮%) વસ્તુ આપીને મદદરૂપ બન્યા હતા. જ્યારે ૨૮ વ્યકિતઓએ (૧૦%) પૈસાની મદદ કરી હતી. જ્યારે ૬ વ્યકિતઓએ (૦૨%) વાહનની મદદ કરી હતી. જ્યારે ૭૫ વ્યકિતઓ એવી હતી કે

જેણે લગ્ન વ્યવસ્થા ગોઠવવામાં મદદ કરી હતી. જે કુલ એકમના ૨૭% થાય છે. ૨૬% વ્યકિતઓએ માનસિક સાંત્વન આપેલું હતું.

ઉપરોકત આંકડાકીય માહિતીનું વિશ્લેષણ કરતાં જાણવા મળે છે કે અહિંયા વસ્તુ, પૈસા અને વાહનની મદદ કરનાર વ્યકિતઓ એકંદરે ઓછા જોવા મળ્યા છે.

અહિંયા આવા લગ્નોમાં વસ્તુની કિંમતનું મહત્વ હોતું નથી. પરંતુ સમાજ કે કુટુંબ જયારે તરછોડે છે તેના વિરૂધ્ધમાં જઈને સ્વપસંદગીના લગ્ન કરનાર યુગલના લગ્નમાં હાજરી આપવી, તેને લગ્ન વ્યવસ્થા ગોઠવવામાં મદદ કરવી, તેમજ કુટુંબના સભ્યોની ગેરહાજરીમાં માણસ ભાંગી પડે ત્યારે તેને માનસિક સાંત્વન આપવું એ ખૂબ જ અગત્યનું હોય છે.

આવા સમયે યુગલનું નવું સાહસ કુટુંબનો સહારો ન હોય ત્યારે પોતાના નજીકના મિત્રવર્તુળમાંથી, નજીકના સગામાંથી કે જેઓ સમાજની બીક રાખ્યા વગર મદદ કરે છે તેવા લોકોનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે. તે બતાવે છે કે આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નની અંદર પૈસા કરતાં વ્યવસ્થા અને હાજરી ઉત્તરદાતા માટે મહત્વની બની હતી.

આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નએ સમાજમાં એક રિવાજ તરીકે માન્યતા પ્રાપ્ત કરેલ નથી. તેથી આવા દંપતિઓને કુટુંબમાં સ્વીકારવામાં આવતા નથી. પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓને લગ્ન પછી શ્વસુર પક્ષે કયારે સ્વીકાર્યા અને પિયર પક્ષે કયારે સ્વીકાર્યા તેવા પ્રશ્નો પૂછતા નીચે મુજબની આંકડાકીય માહિતી મળેલ હતી.

**કોષ્ટક નં. ૫.૧૬ (A)**

**"લગ્ન પછી શ્વસુર પક્ષે કયારે સ્વીકાર થયો"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | તરત જ | ૧૦૯ | ૮૭% |
| ૨ | એક બાળક પછી | ૦૮ | ૦૬% |
| ૩ | હજુ સુધી નહિ | ૦૮ | ૦૬% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |



ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં જાણવા મળ્યું કે શ્વસુર પક્ષમાં લગ્ન પછી તરત જ સ્વીકાર થયો હોય તેવા ૧૦૯ ઉત્તરદાતા જોવા મળેલા હતા. જે કુલ એકમના ૮૭% થાય છે. જ્યારે એક બાળક પછી સ્વીકાર કર્યો હોય તેવા ૮ ઉત્તરદાતા (૬%) જોવા મળેલ હતા. અને શ્વસુરપક્ષમાં હજી સુધી નહીં સ્વીકારેલા નથી તેવા ૮ કુટુંબ (૬%) જોવા મળેલ હતા.

ઉપરોકત આંકડાકીય માહિતીના આધારે જાણવા મળે છે કે યુવક પક્ષનાં શરૂઆતમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નોનો વિરોધ પ્રદર્શિત કરે છે. પરંતુ જ્યારે લગ્ન કરી લીધા હોય પછી તરત જ અથવા તો ઘણા ટૂંક સમયમાં સ્વીકારી લીધા હોય તેવા ૧૦૯ કુટુંબ જોવા મળેલા હતા. જેના કારણમાં જાણવા મળ્યું કે સંતાનોએ કાયદાકીય રીતે લગ્ન કરી લીધા છે. તેઓને કાયદાની મદદ છે. પોતાનું કંઈ ચાલશે નહિં અને વધારે જિદ કરવાથી કાયમ માટે છોકરો ગુમાવવો પડશે, અથવા પુત્રના પ્રેમથી વંચિત રહેવાનો ભય લાગ્યો હતો તેમજ અમુક કુટુંબમાં યુવક એક જ કમાણી કરનાર હોય અને તેનો સ્વીકાર ન થાય તો બીજા કુટુંબના સભ્યોનો જીવનનિર્વાહનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેવું જોવા મળેલું હતું. જ્યારે અમુક ઉત્તરદાતાનું કહેવું હતું કે શ્વસુરપક્ષે એમ કહ્યું કે છોકરાના સુખમાં અમારું સુખ તેમ વિચારી સ્વીકારી લીધા હતા.

૧૦૯ કુટુંબમાંથી મોટાભાગના કુટુંબોએ પુત્રના પ્રેમને વશ થઈને આવા લગ્નનો સ્વીકાર કરેલો જાણવા મળેલ હતો.

જ્યારે ૮ કુટુંબ એટલે કે ૬% કુટુંબોએ એક બાળક પછી યુગલને સ્વીકાર્યુ હતું. જેમાં પૌત્ર કે પૌત્રી પ્રેમ એ અગત્યની બાબત જોવા મળી હતી. તેમજ કુટુંબમાં કૌટુંબિક સભ્યોને સમજાવીને તેમજ કશું ખોટું નથી, પુત્ર વધુ સંસ્કારી છે. તેમજ પોતાને ઘડપણમાં મદદરૂપ થશે તથા કુટુંબનો વંશ ચાલુ રહેશે તેમ માનીને સ્વીકાર કરેલ હતો. તેવું વિચારીને એક બાળક પછી ૮ કુટુંબોએ યુગલોને સ્વીકાર્યા હતા.

જ્યારે હજી સુધી નહિ સ્વીકારેલા ઉત્તરદાતાને મળતાં જાણવા મળ્યું કે પોતે તદ્દન નીચી જ્ઞાતિમાં લગ્ન કર્યા છે. અથવા આંતર–ધર્મીય લગ્ન કરીને જુદો ધર્મ અપનાવ્યો હોય તેવા સંજોગોમાં હજુ સુધી સ્વીકાર થયેલો નથી તેવું જોવા મળ્યું. એક બાબત નોંધનીય જોવા મળી કે જે કુટુંબમાં બીજા સભ્યોએ આંતર–જ્ઞાતિય લગ્ન કરેલા તેમનો થોડાક વખતમાં સ્વીકાર થયો તેના જવાબમાં તેમણે જણાવ્યું કે તેઓના લગ્ન આંતર–જ્ઞાતિય હતા. પરંતુ ઉચ્ચ વર્ણમાં હતા અને આંતર–ધર્મીય હતા પરંતુ જૈનવાણીયા જેવી જ્ઞાતિમાં હતા. જ્યારે કેટલાક કિસ્સામાં મુસલમાન ધર્મમાં લગ્ન કરીને મુસલમાન ધર્મ અંગીકાર કર્યો હોવાથી સ્વીકારતા નહોતા.

જે કુટુંબો ધર્મમાં અને સમાજના રિવાજમાં રૂઢિચૂસ્ત હતા. તેવા કુટુંબોએ આવા યુગલનો હજી સુધી સ્વીકાર કરેલો નથી.

આ ઉપરથી કહી શકાય કે યુવક પક્ષે જો સ્વીકારવામાં આવે તો તુરત જ લેવામાં આવે છે. પછીથી સ્વીકારતા કુટુંબોની સંખ્યા નહિવત જોવા મળી હતી.

## કોષ્ટક નં. ૫.૧૬ (B)
## "લગ્ન પછી પિયરપક્ષે કયારે સ્વીકાર થયો"

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | તરત જ | ૭૫ | ૬૦% |
| ૨ | એક બાળક પછી | ૩૦ | ૨૪% |
| ૩ | હજુ સુધી નહિ | ૨૦ | ૧૬% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત આંકડાકીય માહિતીના આધારે કહી શકાય કે યુવતિના માતૃપક્ષે લગ્ન પછી તરત જ સ્વીકાર થયો હોય તેવા ૭૫ કુટુંબો જોવા મળેલા. જે કુલ એકમના ૬૦% થાય છે. જ્યારે એક બાળક બાદ સ્વીકાર ૩૦ કુટુંબોએ કરેલો જે ૨૪% થાય છે. જ્યારે હજી સુધી નહિ સ્વીકારેલા તેવા ૨૦ કુટુંબ જોવા મળેલ હતા. જે ૧૬% થાય છે.

ઉપરોકત માહિતીના આધારે કહી શકાય લગ્ન પછી યુવતિને શ્વસુર પક્ષે સ્વીકારનાર કુટુંબની સંખ્યા ૮૭% છે. જે બતાવે છે કે યુવક જ્યારે લગ્ન નોંધાવી લે છે ત્યારે મા–બાપ યુગલનો સ્વીકાર પ્રેમને વશ થઈને કરી લે છે.

જ્યારે યુવતિને લગ્ન પછી માતૃપક્ષે સ્વીકાર કરનાર કુટુંબોની સંખ્યા ૨૦% છે. જે બતાવે છે કે યુવક કુટુંબ વિરોધ જઈને લગ્ન કરે તો પણ તેનો સ્વીકાર જલ્દી થાય છે. જ્યારે યુવતિનો તેના કુટુંબ દ્વારા જલ્દી સ્વીકાર થતો નથી. તે જ બતાવે છે કે આજે પણ સમાજમાં પુરૂષોનું પ્રાધાન્ય જોવા મળે છે.

એક બાળક પછી શ્વસુર પક્ષે સ્વીકારનાર કુટુંબની સંખ્યા ૬% છે. જ્યારે માતૃપક્ષે સ્વીકારનારની સંખ્યા ૨૪% છે. જે બતાવે છે કે દિકરી પ્રત્યે જડ વલણ ધરાવનાર માતા–પિતા પણ સમય જતાં દિકરીના સાસરીયા પક્ષની પરિસ્થિતિ જોઈને તેને સ્વીકારતા જોવા મળે છે. ઉત્તરદાતાઓનું માનવું હતું કે જ્યારે પિતૃપક્ષ નહોતા સ્વીકારતા ત્યારે શ્વસુરગૃહે અનુકૂલનમાં વધારે સમસ્યા ઊભી થતી હતી. માનસિક તાણ અનુભવાતી હતી. પોતાની દિકરીને માનસિક સાંત્વન મળે, થવાનું હતું તે થઈ ગયું, તેમજ યોગ્ય પાત્ર લાગવાથી, એક બાળક પછી સ્વીકારનાર ૨૪% કુટુંબો જોવા મળેલ હતા.

શ્વસુર પક્ષે હજી સુધી નહિ સ્વીકારનાર ૬% કુટુંબો હતા. જેમાં જાણવા મળ્યું કે યુવકે નીચી જ્ઞાતિમાં લગ્ન કર્યા હોય, આર્થિક રીતે સધ્ધર ન હોય, યુવકને બોલાવાથી પોતા ઉપર આર્થિક જવાબદારી આવી પડશે, તેવા ભયથી કુટુંબો હજી પણ યુવકનો કુટુંબમાં સ્વીકાર કરતાં નહિ. જ્યારે પિયર પક્ષે હજુ સુધી ૧૬% બહેનોનો સ્વીકાર કરેલો નહોતો. તેમાં જાણવા મળ્યું કે જે કુટુંબો રૂઢિવાદી હતા, શિક્ષણનું પ્રમાણ ઓછું હતું, તેવા કુટુંબો સ્વીકારી શકતા ન હતા. અમુક પરિસ્થિતિમાં યુવતિએ ખૂબ જ નિમ્ન જ્ઞાતિમાં કે અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિમાં લગ્ન કર્યા હોય તો પણ ઉચ્ચ સવર્ણ જ્ઞાતિના પિયર પક્ષના સભ્યો સ્વીકાર કરતા નહોતા. આંતર–ધર્મીય લગ્ન હોય તેમાં મુસલમાન, ખ્રિસ્તી કે પારસી ધર્મમાં

જે હિન્દુ ધર્મની યુવતિઓ લગ્ન કરે તેમને મા–બાપ સ્વીકારતા નહિ. કેટલીક વખત બીજી બહેનોને પરણાવવાની બાકી હોય ત્યારે કુટુંબના સભ્યો ઈચ્છતા હોવા છતાં સમાજના ડરથી આવી યુવતિઓનો સ્વીકાર કરતાં નહિ.

આના આધારે કહી શકાય કે આજે પણ સમાજમાં કેટલીક ઘટનાઓ એવી છે કે જે સ્ત્રી અને પુરૂષ બંન્નેને સ્પર્શતી હોય તેમાં પણ સમાજ સ્ત્રીઓ પાસે વધુ અપેક્ષા રાખે છે. તેમ અહિ પણ આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્ન કરનાર બંન્ને પાત્રો અલગ–અલગ જ્ઞાતિના હોવા છતાં પુરૂષોને સમાજ સ્વીકારી લે છે. જ્યારે સ્ત્રીઓનો અસ્વીકાર થાય છે. જે આજે પણ સમાજમાં સ્ત્રીઓનું નીચું સ્થાન દર્શાવે છે.

## ૫.૧૭ ધર્મપાલન :–

ધર્મ એ માનવજીવનનું એક અંગ છે. માનવીના સમગ્ર વર્તન અને વ્યવહાર ઉપર તેના ધર્મની સ્પષ્ટ અસર જોવા મળે છે. ધર્મના મૂલ્યોને આધારે વ્યકિત વર્તન, વ્યવહાર કરતી હોય છે. વ્યકિતની રહેણીકરણી, ખોરાક, પહેરવેશ, બોલી, માન્યતાઓ, વલણો, રીત રિવાજો, ધર્મને આધારે ઘડાતા હોય છે. વ્યકિતના જન્મથી મૃત્યુ સુધીના દરેક વિધિ વિધાનો ધર્મના નિયમો પ્રમાણે થતા હોય છે. મેકસ વેબરના ધર્મના અભ્યાસમાં દર્શાવવા પ્રમાણે વ્યકિતના કામ પ્રત્યેની શ્રધ્ધા, જીવનની સફળતા અને વિકાસનો આધાર ધાર્મિક મૂલ્યો સાથે જોડાયેલો છે. કેથોલીક ધર્મ કરતાં પ્રોટેસ્ટંટ ધર્મ પાળતા લોકો ઝડપી આર્થિક વિકાસ સાધી શકે છે.

ભારતીય સમાજમાં સ્ત્રીને જ્યારે પરણીને તેના પતિના ઘેર જવાનું હોય છે ત્યારે તેણે પોતાનું સમગ્ર વ્યકિતત્વ બદલીને પતિના કુટુંબ પ્રમાણે ઘડાવાનું હોય છે. તે પ્રમાણે જીવનશૈલી ગોઠવવાની હોય છે. હિન્દુ ધર્મમાં જ્ઞાતિ અનુસાર ધર્મના નિયમોમાં નાના મોટા તફાવત જોવા મળે છે. પ્રસ્તુત શોધ આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નના અભ્યાસ અંગેનો છે. તેથી અહિંયા લગ્ન પછી યુવતિઓ કયો ધર્મ પાળે છે તે સંબંધી માહિતી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરેલા છે.

**કોષ્ટક નં. ૫.૧૭**

**"હાલ તમે કયો ધર્મ પાળો છો તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | તમારો | ૦૬ | ૦૫% |
| ૨ | પતિનો | ૫૬ | ૪૫% |
| ૩ | બંન્નેનો | ૫૪ | ૪૩% |
| ૪ | અન્ય | ૦૯ | ૦૭% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં જાણવા મળે છે કે લગ્ન પછી પતિનો ધર્મ પાળનાર

યુવતિઓની સંખ્યા ૫૬ એટલે કે ૪૫% છે. જ્યારે બંન્નેનો ધર્મ પાળનાર યુવતિઓની સંખ્યા ૫૪ એટલે કે ૪૩% છે. જ્યારે લગ્ન પછી સ્ત્રી પોતાના ધર્મનું જ પાલન કરતી હોય તેવા ૬ ઉત્તરદાતા એટલે કે ૦૫% છે. અને અન્ય ધર્મ પાળનારની સંખ્યા ૯ એટલે કે ૦૭% છે. હિન્દુ સમુદાયમાં સ્ત્રીઓ લગ્ન પછી પતિના ઘરનાં જ રીતરિવાજ રહેણી, કરણી અને ધર્મ સ્વીકારતા જોવા મળે છે. જે બાબત આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નમાં પણ જાણવા મળેલી છે. અહિંયા પણ ૪૫% ઉત્તરદાતાઓએ પોતાના પતિનો જ ધર્મ લગ્ન પછી સ્વીકારેલ છે. અને તે પ્રમાણે જ ધાર્મિક નિયમોનું પાલન કરે છે. આવા લગ્નો સ્વપસંદગીના લગ્નો હોય છે. તેથી શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે. કેટલીક યુવતિઓ આર્થિક રીતે સ્વાવલંબી હોય છે. તેથી પોતાની જાત વિશેના નિર્ણયો લેવા સ્વતંત્ર હોય છે. આવી સ્ત્રીઓ લગ્ન પછી પણ પોતાનો ધર્મ પાળતી જોવા મળે છે. જેનું પ્રમાણ ૦૫% છે.

આમ, કહી શકાય કે સ્વપસંદગીના લગ્નો હોવાથી મોટાભાગે સ્ત્રીને ધર્મ પાળવા સંબંધી કોઈ દબાણ કરવામાં આવતું નથી. પરંતુ સ્વેચ્છાએ સ્ત્રી આ બંને ધર્મોનું પાલન કરી કુટુંબમાં અનુકૂલન સાધવાનો પ્રયત્ન કરે છે. જેથી કૌટુંમ્બિક સમસ્યાઓ ઓછી સર્જાય.

અહિં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન સ્વપસંદગીના લગ્ન હોવાથી અને યુવક યુવતિની જ્ઞાતિ અને ધર્મ અલગ–અલગ જોવા મળે છે. ધર્મ એ વ્યકિતગત બાબત છે. દરેક વ્યકિત માટે પોતાનો ધર્મ એક આગવું મહત્વ ધરાવે છે. આમ છતાં હિન્દુ જ્ઞાતિ વ્યવસ્થા પુરૂષ પ્રધાન સમાજવ્યવસ્થા હોવાથી લગ્ન પછી સ્ત્રી પતિનો ધર્મ સ્વીકારતી તેવું સામાન્ય રીતે જોવા મળે છે. પરંતુ કેટલીક વખત દબાણ થતું પણ જોવા મળે છે. ઉત્તરદાતાઓને આ સંદર્ભમાં પ્રશ્ન પૂછતા, માહિતી પ્રાપ્ત કરતાં, નીચે પ્રમાણેની વિગતો પ્રાપ્ત થઈ છે.

**કોષ્ટક નં. ૫.૧૭ (A)**
**"પતિનો ધર્મ પાળવા માટે થતું દબાણ"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૪ | ૧૧% |
| ૨ | ના | ૧૧૧ | ૮૯% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત માહિતીના આધારે જાણવા મળે છે કે આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન સ્વપસંદગીના હોવાથી લગ્નની ઉંમર મોટી હોય છે. શિક્ષણનું પ્રમાણ વધુ હોય છે. આર્થિક સ્વાવલંબન પણ સ્ત્રીઓએ પ્રાપ્ત કરેલું હોય છે. આવી પરિસ્થિતિમાં દરેક સ્ત્રી પોતાના નિર્ણયો લેવા સક્ષમ હોય છે. ધાર્મિક બાબતોમાં પતિ તરફથી દબાણ થતું હોય તેવું જોવા મળતું નથી. માત્ર ૧૪ ઉત્તરદાતઓને જ પતિનો ધર્મ પાળવા માટે દબાણ કરવામાં આવતું હોય તેમ જોવા મળ્યું છે. ૧૧૧ યુવતિઓ પોતાની રીતે ધર્મ બાબતે નિર્ણય લેતી જોવા મળે છે.

જે ઉત્તરદાતાઓ હિન્દુ અને મુસ્લિમ, હિન્દુ અને ખ્રિસ્તી, એવા પાત્રો સાથે

લગ્નગ્રંથીથી જોડાયા હોય ત્યારે યુવતિને પોતાનો ધર્મ છોડીને પતિના ધર્મનું પાલન કરવાનો આગ્રહ રખાય છે. તેમજ પતિના ધર્મના ધાર્મિક સ્થળોએ જવાની ફરજ પાડવામાં આવે છે.

હિન્દુ સમાજ વ્યવસ્થા એક રૂઢિગત સામાજીક માળખું ધરાવે છે. જેમાં જ્ઞાતિ, ધર્મ વિગેરેના બંધનોમાં રહીને વ્યકિત પોતાનું જીવન જીવે છે. આ સંબંધી પરંપરાઓ, ધોરણો, નિયમો, રીતરિવાજો, વ્યકિતને સામાજીકરણની પ્રક્રિયા દ્વારા શીખવવામાં આવે છે. જેથી તે વ્યકિતના જીવનનો એક ભાગ બની જાય છે. તેથી તેમાં પરિવર્તન લાવવું વ્યકિત માટે મુશ્કેલ બને છે.

પ્રસ્તુત શોધ નિબંધ આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન અંગેનો અભ્યાસ છે. તેથી અન્ય જ્ઞાતિમાં કે અન્ય ધર્મમાં લગ્ન કરવાથી યુવતિને કોઈ અંગત જીવનમાં અવરોધો ઊભા થયા છે કે નહિ તે અંગેની માહિતી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરેલા છે. જેના આધારે નીચેની બાબતો જાણવા મળી છે.

**કોષ્ટક નં. ૫.૧૭ (B)**

**"અંગત જીવનમાં જ્ઞાતિ કે ધર્મના કારણે ઉદ્‌ભવેલા અવરોધો દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૦૯ | ૦૭% |
| ૨ | ના | ૧૧૬ | ૯૩% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |




ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં જાણવા મળ્યું કે ૯ ઉત્તરદાતાઓ કે જેઓએ આંતર–ધર્મીય કે આંતર–જ્ઞાતિના આધારે લગ્ન કરેલા હતા. તેવી યુવતિઓને ખોરાક, પોશાક, રીત રિવાજ અને ધાર્મિક વિધિ વિધાનો સંબંધી પ્રશ્નો ઉદ્‌ભવેલા જોવા મળે છે.

ખાસ કરીને જૈન યુવતિઓ જ્યારે બીજા ધર્મના યુવકો સાથે લગ્ન કરે ત્યારે આ યુવતિઓને કંદમૂળ, લસણ અને ડુંગળી જેવા ખોરાક લેવાનો આગ્રહ કરાય છે. કેટલીક વખત યુવતિ પોતે ન જમે પણ કુટુંબના સભ્યો માટે રસોઈ બનાવવી ફરજીયાત હોય ત્યારે પોતાના જૈન ધર્મના નિયમોનો ભંગ કરવો પડે છે. દા.ત. જૈન ધર્મમાં કઠોળને ફણગાવીને રાંધવા તે

ભૃણહત્યા જેટલું પાપ છે. જ્યારે સ્ત્રીઓને આવો ખોરાક બનાવવાની ફરજ પડે છે ત્યારે તેઓની ધાર્મિક લાગણીઓ દુભાય છે. જેના પરિણામે કુટુંબજીવન અને અંગત જીવનમાં સમસ્યાઓ ઊભી થાય છે. આવી સ્ત્રીઓ કેટલીક વખત માનસિક તાણનો ભોગ બને છે. પરંતુ જ્યારે હિન્દુ સ્ત્રીઓ જૈન યુવક સાથે લગ્ન કરે તો તેઓને દેરાસરમાં જવાની, પર્યુષણ કરવાની ફરજ પાડવામાં આવે છે. આ ઉપરાંત જીવનશૈલી સંબંધી ભાર મૂકાય છે. ત્યારે અનેક સમસ્યાઓ સર્જે છે.

જે યુવતિએ મુસ્લિમ ધર્મમાં લગ્ન કરેલ હોય તેને કુરાન વાંચવાની, માંસાહારી ખોરાક બનાવવાની અને જમવાની ફરજ પાડવામાં આવે છે. જો તેઓ તેમ ન કરે તો તેમના અંગત જીવનમાં મુશ્કેલી ઊભી થતી જોવા મળી. જ્યારે ખત્રી જેવી જ્ઞાતિમાં પ્રસંગોપાત માંસાહાર કરવો ફરજીયાત ગણવામાં આવે છે. ખાસ કરીને બાળકના જન્મ સમયે થતી ધાર્મિક વિધિમાં માતાના માંસાહાર પછી જ બાળકને કુટુંબના સભ્ય તરીકે સ્વીકારવામાં આવે છે. તેથી સ્ત્રીઓ પોતાના બાળકને કુટુંબનું સભ્યપદ અપાવવા માટે પણ ફરજીયાત માંસાહાર કરે છે. પરંતુ ત્યારે તેઓની ધાર્મિક લાગણીઓ દુભાય છે. આવી પરિસ્થિતિની અસર તેના કુટુંબજીવન ઉપર અને બાળકો ઉપર થતી જોવા મળે છે. મુખ્યત્વે જ્યારે માતા–પિતાનો ખોરાક અલગ– અલગ હોય ત્યારે બાળકો પણ ખોરાક સંબંધી મુંઝવણ અનુભવે છે.

સિંધી સમુદાયમાં લગ્ન કરનાર યુવતિઓને પણ આવા જ પ્રશ્નો ઊભા થયેલા જોવા મળે છે. આમ સ્ત્રી સહજ સ્વભાવને લીધે કેટલીક બહેનો લગ્ન કરી લીધા પછી પણ ધાર્મિક બાબતોમાં કેટલીક વસ્તુઓ સ્વીકારી શકતી નથી અને ત્યારે તેઓ આવા લગ્ન સંબંધોથી અસંતોષ, તાણ અનુભવે છે.

### ૫.૧૮ લગ્નજીવનથી સંપૂર્ણ સંતોષ :–

જ્યારે સ્વપસંદગીના લગ્નો હોય છે. ત્યારે વ્યકિત આકર્ષણનો ભોગ બનીને અથવા તો અન્ય કારણોસર કેટલીક વખત પ્રેમ કે લાગણીના આવેગમાં પણ આવા લગ્નો કરતાં જોવા મળે છે. ત્યારે અમુક વાસ્તવિક પરિસ્થિતિઓ અંગે તેઓને કોઈ ખ્યાલ હોતો નથી અથવા તો વાસ્તવિક જીવનના પ્રશ્નો પ્રત્યે વિચારેલું હોતું નથી. અને જ્યારે આવી પરિસ્થિતિનો સામનો કરવાનો આવે ત્યારે તેઓ તેમનો સામનો કરી શકતા નથી. અને આવા સંજોગોમાં તેઓના લગ્નજીવનમાં અસંતોષ ઊભો કરે છે. આ સંબંધી માહિતી પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરતાં નીચે પ્રમાણેની વિગતો જાણવા મળેલી છે.

**કોષ્ટક નં. ૫.૧૮**

**"લગ્નજીવનથી સંપૂર્ણ સંતોષ"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૧૬ | ૯૩% |
| ૨ | ના | ૯ | ૦૭% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |




આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન સ્વપસંદગીના લગ્નો હોવાથી ઊભય પાત્રો પોતે જ પોતાના લગ્ન અંગે નિર્ણય લેતા હોય છે. બંન્નેને લગ્ન પહેલાં પરસ્પરનો પરિચય હોય છે. તેમજ આવા લગ્નો પુખ્ત ઉંમરે શિક્ષિતોમાં થતા લગ્નો હોય છે. તેથી ૧૧૬ ઉત્તરદાતાઓ એટલે કે ૯૩% લોકો પોતાના લગ્નથી સંતુષ્ટ જોવા મળેલા છે. જ્યારે ૯ ઉત્તરદાતાઓને એટલે ૦૭% ને અસંતોષ હતો. આવો અસંતોષ સામાજીક, ધાર્મિક બાબતો સંબંધી હોય તેવું જાણવા મળેલું હતું. જીવનસાથી તરફ વ્યકિતગત રીતે કોઈ અસંતોષ જોવા મળતો નથી.

## ૫.૧૯ જીવનસાથીમાં જોવા મળતું પરિવર્તન :–

પ્રસ્તુત શોધ નિબંધમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓનો અભ્યાસ છે. લગ્ન પહેલાં પતિ–પત્ની બંન્ને અલગ–અલગ જ્ઞાતિ અને ધર્મના સભ્યો હોય છે. તેથી તેમની વિચારવાની પ્રક્રિયાઓ, જીવનશૈલી, રહેણીકરણીમાં, માન્યતાઓ, વલણોમાં અલગતા જોવા મળે છે. માનવ સહજ સ્વભાવને લીધે બે વ્યકિતઓ સાથે રહે ત્યારે સહવાસ દરમિયાન બંન્ને ઉપર પરસ્પરની કેટલીક અસરો જોવા મળે છે. આ સંબંધી પ્રશ્નો પૂછતા નીચે પ્રમાણેની માહિતી પ્રાપ્ત થઈ હતી.

**કોષ્ટક નં. ૫.૧૯**
**"જીવનસાથીમાં જોવા મળેલું પરિવર્તન"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૫૫ | ૪૪% |
| ૨ | ના | ૭૦ | ૫૬% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકના આધારે જાણવા મળે છે કે ૫૫ (૪૪%) ઉત્તરદાતાઓના જીવનસાથીમાં પરિવર્તન જોવા મળે છે. જ્યારે ૭૦ (૫૬%) ઉત્તરદાતાના જીવનસાથીમાં પરિવર્તન જોવા મળેલ નથી.

ઉત્તરદાતાના લગ્નો સ્વપસંદગીના લગ્નો હોવાથી પુખ્ત ઉંમરે થયેલા લગ્નો છે. અમુક ઉંમર પછી વ્યકિતના જીવનમાં ઝડપથી પરિવર્તન આવતા નથી. કારણ કે દરેક વર્તન

સંબંધી એક ઢબ બંધાઈ ગઈ હોય છે. તે પ્રમાણે અહિ પણ મોટાભાગના ઉત્તરદાતાઓના જીવનસાથીમાં પરિવર્તન આવતા જોવા મળતા નથી.

માનવી એક સામાજીક પ્રાણી છે. તેના જેવા અન્ય માનવીના સહવાસને ઝંખે છે. આવા સામાજીક સંપર્કથી વ્યકિતના વર્તનમાં પરિવર્તન આવતા પણ જોવા મળે છે. આ પ્રમાણે ૫૫ ઉત્તરદાતાના જીવનસાથીમાં એટલે કે ૪૪% માં પરિવર્તન આવેલુ જોવા મળેલ છે. આ પરિવર્તન જુદી–જુદી બાબતમાં નોંધપાત્ર રીતે જોવા મળેલ છે. વિચારો અને વર્તનોમાં પરિવર્તન આવેલું છે. વ્યકિત એકલી હોય અને પત્ની તેમજ બાળકોની જવાબદારી આવે ત્યારે કૌટુંમ્બિક ભાવના જન્મે છે. તેવા પરિવર્તનો પણ જોવા મળે છે. બીજું બંને વ્યકિત શિક્ષિત હોય, નોકરી કરતા હોય અને કુટુંબની જવાબદારી હોય ત્યારે બંને એકબીજાને અનુકૂલ થવાનો પ્રયત્ન કરતા હોય છે. જેના પરિણામે વિચારવાની પધ્ધતિમાં, જીવન જીવવાની પધ્ધતિમાં નોંધપાત્ર પરિવર્તનો નોંધાયા છે. પરસ્પર જુદી–જુદી જ્ઞાતિના હોવા છતાં પણ રિવાજોના પાલનમાં પણ પરિવર્તનો નોંધાયા છે. જેની આંકડાકીય વિગતો આ પ્રમાણેની છે.

**કોષ્ટક નં. ૫.૧૯**

**“કયા પ્રકારનું પરિવર્તન જોવા મળ્યું”**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | માનસિક | ૦૨ | ૦૪% |
| ૨ | વૈચારિક | ૩૨ | ૫૮% |
| ૩ | જીવનશૈલી | ૧૦ | ૧૮% |
| ૪ | રિવાજોના પાલનમાં | ૧૧ | ૨૦% |
| ૫ | અન્ય | – | – |
| કુલ | | ૫૫ | ૧૦૦% |

ઉપરોકત માહિતીના આધારે જાણી શકાય કે ૫૫ ઉત્તરદાતાઓમાં લગ્ન પછી પરિવર્તન જોવા મળેલ છે. જેમાં ૦૨ ઉત્તરદાતા એટલે ૦૪% માં માનસિક પરિવર્તન. જ્યારે ૩૨ એટલે ૫૮% માં વૈચારિક પરિવર્તન જોવા મળેલું હતું. જ્યારે ૧૦ ઉત્તરદાતા એટલે ૧૮% લોકોની જીવનશૈલીમાં પરિવર્તન જોવા મળેલ હતું. જ્યારે ૧૧ ઉત્તરદાતા એટલે ૨૦% માં રિવાજોના પાલનના લીધે લગ્ન બાદ તેમના જીવનસાથીમાં પરિવર્તન જોવા મળેલ હતું.

આના આધારે કહી શકાય કે પરસ્પરના સહવાસથી એકબીજાના વિચારોની અસર થાય છે અને વૈચારિક પરિવર્તનો વધુ જોવા મળે છે. જ્યારે જીવન જીવવાની પધ્ધતિમાં એટલે કે ખોરાક, પોષાકના સંબંધી પરિવર્તન ૧૦ ઉત્તરદાતા એટલે ૧૮% માં આવેલું જોવા મળે છે. જ્યારે રિવાજોના પાલનમાં પણ ૧૧ ઉત્તરદાતા એટલે ૨૦% માં પરિવર્તન જોવા મળે છે. આ બતાવે છે કે જીવનશૈલી અને રિવાજોના પાલન સંબંધી પરિવર્તનો આવે છે. જ્યારે માનસિક કક્ષાએ પરિવર્તનો નોંધપાત્ર જોવા મળતા નથી. માનવી ભૌતિક બાબતોમાં પ્રયત્નપૂર્વક પરિવર્તનો લાવી શકે છે. જ્યારે અભૌતિક બાબતોમાં એટલે માનસિક વલણોમાં પરિવર્તન લાવવા મુશ્કેલ છે.

## ૫.૨૦ કુટુંબમા મતભેદો :–

પતિ–પત્ની અને સંતાનોના સમૂહને કુટુંબ તરીકે ઓળખવામાં આવે છે. આ સંબંધો લાંબા સમયના સ્થાયી સંબંધો છે. સતત સાથે રહેવાથી પરસ્પરની મર્યાદાઓ જણાય છે. દરેક વ્યકિતની કોઈને કોઈ મર્યાદાઓ હોય છે અને વ્યકિતએ સામેના પાત્રની મર્યાદાને ધ્યાનમાં રાખીને અનુકૂલન સાધવાનું હોય છે. અહિં ઉત્તરદાતાઓએ આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલા છે. તેથી તેમને કુટુંબમાં અનુકૂલન માટે વિવિધ અનુભવો થતા જોવા મળે છે. તેમાંથી કેટલીક વખત મતભેદો પણ જન્મે છે. આ સંબંધી માહિતી પ્રાપ્ત કરતા નીચેની બાબતો જાણવા મળેલી છે.

**કોષ્ટક નં. ૫.૨૦**
**''કુટુંબમાં મતભેદો થાય છે''**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૪૪ | ૩૫% |
| ૨ | ના | ૮૧ | ૬૫% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકના આધારે જાણી શકાય છે કે ૪૪ (૩૫%) ઉત્તરદાતાઓને કુટુંબમાં મતભેદો થતા જોવા મળ્યા છે. જ્યારે ૮૧ (૬૫%) ઉત્તરદાતાને કુટુંબમાં મતભેદો જોવા મળ્યા નથી.

ઉપરોકત આંકડાકીય માહિતીના આધારે કહી શકાય કે લગ્નસંબંધો દ્વિતીય શ્રેણીના સંબંધો હોય છે. તેથી તેમાં કૌટુંમ્બિક, માનસિક, આર્થિક એવી બાબતો અંગે મતભેદો થાય છે.

**કોષ્ટક નં. ૫.૨૦ (A)**
**''કોની સાથે''**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પતિ | ૧૩ | ૩૭% |
| ૨ | સાસું | ૨૨ | ૬૩% |
| ૩ | સસરા | – | – |
| ૪ | નણંદ | – | – |
| ૫ | દેરાણી | – | – |
| ૬ | જેઠાણી | – | – |
| ૭ | બાળકો | – | – |
| કુલ | | ૩૫ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં જણાય છે કે પતિ સાથે ૧૩ (૩૭%) ઉત્તરદાતાઓને મતભેદ જોવા મળેલા હતા. જ્યારે સાસુ સાથે ૨૨ (૬૩%) ઉત્તરદાતાઓને મતભેદ જોવા મળેલા હતા.

આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય સ્વપસંદગીના લગ્ન હોવાથી સંયુકત કુટુંબનું પ્રમાણ નહિવત્ જોવા મળે છે. તેથી સસરાપક્ષના દેરાણી, જેઠાણી કે નણંદ જેવા સંબંધીઓની સાથે મતભેદ નહિવત્ જોવા મળે છે. જ્યારે સાસુની સાથે પ્રસંગોપાત, સંપર્કમાં આવવાનું હોવાથી કૌટુંબિક બાબતોમાં કે રિવાજોના પાલન અંગેની બાબતોમાં તેમજ ધાર્મિક બાબતોમાં મતભેદ થતા હોય તેવું જોવા મળે છે. જ્યારે પતિની સાથે આર્થિક, વૈચારિક બાબતોમાં મતભેદ થતા જોવા મળે છે.

આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નોમાં યુવતિઓએ બીજી જ્ઞાતિ કે ધર્મમાં લગ્ન કરેલ હોવાથી તેઓ જે ઘરમાં લગ્ન કરીને આવે છે ત્યાનું વાતાવરણ પોતાના મૂળકુટુંબ કરતા અલગ પ્રકારનું હોય છે. આના પરિણામે કેટલીક પરિસ્થિતિમાં મતભેદ થતા જોવા મળે છે. આવા મતભેદો માટે કયા કારણો જવાબદાર છે તે સંબંધી માહિતી પ્રાપ્ત કરવાના પ્રયત્ન કરેલા છે. તેમાં નીચેની વિગતો પ્રાપ્ત થઈ છે.

## કોષ્ટક નં. ૫.૨૦ (B)
## "મતભેદો થવા માટે જવાબદાર કારણો"

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | અંગત કારણો | ૧૦ | ૨૩% |
| ૨ | આર્થિક | ૦૫ | ૧૧% |
| ૩ | કૌટુંમ્બિક | ૦૯ | ૨૦% |
| ૪ | સામાજીક | – | – |
| ૫ | મનોવૈજ્ઞાનિક | – | – |
| ૬ | ધાર્મિક | ૧૦ | ૨૩% |
| ૭ | શારીરિક | – | – |
| ૮ | આરોગ્ય | ૧૦ | ૨૩% |
| ૯ | અન્ય | – | – |
| કુલ | | ૪૪ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં જાણવા મળે છે કે ૧૦ ઉત્તરદાતાઓ (૨૩%) ઉત્તરદાતાઓને પોતાના અંગત કારણોસર મતભેદો થાય છે. જ્યારે ૫ ઉત્તરદાતાઓ (૧૧%) ઉત્તરદાતાઓને આર્થિક કારણોસર મતભેદ થતા જોવા મળે છે. જ્યારે ૦૯ ઉત્તરદાતાઓ (૨૦%) ઉત્તરદાતાઓને કૌટુંબિક કારણોસર મતભેદ થતા જોવા મળે છે. અહીયા ૧૦ ઉત્તરદાતાઓ (૨૩%) ઉત્તરદાતાઓને ધાર્મિક બાબતમાં મતભેદ થતા જોવા મળે છે. અને ૧૦ ઉત્તરદાતાઓ એવા છે કે જેઓને આરોગ્ય બાબતમાં મતભેદો થતા જોવા મળે છે. જે કુલ એકમના ૨૩% થાય છે.

ઉપરોકત આંકડાકીય માહિતીના આધારે જાણવા મળ્યું છે કે વિભકત કુટુંબમાં રહેતા હોય ત્યાં મતભેદો થવા માટે અંગત કારણો જવાબદાર ગણાવે છે. અહિયા આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન હોવાથી તેમજ સ્વપસંદગીના લગ્ન હોવાથી અહિયા પૈસાને બહુ મહત્વ અપાતુ જોવા મળ્યું નહિ. જયારે આંતર–ધર્મીય લગ્ન હોવાથી બંનેનો ધર્મ અલગ હોવાથી તેમજ બાળક કયો ધર્મ પાળશે ? અથવા પોતાનો ધર્મ શા માટે છોડવો ? અથવા તો ફકત પતિનો જ ધર્મ શા માટે પાળવો ? પોતાની રીતે પોતાનો ધર્મ પાળવાની છૂટ શા માટે ન મળે ? આવા મતભેદોનાં કારણે ૨૩% ઉત્તરદાતાઓએ મતભેદ થવામાં ધાર્મિક કારણ જવાબદાર ગણાવ્યું હતું. જયારે ૨૩% ઉત્તરદાતાઓએ પોતાના પતિનું આરોગ્ય પોતે ન સાચવતા હોય, ખરાબ કુટેવનાં લીધે તેમના આરોગ્ય ઉપર અસર થતી હોય, ખોટી ટેવોના લીધે બાળકોનાં સંસ્કાર બગડતા હોય, અયોગ્ય આરોગ્યને લીધે પોતાને જાતીય સુખ મળવામાં અસંતોષ રહેતો હોય, વિભકત કુટુંબમાં હોવાથી આરોગ્યમાં પાછળ વધારે પૈસા ખર્ચાતા હોય અને પરેજી પાળવામાં બેદરકાર રહેતા હોય, આવા ૨૩% ઉત્તરદાતાઓ વચ્ચે મતભેદ થવા માટે આરોગ્યને જવાબદાર ગણાવ્યું છે. જયાં વિભકત કુટંબ હોય ત્યાં કૌટુંમ્બિક બાબતમાં નહિવત્ મતભેદ જોવા મળે છે.

ઉપરોકત બાબત પરથી જોઈ શકાય છે કે સ્વપસંદગીના લગ્નમાં એકબીજાની ચિંતા એ પણ મતભેદનું કારણ બને છે. અંગત કારણોમાં વ્યકિતનો સ્વભાવ, કુટુંબના સંસ્કાર, વ્યકિતનું શિક્ષણ, વ્યકિતની વિચારશૈલી વગેરે બાબતોને અંગત કારણોમાં ગણવામાં આવે છે. જેના લીધે પણ ૨૩% ઉત્તરદાતાઓને મતભેદો થતા જોવા મળ્યા છે.

### ૫.૨૧ સમાધાનકર્તા કોણ :–

આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર મોટા ભાગે વિભકત કુટુંબમાં રહેતા હોય છે. બંનેની વિચારશૈલી અને જીવન જીવવાની પધ્ધતિ અલગ–અલગ હોય છે. ત્યારે તેમાં મતભેદ થવાની સંભાવના રહે છે. તેવી વખતે તે બંને વચ્ચે ઝઘડો થાય ત્યારે સમાધાન માટે ઉત્તરદાતાઓ કોની મદદ લે છે. તે નીચેની આંકડાકીય બાબત પરથી જાણી શકાય છે.

## કોષ્ટક નં. ૫.૨૧
## ''સમાધાન કરવામાં કોની મદદ લો છો ?''

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | જ્ઞાતિ | – | – |
| ૨ | કુટુંબીઓ | – | – |
| ૩ | મિત્રો | ૦૩ | ૦૭% |
| ૪ | પડોશી | ૦૨ | ૦૪% |
| ૫ | પોલીસ | ૦૩ | ૦૭% |
| ૬ | કોર્ટ | ૦૪ | ૦૯% |
| ૭ | જાતે | ૩૨ | ૭૩% |
| ૮ | અન્ય | – | – |
| કુલ | | ૪૪ | ૧૦૦% |

ઉપરોકત આંકડાકીય માહિતીનાં આધારે જાણી શકાય કે સ્વપસંદગીના લગ્ન હોવાથી સમાધાન કરવામાં જ્ઞાતિ કે કુટંબિઓની મદદ લેતા જોવા મળ્યા નથી. જ્યારે ૩ ઉત્તરદાતાઓએ (૦૭%) સમાધાન કરવામાં મિત્રોની મદદ લીધી હતી. જ્યારે ૨ ઉત્તરદાતાઓએ (૦૪%) પડોશીની મદદ સમાધાન કરવામાં લીધી હતી. જ્યારે ૩ ઉત્તરદાતાઓએ (૦૭%) મિત્રો કે પડોશીથી સમાધાન ન થતા ઘરની બાબતને પોલીસ સુધી પહોંચાડી હતી તેવું જાણવા મળ્યું છે. જ્યારે ૪ ઉત્તરદાતાઓ એવા હતા કે જેઓને પોલીસથી સંતોષ ન થતા પોતાના ઝઘડાને કોર્ટ સુધી લઈ ગયેલા જોવા મળ્યા હતા. જ્યારે ૩૨ ઉત્તરદાતાઓ એટલે કે ૭૩% ઉત્તરદાતાઓ એવા હતા કે જેઓએ જાતે જ સમાધાન કર્યુ હતું.

ઉપરોકત માહિતીનાં આધારે જાણવા મળ્યું કે જે લોકો જિદ્દી હતા, અહમવાદી હતા, શિક્ષણનું પ્રમાણ ઓછું હતું, પોતાની ભુલ સ્વીકારવામાં માનતા ન હતા, તેવા ઉત્તરદાતાઓએ જ સમાધાન કરવામાં મિત્રો, પડોશી, પોલીસ અને કોર્ટનો સહારો લીધેલો જોવા મળ્યો. જેનું પ્રમાણ નહિવત્ ગણાવી શકાય.

મોટા ભાગના ઉત્તરદાતાઓએ સમાધાન કરવામાં અન્યની મદદ મેળવી નથી. તેઓ માનતા કે ઘરની વાત બહાર જાય તો મદદ મળવાને બદલે અન્યની દખલગીરીથી ઝઘડો વધારે વધશે. તેઓ શિક્ષિત હતા. તેઓ માનતા કે ભૂલનો સ્વીકાર કરવો જોઈએ. કોઈ ભૂલ થાય તો ચર્ચા કરીને અથવા પોતાની જાતે ઝઘડાનું વિશ્લેષણ કરીને સમાધાન કરવું જોઈએ. મોટાભાગના ઉત્તરદાતાઓ માનતા કે સ્વપસંદગીના લગ્ન હોવાથી કોઈની મદદ લીધા વિના પોતાનો પ્રશ્ન પોતે જ ઉકેલવો જોઈએ.

## ૫.૨૨ માન, પ્રતિષ્ઠા :–

જ્યારે કોઈપણ વ્યકિત માતા–પિતા કે વડીલોની વિરુધ્ધમાં કે તેમની મંજૂરી સિવાય જીવનસાથીની પસંદગી કરે છે. ત્યારે માનવસહજ સ્વભાવથી વ્યકિત સામેની વ્યકિતનો સ્વીકાર કરતી નથી. પરંતુ સામેનું પાત્ર જ્ઞાતિ, શિક્ષણ, કૌશલ્ય, સ્વભાવ, નોકરી, પસંદગીના ધોરણો, જેવી અનેક બાબતો કે પરિબળોને કારણે તે વ્યકિતનો સ્વીકાર થતો હોય છે. તેનું કુટુંબમાં માન વધતું હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓને બીજી જ્ઞાતિમાંથી આવો છો તેથી માન મળે છે કે કેમ ? તે નીચેની આંકડાકીય બાબતો પરથી જાણી શકાય છે.

**કોષ્ટક નં. ૫.૨૨**

**"બીજી જ્ઞાતિમાંથી આવો છો માટે માન મળે છે ?"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૯૯ | ૭૯% |
| ૨ | ના | ૨૬ | ૨૧% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકનાં આધારે કહી શકાય કે બીજી જ્ઞાતિમાંથી આવતા ૯૯ ઉત્તરદાતાઓને (૭૯%) માન મળે છે. જ્યારે ૨૬ ઉત્તરદાતાઓ (૨૧%) એવા છે કે જેને માન મળતું નથી.

અહિંયા જે ૭૯% ઉત્તરદાતાઓને માન મળે છે. તેમાં જાણવા મળ્યું કે તેની પાછળ અનેક કારણો જવાબદાર હતા. જેવા કે ઉત્તરદાતા ઉચ્ચ જ્ઞાતિમાંથી આવતા હતા, વધારે ભણેલા હતા, આર્થિક રીતે સધ્ધર હતા, સ્વભાવ સારો હતો, તેઓનાં કુટુંબમાં અન્ય જ્ઞાતિમાં લગ્ન કરેલા હતા.

જ્યારે કુટુંબમાં માન ન મળનાર એટલે ૨૬ ઉત્તરદાતાઓ એવા (૨૧%) હતા. જેઓ નીચી જ્ઞાતિમાંથી આવતા હતા, વધારે શિક્ષણ ન હતું, આર્થિક રીતે સધ્ધર ન હતા, તેમજ ધર્મ અલગ હોવા, જેવા અનેક કારણો જાણવા મળેલા હતા.

**કોષ્ટક નં. ૫.૨૨**

**"કેવું માન મળે છે ?"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | સાધારણ | ૪૦ | ૪૦% |
| ૨ | સારું | ૩૫ | ૩૫% |
| ૩ | ખુબ સારું | ૨૪ | ૨૫% |
| કુલ | | ૯૯ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે કહી શકાય કે ૪૦ ઉત્તરદાતાઓ (૪૦%) બીજી જ્ઞાતિમાંથી આવતા હોવાથી સાધારણ માન મળતું હતું, જ્યારે ૩૫ ઉત્તરદાતાઓ (૩૫%) એવા હતા કે જેઓને સારું માન મળતું હતું. જ્યારે ૨૪ ઉત્તરદાતાઓ (૨૫%) ઉત્તરદાતાઓને ખૂબ જ સારું માન મળતું હતું. જ્યારે ઉત્તરદાતાને પૂછવામાં આવ્યું કે કુટુંબમાં કે જ્ઞાતિમાં શા માટે તેઓને માન આપવામાં આવે છે કે તમારો સ્વીકાર થયો છે ત્યારે તેના પ્રત્યુત્તરમાં ઉત્તરદાતાઓએ જે જણાવ્યું તે મુજબ પુત્રની ઈચ્છા.

જે કુટુંબોમાં શિક્ષણનું ઉંચું પ્રમાણ હતું તેવા કુટુંબીઓ ઉત્તરદાતાને સારું માન આપતા હતા. જ્યારે જે કુટુંબમાં ઉત્તરદાતાઓને લક્ષ્મી તરીકે સ્વીકારવામાં આવતી, જ્યાં જ્ઞાતિનાં બંધનમાં જડતા ન હતી. તેમજ ઉત્તરદાતા ઉચ્ચ કુટુંબમાંથી, જ્ઞાતિમાંથી આવતા હતા, શિક્ષિત હતા, તેવા ઉત્તરદાતાઓને કુટુંબમાં તેમજ જ્ઞાતિમાં ખૂબ જ સારું માન મળતું જોવા મળ્યું હતું.

### ૫.૨૩ પતિ પાસેની અપેક્ષા :–

પ્રસ્તુત અભ્યાસમાં સ્વપસંદગીના લગ્ન હોવાથી અને પોતાના પતિને જીવનસાથી માનતા હોવાથી ઉત્તરદાતા પોતાના પતિ પાસે કેવા પ્રકારની અપેક્ષાઓ રાખે છે. તે નીચેની આંકડાકીય બાબતો પરથી જાણી શકાય છે.

**કોષ્ટક નં. ૫.૨૩**

**"તમે તમારા પતિ પાસે કેવા પ્રકારની અપેક્ષાઓ રાખો છો ?"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ગૃહ કાર્યમાં મદદરૂપ થાય | ૪૫ | ૧૭% |
| ૨ | ખરીદીમાં મદદરૂપ થાય | ૧૨ | ૦૫% |
| ૩ | બાળઉછેરમાં મદદરૂપ થાય | ૧૮ | ૦૭% |
| ૪ | વડીલોની સેવામાં મદદ કરે | ૩૦ | ૧૧% |
| ૫ | જવાબદારી તમારી પર છોડી દે | ૦૨ | ૦૧% |
| ૬ | બધી જ જવાબદારી પોતે સંભાળે | ૪૦ | ૧૫% |
| ૭ | તમને ખુશ કરવા હરવા–ફરવા લઈ જાય | ૧૫ | ૦૬% |
| ૮ | તમારું સ્વમાન જાળવે | ૧૦૨ | ૩૯% |
| ૯ | અન્ય | – | – |
| કુલ | | ૨૬૪ | ૧૦૦% |




ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં જણાય છે કે ગૃહકાર્યમાં મદદરૂપ થાય તેવી અપેક્ષા રાખતા ઉત્તરદાતાઓ ૪૫ (૧૭%) હતા. જ્યારે ખરીદીમાં મદદરૂપ થાય તેવી અપેક્ષા રાખનાર ૧૨ (૦૫%) ઉત્તરદાતાઓ હતા. બાળઉછેરમાં મદદરૂપ થાય તેવી અપેક્ષા રાખનાર ૧૮ (૦૭%) ઉત્તરદાતા હતા. વડીલોની સેવામાં મદદ કરે તેવા ૩૦ (૧૧%) ઉત્તરદાતાઓ પતિ પાસે અપેક્ષા રાખતા હતા. બધી જ જવાબદારી તમારી પર છોડી દે એવા ૨ (૦૧%) ઉત્તરદાતાના પતિ હતા. જ્યારે બધી જ જવાબદારી પોતે સંભાળી લે તેવા ૪૦ (૧૫%) ઉત્તરદાતાઓ હતા. જ્યારે તમને હરવા–ફરવા લઈ જાય તેવી અપેક્ષા રાખનાર ૧૫ (૦૬%) ઉત્તરદાતા હતા. જ્યારે પતિ પાસે કોઈ અપેક્ષા ન રાખતા ફકત તેમનું સ્વમાન જાળવે તેવા ૧૦૨ (૩૯%) ઉત્તરદાતાઓ હતા.

ઉપરોકત માહિતીના આધારે કહી શકાય કે દરેક ઉત્તરદાતા પોતાના પતિ પાસે મર્યાદિત અપેક્ષાઓ રાખતા હતા. પરંતુ દરેકની એક અપેક્ષા જોવા મળી કે તેમના પતિ તેમનું સ્વમાન જાળવે અને જાહેરમાં અપમાન ન કરે. બીજું વિભકત કુટુંબ હોવાથી સમય અને સંજોગો પ્રમાણે ગૃહકાર્યમાં મદદરૂપ બને અને જરૂર પડે વડીલોની સેવામાં મદદ રૂપ થાય.

જ્યારે ૧૫% ઉત્તરદાતાઓ એવા મળ્યા કે જેઓ બધી જ જવાબદારી સંભાળવા તૈયાર હતા. પોતાના પતિ પાસે સ્વમાન રાખે તે સિવાય કોઈ અપેક્ષા રાખવા માંગતા નહિ. આ પ્રકારના લગ્નો સ્વપસંદગીના લગ્નો હોવાથી પતિ–પત્ની વચ્ચેના સંબંધો આધિપત્યના સંબંધો નહિ, પરંતુ મિત્રતાના સબંધો હોવાનું માને છે. તેથી બંન્ને જણ પરસ્પર પ્રેમ અને આદરથી રહેવાનું પસંદ કરે છે. પતિ કોઈ પણ બાબતમાં વર્ચસ્વ ન લઈ આવે પરંતુ સમજાવટથી રહે એવી અપેક્ષાઓ ઉત્તરદાતાઓ રાખતા જોવા મળ્યા છે.

## ૫.૨૪ કુટુંબ નિયોજન અંગેની માન્યતા :–

આ વિભાગમાં કુટુંબ સંબંધી માહિતી પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરેલા છે. તેથી કુટુંબ નિયોજન સંબંધી પણ માહિતી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરેલો છે. ભારત અતિ વસતી ધરાવતો દેશ છે. વિશ્વમાં વસ્તીની દષ્ટિએ ચીન પછી ભારત બીજું સ્થાન ધરાવે છે. સરકાર દ્વારા

જન્મદર ઘટાડવા માટે ઝુંબેશ ચલાવવામાં આવે છે. સ્વતંત્રતા બાદ પ્રથમ પંચવર્ષીય યોજનાથી જ સરકાર દ્વારા વસ્તી ઘટાડવા માટેના અનેક કાર્યક્રમો, નીતિઓ ઘડવામાં આવી છે અને વિવિધ અભિગમો દ્વારા આરોગ્ય જાળવણી, રોગો પરના નિયંત્રણો, કુટુંબ કલ્યાણ અને કુટુંબ નિયોજનના કાર્યક્રમો આપવામાં આવે છે. છતાં પણ હજુ આપણે આપણા લક્ષ્યાંકો પ્રાપ્ત કરી શકયા નથી. અહી ઉત્તરદાતાઓ શિક્ષિત છે અને પુખ્ત ઉંમરે લગ્ન કરેલા છે તો તેઓ કુટુંબ નિયોજન સંબંધી કેવા અભિપ્રાયો ધરાવે છે તે માટે માહિતી એકત્ર કરવામાં આવેલી છે.

**કોષ્ટક નં. ૫.૨૪**

**"કુટુંબ નિયોજનમાં માનો છો"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૨૩ | ૯૮% |
| ૨ | ના | ૦૨ | ૦૨% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |




પ્રાપ્ત માહિતી અનુસાર જાણવા મળે છે કે ૧૨૩ ઉત્તરદાતા એટલે ૯૮% થાય છે. જે કુટુંબ નિયોજનમાં માને છે. જ્યારે ૦૨ ઉત્તરદાતા એટલે ૦૨% માનતા નથી.

આ લગ્નો સ્વપસંદગીના લગ્નો છે. અને ઉત્તરદાતાઓએ પુખ્ત ઉંમરે લગ્ન કરેલા છે. તેમજ ઉત્તરદાતાઓ શિક્ષિત છે. તેથી તેઓના બાળકો સંબંધી અને બાળઉછેર સંબંધી ચોક્કસ વલણો જોવા મળ્યા હતા. બાળકને એક જવાબદારી તરીકે સ્વીકારે છે. બાળકના ઉછેર તરફ જાગૃત છે. આ ઉપરાંત સ્વપસંદગીના લગ્ન હોવાથી બાળકના ઉછેરની જવાબદારી પણ મોટેભાગે સ્ત્રીઓ એકલા ઉપર આવે છે. વડીલ સભ્યો મદદરૂપ બનતા નથી. આમ વિવિધ કારણોસર ઓછા બાળકોમાં એટલે કે કુટુંબ નિયોજનમાં માનતા હતા.

બાળક વિશેનો નિર્ણય દંપતિ જાતે લેતા હતા. તેથી પુત્ર જન્મનો મોહ પણ જોવા મળ તો નહિ. પુત્રની રાહમાં વધુ પુત્રીઓને જન્મ આપ્યો હોય તેવું જાણવા મળ્યું નથી. કુટુંબ

નિયોજનના કાર્યક્રમને બનાવવા માટે સરકાર દ્વારા કુટુંબ નિયોજનની વિવિધ પધ્ધતિઓ શોધેલ છે. ગાંધીજીના મતે બ્રહ્મચર્ય અને સ્વનિયંત્રણ એ કુટુંબ નિયોજન માટેની શ્રેષ્ઠ પધ્ધતિ છે. વિશ્વમાં વૈશ્વીકરણ અને સંચાર માધ્યમોના પ્રચાર, નવા નવા સંશોધનોને કારણે અનેક નવી પધ્ધતિઓ શોધાય છે. જેના દ્વારા કુટુંબ નિયોજન દ્વારા વસ્તી નિયંત્રિત કરવામાં આવે છે.

કુટુંબ નિયોજનની પ્રાપ્ય જુદી–જુદી પધ્ધતિઓમાંથી દરેક દંપતિ પોતાને અનુકુળ આવે તેવી પધ્ધતિઓ અપનાવતા હતા. જે સંબંધી આંકડાકીય માહિતી નીચે પ્રમાણે છે.

## કોષ્ટક નં. ૨૪ (A)
## ''કુટુંબ નિયોજનમાં કંઈ પધ્ધતિ અપનાવો છો''

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | લૂપ | ૨૪ | ૨૦% |
| ૨ | ઓપરેશન | ૦૮ | ૦૭% |
| ૩ | નિરોધ | ૩૩ | ૨૭% |
| ૪ | દવા | ૨૨ | ૧૮% |
| ૫ | અન્ય | ૩૬ | ૨૮% |
| કુલ | | ૧૨૩ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકના આધારે જાણી શકાય કે લૂપ મૂકાવનાર ૨૪ (૨૦%) ઉત્તરદાતા હતા. જ્યારે ઓપરેશન કરાવનાર ૮ (૦૭%) ઉત્તરદાતા છે. જ્યારે નિરોધનો ઉપયોગ કરનાર ૩૩ (૨૭%) ઉત્તરદાતા છે. જ્યારે દવાનો ઉપયોગ કરનાર ૨૨ (૧૮%) ઉત્તરદાતા છે. જ્યારે અન્ય રીતે કુટુંબ નિયોજન કરનાર ૩૬ (૨૮%) ઉત્તરદાતા છે.

આ માહિતીના આધારે કહી શકાય કે મોટાભાગના લૂપ અથવા તો નિરોધ પધ્ધતિને કુટુંબ નિયોજનની પધ્ધતિ તરીકે વધારે સ્વીકારે છે. નિરોધનો ઉપયોગ કરવા માટે જરૂરી મોકળાશવાળા મકાનો હોવા જરૂરી છે. જે ઉત્તરદાતાઓ પાસે આવી સગવડ હતી. તેઓ નિરોધનો કુટુંબ નિયોજનની પધ્ધતિ તરીકે ઉપયોગ કરતા હતા. નિરોધ વધુ વિશ્વસનીય નથી, તેથી કેટલાક ઉત્તરદાતાઓ લૂપ ને વધુ મહત્વની માને છે. કારણ કે લુપ એક વખત હોસ્પીટલમાં મૂકાવ્યા પછી કોઈ કાળજી લેવાની જરૂર રહેતી નથી. જ્યારે નિરોધમાં ઉપયોગ કરવા છતાં પણ કોઈકવાર પ્રેગ્નન્સી રહેવાતી શકયતાઓ છે. આવી પરિસ્થિતિમાં દાંપત્યજીવનમાં ભંગાણ પડે અથવા તો અનિચ્છનીય બાળકની જવાબદારી સ્વીકારવી પડે તેટલા માટે જે સ્ત્રીઓ પોતાની જાત વિશે વધુ સભાન હતા, પોતાની જરૂરીયાત અને સલામતી રાખવા ઈચ્છતા હતા, તેવા ઉત્તરદાતાઓ લૂપને પ્રાધાન્ય આપતા જોવા મળ્યા. જે દંપતિઓને અમુક સમયના અંતરે બાળક પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તેઓ આ પધ્ધતિનો ઉપયોગ કરતાં હતાં.

જેઓને એક કે બે બાળક હોય અને હવે બાળક જોઈતું ન હતું. તેવા દંપતિઓએ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવેલું હતું. કેટલાક દવાઓના ઉપયોગ દ્વારા પણ બાળકના

જન્મને અટકાવવાના પ્રયત્ન કરતા હોય તેવું જાણવા મળ્યું છે. ખાસ કરીને દવાઓનો ઉપયોગ લગ્ન પછી તુરંત જ કરવામાં આવતો હતો. કેટલાક ઉત્તરદાતા એવી માન્યતા ધરાવતા હતા કે દવાના ઉપયોગથી કાયમી બાળક પ્રાપ્ત ન થાય. આવી સ્ત્રીઓ અપોરેશનના વિકલ્પ તરીકે દવા સ્વીકારતા હતા.

કુદરતી પધ્ધતિના આધારે પણ કુટુંબ નિયોજન સ્વીકારતા હોય તેવા ઉત્તરદાતાઓ પણ છે. જેઓ સંયમ, બ્રહ્મચર્ય અને તૂટક સંભોગનો આશરો લેતા હતા. માત્ર ૨ ઉત્તરદાતાઓ કુટુંબ નિયોજનમાં માનતા ન હતા. તેમની ઉપર ધાર્મિક, સામાજીક વિચારોનો પ્રભાવ જોવા મળ્યો હતો. અહિ એવું પણ જોવા મળ્યું છે કે સ્વપસંદગીના લગ્નો હોવાથી ઝડપથી કુટુંબ નિયોજન અપનાવવા ઈચ્છતા ન હતા.

સમગ્ર માહિતીના આધારે કહી શકાય કે જન્મદર ઘટાડવો એ રાષ્ટ્રીય ચળવળ છે. જન્મદર ઘટાડવા માટે પરિવર્તનના પરિબળ તરીકે શિક્ષણ અને શહેરીકરણ ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે. તેની અસર અહિં જોઈ શકાય છે. આ ઉત્તરદાતાઓ શિક્ષિત છે તેમજ શહેરોમાં વસવાટ કરે છે. મોટા ભાગના ઉત્તરદાતાઓ કુટુંબ નિયોજનમાં માને છે.

## ૫.૨૫ બાળકોને જાતિય શિક્ષણ અંગેની માન્યતા :–

વર્તમાન સમયમાં બાળકોના જાતિય શોષણની સમસ્યા સમાજમાં જોવા મળે છે. અને તેઓ માને છે બાળકોને જાતિય શિક્ષણ આપવું જોઈએ, પરંતુ આપણા સમાજમાં જાતિય બાબતોને ગુપ્ત ગણવામાં આવે છે. તેથી આવા શિક્ષણને સમાજ ઝડપથી સ્વીકારતો નથી. આ સંબંધી માહિતી પ્રાપ્ત કરવા પ્રસ્તુત શોધ નિબંધમાં પ્રશ્ન પૂછવામાં આવેલો તે સંબંધે નીચે પ્રમાણે માહિતી પ્રાપ્ત થઈ છે.

**કોષ્ટક નં. ૫.૨૫**

**"બાળકોના અભ્યાસક્રમમાં જાતિય શિક્ષણનું જ્ઞાન"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૨ | ૧૦% |
| ૨ | ના | ૧૧૩ | ૯૦% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત માહિતીને આધારે જાણી શકાય કે પોતાના બાળકોના અભ્યાસક્રમમાં જાતિય શિક્ષણનું જ્ઞાન છે તેવા ૧૨ ઉત્તરદાતાઓ (૧૦%) છે. જ્યારે ૧૧૩ ઉત્તરદાતાઓ (૯૦%) ના ઉત્તરદાતાઓના બાળકોના અભ્યાસક્રમમાં જાતિય શિક્ષણનું જ્ઞાન નથી. અને માતા–પિતા પણ ઈચ્છતા નથી.

આના આધારે કહી શકાય કે સમાજના સામાન્ય પ્રવાહની જેમ અહિંયા પણ મા, બાપ પોતાનું બાળક જાતિય શિક્ષણથી સભાન બને તેવું ઈચ્છતા નથી.

સમાજમાં જાતિય શોષણ સંબંધી કિસ્સાઓ વધતા જાય છે. તેથી મા–બાપ એવું ઈચ્છતા થયા છે કે યોગ્ય ઉંમરે બાળકોને જાતિય શિક્ષણ સંબંધી જ્ઞાન હોવું જોઈએ. લગ્ન

પહેલાં આ જ્ઞાન પ્રાપ્ત થાય તેવું જરૂરી માને છે કે નહિ તે સંબંધી માહિતીમાં નીચેની બાબતો જાણવા મળી છે.

## કોષ્ટક નં. ૫.૨૫ (A)

## ''લગ્નજીવન પહેલાં તમારા બાળકોને જાતિય જ્ઞાન મળે તેમ તમે ઈચ્છો છો''

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૧૭ | ૯૪% |
| ૨ | ના | ૦૮ | ૦૬% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત માહિતીના આધારે કહી શકાય કે સમાજમાં જાતિય શોષણના કિસ્સાઓ દિન–પ્રતિદિન વધતા જાય છે. વર્તમાન પત્રો અને સંચાર માધ્યમો દ્વારા આ માહિતી લોકો સુધી પહોંચે છે. આ ઉત્તરદાતાઓ શિક્ષિત છે. તેથી તેઓ આ માહિતી પ્રાપ્ત કરતા થયા છે. તેથી તેઓ એવું ઈચ્છે છે કે યોગ્ય ઉંમરે બાળકોને જાતિય શિક્ષણનું જ્ઞાન આપવું જરૂરી છે.

જ્યારે ૮ ઉત્તરદાતાઓ જેઓ રૂઢિવાદી વિચારસરણીમાં માનતા હતા. તેઓ જાતિયજીવનને ગુપ્ત બાબત તરીકે ઓળખાવે છે. અને તેમનું માનવું છે કે આ સંબંધ બાબત લગ્ન પહેલાં બાળકને કોઈપણ પ્રકારની માહિતી આપી શકાય નહિ. આવું જ્ઞાન બાળકમાં કુદરતી રીતે આપોઆપ આવી જાય છે. તેવી તેમની માન્યતા હતી. ધર્મમાં જાતિય જીવનને નીતિમત્તા સાથે સાંકળવામાં આવેલું છે. એટલે જો આ બાબતની ચર્ચા કરવામાં આવે તો નૈતિક મૂલ્યોનું પતન થાય તેવું માનતા હતા.

## કોષ્ટક નં. ૫.૨૫ (B)

## ''જાતિય શિક્ષણનું જ્ઞાન શા માટે આપવા ઈચ્છો છો''

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | લગ્ન જીવનની સફળતા માટે | ૪૫ | ૩૮% |
| ૨ | ખોટી શંકાઓથી બચવા માટે | ૭૨ | ૬૨% |
| કુલ | | ૧૧૭ | ૧૦૦% |

જાતિય જીવનનું જ્ઞાન પ્રાપ્ત કરવા પાછળ મુખ્યત્વે બે ધ્યેય હોય છે. લગ્નજીવનની સફળતા અને ખોટી શંકાઓથી બચવું. આ બાબતોને નજર સમક્ષ રાખીને માહિતી પ્રાપ્ત કરતા જાણવા મળ્યું છે કે લગ્નજીવનની સફળતા માટે જાતિય જ્ઞાન હોવું જરૂરી છે તેવું ૪૫ (૩૮%) ઉત્તરદાતાઓ માનતા હતા. જ્યારે બાળક ખોટી શંકાઓથી બચી શકે તે માટે આવું જ્ઞાન જરૂરી છે તેવું ૭૨ (૬૨%) ઉત્તરદાતાઓ માનતા હતા.

આમ જો બાળક પાસે જાતિય જીવન સંબંધી જ્ઞાન હોય તો તે જાતિય શોષણથી બચી શકે. તેમજ ખોટી શંકાઓનો ભોગ ન બને. HIV / AIDS જેવા રોગોથી બચી શકે. આમ

બાળકની સલામતિ માટે બાળકને આવું શિક્ષણ આપવું જરૂરી છે તેમ માનવાવાળા ઉત્તરદાતાનું પ્રમાણ વધારે છે.

### ૫.૨૬ બાળકોને જીવનસાથીની પસંદગીમાં સ્વતંત્રતા :–

પ્રસ્તુત શોધ નિબંધમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર ઉત્તરદાતાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. વ્યકિત સ્વપસંદગી દ્વારા લગ્ન કરે છે પરંતુ ત્યાર બાદ તેમના જીવનસંઘર્ષના અનુભવો તથા સમાજવ્યવસ્થા સંબંધી સમાજમાં પ્રવર્તતા ધોરણો, મૂલ્યો અને પરિવર્તનના સંદર્ભમાં તેઓ તેમના પોતાના સંતાનોના લગ્ન કયાં, કેવી રીતે, કોની પસંદગીથી કરવા ઈચ્છે છે ? તેઓ પોતાના સંતાનોનાં લગ્નસંબંધી શું મંતવ્ય ધરાવે છે તે અંગેની માહિતી પ્રાપ્ત કરવાના પ્રયત્ન કરેલા છે. જેમાં નીચે પ્રમાણેની વિગતો જાણવા મળી છે.

**કોષ્ટક નં. ૩૧**

**''બાળકોને જીવનસાથીની પસંદગીમાં સ્વતંત્રતા''**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૨૦ | ૯૬% |
| ૨ | ના | ૦૫ | ૦૪% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત માહિતીના આધારે જાણવા મળે છે કે ૧૨૦ (૯૬%) ઉત્તરદાતાઓ માને છે કે બાળકને જીવનસાથીની પસંદગીમાં સ્વતંત્રતા પ્રાપ્ત થવી જોઈએ. જ્યારે ૫ ઉત્તરદાતા એટલે કે ૦૪% માને છે કે બાળકને જીવનસાથીની પસંદગીમાં સ્વતંત્રતા આપવી જોઈએ નહિ.

પ્રસ્તુત શોધનિબંધ આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓની અનુકુલનની સમસ્યા અંગેનો છે. આવા લગ્નો સ્વપસંદગીના લગ્નો છે. તેથી તેઓ પોતાના સંતાનોના લગ્નસંબંધી એવું મંતવ્ય ધરાવે છે કે તેઓને જીવનસાથીની પસંદગીની સ્વતંત્રતા હોવી જોઈએ. કારણ કે આ વિચારસરણીમાં તેઓ પહેલેથી માનતા હોય છે. સાથોસાથ પતિ–પત્નીની જ્ઞાતિ અને ધર્મ અલગ–અલગ હોવાથી સંતાનોને કંઈ જ્ઞાતિ કે ધર્મમાં લગ્ન કરવા માર્ગદર્શન આપવું તે પ્રશ્ન હોય છે. સાથોસાથ જો તેઓ સ્વતંત્રતાનો વિરોધ કરે તો સમાજમાં વર્તન અને વ્યવહાર વચ્ચે દ્વિમુખી ધોરણો ખુલ્લા પડે. તેથી પણ સંતાનોને સ્વતંત્રતા આપવા ઈચ્છતા હતા. જ્યારે જે ઉત્તરદાતાએ ના પાડી છે તેઓ પોતાના લગ્નજીવનથી અસંતુષ્ટ હતા અથવા તો અન્ય ધર્મના બંધનો તેમને વિકાસમાં અવરોધરૂપ બનતા હતા. તેથી તેઓ માનતા હતા કે પોતાની જ્ઞાતિ કે ધર્મમાં જ લગ્ન કરવા જોઈએ. વડીલોની પસંદગીથી જીવનસાથીની પસંદગી કરવી જોઈએ.

### ૫.૨૭ બાળકોનું ધર્મપાલન :–

ધર્મ એ માનવજીવનનું મહત્વનું પાસું છે. વ્યકિતનું જીવન ધર્મના આધારે જીવાય છે. તેના આધારે સામાજીક દરજ્જાઓ પ્રાપ્ત થાય છે. વિકાસ અને વંચીતતા પ્રાપ્ત થાય છે. અહિં કેટલાક ઉત્તરદાતાઓનો અને તેમના પતિનો ધર્મ અલગ–અલગ છે તેથી બાળક કયો ધર્મ

પાળે તે સંબંધી માહિતી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરેલો છે.

**કોષ્ટક નં. ૫.૨૭**

**''બાળકો કયો ધર્મ પાળે''**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | તમારો | ૦૫ | ૦૪% |
| ૨ | પતિનો | ૩૯ | ૩૧% |
| ૩ | બંન્નેનો | ૭૫ | ૬૦% |
| ૪ | અન્ય | ૦૬ | ૦૫% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત માહિતીના આધારે જાણવા મળ્યું છે કે ઉત્તરદાતાનો પોતાનો ધર્મ પાળનાર ૫ (૦૪%) ઉત્તરદાતાના બાળકો છે. જ્યારે પતિનો ધર્મ પાળનાર ૩૯ (૩૧%) ઉત્તરદાતાના બાળકો છે. જ્યારે બંન્નેનો ધર્મ પાળનાર ઉત્તરદાતાના બાળકો ૭૫ (૬૦%) છે. જ્યારે અન્ય ધર્મ પાળનાર ૬ (૦૫%) ઉત્તરદાતાના બાળકો છે.

ઉપરોકત માહિતીના આધારે કહી શકાય કે ભારતીય સમાજ પુરૂષ પ્રધાન સમાજ છે. બાળકને જન્મ પછી પિતાનું નામ અને અટક પ્રાપ્ત થાય છે. તેથી બાળકે પિતાનો ધર્મ પાળવો જોઈએ તેવું જોવા મળે છે. જે આજે પણ સમાજમાં પુરુષોનું વર્ચસ્વ બતાવે છે. બાળકના ઉછેરની જવાબદારી માતાની છે. તેથી માતા એવું ઈચ્છે છે કે પોતાનું બાળક પોતાના ધર્મને પણ માનની દષ્ટિથી જુએ. અને પિતાના ધર્મની સાથોસાથ માતાનો ધર્મ પણ અપનાવે.

જ્યારે જે ઘરમાં ધર્મને મહત્વનો ગણવામાં આવતો ન હતો. ત્યાં બાળકને પોતાની ઈચ્છા અનુસાર ધર્મ પાળવાની સ્વતંત્રતા આપવામાં આવતી હતી.

### ૫.૨૮ બાળકના લગ્ન અંગેના અવરોધ સંબંધી માન્યતા :–

પ્રસ્તુત શોધ નિબંધમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓનો અભ્યાસ કરવામાં આવેલો છે. આવા લગ્નો હજુ પણ સમાજ માન્ય લગ્નો બનેલા નથી. સમાજ તેના તરફ સહિષ્ણું બની તેને સ્વીકારતો થયો છે, પરંતુ આવા લગ્નોને અલગ દષ્ટિકોણથી જોવામાં આવે છે. તેથી તેમના બાળકોના લગ્નમાં અવરોધ આવશે કે નહિ તે સંબંધી માહિતી પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરેલા છે. તે વિશે આ પ્રમાણે માહિતી પ્રાપ્ત થઈ છે.

**કોષ્ટક નં. ૫.૨૮**

**''બાળકના લગ્ન માટે અવરોધ''**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૦ | ૦૮% |
| ૨ | ના | ૧૧૫ | ૯૨% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત આંકડાકીય માહિતીના આધારે જાણી શકાય છે કે ૧૦ (૦૮%) ઉત્તરદાતા એવા જોવા મળ્યા કે તેઓ માનતા હતા કે પોતાના આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નથી પોતાના બાળકોના લગ્નની ગોઠવણીમાં અવરોધ આવશે.

જ્યારે ૧૧૫ (૯૨%) ઉત્તરદાતાઓ એવા હતા કે પોતાના લગ્નની અસર પોતાના બાળકોના લગ્નની ગોઠવણી કરવામાં અવરોધરૂપ બનશે નહિ એવું માનતા જોવા મળ્યા છે.

આના આધારે કહી શકાય કે સમાજ ધીમે–ધીમે આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન સ્વીકારતો થયો છે. આવા લગ્નો સફળ લગ્ન તરીકે સ્થાન પ્રાપ્ત કરતા જાય છે. તેથી ભવિષ્યમાં સમાજમાં આવા લગ્નો સમાજમાન્ય લગ્નો બનશે અને બાળકોના લગ્નમાં અવરોધ આવશે નહિ તેવું ઉત્તરદાતાઓ માને છે.

## ૫.૨૯ બાળકના લગ્નની જ્ઞાતિ / ધર્મ અંગેની માન્યતા :–

પ્રસ્તુત શોધ નિબંધમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. અહિંયા પતિ–પત્ની અલગ–અલગ જ્ઞાતિના છે તો તેઓ પોતાના બાળકોના લગ્ન કંઈ જ્ઞાતિમાં કરવા ઈચ્છે છે તે સંબંધી માહિતી પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરેલા છે. જેમાં નીચે મુજબની માહિતી પ્રાપ્ત થઈ છે.

**કોષ્ટક નં. ૫.૨૯**

**"બાળકના લગ્ન કઈ જ્ઞાતિ / ધર્મમાં કરશો ?"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | તમારી | ૧૨ | ૧૦% |
| ૨ | પતિની | ૦૬ | ૦૫% |
| ૩ | ઉચ્ચજ્ઞાતિમાં | ૧૩ | ૧૦% |
| ૪ | તેની ઈચ્છા મુજબ | ૯૪ | ૭૫% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત આંકડાકીય માહિતીના આધારે જાણી શકાય છે કે પોતાની જ્ઞાતિમાં લગ્ન ઈચ્છતા ૧૨ (૧૦%) ઉત્તરદાતાઓ હતા. જ્યારે પતિની જ્ઞાતિમાં બાળકોના લગ્ન થાય તેવું ઈચ્છનાર ૬ (૦૫%) ઉત્તરદાતા હતા. જ્યારે પોતાના બાળકોના લગ્ન ઉચ્ચજ્ઞાતિમાં થાય તેવું ઈચ્છનાર ૧૩ (૧૦%) ઉત્તરદાતા છે. જ્યારે તેની ઈચ્છા મુજબ લગ્ન કરે તેવું માનનારા ૯૪ (૭૫%) ઉત્તરદાતા હતા.

આમ ઉપરોકત કોષ્ટકમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર જાણવા મળ્યું છે કે ઉત્તરદાતાઓએ પોતે જ સ્વપસંદગીથી લગ્ન કરેલા છે. એટલે પોતાના બાળકો પણ સ્વેચ્છાએ જ્ઞાતિ કે ધર્મના બંધન વગર લગ્ન કરે તેવું ઈચ્છતા હતા. આમ સમાજમાં શિક્ષિત મા–બાપો સ્વપસંદગીના લગ્નને સ્વીકારતા થયા છે તેમ કહી શકાય. ૧૨ ઉત્તરદાતાઓ એવું ઈચ્છે છે કે પોતાનું બાળક માતાની જ્ઞાતિમાં લગ્ન કરે. ભારતીય સમાજમાં જ્ઞાતિ સંસ્થા જીવનનો એક

ભાગ બની ગઈ હોય છે. ખોરાક, પોશાક, રહેણીકરણી વિગેરે ઉપર જ્ઞાતિની અસર હોય છે. આ અસર જીવનભર રહે છે. એટલે સ્ત્રીઓ એવું ઈચ્છે છે કે પોતાનું બાળક પોતાની જ્ઞાતિમાં જ લગ્ન કરે. જ્યારે પતિની જ્ઞાતિમાં લગ્ન કરે તેવું ઈચ્છનાર ઉત્તરદાતાઓની સંખ્યા ૬ (૦૫%) જોવા મળેલ છે. આ બતાવે છે કે આપણો સમાજ પુરૂષ પ્રધાન સમાજ છે. બાળકોએ પોતાના પિતાની જ્ઞાતિ અને ધર્મને અનુસરવા જોઈએ તેવું એક વલણ જોવા મળે છે. બાળકો આવું વર્તન કરે તે પરંપરાગત વિચારસરણીની અસર ગણાવી શકાય. બાળકો જ્યારે સ્વપસંદગીના લગ્ન ઈચ્છતા હોય ત્યારે પોતાનાથી તેમજ પતિની જ્ઞાતિથી ઉચ્ચ જ્ઞાતિમાં લગ્ન કરે તેવું પણ ૧૩ (૧૦%) ઉત્તરદાતઓનું મંતવ્ય જાણવા મળ્યું હતું. આમ ૨૫% ઉત્તરદાતાઓ હજુ પણ જ્ઞાતિના મહત્વને સ્વીકારે છે. જે દર્શાવે છે કે હજુ પણ જ્ઞાતિ સંસ્થા સમાજમાં મહત્વ ધરાવે છે.

### ૫.૩૦ પતિની જ્ઞાતિમાં તમારા કુટુંબનું માન :–

ભારતીય સમાજમાં લગ્ન દ્વારા સ્ત્રીના દરજ્જામાં પરિવર્તન આવે છે. તેને પોતાના પતિનો આર્થિક, સામાજીક દરજ્જો પ્રાપ્ત થાય છે. તેથી અહિં આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્નના આધારે જ્ઞાતિમાં કે કુટુંબના સ્થાનમાં કોઈ પરિવર્તન આવ્યું છે કે નહિ તે જાણવા પ્રયત્ન કરેલો છે. તે સંદર્ભે આ પ્રમાણે માહિતી પ્રાપ્ત થઈ છે.

**કોષ્ટક નં. ૫.૩૦**

**''પતિની જ્ઞાતિમાં તમારા કુટુંબનું માન કેવું રહ્યું''**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | વધી ગયું | ૩૫ | ૨૮% |
| ૨ | ઘટી ગયું | ૨૬ | ૨૧% |
| ૩ | કોઈ ફેર પડયો નહીં | ૬૪ | ૫૧% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત આંકડાકીય માહિતીના આધારે કહી શકાય કે ૩૫ ઉત્તરદાતાનું કુટુંબનું માન તેમની જ્ઞાતિમાં વધી ગયું એટલે કે ૨૮% છે. જ્યારે ૨૬ ઉત્તરદાતાનું કુટુંબનું માન તેમની જ્ઞાતિમાં ઘટી ગયું એટલે કે ૨૧% છે. જ્યારે ૬૪ ઉત્તરદાતાનાં કુટુંબનાં માનમાં તેમની જ્ઞાતિમાં કોઈ ફેર પડયો નહીં એટલે કે ૫૧% છે.

પ્રાપ્ત માહિતીના આધારે જાણવા મળે છે કે લગ્ન દ્વારા કુટુંબના સ્થાનમાં પરિવર્તન આવતું હોય તેવું નોંધપાત્ર રીતે જોવા મળતું નથી.

જ્યારે ઉચ્ચ જ્ઞાતિની સ્ત્રી નિમ્ન જ્ઞાતિમાં લગ્ન કરે તો તેમના કુટુંબનું સ્થાન ઊંચું જાય છે. અહિંયા નિમ્ન જ્ઞાતિની સ્ત્રી ઉચ્ચ જ્ઞાતિમાં લગ્ન કરે તો તેમનું સ્થાન નીચું જાય છે. કારણ કે આપણા સમાજમાં સ્ત્રીઓનું સ્થાન પતિના સ્થાનની સાથે સંકળાયેલું રહે છે.

### ૫.૩૧ ઉપસંહાર :–

પ્રસ્તુત પ્રકરણમાં લગ્ન અને લગ્ન અંગેની સમસ્યા સંબંધી ચર્ચા કરવામાં આવેલી છે. પ્રાપ્ત થયેલી ગુણાત્મક અને સંખ્યાત્મક માહિતીને આધારે જાણવા મળે છે કે આંતર–જ્ઞાતિય લગ્ન અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓમાં કોઈ વિશેષ સમસ્યાઓ જોવા મળતી નથી. પરંતુ સ્ત્રીના લગ્નજીવનમાં જોવા મળે છે, જેવી કે કૌટુંબિક સમસ્યાઓ, જેવી કે બાળકોના પ્રશ્ન, ખર્ચ, ખરીદી સંબંધી પ્રશ્નો તેમજ ઘરની વ્યવસ્થા સંબંધી પ્રશ્નો ઊભા થતા જોવા મળે છે. આવા પ્રશ્નોનું સમાધાન પણ સ્ત્રીએ પોતે અથવા પતિ સાથે ચર્ચાઓ કરીને કરેલ છે.

જ્યારે ધાર્મિક બાબતો સંબંધી જાણવા મળે છે કે જ્યારે જુદા–જુદા ધર્મના સભ્યો લગ્નગ્રંથીથી જોડાય છે, ત્યારે ત્યાં ખોરાક, પોશાક, ભાષા, ધર્મ સંબંધી ભિન્નતાઓ છે તેથી વધુ પ્રશ્નો ઊભા થાય છે. પરંતુ જ્યાં આવી ભિન્નતાઓ જોવા મળતી નથી. ત્યાં પ્રશ્નોનું પ્રમાણ નહિવત છે. આવા પ્રશ્નોથી સ્ત્રીઓમાં કયારેક અસંતોષ ઊભો થતો જોવા મળે છે. તેઓ માનસિક રોગનો ભોગ પણ બને છે. કેટલાકને લગ્નજીવન તરફ નફરતની ભાવના ઉત્પન્ન થાય છે. આવી સ્થિતિમાં સ્ત્રીની પરિસ્થિતિ ઘણી જ દયનીય બને છે. કારણ કે તેમના લગ્ન સ્વપસંદગીના હોય છે. તેથી પોતાના પ્રશ્નો અંગે કોઈને કશું જણાવી શકતી નથી.

કેટલીક વખત પ્રેમ અને લાગણીના આવેગમાં જો નિર્ણય લીધો હોય તો લગ્નના અમુક સમય પછી આર્થિક પ્રશ્નો ઊભા થતા પણ જોવા મળે છે. જો કે આર્થિક પ્રશ્નો આયોજીત લગ્નમાં પણ જોવા મળે છે. એટલે તેને વિશેષ પરિણામ ગણાવી શકાય નહિ.

આમ સમગ્ર ચર્ચાના આધારે કહી શકાય કે લગ્ન કે લગ્નસંબંધી કોઈ વિશેષ સમસ્યાઓ જોવા મળતી નથી.

# પ્રકરણ – ૬

## ગૃહસંચાલન અને જીવનશૈલી


૬.૧ પ્રસ્તાવના

૬.૨ ગૃહસંચાલન

૬.૨.૧ ઔપચારિક શિક્ષણ

૬.૨.૨ ગૃહવ્યવસ્થાની મુશ્કેલીઓ

૬.૨.૩ ગૃહવ્યવસ્થાના અવરોધક પરિબળો

૬.૨.૪ ગૃહવ્યવસ્થાના પ્રકાર

૬.૨.૫ કામ કરવામાં મળતી મદદ

૬.૨.૬ નાણાંકીય બજેટ

૬.૨.૭ નિર્ણયની પ્રક્રિયા

૬.૨.૮ સમય, શકિતની બચત અને નવરાશની પ્રવૃત્તિ

૬.૩ જીવનશૈલી

૬.૩.૧ ધ્યેયો અને મૂલ્યો

૬.૩.૨ ઘરની રચના અને સુવિધા

૬.૩.૩ અનાજ–કઠોળની સાચવણી

૬.૪ ઉપસંહાર

# પ્રકરણ – ૬
# ગૃહસંચાલન અને જીવનશૈલી

## ૬.૧ પ્રસ્તાવના :–

પ્રસ્તુત અભ્યાસના આ પ્રકરણમાં ગૃહવ્યવસ્થાના સંદર્ભમાં વિવિધ પ્રશ્નો અંગે ઉત્તરદાતાઓ પાસેથી માહિતી મેળવેલ છે. ઉત્તરદાતાની ગૃહવ્યવસ્થા વિષે માહિતી જાણવાનો પ્રસ્તુત પ્રકરણમાં પ્રયાસ કરવામાં આવેલ છે. આ પ્રકરણમાં ઉત્તરદાતા એ ગૃહવ્યવસ્થાનું ઔપચારિક શિક્ષણ મેળવેલ છે કે નહિ, તેના વિષે તેની સમજ કેવી છે તે સમજવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. આંતર–ધર્મીય કે આંતર–જ્ઞાતિય લગ્ન કરેલ હોય તો ગૃહવ્યવસ્થા અને ગૃહસંચાલનમાં મુશ્કેલી પડે છે ? અને આ મુશ્કેલી કયાં પ્રકારની છે, પહેરવેશમાં, રિવાજોમાં, ધર્મમાં, ખાનપાનમાં, રહેણીકરણી કે ગૃહવ્યવસ્થા કરવામાં અન્ય કયાં પરિબળો અવરોધરૂપ બને છે, ગૃહવ્યવસ્થા કેવા પ્રકારની છે, ઉત્તરદાતા આયોજન કરે છે તો કંઈ બાબતનું આયોજન કરે છે, નાણાંનું, સમયનું, શકિતનું વિગેરે. આ ઉપરાંત ગૃહકાર્ય જાતે કરો છો કે કોઈની મદદ મેળવો છો, મેળવો છો તો, મદદ મેળવતા હોય તો કાયમી મેળવો છો કે પ્રસંગોપાત, ઘરમાં બજેટ બનાવો છો કે નહિ, એ બજેટનો સમયગાળો કેટલો છે. વિગેરે પ્રશ્નોના જવાબ મેળવવામાં આવેલ છે. બજેટ બનાવતા હોય તો આકસ્મિક ખર્ચ માટે બજેટમાં જોગવાઈ રાખો છો કે કેમ ? જો બચત થતી હોય તો બચતનો શેમાં ઉપયોગ કરો છો અને તે ઉપયોગ વિશેના વિવિધ પાસાંઓની ચર્ચા કરવામાં આવેલ છે. બચતનો ઉપયોગ રોકાણ, કયાં અને કેટલું કરવું તે કોણ નક્કી કરે છે, ઉત્તરદાતા કે ઘરના સભ્યો સાથે મળીને. કુટુંબના મૂલ્યો અને ધોરણો કોણ નક્કી કરે છે તે બાબતનો સમાવેશ પ્રસ્તુત અભ્યાસમાં કરવામાં આવેલ છે. કુટુંબના ધ્યેયને પરિપૂર્ણ કરવા માટે તમે શું પ્રયત્ન કરો છો, કુટુંબના મૂલ્ય કે ધ્યેયને કારણે કુટુંબમાં સંઘર્ષ થાય છે કે કેમ ? તે પણ જાણવાનો પ્રયાસ કરેલ છે. ઉત્તરદાતા પોતાનો વધારાનો સમય કેવી રીતે પસાર કરે છે, અને તે સમયનો ઉપયોગ કેવી રીતે કરે છે, તે અંગેની માહિતી મેળવવમાં આવેલ છે. ઘરમાં સમય શકિત બચે તેવા સાધનો છે કે નહિ ? સાધનો દ્વારા સમય શકિત બચાવો છો કે નહિ, સાધનો સિવાય નોકર, ઘરના સભ્યો કે મિત્રોની મદદ મેળવો છો કે નહિ, તે બાબત પણ જાણવામાં આવેલ છે. ઘર પોતાનું છે કે ભાડાનું અને ઘર વિશેની વિવિધ માહિતીઓ મેળવવામાં આવેલ છે.

ઉત્તરદાતા જ્યારે ઘરમાં રહે છે ત્યારે તેનો સૌથી વધારે સમય રસોડામાં પસાર થાય છે અને તે માટે રસોડાની બાંધણી કેવા પ્રકારની છે, તેમાં હવા ઉજાસ પૂરતા છે, કામમાં અનુકુળતા રહે છે, કંટાળો આવતો નથી અને સ્ફુર્તિ રહે છે તેમજ રસોડાની બાજુમાં કોઠાર રૂમ હોય તો ગૃહિણીનો સમય અને શકિત બંન્ને બચે છે. રસોડામાં પાણીની યોગ્ય નિકાલ વ્યવસ્થા હોય તો મચ્છર કે જીવાત થતી નથી. અને જો રસોડાના પાણીનો ઉપયોગ કરવામાં આવે તો કીચનગાર્ડન પણ બનાવી શકાય છે. એવું પણ બની શકે કે મર્યાદિત કુટુંબને નિભાવી શકાય તેટલું શાકભાજી પણ મળી શકે છે. ઘરમાં કયા પ્રકારનું ફર્નિચર છે, તેના પરથી ફર્નિચર આધુનિક છે કે જૂનું છે તેનો ખ્યાલ આવે છે. ઘરમાં ખોરાક સંબંધિત વસ્તુઓ સીઝન

પ્રમાણે ભરે છે કે માસિક લાવે છે. આ ઉપરાંત પાપડ, અથાણાં, સોસ જેવી વસ્તુઓ ઘરે બનાવે છે, તૈયાર લાવે છે તે સ્વરૂપના પણ પ્રશ્નો કરીને ઉત્તરદાતા પાસેથી માહિતી મેળવવામાં આવેલ છે.

## ૬.૨ ગૃહસંચાલન

પ્રસ્તાવનામાં દર્શાવ્યા પ્રમાણે આ પ્રકરણએ ગૃહસંચાલન અને તેની જવાબદારીના સંદર્ભમાં વિવિધ પાસાઓની ચર્ચા કરવામાં આવી છે. જેમાં આ પ્રકરણને બે વિભાગમાં વહેંચવામાં આવ્યું છે. એક ગૃહસંચાલન કે જેમાં શિક્ષણ, ગૃહસંચાલનની મુશ્કેલીઓ, આયોજન, સહાયકકર્તા, બજેટ, બચત, નિર્ણયો તથા ધ્યેયો અને મૂલ્યો અને સમય, શકિતના બચવાના સાધનો અને તેના ઉપયોગ વિશેની માહિતીની ચર્ચા કરવામાં આવી છે. જ્યારે બીજા વિભાગમાં જીવનશૈલીની ચર્ચા કરી છે.

આ વિભાગમાં હવે આપણે ગૃહસંચાલન સાથે સંબંધિત વિવિધ પાસાઓની કોષ્ટકની મદદ દ્વારા વિસ્તૃત છણાવટ અને વિશ્લેષણ કરીશુ.

આ અભ્યાસમાં "ગૃહવ્યવસ્થાના ઔપચારિક શિક્ષણ વિષેની માહિતી મેળવેલ છે કે કેમ તે દર્શાવતું વર્ગીકરણ કરવામાં આવેલ છે. વર્તમાન સમયમાં ગૃહવિજ્ઞાન વિષયનું અને ગૃહવિજ્ઞાન વિષયની સામાન્ય માહિતીનું મહત્વ વધતું જાય છે. ઘરમાં કેન્દ્ર સ્થાને ગૃહિણી રહેલ હોય છે. આજના સમયમાં ગૃહિણીએ ઘરની તેમજ ઘર બહારની જવાબદારીઓ અદા કરવાની હોય છે. ગૃહિણીએ સમય, શકિત અને નાણાંનું આયોજન કરવું પડે છે. આ આયોજનથી જ ગૃહવ્યવસ્થા સારી રીતે કરી શકાય છે."

### ૬.૨.૧ ઔપચારિક શિક્ષણ :–

‘‘ગૃહવ્યવસ્થાને કૌટુંબિક જીવનનું વહીવટી પાસું કહી શકાય. જેમાં માનસિક અને શારીરિક કાર્યો થાય છે. કુટુંબમાં સાધન, સંપતિને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેવામાં આવે છે. અને તે નિર્ણયનું પાલન કરવા માટે યોગ્ય આયોજન કરવામાં આવે છે.’’[૧] આયોજન યોગ્ય રીતે કરવું હોય તો ગૃહવ્યવસ્થાનું ઔપચારિક જ્ઞાન મદદરૂપ બની રહે છે.

અભ્યાસમાં ઉત્તરદાતાઓએ ગૃહસંચાલન અંગેનું ઔપચારિક શિક્ષણ મેળેવેલ છે કે કેમ તે માટે પ્રશ્ન પૂછવામાં આવતા ઔપચારિક શિક્ષણ અંગે અને તેના પ્રમાણના સંદર્ભમાં નીચે પ્રમાણેની માહિતી પ્રાપ્ત થયેલ છે.

**કોષ્ટક નં. ૬.૨.૧**

**‘‘ઔપચારિક શિક્ષણ દર્શાવતું કોષ્ટક’’**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૨૮ | ૨૨% |
| ૨ | ના | ૯૭ | ૭૮% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

## કોષ્ટક નં. ૬.૨.૧ (A)
## "ગૃહવ્યવસ્થાનું ઔપચારિક શિક્ષણ શેમાં મેળવેલું છે તે દર્શાવતું કોષ્ટક"

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ડીગ્રી | ૧૪ | ૫૦% |
| ૨ | ડીપ્લોમાં | ૧૦ | ૩૬% |
| ૩ | સર્ટીફિકેટ | ૦૪ | ૧૪% |
| કુલ | | ૨૮ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટકમાં ૧૨૫ ઉત્તરદાતામાંથી ૨૮ (૨૨%) ઉત્તરદાતાઓએ ઔપચારિક ગૃહવ્યવસ્થા વિષેનું શિક્ષણ મેળવેલ છે. જ્યારે બાકીના ૯૭ (૭૮%) ઉત્તરદાતાઓએ ગૃહવ્યવસ્થા વિષેનું ઔપચારિક જ્ઞાન મેળવેલ નથી. તેમના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે તેમને ગૃહવિજ્ઞાન વિષય વિશે માહિતી ન હતી. અમુક ઉત્તરદાતાઓ ગ્રામીણ વિસ્તારોમાં રહેતા હોવાથી પોતાની શાળા કે કોલેજમાં આ વિષય ન હતો. આમ છતાં પણ ગૃહવ્યવસ્થા વિશેની અનઔપચારિક માહિતી તેમણે કુટુંબની સમાજીકરણની પ્રક્રિયા દ્વારા મેળવેલ હતી. પરંતુ તેમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનો સમાવેશ થયેલો ન હતો.

અભ્યાસમાં ગૃહવ્યવસ્થાની સમજ વિશે પ્રશ્નનો સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ તે દર્શાવતું વર્ગીકરણ આ પ્રશ્નની ચર્ચામાં જે ઉત્તરદાતાઓએ ઔપચારિક શિક્ષણ મેળવેલું હતું. તેમણે ગૃહવ્યવસ્થા એટલે "વ્યકિત પોતાના રસ અને રૂચિ પ્રમાણે ઈચ્છાઓમાંથી ઉત્પન્ન થયેલ મૂલ્યો, ધોરણ અને ધ્યેય પ્રાપ્ત કરવા જરૂરી નિર્ણયો લઈ પોતાની શકિતઓના ઉપયોગ દ્વારા આયોજન, નિયોજન અને મૂલ્યાંકન કરે તે સતત ચાલતી પ્રક્રિયા છે."[૨] ગૃહવ્યવસ્થાની પ્રક્રિયા એટલે ધ્યેય પ્રાપ્તિ સુધી પહોંચવાનો પ્રયત્ન. ગૃહવ્યવસ્થાનું માધ્યમ વ્યકિતની જીવન જરૂરિયાત ગણાવી શકાય. રહેઠાણ, ખોરાક, કપડાં, શિક્ષણ, શોખ અને મનોરંજન વિગેરે જરૂરિયાતો માટે વ્યકિતને આયોજન કરવાનું હોય છે. આ સમગ્ર આયોજનની પ્રક્રિયાને ગૃહવ્યવસ્થાની પ્રક્રિયા તરીકે ઓળખી શકાય છે.

અનૌપચારિક શિક્ષણમાં કોઈ આયોજન, પધ્ધતિ અપનાવવામાં આવતી નથી. પરંતુ દરેક કુટુંબની કાર્ય કરવાની પધ્ધતિ અલગ હોય છે અને તે પધ્ધતિ કુટુંબની વ્યકિતમાં સાહજીક પ્રક્રિયાના ભાગરૂપે વ્યકિત શીખે છે. તેમાં વ્યાપક પરિવર્તનને કોઈ અવકાશ હોતો નથી. તેઓની ગૃહવ્યવસ્થામાં બજેટ, સમય, શકિત અને નાણાંના આયોજનનો સમાવેશ થાય છે. સમય અને શકિત બચે તેવા સાધનો આવી શકે અને તે બચાવેલા સમયનો કોઈ આનંદ–પ્રમોદ માટે કે ધાર્મિક કાર્યમાં વાપરી શકાય તે સ્વરૂપની કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી. આ ઉત્તરદાતાના સંદર્ભમાં ગૃહવ્યવસ્થા એટલે ઘરની સફાઈ, ધોલાઈ અને રસોઈ સિવાય વધારે કોઈ પણ ખ્યાલ સ્પષ્ટ દેખાયો નહિ.

## ૬.૨.૨ ગૃહવ્યવસ્થાના સંદર્ભમાં મુશ્કેલી :–

સ્ત્રી જ્યારે લગ્ન પોતાની જ્ઞાતિમાં જ કરે છે ત્યારે તેને ગૃહવ્યવસ્થામાં મુશ્કેલીઓ ઓછી પડે છે. પરંતુ જ્યારે અન્ય જ્ઞાતિ કે ધર્મમાં લગ્ન કરે છે ત્યારે તેમની જીવનશૈલી, રીતભાત અલગ હોવાથી અનેક મુશ્કેલીઓ સર્જાતી હોય છે ત્યારે અભ્યાસના સંદર્ભમાં ઉત્તરદાતાને ગૃહવ્યવસ્થા કરવામાં મુશ્કેલીના સંદર્ભમાં સવાલ કરવામાં આવેલ છે.

આ પ્રશ્નના ઉત્તરમાં ઉત્તરદાતાઓએ આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલાં હતા. આ સ્વરૂપના લગ્નમાં પોતાની જ્ઞાતિની સમકક્ષ જ્ઞાતિ હોય તેવા ઉત્તરદાતાઓને ગૃહવ્યવસ્થામાં વધારે મુશ્કેલી પડતી નહિ, પરંતુ જે ઉત્તરદાતાઓ ચોક્કસ ધર્મ પાળતા હોય, રીત રિવાજમાં રૂઢીગત હોય અને રહેણીકરણીમાં મુશ્કેલી અનુભવાતી હોય, સાથોસાથ જે લોકોના આહારમાં નોનવેજ ન હોય અને નોનવેજ ખાતા વ્યકિત કે જ્ઞાતિના માણસ સાથે લગ્ન કરેલાં હતાં. તેઓને ખાનપાનમાં પણ મુશ્કેલી પડતી જોવા મળેલ છે.

**કોષ્ટક નં. ૬.૨.૨**

**"ગૃહવ્યવસ્થામાં મુશ્કેલી દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૪ | ૧૧% |
| ૨ | ના | ૧૧૧ | ૮૯% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |



**કોષ્ટક નં. ૬.૨.૨ (A)**

**"કેવા પ્રકારની મુશ્કેલી દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પહેરવેશ | ૦૦ | ૦૦% |
| ૨ | રિવાજ | ૦૦ | ૦૦% |
| ૩ | ધર્મ | ૦૪ | ૨૯% |
| ૪ | રહેણીકરણી | ૦૬ | ૪૨% |
| ૫ | ખાનપાન | ૦૪ | ૨૯% |
| ૬ | અન્ય | ૦૦ | ૦૦% |
| કુલ | | ૧૪ | ૧૦૦% |

સંજોગોવસાત્ ઉત્તરદાતાએ નોનવેજ ખોરાક કુટુંબના અન્ય સભ્યોને બનાવી દેવો પડતો હતો. તેમજ પોતાના બાળકોને પણ તેઓ નોનવેજ ખાવાની ના પાડી શકતા નહિ. જે ઉત્તરદાતાઓ નોકરીયાત કુટુંબના હતા અને વેપારીવર્ગમાં લગ્ન કર્યા હતા. તેની રહેણીકરણીમાં પણ મહદઅંશે તફાવત જોવા મળતો હતો. આંતર–ધર્મીય લગ્નોમાં પતિના ધર્મનું વ્યાપક વર્ચસ્વ જોવા મળતું હતું. પત્નીને ધર્મ પાળવો હોય તો પોતાના પૂરતો પાળવાની આંશીક છૂટ જોવા મળતી હતી. પરંતુ મોટેભાગે ઉત્તરદાતાએ પતિનો ધર્મ સ્વીકારેલો જોવા મળે છે. ગૃહવ્યવસ્થામાં મુશ્કેલી અનુભવો છો તેમાં ૧૨૫ ઉત્તરદાતામાંથી ૧૪ ઉત્તરદાતાઓ મુશ્કેલી અનુભવે છે. ૧૧૧ ઉત્તરદાતાઓ મુશ્કેલી અનુભવતા નથી. આ પ્રકારની લગ્નવ્યવસ્થામાં વિશેષતઃ પત્નીનું હકારાત્મક વલણ જોવા મળેલ છે. આ પ્રકારના લગ્નમાં પ્રારંભમાં મુશ્કેલી પડતી હતી પરંતુ કુટુંબના સભ્યોનો સહકાર અને પ્રેમ મળવાથી ખાસ કોઈ તકલીફ કે મુશ્કેલી જણાતી નથી. પ્રારંભના ગાળામાં રહેણીકરણી, જીવનશૈલી અને ખાનપાનમાં મુશ્કેલી જેવું અનુભવાતું હતું.

જે ૧૪ ઉત્તરદાતાઓ મુશ્કેલી અનુભવે છે. તેમાં ૪ ઉત્તરદાતાઓ ધર્મમાં તેમજ ૬ ઉત્તરદાતાઓ રહેણીકરણી અને ૪ ઉત્તરદાતાઓ ખાનપાનમાં મુશ્કેલી અનુભવે છે. તેવું જોવા મળ્યું છે. જો કે અભ્યાસના સંદર્ભમાં ૧૪ ઉત્તરદાતાઓની મુશ્કેલી નહિવત ગણાય. કે જે સામાન્ય દંપતિઓમાં પણ જોવા મળેતી હોય છે.

### ૬.૨.૩ ગૃહવ્યવસ્થાના અવરોધરૂપ પરિબળો :–

ગૃહવ્યવસ્થા સાથે અનેક પરિબળો સંકળાયેલા છે. અભ્યાસના સંદર્ભમાં આ પરિબળોમાં જ્ઞાતિ, ધર્મ, રિવાજ, આર્થિક પરિસ્થિતિ, કુટુંબના સભ્યોની સંખ્યા, કુટુંબના સભ્યોનો વિરોધ, સ્વતંત્રતાનો અભાવ અને અન્ય પરિબળનો સમાવેશ થાય છે. ગૃહવ્યવસ્થામાં કયાં પરિબળો અવરોધરૂપ બને છે તે બાબતની ચર્ચા પ્રસ્તુત અભ્યાસમાં કરવામાં આવેલ છે. જે અંગે નીચે પ્રમાણેની માહિતી પ્રાપ્ત થયેલ છે.

**કોષ્ટક નં. ૬.૪**

**"ગૃહવ્યવસ્થાના અવરોધક પરિબળો દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | જ્ઞાતિ | ૦૩ | ૦૨% |
| ૨ | ધર્મ | ૦૬ | ૦૪% |
| ૩ | રિવાજ | ૩૩ | ૨૪% |
| ૪ | આર્થિક પરિસ્થિતિ | ૩૬ | ૨૮% |
| ૫ | કુટુંબના સભ્યોની સંખ્યા | ૦૩ | ૦૨% |
| ૬ | કુટુંબના સભ્યોનો વિરોધ | ૧૮ | ૧૩% |
| ૭ | સ્વતંત્રતાનો અભાવ | ૦૪ | ૦૩% |
| ૮ | અન્ય | ૩૨ | ૨૪% |
| કુલ | | ૧૩૫ | ૧૦૦% |




ઉપરોકત કોષ્ટકના અભ્યાસ પ્રમાણે જાણવા મળ્યું કે ૩૩ ઉત્તરદાતાઓ કુટુંબના રિવાજને લીધે ગૃહવ્યવસ્થા કરવામાં મુશ્કેલી અનુભવે છે. જેમ કે કુટુંબની આર્થિક પરિસ્થિતિ સારી હોય કે ન હોય પરંતુ પોતાના કુટુંબનો આદર સમાજમાં જળવાઈ રહે તે માટે દિકરીના લગ્ન પાછળનો ખર્ચ, મરણ પાછળનો ખર્ચ વિગેરે રિવાજને કુટુંબ દ્વારા કરવા જ પડતા જોવા મળે છે. તે ઉપરાંત ઉચ્ચ જ્ઞાતિમાંથી નિમ્ન જ્ઞાતિમાં ગયા હોય તો તેઓ પોતાના રિવાજને ચોક્કસપણે વળગી રહેતાં જોવા મળ્યાં. જ્યારે આર્થિક પરિસ્થિતિના કારણે ૩૬ ઉત્તરદાતાઓને ગૃહવ્યવસ્થા કરવામાં મુશ્કેલી અનુભવાતી જોવા મળેલ છે. આર્થિક પરિસ્થિતિને કારણે ગૃહવ્યવસ્થામાં ડેકોરેશન, બાળકોનો અભ્યાસ, કુટુંબના સભ્યોના મોજશોખ અને આકસ્મિક સમયે પૈસાનો અભાવ વગેરે કારણો જવાબદાર ગણાવ્યા છે. અન્ય પરિબળમાં ઉત્તરદાતાઓને ગૃહવ્યવસ્થા કરવામાં કુટુંબના સભ્યોની નોકરી, ધંધો, સ્વભાવ, કુટુંબના બાળકોની સંખ્યા, કુટુંબમાં વડીલોની સંખ્યા, કુટુંબમાં

ફકત પુરૂષોની સંખ્યા જેવા અનેક પરિબળો ગૃહવ્યવસ્થામાં મુશ્કેલી ઊભી કરતાં જોવા મળ્યાં.

## ૬.૨.૪ ગૃહવ્યવસ્થાનાં પ્રકાર :–

"કોઈ પણ કાર્ય કરતાં પહેલાં તેનું આયોજન કરી લેવું જોઈએ. જેથી કરીને સમય, શકિત અને નાણાંનો વ્યય થાય નહિ. આ આયોજન એ વ્યવસ્થાનું પ્રથમ સોપાન છે. આયોજન એટલે વિચારસરણી દ્વારા ઈચ્છા, ધ્યેયને પહોંચી વળવાનો અનુકુળ માર્ગ."[૩] દરેક ઉત્તરદાતાઓએ પોતાની ગૃહવ્યવસ્થાને આયોજનના સંદર્ભમાં જ લીધેલ છે. આયોજનના વિવિધ પરિબળોમાં ઉત્તરદાતાઓએ ચોક્કસ ક્રમ આપેલ છે. અભ્યાસમાં ગૃહવ્યવસ્થાના પ્રકાર વિશે પ્રશ્નો પૂછવામાં આવેલ છે. જે નીચે મુજબ જોવા મળે છે.

**કોષ્ટક નં. ૬.૫**

**"ગૃહવ્યવસ્થાનો પ્રકાર દર્શાવતું"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | આયોજનપૂર્વક | ૧૨૫ | ૧૦૦% |
| ૨ | આયોજન વગર | ૦૦ | ૦૦% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

**કોષ્ટક નં. ૬.૫.૧**

**"ગૃહવ્યવસ્થાનું આયોજન દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | નાણાંકીય | ૪૨ | ૩૪% |
| ૨ | સામાજીક | ૦૦ | ૦૦% |
| ૩ | સમય | ૪૦ | ૩૨% |
| ૪ | શકિત બચે તેવું | ૪૩ | ૩૪% |
| ૫ | ગૃહવ્યવસ્થાનું | ૦૦ | ૦૦% |
| ૬ | અન્ય | ૦૦ | ૦૦% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપર્યુકત બંન્ને કોષ્ટકમાં સમય અને નાણાંનું આયોજન એ સમાજના દરેક પરિવારની આવશ્યકતા છે. જે બાબત અભ્યાસમાં પણ જોવા મળેલ છે.

સામાન્ય રીતે દરેક ઉત્તરદાતા ગૃહવ્યવસ્થા આયોજનપૂર્વક કરતા હતા. પરંતુ આયોજનની કોઈ પણ સ્વરૂપની વિશેષ નોંધ રાખતા નહિ અને માત્ર સમયસર કામ કરીએ છીએ તેને તેઓ આયોજન માનતા હતા. ૪૨ ઉત્તરદાતાઓ નાણાંનું આયોજન કરતાં જોવા મળેલ છે. તેઓનું માનવું હતું કે નાણાંનું આયોજન કરવાથી બચત થઈ શકે છે અને આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે બચત કરેલાં નાણાંનો ઉપયોગ કરી શકાય છે. જ્યારે ૪૦ ઉત્તરદાતાઓ સમયનું આયોજન કરતા હતા. તેઓ માનતા હતા કે સમયનું આયોજન કરવાથી

વધારાનો સમય મેળવી શકાય છે. તેમજ દરેક કાર્યને યોગ્ય રીતે પૂરતો સમય મળી રહે છે. તેને પરિણામે ગૃહવ્યવસ્થામાં યોગ્ય રીતે શકિત અને સમય સરખા પ્રમાણમાં વપરાશ થાય છે અને તે રીતે યોજના ઘડી શકાય છે. આ પ્રકારના આયોજનમાં ઉત્તરદાતાઓ માને છે કે આરામ અને મનોરંજનને પણ તેમાં સ્થાન હોવું જોઈએ. ઉત્તરદાતાઓ એવું માનતા હતા કે સમયનું યોગ્ય આયોજન કરવાથી ગૃહકાર્યમાં થાક કે કંટાળો ઉદ્દભવતો નથી.

૪૩ ઉત્તરદાતાઓ શકિત બચાવે તેવું આયોજન કરતા હતા. કારણ કે તેઓ ઘરમાં અને ઘરની બહાર કામ કરતાં હોવાથી સમય અને શકિત બચે સાથોસાથ તેનો મહત્તમ ઉપયોગ થાય તેવા સાધનોનો તેઓ ઉપયોગ કરે છે તેઓ ઓછા સમયમાં વધારે સારી રીતે ગૃહવ્યવસ્થા કરી શકાય તે સ્વરૂપના આયોજન કરવામાં માનતા હતા.

### ૬.૨.૫ આયોજનપૂર્વક કામ કરવામાં મળતી મદદ :–

ગૃહસંચાલનમાં કોઈ એક વ્યકિત દ્વારા શકય બનતુ નથી. એકબીજાના સાથસહકારથી ગૃહવ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ છે. ઉપર્યુકત ૬.૩૯ કે જે ગૃહવ્યવસ્થા સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવેલ છે. તેને અનુષાંગિક આયોજનના સંદર્ભમાં પ્રશ્ન કરવામાં આવેલ છે કે આયોજનપૂર્વક કાર્યો કરવામાં કોઈની મદદ લો છો અને જો મદદ લેતા હોય તો કોની મદદ લેવામાં આવે છે. જેની માહિતી નીચે મુજબના કોષ્ટક પ્રમાણે આપેલ છે.

**કોષ્ટક નં. ૬.૬**

**"આયોજનપૂર્વક કામ કરવામાં મદદ દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૮૩ | ૬૬% |
| ૨ | ના | ૪૨ | ૩૪% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

**કોષ્ટક નં. ૬.૭**

**"કોની મદદ લો છો ? તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પતિ | ૫૬ | ૬૭% |
| ૨ | સંતાનો | ૨૭ | ૩૩% |
| ૩ | સસરા પક્ષના સભ્યો | ૦૦ | ૦૦% |
| ૪ | પિયર પક્ષના સભ્યો | ૦૦ | ૦૦% |
| ૫ | પડોશી | ૦૦ | ૦૦% |
| ૬ | મિત્રો | ૦૦ | ૦૦% |
| ૭ | અન્ય | ૦૦ | ૦૦% |
| કુલ | | ૮૩ | ૧૦૦% |




૮૩ ઉત્તરદાતાઓ આયોજનપૂર્વક કાર્ય કરવામાં અન્યની મદદ લે છે. તેઓનું માનવું છે કે બીજાઓને આપણે પહેલેથી આપણું આયોજન સમજાવવું પડે છે અને તેઓમાંથી ૫૬ ઉત્તરદાતાઓ કાર્યો કરવામાં પતિની મદદ લે છે. વિભકત કુટુંબમાં કામની જવાબદારી વધારે હોય છે અને પતિ સમજુ હોવાથી કાર્યમાં અનુકુળતાએ મદદ કરે છે. ૨૭ ઉત્તરદાતાઓ બાળકોની મદદ લે છે. તેઓનું માનવું છે કે બાળકો પાસેથી કામ લેવાથી બાળકોને કામની આદત પડે છે. અને પોતાના કામમાં મદદરૂપ પણ બની શકે છે.

૪૨ ઉત્તરદાતાઓ પોતાનાં આયોજનપૂર્વક કાર્ય કરવામાં કોઈની મદદ લેતા નથી. તેઓનું માનવું છે કે ફૂરસદના સમયમાં પોતે આયોજનપૂર્વક કાર્યો કરે છે અને તેઓ એવું માને છે કે પોતે આયોજન કરેલું હોવાથી કામ પોતે જ પૂરૂં કરવું જોઈએ. બીજાની મદદ લેવી હોય તો અમુક ચોક્કસ બાબતોની કાળજી રાખવી પડે છે જે નીચે મુજબ છે.

૧) જો આપણે કાર્યોમાં અન્યની મદદ લેવી હોય તો તેને અનુરૂપ આયોજન કરવું પડે છે.

૨) અન્યની કામ કરવાની રીત, પધ્ધતિ સ્વીકારવી પડે છે.

૩) સંજોગોવસાત્ જો સમયસર મદદ ન મળે તો સમગ્ર આયોજન નિષ્ફળ જાય છે.

કાર્યોમાં અન્યની મદદ લેવાથી સમય અને શકિતનો વ્યય થાય છે. આયોજનપૂર્વકના કાર્યો કરવામાં ૪૨ ઉત્તરદાતાઓ કોઈની પણ મદદ લેવામાં માનતા નથી.

## ➪ ગૃહવ્યવસ્થાનાં કેવા કાર્યોમાં મદદ મળે છે :–

અભ્યાસના ગૃહવ્યવસ્થાના કેવા કાર્યોમાં ઉત્તરદાતા મદદ મેળવે છે તે બાબતની ચર્ચા કરવામાં આવેલ છે. જેની માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક નં. ૬.૮**

**"આયોજનપૂર્વક કેવા કાર્યોમાં મદદ લો છો તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | રોજબરોજનાં | ૬૯ | ૪૨% |
| ૨ | પ્રસંગોપાત | ૨૮ | ૧૭% |
| ૩ | સામાજીક પ્રસંગો | ૨૭ | ૧૬% |
| ૪ | તહેવારોમાં | ૨૮ | ૧૭% |
| ૫ | ધાર્મિક કાર્યોમાં | ૧૪ | ૦૮% |
| કુલ | | ૧૬૬ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટક પ્રમાણે ૬૯ ઉત્તરદાતાઓ રોજબરોજના કાર્યોમાં મદદ લે છે. જ્યારે ૨૮ ઉત્તરદાતાઓ પ્રસંગોપાત જ મદદ લેવામાં માને છે. જ્યારે ૨૭ ઉત્તરદાતાઓ સામાજીક પ્રસંગોમાં મદદ લેવાનું માને છે. જ્યારે ૨૮ ઉત્તરદાતાઓ તહેવારોમાં વ્યકિતઓની મદદ લે છે. તેઓનું માનવું છે કે તહેવારોમાં સાથે કામ કરવાથી કામનો ઉત્સાહ જળવાઈ રહે છે. તહેવારોમાં દરેક વ્યકિતને શ્રમનું મૂલ્ય સમજાય તે માટે બધા જ સભ્યો વચ્ચે એક સમજણ ઊભી કરીને તહેવારોમાં કાર્યો કરવા જોઈએ. તેવી પધ્ધતિનો ખ્યાલ આવે છે. જ્યારે ૧૪ ઉત્તરદાતાઓ ધાર્મિક કાર્યોમાં કુટુંબના સભ્યોની મદદ લે છે.

જ્યારે અમુક ઉત્તરદાતાઓ રોજબરોજના તેમજ પ્રસંગોપાત કે ધાર્મિક કાર્યોમાં મદદ લેતા હોય છે. અમુક ઉત્તરદાતાઓ તહેવારો કે સામાજીક પ્રસંગોએ વિશેષ મદદ લેતા હોય છે તેવું અહિ જોવા મળેલ છે. ઉત્તરદાતાઓ રોજબરોજના કાર્યોમાં મદદ નથી લેતા પરંતુ ધાર્મિક પ્રસંગો, સામાજીક કાર્યો કે તહેવારોમાં જરૂરિયાત મુજબ મદદ મેળવતા હોય છે.

**કોષ્ટક નં. ૬.૮.૧**

**"ના તો શા માટે મદદ નથી મળતી ? તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પતિને ન ગમે | ૦૫ | ૧૨% |
| ૨ | સમાજનો ડર | ૧૫ | ૩૬% |
| ૩ | કુટુંબનો રિવાજ | ૧૦ | ૨૪% |
| ૪ | બાળકો નાના હોય | ૦૬ | ૧૪% |
| ૫ | વડીલો ઉંમરલાયક હોય | ૦૬ | ૧૪% |
| કુલ | | ૪૨ | ૧૦૦% |

ઉપર્યુકત ૪૨ ઉત્તરદાતાઓને એક યા બીજા કારણોસર મદદ મળતી નથી. ખાસ કરીને સમાજના ડરથી અને કુટુંબના રિવાજથી તેઓને મદદ મળતી નથી. જ્યારે પતિ સહિત

કુટુંબના અન્ય સભ્યો કામગીરીમાં રોકાયેલા હોવાને કારણે મદદ મળતી નથી. વિવિધ સ્વરૂપના કાર્યોમાં મદદ માટે કોઈ વિશિષ્ટ કારણ નકારાત્મક રીતે જોવા મળતું નથી.

### ૬.૨.૬ નાણાંકીય બજેટ :–

પ્રસ્તુત અભ્યાસના સંદર્ભમાં નાણાકીય બજેટ જેવી બાબતને પણ આવરી લેવામાં આવી છે. કૌટુંમ્બિક બજેટ કુટુંબની અન્ય સમસ્યાઓને સમજવામાં મદદરૂપ બને છે. પરસ્પર વિચાર વિમર્શ કરવાથી કુટુંબના દરેક સભ્યો એક બીજાની માંગ અને જરૂરિયાતને સમજી શકે છે. જો માંગ યોગ્ય ન હોય તો કુટુંબના સભ્યોને સમજાવીને તે માંગને બદલી શકાય છે. કુટુંબના નાણાંનાં ઉપયોગ, મેળવેલી આવક તથા ખર્ચ વિષેનો યોગ્ય દ્રષ્ટિકોણ બજેટના ઘડતરને કારણે ઉદ્દભવે છે. કુટુંબનું બજેટ બનાવતી વખતે કુટુંબના દરેક સભ્યોનો સહયોગ અનિવાર્ય બને છે.

**કોષ્ટક નં. ૬.૯**

**''બજેટ બનાવવામાં આવે છે તે દર્શાવતું કોષ્ટક''**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૯૧ | ૭૩% |
| ૨ | ના | ૩૪ | ૨૭% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

**કોષ્ટક નં. ૬.૧૦**

**''બજેટ કોણ બનાવે છે તે દર્શાવતું કોષ્ટક''**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ઉત્તરદાતા | ૧૪ | ૧૫% |
| ૨ | પતિ | ૦૦ | ૦૦% |
| ૩ | બંન્ને મળીને | ૭૦ | ૭૭% |
| ૪ | ઘરના વડીલો | ૦૭ | ૦૮% |
| કુલ | | ૯૧ | ૧૦૦% |

૯૧ ઉત્તરદાતાઓ પોતાના ઘરમાં આર્થિક વ્યવસ્થાપન જળવાઈ રહે તે માટે બજેટ બનાવે છે. ૧૪ ઉત્તરદાતાઓ પોતેજ બજેટ બનાવે છે. આ બજેટમાં પોતાની સ્વતંત્ર ભૂમિકા રહેલી હોય છે. તેમાં તેઓ કોઈપણ સભ્યનો સહકાર લેતા નથી. અહિં એક બાબત ઉલ્લેખનીય છે કે આ સ્વરૂપના કુટુંબના સભ્યોની આર્થિક આવક ન હોવાથી પોતે જે કરે તે જ બરાબર છે તેમ માને છે. આ પ્રકારની બાબત સામાન્ય નિરીક્ષણથી જાણવા મળેલ છે.

૭૦ ઉત્તરદાતાઓ સાથે મળીને એટલે કે પતિ અને પત્ની બજેટના ઘડતરમાં સમાન ભૂમિકા અદા કરે છે. પતિ અને પત્ની એકબીજાના વિચારો અને જરૂરિયાતો જાણી સમજીને

બજેટ બનાવે છે. પ્રસ્તુત અભ્યાસમાં વિભકત કુટુંબો વધારે જોવા મળે છે અને આ પ્રકારના કુટુંબોમાં પતિ તેમજ પત્ની બંન્ને નોકરી કરતાં હતા તેવું પણ જોવા મળે છે. જ્યારે ૭ ઉત્તરદાતાઓમાં ઘરના વડીલો બજેટ બનાવતા જોવા મળેલ છે. આ પ્રકારના કુટુંબો મોટેભાગે સંયુકત કુટુંબો તરીકે જોવા મળેલ છે. જે કુટુંબમાં વડીલોની આવક હતી ત્યાં પણ વડીલો બજેટ બનાવતા જોવા મળ્યા છે.

## ➪ બજેટમાં સમયગાળો :–

અભ્યાસમાં બજેટની વ્યવસ્થાના સમયગાળાને પણ ધ્યાનમાં લેવામાં આવેલ છે. સામાન્ય રીતે સંયુકત કુટુંબમાં બજેટ બનાવવા માટે કુટુંબના દરેક સભ્યની આવક અને કુટુંબના ખર્ચને ધ્યાનમાં રાખવામાં આવે છે. જે કુટુંબોમાં પતિ–પત્ની કમાતાં હોય ત્યાં બંન્ને સાથે મળીને બજેટ બનાવે છે. આ અભ્યાસમાં જે કુટુંબોમાં વેપારી વર્ગના ઉત્તરદાતાઓ છે તેઓ વાર્ષિક બજેટ બનાવતા જોવા મળેલ છે. સંક્ષિપ્તમાં બજેટના સમયગાળાનો આધાર કુટુંબની કુલ આર્થિક આવક ઉપર નિર્ધારિત થયેલો છે.

**કોષ્ટક નં. ૬.૧૨**

**“બજેટનો સમયગાળો દર્શાવતું કોષ્ટક”**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | અઠવાડીક | ૧૮ | ૨૦% |
| ૨ | માસિક | ૪૦ | ૪૪% |
| ૩ | વાર્ષિક | ૨૦ | ૨૨% |
| ૪ | પ્રસંગો દરમિયાન | ૧૩ | ૧૪% |
| કુલ | | ૯૧ | ૧૦૦% |

અભ્યાસના ૭૩ ટકા ઉત્તરદાતાઓ કોઈ પણ એક સમયગાળાનું બજેટ બનાવે છે. ઉપરોકત કોઠામાં જે કુટુંબમાં છૂટક મજૂરી કરતા હોય તેવા ૧૮ ઉત્તરદાતાઓ બજેટ બનાવતા હતા અને તેઓ અઠવાડીક બજેટ બનાવતા હતા. જે ઉત્તરદાતા વર્ગ નોકરી કરતો હતો, એટલે કે જેની આવક ફીકસ હતી તેઓ માસિક બજેટ બનાવતા હતા. વેપારી વર્ગના કુટુંબ સાથે સંકડાયેલા ઉત્તરદાતાઓ વાર્ષિક બજેટને પ્રાધાન્ય આપતા હતા. જ્યારે ૧૪ ઉત્તરદાતાઓ પ્રસંગો કે બનાવોને ધ્યાનમાં લઈને બજેટ બનાવતા હતા. અમુક ઉત્તરદાતાઓનું વલણ એવું જોવા મળ્યું કે ઘરમાં આર્થિક ખર્ચનાં વપરાશમાં હિસાબ શું રાખવાનો તેવો પ્રત્યુત્તર પાઠવવામાં આવ્યો હતો. જો કે તેઓએ જણાવ્યું કે અમે બિનજરૂરી ખર્ચામાં માનતા નથી.

## ૬.૪૪ આકસ્મીક બજેટ વ્યવસ્થાપન :–

અભ્યાસમાં બજેટના વિવિધ પાસાંઓના સંદર્ભમાં તેઓ પ્રાથમિક જરૂરિયાત સિવાય આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે જોગવાઈ કરવામાં આવે છે કે નહિ તે અંગે પ્રશ્ન પૂછવામાં આવેલ હતા. આ અગાઉના કોષ્ટક નં. ૭ મુજબ ૯૧ ઉત્તરદાતાઓ બજેટ બનાવે

છે. પરંતુ ૨૧ ઉત્તરદાતાઓ આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે બજેટમાં જોગવાઈ રાખતા નથી. તેઓના જવાબમાં જાણવા મળ્યું કે મર્યાદિત આવક હોવાથી નિયમિત જરૂરિયાત પૂરી થાય છે. જો આકસ્મિક જરૂરિયાતો ઊભી થાય તો તેઓ નીચે દર્શાવેલ વિકલ્પમાંથી આકસ્મિક ખર્ચને પહોંચી વળે છે.

૧) તેઓ જ્યાં નોકરી કરતાં હોય તેમાંથી લોન મેળવે છે.

૨) તેઓ પરિચીત પાસેથી ઉધાર મેળવે છે.

૩) અન્ય વ્યકિતની સહાય લે છે.

તેઓ ઉપર્યુકત કોઈપણ વિકલ્પને અપનાવીને આકસ્મિક ખર્ચને પહોંચી વળે છે. બજેટમાં તેઓ જોગવાઈ રાખે છે કે નહિ તે નીચે મુજબના કોષ્ટક ઉપરથી જોવા મળે છે.

**કોષ્ટક નં. ૬.૧૩**

**"આકસ્મિક બજેટ વ્યવસ્થાપન દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૭૦ | ૭૭% |
| ૨ | ના | ૨૧ | ૨૩% |
| કુલ | | ૯૧ | ૧૦૦% |

૭૦ ઉત્તરદાતાઓ બજેટમાં આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે યોગ્ય જોગવાઈ રાખે છે. તેમનું માનવું હતું કે કોઈ એવા સમયે અન્ય પાસે લાચારી ન કરવી પડે તે માટે આર્થિક વ્યવસ્થાનું આગોતરૂં આયોજન કરવું જરૂરી બની રહે છે. આકસ્મિક સમયે ચોક્કસ રીતે કામ ઉકલી જાય અને વધારાનું વ્યાજ ભરવું પડે નહિ તેવું ઉત્તરદાતાઓનું માનવું હતું. બજેટ બનાવવા પાછળના પણ જે અનેકવિધ પરિબળો રહેલા હતાં, તેમાં આકસ્મિક ખર્ચ પણ મહત્વનું પરિબળ છે.

## ૬.૭ નિર્ણયની પ્રક્રિયા :–

સામાન્ય રીતે કુટુંબના વડા દ્વારા કુટુંબના મહત્વના નિર્ણયો લેવાતા હોય છે. પિતૃસત્તાક કુટુંબમાં કુટુંબનો વડો પુરૂષ હોવાથી સત્તા પુરૂષ પાસે હોવાથી પુરૂષ દ્વારા નિર્ણય લેવામાં આવતા હોય છે જ્યારે માતૃસત્તાક કુટુંબમાં કુટુંબના વડા તરીકે સ્ત્રી હોવાથી સ્ત્રીઓ દ્વારા નિર્ણય લેવામાં આવે છે. અને શિક્ષિત, શહેરી સમુદાયમાં રહેતા કુટુંબોમાં કયારેક કુટુંબની સ્ત્રી અને પુરૂષ બંને ભેગા મળીને નિર્ણયો લેતા હોય છે. પ્રસ્તુત અભ્યાસના સંદર્ભમાં નિર્ણય ઘડતરની પ્રક્રિયાને પણ સમજવામાં આવી છે. અને તે સંદર્ભમાં ઘરમાં ખરીદીનો નિર્ણય કોણ કરે છે તે બાબતમાં સવાલ કરવામાં આવેલ છે. વિવિધ સ્વરૂપની ખરીદી કુટુંબની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કરાતી હોય છે. કુટુંબના સંદર્ભમાં જરૂરિયાત, મોજશોખ, ભૌતિક બાબતો તેમજ પ્રસંગોને અનુસાર ખરીદી થતી હોય છે તે નીચેના કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થશે.

## કોષ્ટક નં. ૬.૧૫
## ''ખરીદી અંગેનો નિર્ણય દર્શાવતું કોષ્ટક''

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પત્ની | ૧૩ | ૧૦% |
| ૨ | પતિ | ૨૮ | ૨૨% |
| ૩ | બંન્ને મળીને | ૬૭ | ૫૪% |
| ૪ | વડીલો | ૧૭ | ૧૪% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટક મુજબ ૧૩ ઉત્તરદાતાઓ પોતે જ ખરીદી કરતા હોય છે. પતિ અને વડીલો ખરીદીની જવાબદારી તેમની ઉપર સોંપી દેતા હોય છે. સિઝનની ખરીદી પણ ઉત્તરદાતા પોતે જ કરતા હોય છે. ૨૮ ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે તેઓના ઘરની ખરીદી તેમના પતિ કરતાં હોય છે અને તેઓ ઘરનું સંચાલન કરતાં હોય છે. આ પ્રકારના કુટુંબોમાં તેઓ પતિ પાસેથી પરચૂરણ ખરીદી પૂરતા પૈસા મેળવી લે છે અને વધેલા પૈસા હિસાબ કરીને પરત આપે છે. જો કે મોટા ભાગે ખરીદીનો નિર્ણય પતિ–પત્ની બંન્ને સાથે મળીને કરતાં હોય છે. જે કુટુંબો સંયુકત સ્વરૂપના છે તેમાં ખરીદીનો આધાર વડીલો ઉપર રહેલો છે.

કુલ આવકમાંથી પ્રાથમિક જરૂરિયાતોને બાદ કર્યા પછી આવકનો શેમાં ઉપયોગ કરો છો તે બાબતનો પણ પ્રસ્તુત અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

વર્તમાન સમયમાં માનવીની વિવિધ જરૂરિયાતોના સંદર્ભમાં પરિવર્તન આવતું રહે છે. માનવી માટે પ્રાથમિક જરૂરિયાતો ઉપરાંત અમુક બાબતો જીવનશૈલીનો એક ભાગ બની ગઈ છે, જેથી લોકો આવકમાંથી પ્રાથમિક જરૂરિયાત પરિપૂર્ણ કર્યા બાદ પોતાની આવક શિક્ષણની પાછળ ખર્ચતા જોવા મળેલ છે. જો કે શિક્ષણની સાથે તેઓએ બચતને પણ મહત્વ આપ્યું છે.

સમકાલિન સમાજવ્યવસ્થામાં લોકો વર્તમાનને વધુ મહત્વ આપે છે. સાથોસાથ ૪૫% લોકો બચત કરીને ભવિષ્યને પણ ધ્યાનમાં રાખે છે. વર્તમાન સમયમાં પોતાની આવકનો અમુક ભાગ ભૌતિક મોજશોખ માટે પણ વાપરે છે.

હિંદુ સમાજમાં ધર્મ એટલે કે ધાર્મિક વિધિ–વિધાનને પણ પ્રાધાન્ય મળેલ છે. વ્યકિતની સમાજીકરણની સમગ્ર પ્રક્રિયા દરમિયાન આવા ગુણોનું સિંચન થયેલું હોય છે અને તેથી ધર્મ–ધાર્મિક વિધિ–વિધાન જીવનનો ભાગ બની રહે છે. વ્યકિત પોતાની આવકનો અમુક ભાગ ધાર્મિક કાર્યો પાછળ વાપરે છે.

ભવિષ્યના સંદર્ભમાં યોગ્ય આયોજન દ્વારા બચત કરવી પણ જરૂરી હોય છે. તેથી કોઈપણ સ્વરૂપે લોકો બચત કરતા હોય છે. આવક અને ખર્ચમાંથી વધતી રકમમાંથી લોકો મહત્તમ બચત કરતાં હોય છે અમુક પરિસ્થિતિમાં લોકો ફરજીયાત બચતને મહત્વ આપતા

હોય છે, અમુક કુટુંબો જરૂરિયાતોને મર્યાદિત બનાવીને બચત કરતાં જોવા મળેલ છે.

**પ્રાથમિક જરૂરિયાતોની પરિપૂર્તિ બાદ આવકનો શેમાં ઉપયોગ કરો છો :–**

પ્રસ્તુત અભ્યાસમાં આવકના સંદર્ભમાં પ્રાથમિક જરૂરિયાતોને બાદ કર્યા પછી આવકનો શેમાં ઉપયોગ કરો છો તેની ચર્ચા કરવામાં આવેલ છે. જે નીચેના કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થશે.

**કોષ્ટક નં. ૬.૧૬**

**''પ્રાથમિક જરૂરિયાતોની પરિપૂર્તિ બાદ આવકના ઉપયોગ અંગેના માધ્યમો દર્શાવતું કોષ્ટક''**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | વધારાનું શિક્ષણ | ૨૮ | ૨૨% |
| ૨ | મોજશોખ | ૧૪ | ૧૧% |
| ૩ | રિવાજો | ૦૦ | ૦૦% |
| ૪ | ધાર્મિક કાર્યો | ૨૭ | ૨૨% |
| ૫ | બચત | ૫૬ | ૪૫% |
| ૬ | અન્ય | ૦૦ | ૦૦% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટક પરથી જાણવા મળ્યું કે મોટા ભાગના ઉત્તરદાતાઓ પ્રાથમિક જરૂરિયાત પરિપૂર્ણ કર્યા બાદ વધતી આવકનો બચતમાં ઉપયોગ કરે છે. ૫૬ ઉત્તરદાતાઓ (૪૫%) જરૂરિયાતો પૂર્ણ થયે બચતને મહત્વ આપે છે અને ત્યાર પછીના ક્રમમાં શિક્ષણનો સમાવેશ થાય છે. સાથોસાથ ધાર્મિક કાર્યો અને મોજશોખને પણ અનુક્રમે પ્રાધાન્યતા મળેલ છે.

જો કે કોષ્ટક પરથી જાણવા મળ્યું કે લોકો રિવાજો કે પરંપરાને આર્થિક બાબતોમાં મહત્વ આપતા નથી.

**બચત અંગેનો નિર્ણય કોણ કરે છે :–**

પ્રસ્તુત અભ્યાસમાં વધેલા પૈસાની બચત અને તેના માધ્યમો અંગે ચર્ચા કરવામાં આવેલ છે.

ભારતીય સમાજ પુરૂષ પ્રધાન સમાજ છે, તેથી બચત અંગેના મહત્વના નિર્ણયો પુરૂષ (પતિ) દ્વારા કરવામાં આવે છે. જો કે કુટુંબની સર્વગ્રાહી બચતનાં સંદર્ભમાં ઉત્તરદાતાની પણ ચોક્કસ ભૂમિકા રહેલી જોવા મળે છે.

બચત કયાં કરવી તે અંગેનો નિર્ણય કોણ કરે છે તે નીચે મુજબના કોષ્ટક ઉપરથી જાણવા મળે છે.

## કોષ્ટક નં. ૬.૧૭
## "બચત અંગેનો નિર્ણય કોણ કરે છે તે દર્શાવતું કોષ્ટક"

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પત્ની | ૪૨ | ૩૪% |
| ૨ | પતિ | ૮૩ | ૬૬% |
| ૩ | વડીલો | ૦૦ | ૦૦% |
| ૪ | કુટુંબના સભ્યો સાથે મળીને | ૦૦ | ૦૦% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |




અભ્યાસના ૮૩ ઉત્તરદાતાઓનાં બચત અંગેના નિર્ણયો તેમના પતિ દ્વારા લેવામાં આવે છે. જ્યારે ૪૨ ઉત્તરદાતાઓ પોતે જાતે જ નિર્ણય લે છે. અભ્યાસ પરથી એવું જાણવા મળે છે કે બચત અંગેના નિર્ણયોમાં પતિની ભૂમિકા કેન્દ્ર સ્થાને રહેલી છે.

**બચતનું રોકાણ શેમાં કરો છો :–**

વર્તમાન સમયમાં લોકો બચત કરવાના માધ્યમો અંગે સલામતીનો પણ વિચાર અનિવાર્યપણે કરે છે અને તેથી જ લોકો વિશ્વસનીય ક્ષેત્રોમાં બચત કરવાનું પસંદ કરે છે. આજે પણ બચત કરવાના સલામત માધ્યમ તરીકે લોકો સહકારી બેંક અને વિમા કંપનીને પ્રથમ પસંદગી આપતા જોવા મળે છે. વિમા કંપનીઓમાં થતી બચત બે પ્રકારના લાભ અપાવે છે.

૧) ફરજીયાત બચત　　　૨) લોકોને માનસિક સલામતિ પૂરી પાડે છે.

બેંકમાં થતી બચત મૂડીમાં વધારો કરે છે. એટલે લોકો અહિ પણ નાણા રોકે છે. સોનામાં કે સ્થાવર મિલકતમાં થતું રોકાણ મૂડીને સ્થગિત કરી દે છે એટલે સોનામાં અને સ્થાવર મિલકતમાં બચત કરવાનું વલણ પ્રમાણમાં ઓછું જોવા મળે છે.

અભ્યાસમાં બચતના રોકાણ સંબંધી પૂછવામાં આવેલ પ્રશ્નનો ઉત્તર નીચે મુજબના કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે.

**કોષ્ટક નં. ૬.૧૮**
**"બચતના માધ્યમો"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | બેંકમાં થાપણ તરીકે | ૫૬ | ૩૧% |
| ૨ | વિમો ઉતરાવીને | ૪૨ | ૨૩% |
| ૩ | સોનું ખરીદીને | ૧૩ | ૦૭% |
| ૪ | સ્થાવર મિલકત વસાવીને | ૨૮ | ૧૬% |
| ૫ | અન્ય (શેર, પોસ્ટલ સર્ટીફિકેટ વિગેરે) | ૪૧ | ૨૩% |
| કુલ | | ૧૮૦ | ૧૦૦% |




ઉપર્યુકત કોષ્ટક પરથી સ્પષ્ટ થશે કે વર્તમાન સમયમાં લોકો પોતાની બચત કોઈ એક ક્ષેત્રમાં કરતાં નથી. બચતનો મહત્તમ લાભ મળે તે બાબતને કેન્દ્રસ્થાને રાખીને લોકો બચત અંગેના માધ્યમો નક્કી કરતાં હોય છે. લોકોનું વલણ બેંકમાં બચત કરવા તરફ વધારે પ્રમાણમાં રહેલું જોવા મળે છે. કારણ કે મૂડીના વૃદ્ધિદરમાં વધારો થઈ શકે. જ્યારે વિમામાં બચત કરવા પાછળ માનસિક અને સામાજીક સલામતિનો હેતુ રહેલો હોય છે. સ્થાવર મિલકતમાં થતી બચત ભવિષ્યની જરૂરિયાતોના સંદર્ભમાં મદદરૂપ બનતી હોય છે. સોના પાછળ થતી બચત સામાજીક પ્રસંગો અને મોજશોખને કેન્દ્રમાં રાખીને કરવામાં આવતી હોય છે. દરેક બચત પાછળ ઉત્તરદાતાઓનો એક ચોક્કસ ધ્યેય રહેલો હોય છે.

### ૬.૨.૮ સમય, શકિતની બચત અને નવરાશની પ્રવૃત્તિઃ–

પ્રસ્તુત સંશોધનમાં ગૃહિણીઓ સાથે સમયની બાબત સમગ્ર ગૃહવ્યવસ્થાના સંદર્ભમાં વિચારીએ ત્યારે વાસ્તવમાં સમયની ઉપયોગિતા અને પ્રાધાન્યતા ગૃહિણી પરંપરાગત કાર્યોને બાદ કરતાં કઈ બાબતમાં પોતાના સમયનો ઉપયોગ કરે છે તે બાબત પ્રસ્તુત શોધલેખમાં

મહત્વની બની રહે છે.

➪ **નવરાશનાં સમયનો ઉપયોગ શેમાં કરો છો :–**

નવી નવી ટેકનોલોજીની શોધને કારણે ગૃહવ્યવસ્થામાં મદદરૂપ થાય તેવા નવા સાધનોને કારણે ઘરનું કાર્ય ઝડપી બનતા સ્ત્રીઓ સમયની ફાળવણી અન્ય કામમાં કરી શકે છે. તે સંદર્ભમાં ગૃહિણીઓ પાસે કયા સાધનો છે અને નવરાશના સમયમાં કઈ પ્રવૃતિ કરે છે તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ગૃહિણીઓ પાસે નવરાશના સમયની ઉપયોગિતામાં પાંચ વિકલ્પો આપવામાં આવેલા હતાં, જે વિકલ્પો અને ગૃહિણીના નવરાશના સમયની ઉપયોગિતા સંખ્યાત્મક રીતે નીચે પ્રમાણે જોવા મળેલ છે.

**કોષ્ટક નં. ૬.૨૩**

**"નવરાશનાં સમયનો ઉપયોગ શેમાં કરો છો તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | વાંચન | ૧૧૧ | ૪૭% |
| ૨ | ટી.વી. જોવામાં | ૫૬ | ૨૪% |
| ૩ | આધ્યાત્મિક કાર્યો | ૫૫ | ૨૪% |
| ૪ | આર્થિક ઉત્પાર્જનમાં | ૧૨ | ૦૫% |
| ૫ | અન્યમાં | ૦૦ | ૦૦% |
| કુલ | | ૨૩૪ | ૧૦૦% |




નવરાશના સમયમાં ગૃહિણીઓનો મોટા ભાગનો સમય વાંચન સાથે જોડાયેલો છે. વાંચનના સંદર્ભમાં ગૃહિણીઓમાં વૈવિધ્યતા જોવા મળે છે. ૪૭% જેટલી ગૃહિણીઓ નવરાશનાં સમયમાં વાંચનમાં સમય પસાર કરે છે. સમાજશાસ્ત્રીય અને ગૃહવ્યવસ્થાપનના સંદર્ભમાં ગૃહિણીઓનો નવરાશનો સમય વાંચન સાથે જોડાયેલો છે. તે બાબત ગૃહિણીઓના સંદર્ભમાં

સમકાલીન સમયમાં અત્યંત રચનાત્મક બની રહે છે. ત્યારબાદ ૨૪% ગૃહિણીઓ ટી.વી. જોવામાં પોતાનો સમય ફાળવે છે. ટી.વી.નું માધ્યમ એ વર્તમાન સમયમાં કોઈ પણ કૌટુંબિક વ્યવસાયમાં અસરકારક રહેલું જોવા મળે છે. દરેક કુટુંબમાં ટી.વી. સામાન્ય જીવન જરૂરિયાતની વસ્તુ તરીકે ગણવામાં આવે છે. અને તેથી ગૃહિણીઓ ટી.વી.માં વિવિધ જીવન ઉપયોગી ચેનલો જોઈને નિશ્ચિત સમયમાં પોતાના નવરાશના સમયનો સદઉપયોગ કરે છે.

ઉપર્યુકત કોષ્ટક ૧૬માં નવરાશના સમય સાથે ગૃહિણીઓના સમયની અનુકૂલનતા આધ્યાત્મિક કાર્યોમાં પણ જોવા મળેલી છે. ૨૪% ગૃહિણીઓ પોતાનો સમય આધ્યાત્મિક કાર્યોમાં પસાર કરે છે. આધ્યાત્મિક કાર્યોની સાથે નવરાશના સમયનો ઉપયોગ આર્થિક ઉપાર્જનના સંદર્ભમાં વિકલ્પ આપવામાં આવેલો હતો, આર્થિક ઉપાર્જનમાં ૦૫% ગૃહિણીઓ વ્યસ્ત હોય છે.

ગૃહવ્યવસ્થાપન અને ગૃહિણી નવરાશનો મુખ્યત્વે સમય વાંચનમાં ફાળવે છે. આ બાબત કોઈ પણ કૌટુંબિક વ્યવસ્થા માટે ઉમદા છે. ત્યારબાદ ક્રમશઃ ટી.વી. જોવામાં અને આધ્યાત્મિક કાર્યોમાં પસાર કરતા હોય છે.

**સમય અને શકિતની બચત :–**

સમયનું વ્યવસ્થાપન કરવું અને તે વ્યવસ્થાપનમાં શકિતને કેન્દ્ર સ્થાને રાખવી તે કોઈ પણ ગૃહિણી માટે મહત્વની બાબત છે.

સમય અને શકિતના સંદર્ભમાં નીચે મુજબના પ્રત્યુત્તર મળેલા છે.

**કોષ્ટક નં. ૬.૨૪**

**"સમય અને શકિતની બચત થાય તેવું આયોજન કરો છો તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૧૧ | ૮૯% |
| ૨ | ના | ૧૪ | ૧૧% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટક મુજબ ૮૯% ગૃહિણીઓ સમય અને શકિતની બચત થાય તેવું આયોજન કરે છે. આ આયોજનના ભાગરૂપે ગૃહિણીઓ ગૃહવ્યવસ્થાના વિવિધ ઉપકરણો વસાવે છે. સાથોસાથ સમગ્ર દિવસને ચોક્કસ સમય વ્યવસ્થાપનમાં ગોઠવી લે છે. સમય અને શકિત એ કોઈપણ કુટુંબ માટે સમય અનુસાર કાર્ય કરવા માટેની એક ચોક્કસ પ્રકારની પધ્ધતિ છે. જે પધ્ધતિ કુટુંબ વ્યવસ્થાપનનો એક ભાગ બની રહે છે.

સમય અને શકિતની બચતમાં ગૃહિણીઓ ગૃહકાર્યના આનુષાંગિક કાર્યોને પરિપૂર્ણ કરે છે.

**સમય અને શકિત બચાવે તેવા સાધનો :–**

વર્તમાન સમયમાં ગૃહકાર્યમાં ગૃહિણીઓને ઉપયોગી થાય અને તેમની સમય અને શકિતની બચત થાય તેવા વ્યાપક ગૃહઉપયોગી સાધનો પ્રવર્તમાન સમયમાં બજારમાં ઉપલબ્ધ છે.

સમય અને શકિત બચાવે તેવા ઉપકરણો, તેની ઉપયોગિતાની વિગતો નીચે મુજબ દર્શાવેલ છે.

**કોષ્ટક નં. ૬.૨૫**
**''સમય અને શકિત બચાવે તેવા સાધનો ઘરમાં છે તે દર્શાવતું કોષ્ટક''**
**(ગૃહઉપયોગી ઉપકરણો)**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ગેસ | ૧૧૨ | ૨૨% |
| ૨ | મિક્ષચર | ૯૮ | ૨૦% |
| ૩ | જ્યુસર | ૮૪ | ૧૭% |
| ૪ | ઓવન | ૫૭ | ૧૧% |
| ૫ | ઘરઘંટી | ૫૭ | ૧૧% |
| ૬ | વેકયુમ કલીનર | ૪૩ | ૦૯% |
| ૭ | વોશીંગ મશીન | ૪૨ | ૦૮% |
| ૮ | ડિશ વોશર | ૦૫ | ૦૧% |
| કુલ | | ૪૯૮ | ૧૦૦% |

ગૃહિણીઓનો સમય અને શકિત બચાવે તે માટેના ઉપકરણોમાં ગેસ, મિક્ષચર, જ્યુસર એવા સાધનો છે કે જે ગૃહિણીઓ માટે સર્વસામાન્ય જરૂરિયાતના સાધનો તરીકે પ્રત્યુત્તરમાં જોવા મળેલ છે. ગૃહઉપયોગના આ ઉપકરણો સામાન્ય માનવીને પરવડે તેવા હોય છે. પરિણામ સ્વરૂપે આ ઉપકરણો સર્વસામાન્ય બની રહે છે. વોશીંગ મશીન, ઓવન, ઘરઘંટી અને વેકયુમ કલીનરની ઉપયોગિતા લગભગ એકસરખી જોવા મળે છે. જે કુટુંબ આર્થિક રીતે પ્રમાણમાં ઉચ્ચ મધ્યમ કક્ષાનું હોય તેવા કુટુંબોમાં વેકયુમ કલીનર, ઓવન અને ઘરઘંટી જેવા સાધનો જોવા મળેલ છે. તેઓ તેનો ઉપયોગ કરે છે.

ગૃહિણીઓનો સમય અને શકિત બચે તેવા સાધનો વર્તમાન સમયમાં એક ભૌતિક વસ્તુ તરીકે નહિ પરંતુ જીવન જરૂરિયાતની પ્રાથમિક વસ્તુ તરીકે ઉપર્યુકત સાધનોને જોવામાં આવે છે. ગૃહિણીઓ આ ઉપકરણોનો ઉપયોગ પોતાની જરૂરિયાત અને આવડત અનુસાર કરે છે.

**શકિતનો બચાવ થાય તે માટે સાધનો સિવાયની મદદ :–**

વિશ્વમાં કોઈપણ સમાજ વ્યવસ્થાએ પ્રકારની નથી કે જેમાં ગૃહિણી ફકત પોતાનું કાર્ય કરતી હોય છે. દરેક સમાજ વ્યવસ્થામાં ગૃહિણી ઉપરાંતના કુટુંબના સભ્યો ગૃહકાર્યમાં મદદરૂપ બનતા હોય છે. આ બાબત સામાજીકરણની પ્રક્રિયાનો પણ ભાગ બની રહે છે.

ગૃહિણીની શકિતનો બચાવ થાય તે માટે અન્ય વ્યકિતની મદદમાં ૧૦૬ ઉત્તરદાતાઓ અન્ય વ્યકિતઓની મદદ લે છે. જ્યારે ૧૯ ઉત્તરદાતાઓ પોતાના રોજિંદા કાર્યમાં અન્ય

કોઈની પણ મદદ લેતા નથી.

જે ૧૦૬ ઉત્તરદાતાઓ અન્યની મદદ લે છે. તેમની માહિતી નીચે મુજબ છે.

**કોષ્ટક નં. ૬.૨૬**

**"તમારી શકિતનો બચાવ થાય તે માટે સાધનો સિવાય કોઈની મદદ લો છો તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ઘરના સભ્યોની | ૨૮ | ૧૫% |
| ૨ | નોકર | ૭૦ | ૩૯% |
| ૩ | બાળકો | ૨૭ | ૧૫% |
| ૪ | પતિ | ૪૨ | ૨૩% |
| ૫ | પડોશી | ૧૪ | ૦૮% |
| ૬ | અન્ય | ૦૦ | ૦૦% |
| કુલ | | ૧૮૧ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટકના વિશ્લેષણ મુજબ ગૃહિણીઓ ઘરના સભ્યોની, નોકરની અને પતિની મુખ્યત્વે મદદ મેળવે છે. અંદાજીત ૭૫% ગૃહિણીઓ આ પ્રકારની મદદ વિવિધ કાર્યોમાં મેળવતી રહે છે.

ગૃહકાર્યમાં શકિતનો બચાવ થાય અને વિવિધ કાર્યોમાં મદદ મળી રહે તે પ્રકારની વ્યવસ્થા એ વાસ્તવમાં વિશાળ સામાજીકરણની પ્રક્રિયાનો ભાગ બની રહે છે. આ ઉપરાંત કુટુંબ કે સમાજનું સ્વરૂપ કોઈ પણ સ્વરૂપનું હોય પરંતુ શ્રમવિભાજન એ વૈશ્વિક અને સર્વસામાન્ય બાબત છે.

## ૬.૩ જીવનશૈલી :–

દરેક વ્યકિતની તેના ધર્મ, જ્ઞાતિ, વર્ગ, સામાજિક પર્યાવરણ, પડોશજૂથ, મિત્રજૂથ જેવા અનેક પાસાઓને આધારે જીવનશૈલી ઘડાતી હોય છે. વ્યકિતના સામાજિકરણ દ્વારા વ્યકિતએ કેવી રીતે વર્તન વ્યવહાર કરવા તે શીખવવામાં આવે છે અને તે પ્રમાણે વ્યકિત ધોરણો પ્રમાણે વર્તન કરતી હોય છે. વ્યકિતની જુદી–જુદી જ્ઞાતિ અને ધર્મ અને વર્ગની અલગ–અલગ જીવનશૈલી હોવાને કારણે જ્યારે વ્યકિત બીજી જ્ઞાતિ કે ધર્મની વ્યકિત સાથે લગ્ન કરે છે ત્યારે તેણે તે પ્રમાણેની જીવનશૈલી પ્રમાણે ઘરમાં અનુકૂલન સાધવું પડે છે. જે તેના મકાનની રચના, ઘરનું ફર્નીચર, ઘરના ઓરડા, ઘરની સાધન સામગ્રી, રસોઈ રૂમ, રસોઈના પૂરતા સાધનો, બેઠક વ્યવસ્થા વિગેરે જેવા પાસાઓમાં દરેક ઘરની જીવનશૈલી વ્યકત થાય છે.

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓના ઘરની સજાવટ, જીવનશૈલીને ઉપરોકત મુદ્દાઓને ધ્યાનમાં રાખીને તપાસવામાં આવ્યા છે. જેની વિસ્તૃત ચર્ચા નીચે મુજબ કરીશું.

### ૬.૩.૧ ધ્યેયો અને મૂલ્યો :–

પ્રસ્તુત અભ્યાસમાં કૌટુંબિક ધ્યેયો અને મૂલ્યોમાં નિર્ણાયક ભૂમિકા કોણ અદા કરે છે તે અંગેની ચર્ચા કરવામાં આવેલ છે. અભ્યાસમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓના સંદર્ભમાં કરવામાં આવેલ છે. સામાન્ય રીતે આ પ્રકારના લગ્ન કરનારી સ્ત્રીઓ શિક્ષીત અને સ્વાવલંબી હોય છે. સાથોસાથ તેઓમાં પોતાની જાતે નિર્ણય શકિતઓનો પણ વિકાસ થયેલો જોવા મળે છે. સામાન્ય રીતે પોતાના ધ્યેયો અને મૂલ્યો પોતાની જાતે જ નક્કી કરે છે. ચોક્કસ કિસ્સાઓમાં કેટલીક બાબતોમાં પતિના સહયોગ દ્વારા પણ આવા નિર્ણયો લેવામાં આવે છે. વડીલો કે અન્ય સભ્યોની સંમતિથી પણ ધ્યેયો અને મૂલ્યો નક્કી કરવામાં આવે છે. કેટલીક બાબતોમાં મૂલ્યો અને ધ્યેયોના સંદર્ભમાં પરંપરાઓને અનુસરવાનું વલણ જોવા મળે છે. ધ્યેયો અને મૂલ્યોને કોણ નક્કી કરે છે તે નીચે મુજબના કોષ્ટક પરથી માહિતી મળે છે.

**કોષ્ટક નં. ૬.૨૧**

**"ધ્યેયો અને મૂલ્યો કોણ નક્કી કરે છે તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પતિ | ૨૮ | ૨૨% |
| ૨ | પત્ની | ૫૫ | ૪૫% |
| ૩ | વડીલો | ૧૪ | ૧૧% |
| ૪ | કુટુંબના સભ્યો સાથે મળીને | ૧૪ | ૧૧% |
| ૫ | પરંપરાગત | ૧૪ | ૧૧% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટક પ્રમાણે માહિતીના આધારે વિશ્લેષણ કરતાં જોવા મળે છે કે કૌટુંબિક ધ્યેયો અને મૂલ્યોના નિર્ણયો કુલ ઉત્તરદાતાના ૪૫% પત્ની દ્વારા જ લેવામાં આવતા હોય છે. જ્યારે ૨૨% ઉત્તરદાતાઓના નિર્ણયો પતિ દ્વારા લેવામાં આવે છે. જ્યારે બાકીના નિર્ણયો વડીલો અને કુટુંબના સભ્યો સાથે મળીને લેતા જોવા મળે છે. પરંપરાને કેન્દ્રમાં રાખીને ૧૧% ઉત્તરદાતાઓ નિર્ણય લેતા જોવા મળ્યા છે. ધ્યેય અને મૂલ્યોના સંદર્ભમાં પત્ની એ મહત્વની ભૂમિકા અદા કરે છે.

ઉપર્યુકત કોષ્ટક પ્રમાણે હિંદુ પરિવારના તત્વ મુજબ સાથે પરંપરા મુજબ સૌથી વધુ 'પત્ની' દ્વારા મૂલ્યો નક્કી થતા હોય છે. કે. ડેવીસ પોતાના પુસ્તક 'Human Society' માં પણ ઉપર્યુકત બાબતને અનુમોદન આપતા નોંધે છે કે મહિલાઓને 'મૂલ્ય' અને વ્યવસ્થાના સંદર્ભમાં મહત્વની ભૂમિકા અદા કરવાની રહે છે.

જો કે, ઉત્તરદાતાઓમાં ૨૨% એટલે કે ૨૮ ઉત્તરદાતાઓમાં પતિની પણ ભૂમિકા પણ મહત્વની જોવા મળે છે. જો કે મૂલ્યોમાં પત્ની એ કેન્દ્રસ્થાને રહેલી જોવા મળે છે.

વડીલો, કુટુંબના સભ્યો અને પરંપરાગત ધોરણો અને પરંપરાગત કુટુંબની વ્યવસ્થામાં

સમાંતર ધોરણે અંદાજીત ૧૪% ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે. તે સ્પષ્ટ દર્શાવે છે કે ધ્યેયો અને મૂલ્યો નક્કી કરવામાં સમગ્ર ઉત્તરદાતાઓ એક વિશિષ્ટ પ્રકારનું સામાજીક સમતોલન ઉભું કરેલ છે, જે સામાન્યતઃ કયાય જોવા મળતું નથી.

સમગ્ર શોધ કાર્યમાં પ્રસ્તુત પ્રશ્ન એ ઉત્તરદાતાઓના પ્રત્યુત્તરમાં કૌટુંબિક ખ્યાલને વધુ સ્પષ્ટ કરે છે.

મૂલ્યો અને ધ્યેયો બે રીતે નક્કી થતા હોય છે,

૧) સર્વગ્રાહી મૂલ્યો, ધ્યેયો જે સમાજમાં લગભગ એક સરખા જોવા મળે છે, અને આપણે વારસાગત સંસ્કૃતિમાંથી મેળવતા રહીએ છીએ.

દા.ત. વડીલોને માન આપવું.

૨) સામાન્ય ધ્યેયો અને મૂલ્યો કે જે અમુક ચોક્કસ રીત–રિવાજો, માન્યતાઓ, કૌટુમ્બિક વ્યવસ્થામાંથી ઉદ્દભવતા હોય છે.

દા.ત. ખોરાક, શિક્ષણ, લગ્ન અંગેના રિવાજો વગેરે.

પ્રસ્તુત પ્રશ્નમાં બહુમતિ સભ્યોએ (૧૧૧) નોંધ્યું છે કે તેઓને મૂલ્યો કે ધ્યેયો નક્કી કરવામાં ધર્મ કે જ્ઞાતિ અવરોધરૂપ પરિબળ બનતા નથી. જે કિસ્સાઓમાં (૧૪) અવરોધરૂપ બને છે તેમાં પણ પતિ–પત્ની (૭) બાંધછોડ કરીને ધ્યેયો અને મૂલ્યોનું ઘડતર કરી નાખે છે. ધ્યેયો અને મૂલ્યોના ઘડતરની પ્રક્રિયામાં પ્રસ્તુત શોધ–નિબંધના અભ્યાસમાં જે ઉત્તરો આવ્યા છે તે સમાજશાસ્ત્રીય સિધ્ધાંતની દ્રષ્ટિએ અને એક 'મોડેલ' (Model) તરીકે ઉત્તમ પાસાંઓ તરીકે જોવા મળે છે.

ઉપર્યુકત ચર્ચા પરથી અભ્યાસમાં નીચે મુજબનું આંકડાકીય કોષ્ટક જોવા મળે છે.

**કોષ્ટક નં. ૬.૨૨**

**''ધ્યેયો–મૂલ્યો નક્કી કરવામાં જ્ઞાતિ–ધર્મને કારણે સંઘર્ષ થાય છે તે દર્શાવતું કોષ્ટક''**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૪ | ૮૯% |
| ૨ | ના | ૧૧૧ | ૧૧% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

**કોષ્ટક નં. ૬.૨૨.૧**

**"ધ્યેયો–મૂલ્યો નક્કી કરવામાં જ્ઞાતિ–ધર્મને કારણે સંઘર્ષ થાય છે તે દર્શાવતું કોષ્ટક"**

**(સમાધાનના માધ્યમો)**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ચર્ચા કરીને | ૦૨ | ૧૫% |
| ૨ | સમાધાન કરીને | ૦૫ | ૩૫% |
| ૩ | બાંધછોડ કરીને | ૦૭ | ૫૦% |
| ૪ | અન્ય | કોઈ નહી | ૦૦% |
| કુલ | | ૧૪ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટક પરથી એ બાબત સ્પષ્ટ થાય છે, જ્ઞાતિ–ધર્મને કારણે ધોરણો અને મૂલ્યોના ઘડતરની પ્રક્રિયામાં કોઈ અવરોધ સર્જાતા નથી. માત્ર ૧૪ સભ્યોમાં આ પ્રકારનો અવરોધ ઉભો થાય છે પરંતુ તેમાં પણ બાંધછોડ, સમાધાન અને ચર્ચા કરીને પ્રશ્નોનું (ઘડતરની પ્રક્રિયા) નિરાકરણ લાવવામાં આવે છે.

### ૬.૩.૨ ઘરની રચના અને સુવિધા :–

વર્તમાન સમયમાં દરેક વ્યકિત, કુટુંબ પોતીકું ઘર હોય તેવી ઈચ્છા ધરાવે છે. સાથોસાથ બજારમાં અનેકવિધ પ્રકારની આર્થિક યોજનાઓ ઉપલબ્ધ હોવાથી લોકોની પોતાના ઘરની ઈચ્છાઓ પણ પરિપૂર્ણ થઈ શકે તે પ્રકારનું આયોજન સરળ બની રહ્યું છે. બજારમાં દરેક પ્રકારના બજેટને અનુરૂપ હોય તેવી આવાસ વ્યવસ્થા જોવા મળે છે. નાના નોકરીયાતોના સમૂહથી લઈને મધ્યમ અને ઉચ્ચ વર્ગના લોકો ભાડાના મકાનમાં રહેવાનું પસંદ કરતાં નથી. ઘર પોતાનું છે કે ભાડાનું તેમાં ૧૧૧ ઉત્તરદાતાઓ પાસે પોતાનું ઘર છે જ્યારે ૧૪ ઉત્તરદાતાઓ ભાડાના મકાનમાં રહે છે. પોતાના મકાનમાં કેવા સ્વરૂપનું ઘર હોય તે વિગતો નીચેના કોષ્ટકમાં દર્શાવેલી છે.

**કોષ્ટક નં. ૬.૩.૨૭**

**"ઘર કયા પ્રકારનું છે તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ફલેટ | ૫૭ | ૫૧% |
| ૨ | ડુપ્લેકસ | ૪૩ | ૩૯% |
| ૩ | બંગલો | ૧૧ | ૧૦% |
| કુલ | | ૧૧૧ | ૧૦૦% |




ઉપરોકત માહિતીના આધારે શહેરોમાં વસતા લોકો મુખ્યત્વે ફલેટ અને ડુપ્લેકસ પર પોતાની પસંદગી ઉતારતા જોવા મળેલ છે. શહેરોમાં મર્યાદિત જમીન અને અપેક્ષિત કિંમતમાં ફલેટ અને ડુપ્લેકસ મળી રહે છે.

પ્રસ્તુત અભ્યાસમાં મધ્યમવર્ગીય વ્યવસ્થા ધરાવતા ઉત્તરદાતાઓ વધારે પ્રમાણમાં જોવા મળે છે. પરિણામ સ્વરૂપ બંગલાની સંખ્યા નહિવત જોવા મળે છે.

પ્રસ્તુત શોધ નિબંધ મધ્યમવર્ગીય આર્થિક પરિસ્થિતિ ધરાવનારા અને સામાન્ય રીતે નોકરીમાં જોડાયેલા ઉત્તરદાતાઓ સાથે સંબંધિત છે. બંગલાઓની માલિકી ધરાવનાર ઉત્તરદાતાઓની સંખ્યા પ્રમાણમાં ઘણી જ ઓછી છે.

આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર ઉત્તરદાતાઓ હોવાથી મોટાભાગના ઉત્તરદાતાઓએ પોતાની કમાણી અને પોતાની બચતમાંથી મકાન બનાવેલા હોય છે. તેથી પોતાની જરૂરિયાત મુજબના બે કે ત્રણ રૂમવાળા મકાન વ્યાપક સંખ્યામાં જોવા મળે છે.

ઉત્તરદાતાઓ શિક્ષિત અને આર્થિક રીતે સ્વાવલંબી હોય છે. ઘરમાં બાળકોને અલગ સુવિધાઓ પ્રાપ્ત થાય એ સંદર્ભમાં નીચે મુજબની માહિતી મળેલી છે.

**કોષ્ટક નં. ૬.૨૮**

**"તમારા ઘરમાં કેટલા રૂમ છે, ઘરમાં બાળકોનો રૂમ અલગ છે તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૭૦ | ૫૬% |
| ૨ | ના | ૫૫ | ૪૪% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

૫૬% ઉત્તરદાતાઓ પાસે ઘરમાં બાળકોનો અલગ રૂમ જોવા મળે છે. જ્યારે ૪૪% ઉત્તરદાતાઓ પાસે બાળકોના અલગ રૂમની વ્યવસ્થા નથી. મોટાભાગના ઉત્તરદાતાઓ બાળકોના અલગ રૂમ ધરાવે છે. તે બાબત બાળકોની અલગતા, સ્વતંત્રતા દર્શાવે છે. જો કે પ્રસ્તુત માહિતી ભૌતિક ઉપલબ્ધીઓ સાથે સંબંધિત છે.

**બાળકોના રૂમમાં સુવિધાઓ :–**

ઉપર્યુકત પ્રશ્નોના સંદર્ભમાં જ્યાં બાળકો માટે અલગ રૂમની સુવિધા ઉપલબ્ધ હતી ત્યાં બાળકોની જરૂરિયાતો સંતોષાતી હોય તેવા પ્રયાસો કરવામાં આવતા હતા. વિશેષતઃ બાળકો માટે અલગ પલંગ અને હોમવર્ક અને રીડિંગ માટે રાઈટીંગ ટેબલની જરૂરિયાત માતા–પિતાને યોગ્ય લાગી હતી. સાથો સાથ કબાટ, ખુરશી, ડ્રેસીંગ ટેબલ, અલગ ટોયલેટ, બાથરૂમ પણ બાળકોના રૂમમાં અપાયેલા છે.

બાળકોના રૂમમાં આ ભૌતિક સુવિધાઓ ઉપરાંત અનેક પ્રકારની નાની–મોટી જરૂરિયાતોનો પણ ખ્યાલ રાખવામાં આવે છે. બાળકો અભ્યાસ સહિતની વિવિધ પ્રવૃતિઓ કરી શકે તેવી વ્યવસ્થા માતા, પિતા દ્વારા ઊભી કરવામાં આવેલી છે. વર્તમાન સમયમાં બાળકોમાં ઉમદા સંસ્કારોનું સિંચન થાય અને સમાજમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત  કરી શકે તેવી દરેક મા–બાપની ઈચ્છા રહેલી હોય છે. આ માટેની બધી જ જરૂરિયાતો પરિપૂર્ણ કરવામાં આવે છે.

બાળકોના રૂમમાં નીચે મુજબની પ્રાપ્ય સુવિધાઓ માતા–પિતા દ્વારા બાળકોને પૂરી પાડવામાં આવે છે.

**કોષ્ટક નં. ૬.૨૯**

**"બાળકોના રૂમમાં કંઈ કંઈ સુવિધાઓ છે તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પલંગ | ૫૬ | ૧૯% |
| ૨ | કબાટ | ૫૬ | ૧૯% |
| ૩ | ખુરશી | ૪૨ | ૧૪% |
| ૪ | ડ્રેસીંગ ટેબલ | ૪૨ | ૧૪% |
| ૫ | રાઈટીંગ ટેબલ | ૫૬ | ૧૯% |
| ૬ | ટોયલેટ–બાથરૂમ | ૨૮ | ૧૦% |
| ૭ | અન્ય | ૧૪ | ૦૫% |
| કુલ | | ૨૯૪ | ૧૦૦% |

ઉપર્યુકત ચર્ચા અને કોષ્ટક મુજબ માતા–પિતા પોતાના સંતાનોની સવિશેષ કાળજી રાખતા હોય તેવું જોવા મળેલ છે. આ સ્વરૂપના મધ્યમવર્ગીય કુટુંબોમાં બાળકો માટે માતા–પિતા વિશેષ પ્રકારની કાળજી લે છે. આ કાળજી અંતર્ગત આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન પણ એક પરિબળ રહેલું છે. કે જેમાં બાળકોના અલગ રૂમ દ્વારા સ્વતંત્રતાનો ખ્યાલ પોષવામાં આવેલ છે.

**કાર્યમાં આનંદ અને સ્ફૂર્તિ રહે તે માટે રસોડું પૂરતી જગ્યાવાળું :–**

સમગ્ર ગૃહવ્યવસ્થાપનમાં ગૃહિણી મુખ્યત્વે રસોડામાં પોતાનો મોટાભાગનો સમય અને મોટાભાગનું કાર્ય રસોડા સાથે સંકડાયેલું હોય છે. પરિણામ સ્વરૂપ દરેક ગૃહિણી વ્યાપક

સુવિધાવાળું રસોડું ઈચ્છતી હોય છે. સમગ્ર આવાસ વ્યવસ્થામાં ગૃહિણીના કેન્દ્રમાં રસોડું તે મહત્વનું એકમ છે. રસોડું પૂરતી જગ્યાવાળું છે તેની માહિતી નીચે પ્રમાણે છે.

**કોષ્ટક નં. ૬.૩૦**

**"તમને કાર્યમાં આનંદ અને સ્ફૂર્તિ રહે તે માટે રસોડું પૂરતી જગ્યાવાળું છે તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૪૨ | ૩૪% |
| ૨ | ના | ૮૩ | ૬૬% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

વર્તમાન સમયમાં આધુનિકતાના અનેકવિધ આયામો વચ્ચે ગૃહિણી નાના કદનું રસોડું પસંદ કરે છે. ઉત્તરદાતાઓના ઉત્તર પરથી રસોડાની જરૂરિયાત વધું ઝડપી અને મર્યાદિત બની રહેવા પામી છે. તેને કારણે ૬૬% ઉત્તરદાતાઓ પાસે પર્યાપ્ત કદ મુજબનું રસોડું નથી. જ્યારે ૩૪% ઉત્તરદાતાઓ પાસે આનંદ અને સ્ફૂર્તિમાં રહી શકે તે સ્વરૂપનું રસોડું છે. પ્રસ્તુત ઉત્તરદાતાઓમાં મોટું–મધ્યમ રસોડું ૪૨ ઉત્તરદાતાઓ પાસે છે. જેમાં ગૃહિણીને પોતાની જરૂરિયાત અનુસાર પોતાના કાર્યમાં આનંદ અને સ્ફૂર્તિ મળી રહે છે. જ્યારે ૮૩ ઉત્તરદાતાઓ પાસે નાના કદનું રસોડું જોવા મળે છે. જો કે નાના કદના રસોડાની સાથે પ્રત્યક્ષ રીતે આનંદ અને સ્ફૂર્તિ સંબંધિત નથી. નાના રસોડામાં અનેકવિધ સ્વરૂપની મર્યાદાઓ રહેલી હોય છે. જેની અસર ગૃહિણીની આનંદ અને સ્ફૂર્તિ પર રહેલી જોવા મળે છે અને તેની અસર ગૃહિણીની કાર્યક્ષમતા પર પણ જોવા મળે છે.

**રસોડામાં હવા ઉજાસ માટે ક્રોસ વેન્ટિલેશન છે :–**

રસોડામાં ક્રોસવેન્ટીલેશન હોવું તે ઘર અને આરોગ્યની દષ્ટિએ ઉત્તમ વ્યવસ્થા તરીકે ગણવામાં આવે છે. રસોડામાં પૂરતા હવા ઉજાસ જળવાઈ રહે અને તેને પરિણામે ખાદ્ય ચીજવસ્તુઓ અને ગૃહિણીના સ્વાસ્થ્ય પર સારી અસર ઊભી થતી હોય છે.

**કોષ્ટક નં. ૬.૩૧**

**"તમારા રસોડામાં હવા ઉજાસ માટે ક્રોસવેન્ટીલેશન છે તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૦૨ | ૮૨% |
| ૨ | ના | ૨૩ | ૧૮% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટક મુજબ ૮૨% ઉત્તરદાતાઓના રસોડાઓમાં ક્રોસ વેન્ટીલેશનની સુવિધા જોવા મળે છે. જ્યારે ૧૮% ઉત્તરદાતાઓમાં ક્રોસ વેન્ટીલેશનની સુવિધાઓ પ્રાપ્ય નથી. જે ઉત્તરદાતાઓ નાના મકાનમાં અને ભાડાના મકાનમાં રહે છે તેઓના રસોડામાં ક્રોસ

વેન્ટીલેશનની સુવિધા નથી.

**રસોડામાં પ્લેટફોર્મનો શેઈપ કેવો છે :–**

વર્તમાન સમયમાં રસોઈની પધ્ધતિ અને રસોઈ બનાવવાના ઉપકરણો એ સ્વરૂપના છે કે જેમાં પ્લેટફોર્મ વાળું રસોડું આવશ્યક બની રહે છે. ગૃહિણી રસોઈની સાથે બીજા અનેક કાર્યો સાથે સંકળાયેલી હોય છે. અને અનેક કાર્યો સંભાળતી હોય છે. તેની સાથે જ ગૃહિણીનાં પહેરવેશની ઢબમાં પણ પરિવર્તન આવેલું છે જે પરિવર્તનને અનુરૂપ ગૃહવ્યવસ્થાપન જરૂરી બની રહે છે. કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૧૧ ઉત્તરદાતાઓ પાસે આ પ્રકારની પ્લેટફોર્મની સુવિધાવાળા રસોડાઓ છે. જ્યારે ૧૪ ઉત્તરદાતાઓ પાસે આવી સુવિધાવાળા રસોડા જોવા મળ્યા નથી. જે લોકો પાસે પ્લેટફોર્મની સુવિધા નથી. તેવા ઉત્તરદાતાઓ ભાડાના મકાનમાં રહેતા હોય છે અથવા તો તેઓ જૂના મકાનોમાં વસવાટ કરતાં જોવા મળેલ છે. ઉત્તરદાતાઓની એક સંખ્યા એવી પણ જોવા મળેલ છે કે તેઓ ખૂબ જ નાના અને સાંકડા મકાનોમાં વસવાટ કરતાં હોય છે. તેથી તેઓની પાસે પ્લેટફોર્મની સુવિધા ધરાવતા હોય તે પ્રકારના રસોડા હોતા નથી. રસોડામાં પ્લેટફોર્મનું હોવું તે બાબત લોકોની જીવનશૈલી સાથે પણ સંકડાયેલી જોવા મળે છે. જે ગૃહિણીઓ રસોઈ કરવામાં આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરતાં નથી તેવા લોકોના ઘરોમાં પ્લેટફોર્મની સુવિધા જોવા મળતી નથી. સાથોસાથ ગૃહવ્યવસ્થાપનમાં પ્લેટફોર્મ એ આધુનિક ખ્યાલ છે અને તે ગૃહિણીની સમય અને શકિત સાથે જોડાયેલી બાબત છે.

**કોષ્ટક નં. ૬.૩૨**

**''રસોડામાં પ્લેટફોર્મની વ્યવસ્થા કેવી છે ? પ્લેટફોર્મનો શેઈપ કેવો છે તે દર્શાવતું કોષ્ટક''**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | I શેઈપ | ૪૨ | ૩૪% |
| ૨ | L શેઈપ | ૬૯ | ૫૫% |
| ૩ | U શેઈપ | ૦૮ | ૦૬% |
| ૪ | ભારતીય ઢબ | ૦૬ | ૦૫% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

આધુનિક સમયમાં રસોઈની પધ્ધતિ અને રસોઈમાં ઉપયોગમાં લેવાતા ઉપકરણોને આધારે રસોડામાં જુદા–જુદા પ્રકારની પ્લેટફોર્મની વ્યવસ્થા જોવા મળે છે. મુખ્યત્વે ત્રણ પ્રકારના પ્લેટફોર્મ જોવા મળે છે. U શેઈપ, L શેઈપ અને I શેઈપના પ્લેટફોર્મ બનાવવામાં આવે છે. જેમાં U શેઈપનું પ્લેટફોર્મ સૌથી વધારે ઉત્તમ વ્યવસ્થા તરીકે ઓળખાવી શકાય. આ રસોડામાં ત્રણ બાજુની દિવાલોને પ્લેટફોર્મ દ્વારા જોડવામાં આવે છે. જેથી ગૃહિણીને કામ કરવામાં ઘણી જ સરળતા રહે છે. અને તેના સમયનો અને શકિતનો બચાવ થાય છે. અહિં કામ કરવાની જગ્યા U શેઈપમાં બનેલી હોય છે. એક બાજુએ કુકીંગ રેન્જ, એક બાજુએ રેફ્રીજરેટર અને ત્રીજી બાજુએ રસોઈની સામગ્રી રાખવામાં આવે છે. અહિં સિંક પણ બાજુમાં

હોવાથી સફાઈ પણ બાજુમાં જ કરવામાં આવે છે. આ રસોડાની વિશિષ્ટતા એ છે કે જ્યાં પૂરતાં પ્રમાણમાં જગ્યા હોય ત્યાં જ આવા રસોડા બનાવી શકાય છે. આ પ્રકારના પ્લેટફોર્મ રસોડામાં ઉત્તમ પ્રકારના રસોડા તરીકે ઓળખવામાં આવે છે.

બીજા પ્રકારના પ્લેટફોર્મનો શેઈપ L શેઈપનો હોય છે. આ વ્યવસ્થામાં માત્ર બે દિવાલોના ઉપયોગ દ્વારા પ્લેટફોર્મ બનાવવામાં આવે છે. જ્યાં U શેઈપની વ્યવસ્થા થઈ શકે તેમ ન હોય એટલે કે ત્રણ દિવાલનું આયોજન થાય એટલી જગ્યા ન હોય ત્યાં બે દિવાલને જોડીને L શેઈપનું પ્લેટફોર્મ બનાવવામાં આવે છે. આ પ્રકારની પ્લેટફોર્મની વ્યવસ્થાનો મધ્યમ સુવિધાવાળા રસોડા તરીકે ઓળખવામાં આવે છે. અહિં જો પ્લેટફોર્મની સાથે સિંક રાખવામાં આવેલી હોય તો કાર્ય કરવામાં સરળતા રહે છે. આ પ્રકારના પ્લેટફોર્મ વાળા રસોડામાં કબાટ, રેફ્રીજરેટર, વગેરેની વ્યવસ્થા અલગથી કરવામાં આવે છે. તેથી ગૃહિણીનું હલન–ચલન વધી જાય છે. ખાસ કરીને નાના મકાનો અને એપાર્ટમેન્ટમાં આ સ્વરૂપના પ્લેટફોર્મવાળા રસોડા જોવા મળે છે.

ત્રીજા પ્રકારના રસોડામાં સામસામે એક દિવાલમાં પ્લેટફોર્મ બનાવવામાં આવે છે. જેને I શેઈપના પ્લેટફોર્મ તરીકે ઓળખવામાં આવે છે. બે દિવાલોને જોડીને પ્લેટફોર્મ બનાવેલું હોય છે. જ્યારે જગ્યા થોડી હોય અને માત્ર એક દિવાલનો ઉપયોગ રસોઈ માટે થઈ શકે તેમ હોય ત્યારે આવા પ્રકારના પ્લેટફોર્મની વ્યવસ્થા થયેલી જોવા મળે છે. કેટલીક વખત પ્લેટફોર્મના ઉપયોગ માટે લાકડાના પાટીયાને પણ ઉપયોગમાં લેવામાં આવે છે. અહિં વધુ ઉપકરણો રસોઈ માટે ઉપયોગમાં લેવાતા નથી. નિમ્ન વર્ગના અને પરંપરાગત જીવન જીવતા સમૂહમાં આ પ્રકારના રસોડા જોવા મળે છે. કયારેક ભાડાના મકાનમાં હંગામી ધોરણે વ્યવસ્થા કરવાની હોય ત્યારે પણ આ પ્રકારના પ્લેટફોર્મવાળા રસોડા બનાવવામાં આવે છે.

**રસોડાની બાજુમાં કોઠાર રૂમ છે :–**

પહેલાંના સમયમાં ગૃહિણીને ફકત ઘરકામ જ કરવાનું હતું. તેમજ જમીનની છત હોવાથી દરેક રૂમની બાજુમાં કોઠારરૂમ હતા. જ્યારે આધુનિક સમયમાં ફલેટમાં કોઠારરૂમ જોવા મળતા નથી.

**કોષ્ટક નં. ૬.૩૩**

**"રસોડાની બાજુમાં કોઠાર રૂમ (સ્ટોર રૂમ) છે તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૪૫ | ૩૬% |
| ૨ | ના | ૮૦ | ૬૪% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

કોઠારરૂમની વ્યયસ્થાના સંદર્ભમાં દરેક મકાનમાં કોઠરરૂમની અલગ વ્યવસ્થા જરૂરી બની રહે છે. પરંપરાગત મકાનોમાં પણ આ પ્રકારના અલગ કોઠારરૂમ જોવા મળતા હતા. આધુનિક સમયમાં જગ્યાનો અભાવ હોવાથી કેટલીક વખત ગેલેરીમાં, રસોડાની ઉપર કે

બાથરૂમ ઉપર કોઠારરૂમની વ્યવસ્થા કરવામાં આવે છે. જો કોઠારરૂમની વ્યવસ્થા રસોડાની બાજુમાં હોય તો ગૃહિણી માટે ઘણી જ સુવિધારૂપ બની રહે છે. રસોઈ સંબંધી વધારાનો સામાન જેવો કે અનાજ, મસાલા, અથાણાં, અથવા તો કયારેક ઉપયોગમાં લેવાતા વાસણો અહિં રાખવામાં આવે છે. રસોઈનો વધારાનો સામાન કોઠારરૂમમાં રાખવાથી ઘરવપરાશની ચીજવસ્તુઓમાં જીવાત પડી જવાની શકયતાઓ ઓછી રહે છે. અહિં વસ્તુ સારી રીતે સાચવી શકાય છે. તેમજ રસોડામાં વધું પડતી ગિચતા નિવારી શકાય છે.

ઉપર્યુકત કોષ્ટક મુજબ ૩૬% ઉત્તરદાતાઓ પાસે આ પ્રકારના કોઠારરૂમની સગવડ ઉપલબ્ધ છે. જયારે ૬૪% ઉત્તરદાતાઓ પાસે સમગ્ર અને સુવિધાપૂર્વક કોઠારરૂમની સુવિધા જોવા મળતી નથી. જે ગૃહિણીઓ પાસે સમય, શકિત અને વ્યવહારિક જ્ઞાન હોય તેવી ગૃહિણીઓ રસોડાની બાજુમાં કોઠારરૂમની વ્યવસ્થા ઊભી કરી લે છે.

**કોષ્ટક નં. ૬.૩૪**

**''કોઠારરૂમમાં પાટીયા છે તે દર્શાવતું કોષ્ટક''**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૪૫ | ૩૬% |
| ૨ | ના | ૮૦ | ૬૪% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

**કોષ્ટક નં. ૬.૩૪.૧**

**''કોઠારરૂમમાં પાટીયા કેવા છે તે દર્શાવતું કોષ્ટક''**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | લાકડાના | ૧૪ | ૩૧% |
| ૨ | સિમેન્ટના | ૦૩ | ૦૭% |
| ૩ | પત્થર | ૨૮ | ૬૨% |
| ૪ | અન્ય મટીરિયલ | ૦૦ | ૦૦% |
| કુલ | | ૪૫ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટક મુજબ જે માહિતી પ્રાપ્ત થયેલ છે તે પ્રમાણે ૪૫ ઉત્તરદાતાઓના મકાનમાં કોઠારરૂમની વ્યવસ્થા જોવા મળેલ છે. તેમાં ૪૫ ઉત્તરદાતાઓનાં પોતાના કોઠારરૂમમાં પત્થર (૨૮), લાકડા (૧૪), સિમેન્ટ (૦૩) અને અન્ય મટીરિયલ્સમાં (૦) સ્વરૂપના પાટીયા જોવા મળેલ છે. કોઠારરૂમમાં યોગ્ય પાટીયાની વ્યવસ્થાને કારણે ગૃહિણીને સફાઈ કાર્યમાં સરળતા રહે છે. સાથોસાથ ખાદ્યપદાર્થો અને અન્ય વસ્તુઓમાં જીવાણુંઓ થવાની શકયતાઓ પણ રહેતી નથી. પત્થર અને સિમેન્ટના પાટીયાને સરળતાથી સાફ પણ કરી શકાતા હોય છે. અને કોઠાર તેમજ રસોડાની ચીજવસ્તુઓ લાંબા સમય સુધી જળવાઈ રહેલી જોવા મળે છે. પત્થર અને સિમેન્ટના પાટીયાઓમાં ભેજ ન લાગવાથી રસોડાની

વસ્તુઓ લાંબા સમય સુધી જળવાઈ રહેતી જોવા મળે છે.

### ➪ ડબ્બાઓ ઉપર લેબલીંગ :–

ગૃહવ્યવસ્થાના એક ભાગ તરીકે સમય અને શકિત એ બંન્ને મહત્વની બાબત છે. ગૃહિણીઓનો સમય અને શકિત બચે તેના માટે સામાન્ય રીતે ગૃહિણીઓ ડબ્બા ઉપર વિવિધ ચીજવસ્તુઓના સંદર્ભમાં યોગ્ય રીતે લેબલીંગ કરતી હોય છે. આ બાબતની એક સુવિધા એ પણ રહે છે કે અજાણી વ્યકિતને કોઈક વખત રસોઈ કરવાની હોય તો ડબ્બા ઉપર લેબલીંગ હોવાથી વ્યકિતને વિવિધ કાર્યમાં અને રસોઈ બનાવવામાં સરળતા રહે છે.

**કોષ્ટક નં. ૬.૩૫**

**"ડબ્બાઓ ઉપર લેબલીંગ છે ? તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૪ | ૧૧% |
| ૨ | ના | ૧૧૧ | ૮૯% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટક પરથી સામાન્ય રીતે એવું તારણ નીકળે કે ગૃહિણીઓમાં ગૃહવ્યવસ્થાના સંદર્ભમાં યોગ્ય વૈજ્ઞાનિક જ્ઞાનનો અભાવ દેખાઈ આવે છે. ૧૧૧ ઉત્તરદાતાઓ લેબલીંગ કરતા નથી. આ બાબતના સંદર્ભમાં કેટલીક ગૃહિણીઓએ એવો જવાબ આપેલો કે અમે ચોક્કસ ડબ્બામાં જ ચોક્કસ વસ્તુઓ મૂકીએ છીએ તેથી લેબલીંગની જરૂર નથી. ઘણી ગૃહિણીઓએ એમ પણ જણાવ્યું કે રસોડામાં કાચની વસ્તુઓ રાખીએ છીએ જેથી લેબલીંગની આવશ્યકતા રહેતી નથી.

### ➪ રસોડામાં પાણી તથા કચરાના નિકાલની વ્યવસ્થા :–

આધુનિક સમયમાં રસોડામાં પાણી અને કચરાના નિકાલની વ્યવસ્થા અનિવાર્ય રીતે કરવામાં આવે છે. કેટલાક નગરોમાં આ અંગેના ચોક્કસ નિયમો પણ છે. લોકો સ્વચ્છતા અને પોતાના સ્વાસ્થ્ય પરત્વે સભાન થયા છે. યોગ્ય રીતે જો પાણીનો અને કચરાનો નિકાલ કરવામાં ન આવે તો ઘરમાં અને વિશેષ કરીને રસોડામાં ભેજ છવાયેલો રહે છે. અને વસ્તુઓ બગડી જાય છે. સાથોસાથ ચીજવસ્તુઓમાં જીવાત થવાની શકયતાઓ પણ રહે છે. ગૃહિણી મોટાભાગનો સમય રસોડામાં પસાર કરે છે તેથી અહિં ગંદી હવા શ્વાસમાં ન જાય અને શ્વસનતંત્રને લગતા રોગોનો ઉદ્દભવ ન થાય તેની કાળજી રાખવામાં આવે છે.

**કોષ્ટક નં. ૬.૩૬**

**"રસોડામાં પાણી તથા કચરાના નિકાલની વ્યવસ્થા છે તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૧૯ | ૯૫% |
| ૨ | ના | ૦૬ | ૦૫% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

પ્રસ્તુત શોધ નિબંધમાં ઉત્તરદાતાઓના ઉત્તર પરથી જાણવા મળે છે કે ૧૧૯ ઉત્તરદાતાઓના રસોડામાં અને ઘરમાં પાણી અને કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા રાખવામાં આવે છે. જે બાબત સૂચિત કરે છે કે ગૃહિણીઓ અને ઘરના અન્ય સભ્યો સ્વચ્છતા અને સ્વાસ્થ્ય તરફ જાગૃત બનેલા છે. જ્યારે ૬ ઉત્તરદાતાઓના રસોડામાં આ પ્રકારની ચોક્કસ વ્યવસ્થાનો અભાવ જોવા મળે છે. આ પ્રકારનો અભાવ જૂના મકાનોમાં તો કયારેક ખૂબ જ નાના મકાનોમાં જોવા મળે છે. કેટલાક ભાડાના મકાનોમાં માત્ર એક ભાગનો જ રસોડા તરીકે ઉપયોગ કરવામાં આવેલો હતો. તેથી ત્યાં આવી ચોક્કસ વ્યવસ્થાનો અભાવ જોવા મળતો હતો.

### ➪ રસોડાની પાછળ કે આસપાસ કિચન ગાર્ડન :–

પ્રસ્તુત શોધ–નિબંધમાં મોટાભાગના ઉત્તરદાતાઓ ફલેટમાં કે ડુપ્લેકસમાં અથવા તો ભાડાના મકાનમાં રહે છે. ખૂબ જ ઓછી સંખ્યામાં ઉત્તરદાતાઓ બંગલાઓ ધરાવે છે. તેથી રસોડાની પાછળ કે આસપાસ કિચનગાર્ડનની વ્યવસ્થા ધરાવતા ઘણા જ ઓછા ઉત્તરદાતા છે.

**કોષ્ટક નં. ૬.૩૭**

**"રસોડાની પાછળ કે આસપાસ કિચન ગાર્ડન છે તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૪ | ૧૧% |
| ૨ | ના | ૧૧૧ | ૮૯% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

૧૨૫ ઉત્તરદાતાઓમાંથી માત્ર ૧૪ ઉત્તરદાતાઓ જ આ પ્રકારની વ્યવસ્થા ધરાવે છે. જ્યારે ૧૧૧ ઉત્તરદાતાઓ આવી સગવડ ધરાવતા નથી. ઉત્તરદાતાઓને આ પ્રકારની હરિયાળીનો કે બગીચાનો શોખ હોય છે. પરંતુ કરકસરયુકત સ્વભાવ અને જગ્યાના અભાવના કારણે તેઓ પોતાના ફલેટમાં કે ડુપ્લેકસમાં કિચનગાર્ડન બનાવી શકતા નહોતા. કેટલાક ઉત્તરદાતાઓ જીવન જરૂરિયાતની રસોઈની વસ્તુ જેવી કે કોથમીર, મીઠો લીમડો, મેથીની ભાજી જેવી વસ્તુઓ કુંડામાં ઉગાડીને પોતાનો શોખ પૂરો કરતા જોવા મળ્યા છે. કિચનગાર્ડન તે ઉત્તરદાતાઓની સગવડતા, શોખ અને જરૂરિયાત પર આધારિત રહે છે.

### ➪ રસોડામાં વાસણોનો ઉપયોગ :–

વર્તમાન સમયમાં રસોડામાં ઉપયોગી વાસણોમાં અનેક પ્રકારનું વૈવિધ્ય જોવા મળે છે. જુદી–જુદી ધાતુઓમાંથી વાસણો બનાવીને ગૃહઉપયોગમાં લેવામાં આવે છે. વાસણોના ઉપયોગમાં રિવાજ અંતર્ગત અમુક ચોક્કસ પ્રકારના મૂલ્યો અને પરંપરાઓ જળવાઈ રહેલી જોવા મળે છે. વાસણોના ઉપયોગમાં એવું પણ જોવા મળે છે કે કેટલીક જ્ઞાતિઓમાં હજુ પણ કાંસા અને પીત્તળના વાસણોનો ઉપયોગ થતો હોય છે. તેવી જ રીતે મુસ્લીમ સંપ્રદાયમાં કે નિમ્ન જ્ઞાતિઓમાં એલ્યુમિનિયમના વાણસોનો વધારે પ્રમાણમાં ઉપયોગ થતો જોવા મળે છે. જ્યારે ઉચ્ચ જ્ઞાતિમાં ઓછો ઉપયોગ જોવા મળે છે. ઉત્તરદાતાઓની પ્રત્યક્ષ મુલાકાતમાં મધ્યમ દરજ્જાની જ્ઞાતિઓમાં આજે પણ કાંસાના અને પીત્તળના વાસણોનું મહત્વ જળવાઈ

રહેલું છે. અહિં નોંધપાત્ર વિગત એ છે કે જે કુટુંબો પાસે પરંપરાગત રીતે આવા વાસણો હતા તેવા કુટુંબોમાં આ પ્રકારના વાસણોનો વધુ ઉપયોગ થતો હતો.

પ્રસ્તુત શોધ–નિબંધમાં ઉત્તરદાતાઓ જે જુદી–જુદી ધાતુઓના વાસણનો ઉપયોગ કરતા જોવા મળ્યા છે. તેની વિગતો નીચે મુજબ છે.

**કોષ્ટક નં. ૬.૩૮**

**"રસોડામાં વાસણોનો ઉપયોગ દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | સ્ટીલના | ૧૧૨ | ૪૪% |
| ૨ | એલ્યુમિનિયમના | ૨૭ | ૧૧% |
| ૩ | પીત્તળના | ૨૮ | ૧૧% |
| ૪ | કાંસાના | ૦૪ | ૦૨% |
| ૫ | કાચના | ૬૯ | ૨૭% |
| ૬ | અન્ય | ૧૪ | ૦૬% |
| કુલ | | ૨૫૪ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટક પરથી એમ કહી શકાય કે ૧૧૨ ઉત્તરદાતાઓ સ્ટીલના વાસણોનો ઉપયોગ કરે છે. વાસણોના સંદર્ભમાં એમ કહી શકાય કે ઉત્તરદાતાઓમાં એક વિશિષ્ટ પ્રકારની સમાનતા જોવા મળે છે. વર્તમાન સમયમાં મોટાભાગના લોકો સ્ટીલની ધાતુવાળા વાસણોમાં રસોઈ કરે છે. આ પ્રકારની ચોક્કસ ધાતુઓ કિંમતમાં સસ્તી હોય છે. અને તેમાં સફાઈ પણ ઝડપથી થઈ શકે છે. સાથોસાથ તેનો દેખાવ પણ આકર્ષક હોવાને કારણે લોકો આ પ્રકારના વાસણોનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં કરે છે. ૨૭ ઉત્તરદાતાઓ એલ્યુમિનિયમના વાસણોનો ઉપયોગ કરતા જોવા મળે છે. ભારતીય સમાજ વ્યવસ્થામાં આર્થિક રીતે નિમ્ન દરજ્જો ધરાવતા અને વિશેષ કરીને મુસ્લીમ ધર્મના લોકો મોટેભાગે એલ્યુમિનિયમના વાસણોનો ઉપયોગ કરે છે. ૨૮ ઉત્તરદાતાઓ પીત્તળના અને ૧૩ ઉત્તરદાતાઓ કાંસાના વાસણનો ઉપયોગ કરે છે. આ બાબત પરથી એમ કહી શકાય કે જે કુટુંબોમાં પરંપરાગત જીવનશૈલી પ્રમાણેની જીવન પધ્ધતિ હતી ત્યાં લોકો આવા વાસણોનો ઉપયોગ કરતા હતા. આવા વાસણો સામાન્ય રીતે વારસાગત રીતે તેઓને મળેલા હતા. અને તેથી જ રોજબરોજના જીવનમાં તેઓ આવા વાસણોનો ઉપયોગ કરતા હતા. જો કે આવા વાસણોની ચોખ્ખાઈ અને કાળજી મહેનત માંગી લે છે. જે કુટુંબોમાં ગૃહિણીઓ નોકરો ઉપર આધારિત હતી. તેમાં આવા વાસણોનો ઉપયોગ કરવાનું ઈચ્છનીય ગણાતું નથી. કેટલાક શ્રીમંત કુટુંબોમાં દરજ્જા અને ફેશનના પ્રતિક તરીકે કાંસાના અને પીત્તળના વાસણોનો ઉપયોગ જોવામાં આવે છે. આરોગ્યના સંદર્ભમાં તે જરૂરી માનવામાં આવે છે. ૬૯ ઉત્તરદાતાઓ કાચના વાસણોનો ઉપયોગ કરતાં જોવા મળેલ છે. સ્ટીલની માફક કાચના વાસણો પણ સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા વાસણો છે. કાચ સાફ

કરવામાં સરળ છે. પરંતુ તેના ઉપયોગમાં ઘણી જ કાળજી રાખવી પડે છે. જે ગૃહિણીઓ આવી કાળજી લઈ શકે છે તેઓ કાચના વાસણોનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરતા હોય છે. જે કુટુંબોમાં નાના બાળકો ન હોય ત્યાં કાચના વાસણોનો ઉપયોગ કરવામાં આવે છે. અન્ય ૧૪ ઉત્તરદાતાઓ વિવિધ પ્રકારની ધાતુઓના વાસણોને ઉપયોગમાં લે છે. જેમાં તાંબુ, મોલીમાઈન, ઝરમન જેવી ધાતુઓના વાસણોનો રસોડામાં ઉપયોગ કરવામાં આવે છે.

### ➪ જમવાની બેઠક વ્યવસ્થા :–

પ્રસ્તુત બાબત શોધ–નિબંધમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓના જીવનના સંદર્ભમાં સંબંધિત છે. તેથી તેઓના જીવનના દરેક પાસાંઓને તપાસવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. રસોડું અને રસોડાની વ્યવસ્થાની સાથોસાથ સંકળાયેલી મુખ્ય બાબત તે જમવાની બેઠક વ્યવસ્થા છે. પરંપરાગત રીતે ભારતીય સમાજમાં કુટુંબના બધા જ સભ્યો સાથે નીચે બેસીને ભોજન કરતા હતા. આ પ્રથા હજુ પણ આપણા સમાજમાં ટકી રહી છે.

**કોષ્ટક નં. ૬.૩૯**

**‘‘જમવાની બેઠક વ્યવસ્થા કયા પ્રકારની છે તે દર્શાવતું કોષ્ટક’’**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ભારતીય | ૪૩ | ૩૪% |
| ૨ | પાશ્ચાત્ય | ૬૯ | ૫૫% |
| ૩ | બંન્ને પ્રકારની | ૧૩ | ૧૧% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટક મુજબ ૪૩ ઉત્તરદાતાઓ આજે પણ ભારતીય બેઠક મુજબ જ ભોજન કરતા હતા. આ પ્રથા હજુ પણ આપણા સમાજમાં ટકી રહેલી જોવા મળે છે. ભોજન વ્યવસ્થામાં પશ્ચિમી પધ્ધતિના વાયરા પ્રમાણે ૬૯ ઉત્તરદાતાઓ પ્રાશ્ચાત્ય શૈલી (ડાઈનિંગ ટેબલ) પ્રમાણે ભોજન લે છે. જ્યારે ૧૩ ઉત્તરદાતાઓ અનુકૂળતા પ્રમાણે ભોજન વ્યવસ્થાનું આયોજન કરે છે. ટેબલ, ખુરશી પર ભોજન લેવાની વ્યવસ્થાથી સુગમતા જળવાઈ રહે છે તેમજ ગૃહિણીનો સમય અને શકિતનો બચાવ થાય છે. સાથોસાથ વર્તમાન સમયમાં ગૃહિણીઓ જે પ્રકારનો પોશાક પહેરે છે તેમાં પણ પશ્ચિમી જીવનશૈલીની ભોજન વ્યવસ્થા વધુ અનુકૂળ, લોકપ્રિય બનતી જાય છે. કેટલાક કુટુંબોમાં ખાદ્ય પદાર્થ અનુસાર ભોજનની વ્યવસ્થા ગોઠવવામાં આવતી હોય છે.

ઉપર્યુકત બાબત પરથી એમ કહી શકાય કે ભોજન વ્યવસ્થામાં પશ્ચિમની શૈલીને સ્વીકારવામાં આવી છે. પરંતુ ભારતીય અને પરંપરાગત શૈલી પણ હજુ ટકી રહી છે.

### ➪ ઘરમાં બેઠક રૂમનું માપ :–

પ્રસ્તુત શોધ–નિબંધમાં મોટાભાગના ઉત્તરદાતાઓ ફલેટમાં કે ડુપ્લેકસમાં રહે છે.

તેથી મધ્યમ કદના બેઠક રૂમ ધરાવતા ઉત્તરદાતાઓ વિશેષ જોવા મળે છે. કેટલાક લોકો ભાડાના મકાનમાં રહે છે. તેમની પાસે નાનો બેઠક રૂમ હોય છે. જ્યારે જે ઉત્તરદાતાઓ બંગલામાં રહે છે. તેઓ મોટો બેઠક રૂમ ધરાવે છે. જે બાબત નીચે પ્રમાણેના કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે.

**કોષ્ટક નં. ૬.૪૦**

**''બેઠક રૂમની સાઈઝ દર્શાવતું કોષ્ટક''**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | નાનો | ૧૩ | ૧૦% |
| ૨ | મધ્યમ | ૯૮ | ૭૮% |
| ૩ | મોટો | ૧૪ | ૧૨% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

પ્રસ્તુત શોધ–નિબંધમાં જે લોકોની આર્થિક આવક ઓછી હતી તેમજ મકાન ખૂબ જ નાના હતા, તેમાંના ૧૩ ઉત્તરદાતાઓ પાસે બેઠક રૂમ ખૂબ જ નાનો હતો. જ્યારે જે ઉત્તરદાતાનો સમાવેશ મધ્યમ વર્ગમાં થતો હતો અને જેઓએ લોન મેળવીને પોતાનું મકાન ખરીદેલું છે. તેવા ઉત્તરદાતાઓ પાસે મધ્યમ કક્ષાનો બેઠક રૂમ જોવા મળે છે. જ્યારે જે લોકો ગામની બહાર વિશાળ જમીનમાં મકાન ધરાવતા હતા. અથવા તો આર્થિક રીતે સધ્ધર હતા, તે માંહેના ૧૪ ઉત્તરદાતાઓ પાસે વિશાળ બેઠક રૂમ જોવા મળેલો હતો.

**➪ બેઠક રૂમમાં બેઠક વ્યવસ્થા :–**

બેઠમ રૂમના કદની સાથોસાથ બેઠક વ્યવસ્થા સંકળાયેલી છે. મોટાભાગના ઉત્તરદાતાઓ ફલેટ કે ડુપ્લેકસમાં રહે છે. તેથી તેમને ત્યાં ભારતીય સ્વરૂપની બેઠક વ્યવસ્થા જોવા મળે છે. કારણ કે તેમનો બેઠક રૂમ પ્રમાણમાં મર્યાદિત કદનો હોય છે. જે ઉત્તરદાતાઓ બંગલામાં કે મોટા મકાનોમાં રહેતા હતા, તેઓને ત્યાં પાશ્ચાત્ય સ્વરૂપની બેઠક વ્યવસ્થા રાખવામાં આવેલી હતી. કારણ કે તેઓની પાસે મોટા કદનો વ્યવસ્થિત બેઠક રૂમ હતો. જ્યારે જે ઉત્તરદાતાઓ પાસે નાનો બેઠક રૂમ હતો, તે ઉત્તરદાતાઓ ભાડાના મકાનમાં રહેતા હતા. આ પ્રકારના ઉત્તરદાતાઓમાં તેવો હંગામી ધોરણે જુદા–જુદા પ્રકારની બેઠક વ્યવસ્થા ધરાવતા હતા. જે બાબત નીચેના કોષ્ટક પરથી જોવા મળે છે.

**કોષ્ટક નં. ૬.૪૧**

**''બેઠક રૂમની વ્યવસ્થા કેવા પ્રકારની છે તે દર્શાવતું કોષ્ટક''**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ભારતીય | ૬૯ | ૪૫% |
| ૨ | પાશ્ચાત્ય | ૫૬ | ૩૭% |
| ૩ | અન્ય | ૨૮ | ૧૮% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત માહિતીને આધારે કહી શકાય કે પાશ્ચાત્ય સ્વરૂપની બેઠક વ્યવસ્થા ધરાવનાર બેઠક રૂમ જેમની પાસે હોય તેવા ઉત્તરદાતાની સંખ્યા પ્રમાણમાં ઘણી ઓછી જોવા મળે છે. તેનું મુખ્ય કારણ એ હોય શકે કે ઉત્તરદાતાઓ પાસે ડુપ્લેકસ અને ફલેટ ટાઈપના મકાનો વધારે હોય છે. તેથી ભારતીય સ્વરૂપની બેઠક વ્યવસ્થા વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. જે લોકો ભાડાના મકાનમાં અથવા તો ખૂબ નાના મકાનમાં રહેતા હતા. તેઓ અલગ પ્રકારની અને હંગામી વ્યવસ્થા ધરાવતા હતા. ભાડાના મકાનમાં રહેતા લોકો આ પ્રકારની હંગામી વ્યવસ્થા ધરાવતા હતા. સામાન્ય રીતે જેઓ નાના મકાનમાં રહેતા હોય તેઓ ભારતીય બેઠક વ્યવસ્થા ધરાવતા હતા. એવી જ રીતે જે ઉત્તરદાતાઓ બંગલાઓમાં રહેતા હતા કે જેમાં સામાન્ય રીતે ફિકસ ફર્નીચર ન હતું. ત્યાં ફેરફારો માટે બેઠક વ્યવસ્થા બદલાવવામાં આવતી હતી. બંગલામાં વસવાટ કરનાર ઉત્તરદાતાઓ પોતાના ફર્નીચરને અને બેઠક વ્યવસ્થાને સમય અને અનુકૂળતા પ્રમાણે બદલાવતા હતા.

## ➯ ઘરમાં કયા પ્રકારનું ફરનીચર :–

વર્તમાન સમયમાં બજારમાં વિવિધ પ્રકારના ફરનીચરો ઉપલબ્ધ હોય છે. લોકો પોતાની આર્થિક પરિસ્થિતિ, પોતાનો રસ અને શોખ અનુસાર જુદા–જુદા પ્રમાણમાં જુદા–જુદા પ્રકારના ફરનીચર વસાવતા હોય છે. ખાસ કરીને જેઓએ ફિકસ ફરનીચર વસાવેલું હતું, તેઓ લાકડાનું ફરનીચર વધારે પ્રમાણમાં પસંદ કરતા હતા. જ્યારે જેઓને પોતાનું ઘર વારંવાર બદલાવવાની જરૂર ઊભી થતી હતી. તેવા ઉત્તરદાતાઓ નેતરનું કે પ્લાસ્ટિકનું ફરનીચર વધું પસંદ કરતા હતા. જે ઉત્તરદાતાઓમાં આર્થિક સક્ષમતા જોવા મળેલી હતી. તેઓ પોતાને ત્યાં સ્ટીલનું ફરનીચર વસાવવાનું પસંદ કરતા હતા. ડુપ્લેક્ષમાં કે જ્યાં ફરનીચર ફેરફાર કરવાનો અવકાશ રહેલો ન હતો ત્યાં લોખંડનું ફરનીચર પસંદગી પામેલું જોવા મળે છે. આ ઉપરાંત ગાર્ડન માટે કે મકાનમાં મર્યાદિત ઉપયોગ માટે પણ નેતરનું, વાંસનું કે દોરીના ફરનીચરની પસંદગી કરવામાં આવતી હોય છે. ફરનીચરના પ્રકારની માહિતી નીચે પ્રમાણેના કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે.

**કોષ્ટક નં. ૬.૪૨**

**“ઘરમાં કયા પ્રકારનું ફરનીચર છે તે દર્શાવતું કોષ્ટક”**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | લાકડાનું | ૮૧ | ૬૫% |
| ૨ | નેતરનું | ૦૦ | ૦૦% |
| ૩ | પ્લાસ્ટિકનું | ૨૯ | ૨૩% |
| ૪ | લોખંડનું | ૧૫ | ૧૨% |
| ૫ | સ્ટીલનું | ૦૦ | ૦૦% |
| ૬ | અન્ય | ૦૦ | ૦૦% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટક પરથી મોટાભાગના મધ્યમવર્ગના ઉત્તરદાતાઓ જોવા મળે છે. ૮૧ ઉત્તરદાતાઓ લાકડાના ફરનીચરનો ઉપયોગ કરતા હોય તેવું જોવા મળેલ છે. જે ઉત્તરદાતાઓ વારંવાર ફેરફાર કરતા હોય તેઓમાં પ્લાસ્ટિકના ફરનીચરનો ઉપયોગ કરવામાં આવે છે. તેવા ઉત્તરદાતાઓની સંખ્યા ૨૯ ની છે. જ્યારે ૧૫ ઉત્તરદાતાઓ લોખંડના ફરનીચરનો ઉપયોગ કરતા જોવા મળ્યા છે.

**ગૃહસજાવટમાં માનો છો :–**

અભ્યાસના સંદર્ભમાં 'ગૃહ સજાવટમાં માનો છો' તે અંતર્ગત ઉત્તરદાતાઓ પાસેથી માહિતી મેળવવામાં આવી હતી. સમકાલીન સમયમાં સામાન્ય રીતે કોઈપણ પ્રકારનું મકાન હોય, કદ પણ નાનું અથવા મોટું હોય તેમ છતાં દરેક કુટુંબની ગૃહિણી ગૃહસજાવટમાં માને છે, કરે છે, આજે જેને ઝુપડાં કહી શકાય એ મકાનમાં તેઓ પોતાની રીતે સજાવટ કરે છે. ઉત્તરદાતા દ્વારા ઉપર્યુકત બાબતના ઉત્તરના સંદર્ભમાં રજૂ થયેલી આંકડાકીય માહિતી નીચે પ્રમાણે છે.

**કોષ્ટક નં. ૬.૪૩**

**"ગૃહસજાવટમાં માનો છો તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૯૭ | ૭૮% |
| ૨ | ના | ૨૮ | ૨૨% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |




ઉત્તરદાતા સાથેની ચર્ચા પ્રમાણે વર્તમાન સમયમાં ગૃહસજાવટ એ સજાવટ નહિ પરંતુ ઘરની જરૂરિયાત, ગૃહિણીનો શોખ, કુટુંબના સભ્યોની ભાગીદારીને વ્યકત કરે છે. આ ઉપરાંત સજાવટમાં સંચાર માધ્યમોની એક વિશિષ્ટ ભૂમિકા જોવા મળે છે. ગૃહસજાવટ સાથે કુટુંબના સભ્યો, પર્યાવરણ, સ્વચ્છતા, રિધ્ધી–સિધ્ધી જેવા પાસાંઓ જોડાયેલા છે.

**૬.૩૭ ગૃહસજાવટના સંદર્ભમાં :–**

ગૃહસજાવટ ગૃહિણી પોતાની આંતર–સૂઝથી પણ કરતી જોવા મળે છે. જ્યારે આધુનિક સમયમાં સજાવટનાં નિષ્ણાંતો દ્વારા કરવામાં આવે છે. આજે વાસ્તુશાસ્ત્રને ધ્યાનમાં રાખીને ગૃહસજાવટ કરવામાં આવે છે. આમ ગૃહસજાવટ ગૃહિણીનો શોખ, આવક, કુટુંબના સભ્યોનો સહકાર, મકાનનું કદ જેવા અનેક પાસાંઓ ઉપર આધારિત છે.

**કોષ્ટક નં. ૬.૪૪**

**"ગૃહસજાવટમાં તમે શું કાળજી રાખો છો દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | સજાવટનાં સિધ્ધાંતોને ધ્યાનમાં રાખો છો | ૦૩ | ૦૩% |
| ૨ | નિષ્ણાંતો દ્વારા સજાવટ કરાવો છો ૦૪ | ૦૪% | |
| ૩ | ફર્નિચરની ગોઠવણી, સંભાળ અને સફાઈમાં કાળજી રાખો છો | ૮૦ | ૮૩% |
| ૪ | નાણાંકીય સગવડતાને ધ્યાનમાં રાખો છો | ૧૦ | ૧૦ |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપરોકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં ૯૭ ઉત્તરદાતાઓ ગૃહસજાવટમાં માને છે તેવો જવાબ આપ્યો છે. જેનો આનુષાંગિક સવાલ ઉદ્‌ભવે છે કે સજાવટ માટેની કાળજી, સજાવટનું વ્યવસ્થાપન કેવી રીતે કરો છો. સજાવટનાં ચોક્કસ સિધ્ધાંતોને ધ્યાનમાં રાખીને માત્ર ૦૩% ઉત્તરદાતાઓ સજાવટ કરે છે. જ્યારે ૦૪ ઉત્તરદાતાઓ નિષ્ણાંતો દ્વારા સજાવટ કરાવે છે. જ્યારે ૧૦% ઉત્તરદાતાઓ નાણાંકીય સગવડતાને ધ્યાનમાં રાખીને સજાવટ કરે છે.

હજુ પણ જેટલો જોઈએ એટલો સજાવટનાં સંદર્ભમાં નિષ્ણાંતોની સલાહ લેવાનો પ્રવાહ શરૂ થયેલ નથી, પરવડે તેમ પણ નથી. સજાવટનાં સંદર્ભમાં વિવિધ માધ્યમોના સહારાથી ગૃહસજાવટ સુંદર રીતે થઈ શકે છે. પરંપરાગત અને આધુનિક તેમ બંન્ને પ્રકારની ગૃહ સજાવટ ઉત્તરદાતાના ઘરમાં જોવા મળી છે. ૮૦ ઉત્તરદાતાઓની કે જેની સંખ્યા બહુમતીમાં છે. તેઓ માને છે કે ફર્નીચરની યોગ્ય ગોઠવણી, રોજબરોજની સંભાળ, તેની યોગ્ય રીતે સફાઈ, આ બાબત જે યોગ્ય રીતે નિયમિત કરવામાં આવે તો તે પણ ગૃહ સજાવટનો એક ભાગ છે. ૮૦ ઉત્તરદાતાઓએ ઉપર્યુકત બાબતમાં સમર્થન આપેલું છે.

## ૬.૩.૩ અનાજ–કઠોળની સાચવણી :–

**કોષ્ટક નં. ૬.૪૫**

**“તમે અનાજ–કઠોળ સિઝનમાં ખરીદો છો તે દર્શાવતું કોષ્ટક”**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૦૭ | ૮૬% |
| ૨ | ના | ૧૮ | ૧૪% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |




ઉપર્યુકત કોષ્ટકમાં ૧૦૭ ઉત્તરદાતાઓ અનાજ અને કઠોળ સિઝનમાં ખરીદવાનું પસંદ કરે છે. જ્યારે ૧૮ ઉત્તરદાતાઓ સિઝનમાં ખરીદવાને મહત્વનું ગણતા નથી.

ઉપરોકત કોષ્ટકમાં ૧૦૭ ઉત્તરદાતાઓ અનાજ અને કઠોળ સિઝનમાં ખરીદવાનું પસંદ કરે છે. તેના માટે નીચેના કારણો દર્શાવે છે. જે કોષ્ટક ૩૮.૧ ઉપરથી આંકડાકીય માહિતી પ્રાપ્ત થશે.

**કોષ્ટક નં. ૬.૪૫.૧**

**“શા માટે અનાજ–કઠોળ સિઝનમાં ખરીદો છો તે દર્શાવતું કોષ્ટક”**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | સસ્તુ પડે છે | ૮૦ | ૭૫% |
| ૨ | જોઈએ ત્યારે મળી રહે | ૨૦ | ૧૯% |
| ૩ | અન્ય કારણોસર | ૦૭ | ૦૬ |
| કુલ | | ૧૦૭ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટકના આધારે ૭૫% ઉત્તરદાતાઓ માને છે કે વસ્તુ સિઝનમાં સસ્તી પડે છે. તેમજ તે દરમિયાન નોકરી કરતાં હોઈએ એટલે સિઝનની વસ્તુ ભરવાની લોન પણ

મળે છે. અને લોનના પૈસા પગારમાંથી કપાય એટલે બીજી કોઈ અગવડતા રહેતી નથી. જ્યારે ૧૯% ઉત્તરદાતાઓનું માનવું હતું કે વસ્તું જ્યારે જોઈએ ત્યારે મળી રહે, બજારમાં તાત્કાલિક લેવા જવું પડે નહિ. અને સમયનો બચાવ થાય અને શકિત પણ બચે તેવું માનવું હતું. જ્યારે ૬% ઉત્તરદાતાઓ અન્ય કારણોમાં જણાવતા હતા કે પૈસા હોય ત્યારે વસ્તું ખરીદી લેવાથી વર્ષનું બજેટ બનાવવાનો ખ્યાલ આવે છે. કરીયાણામાં કેટલો ખર્ચ થશે વિગેરે કારણો જણાવ્યા હતા.

➩ **અનાજ અને કઠોળની સાચવણી :–**

અનાજ અને કઠોળની સાચવણીના સંદર્ભમાં પ્રશ્નો પૂછવામાં આવ્યા છે, ખાસ કરીને વર્તમાન સમયમાં જ્યારે બજાર અને ખાદ્ય પદાર્થોની બાબતમાં ખાસ્સું પરિવર્તન આવેલું છે. માર્કેટના વિવિધ સ્વરૂપો જોવા મળે છે ત્યારે અનાજ અને કઠોળની બાબતમાં ગૃહિણી હજુ પરંપરાગત વલણ ધરાવે છે કે તેમાં પણ પરિવર્તન આવ્યું છે તે બાબતને કેન્દ્ર સ્થાને રાખીને પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

**કોષ્ટક નં. ૬.૪૬**

**"અનાજ અને કઠોળની સાચવણી કેવી રીતે કરો છો તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | દિવેલ લગાવીને | ૮૦ | ૭૫% |
| ૨ | બોરીક પાવડર નાંખીને | ૦૬ | ૦૬% |
| ૩ | પારાની ગોળી, થેપલી બનાવીને | ૧૦ | ૦૯% |
| ૪ | લીમડો અને રાખ નાંખીને | ૧૧ | ૧૦% |
| કુલ | | ૧૦૭ | ૧૦૦% |




ઉપર્યુકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં જણાય છે કે અનાજની જાળવણીના સંદર્ભમાં હજુ પણ દિવેલ લગાવીને ૭૫% ઉત્તરદાતાઓ ગૃહિણીઓ અનાજની જાળવણી કરે છે. જે હજુ

પરંપરાનું વલણ દર્શાવે છે. જ્યારે બોરીક પાવડરનો ૦૬ ઉત્તરદાતાઓ ઉપયોગ કરે છે. તે ઉપરાંત પારાની ગોળી કે થેપલીનો ઉપયોગ ૦૯ ઉત્તરદાતાઓ કરે છે. લીમડો અને રાખ નાંખીને ૧૦% ઉત્તરદાતાઓ અનાજને સાચવે છે.

જો કે પારાનો ઉપયોગ કે બોરીક પાવડરનો ઉપયોગ ખૂબ જ સાવચેતી માંગી લે છે, આ સાવચેતી ન રાખવામાં આવે તો કયારેક જોખમી બની રહે છે. તેથી સામાન્ય રીતે ગૃહિણી તેનાથી મોટે ભાગે દૂર રહે છે.

એક બાબત સ્પષ્ટ છે કે ગૃહિણીઓ આ બાબતમાં સંપૂર્ણપણે સભાન છે અને તેનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. જેથી અનાજ વર્ષ દરમ્યાન જળવાય રહે છે. સમગ્ર કુટુંબના સભ્યોને જાળવણીવાળું અનાજ મળી રહે છે.

**⇨ સિઝન પ્રમાણે શાકભાજી અને ફળની ખરીદી :–**

શાકભાજી અને ફળ એ સામાન્ય રીતે રોજિંદી જરૂરિયાતનો એક ભાગ છે. શાકભાજી અને ફળ હવે તમામ સિઝનમાં મળે છે. હવે મોલની સંસ્કૃતિમાં આ ખરીદી વધુ સુવિધાપૂર્ણ બની રહે છે. આ ઉપરાંત ફ્રીઝ જેવા ઉપકરણો સામાન્ય બની રહ્યા છે. ઉપર્યુકત સવાલના પ્રત્યુત્તરમાં નીચે મુજબના ઉત્તરો જોવા મળેલ છે.

**કોષ્ટક નં. ૬.૪૭**

**"સિઝન પ્રમાણે શાકભાજી અને ફળ ખરીદો છો તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૧૧ | ૮૯% |
| ૨ | ના | ૧૪ | ૧૧% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટકમાં ૮૯% ઉત્તરદાતાઓ સિઝનમાં શાકભાજી અને ફળ ખરીદે છે. જ્યારે ૧૧% ઉત્તરદાતાઓ સિઝનમાં ખરીદતા નથી. જે ઉત્તરદાતાઓ સિઝનમાં શાકભાજી અને ફળ ખરીદે છે તે માટેના કારણો નીચેના કોષ્ટક ઉપરથી જાણવા મળે છે.

**કોષ્ટક નં. ૬.૪૮**

**"શા માટે સિઝન પ્રમાણે શાકભાજી અને ફળ ખરીદો છો તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | સસ્તા પડે છે | ૭૦ | ૬૩% |
| ૨ | આજુબાજુમાંથી સરળતાથી મળી રહે છે | ૨૦ | ૧૮% |
| ૩ | સિઝનમાં પૌષ્ટિકતા સારી હોય છે | ૨૧ | ૧૯% |
| ૪ | અન્ય | ૦૦ | ૦૦% |
| કુલ | | ૧૦૭ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટક તપાસતા જણાય છે કે ૬૩% ઉત્તરદાતાઓ સિઝનમાં શાકભાજી અને ફળ સસ્તા પડે છે માટે ખરીદે છે. જ્યારે ૧૮% ઉત્તરદાતાઓને સિઝનમાં આજુબાજુમાંથી સરળતાથી મળી રહે છે. જ્યારે ૧૯% ઉત્તરદાતાઓ સિઝનમાં પૌષ્ટિકતા સારી હોય છે માટે ખરીદે છે.

આ ઉપરથી કહી શકાય કે હજી ગૃહિણીઓને સિઝનમાં ફળ અને શાકભાજીમાં પૌષ્ટિકતાનું પ્રમાણ વધારે હોય છે તેની જાણ નથી. પરંતુ સ્ત્રી સહજ સ્વભાવથી તેઓ સિઝનમાં ફળ અને શાકભાજી ખરીદે છે.

અહિંયા ૧૧% ઉત્તરદાતાઓ એવા છે કે જેઓ સિઝનમાં શાકભાજી કે ફળ ખરીદતા નથી અથવા તેની વૈજ્ઞાનિક ઢબે સાચવણી કરતાં નથી. તેના જવાબમાં તેઓએ જવાબ આપેલો જે નીચેના કોષ્ટક પરથી જાણી શકાય છે.

**કોષ્ટક નં. ૬.૪૯**

**"શા માટે સિઝન પ્રમાણે શાકભાજી અને ફળ નથી ખરીદતા તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | બારે માસ મળે છે | ૦૮ | ૫૭% |
| ૨ | ઘરમાં કોઈ ખાય નહિ | ૦૪ | ૨૯% |
| ૩ | બજેટ બહાર જાય | ૦૨ | ૧૪% |
| ૪ | અન્ય | ૦૦ | ૦૦% |
| કુલ | | ૧૪ | ૧૦૦% |

ઉપર્યુકત કોષ્ટકનું વિશ્લેષણ કરતાં જાણવા મળ્યું કે ૫૭% ઉત્તરદાતાઓ બારેમાસ મળે છે માટે સિઝનમાં ખરીદતા નથી અને સંગ્રહ પણ કરતાં નથી. જ્યારે ૨૯% ઉત્તરદાતાઓ જણાવતા હતા કે વિવિધ શાકભાજી કે ફળ ખાવાની ઘરમાં કોઈને ટેવ નથી. જ્યારે ૧૪% ઉત્તરદાતાઓ જેઓ નિમ્ન આર્થિક સ્તર ધરાવતા હતા, તેઓ કહેતા હતા કે રોજ ફળ અને વિવિધ શાકભાજી ખાવા એ અમારા બજેટની બહાર જાય છે.

**કોષ્ટક નં. ૬.૫૦**

**"અથાણાં તથા સુકવણી તેમજ સોસ જેવી વસ્તુ ઘરે બનાવો છો ? તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૧૨ | ૯૦% |
| ૨ | ના | ૧૩ | ૧૦% |
| કુલ | | ૧૨૫ | ૧૦૦% |

ઉપર્યુકત પ્રશ્નમાં ૧૧૨ ઉત્તરદાતાઓ અથાણાં સુકવણી તેમજ સોસ જેવી વસ્તુઓ ઘરે બનાવે છે. આ બાબતનો તાર્તમ્ય એ નિકળે કે હજુ ઉપર્યુકત બાબતોમાં ગૃહિણીઓનું

વર્તન ધરેલું જોવા મળે છે. બજારમાં ઉપર્યુકત બાબતોની અનેકવિધ પ્રોડકટ મળે છે. છતાં ગૃહિણીઓ હજુ ઘર વપરાશમાં વધુ વિશ્વાસ ધરાવે છે. શા માટે ગૃહિણી અથાણાં, સુકવણી અને સોસ જેવી બાબતો ઘરે બનાવવાને પ્રાધાન્ય આપે છે. તે નીચે મુજબના કોષ્ટક પરથી જોવા મળશે.

**કોષ્ટક નં. ૬.૫૧**

**"શા માટે ઘરે બનાવો છો તે દર્શાવતું કોષ્ટક"**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | શોખ છે | ૦૪ | ૦૪% |
| ૨ | સસ્તુ પડે | ૦૨ | ૦૨% |
| ૩ | વસ્તુ સારી મળે | ૯૮ | ૮૮% |
| ૪ | સમય મળે છે | ૦૮ | ૦૬% |
| કુલ | | ૧૧૨ | ૧૦૦% |

ઉપર્યુકત બાબત પરથી સ્પષ્ટ થાય છે કે ૮૮% ઉત્તરદાતાઓ અથાણાં, સુકવણી તેમજ સોસ જેવી બાબતમાં વસ્તુ સારી મળે એટલે કે ગુણવતા જળવાઈ રહે તે બાબતને કેન્દ્ર સ્થાને ગણે છે. સાથોસાથ ઘરમાં આ બાબત અંગેનું વલણ કૌટુંબિક પરંપરાને પણ સુચિતાર્થ કરે છે. જ્યારે શોખ છે તેવા ૪ ઉત્તરદાતાઓ છે. માટે ઘરે બનાવે છે. એ સિવાય ૮ ઉત્તરદાતાઓ એવા હતા કે જેઓને સમય મળે છે માટે ઘરે બનાવે છે.

માત્ર ૪ ઉત્તરદાતાઓ એવા હતા કે જેમને શોખ હતો. ૨ ઉત્તરદાતાઓ એવા જોવા મળ્યા કે તેઓ માનતા હતા કે ઘરે બનાવવાથી સસ્તુ પડે છે. ૮ ઉત્તરદાતાઓને સમય હતો માટે ઘરે બનાવતા હતા. જ્યારે ૯૮ ઉત્તરદાતાઓ એવું માનતા કે ઘરે બનાવવાથી વસ્તું ચોખ્ખી મળે છે એમ માનતા હતા.

જ્યારે ૧૩ ઉત્તરદાતાઓ કે જે વ્યાપક ઉલ્લેખ ધરાવતા નથી. તેથી અપ્રસ્તુત બની રહે છે. ૧૩ ઉત્તરદાતાઓ પાસે સમય નથી, સાથોસાથ બારેમાસ મળી રહે છે અને આ પ્રકારની કડાકૂટ તેમને ગમતી નથી. તેથી અથાણાં, સુકવણી કે સોસ બજારમાંથી ખરીદે છે.

## ૬.૪ ઉપસંહાર :–

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધક દ્વારા અભ્યાસના મહત્વના પાસા કેન્દ્રબિંદુ જેવા ગૃહસંચાલન અને જીવનશૈલી સંબંધિત એકત્રીત કરેલ માહિતીનું વિશ્લેષણ કરી વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે. જેમાં દર્શાવ્યા પ્રમાણે આંતર–જ્ઞાતિય લગ્ન કરેલ ઉત્તરદાતાઓ કરતા આંતર–ધર્મીય લગ્ન કરેલ ઉત્તરદાતાઓને ગૃહ વ્યવસ્થામાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તથા કુટુંબના ધ્યેયો અને મૂલ્યો પણ અલગ–અલગ હોવાથી અનુકૂલન સાધવું પડે છે.

જીવનશૈલીમાં ઘરની રચના, ફર્નિચર, રસોડાની વ્યવસ્થા, રસોઈના સાધનો, ખોરાક, બજેટ અંગેના નિર્ણયો, બચતના માધ્યમો કે તે અંગેના નિર્ણયો આ દરેક બાબતોમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલ ઉત્તરદાતાઓને ઘણી સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અસમાનતા વિવિધતા હોવાને કારણે અનુકૂલન સાધવું પડે છે.

**–: સંદર્ભ સૂચિઃ–**


| | | | |
|---|---|---|---|
| ૧) | નીરા ભટનાગર<br>વાસંતી તુલશ્યાની | ગૃહવ્યવસ્થા | પાના નં. ૨ |
| ૨) | દેવાંગી મહેતા | ગૃહવ્યવસ્થા અને સામાજીક જ્ઞાન | |
| ૩) | એજન | કૌટુંબિક અર્થવ્યવસ્થા | પાના નં. ૭૦ |

# પ્રકરણ – ૭

## કેસ સ્ટડીઝ

૭.૧ પ્રસ્તાવના
૭.૨. આંતર–જ્ઞાતિય લગ્ન O.B.C. / ઉચ્ચ જ્ઞાતિ
૭.૩ આંતર–ધર્મીય લગ્ન O.B.C. / મુસ્લીમ
૭.૪ આંતર–ધર્મીય લગ્ન ઉચ્ચ જ્ઞાતિ / મધ્યમ જ્ઞાતિ
૭.૫ આંતર–જ્ઞાતિય લગ્ન મધ્યમ જ્ઞાતિ / અનુસૂચિતજાતિ
૭.૬ આંતર–ધર્મીય લગ્ન મધ્યમ જ્ઞાતિ / મુસ્લીમ
૭.૭ આંતર–જ્ઞાતિય લગ્ન ઉચ્ચ જ્ઞાતિ / O.B.C.
૭.૮ આંતર–ધર્મીય લગ્ન O.B.C. / જૈન
૭.૯ આંતર–ધર્મીય લગ્ન મધ્યમ / સિંધી
૭.૧૦ આંતર–પ્રાદેશિક લગ્ન ઉચ્ચ જ્ઞાતિ / મરાઠી
૭.૧૧ આંતર–પ્રાદેશિક લગ્ન ઉચ્ચ જ્ઞાતિ / સાઉથ ઈન્ડિયન
૭.૧૨ ઉપસંહાર

# પ્રકરણ – ૭
# કેસ સ્ટડીઝ

## ૭.૧ પ્રસ્તાવના :–

સામાજીક સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે અનેક પ્રયુકતીઓ અને પ્રવિધિઓ જોવા મળે છે. માહિતી એકત્રીકરણના સાધનોનો આધાર સંશોધનનો વિષય, સંશોધનના હેતુઓ, અભ્યાસક્ષેત્ર અને સંશોધનના એકમો ઉપર રહેલો હોય છે. સંશોધનમાં સંખ્યાત્મક અને ગુણાનાત્મક પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં ગુણાનાત્મક પધ્ધતિ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ગુણાનાત્મક પધ્ધતિઓમાં વ્યકિત તપાસ પધ્ધતિ, સમૂહ જૂથ ચર્ચા, ડાયરી તથા ગૌણ દસ્તાવેજો ગણી શકાય. આ અભ્યાસ એ આંતરજ્ઞાતિય અને આંતરધર્મીય લગ્ન કરેલ યુવતિઓની જીવનશૈલી, અનુકૂલન અને ગૃહસંચાલન ઉપરનો હોય પ્રસ્તુત અભ્યાસમાં મુલાકાત અનુસૂચી, નિરીક્ષણ જેવી પ્રયુકતીઓ તથા વ્યકિત તપાસ પધ્ધતિનો માહિતી એકત્રીકરણ માટે ઉપયોગ કરવામાં આવ્યો છે.

કોઈ પણ સ્ત્રીનો દરજ્જો જ્યારે સ્ત્રી પોતાના પિતાને ત્યાં હોય ત્યારે પુત્રી તરીકેનો અલગ હોય છે પરંતુ જયારે લગ્ન કરીને તેના પતિના ઘરે જાય ત્યારે તેનું સામાજીક સ્થાન અને ભૂમિકા અલગ–અલગ હોય છે. સ્ત્રીઓનું સાચું ઘર તેના પતિનું ઘર ગણવામાં આવતું હોય છે. હિન્દુ સંસ્કાર પ્રમાણે સ્ત્રીના જીવનમાં લગ્નનું વિશેષ મહત્વ હોય છે. હિન્દુ લગ્નમાં લગ્નના મુખ્ય આઠ પ્રકાર ગણવામાં આવ્યા છે પરંતુ તેમાં મુખ્યત્વે સામાન્ય રીતે માતા, પિતા કે વડીલો દ્વારા જીવનસાથીની પસંદગી કરવામાં આવેલી હોય તો તેવા લગ્નોને સમાજમાન્ય ગણવામાં આવતા હોય છે. પરંતુ જ્યારે વ્યકિત સમાજમાન્ય રિવાજો, નિયમો, ધોરણો કે મૂલ્યો વિરોધ જઈને સ્વપસંદગીના લગ્નો કરે છે ત્યારે સમાજ તેનો સ્વીકાર કરતો નથી. ભારતીય હિન્દુ સમાજ વ્યવસ્થાનું પાયાનું એકમ જ્ઞાતિ વ્યવસ્થા છે અને આ જ્ઞાતિ વ્યવસ્થામાં દરેક જ્ઞાતિના પોતાના ચોક્કસ રિતરિવાજો, રૂઢિઓ અને પરંપરાઓ અને માન્યતાઓ અને સંસ્કૃતિ હોય છે. જ્યારે કોઈ એક વ્યકિત તેનો ભંગ કરે છે ત્યારે તેનો બીજી જ્ઞાતિમાં સ્વીકાર થતો નથી.

એજ રીતે અલગ–અલગ ધર્મની પણ પોતાની આગવી સંસ્કૃતિ, રિતરિવાજો, માન્યતાઓ, વલણો, જીવનશૈલી અને રહેણીકરણી હોય છે. હંમેશા જ્યારે સ્ત્રી લગ્ન કરીને જાય છે ત્યારે તે જો પોતાની જ્ઞાતિમાંજ લગ્ન કરે તો તેની જીવનશૈલી, રહેણીકરણીમાં વધુ તફાવત જોવા મળતો નથી. પરંતુ જેમ જેમ ભિન્ન ભિન્ન ધર્મો અને જ્ઞાતિ વચ્ચેનું અંતર વધુ તેમ જે તે સમૂહની, સમુદાયની જીવનશૈલીમાં, રહેણીકરણીમાં, ભાષા, ખોરાક, પહેરવેશ વિગેરેમાં તફાવત વધુ જોવા મળે છે. જેથી યુવતિઓની અનુકૂલનની સમસ્યાઓ વધુ જોવા મળે છે. દરેક જ્ઞાતિ, ધર્મ, પ્રદેશ કે ભાષાકીય જૂથોમાં પોતાની આગવી સંસ્કૃતિ હોવાથી તેમની ગૃહવ્યવસ્થા અને તેના સંચાલનમાં પણ મોટા પાયા પર તફાવત જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં અલગ–અલગ ધર્મો અને અલગ–અલગ જ્ઞાતિ ધરાવતા સંશોધનના ઉત્તરદાતાઓ હોઈ આ ઉત્તરદાતાઓ જીવનશૈલી અનુકૂલન અને ગૃહસંચાલન કેવી રીતે કરે છે ? અનુકૂલન કેવી રીતે સાધે છે ? તે જાણવા માટે વ્યકિત તપાસ પ્રયુકિતનો ઉપયોગ કર્યો હતો. તેમાંથી કુલ ૧૨૫ ઉત્તરદાતાઓમાંથી ૧૦ ઉત્તરદાતાઓના એકમ અભ્યાસો આ પ્રકરણમાં રજુ કરી અને વિસ્તૃત છણાવટ કરી તેના વિવિધ પાસાંઓને સમજાવેલ છે. દસ એકમ અભ્યાસોમાંથી ચાર જુનાગઢના અને છ પોરબંદરના એકમ અભ્યાસો વિષેની માહિતી આ પ્રકરણમાં આપેલ છે. આમ કુલ ૧૦ એકમોમાંથી ધર્મ અને જ્ઞાતિ પ્રમાણે પાંચ આંતર–ધર્મીય અને પાંચ આંતર–જ્ઞાતિય લગ્ન કરેલ ઉત્તરદાતાઓ પસંદ કરેલા છે. તેમાંથી ૨ આંતર–પ્રાદેશીક ઉત્તરદાતાઓ છે. ૨ ઉત્તરદાતાઓ એવા છે કે જેમની પતિ–પત્નીની જ્ઞાતિઓ ઉચ્ચ અને મધ્યમ જ્ઞાતિની છે. એક મધ્યમ અને નિમ્ન જ્ઞાતિમાં, એક મધ્યમ અને મધ્યમ જ્ઞાતિના, એક ઉચ્ચ અને નિમ્ન જ્ઞાતિના ઉત્તરદાતાઓનો આ પ્રકરણમાં કેઈસ સ્ટડીમાં સમાવેશ કરેલ છે. ઉપર્યુકત ૧૦ ઉત્તરદાતાઓની માહિતીને કુલ પાંચ વિભાગમાં વહેંચવામાં આવેલ છે. પ્રથમ ભાગમાં કૌટુંબિક પૃષ્ઠભૂમિકા રજુ કરવામાં આવી છે. કૌટુંબિક પૃષ્ઠભૂમિકામાં તેના પિયર પક્ષની અને શ્વસુર પક્ષના સભ્યોની પ્રાથમિક પરિચયાત્મક માહિતી આપેલ છે કે જેના દ્વારા બંન્ને કુટુંબના સામાજીક, આર્થિક સ્તરને સમજી શકાય. બીજા વિભાગમાં જીવનસાથીની પસંદગી કેવી રીતે કરેલ, તેમાં કોની મદદ મળી, લગ્નની વિધિઓ કયા પક્ષ કે જ્ઞાતિ કે ધર્મ પ્રમાણે કરેલ હતી વિગેરે પાસાંઓની માહિતી આપેલ છે. ત્રીજા વિભાગમાં તેમની જીવનશૈલી વિષયક માહિતી પ્રાપ્ત કરેલ છે. ચોથા વિભાગમાં આ પ્રકારના લગ્નો કરેલ ઉત્તરદાતાના ગૃહસંચાલનની વ્યવસ્થા, બજેટ અંગેના નિર્ણયો, ગૃહસંચાલન માટેના સાધનો, તથા તે સાથે સંબંધિત વિવિધ પાસાંઓ વિશેની ચર્ચા કરેલ છે. તથા છેલ્લા વિભાગમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલ યુવતિઓના લગ્ન બાદના અનુભવો અને અનુકૂલનની સમસ્યાઓ તથા તેના સમાયોજન વિશેની વિસ્તૃત ચર્ચા કરેલી છે.

## ૭.૨. કેઈસ ૧ :– જુનાગઢ આંતર–જ્ઞાતિય લગ્ન

| | | | |
|---|---|---|---|
| અ | બહેન | ઉંમર. ૫૦ વર્ષ | O.B.C. |
| બ | ભાઈ | ઉંમર. ૫૬ વર્ષ | ઉચ્ચ જ્ઞાતિ |

### ૧) કૌટુંમ્બિક પરિચય :–

અ બહેન જુનાગઢમાં રહેતા હતા. અને તેઓ સામાજીક, આર્થિક પછાત વર્ગની જ્ઞાતિ ધરાવે છે અને તેઓએ બ્રાહ્મણ જ્ઞાતિના બ ભાઈ સાથે લગ્ન કરેલા હતા. બહેનનું કુટુંબ મોટું હતું. જ્યારે ભાઈના કુટુંબમાં પાંચ સભ્યો હતા. બહેન આયુર્વેદમાં માસ્ટર ડીગ્રી મેળવેલ છે અને વ્યવસાયી આયુર્વેદ કોલેજમાં પ્રોફેસર છે. જ્યારે ભાઈ ગ્રેજ્યુએટ થયેલા છે; અને ભાઈ યોગા શિક્ષક તરીકે કાર્ય કરતા હતા. તેમને એક સંતાન (પુત્રી) છે જેનાં લગ્ન કરાવી દીધેલ છે.

આ પુત્રીના લગ્ન બ્રાહ્મણ જ્ઞાતિમાં કરેલ છે.

### ⌘ જીવનસાથીની પસંદગી :–

अ બહેનને ત્યાં નાનપણથી ब ભાઈ તેમના મોટાભાઈને મળવા આવતા હતાં. તેમના મોટાભાઈ અને ब ભાઈ બંન્ને સ્કુલમાં સાથે અભ્યાસ કરતા હતા. અને તે સંપર્કો રોજબરોજની આવનજાવનને કારણે ગાઢ બન્યા. ત્યાર બાદ તેઓની બદલી જુનાગઢમાં થતા જુનાગઢમાં સ્થાયી થયા. જોકે ભાઈની ઈચ્છા લગ્ન કરવાની ન હતી. તેઓને દીક્ષા લેવી હતી, પરંતુ ગુરૂજીએ ના પાડતા તેઓ લગ્ન કરવા તૈયાર થયા. બહેનના ઘરે જન્માક્ષરમાં ખૂબ માનતા હતા. જન્માક્ષરનો મેળ પડયો પરંતુ જ્ઞાતિ અલગ હોવાથી બંન્ને પક્ષ તૈયાર ન હતા. આથી अ અને ब વ્યકિતએ પોતાની જાતે જ કંકોત્રી છપાવી વિધિવત લગ્ન કર્યા. જો કે તેમના ભાઈ બહેન અને અન્ય સગાવહાલાં હાજર રહ્યા હતા. જો કે ब ભાઈના મોટાભાઈની પણ સ્વીકૃતિ ન હતી લગ્ન બાદ દોઢ વર્ષ બાદ નણંદના સહકારથી સાસરિયા સાથેના સંબંધો પુનઃસ્થાપિત થયા. જેમાં તેમની પ્રસ્તૃતિ સમયે સાસુંએ સાથ સહકાર આપ્યો. દિકરીના જન્મ બાદ સાસરી પક્ષ સાથેના સંબંધો પુનઃ શરૂ થયા.

### ⌘ જીવન શૈલી :–

अ બહેન મધ્યમ જ્ઞાતિમાંથી આવતા હતા. તેઓની રહેણીકરણી નાગર બ્રાહ્મણ કરતા અલગ હતી, તેઓની બોલી, વર્તન, વ્યવહાર, રીતભાત, વિગેરે અલગ હતા. પરંતુ તેઓની પડોશમાં નાગર કુટુંબો વસતા હોવાથી તેઓ નાગર જ્ઞાતિના રિતરિવાજો, રીતભાત, બોલચાલની ભાષા, ખોરાક તથા રહેણીકરણીની ઢબથી પરિચીત હોવાથી લગ્ન બાદ તેઓને અનુકૂલન માટેના કોઈ ઝાઝા પ્રશ્નો ઉપસ્થિત થયા નહિ. તેઓ શિક્ષિત હોવાથી કોઈ એક જ જ્ઞાતિમાં રીતરિવાજ પ્રમાણે રહેવામાં માનતા ન હતા. તેઓ ब ભાઈના કુટુંબમાં પહેલેથી જ આવનજાવનના સંબંધો હોવાના કારણે એકબીજાના સ્વભાવથી, રહેણીકરણીથી પરિચીત હોવાથી તેમને કૌટુંબિક જીવનમાં સમાયોજન સાધવામાં અનુકૂળતા રહી હતી. લગ્ન બાદ સમાયોજન સાધવામાં તેમના પતિનો સંપૂર્ણ સાથ હોવાથી પણ તેઓને જીવન જીવવામાં ઘણી સરળતા રહી હતી.

### ⌘ ગૃહસંચાલન :–

अ બહેન પ્રોફેસર તરીકે કાર્ય કરતા હતા. હાલમાં રીટાયર્ડ થયા છે. તેઓએ ગૃહવ્યવસ્થા અંગેનું કોઈ ઔપચારિક શિક્ષણ મેળવેલ નથી. પરંતુ તેઓએ ઉચ્ચશિક્ષણ મેળવેલ હોવાથી એક સુઝબુઝથી ગૃહવ્યવસ્થા સંભાળતા હતા. તેઓ આર્થિક રીતે મધ્યમ વર્ગમાંથી આવતા હોવાથી તેઓની જીવનશૈલી રહેણીકરણીની રીતભાત મધ્યમવર્ગ જેવી જોવા મળી છે. તેમની સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે તેમના પતિનો સાથ સહકાર દરેક બાબતમાં તેમને મળતો. તેઓ બંન્ને એકબીજાના સહયોગથી કાર્ય કરતા. છેલ્લા પાંચ વર્ષથી બેન દષ્ટિહિન થતાં તેમના પતિના જ સાથ સહકારથી તેઓને ઘરનાં અને બહારનાં કાર્યમાં પતિનો સંપૂર્ણ સાથસહકાર મળતો. બહેન સામાન્ય કુટુંબમાંથી આવતા હોવાથી તેમની રસોઈ બનાવવાની

રીત અને જમવાની પધ્ધતિ અને રસોઈમાં ઘણો જ તફાવત જોવા મળતો હતો. આમ પણ નાગર જ્ઞાતિમાં રસોઈ બાબતમાં અન્ય જ્ઞાતિથી આ જ્ઞાતિમાં રસોઈની પધ્ધતિમાં વધારે ફેર જોવા મળે છે. બહેન સરલ સ્વભાવના હોવાથી, પોતાને તેઓ વિભકત કુટુંબમાં રહેતા હોવાથી, પોતાના પતિ સાથે રહેતા હોવાથી સમાયોજનમાં અન્ય કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયા ન હતા. ગૃહસંચાલન અંગેના દરેક નિર્ણયો પતિ–પત્ની બંન્ને સાથે મળીને લેતા હતા. તેઓને સંતાનમાં એક જ દિકરી હોવા છતાં પણ તેને ઉચ્ચશિક્ષણ આપેલ હતું. તેઓ દિકરા–દિકરીમાં ભેદભાવ રાખતા ન હતા.

તેઓને પોતાનો બંગલો હતો. જેમાં ચાર બેડરૂમ, હોલ અને કીચન હતા. તેઓના ઘરમાં સમય શકિત બચી શકે તેવા સાધનો હતા જેવા કે ઓવન, મીક્ષચર, ગેસ, ઘરઘંટી, વોશિંગ મશીન, ફ્રીજ, સોડા મેકર તથા ફર્નિચર ઉચ્ચ કક્ષાના લાકડાનું જોવા મળ્યું હતું. તેઓના પતિ યોગ શિક્ષક તથા પોતે આયુર્વેદિક પ્રોફેસર હોવાથી તેમની જીવનશૈલીમાં તથા તેમના ખોરાકમાં સાદો, સરળ અને કુદરતી તત્વો મળે તે રીતનો આહાર અને આહાર તૈયાર કરવાની પધ્ધતિ જોવા મળી હતી.

તેઓના શિક્ષણને કારણે તેમના મૂલ્યો આધુનિક જોવા મળ્યા છે. તેઓને પ્રથમ પ્રસુતિ વખતે દિકરી હોવા છતાં પણ તેઓ બંન્ને પતિ–પત્ની નાનું કુટુંબ સુખી કુટુંબમાં માનતા હતા. તેઓએ પુત્ર માટે પોતે ડોકટર હોવા છતાં પણ કોઈ પ્રયત્ન કર્યા ન હતા. અને દિકરીનો ઉછેર દીકરાની જેમ જ કર્યો હતો. સમય વ્યવસ્થામાં પોતે અને તેમના સાસું બંન્ને ચુસ્ત સમયપાલનમાં માનતા હતા. જ્યારે તેમના પતિ તેમાં જરાય માનતા ન હતા. આ બાબતમાં તેઓ વચ્ચે કયારેક મતભેદ ઊભા થતા હતા.

## ૭.૩ કેઈસ ૨ :– પોરબંદર આંતર–ધર્મીય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| अ | બહેન | ઉંમર. | ૩૦ વર્ષ | O.B.C. |
| ब | ભાઈ | ઉંમર. | ૩૭ વર્ષ | મુસ્લીમ |

### ૧) કૌટુંમ્બિક પરિચય :–

अ બહેન પોરબંદરમાં રહેતા હતા અને તેઓ સામાજીક આર્થિક પછાત વર્ગની જ્ઞાતિ ધરાવે છે અને તેઓએ મુસલમાન જ્ઞાતિના ब ભાઈ સાથે લગ્ન કરેલા હતા. બહેનનું કુટુંબ મોટું હતું. જ્યારે ભાઈનું કુટુંબ પ્રમાણમાં નાનું હતું. अ બહેનના કુટુંબમાં ચાર બહેનો અને એક ભાઈ હતો જ્યારે ब ભાઈના કુટુંબમાં બે ભાઈ અને એક બહેન હતી. પોતે સરકારી શાળામાં બાજુના ગામમાં નોકરી કરે છે જ્યારે તેમના પતિ કંડલા સર્વીસ કરે છે. પોતાને એક પુત્ર અને એક પુત્રી છે. પોતાના પિયરની અટક વાઘેલા છે જ્યારે પોતે આંતર–ધર્મીય લગ્ન કરેલા હોવાથી તેમના સસરાની અટક ખાન છે. પોતાનું નામ વર્ષાબેન હતું. પરંતુ ધર્મ બદલાવતા પાછળથી પોતાનું નામ નીલોફર પાડવામાં આવ્યું હતું.

પોતે નોનવેજ બનાવતા નથી અને તેમનો પુત્ર માંસાહારી ખોરાક ખાતો નથી. જ્યારે

તેમની પુત્રી માંસાહારી ખોરાક ખાય છે. લગ્નના તેઓને ૧૩ વર્ષ થઈ ગયા છે. લગ્ન પછી ફરીને આવ્યા પછી તેમના સસરાવાળાએ તરત સ્વીકારી લીધા હતા પરંતુ તેમના પિયરપક્ષવાળાએ એક બાળક પછી સ્વીકારેલ હતા. પરંતુ તેમાં તેમને બોલાવે છે પરંતુ તેમના પતિને બોલાવતા નથી. તેમની નાની બહેને બ્રાહ્મણ જ્ઞાતિમાં લગ્ન કર્યા છે તો તે બંન્નેને બોલાવે છે. જેથી મુસલમાનમાં લગ્ન કર્યા તેનો સ્પષ્ટ વિરોધ દેખાઈ આવે છે. પોતાના પતિ સાથે સમય બાબતમાં કેટલીક વખત રકઝક થાય છે. તેઓને મુસલમાનમાં પરણ્યા એટલે પડદા પ્રથામાં રહેવાનું એવું બંધન નથી. તેમના મકાનનું કામ ચાલતું તો તેઓ જાતે ખરીદી કરવા જતાં. તેમના પતિ બહારગામ હોવાથી તેમના બાળકોને સાંજે લઈને બહાર પણ નીકળતા.

## ❀ જીવનસાથીની પસંદગી :–

अ બહેને પોતાના લગ્નની પસંદગી મિત્રવર્તુળમાંથી કરી હતી તેઓએ ૮ વર્ષના પરિચય પછી લગ્નની દરખાસ્ત સ્વીકારી હતી. સૌ પ્રથમ તેઓએ કોર્ટ મેરેજ કર્યા અને પછી નિકાહ પઢયા હતા અર્થાત્ મુસ્લીમ ધર્મ અનુસાર લગ્નવિધિ કરેલ હતી. ત્યાર બાદ વર્ષાબેનમાંથી તેમનું નામ નીલોફર પાડવામાં આવ્યું. ઘરમાં ગુજરાતી ભાષાને બદલે હિન્દીભાષા બોલાય છે. લગ્ન વખતે કાકાજી સસરાનું કુટુંબ અને મિત્રો સિવાય અન્ય કોઈ હાજર નહોતું. પોતાના પિયરમાં ભાઈના સાસરાવાળાનો હજી પણ સખત વિરોધ છે. શરૂઆતમાં આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હતી. ધાર્મિક રીતે પણ ખૂબ જ અનુકૂલન સાધવું પડતું. તેઓ હવે મંદિર જતા નથી. ઉપવાસ કરવાને બદલે રોઝા રાખે છે.

## ❀ જીવન શૈલી :–

બંનેની જીવનશૈલીમાં બંનેના ધર્મનાં લીધે ખૂબ જ તફાવત જોવા મળે છે. તેઓ મુસલમાન એરીયામાં રહે છે. હિન્દી ભાષા અપનાવી છે. ઘરમાં રસોઈમાં દરેકમાં ડુંગળી અને લસણની પેસ્ટ નાંખે છે જેથી જમવાના ટેસ્ટમાં ખૂબ જ ફરક પડે છે. તેઓ નોનવેજ ખાતા નથી પરંતુ ઘરમાં બનતું હોય છે. તેમનું એક બાળક ખાય છે તો પણ તેને ના પાડી શકાતી નથી. જો કે બીજી મુસલમાન સ્ત્રીની જેમ પડદામાં રહેવાનું નથી. આંતર–ધર્મીય લગ્નમાં ઘણું બધું અનુકૂળ થવું પડે છે તેમ કહેતા હતા. રિત રિવાજ, ખોરાક, ધર્મ વિગેરે બદલાવાથી આખી જીવનશૈલી ઉપર તેની અસર જોવા મળે છે. તેઓ હિન્દુની જેમ કઠોળ ભરતા નથી પરંતુ જરૂર પડે ત્યારે ઉગાડેલા તૈયાર લાવે છે. ફકત ઘઉં ભરે છે. રસોડામાં એલ્યુમિનિયમના વાસણો વધારે પ્રમાણમાં જોવા મળતાં. તેઓ સંયુકત કુટુંબમાં રહેતા હતા. તેમના ઘરમાં સાસું નહોતી. સસરા રીટાયર્ડ પોલીસ ઓફિસર હતા. સ્વભાવે કડક હતા. પિયરપક્ષના કુટુંબવાળા કોઈપણ સંજોગોમાં સ્વીકારવા તૈયાર નહોતા. આંતર–ધર્મીય લગ્ન કરેલ હોવાથી બંનેની સંસ્કૃતિ, રિત રિવાજ, રહેણીકરણી, ભાષા, પહેરવેશ, ખોરાક, રસોઈની પધ્ધતિ વિગેરે બાબતમાં ખૂબ મોટાપાયે વિવિધતા હોવાથી દરેક બાબતમાં અનુકૂલન સાધવું પડતું હતું. મકાનમાં ૪ બેડરૂમ, ડ્રોઈંગરૂમ હતા. પરંતુ મકાન અંધારીયું અને મુસલમાન એરીયામાં હતું. મકાનની બાંધણી પ્રમાણે પૂરતા પ્રમાણમાં હવા ઉજાસ નહોતા. તેમની રહેણીકરણી મધ્યમ વર્ગ જેવી જોવા મળી પરંતુ વાતચીત

અને રીતભાતમાં મુસલમાન સંસ્કૃતિના લક્ષણો જોવા મળતા હતા. પતિ સાથેનું સાયુજ્ય ખૂબ જ સારું હતું. નાની નણંદને પણ ભણાવી અને મુસ્લીમ સમાજમાં ન ભણેલા હોવા છતાં પોતે ભણેલા હોવાથી અને સર્વીસ કરતા હોવાથી તેમની નણંદને પૂરેપૂરૂ શિક્ષણ આપવામાં માનતા હતા.

### ❋ ગૃહસંચાલન :–

ઘરમાં લાકડાનું અને જૂનું ફર્નિચર જોવા મળ્યું. ઘરમાં સમય અને શકિત બચે તેવા ગેસ, મીક્ષચર, વોશીંગ મશીન જેવા ઉપકરણો જોવા મળ્યા હતા. તેમના પતિ પૂરતો સમય આપી શકતા ન હોવાથી તે બાબતમાં ઘણી વખત મતભેદ જોવા મળતા અથવા પોતાના પિયરવાળા સાસરાના પ્રસંગમાં ન આવે તો તારે પણ જવાની જરૂર નથી તેવું પણ કહેવામાં આવતું હતું. તેઓનું માનવું હતું કે મારી બેન બ્રાહ્મણ જ્ઞાતિમાં જેટલી અનુકૂલન જલ્દી થઈ શકી એટલું હું અનુકૂલન સાધી શકતી નથી. મારે તો ભાષા, ખોરાક, ધર્મ અને જીવનશૈલી દરેક બાબતમાં અનુકૂલન સાધવું પડે છે.

તેમની સાથેની વાતચીત દરમ્યાન તેમના હાવભાવ પરથી એવું જોવા મળતું કે તેઓએ આંતર–ધર્મીય લગ્ન કરેલા છે તેમાં તેમની કયાંક ભૂલ થઈ ગયેલ છે. તેઓને ઘણું અનુકુલન સાધવું પડયું છે. પરંતુ પતિના સાથસહકારથી જીવન સંતોષકારક જોવા મળ્યું હતું.

## ૭.૪ કેસ ૩ :– પોરબંદર આંતર–ધર્મીય લગ્ન

| | | | |
|---|---|---|---|
| अ | બહેન | ઉંમર. ૪૫ વર્ષ | ઉચ્ચ જ્ઞાતિ |
| ब | ભાઈ | ઉંમર. ૫૫ વર્ષ | મધ્યમ જ્ઞાતિ |

### ૧) કૌટુંબિક પરિચય :–

अ બહેન પોરબંદરમાં રહેતા હતા અને તેઓ આર્થિક રીતે ખૂબ જ સધ્ધર હતા. अ બહેનનું ખૂબ જ મોટું કુટુંબ હતું જ્યારે ब ભાઈનું કુટુંબ આર્થિક રીતે ખૂબ જ સામાન્ય હતું. તેમને ત્રણ દીકરીઓ હતી. જીવહત્યામાં માનતા ન હતા. તેમજ પુત્ર અને પુત્રી વચ્ચે ભેદ પણ રાખવામાં માનતા ન હતા. તેઓએ કયારેય જાતિ પરીક્ષણ કરાવ્યું નથી. તેઓએ જાતે જ લગ્ન કરેલા એટલે અફસોસ નથી અને તેઓએ પરિસ્થિતિને સ્વીકારી લીધી છે. પોતે લુહાણા જ્ઞાતિમાં લગ્ન કર્યા હોવા છતાં હવેલી જતાં નહિ અને તેમના સાસું કે પતિ તેમને દબાણ કરતા નહિ. કોઈકવાર તેમના પતિ દેરાસર જરૂરથી આવતા હતા. પોતે નાની ઉંમરમાં ખૂબ જ શોખ કરી લીધા છે. અત્યારે અફસોસ નથી. કારણ કે અત્યારે હાલની પરિસ્થિતિ તેઓની ઘણી જ નબળી હતી.

### ❋ જીવનસાથીની પસંદગી :–

જીવનસાથીની પસંદગી પડોશમાંથી કરી હતી. પોતે જાણતા કે આર્થિક રીતે સધ્ધર નથી, પરંતુ ભવિષ્યમાં જરૂર મહેનત કરશે. લુહાણા છે તેથી ધંધો વેપાર કરશે. પરંતુ નશીબ સંજોગે એવું કશું જ થયું નહિ. જીવનસાથી પસંદગી કરતી વખતે સ્વભાવને અને નાનું કુટુંબ

છે બે બાબતને મહત્વ આપ્યું હતું.

## ❊ જીવન શૈલી :–

પોતે વાણીયા હતા. અને આર્થિક રીતે સધ્ધર હોવાથી પોતાના મોજશોખ અને ખાવાની અને બનાવવાની રીત અલગ જ હતી. પરંતુ પતિની ટૂંકી આવકમાં ત્રણ બાળકોને ઈગ્લીશ મીડિયમમાં ભણાવતા હતા. વાણીયાની દીકરી હોવા છતાં ઘરની ગોઠવણ બિલકુલ યોગ્ય હતી નહિ. તેઓમાં ધાર્મિકતાનું પ્રમાણ વધારે જોવા મળેલું હતું. વાંચનનો ખૂબ જ શોખ હતો. દીકરીને આગળ ભણાવે તો શહેરમાં મોકલવી પડે જેથી ફીના પૈસામાં પહોંચાય નહિ અને હાલ જે થોડો પગાર લાવે છે તે પણ બંધ થઈ જાય તેવું હતું. ઘરનો નિર્ણય છેવટે તો મમ્મીને પૂછીને જ લેવાતો હતો. પોતાના ચાર મહિના દરમિયાન કુટુંબમાં પણ કોઈ કાંદા લસણ ખાતું નહિ.

ઘર પ્રમાણમાં સામાન્ય હતું તેમાંથી આવક થાય એટલે એક રૂમ અને રસોડું વાપરતા. બાકીના બે રૂમ ભાડે આપી દીધા હતા. પોતાના પિયરયા આવે ત્યારે પોતે ખૂબ જ ક્ષોભ અનુભવતા હતા છતાં પણ કયારેય પિરયની મદદ લેતા નહિ. તેઓ માનતા કે મદદ લેવાથી પાછળથી છોકરીઓને સાંભળવું પડે. ઘરમાં પૂરતો હવા ઉજાસ હતો નહિ, ફર્નિચર ખાસ કંઈ નજરે પડયું નહિ. તેમના પતિ બિરલામાં નોકરી કરતાં હતા. પતિ ખૂબ જ સરળ સ્વભાવના લાગ્યા પરંતુ લુહાણાના એક પણ લક્ષણ કે સાહસિકતા તેમનામાં જોવા મળી નહિ. પરંતુ બંન્ને વચ્ચે સ્વભાવનું ખૂબ સરસ અનુકૂલન જોવા મળ્યું. દીકરીઓ ભણીને મમ્મી પપ્પાને ખૂબ જ ઉપયોગી થવું તેવું માનતી હતી. ભણતા ભણતા ટયુશન કરતી હતી.

## ❊ ગૃહસંચાલન :–

કુટુંબમાં સંસ્કારનું વાતાવરણ હતું. બેન પોતાના મોજ, શોખ આર્થિક સંકડામણને કારણે ન કરતા હોય એવું સ્પષ્ટ દેખાઈ આવતું હતું. પોતાને કોઈ કામની આવડત દેખાતી નહોતી. પરંતુ તેની અસર તેમની પુત્રીઓ ઉપર જોવા મળી. પુત્રીઓ પોતાના કામનું અને સમયનું આયોજન બરાબર કરતી જોવા મળી હતી. નાની ઉંમરે ભણતા ભણતા કમાવવું તેવું ધ્યેય ત્રણે દિકરીઓએ નક્કી કરી લીધું હતું. ત્રણે દિકરીઓમાં કામની બાબતમાં લુહાણા જ્ઞાતિના લક્ષણો ઉતર્યા હોય એવું સ્પષ્ટ દેખાતું હતું.

## ૭.૫ કેસ ૪ :– પોરબંદર આંતર–જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| अ | બહેન | ઉંમર. | ૩૦ વર્ષ | મધ્યમ જ્ઞાતિ |
| ब | ભાઈ | ઉંમર. | ૩૪ વર્ષ | અનુસૂચિતજાતિ |

## ૧) કૌટુંમ્બિક પરિચય :–

अ બહેન પોરબંદરમાં રહેતા હતા. તેઓ લુહાણા જ્ઞાતિના હતા. જ્યારે ब ભાઈ અનુસૂચિત જ્ઞાતિમાંથી આવતા હતા. અને હરિજનવાસમાં રહેતા હતા. अ બહેનનું કુટુંબ

પોરબંદરમાં પૈસાદાર અને ધાર્મિક ગણાતું હતું. બે ભાઈ અને એક બેન હતા. તેમના ઘરમાં ચુસ્ત રીતે વૈષ્ણવ ધર્મ પળાતો હતો. એટલે સુધી કે કામવાળીને પણ તેમના માતૃશ્રી બ્રહ્મસંબંધ અપાવતા હતા. अ બહેને બી.એ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યુ હતું. જ્યારે ब ભાઈ ૧૦ ધોરણ પાસ હતા. તેમના પતિના કુટુંબમાં પણ બે બેન અને એક પોતે હતા. તેમના સાસુ સ્વીપરનું કામ કરતા હતા. સસરા પક્ષમાં કોઈનું શિક્ષણ ૧૦ પાસથી વધારે ન હતું. જ્યારે अ બહેનનું કુટુંબ ભણેલું અને પોરબંદરમાં પ્રતિષ્ઠિત ગણાતું હતું.

## ⌘ જીવનસાથીની પસંદગી :–

તેમને તેમના જીવનસાથી આકસ્મિક રીતે મળી ગયા હતા. સાથે ભણતા કે પડોશમાં રહેતા નહિ પરંતુ સ્કુલમાં જતાં ત્યાં છોકરાઓ ઊભા હોય તેમાંથી પરિચય થયો હતો. ૫ વર્ષ જોડે ફર્યા પછી ब ભાઈએ લગ્નનો પ્રસ્તાવ મૂકયો. તે વખતે अ બહેનનું માનવું હતું કે જેની સાથે ફર્યા હોય અને પ્રેમ કર્યો હોય તેની સાથે જ લગ્ન કરવા જોઈએ. અને લગ્ન એક સંસ્કાર છે તેવું માનતા હતા. પરંતુ લગ્ન વખતે બંન્ને કુટુંબનો સખત વિરોધ હતો એટલે કોર્ટ મેરેજ કરેલાં. સાક્ષી માટે પણ બંને પક્ષમાંથી કોઈ હાજર રહ્યા નહિ. તેઓએ ખોટી સહિ કરીને લગ્ન કરી લીધેલાં. લગ્ન બાદ બહાર ફરવા જતાં રહેલા અને પાછા ફર્યા બાદ શ્વસુરગૃહવાળાએ સ્વીકાર્યા હતા. પરંતુ તેમના પિયરના કુટુંબવાળા કોઈપણ સંજોગોમાં સ્વીકારવા તૈયાર નહોતા. શરૂઆતમાં ઊંચી જ્ઞાતિમાંથી આવેલા એટલે સાસરીયામાં માન આપતા. અત્યારે તેમને એક બાળક છે.

## ⌘ જીવન શૈલી :–

બંન્નેની જ્ઞાતિ અલગ–અલગ હોવાથી જીવનશૈલીમાં ખૂબ જ તફાવત જોવા મળતો હતો. આ ઉપરાંત આર્થિક સ્તર, શિક્ષણનું સ્તર તેમજ સાંસ્કૃતિક રીતે પણ તફાવત જોવા મળતો હતો. अ બહેન ખાનગી શાળામાં નોકરી કરતા હતા. પોતાનું બધું જ કામ જાતે કરવાનું હતું. સાસુંનો સ્વભાવ ગુસ્સાવાળો હતો. તેઓએ તેમના પુત્રને પડાવી લીધો તેવું માનતા હતા. સાસુ તેમની સાથે અણછાજતું વર્તન કરતા હતા. પિયરપક્ષમાં કોઈ બોલાવતું નહિ. પોતે પૈસાદાર કુટુંબમાંથી આવતા એટલે કોઈ ઘર કામ બહુ જાતે કરેલું નહિ. ઘરનું કામ, નોકરી અને આર્થિક સંકડામણ વિગેરેને કારણે શારીરિક રીતે નબળાં પડતા જતા હતાં.

કોલેજની વિદ્યાર્થીની હોવાથી પહેલાં જોઈ હતી અને જ્યારે ઈન્ટરવ્યું લેવા હરિજનવાસમાં ગઈ ત્યારે ખૂબ જ દુઃખ થયું. ઘરમાં આર્થિક સ્થિતિ નબળી હોવાથી બજેટ જેવું કંઈ બનાવતા નહિ. દરેક બાબતોમાં અનુકૂલન કરવું પડતું હતું.

## ⌘ ગૃહસંચાલન :–

બહેન સંયુકત કુટુંબમાં રહેતા હતા. તેમના કુટુંબમાં સાસું, સસરા, તેમનો પુત્ર અને પતિ હતા. ઘરમાં ફર્નિચર જેવું કશુંજ હતું નહિ. એક ખૂણામાં એક ટેબલ અને પ્લાસ્ટિકની ખુરશી પડી હતી. પગાર બધો જ પતિને આપી દેવાનો હતો. સાસું નોકરીથી આવીને આરામ કરતા. તેમને નોકરી કરીને ઘરનું તમામ કામકાજ કરવાનું રહેતુ હતું. નવરાશના સમયમાં રામાયણ

કે ધાર્મિક ચોપડીઓનું વાંચન કરતા. ડીલીવરી વખતે પિયરપક્ષની ખૂબ જ યાદ આવતી. ડીલીવરી વખતે કોઈએ પૂરતું ધ્યાન આપેલું નહિ. અત્યારે તેમના પુત્રને સ્વીકારે પણ પોતાની ઉપેક્ષા કરતા હોય તેવું હંમેશ અનુભવતા હતા. કુટુંબની ઓછી આવકના લીધે સસરાના જુના મકાનમાં હરિજનવાસમાંજ રહેવું પડતું હતું. જો કોઈ પોતાનું ઓળખીતું આવે તો હરિજનલોકો બધા ભેગા થઈને તેને જોવા આવે અને તેની મશ્કરી કરે. ઘરમાં એલ્યુમિનિયમના વાસણનો ઉપયોગ થતો હતો.

अ બહેનની સાથે મુલાકાત દરમિયાન એક જ વાત જાણવા મળી કે તેઓ પતિવ્રતા હોવાથી એક વખત લગ્ન કર્યા હોવાથી તેને નિભાવી લીધા હતા. પરંતુ પતિની નિમ્ન જ્ઞાતિના કારણે પિયરપક્ષમાંથી હજુ સુધી સ્વીકાર કરવામાં આવ્યો નહોતો. પ્રસંગોપાત પિયરપક્ષમાં માતાની અને પપ્પાની ખૂબ જ યાદ આવતી હતી. પોતાને પિયરપક્ષમાંથી કશુંજ જોઈતું નથી. પરંતુ પોતાને બોલાવે તો કેવું સારું તેવી તેમની એક અદમ્ય ઈચ્છા જોવા મળી. જ્યારે બીજી બાજુ પ્રેમને વફાદાર રહ્યા તેનો આનંદ દેખાતો હતો. પરંતુ નીચી જ્ઞાતિના લીધે ધર્મમાં પણ ખૂબ જ તફાવત હતો. હરિજનવાસમાં દોરા, ધાગા, મંત્ર–તંત્ર, તાવીજ જેવી અંધશ્રધ્ધાઓ અને ખોટી માન્યતાઓમાં ખૂબ જ માનતા હતા. જ્યારે બેન માનવધર્મમાં માનતા હતા. પતિનો સ્વભાવ ખૂબ જ સારો હતો. તેમના માસી પણ તેમને બોલાવતા નહિ. કોલેજજીવનમાં પોતે ખૂબ જ આગળ પડતા અને ફેશન કરતા હતા. અત્યારે એકદમ સાદુ અને સરળ જીવન જીવતા હતા. પૈસાના અભાવને લીધે કપડાં પણ સારા પહેર્યા નહોતા. નોકરી કરવા માટે બે સાડી સારી રાખી હતી. હરિજનવાસમાં જઈને કોઈની જોડે બેસતા નહિ. તે જીવનશૈલી, રિતભાત, રહેણીકરણી જોડે તેઓ અનુકૂલન સાધી શકયા નહતા. તેમણે બહુ નાની ઉંમરમાં લગ્ન કર્યા હતા. શરૂઆતમાં સારું હતું. કુટુંબના દરેક સભ્યો માન આપતા. પરંતુ પાછળથી સાસુ અને નણંદે એક થઈને એકલા પાડી દીધા હતા. પિયરપક્ષમાંથી કોઈ બોલાવે નહિ. નણંદો ઘરે આવે પણ પોતાને કયાંય પણ જવાનું નહિ. પૈસાના અભાવે જીવનનિર્વાહ માંડ ચાલતો ત્યારે ફરવા જવાનો પ્રશ્ન તો કયાંથી ઉપસ્થિત થાય. તેઓ કહેતા કે શરૂઆતમાં ગામમાં નીકળું તો પણ લોકો ઘૃણાથી મારી સામે જોતા હતા. તેમના જીવનમાં અફસોસ સિવાય કાંઈ દેખાતું નહિ. પરંતુ એક પતિવ્રતા ધર્મમાં માનું છું. અને પ્રેમ કર્યો છે અને નિભાવ્યો છે તેનો આનંદ દેખાતો હતો. હરિજનવાસની રહેણીકરણીની અસર પણ તેમની જીવનશૈલીમાં જોવા મળતી હતી. જો પ્રથમ ઓળખાણ ન આપી હોત તો આજ મારી વિદ્યાર્થીની છે તે ઓળખવી મુશ્કેલ બની જાત. પોતાની માનીને દિલખોલીને વાત કરતી હતી. બાકી પોતે ખૂબ જ સુખી છે તેમ બતાવતી હતી.

## ૭.૬ કેઈસ ૫ :– પોરબંદર (રાણાવાવ) આંતર–ધર્મીય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| अ | બહેન | ઉંમર. | ૨૭ વર્ષ | મધ્યમ જ્ઞાતિ |
| ब | ભાઈ | ઉંમર. | ૩૦ વર્ષ | મુસ્લીમ |

**૧) કૌટુંમ્બિક પરિચય :–**

अ બહેન પોરબંદર રહેતા હતા. અને પોતાને બે બેન એક ભાઈ હતો. માતા–પિતા બંન્ને હતા. જ્યારે ब ભાઈ મુસલમાન હતા. અને રાણાવાવમાં રહેતા હતા. તેમના માતૃશ્રી અને એક નાનો ભાઈ હતો. રાણાવાવમાં દરગાહની દેખભાળ અને સાફસફાઈનું કામ કરતા હતા. આર્થિક તંગદીલી ખૂબ જ જોવા મળી હતી. બેને એફ.વાય.બીએ હોમસાયન્સમાં ભણતા ભણતા લગ્ન કરી લીધા હતા. લગ્નબાદ તેમના પિતૃપક્ષમાંથી કોઈજ બોલાવતું નહિ. પોતે મુસ્લીમ ધર્મ અંગિકાર કર્યો હતો. તેમનું નામ પ્રજ્ઞા બદલીને ફરજાના રાખવામાં આવ્યું હતું. તેમના પતિ ૧૦ પાસ હતા. અને રિક્ષા ચલાવતા હતા. તેમને એક પુત્રી હતી. જેનું નામ જસ્મીન રાખ્યું હતું.

## ⌘ જીવનસાથીની પસંદગી :–

ब ભાઈ રાણાવાવમાં હતા. અને अ બહેનના ફોઈબા રાણાવાવ રહેતા હતા. अ બહેન વેકેશનમાં ફોઈબાના ઘરે જતાં. ત્યાંથી પરિચય કેળવ્યો હતો. લગ્નનો પ્રસ્તાવ તેમના પતિએ મૂકેલો. લગ્ન કરીને સાસરે જતાં રહેલાં. પરંતુ સમજાવીને પિયર પાછા બોલાવી લીધા હતા. અને પિયરમાં ત્રણ વર્ષ માતા–પિતાના ઘરે રહ્યા પછી સવારમાં પાંચ વાગ્યે પતિ સાથે નાસી ગયા હતા. પિયરપક્ષ દ્વારા તેમને સમજાવીને ઘરે લાવેલા પરંતુ તેઓ તો પ્રેમમાં હતા. એટલે જેવી તક મળી તેઓ તેવા ભાગી ગયા. હવે તેમને પિયરપક્ષમાંથી હજી કોઈ બોલાવતું નથી. શરૂઆતમાં બંન્નેના ઘરમાં વિરોધ હતો એટલે પહેલાં કોર્ટ મેરેજ કર્યા હતા. અને પછી જૂનાગઢમાં જુલાઈવાડીમાં કલમા પઢયા હતા. ત્યાર બાદ તેમનું નામ ફરજાના રાખવામાં આવ્યું હતું.

## ⌘ જીવન શૈલી :–

પોતે હિન્દુ હોવાથી નોનવેજ ખાતા નથી. અને બનાવતા પણ નથી. પોતાના પતિને ઈચ્છા થાય તો બહાર ખાઈ લે છે. બંન્નેના કુટુંબની આર્થિક સ્થિતિમાં બહુ તફાવત જોવા મળતો ન હતો. પરંતુ ધાર્મિક બાબતમાં તફાવત જોવા મળેલો. બેનના હાથના દાળ, ભાત તેમના શ્વસુરપક્ષના સભ્યોને ખૂબ ભાવતા.

## ⌘ ગૃહસંચાલન :–

પોતાના ઘરમાં સમય અને શકિત બચે તેવા સાધનોમાં ફકત ઈલેકટ્રીક સગડી સિવાય બીજું કશુંજ નહોતું. ઘર અને દરગાહ એક મોટા ડહેલામાં હતા. પરંતુ ઘરમાં કોઈ ફર્નિચર હતું નહિ. મકાનમાં હવા–ઉજાસ ખૂબ જ સારા હતા. બહેનનું માન ઘરમાં ખૂબ જ સારું હતું. કારણ કે તેમને મુસ્લીમ ધર્મ અંગીકાર કર્યો હતો. ઘરમાં મોટા ભાગે એલ્યુમિનિયમ અને પીતળના વાસણો જોવા મળેલા હતા. પોતાના નવરાશના સમયમાં દરગાહની સફાઈ અને ભરતગૂંથણ કરતા હતા. ભરતગૂંથણ કરીને થોડીક આવક ઊભી કરતા હતા. પોતે લોહાણા હોવાથી રસોઈ બનાવવાના ખૂબ જ શોખીન હતા. પરંતુ આવક ઓછી હોવાના લીધે સાદા ભોજનથી સંતોષ માનવો પડતો હતો. હવે મંદિર જતા નથી. ઉપવાસ કરતા નથી. પરંતુ નિયમિત દરગાહ જાય છે. તેમના શ્વસુરપક્ષમાં પોતાનીજ દરગાહ છે. તેથી દરગાહની પણ

થોડીક આવક રહે છે.

**ঃ অনুভব :–**

**ঃ અનુભવ :–**

બહેનની સાથે વાતચિત કરવાથી ખબર પડી કે તેમણે ગૃહવિજ્ઞાનમાં પ્રથમ વર્ષ કરેલું છે. તેમની આગળ ભણવાની ઈચ્છા છે. આગળ ભણીને કુટુંબને મદદરૂપ થવું જોઈએ તેવું માને છે. પોતાના લગ્નજીવનથી ખૂબ જ સંતોષ અનુભવતા હતા. પોતાને લગ્નજીવન વિશે કોઈ ફરિયાદ ન હતી. કુટુંબના સભ્યોમાં સાસું અને દિયર સાથે ખૂબ જ ફાવતું હતું. દિયર માટે યોગ્ય કન્યાની શોધમાં હતા. ફકત આર્થિક સંકળામણ છે તે પણ સમય આવે ઉકલી જશે અને ભવિષ્ય માટે આશાવાદી હતા. દરગાહની સેવા કરું છું માટે ચોક્કસ તેનું ફળ મળશે તેવું માનતા હતા. આંતર–ધર્મીય લગ્ન હતા છતાં લગ્નજીવનનો સંતોષ દેખાતો હતો. તેઓ કહેતા કે દરેકમાં આત્મા તો એક જ છે. થોડાક રિતરિવાજ અને રહેણીકરણીમાં, અને ખોરાકમાં જરૂર તફાવત પડે. પરંતુ પોતાને પ્રેમ હતો અને બીજે કયાંય સેટ ન થઈ શકે તે એટલી જ વાસ્તવિકતા હોવાથી પોતાના પિતાના ઘરે ત્રણ વર્ષ રાખ્યા પછી પણ તક મળતાં આવી ગયા હતા. હવે કોઈ સંજોગોમાં જવા માટે તૈયાર ન હતા. અત્યારે તો પિતૃપક્ષવાળા પણ બોલાવતા નથી. છતાં પણ પોતાની માતાનો ફોન કોઈક વખત આવે છે. તેઓ માતાને પણ પોતાનો આત્મસંતોષ જણાવતા હતા.

## ૭.૭ કેઈસ ૬ :– પોરબંદર આંતર–જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| अ | બહેન | ઉંમર. | વર્ષ | ઉચ્ચ જ્ઞાતિ |
| ब | ભાઈ | ઉંમર. | વર્ષ | O.B.C. |

**૧) કૌટુંમ્બિક પરિચય :–**

अ બહેનના કુટુંબમાં ત્રણ બહેન અને એક ભાઈ હતો. જ્યારે ब ભાઈના કુટુંબમાં પિતા નહોતા એક બહેન અને માતૃશ્રી હતા. अ બહેનનું શિક્ષણ પણ માધ્યમિક કક્ષાનું હતું. જ્યારે ब ભાઈ ૯ ધોરણ પાસ હતા. બહુજ નાની ઉંમરમાં બંન્નેને પ્રેમ થઈ ગયો હતો. કુટુંબમાં તેની જાણ થતાં તેમને સગાવહાલાંને ત્યાં મોકલી આપવામાં આવ્યા હતા. અને પાછળથી શરત કરીને જો તેને ન મળે તો, ફોન ન કરે તો પરત બોલાવીએ. બંને જાણે શરત માન્ય રાખીને તેઓને સગાવહાલાંના ઘરેથી બોલાવવામાં આવ્યા હતા.

**ঃ જીવનસાથીની પસંદગી :–**

જીવનસાથી તેમના પડોશી હતા. અને ખૂબ જ નાની ઉંમરમાં પ્રેમ થઈ ગયો હતો. કુટુંબમાં ખબર પડતાં ભણવાનું છોડાવી દીધું હતું. પરંતુ બંન્નેએ નક્કી કર્યુ હતું કે કોઈપણ સંજોગોમાં સાથે જ રહેવાનું. થોડોક સમય ઘરમાં રહ્યા પછી ભાગીને કોર્ટમાં અને બ્રાહ્મણની હાજરીમાં લગ્ન નોંધાવી દીધા હતા. પરંતુ શાસ્ત્રોકત વિધિથી લગ્ન કર્યા નથી. પાછળથી શ્વસુરપક્ષવાળાએ ૧૦ દિવસમાં બોલાવી લીધા હતા પરંતુ પિતૃપક્ષ તરફથી હજુ પણ બોલાવતા નથી. બેન પહેલાં હોસ્પીટલમાં નોકરી કરતા હતા. લગ્નમાં મિત્રોએ મદદ કરી

હતી. ખારવા જ્ઞાતિના હોવા છતાં પણ દારૂ પીતા નહિ. અને નોનવેજ પણ ખાતા નહિ. પતિના ઘરમાં અર્ધસંમતિ હતી પરંતુ તેમના પિયરમાં સખત વિરોધ હતો. લગ્ન વખતે કુટુંબના કોઈ સભ્યોને જાણ નહોતી. લગ્ન સમયે શ્વસુર કે પિયરપક્ષમાંથી કોઈની મદદ મળી નહોતી.

**⌘ જીવન શૈલી :–**

બહેન બ્રાહ્મણ જ્ઞાતિના હતા એટલે ધર્મમાં વધારે માનતા હતા. પણ પતિ ખારવા હોવા છતાં પણ નોનવેજ કે દારૂ પીતા નહિ. આવક ખૂબ જ મર્યાદિત હતી. પોતાને બે પુત્રી અને એક પુત્ર છે. બેન શરૂઆતમાં હોસ્પીટલમાં નોકરી કરતા હતા. પરંતુ બાળકો ખૂબ જ નાના હોવાથી નોકરીમાં પહોંચી શકતા નહિ. જેથી પાછળથી છોડી દીધી હતી. તેઓએ જણાવેલું છે કે શ્વસુરપક્ષે બોલાવેલા તો પણ તેમને ત્યાંથી સાત દિવસમાં નીકળી ગયા હતા અને ૨૫૦ રૂપિયાનું મકાન ભાડે રાખ્યું હતું. તેઓએ શરૂઆતના દિવસોમાં સેવ મમરા ખાઈને ચલાવેલું. પરંતુ આજે પોતાની પાસે જે કાંઈ છે તે પોતાનું વસાવેલું છે. ખારવા જ્ઞાતિની બોલીમાં ખૂબ જ તફાવત જોવા મળતો હતો. તેઓએ જણાવેલું ચાર વર્ષ પહેલાં ઘરે કોઈ આવે તો ચા પીવડાવવાની સગવડ પણ હતી નહિ.

**⌘ ગૃહસંચાલન :–**

આજે આર્થિક સ્થિતિ થોડી સારી છે. પૈસાનું આયોજન કરે છે માટે થોડીક આવકમાં સારી રીતે ચાલે છે. ઘરમાં બે પલંગ, ખુરશી, ટેબલ વિગેરે થોડુંક ફર્નિચર હતું. ઘર નાનું પરંતુ હવા ઉજાસવાળું હતું. સમય, શકિત બચે તેવા સાધનોમાં મિક્ષચર, ગેસ સિવાય કશું હતું નહિ.

**⌘ અનુભવ :–**

તેઓ માનતા કે છોકરા મોટા થયા પછી પોતાનો વધારાનો સમય આર્થિક ઉત્પાર્જનમાં આપશે. બંન્નેનો સ્વભાવ ખૂબ જ માયાળું અને આનંદી હતો. બંન્ને એકબીજાને સરસ અનુકૂળ થયેલા જોવા મળેલા. પિયર પક્ષની વાત કરતાં કરતાં બેનની આંખ ભીની થઈ ગયેલી, પરંતુ પોતાને કોઈ વાતનું દુઃખ નથી પરંતુ પોતાના માતા–પિતા અને ભાઈ–બહેન યાદ આવતા હતા. પોતાના પતિ તેમને ખૂબ જ સારી રીતે રાખે છે તેનો આનંદ તેમની વાતચિતમાં વ્યકત થતો હતો. પોતે આંતર–જ્ઞાતિય લગ્ન કરેલ છે તેનો જરાય અફસોસ નથી. પરંતુ નાનપણના પ્રેમને નિભાવ્યો છે તેનું ગૌરવ અનુભવતા હતા. તેઓએ કહ્યું કે લગ્ન તો કરવાના જ હતા તો પોતાના પ્રિય પાત્ર સાથે શા માટે ન કરવા તેવું માનવાવાળા હતા. લગ્નજીવનનો સંતોષ અને પ્રેમ તેમની વાતચિત દરમિયાન દેખાઈ આવતો હતો. તેઓ સંપૂર્ણ સુખી છે. જીવનનું ધ્યેય પૈસા નહિ પરંતુ પ્રેમ અને સંતોષ હોય તેવું તેમનું માનવું હતું. તેઓ પતિને પરમેશ્વર માનતા. પતિએ પણ લગ્ન પછી નોનવેજ અને દારૂ છોડી દીધા હતા. તે પણ માનતા કે હું દારૂ કે નોનવેજ ખાઉં તો તેનો જીવ દુભાય છે, તેને સુખી કરવા લાવ્યો છું, તે મારે સહારે આવી છે.

તેના સુખમાં મારૂં સુખ સમાયેલું છે તેવું ચોક્કસપણે માનતા જોવા મળ્યા.

## ૭.૮ કેઈસ ૭ :– પોરબંદર આંતર–ધર્મીય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| अ | બહેન | ઉંમર. | વર્ષ | O.B.C. |
| ब | ભાઈ | ઉંમર. | વર્ષ | ઉચ્ચ જ્ઞાતિ |

### ૧) કૌટુંમ્બિક પરિચય :–

अ બહેનના કુટુંબમાં બે ભાઈ અને પોતે એક બહેન હતા. જ્યારે તેમના મમ્મી પપ્પા ડોકટર હતા. અને બ્રહ્માકુમારીમાં ખૂબ જ માનતા હતા. अ બહેન અને ब ભાઈ બાલમંદિરથી સાથે ભણતા હતા. પોતાના શ્વસુર પક્ષમાં સાસું હતા. તેમના પતિ એકજ સંતાન હતા. પોતાના ઘરની બાજુમાં પતિની ઓફિસ હતી. પોતે દવાખાનામાં મમ્મીને મદદ કરતાં. નવરાશ મળતાં પતિની ઓફિસમાં જતાં. તેઓ પુખ્તવયે એકબીજાને ઓળખી શકયા. અને अ બહેને લગ્નનો પ્રસ્તાવ મૂકયો હતો.

### ⌘ જીવનસાથીની પસંદગી :–

अ બહેનના ઘરેથી હા હતી પરંતુ ब ભાઈના ઘરમાં સખત વિરોધ હતો. પોતે કોર્ટ મેરેજ કરી લીધા હતા. પરંતુ જ્યાં સુધી શ્વસુરપક્ષવાળા હા ન પાડે ત્યાં સુધી શાસ્ત્રોકત વિધીથી લગ્ન ન કરવા તેવું નક્કી કરેલું. જ્યારે હા પાડી ત્યારે આર્યસમાજની વિધી પ્રમાણે લગ્ન કર્યા પરંતુ તેમના પિતૃપક્ષવાળા આર્યસમાજમાં માનતા નહિ એટલે લગ્ન સમયે હાજર રહ્યા નહિ. લગ્ન વખતે પતિના સ્વભાવને, જ્ઞાતિને અને આવકને ધ્યાનમાં રાખ્યા હતા. નાનપણથી એકબીજાના પરિચયમાં હતા એટલે પુખ્તવયે अ બહેને લગ્નનો પ્રસ્તાવ મૂકયો પરંતુ अ બહેન ખારવા જ્ઞાતિના હોવાથી જૈન વાણીયામાં તેમના શ્વસુરપક્ષવાળાએ પ્રથમ સ્વીકૃતિ આપી નહોતી.

### ⌘ જીવન શૈલી :–

શરૂઆતમાં अ બહેન ખૂબ જ સ્વતંત્ર વિચારસરણીવાળા હતા. પોતાની સાસુંનો સ્વભાવ થોડોક ગરમ અને બીજી જ્ઞાતિમાંથી આવેલા એટલે ઓરમાયું વર્તન રાખતા. પોતે ખારવા હોવાથી નોનવેજ ખાતા હતા. અત્યારે ખાય છે પરંતુ બહાર હોટલમાં જઈને ખાય છે. પોતાને ઘરે બનાવતા નથી. હોટલમાં તેમની દિકરી અને પતિ પણ નોનવેજ ખાય છે. પરંતુ अ બહેનનું માનવું હતું કે હવે નોનવેજ કરતાં વેજીટેરીયન વધારે ભાવે છે.

### ⌘ ગૃહસંચાલન :–

તેઓના ઘરની ગોઠવણ પણ લગ્ન પછી अ બહેને ફેરવી નાંખી હતી. અને વાસ્તુશાસ્ત્ર પ્રમાણે અને ઈન્ટીરીયર એન્જીનિયરને બોલાવીને ગોઠવણી કરી હતી. તેઓને શરૂઆતમાં રસોઈમાં, રહેણીકરણીમાં ખૂબ જ તફાવત લાગતો હતો. પોતાના શ્વસુરપક્ષના ઘરમાં વ્યવસ્થિત, કરકસર રીતે જીવવાની આદત હતી. તેની સામે अ બહેન પોતાના પિયરમાં ખૂબ

જ લાડકોડથી ઉછર્યા હતા. પોતાના સાસું કંઈ કહેતો ખૂબ જ ગુસ્સો ચડતો. એકવાર તો જતાં રહેલાં. પતિએ સમજાવીને પોતાના અને દિકરી ખાતર પાછા બોલાવેલા. હવે અત્યારે ખૂબ જ સમાયોજન સાધી શકયા છે.

પોતાની નાની દિકરી માટે અલગ રૂમ છે. તેમના સંચાલનની અસર તેની નાની બાળકીમાં પણ જોવા મળ્યું હતું. તેનો પોતાનો રૂમ અને કબાટ વ્યવસ્થિત ગોઠવેલા હતા. પોતે બાળકીને સંસ્કાર આપવામાં ખૂબ જ માનતા હતા. પોતાને દિકરીની કંપની ખાતર બીજા બાળકની આવશ્યકતા લાગતી હતી. તેઓ જાતિભેદમાં માનતા નહિ. તેઓ પતિનો ધર્મ પાળે છે. દેરાસર જાય છે. શરૂઆતમાં અનુકૂલનમાં ખૂબ જ તકલીફ હતી. પરંતુ હવે જરાપણ વાંધો આવતો નથી. પોતે ભણેલા અને સંસ્કારી હોવાથી પોતાની સાસુંની અમુક મર્યાદાઓ સ્વીકારી લીધી હતી. પોતાના આયોજનમાં પતિની મદદ લે છે. સમય અને શકિત બચે તેવા ગેસ, કુકર, મિક્ષચર, વોશીંગ મશીન, કલીનર વિગેરે ઉપકરણો ઘરમાં જોવા મળ્યા હતા. પુત્રીનો રૂમ અલગ અને વ્યવસ્થિત સજાવેલો હતો. ડ્રોઈંગરૂમમાં પણ વ્યવસ્થિત ગોઠવણ કરેલી હતી પોતે ખારવા જ્ઞાતિના હોવા છતાં ખૂબ જ પૈસાદાર કુટુંબમાંથી આવતા અને ભણેલા હતા. માટે જીવનશૈલી ઉચ્ચ પ્રકારની અને વ્યવસ્થિત હતી. તેમના પતિની આવક સારી હતી. अ બહેન કોલેજજીવનમાં ખૂબ જ ચંચળ અને રમુજી હતા. અત્યારે ખૂબ સુખી છે અને સ્થિર થઈને પોતાનું જીવન આનંદથી ગુજારે છે. પુત્રીને સંસ્કાર આપવાનું પોતાનું પ્રથમ કર્તવ્ય છે એમ માને છે.

## ૭.૯ કેઈસ ૮ :– જુનાગઢ આંતર–ધર્મીય લગ્ન

| | | | |
|---|---|---|---|
| अ | બહેન | ઉંમર. વર્ષ | મધ્યમ જ્ઞાતિ |
| ब | ભાઈ | ઉંમર. વર્ષ | સિંધી |

### ૧) કૌટુંમ્બિક પરિચય :–

अ બહેનના કુટુંબમાં મમ્મી, પપ્પા, તેમનાથી મોટો એક ભાઈ અને એક નાનો ભાઈ હતો. મોટા ભાઈએ કોલેજનું પહેલું વર્ષ કરીને ભણવાનું છોડી દીધેલું. અને પપ્પાના વેપારમાં મદદરૂપ બનતો હતો. જ્યારે નાનો ભાઈ કોલેજના છેલ્લાં વર્ષમાં હતો. अ બહેન પોતે ગુજરાતી વિષય સાથે બી.એ થયા હતા. પોતાને ત્યાં ધંધો સંયુકત હતો, પરંતુ રહેવાનું વિભકત કુટુંબમાં હતું. જ્યારે શ્વસુરપક્ષે સંયુકત કુટુંબમાં રહેતા હતા. પોતાના પતિ તેમજ સાસું અને સસરા તેમજ એક નણંદ હતા. જે કોલેજના છેલ્લાં વર્ષમાં અભ્યાસ કરતા હતા. સસરાને ત્યાં દૂધની ડેરી અને મીઠાઈની દુકાન હતી. જે પોતાના પિયરના ઘરની સામે જ હતી.

### ❈ જીવનસાથીની પસંદગી :–

अ બહેનને નાનપણથી જ ब ભાઈ જોડે પ્રેમ હતો. પોતાનો જીવનસાથી તેમણે મિત્રવર્તુળ માંથી પસંદ કર્યો હતો. પોતે સોની વાણીયા અને સિંધી છોકરા સાથે લગ્ન કર્યા. પહેલાં ભાગી જઈને કોર્ટ મેરેજ પછી શાસ્ત્રોકતવિધી પ્રમાણે લગ્ન કર્યા. પરંતુ સિંધી વિધી પ્રમાણે લગ્ન

કર્યા નથી. શાસ્ત્રોકત વિધીથી લગ્ન કર્યા ત્યારે માતા, પિતા હાજર રહ્યા હતા. સોની હોવા છતાં સોનાની એકપણ વસ્તુ આપી નહોતી. અત્યારે ઘરે આવવા–જવાનો વ્યવહાર નથી. ફોન ઉપર વાત થાય છે. પોતાના પિયરપક્ષમાં ઘરમાં કાકાનું ચાલતું હતું. અને કાકાએ બળજબરીથી પોતાના સગામાં अ બહેનની સગાઈ કરાવી દીધી હતી. પરંતુ अ બહેનને પ્રેમ હોવાથી તેમણે ब ભાઈને વાત કરી. અને જેની સાથે સગાઈ થઈ હતી તે છોકરાને अ બહેન અને ब ભાઈ મળી આવ્યા અને સમજાવ્યું કે સગાઈ તોડી નાંખો. અને કારણમાં બતાવો કે મને છોકરી ગમતી નથી. તો સગાઈ થયેલા છોકરાએ જવાબ આપ્યો કે પ્રેમ પાછળથી ભૂલાઈ જાય. અને તે ભાઈને अ બહેન ખૂબ જ ગમતા હતા. કારણ કે દેખાવડા, સુંદર અને સામાજીક રીતે જ્ઞાતિમાં તેમના કુટુંબનું વર્ચસ્વ હતું. અને કુટુંબ આગળ પડતું અને આર્થિક રીતે સધ્ધર હોવાથી સગાઈ કરેલા ભાઈએ સગાઈ તોડવાની ના પાડી. ત્યારે છેવટે अ બહેને ભાગીને ब ભાઈ સાથે કોર્ટમાં લગ્ન કરી લીધા.

### ஃ જીવન શૈલી :–

બંન્નેના કુટુંબમાં ખૂબ જ તફાવત જોવા મળે છે. શ્વસુરપક્ષે નોનવેજ ખાતા હતા. પરંતુ સસરા અને સાસુંનો સ્વભાવ એટલો માયાળું અને લાગણીસભર હતો કે પોતાના દિકરાની વહું દિકરી કરતાં પણ વિશેષ છે. તેનું ઘર છોડીને આવી છે અને ઉંમરમાં પણ ખૂબ જ નાની છે. એટલે તેને અનુકૂળ થઈને આપણે રહેવાનું એવું માનતા હતા. એટલે ઘરમાં નોનવેજ બનાવવાનું નહિ અને મહેમાન આવે તો પણ જરૂર લાગે તો બહાર જમાડી લેવાના. अ બહેનના ઘરે તો હવેલી ધર્મ પાળતા હોવાથી ડુંગળી, લસણ પણ ખાતા નહિ. ધીરે ધીરે अ બહેને રસોઈમાં ડુંગળી, લસણ ખાવાનું શરૂ કર્યું. સામાન્ય રીતે સિંધી જ્ઞાતિમાં દરેક વસ્તુમાં ડુંગળી, લસણનું પ્રમાણ વધારે જોવા મળ્યું. તેઓ મંદિરે જવાના બદલે ગુરૂદ્વારામાં જવા લાગ્યા. સિંધી ભાષા ખૂબ જ સારી રીતે સમજી અને બોલી શકે છે. તેઓનું માનવું છે કે અમારી જ્ઞાતિ કરતાં સિંધીમાં મહેમાનની આગતા–સ્વાગતા ખૂબ જ કરવાની હોય છે. દિકરીને લગ્ન વખતે ખૂબ જ આપવાનું હોય છે. જમવામાં પાપડનો ઉપયોગ વધારે પ્રમાણમાં થાય છે. શીરા જેવો નાસ્તો સવારમાં કરે છે. દરેક વસ્તુંનો વઘાર વેજીટેરીબલ ઘીમાં કરવામાં આવે છે. સિલાઈકામ અને ભરતકામનું મહત્વ વધારે છે અને દરેકને આવડવું જોઈએ. મોટાભાગના લોકો સિલાઈકામ ઘરે જ કરતા હોય છે. સિંધી જ્ઞાતિમાં દિકરીઓને વધારે ભણાવતા નથી, પરંતુ ભરત–ગૂંથણ કામ તો આવડવું જ જોઈએ.

### ஃ ગૃહસંચાલન :–

ગૃહસંચાલનમાં પણ દરેકની રીત અલગ હોય છે. તેમના ઘરમાં વેસ્ટર્ન સ્ટાઈલનું ફર્નિચર જોવા મળ્યું. બંગલા ટાઈપનું મકાન હતું. જેમાં ૬ રૂમ, એક ડ્રોઈંગરૂમ અને કીચન તેમજ કોઠારરૂમ હતાં. દરેકનો રૂમ પર્સનલ હતો. અને એટેચ ટોયલેટ–બાથરૂમની સગવડ હતી. ઘરમાં સ્ટિલનું ડાઈનિંગ ટેબલ પણ હતું. ઘરમાં મોટાભાગે પડદાંઓ અને પહેરવાના કપડાંમાં રેશમી કાપડનો ઉપયોગ થયેલો જોવા મળ્યો. પોતાનો ધંધો હોવાથી આવક સારી હતી. પરંતુ

ઘરખર્ચ માટે ફીકસ પૈસા આપવામાં આવતા જેથી તેમના સાસું બજેટ બનાવતા. મોટા મોટા બિલો જેવા કે કરીયાણું, ટેલિફોન બિલ, લાઈટ બિલ, જેવા બિલો ચેક દ્વારા દુકાનેથી ચૂકવાતા હતા. अ બહેનની નણંદ તેમની ઉંમરની હતી. તેથી ગૃહકાર્યમાં બંન્ને સાથે મળીને કાર્ય કરતા હતા. અને પોતાની ભાભીને દરેક વસ્તુ અને રિતરિવાજ સમજાવતાં હતાં. अ બહેને ગૃહકાર્ય એવી રીતે ઉપાડી લીધું હતું કે ઘરમાં દરેકને ખૂબ જ સંતોષ હતો. અને આવનાર કુટુંબીજનો તેમજ સગાવહાલાં તેમના ખૂબ જ વખાણ કરતા હતા. રસોઈની પધ્ધતિમાં ફેર હતો પરંતુ ધીરે ધીરે સાસું અને નણંદ પાસેથી શીખી લીધું હતું. પોતાની એક બેનપણીને પણ કાકાજીના છોકરા સાથે લગ્ન કરાવ્યા હતા. કુટુંબમાં વહુ અને દિકરી જેવો તફાવત જરાપણ જોવા મળ્યો નહિ. अ બહેનનું કહેવું હતું કે પિયર કરતાં પણ મને વધારે સ્વતંત્રતા અને પ્રેમ મળે છે. આ કુટુંબમા આવીને પોતાની જાતને નશીબદાર સમજે છે. શરૂઆતમાં લસણ, ડુંગળી અને રસોઈ બનાવવાની પધ્ધતિમાં ફેર હોવાથી શરૂઆતમાં ખાનપાનમાં તકલીફ પડતી હતી. તે હવે ફાવી ગયું છે. પ્રેમ હતો એટલે પહેલેથી ભાષા તો શીખતા જ હતા. ગુરૂદ્વારામાં જવાનો મારી ઉપર કોઈ આગ્રહ કરતું નહિ.

એકંદરે अ બહેન શ્વસુરગૃહે ખૂબ જ સુખી અને સંતોષ પામેલા દેખાતા હતા.

## ૭.૧૦ કેઈસ ૯ :– જુનાગઢ આંતર–પ્રાદેશિક લગ્ન

| | | | |
|---|---|---|---|
| अ | બહેન | ઉંમર. ૬૩ વર્ષ | ઉચ્ચ જ્ઞાતિ |
| ब | ભાઈ | ઉંમર. ૬૫ વર્ષ | મરાઠી |

### ૧) કૌટુંમ્બિક પરિચય :–

अ બહેન જુનાગઢ જિલ્લાના વિસાવદર ગામે રહેતા હતા. તેમને એક ભાઈ અને બે બહેનો હતા. ભાઈ અને બહેનની અંદર પોતે મોટા હતા. ब ભાઈના કુટુંબમાં તેમના માતા–પિતા અને ત્રણ ભાઈઓ હતા. તેમનો એટલે કે ब ભાઈનો નંબર બીજો હતો. अ બહેન તેમની પડોશમાં રહેતા હતા. ત્યારથી જ ब ભાઈને ખૂબ જ ગમતા. अ બહેન ઝાલાવાડી બ્રાહ્મણ અને ब ભાઈ મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ હતા. अ બહેનનો ભાઈ ગવર્મેન્ટ નોકરી કરતો હતો. અને પોતાની જ્ઞાતિમાં લગ્ન કર્યા હતા. અને પોતાની નાની બહેને લગ્ન કર્યા ન હતા. અને શાળામાં શિક્ષિકાની નોકરી કરતા હતા. પોતાના ઘરમાં પોતાના પિયરપક્ષનું વધારે ચાલતું હતું. પોતાના મામા મ્યુનિસિપાલિટીમાં પ્રમુખ હતા. અને ગામમાં આગળ પડતા હતા. પોતે પણ તે જમાનામાં બી.એ. અને P.T.C કરેલું હતું. તેમના શ્વસુર પક્ષમાં પોતાને એક જેઠ અને દિયર હતા. પોતાની સાસું મીડવાઈફ હતા. અને દિયર જ્યારે તેમણે લગ્ન કર્યા ત્યારે ભણતા હતા. અને જેઠે પોતાની એટલે કે મરાઠી બ્રાહ્મણમાં લગ્ન કર્યા હતા. પરંતુ પોતે લગ્ન કરીને મહારાષ્ટ્ર પ્રસંગોપાત જ ગયા છે અને સૌરાષ્ટ્રમાં સ્થિર થયા છે. પોતાને બે પુત્ર અને બે પુત્રી છે. બધાને સૌરાષ્ટ્રમાં પરણાવ્યા છે.

### ⌘ જીવનસાથીની પસંદગી :–

તેઓએ પોતાના જીવનસાથીની પસંદગી પાડોશમાંથી કરેલી હતી. નાનપણથી જ अ બહેન તેમની સાસુંને ખૂબ જ ગમતા તેઓ પાડોશમાં રહેતા હોવાથી અવારનવાર પોતાના ઘરે આવતા. સૌ પ્રથમ લગ્ન કોર્ટમાં નોંધાવ્યા ત્યારે દૂરથી પોતાના પિતાશ્રી અને સસરા બંન્ને જોતા હતા. પરંતુ કોઈની હિંમત જોડે આવવાની નહોતી. અને થોડાક દિવસમાં બોલાવી લીધા અને શાસ્ત્રોકત વિધી પ્રમાણે લગ્ન કર્યા. પોતાના મામા અને માતુશ્રી થોડાક મહિનાઓ પછી પોતાને બોલાવા આવ્યા અને સમજાવ્યું કે તમને પિયર તરફથી વહેંવાર કરવા માંગીએ છીએ. ત્યારે માતાએ ઈશારામાં કહેલું કે આવતી નહિ. પાછળથી ખબર પડી કે ઘરે ગયા હોત તો બીજે પરણાવી દેવાની તૈયારી કરી હતી.

### ⌘ જીવન શૈલી :–

તેઓ મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ વિશે કહે છે કે તે જ્ઞાતિમાં સ્ત્રીઓને ખૂબ જ માન આપવામાં આવે છે. ધનતેરસના દિવસે ઘરની વહુને સાસું હળદર લગાડીને નવરાવે ત્યારે ઘરમાં ફટાકડા ફોડવામાં આવે છે. તેમની સાસુંએ તેમને સાડી પહેરતા શીખવાડી હતી. કારણ કે પોતે ખૂબ જ નાના હતા. સેકસ વિશેનું જ્ઞાન પણ સાસું મીડવાઈફ હોવાથી ખૂબ જ સમજપૂર્વક આપ્યું હતું. તેઓ કહેતા કે મહારાષ્ટ્રીયન બ્રાહ્મણો હોળીના દિવસે સ્પેશ્યલ ચણાની દાળની પૂરણપોળી બનાવે છે. તેઓ મરાઠી ભાષા સરસ શીખી ગયા છે. નોનવેજ પહેલાં ઘરમાં ખાતા હતા એટલે બનાવતા હતા. પોતે કયારે પણ ખાધું નથી. મરાઠી બ્રાહ્મણમાં લગ્ન કરીને આવે એટલે લામણ દીવો પેટાવે અને વહુંનું તેમાં મોઢું જોવે અને પછી વહુંનું નામ બદલી નાંખે. પોતાના વરનું નામ એટલે કે ब ભાઈનું નામ ગુલાબ હતું. એટલે પોતાની સાસુંએ તેમનું નામ લતા પાડયું હતું. મહારાષ્ટ્રીયન લોકોના રીતરિવાજ બધા જ શીખી ગયા છે. મહારાષ્ટ્રીયન લોકોમાં ઘરની વહુને લક્ષ્મી ગણીને ખૂબ જ માન આપવામાં આવે છે.

### ⌘ ગૃહસંચાલન :–

अ બહેનનું માનવું હતું કે નાનપણથી પોતાના પાડોશી હતા એટલે તેમની ચોક્કસાઈ રીતરિવાજ વિશે જાણતી હતી. પરંતુ લગ્ન કરીને ગયા પછી સાસુંએ ખૂબ જ ધીરજપૂર્વક દરેક રીત અને ભાષા શીખવાડી. જીંદગીના આટલા વર્ષોમાં કયારે પણ ઘરમાં ઝઘડો થયો નથી. તે લોકોના ઘરમાં બજેટ બનાવવામાં આવતું. પોતાને શ્વસુરગૃહે માન મળેલું એટલે આવનાર પોતાના દિકરાની વહુને પણ સહજ સ્વીકારી લીધેલા અને તેમને ઘરની રીત, સભ્યતા વિગેરે શીખવાડયું હતું. તેઓ ગણપતિમાં વધારે માનતા હતા. પોતાને બંગલો હતો પરંતુ ઘરમાં ચોખ્ખાઈ અને વ્યવસ્થા ખૂબ જ દેખાતી હતી. આટલી મોટી ઉંમરે પણ પોતાના જરૂરિયાત પૂરતા પૈસા રાખીને આરામથી જીવતા હતા. પોતાના પતિ ગવરમેન્ટમાં નોકરી કરતાં. રીટાયર્ડ થયા પછી પણ ખાનગી ઓફિસમાં નોકરી કરતાં. સ્વમાનથી જીવવામાં ખૂબ જ માનતા. ઘરના કોઈ પણ પ્રસંગમાં પતિની સંમતિ લઈને જ આગળ વધતા. સમયપાલનતામાં ખૂબ જ

માનતા. મરાઠી ટાઈપની સાડી પહેરતા નહિ પરંતુ દરેક કામમાં આયોજન દેખાઈ આવતું હતું. કરકસર જીંદગીનો એક ભાગ છે તેમ માનતા હતા.

## ૭.૧૧ કેઈસ ૧૦ :– જુનાગઢ આંતર–પ્રાદેશિક લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| अ | બહેન | ઉંમર. | ૩૦ વર્ષ | ઉચ્ચ જ્ઞાતિ |
| ब | ભાઈ | ઉંમર. | ૩૫ વર્ષ | સાઉથ ઈન્ડીયન |

### ૧) કૌટુંમ્બિક પરિચય :–

अ બહેન બ્રાહ્મણ હતા અને પોતાને બે ભાઈ અને પોતે એક બહેન હતા. એક ભાઈ પરેણલો હતો. અને નાનો ભાઈ ભણવાનું છોડીને પાનનો ગલ્લો ચલાવતો હતો. પોતાના પપ્પા એક ખાનગી ઓફિસમાં નોકરી કરતાં હતા. ब ભાઈનું આખું કુટુંબ મદ્રાસમાં રહેતું હતું. ब ભાઈ એક જણાને ત્યાં નોકરી માટે મદ્રાસથી આવ્યા હતા. પોતાના પિતાએ બીજા લગ્ન કર્યા હતા. અને માતા ત્રાસ આપતા ઘર છોડીને આ બાજુ આવીને વસ્યા હતા. પોતાની એક બેન હતી અને નવી માતાને બે પુત્રો હતા. તેમણે નાની બહેનને ત્યાં જ મદ્રાસમાં પરણાવી દીધી હતી. વાર તહેવારે તેમના પિતાના સમાચાર આવતા હતા. अ બહેન શ્વસુરપક્ષ વિષે વધારે કંઈ જાણતા ન હતા. અને લગ્નને ૧૦ વર્ષ પૂરા થયા તે દરમિયાન એક જ વખત સાસરે ગયા હતા.

### ⌘ જીવનસાથીની પસંદગી :–

તેમનો જીવનસાથી તેમણે મિત્રવર્તુળમાંથી પસંદ કર્યો હતો. તેમનો જીવનસાથી તેમની બહેનપણીના મકાનમાં ભાડે રહેતો હતા. પોતે ડબલ ગ્રેજ્યુએટ છે પરંતુ પોતાના પતિ કેટલું ભણેલા છે તે પણ તેમને ચોક્કસ ખબર નહોતી. લગ્ન કરવામાં મિત્રોએ સાથ સહકાર આપ્યો હતો. જરૂર પડે આર્થિક મદદ પણ કરી હતી. શરૂઆતમાં ઘરવાળાએ આ સંબંધ સ્વીકાર્યો હતો અને अ બહેનના ભાઈના લગ્નમાં ब ભાઈને બોલાવ્યા હતા અને વહેવાર પણ કરેલો. પાછળથી સગાંઓની ચડામણીથી છોકરો બરાબર નથી. આપણી દિકરીને ના અપાય. એટલે સંબંધ તોડી નાંખ્યો. અને अ બહેનને ઘરમાંથી મળવા નહિ જવાનું કહેવામાં આવ્યું અને ब ભાઈને ઘરે આવવાની મનાઈ કરી દીધી અને अ બહેન માટે જ્ઞાતિમાં છોકરા જોવાનું શરૂ કર્યું. એકાદ બે છોકરા જોયા અને એકાદ છોકરાને अ બહેન પસંદ પડતા સગાઈની વિધિ કરવા આવવાના હતા. ત્યારે अ બહેને ब ભાઈને છાનેમાને ફોન કરીને બોલાવી લીધા અને જો તમને પ્રેમ હોય અને પરણવું હોય તો મને જલ્દીથી લઈ જાવ. ત્યારે પોતે બંન્ને જણા ભાગી ગયા અને મિત્રોએ મદદ કરી. પાછળથી પિયરપક્ષના લોકોએ બોલાવી લીધા અને આર્યસમાજથી વિધી કરાવી દીધી.

### ⌘ જીવન શૈલી :–

બંન્નેની જીવનશૈલીમાં તફાવત જોવા મળતો. ब ભાઈના મદ્રાસના રીતરિવાજ તદ્દન જુદા હતા પરંતુ પોતે અહિયાં જ રહેતા હતા અને વિભકત કુટુંબમાં હતા. એટલે ખાસ તકલીફ

નહોતી. મદ્રાસી હોવાને લીધે નોનવેજ ખાતા. પરંતુ ઘરમાં બનાવવાનો આગ્રહ રાખતા નહિ. તેમજ ખાવાનો પણ આગ્રહ રાખતા નહિ. ब ભાઈએ પાછળથી પોતાનો કેટરીંગનો ધંધો ચાલું કર્યો હતો. જે ખૂબ જ સારો ચાલતો હતો. તે લોકોના ખોરાકમાં ब ભાઈ મદ્રાસી હોવાથી ભાત, રસમનું પ્રમાણ વધારે હતું. બહેન ધીરે ધીરે મદ્રાસી ભાષા શીખતા હતા. બંન્ને કુટુંબમાં આર્થિક સ્થિતિ એક સરખી હતી. ઘરમાં મોટા ભાગે બંન્નેના તહેવાર ઉજવવામાં આવતા હતા. ખૂબ જ કરકસરથી રહેતા હતા. અને પોતાના કુટુંબને આગળ લાવ્યા હતા. अ બહેન આર્થિક રીતે કુટુંબને મદદ કરવા માટે ખાનગી શાળામાં નોકરી અને ટયુશન કરતા હતા. પોતે પિયરપક્ષની જરાપણ આશા રાખતા નહિ. તેઓનું માનવું હતું કે મદ્રાસ જાય તો જીવનશૈલીમાં ખૂબ જ તફાવત પડે કારણ કે તેમના સાસરાવાળા આવતા તો પણ રસોઈમાં, વાતચિતમાં, વ્યવહારમાં, કામ કરવાની પધ્ધતિમાં તફાવત જોવા મળતો હતો.

### ❋ ગૃહસંચાલન :–

તેઓ ભાડેના મકાનમાં રહેતા હતા. મકાનમાં બે રૂમ અને એક રસોડું હતું. ફળિયામાં કેટરીંગના વાસણો હતા. તેઓ કહેતા કે કરકસર કરીને આ વાસણો વસાવ્યા છે. પહેલાં ભાડે લાવતા હતા. अ બહેનને એક પુત્ર અને પુત્રી હતા. પરંતુ ખૂબ જ સંસ્કારી દેખાતા હતા. બાળકો સાથે રમતા હતા પણ અવાજ કરતા નહિ. ફર્નિચરમાં લોખંડના બે ટેબલ અને ચાર ખુરશી હતી. ઘરમાં બ્લેક એન્ડ વ્હાઈટ એક ટી.વી. હતું જે હમણાં જ સેકન્ડ હેંડમાં ખરીદેલું હતું. બાળકોનામોઢા ઉપર સંતોષ દેખાતો હતો. તેઓના ઘરમાં વસ્તુ ઓછી હતી. ધંધામાં અનુકૂળ રહે એટલે મોબાઈલ ફોન વસાવેલો હતો. अ બહેનનું કહેવું હતું કે પોતાના પતિ ખૂબ જ વ્યવહારું અને માયાળું છે. પોતાના પિયરપક્ષમાં પણ જરૂર પડે આવીને ઊભા રહે છે. બેન બ્રાહ્મણ હોવાથી સમય મળે ખૂબ જ પૂજા પાઠ કરે છે. જે કાંઈ સુખ છે તે ઈશ્વરની કૃપા છે અને આર્થિક રીતે ઓછી આવક હોવા છતાં પણ બંન્ને પતિ–પત્ની પોતાની આર્થિક મર્યાદા સમજીને પોતાના મોજશોખ પૂરા કરે છે અને બાળકોને ભણાવે છે. તેમના જીવનનો સંતોષ તેમની વાતચિતમાં જણાતો હતો. તેમનું કહેવું હતું કે બીજે લગ્ન કરવાથી સુખી થાત નહિ. માટે ભાગીને લગ્ન કરવા પડયા. પોતાના માતૃપક્ષે પણ એમનું એટલું જ માન છે.

ઉપરોકત એકમ અભ્યાસો પરથી જોવા મળ્યું છે કે મોટાભાગે ઉચ્ચજ્ઞાતિઓ વચ્ચે અને ઉચ્ચ મધ્યમ જ્ઞાતિઓ વચ્ચેના લગ્નોનું પ્રમાણ વધુ જોવા મળે છે. ઉચ્ચજ્ઞાતિની યુવતિ અને નિમ્નજ્ઞાતિના યુવક હોય તેવી ઘટનાઓ કયારેક જોવા મળે છે પરંતુ નિમ્નજ્ઞાતિની યુવતી અને ઉચ્ચજ્ઞાતિના યુવકના લગ્નોનું પ્રમાણ નહિવત્ છે. મુસ્લિમ, હિંદુ, ખ્રિસ્તી, જૈન, સિંધી ધર્મના લોકો વચ્ચેના લગ્નોમાં હિંદુ–મુસ્લિમ, હિંદુ–ખ્રિસ્તી ધર્મ વચ્ચેના લગ્નો હવે વધતા જાય છે પરંતુ સમાજ દ્વારા તેનો સ્વીકાર કરવામાં આવતો નથી.

આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્નો કરતા યુવક–યુવતિ મોટાભાગે પડોશજૂથમાં રહેતા હોય છે અથવા તો સાથે નોકરી કરતા હોય અથવા તો સગા સંબંધીને ત્યાં જતા–આવતા સંપર્કમાં આવવાથી જીવનસાથીના ગાઢ પરિચય બાદ લગ્ન કરી લેતા જોવા મળ્યા છે. મોટાભાગે લગ્નનો પ્રસ્તાવ યુવકો દ્વારા જ મૂકવામાં આવ્યો છે. યુવતિઓ દ્વારા લગ્નનો

પ્રસ્તાવ મૂકાયો હોય તેવું બહુ ઓછું જોવા મળ્યું છે. આ પ્રકારના લગ્નોમાં યુવતિના માતા–પિતા અને કુટુંબીજનોનો સખત વિરોધ જોવા મળ્યો છે. જ્યાં આંતર–ધર્મીય લગ્નો છે ત્યાં તો કેટલાક કિસ્સાઓમાં માતા–પિતા દ્વારા હજુ પણ યુવતિના લગ્નનો સ્વીકાર કરવામાં આવતો નથી પરંતુ જ્યાં આંતર–જ્ઞાતિય લગ્નોમાં ઉચ્ચ–મધ્યમ કે ઉચ્ચ–ઉચ્ચ જ્ઞાતિના લગ્નો થયેલા છે ત્યાં માતા–પિતા દ્વારા એકાદ સંતાન બાદ કે થોડા સમય બાદ તેમનો સ્વીકાર કરી લેવામાં આવે છે. પરંતુ જ્યાં મુસ્લિમ યુવતિ હોય અને હિંદુ છોકરો હોય તો તેનો સ્વીકાર સાસરીયા પક્ષમાં પણ કરવામાં આવતો નથી. પરંતુ હિંદુ યુવતિ ધર્મ બદલે છે. જેથી સાસરીયામાં તેનો સ્વીકાર થાય છે.

જ્યાં ધર્મ અને જ્ઞાતિ કે પ્રાદેશિકતા વચ્ચેનું અંતર વધુ તેવા કિસ્સાઓમાં અનુકૂલનની સમસ્યાઓ વધુ જોવા મળે છે. જેમાં ખાસ કરીને ખોરાક, બોલી, રહેણીકરણી અને જીવનશૈલીની રિતભાત યુવતિએ શીખવી પડે છે. બીજું આર્થિક સ્તરમાં પણ મોટો તફાવત હોય ત્યાં પણ યુવતિએ આર્થિક નબળી સ્થિતિનો સ્વીકાર કરી અનુકૂલન સાધવું પડે છે. આવા પ્રકારની ઘટનાઓમાં યુવતિઓનો બંને પક્ષ તરફથી ઝડપથી સ્વીકાર કરવામાં આવતો નથી. જેથી યુવક કરતા યુવતિ એ ઘણી બધી બાબતોમાં સહન કરવું પડે છે અને અનુકૂલન સાધવું પડે છે.

ગૃહવ્યવસ્થાનો મોટો આધાર યુવતિના શૈક્ષણિક સ્તર સાથે સંકળાયેલો છે. જો યુવતિનું શિક્ષણનું સ્તર ઉંચું હોય અર્થાત્ યુવતિએ ઉચ્ચ શિક્ષણ મેળવેલ હોય તો તેની ગૃહવ્યવસ્થામાં તે વ્યકત થતું હોય છે. ગૃહવ્યવસ્થાનો બીજો આધાર તેની આર્થિક પરિસ્થિતિ પર રહેલો છે. જો આર્થિક પરિસ્થિતિ નબળી હોય તો યુવતિની ખૂબ ઈચ્છા હોવા છતાં તે ઘરમાં સમય અને શકિત વધે તેવા સાધનો કે ફર્નિચર વસાવી શકતી નથી. મોટાભાગના કુટુંબો મધ્યમ કે નિમ્ન મધ્યમ કક્ષાના જોવા મળ્યા છે. ખૂબ ઓછા કિસ્સા એવા જોવા મળ્યા છે કે જેમાં યુવતિની આર્થિક સ્થિતિ સારી હોય જેથી તેની ગૃહવ્યવસ્થા પણ ઉચ્ચ કક્ષાની હોય. મોટાભાગે આ પ્રકારના લગ્નોમાં યુવક અને યુવતિ બંનેને તેમના પિયર કે સાસરીયાના પક્ષનો સાથ સહકાર ન મળતા આર્થિક, સામાજિક સંઘર્ષ ખૂબ લાંબા સમય સુધી કરવો પડે છે અને તેઓએ સ્વબળે પોતાના કુટુંબનો નિભાવ કરવો પડે છે, ગૃહસંચાલન કરવું પડે છે.

## ૨.૧૨ ઉપસંહાર :–

પ્રસ્તુત પ્રકરણમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય તેમજ આંતર–પ્રાદેશિક લગ્ન કરેલ યુવતિઓના અનુકૂલન વિષેની ચર્ચા કરવામાં આવી છે. જેમાં આંતર–જ્ઞાતિય લગ્ન કરેલ ત્રણ એકમો, આંતર–ધર્મીય લગ્ન કરેલ પાંચ એકમો, આંતર–પ્રાદેશિક લગ્ન કરેલ બે એકમોનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં ઉત્તરદાતાઓની કૌટુંબિક પરિસ્થિતિ, જીવનસાથીની પસંદગીની, લગ્ન અંગેનો પ્રસ્તાવ અને લગ્ન સુધીના દરેક તબક્કાઓની વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે.

આ ઉપરાંત આ પ્રકારના લગ્ન કરેલ ઉત્તરદાતાઓને ગૃહસંચાલન વ્યવસ્થા કેવા પ્રકારની

છે ગૃહસંચાલનમાં સંતાનો અને પતિ દ્વારા સાથસહકાર કેવો મળે છે તેમજ ગૃહસંચાલનમાં મદદરૂપ બનતા સમય અને શકિતનાં બચાવ માટેના વિવિધ ઉપકરણોની સુવિધાઓ તથા અનુકૂલનની સમસ્યાઓને જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમજ આ પ્રકારના ઉત્તરદાતાઓની અનુકૂલન સાધવાની રીતોને સમજવાનો પ્રયત્ન આ પ્રકરણમાં કરવામાં આવેલો છે. આ ઉપરાંત આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય કે આંતર–પ્રાદેશિક લગ્ન કરેલ ઉત્તરદાતાઓ કયારે કયા લોકોની જીવનશૈલી અપનાવે છે. તેઓ પોતાની રીતભાતો કે પરંપરાઓ કયા કયા જાળવી રાખે છે. અને પોતાના પતિની કઈ જીવનશૈલી સાથે અનુકૂલન સાધે છે. તેની વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે.

# પ્રકરણ – ૮

## તારણો

૮.૧ પ્રસ્તાવના

૮.૨ સારાંશ

૮.૩ અભ્યાસના તારણો

૮.૩.૧ વ્યકિતગત કૌટુંબિક માહિતી

૮.૩.૨ લગ્ન, સમસ્યા અને અનુકૂલનના પ્રશ્નો અંગેના તારણો

૮.૩.૩ ગૃહવ્યવસ્થા અંગેના તારણો

૮.૪ સૂચનો

૮.૫ સંશોધનના નવા ક્ષેત્રો.

# પ્રકરણ – ૮
# તારણો

## ૮.૧ પ્રસ્તાવના :–

માનવીની વિવિધ જરૂરિયાતો પૈકી અર્થઉત્પાર્જન, કુટુંબ, બાળ ઉછેર, પ્રજનન વિગેરે જોવા મળે છે. પોતાની જરૂરિયાતની પૂર્તિ અંગે સમાજે અને માનવીએ અનેક માર્ગો શોધી કાઢયા છે. તે કારણે જ વિવિધ સંસ્થાઓ આકાર પામી છે. દા.ત. કુટુંબ વ્યવસ્થા, જેનું મુખ્ય કાર્ય નવા સભ્યો પૂરા પાડવા તેમજ સભ્યોની જરૂરિયાતો પૂર્ણ કરવી. એજ રીતે માનવી એ લગ્ન સંસ્થાને પણ વિકસાવી છે. લગ્ન સંસ્થાનું સ્વરૂપ વિશ્વસ્તરે જુદું–જુદું હોવા છતાં તે સાર્વત્રિક સંસ્થા છે. કોઈપણ સમાજ હોય ત્યાં લગ્ન સંસ્થાનું અસ્તિત્વ જોવા મળે છે. લગ્ન સંસ્થાના નિયમો પણ દરેક સમાજમાં અસ્તિત્વ પામ્યા છે, પરંતુ આ નિયમોનું સ્વરૂપ જુદું–જુદું જોવા મળે છે.

પરિવર્તનની અસર દરેક સંસ્થાઓ ઉપર જોવા મળે છે, એ પછી કુટુંબ હોય, આર્થિક સંસ્થા હોય કે લગ્ન સંસ્થા હોય. પરિવર્તનની આ પ્રક્રિયા નિરંતર ચાલે છે. તે પાછળ અનેકવિધ પરિબળો જવાબદાર છે. પ્રસ્તુત અભ્યાસમાં લગ્ન સંસ્થામાં આવતા પરિવર્તનો એ અભ્યાસનો મુખ્ય મુદ્દો ગણાવી શકાય. પરિવર્તનની અસરના પરિણામે લગ્ન સંસ્થા ઉપર તેની વિવિધ અસરો થયેલી છે. જેમાં આંતર–જ્ઞાતિય લગ્ન કે આંતર–ધર્મીય લગ્ન પણ અસ્તિત્વમાં આવ્યા. ભારતીય સમાજમાં જ્ઞાતિય વ્યવસ્થાના નિયમો વધારે ચુસ્ત છે, ત્યારે આ પરિસ્થિતિમાં આ પ્રકારના લગ્નો સમાજ ઉપર બહુ મોટી અસર જન્માવે છે. આ પ્રકારના લગ્ન કરનાર પાત્રો સામે અનેકવિધ પડકારો ઊભા થાય છે. તેમાં પણ પુરૂષ પ્રધાન સમાજમાં સ્ત્રીઓએ પતિની જ્ઞાતિ તેમજ ધર્મ સાથે અનુકૂલન સાધવું પડે છે. આ અનુકૂલન જ તેના લગ્નજીવનને સફળ કે નિષ્ફળ બનાવી શકે છે. બીજું દરેક જ્ઞાતિ કે ધર્મની પોતાની આગવી સંસ્કૃતિ, ધોરણો, રિત–રિવાજો, રૂઢિઓ અને પરંપરાઓ, રહેણીકરણી હોય છે. જ્યારે કોઈ એક વ્યકિત પોતાની જ્ઞાતિ કે ધર્મની બહાર લગ્ન કરે છે, ત્યારે તેણે બીજી જ્ઞાતિ કે ધર્મની વ્યકિત પ્રમાણે જીવનશૈલીમાં સમાયોજન કરવું પડે છે. જેમાં બહેનો આ પરિસ્થિતિમાં ગૃહસંચાલન કંઈ રીતે કરે છે, અને તે કઈ રીતે મદદરૂપ બની શકે તે જાણવાનો પ્રયત્ન પ્રસ્તુત અભ્યાસમાં કરવામાં આવ્યો છે.

## ૮.૨ સારાંશ :–

પ્રસ્તુત મહાશોધ નિબંધ એ પી.એચ.ડીના અભ્યાસના ભાગરૂપે કરવામાં આવ્યો છે. જેમાં પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરનાર યુવતિઓની અનુકૂલનની સમસ્યાઓ અને ગૃહસંચાલન ને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરવામાં આવ્યો છે.

આ અભ્યાસમાં પોરબંદર જિલ્લાના ઉત્તરદાતા અને જુનાગઢ જિલ્લાના ઉત્તરદાતાઓનો

સમાવેશ કરવામાં આવ્યો છે. ઉત્તરદાતાઓની પસંદગી હેતુપૂર્વક, આકસ્મીક, યદચ્છ નિદર્શન દ્વારા કરવામાં આવી છે.

માહિતી એકત્રીકરણ, પ્રાથમિક માહિતી માટે મુલાકાત અનુસૂચી તથા વ્યકિતએકમ તપાસ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જ્યારે વિષય પસંદગી, અભ્યાસ સમસ્યા તથા અભ્યાસના હેતુંઓ નક્કી કરવા માટે અને અભ્યાસનું મહત્વ દર્શાવવા દ્વિતિયક સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં સેન્સસ રીપોર્ટ, જુનાગઢ અને પોરબંદરની ભૌગોલિક, ઐતિહાસિક માહિતી માટે સંદર્ભ પુસ્તકો, વસ્તી વિષયક અહેવાલો તથા અન્ય પ્રકાશિત–અપ્રકાશિત શોધ નિબંધો તથા લેખોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. માહિતી વિશ્લેષણ માટે સરળ કોડીગ પધ્ધતિનો ઉપયોગ કરીને કોડ લીસ્ટ બનાવીને સરળ કોષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

સમગ્ર અભ્યાસને અનુક્રમે કુલ ૮ પ્રકરણમાં વિભાજીત કરેલ છે. પ્રથમ પ્રકરણમાં ગૃહવિજ્ઞાનનો ઉદ્દભવ, તેનો વિકાસ તથા તેની સાથે સંકળાયેલા વિષયો અને તેના મહત્વની ઊંડાણપૂર્વકની માહિતી રજૂ કરવામાં આવી છે.

બીજા પ્રકરણમાં સંશોધન આયોજનની પ્રારંભથી અંત સુધીની સમગ્ર પ્રક્રિયાની છણાવટ કરવામાં આવેલી છે. જેમાં મુખ્યત્વે વિષય પસંદગી, સંદર્ભની સમસ્યા, સંશોધનના હેતુઓ, સંશોધનનું મહત્વ, સંશોધન અભ્યાસ ક્ષેત્ર, અભ્યાસ પધ્ધતિઓ અને પ્રયુકિતઓ, માહિતી વિશ્લેષણ તથા અભ્યાસની મર્યાદાઓની ચર્ચા કરેલી છે.

ત્રીજા પ્રકરણમાં અભ્યાસના ક્ષેત્રની ભૌગોલિક, ઐતિહાસિક માહિતીની વિસ્તૃત છણાવટ કરેલી છે.

ચોથા પ્રકરણમાં ઉત્તરદાતાની સામાન્ય માહિતીનું વિશ્લેષણ કરેલ છે. જેમાં વ્યકિતગત અને કૌટુંબિક માહિતીમાં ઉત્તરદાતાનાં કુટુંબના સભ્યોની જ્ઞાતિ, તેમનું વયજૂથ, તેમનો ધર્મ, કુટુંબનો પ્રકાર, કુટુંબના સભ્યોનું શિક્ષણ, વૈવાહિક દરજ્જો, આર્થિક પરિસ્થિતિમાં તેમનો વ્યવસાય, કામ કરનાર સભ્યોની સંખ્યા તેમજ આવક જેવા વિવિધ પાસાંઓની ચર્ચા કરવામાં આવી છે.

પાંચમાં પ્રકરણમાં ઉત્તરદાતાની જીવનસાથી તથા લગ્નસંબંધી વિવિધ બાબતોની માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જેમાં જીવનસાથીની પસંદગી, તેના પ્રસ્તાવ, લગ્નની વિધિ, માતા–પિતાનું શિક્ષણ, લગ્નનો સ્વીકાર, અસ્વીકાર, સંમતિ, જાતિય જ્ઞાન અંગેની સમજ, કુટુંબ નિયોજનમાં માનો છો, લગ્નજીવનથી સંપૂર્ણ સંતુષ્ટ છો, બીજી જ્ઞાતિમાંથી આવો છો માટે માન મળે છે વિગેરે ચર્ચા કરી છે.

છઠ્ઠા પ્રકરણમાં ગૃહસંચાલનના વિવિધ પાસાંઓની છણાવટ કરવામાં આવી છે. જેમાં ધર્મ કે જ્ઞાતિની ગૃહસંચાલન ઉપર કોઈ અસર પડે છે કે કેમ ? ઉત્તરદાતાના શિક્ષણને એની સાથે કોઈ સંબંધ છે કે કેમ ? તેમજ ગૃહસંચાલનની કોઈ તાલીમ લીધેલી છે કે કેમ ? ગૃહસંચાલનના વિવિધ પાસાંઓ જેવા કે સમય, શકિતના બચાવ માટેના ઉપકરણોની સુવિધા,

ઘરમાં ફર્નીચરની ગોઠવણી, રસોડાના સાધનો અને તેની ગોઠવણી, અનાજની સાચવણી, સંગ્રહ તથા બજેટ અને બચત અને રોકાણને લગતા વિવિધ પ્રશ્નો દ્વારા માહિતી એકત્રીત કરવામાં આવેલી છે અને તેનું વિશ્લેષણ કરવામાં આવેલું છે.

સાતમાં પ્રકરણમાં કુલ ૧૦ કેસ સ્ટડીની રજૂઆત કરીને સમગ્ર અભ્યાસમાં વિવિધ ગૃહ સંચાલન, લગ્ન સંબંધી જ્ઞાતિ તથા ધર્મના વિવિધ પાસાંઓને સાંકળવાનો પ્રયત્ન કરેલો છે.

આઠમાં પ્રકરણમાં અભ્યાસના તારણો દર્શાવવામાં આવ્યા છે.

## ૮.૩. અભ્યાસના તારણો :–

સમગ્ર શોધ નિબંધનું સમગ્ર અભ્યાસના આધારે એકત્રીત કરેલ માહિતીને આધારે માહિતીનું વિશ્લેષણ કરી અભ્યાસના મહત્વના તારણો જે તારવવામાં આવ્યા છે. જે નીચે મુજબ દર્શાવ્યા છે. અભ્યાસક્ષેત્ર પોરબંદર અને જુનાગઢ જિલ્લા પૂરતું મર્યાદિત રાખવામાં આવ્યું છે. આ અભ્યાસમાં આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલ યુવતિઓને અભ્યાસના એકમ તરીકે પસંદ કરવામાં આવેલી છે. આ અભ્યાસમાં મુખ્યત્વે અનુકૂલનની સમસ્યાઓ તથા ગૃહ સંચાલનની વિવિધ પધ્ધતિઓ તથા વિવિધ પાસાંઓની ચર્ચા કરવામાં આવી છે.

આ અભ્યાસમાં તુલનાત્મક પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલો છે. તેમજ માહિતી એકત્રીકરણ માટે મુલાકાત અનુસૂચી દ્વારા ઉત્તરદાતાની વિષય સંબંધી માહિતી એકત્રીત કરવામાં આવેલ છે. આ ઉપરાંત મુલાકાત પ્રયુકતી દ્વારા ઉત્તરદાતાની અંગત બાબતોની માહિતી એકત્રીત કરવામાં આવેલી હતી. આ ઉપરાંત એકમ તપાસ પધ્ધતિ દ્વારા પણ આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલ ઉત્તરદાતા વચ્ચેના તફાવતોને સમજીને ઊંડાણપૂર્વકની માહિતી એકત્રીત કરવામાં આવેલી હતી.

કુલ ૧૨૫ ઉત્તરદાતાની પસંદગી હેતુપૂર્વકના નિદર્શનથી કરવામાં આવી છે. જે સમગ્રનું પ્રતિનિધિત્વ કરે છે. અભ્યાસમાં પ્રાથમિક તેમજ ગૌણ બંન્ને માહિતીના સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રાથમિક સ્ત્રોત તરીકે નિરીક્ષણ મુલાકાત તેમજ મુલાકાત અનુસુચીનો ઉપયોગ કરવામાં આવેલ છે. ગૌણ માહિતીમાં જે તે જિલ્લાની સંખ્યા, સેન્સસ, સરકારી આંકડા, સમાચાર પત્રો વિગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. માહિતી એકત્રીકરણ બાદ તેનું વર્ગીકરણ, વિશ્લેષણ કરવામાં આવેલ છે. સૌથી છેલ્લે અભ્યાસના આધારે તારણો તારવવામાં આવ્યા છે. જે ઉપકલ્પનાને સાર્થક કરવા માટે સફળ થયેલ છે.

આંતર–જ્ઞાતિય લગ્ન તેમજ આંતર–ધર્મીય લગ્ન કરેલ યુવતિઓની અનુકૂલનની સમસ્યાનો અભ્યાસ પોરબંદર તેમજ જુનાગઢ જિલ્લાને ધ્યાનમાં લઈને કુલ ૧૨૫ ઉત્તરદાતાઓને પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા છે. પ્રસ્તુત અભ્યાસ ૧૨૫ ઉત્તરદાતા પૂરતો મર્યાદિત છે. ઉત્તરદાતાઓની વ્યકિતગત, કૌટુંબિક, સામાજીક બાબતો તેમજ અનુકૂલનના સંદર્ભમાં માહિતીનું પૃથ્થકરણ કરીને સંબંધિત તારણો તારવ્યા છે.

## ૮.૩.૧ વ્યકિતગત કૌટુંમ્બિક માહિતી :–

વ્યકિતગત તેમજ કૌટુંમ્બિક માહિતીના આધારે નીચે મુજબના તારણો જોવા મળે છે.

**૧)** વય જુથ મુજબ ૨૧ થી ૩૦ વય જુથ મુજબ ઉત્તરદાતાનું પ્રમાણ ૫૪% જોવા મળેલ છે. જ્યારે ૩૧ થી ૫૦ વર્ષની વયના ઉત્તરદાતાની ટકાવારી ૪૨% છે. ૫૧ થી ૬૦ વર્ષની વયના ઉત્તરદાતાઓની ટકાવારી ૨% છે. જ્યારે ૬૦ થી ઉપરના ઉત્તરદાતાઓની ટકાવારી ૨% જોવા મળે છે. આમ અહિ વયજુથ પ્રમાણે સૌથી વધારે ૨૧ થી ૩૦ ની ઉંમરના ૬૭ ઉત્તરદાતાઓ જોવા મળેલ છે.

☛ ઉત્તરદાતાના ધર્મ અંગેના તારણોમાં હિન્દુ ધર્મના ઉત્તરદાતાઓની ટકાવારી ૯૨% જોવા મળી છે. જ્યારે જૈન ધર્મના ઉત્તરદાતાઓ ૪% જોવા મળેલ છે. જ્યારે ખ્રિસ્તી ધર્મના અને મુસ્લીમ ધર્મના ઉત્તરદાતાની ટકાવારી અનુક્રમે બે, બે ટકા જોવા મળી છે. આમ સૌથી વધારે હિન્દુ ઉત્તરદાતાઓ જોવા મળેલ છે.

ઉત્તરદાતાનું તાલુકા પ્રમાણેનું તારણ જોતા પોરબંદર તાલુકામાંથી ૫૨ ઉત્તરદાતા જોવા મળે છે. જ્યારે રાણાવાવ તાલુકામાંથી ૨ ઉત્તરદાતા જોવા મળેલ છે. જુનાગઢ તાલુકામાંથી ૪૧ જોવા મળેલ છે. જ્યારે કેશોદ તાલુકામાંથી ૧ ઉત્તરદાતાની પસંદગી કરેલ છે. જ્યારે માળિયા હાટિના તાલુકામાંથી ૩ જોવા મળેલ છે. જ્યારે માંગરોળ તાલુકામાંથી ૨ ઉત્તરદાતા પ્રાપ્ત થયેલ છે. ઊના તાલુકાના ઉત્તરદાતાઓ ૧૦ છે. વેરાવળમાંથી ૧૪ ઉત્તરદાતાઓ મળેલ છે. આમ જુનાગઢ જિલ્લામાંથી ૭૧ ઉત્તરદાતાઓ મળેલ છે.

☛ ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો તપાસતા પરિણીત ઉત્તરદાતાઓની કુલ ટકાવારી પોરબંદર જિલ્લામાં ૯૪% છે. જ્યારે વિધવા ઉત્તરદાતાઓની ટકાવારી ૬% છે. આ જ રીતે જુનાગઢ જિલ્લામાંથી પરિણીત ઉત્તરદાતાની ટકાવારી ૯૪% છે. જ્યારે ૬% ઉત્તરદાતાઓ વિધવા જોવા મળેલ છે.

☛ શૈક્ષણિક દરજ્જો તપાસતા પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ પોરબંદર જિલ્લાના ઉત્તરદાતાઓ (૫૪) પૈકી કુલ ૪ (૭%) ઉત્તરદાતાઓએ પ્રાથમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દીધેલ છે. જ્યારે જુનાગઢ જિલ્લામાં કુલ ૭૧ ઉત્તરદાતાઓ પૈકી ૫ (૭%) ઉત્તરદાતાઓએ પ્રાથમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દીધેલો છે. આમ સંશોધનાર્થી ઉત્તરદાતાઓમાંથી પ્રાથમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દેનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ બંન્ને જિલ્લામાં સમાન જણાય છે.

માધ્યમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દેનાર ઉત્તરદાતાઓની માહિતી ઉપર નજર નાખતા જણાય છે કે પોરબંદર જિલ્લામાં કુલ ૫૪ ઉત્તરદાતાઓમાંથી માધ્યમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દેનાર ઉત્તરદાતાઓની સંખ્યા ૧૦ એટલે કે (૧૯%) છે. જ્યારે જુનાગઢ જિલ્લામાં કુલ ૭૧ ઉત્તરદાતાઓ પૈકી ૧૩ ઉત્તરદાતાઓએ માધ્યમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દીધેલ છે, એટલે જુનાગઢ જિલ્લામાં આ પ્રમાણ (૧૮%) છે.

આમ માધ્યમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દેનાર ઉત્તરદાતાઓની તુલના કરીએ તો

પોરબંદર જિલ્લામાં આ આંક (૧%) જેટલો ઊંચો છે.

ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દેનાર ઉત્તરદાતાઓની માહિતીનો અભ્યાસ કરતાં ૫૪ ઉત્તરદાતાઓ પૈકી ૨૦ ઉત્તરદાતાઓએ (૩૭%) ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દીધેલો છે. જ્યારે જુનાગઢ જિલ્લાના ૭૧ ઉત્તરદાતાઓમાંથી ૯ (૧૩%) ઉત્તરદાતાઓએ ઉ.મા. શિક્ષણ મેળવી અભ્યાસ છોડી દીધેલ છે. આમ બંન્ને જિલ્લાઓની તુલનામાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની બાબતમાં પોરબંદર જિલ્લો આગળ છે.

ઉચ્ચ શિક્ષણની બાબતમાં આંકડાઓ એવું બતાવે છે કે પોરબંદરના ૫૪ ઉત્તરદાતાઓ પૈકી ૨૦ (૩૭%) ઉત્તરદાતાઓએ ઉચ્ચ શિક્ષણ મેળવેલ છે. આની સરખામણીમાં જુનાગઢ જિલ્લાના ૭૧ ઉત્તરદાતાઓ પૈકી ૪૪ (૬૨%) ઉત્તરદાતાઓ ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચ્યા છે. આમ ઉચ્ચશિક્ષણની બાબતમાં પોરબંદર કરતાં જુનાગઢ જિલ્લો આગળ છે.

☛ વ્યવસાયિક દરજ્જાનું વર્ગીકરણ જોતાં પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરતાં ઉત્તરદાતાઓની સંખ્યા પોરબંદર જિલ્લામાં ૧૨ (૨૨%) છે. જ્યારે જુનાગઢમાં તેની ટકાવારી ૪ (૬%) છે. નોકરી કરતાં ઉત્તરદાતા પોરબંદરમાં ૨૪% છે. જ્યારે જુનાગઢમાં ૪૨% જોવા મળેલ છે. ગૃહિણીની ટકાવારી પોરબંદરમાં ૫૦% છે. જ્યારે જુનાગઢમાં ૪૮% ગૃહિણી જોવા મળેલ છે. મજૂરી કામ કરનાર ઉત્તરદાતાની ટકાવારી પોરબંદર જિલ્લામાં ૧ છે. જ્યારે જુનાગઢ જિલ્લામાં તેની સંખ્યા ૦ જોવા મળેલ છે. નિવૃત્ત ઉત્તરદાતાની ટકાવારી પોરબંદર જિલ્લામાં ૧% જોવા મળેલ છે. જુનાગઢ જિલ્લામાં નિવૃત્ત ઉત્તરદાતાની ટકાવારી ૩% જોવા મળેલ છે.

ઉત્તરદાતાનો કુટુંબનો પ્રકાર જોતા સંયુકત કુટુંબ પ્રથા ધરાવતા ઉત્તરદાતાની ટકાવારી ૪૧% જોવા મળેલ છે. જ્યારે વિભકત કુટુંબ પ્રથા ધરાવતા ઉત્તરદાતાઓની ટકાવારી ૫૯% જોવા મળી છે. આમ સંયુકત અને વિભકત કુટુંબના પ્રકાર વચ્ચે તફાવત જોવા મળેલ છે.

☛ ઉત્તરદાતાના કુટુંબના સભ્યોની સંખ્યા અંગેના વર્ગીકરણમાં ૦ થી ૬ સભ્યોની સંખ્યા ધરાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૯૦% હતી. જ્યારે ૭ થી ૧૦ સભ્યો ધરાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૪% જોવા મળી હતી. જ્યારે ૪% ઉત્તરદાતાઓ ૧૦ થી વધુ સભ્ય સંખ્યા ધરાવે છે.

☛ કુટુંબના સભ્યોની જાતિ દર્શાવતા વર્ગીકરણમાં પુરૂષ સભ્યોની ટકાવારી ૪૯% જોવા મળી. જ્યારે સ્ત્રી સભ્યોની ટકાવારી ૫૧% જોવા મળી.

☛ ઉત્તરદાતાના કુટુંબના સભ્યોની વય દર્શાવતા વર્ગીકરણમાં ૦ થી ૬ વર્ષના સભ્યોની ટકાવારી ૧૩% જોવા મળેલ છે. ૭ થી ૧૫ વર્ષના સભ્યોની ટકાવારી (૮%) જ્યારે ૧૬ થી ૩૫ વર્ષના સભ્યોની ટકાવારી ૨૨% છે. જ્યારે ૩૬ થી ૫૦ વર્ષના સભ્યોની ટકાવારી ૨૫% છે. ૫૦ થી ૬૦ વર્ષના સભ્યોની ટકાવારી ૨૩% છે. જ્યારે ૬૦ થી ઉપરની વય ધરાવતા સભ્યોની ટકાવારી ૮૭% છે.

☛ કુટુંબના સભ્યોની માસિક આવક અંગેના વર્ગીકરણમાં જે સભ્યો આધારિત છે. તેની ટકાવારી ૬૬% છે. ૫,૦૦૦ થી ઓછી આવક ધરાવનાર સભ્યોની ટકાવારી ૩૯% છે. ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ સુધીની આવક ધરાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૩૫% છે. ૧૦,૦૦૦

થી ૨૫,૦૦૦ ની આવક ધરાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૦૭% છે. ૫૦,૦૦૦ થી વધુ આવક ધરાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૦૨% છે. આમ, આધારિતોનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.

## ૮.૩.૨ લગ્ન, સમસ્યા અને અનુકૂલનના પ્રશ્નો અંગેના તારણો :–

પ્રસ્તુત અભ્યાસમાં જીવનસાથીની પસંદગી કેવી રીતે કરવામાં આવી તે અંગેનું તારણ જોતા આકસ્મીક રીતે જીવનસાથીની પસંદગી કરવામાં આવી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૧૮% જોવા મળી છે. સહયોગી એટલે કે સાથે રહેનાર હોય અને જીવનસાથીની પસંદગી કરી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૯૦% જોવા મળી છે. સહશિક્ષણ લેતા હોય અને ત્યારે જ જીવનસાથીની પસંદગી કરી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૨૧% જોવા મળી છે. પોતાના પડોશમાંથી જ જીવનસાથી પસંદ કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૨૨% છે. સહકાર્યકર હોય અને જીવનસાથીની પસંદગી આવા સહકર્મચારી ઉપર કરી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૦૨% છે. મિત્રવર્તુળમાંથી જીવનસાથીની પસંદગી કરી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી સૌથી વધુ એટલે કે ૨૫% જોવા મળી છે. અન્ય રીતે જીવનસાથીને પસંદ કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૧૨% જોવા મળી છે.

☛ લગ્ન અંગેનાં પ્રથમ પ્રસ્તાવ અંગેના વર્ગીકરણમાં પુરૂષ અથવા સ્ત્રીએ કરી હોય તે અંગેના તારણમાં ૭૫% પુરૂષોએ સ્ત્રી ને લગ્ન અંગેનો પ્રસ્તાવ પ્રથમ મૂકેલો જ્યારે માત્ર ૨૫% સ્ત્રીઓએ પુરૂષની સામે લગ્ન અંગેનો પ્રસ્તાવ મૂકેલો. જે દર્શાવે છે કે પુરૂષો આજે પણ પ્રભાવી છે.

☛ આંતર–જ્ઞાતિય તેમજ આંતર–ધર્મીય લગ્ન અંગેના વર્ગીકરણમાં પ્રસ્તુત અભ્યાસમાં આંતર–જ્ઞાતિય લગ્ન કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૮૦% જોવા મળી છે. જ્યારે આંતર–ધર્મીય લગ્ન કરનાર ઉત્તરદાતાનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળ્યું છે. જેની ટકાવારી ૨૦% જોવા મળી છે. જે દર્શાવે છે કે ભારતીય સમાજમાં હજુ પણ ધાર્મિક ભેદભાવો વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. એક ધર્મની વ્યકિત બીજા ધર્મની વ્યકિત સાથે લગ્ન સંબંધથી જોડાતી નથી.

☛ પુરૂષ અથવા સ્ત્રીએ લગ્ન અંગેનો પ્રસ્તાવ મૂકયા બાદ કેટલા સમયના અંતરે લગ્ન યોજાયા એ અંગેના વર્ગીકરણમાં ઝડપથી આ લગ્ન અંગેનો પ્રસ્તાવ સ્વીકારનાર દંપતીની ટકાવારી ૦૬% જોવા મળી. જ્યારે ૨ થી ૫ માસના અંતરે લગ્ન કરનારની ટકાવારી ૧૪% જોવા મળી. ૬ થી ૧૨ માસમાં લગ્ન કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૧૪%. જ્યારે ૧ થી ૫ વર્ષના સમયગાળાના અંતરે લગ્ન કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૬૬% જોવા મળી છે. જે સૌથી વધારે જોવા મળી છે.

☛ આ પ્રકારના લગ્ન કરનાર ઉત્તરદાતાના લગ્ન અંગેના પ્રતિભાવો અંગેનું વર્ગીકરણ જોતા પિયરપક્ષે સંમતિ દર્શાવી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૫૩.૭% છે. આ જ રીતે શ્વસુરપક્ષે સંમતિ દર્શાવી હોય તેની ટકાવારી ૩૨.૮૦% છે. આ પ્રકારના લગ્નનો વિરોધ પિયરપક્ષે કર્યો હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૫૩.૭% છે. એ જ રીતે શ્વસુરપક્ષે વિરોધ

દર્શાવ્યો હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૧૬.૦૦% છે. જ્યારે અર્ધ સંમતિ દર્શાવનાર ઉત્તરદાતાના પિયરપક્ષની ટકાવારી ૨૧.૬% છે. જ્યારે શ્વસુરપક્ષે અર્ધ સંમતિ દર્શાવી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૧૬.૦૦% છે. આવા લગ્ન અંગે જવાબદારી ના સ્વીકારનાર પિયરપક્ષની ટકાવારી ૧.૬% છે. જ્યારે શ્વસુરપક્ષે જવાબદારી ના સ્વીકારનાર ઉત્તરદાતાની ટકાવારી ૯.૬૦% છે.

☛ ઉત્તરદાતાના માતા–પિતાનાં શિક્ષણ અંગેના વર્ગીકરણ જોતા યુવકના પિતા નિરક્ષર હોય તેની ટકાવારી ૧૦% છે. માતાની ટકાવારી ૨૨% છે. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ પિતાની ટકાવારી ૧૮% છે. માતાની ટકાવારી ૦.૦૭% છે.

સ્ત્રી પાત્રના સંદર્ભમાં યુવતિના પિતા નિરક્ષર હોય તેની ટકાવારી ૦૪% છે. માતાની ટકાવારી ૧૫% છે. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર પિતાની ટકાવારી ૨૨% છે અને માતાની ટકાવારી ૦૯% છે.

☛ લગ્ન અંગેના નિર્ણયના મહત્વ અંગેના વર્ગીકરણમાં દેખાવને મહત્વ આપનાર ઉત્તરદાતાની ટકાવારી ૦૯% છે. જ્યારે આવકને મહત્વ આપનાર ઉત્તરદાતાની ટકાવારી ૩% છે. સારૂ કુટુંબ હોવાના લીધે પસંદગી કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૨૬% છે. જ્ઞાતિને પ્રાધાન્ય આપનાર ઉત્તરદાતાની ટકાવારી ૦૫% છે. શિક્ષણને મહત્વ આપનાર ઉત્તરદાતાની ટકાવારી ૧૨% છે. અન્ય બાબતોને મહત્વ આપનાર ઉત્તરદાતાની ટકાવારી ૪૫% જોવા મળી છે.

☛ લગ્ન પહેલાના જાતિય જ્ઞાન અંગેના સવાલમાં ૫૦% ઉત્તરદાતાઓ જાતિય જ્ઞાન ધરાવતા હતા. જ્યારે ૫૦% ઉત્તરદાતાઓ જાતિય જ્ઞાન ધરાવતા ન હતા.

☛ જાતિય જ્ઞાન કયાં સ્ત્રોતના આધારે મેળવેલ તે અંગેના સવાલમાં ૨૧% ઉત્તરદાતાએ પુસ્તકો દ્વારા જાતિય જ્ઞાન મેળવેલ. શિક્ષકો દ્વારા જાતિય જ્ઞાન મેળવેલ હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૦૫% છે. મિત્રો દ્વારા ૪૮% ઉત્તરદાતાએ જાતિય જ્ઞાન મેળવેલ. ૦૬% ઉત્તરદાતાઓએ સામયિકો દ્વારા જાતિય જ્ઞાન મેળવેલ. સમાચાર પત્રો દ્વારા ૦૫% ઉત્તરદાતાઓએ જાતિય જ્ઞાન મેળવેલ. ટી.વી. દ્વારા ૦૩% ઉત્તરદાતાઓએ જાતિય જ્ઞાન મેળવેલ. ફિલ્મ દ્વારા ૦૮% ઉત્તરદાતાઓએ જાતિય જ્ઞાન મેળવેલ. અન્ય રીતે જાતિય જ્ઞાન મેળવેલ ઉત્તરદાતાની ટકાવારી ૦૫% છે.

લગ્ન બાદ જાતિય જ્ઞાન અંગેના વર્ગીકરણમાં ૮૪% ઉત્તરદાતાઓએ પતિ દ્વારા જાતિય જ્ઞાન મેળવેલું. ૦૬% ઉત્તરદાતાઓએ મિત્રો દ્વારા જાતિય જ્ઞાન મેળવ્યું. કુટુંબના અન્ય સ્ત્રી સભ્યો દ્વારા ૧૦% ઉત્તરદાતાઓએ જાતિય જ્ઞાન મેળવેલ.

☛ લગ્ન અંગેની વિધિ અંગેના સવાલના વર્ગીકરણ જોતા કોર્ટ મેરેજ કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૫૨% જોવા મળી છે. આર્ય સમાજ દ્વારા ૩૨% ઉત્તરદાતાઓએ લગ્ન કરેલ. ૧૬% ઉત્તરદાતાઓએ શાસ્ત્રોકત વિધિ દ્વારા લગ્ન કરેલ.

☛ લગ્ન અંગેના રિવાજમાં પતિની જ્ઞાતિ પ્રમાણેના રિવાજથી લગ્ન કરનાર ઉત્તરદાતાની

ટકાવારી ૭૪% જોવા મળી છે. ૨૬% ઉત્તરદાતાએ પોતાની જ્ઞાતિના રિવાજ પ્રમાણે લગ્ન કરેલ છે.

☛ લગ્ન અંગેના અભિપ્રાયના વર્ગીકરણમાં લગ્ન એક કરાર છે તેવું દર્શાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૮૫% છે. જ્યારે લગ્ન એ પરાપૂર્વથી ચાલી આવતી વિધિ છે તેવું દર્શાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૦.૯% છે.

☛ લગ્ન અંગેના રિવાજોની પસંદગી, નાપસંદગી અંગેના વર્ગીકરણમાં દહેજ પ્રથા પસંદ ના હોય તેવું દર્શાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૩૬% છે. ૩૦% ઉત્તરદાતાઓને બાળલગ્નનો રિવાજ યોગ્ય નથી લાગતો. ૨૦% ઉત્તરદાતાને ફરજીયાત રીતે જ્ઞાતિમાં લગ્ન કરવા પડે છે તે અંગેના રિવાજ પસંદ નથી. ૧૪% ઉત્તરદાતાઓને વિધવા પુનર્લગ્ન અંગેના નિષેધ પસંદ નથી. તેવું અભ્યાસના તારણોમાં જોવા મળેલ છે.

☛ ઉત્તરદાતાઓએ પસંદ કરેલ પાત્ર સાથે જ્યારે લગ્ન કરવાના હતા ત્યારે કુટુંબને આ અંગેની ખબર હતી કે કેમ તે અંગેના વર્ગીકરણમાં ૫૫% ઉત્તરદાતાઓના કુટુંબને આ અંગેની ખબર હતી. જ્યારે ૪૫% ઉત્તરદાતાઓના કુટુંબને આ અંગેની ખબર નહોતી. તેવું અભ્યાસ દરમ્યાન જોવા મળ્યું છે.

☛ લગ્ન સમયે ઉત્તરદાતાના પિયરપક્ષની કે શ્વસુરપક્ષની હાજરી અંગેના વર્ગીકરણમાં ૩૧% ઉત્તરદાતાના પિયરપક્ષ લગ્ન સમયે હાજર ન હતા. જ્યારે ૬૯% ઉત્તરદાતાના શ્વસુરપક્ષે લગ્ન સમયે હાજરી નોંધાવેલી તેવું જોવા મળ્યું.

☛ આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્ન કરનાર ઉત્તરદાતાઓને જુદી–જુદી રીતે મદદ મળી હતી તે અંગેના વર્ગીકરણમાં ૦૮% ઉત્તરદાતાઓને વસ્તુ દ્વારા મદદ મળેલ. ૧૦% ઉત્તરદાતાઓને પૈસાની મદદ મળેલી. ૦૨% ઉત્તરદાતાઓને વાહનની મદદ મળેલી. જ્યારે લગ્ન વ્યવસ્થા ગોઠવી હોય તેવી મદદ મેળવનાર ઉત્તરદાતાની ટકાવારી ૨૭% જોવા મળી હતી. હાજર રહીને ટેકો આપનાર અન્ય સભ્યોની મદદ મેળવનાર ઉત્તરદાતાની ટકાવારી ૨૭% જોવા મળી છે. જ્યારે ૨૬% ઉત્તરદાતાઓને અન્ય સભ્યો દ્વારા માનસિક સાંત્વના મળી હતી તેવું અભ્યાસમાં જોવા મળેલ છે.

☛ આ પ્રકારના લગ્ન કરનાર ઉત્તરદાતાઓનો સ્વીકાર કુટુંબે કયારે કર્યો તે અંગેના વર્ગીકરણમાં ૮૭% ઉત્તરદાતાઓનો સ્વીકાર તરત જ થયેલો. જ્યારે ૬% ઉત્તરદાતાઓને બાળકના જન્મ બાદ કુટુંબ તરફથી સ્વીકૃતિ મળેલી. ૬% ઉત્તરદાતાઓ એવા છે જેઓના લગ્નનો સ્વીકાર હજુ પણ કુટુંબ કે જ્ઞાતિએ કરેલ નથી.

☛ લગ્ન પછી પિયરપક્ષ તરફથી કયારે સ્વીકાર થયો તે અંગેના વર્ગીકરણમાં ૬૦% ઉત્તરદાતાઓને તરત જ પિયરપક્ષ તરફથી સ્વીકૃતિ મળેલી. ૨૪% ઉત્તરદાતાને એક બાળકના જન્મ પછી માતૃપક્ષે સ્વીકૃતિ મળેલી. જ્યારે હજુ પણ આ લગ્નને ના સ્વીકારનાર માતૃપક્ષની ટકાવારી ૧૬% જોવા મળી છે.

☛ આંતર–જ્ઞાતિય લગ્ન કરનાર ઉત્તરદાતા હાલ કેવો ધર્મ અપનાવે છે તે અંગેના વર્ગીકરણ જોતા પોતાના જ ધર્મ પાળનાર ઉત્તરદાતાની ટકાવારી ૦૫% છે. પતિનો ધર્મ સ્વીકારીને ચાલનાર ઉત્તરદાતાની ટકાવારી ૪૫% જોવા મળી છે. બંન્ને ધર્મને પાળનાર ઉત્તરદાતાની ટકાવારી ૪૩% જોવા મળી છે. અન્ય એટલે માનવીય ધર્મને અપનાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૦૭% જોવા મળી છે.

☛ આ પ્રકારના લગ્ન કરનાર યુવતિને પતિના ધર્મ પાળવા અંગે દબાણ પણ થતું રહે છે. તે અંગેના વર્ગીકરણમાં ૧૧% ઉત્તરદાતાઓને પતિના ધર્મને પાળવા માટે દબાણ થયું હતું. જ્યારે ૮૯% ઉત્તરદાતાઓને આ અંગે કોઈ દબાણ થતું હોય તેવું જોવા મળેલ નથી.

☛ અંગત જીવનમાં જ્ઞાતિ કે ધર્મના કારણે અનેક અવરોધો ઉભા થતા હોય છે તે અંગેના વર્ગીકરણ જોતા ૦૭% ઉત્તરદાતાઓ આવા અવરોધનો સામનો કરે છે. ૯૩% ઉત્તરદાતાઓને આવો કોઈ અવરોધ જણાયો નથી.

☛ પોતાના આ પ્રકારના લગ્નથી કેટલા સંતુષ્ટ છે તે અંગેના વર્ગીકરણ જોતા ૯૩% ઉત્તરદાતાને આ લગ્નથી સંતોષ જણાયો છે. ૭% ઉત્તરદાતાઓ આ લગ્નથી સંતુષ્ટ નથી જણાયા. અર્થાત્ આ પ્રકારના લગ્ન કરનાર ઉત્તરદાતાઓ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરતા હોવા છતાં પોતે ખોટું પગલું ભર્યુ છે તેમ માનતા નથી. તેનાથી તેઓને સંતોષ જણાયો છે.

☛ આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્ન કરનાર ઉત્તરદાતાના પતિના ધર્મમાં વિવિધ સ્તરે બદલાવ આવ્યો છે કે કેમ તે અંગેના વર્ગીકરણમાં ૪૪% ઉત્તરદાતાના પતિમાં બદલાવ આવ્યો છે. જ્યારે ૫૬% ઉત્તરદાતાઓના પતિમાં કોઈ બદલાવ આવેલો જણાયો નથી.

☛ પતિના વર્તનમાં કેવા પ્રકારનો બદલાવ આવ્યો છે. તે અંગેના વર્ગીકરણમા ૦૪% ઉત્તરદાતાઓના પતિમાં માનસિક બદલાવ આવેલો છે. વૈચારિક બદલાવ આવ્યો હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૫૮% છે. ૧૮% ઉત્તરદાતાઓના પતિની જીવનશૈલીમાં પરિવર્તન આવ્યું હોય તેવું જોવા મળ્યું છે. રિવાજોના પાલન અંગેના વર્ગીકરણમાં ૨૦% ઉત્તરદાતાઓના પતિનું રિવાજોના પાલનમાં પરિવર્તન આવેલું જોવા મળ્યું છે.

☛ આ પ્રકારે લગ્ન કરનાર યુવતિઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ત્યારે કૌટુંબિક કે અન્ય પ્રકારના મતભેદો ઉભા થતા જોવા મળે છે. એ અંગેના વર્ગીકરણમાં ૩૫% ઉત્તરદાતાઓ મતભેદોનો સામનો કરે છે. જ્યારે ૬૫% ઉત્તરદાતાઓને આવા કોઈ પ્રશ્નોનો સામનો કરવો પડતો નથી.

☛ મતભેદો અંગેના સવાલમાં કોની સાથે મતભેદો ઉભા થાય છે તે અંગેના વર્ગીકરણ જોતા ૩૭% ઉત્તરદાતાઓને પતિ સાથે મતભેદો થયેલા જોવા મળ્યા છે. ૬૩% ઉત્તરદાતાને સાસુ સાથે મતભેદો ઉભા થયેલા જોવા મળ્યા છે.

☛ મતભેદો થવા પાછળના કારણો દર્શાવતા વર્ગીકરણ જોતા ૨૩% ઉત્તરદાતાને અંગત કારણોસર મતભેદો ઉભા થયેલા જોવા મળ્યા છે. ૧૧% ઉત્તરદાતાઓને આર્થિક બાબત ઉપરથી

મતભેદો થતા જોવા મળ્યા છે. ૨૦% ઉત્તરદાતાઓને કૌટુંબિક કારણોસર મતભેદો થયેલા જોવા મળ્યા છે. ૨૩% ઉત્તરદાતાઓને ધર્મની બાબતોને લઈને મતભેદો ઉભા થયેલા જોવા મળેલ છે. આરોગ્ય વિષયક બાબતો અંગેના મતભેદોમાં ૨૩% ઉત્તરદાતાઓને આ પ્રકારની મુશ્કેલીઓ ઉભી થતી જોવા મળે છે.

☛ મતભેદો ઉભા થયા બાદ સમાધાનની ભૂમિકા અંગેના વર્ગીકરણમાં સમાધાન કરવામાં મુખ્યત્વે કોનો ફાળો મહત્વનો રહે છે તે અંગેના વર્ગીકરણમાં મિત્રો દ્વારા ૭% ઉત્તરદાતાઓ સમાધાનની ભૂમિકા ભજવે છે. પડોશી દ્વારા ૫% ઉત્તરદાતાઓમાં સમાધાન જોવા મળ્યું છે. ૭% ઉત્તરદાતાઓ પોલીસ દ્વારા સમાધાન થયેલું જોવા મળ્યું છે. કોર્ટ દ્વારા ૯% ઉત્તરદાતાને સમાધાન થયેલું હતું તેવું જોવા મળ્યું છે. જ્યારે પોતાની મેળે પતિ–પત્ની અંદરો–અંદર જ સમાધાન કરી લેતા હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૭૦% છે.

☛ આંતર–જ્ઞાતિય કે ધર્મીય લગ્ન કરનાર ઉત્તરદાતાને પતિને ત્યાં પોતે અન્ય જ્ઞાતિના કે ધર્મના હોવાના કારણે માન–મરતબો મળી રહે છે કે કેમ તે અંગેના વર્ગીકરણમાં ૭૯% ઉત્તરદાતાઓને પૂરતું માન પ્રાપ્ત થાય છે. ૨૧% ઉત્તરદાતાઓએ જણાવેલું કે અમને કોઈ માન મળતું નથી અને વારંવાર માનહાનીનો ભોગ બનવું પડે છે.

ઉત્તરદાતાઓને શ્વસુરપક્ષ તરફથી મળતું માન કેવા પ્રકારનું છે તે અંગેના વર્ગીકરણ જોતા ૪૦% ઉત્તરદાતાને સાધારણ માન મળે છે. ૩૫% ઉત્તરદાતાને પૂરતું માન મળી રહે છે. જ્યારે ૨૫% ઉત્તરદાતાઓને ખૂબ જ માન પ્રાપ્ત થયેલું જોવા મળે છે.

☛ ઉત્તરદાતાને પૂછવામાં આવેલ કે પોતે પોતાના પતિ પાસે કેવા પ્રકારની અપેક્ષાઓ ધરાવે છે એ સવાલના જવાબના વર્ગીકરણ જોતા પતિ ગૃહકાર્યમાં મદદ કરે તેવું જણાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૧૭% છે. ૦.૫% ઉત્તરદાતાઓ એવું ઈચ્છે છે કે પોતાના પતિ ખરીદીમાં મદદરૂપ થવા જોઈએ. ૦.૭% ઉત્તરદાતાઓ એવું ઈચ્છે છે કે બાળઉછેરમાં પતિ મદદરૂપ થાય એ ઈચ્છનીય છે. ૧૫% ઉત્તરદાતાઓ એવું ઈચ્છે છે કે પતિએ તમામ જવાબદારીનો સ્વીકાર કરવો જોઈએ. ૦૬% ઉત્તરદાતાઓ એવું ઈચ્છે છે કે પતિએ તેને રોજ બહાર ફરવા લઈ જવા જોઈએ. જ્યારે ૩૯% ઉત્તરદાતાઓ એવું ઈચ્છે છે કે તેનું સ્વમાન જળવાવું જોઈએ તેવું વર્તન પતિએ કરવું જોઈએ.

☛ કુટુંબ નિયોજન અંગે જુદી–જુદી પધ્ધતિઓ અપનાવનાર ઉત્તરદાતાના વર્ગીકરણ જોતા ૨૦% ઉત્તરદાતાઓએ લૂપ (આંકડી) દ્વારા કુટુંબ નિયોજન કરે છે. ૦૭% ઉત્તરદાતાઓએ ઓપરેશન કરાવેલું છે. ૨૭% ઉત્તરદાતાઓ નિરોધ દ્વારા કુટુંબ નિયોજન અપનાવે છે. ૧૮% ઉત્તરદાતાઓ દવા એટલે કે પિલ્સ લઈને કુટુંબ નિયોજન કરે છે. ૨૮% ઉત્તરદાતાઓ ઉપરની બાબતો એટલે કે નિરોધ અથવા પિલ્સ દ્વારા કુટુંબ નિયોજન અપનાવે છે.

☛ બાળકોના અભ્યાસક્રમમાં જાતિયજ્ઞાનનો સમાવેશ છે કે કેમ તે અંગેના વર્ગીકરણમાં ૧૦% ઉત્તરદાતાઓના બાળકોના અભ્યાસક્રમમાં જાતિય જ્ઞાનનો સમાવેશ થયેલો છે. ૯૦% ઉત્તરદાતાઓના બાળકોના અભ્યાસક્રમમાં જાતિય જ્ઞાનનો સમાવેશ કરવામાં નથી આવ્યો.

પોતાના બાળકોને લગ્ન પહેલા જાતિય જ્ઞાન મળવું જોઈએ કે કેમ તે અંગેના અભિપ્રાય ઉત્તરદાતાને પૂછવામાં આવેલા તેના વર્ગીકરણના અંતે તારણો જોતા ૯૪% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે અમે અમારા બાળકોને આ અંગેનું જ્ઞાન આપવા માટે સહમત છીએ. જ્યારે ૦૬% ઉત્તરદાતાઓ જણાવે છે કે આવા જ્ઞાનની કોઈ આવશ્યકતા જણાતી નથી.

☛ જાતિય જ્ઞાનની આવશ્કયતા શા માટે જરૂરી છે એ અંગેનો મત દર્શાવનાર ઉત્તરદાતામાંથી ૩૮% ઉત્તરદાતાઓ માને છે કે લગ્ન જીવનની સફળતા માટે જાતિય જ્ઞાન જરૂરી છે. જ્યારે ૬૨% એવું દર્શાવે છે કે ખોટી શંકાઓથી બચવા માટે જાતિય જ્ઞાન લગ્ન પહેલા મળવું આવશ્યક છે.

☛ જીવનસાથીની પસંદગી પોતાના સંતાનો જ્યારે કરે ત્યારે તેને આ પસંદગી કરતી વખતે સ્વતંત્રતા મળવી જોઈએ કે કેમ ? ત્યારે ૯૬% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે સ્વતંત્રતા મળવી જોઈએ. જ્યારે ૦૪% ઉત્તરદાતાઓએ આવી સ્વતંત્રતાનો વિરોધ દર્શાવ્યો છે.

☛ આંતર–ધર્મીય લગ્ન કરનાર ઉત્તરદાતાઓને ધર્મ અંગે તેમજ ધાર્મિક રિવાજો પાળવા પાછળ સંઘર્ષનો ભોગ બનવું પડે છે. ત્યારે પોતાના સંતાનો કયો ધર્મ અપનાવે છે તે અંગેના વર્ગીકરણ જોતા ૦૪% ઉત્તરદાતાના સંતાનો માતાનો ધર્મ પાળે છે. જ્યારે ૩૧% ઉત્તરદાતાઓ પિતાનો ધર્મ પાળે છે. ૬૦% ઉત્તરદાતાઓ માતા–પિતા બંન્નેનો ધર્મ અપનાવે છે. ૦૫% ઉત્તરદાતાઓ માનવ ધર્મ અપનાવવો જોઈએ તેવું જણાવે છે.

☛ આંતર–ધર્મીય કે આંતર–જ્ઞાતિય લગ્ન કરનાર ઉત્તરદાતાઓને પોતાના સંતાનોના લગ્નની ગોઠવણીમાં ધર્મ કે જ્ઞાતિના રિવાજો અડચણરૂપ બનશે કે કેમ ? તે અંગેના પ્રશ્નના વર્ગીકરણના અંતે તારણો જોતા ૦૮% ઉત્તરદાતાઓ આવી બાધાઓનો સામનો કરવો પડશે તેવું માને છે. જ્યારે ૯૨% ઉત્તરદાતા જણાવે છે કે આવી કોઈ સમસ્યા નડવાને કારણ નથી.

☛ પોતે આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્ન કરેલા છે ત્યારે પોતાના સંતાનોને કંઈ જ્ઞાતિ કે ધર્મમાં પરણાવશે તે અંગેના સવાલના વર્ગીકરણમાં ૧૦% ઉત્તરદાતાઓ પોતાની જ્ઞાતિમાં કે ધર્મમાં પરણાવવા ઈચ્છે છે. જ્યારે ૦૫% ઉત્તરદાતાઓ પતિના ધર્મમાં કે જ્ઞાતિમાં પરણાવવા ઈચ્છે છે. જ્યારે ઉચ્ચ જ્ઞાતિ કે ધર્મમાં પોતાના સંતાનોને પરણાવશે તેવું ૧૦% ઉત્તરદાતાઓ ઈચ્છે છે. ૭૫% ઉત્તરદાતાઓ માન છે કે પોતાના સંતાનો ઈચ્છા મુજબ લગ્ન કરે એમાં અમારી સંમતિ હશે.

### ૮.૩.૩ ગૃહ વ્યવસ્થાના શિક્ષણ અંગેના વર્ગીકરણના તારણો :–

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાએ ગૃહવિજ્ઞાનનું ઔપચારિક શિક્ષણ મેળવેલ છે કે કેમ તે અંગેના વર્ગીકરણમાં ૨૨% ઉત્તરદાતાઓએ ગૃહવિજ્ઞાનનું શિક્ષણ મેળવેલ છે. જ્યારે ૭૮% ઉત્તરદાતાઓએ આ અંગે કોઈ જ્ઞાન પ્રાપ્ત કરેલ નથી તેવું જણાવ્યું હતું.

ઉપરોકત ઔપચારિક શિક્ષણ કેવા પ્રકારે મેળવેલ છે તે અંગેના તારણો જોતા ૫૦% ઉત્તરદાતાઓએ ગૃહવિજ્ઞાનની ડિગ્રી મેળવેલ છે. જ્યારે ડિપ્લોમાં કરેલ હોય તેવા

ઉત્તરદાતાઓની ટકાવારી ૩૬% જોવા મળી છે. સર્ટીફિકેટ કોર્ષ કરનાર ઉત્તરદાતાઓની ટકાવારી ૧૦% જોવા મળી છે.

આ પ્રકારે લગ્ન કરનાર ઉત્તરદાતાઓ ગૃહવ્યવસ્થા અંગે મુશ્કેલી અનુભવે છે કે કેમ તે અંગેના તારણો જોતા ૧૧% ઉત્તરદાતાઓ આ અંગે મુશ્કેલી અનુભવતા જોવા મળ્યા છે. જ્યારે ૮૯% ઉત્તરદાતાઓ આ અંગે કોઈ મુશ્કેલી અનુભવતા નથી. જે ૧૧% ઉત્તરદાતાઓ મુશ્કેલી અનુભવે છે તે કેવા પ્રકારની છે તે અંગેના તારણો જોતા પહેરવેશ, રિવાજમાં કોઈ મુશ્કેલી જોવા મળી નથી. જ્યારે ધર્મના કારણો કે ધર્મ અપનાવવામાં મુશ્કેલી અનુભવતા ઉત્તરદાતાની ટકાવારી ૦.૨૯% જોવા મળી છે. રહનસહનમાં મુશ્કેલી અનુભવતા ઉત્તરદાતાઓની ટકાવારી ૪૧% જોવા મળી છે. ૨૯% ઉત્તરદાતાઓ ખાનપાનમાં મુશ્કેલી અનુભવે છે.

☛ ગૃહવ્યવસ્થા સારી રીતે ના ચાલવાને બદલે અવરોધો ઉભા થતાં હોય તે અંગેના તારણો જોતા જ્ઞાતિ અવરોધરૂપ સાબિત થઈ હોય તેવું જણાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૦૨% જોવા મળી છે. ધર્મ અવરોધ બનેલ હોય તેવું જણાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૦૪% છે. જ્યારે ૨૪% ઉત્તરદાતાઓને સ્થિત થયેલા રિવાજો અવરોધરૂપ જણાયા છે. ૨૭% ઉત્તરદાતાઓ આર્થિક પરિસ્થિતિને જવાબદાર ગણે છે. કુટુંબ સભ્યોની સંખ્યા અવરોધરૂપ બની હોય તેવું જણાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૦.૦૨% છે. કુટુંબના સભ્યો વિરોધ ઉભા કરતા હોય અને ગૃહવ્યવસ્થા સારી રીતે ના ચાલતી હોય તેવું દર્શાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૧૩% જોવા મળી છે. ૦૩% ઉત્તરદાતાઓ એવું જણાવે છે કે તેઓ સારી રીતે ગૃહવ્યવસ્થા નથી ચલાવી શકતા તેની પાછળ સ્વતંત્રતાનો અભાવ જ જવાબદાર છે. જ્યારે ધર્મ, રિવાજો કે સ્વભાવ ગૃહવ્યવસ્થામાં અડચણરૂપ સાબિત થયેલ હોય તેવું જણાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૨૪% જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ૧૨૫ ઉત્તરદાતાઓને ગૃહવ્યવસ્થા કેવી રીતે ચલાવે છે તે અંગેના સવાલમાં ૧૦૦% ઉત્તરદાતાઓએ જણાવેલ કે તેઓ પોતાની ગૃહવ્યવસ્થા આયોજનપૂર્વક ચલાવે છે. જ્યારે કોઈ એવા ઉત્તરદાતા જોવા નથી મળ્યા કે જેવો આયોજનપૂર્વક પોતાની ગૃહવ્યવસ્થા ના ચલાવતા હોય.

☛ કેવા પ્રકારના આયોજનના આધારે પોતાની ગૃહવ્યવસ્થા ચલાવે છે તેવું ઉત્તરદાતાને પૂછવામાં આવેલ જેમાં નાણાંકીય આયોજનથી ગૃહવ્યવસ્થા ચલાવનાર ઉત્તરદાતાઓની ટકાવારી ૩૦%, જ્યારે સમયને અનુલક્ષીને આયોજનપૂર્વક પોતાની ગૃહવ્યવસ્થા ચલાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૩૩% જોવા મળી છે. શકિતનો બચાવ થાય અને કામ વધારે સુવ્યવસ્થિત બને તેવું વિચારનાર અને આયોજન કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૩૭% જોવા મળી છે.

☛ ઉત્તરદાતાઓ આયોજનપૂર્વક ગૃહ વ્યવસ્થા ચલાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેને કુટુંબના અન્ય સભ્યોની મદદ મળી રહે છે કે કેમ તેમાં હકારાત્મક પ્રતિભાવ દર્શાવનાર ઉત્તરદાતાનું પ્રમાણ ૬૭% જોવા મળ્યું છે. સંતાનો તેઓને મદદ કરતા હોય તેવું ૩૩% ઉત્તરદાતાઓએ જણાવ્યું છે.

☛ આયોજનપૂર્વક કેવા પ્રકારના કાર્યોમાં કુટુંબ મદદ કરે છે તે અંગેના જવાબમાં

રોજબરોજના ગૃહકાર્યમાં મદદ મળી રહેતી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૪૨% છે. પ્રસંગોપાત જેને મદદ મળી રહેતી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૧૭% જોવા મળી છે. સામાજિક પ્રસંગો વખતે ગૃહિણીને મદદ કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૧૬% જોવા મળી છે. તહેવારોમાં ઉત્તરદાતાઓને મદદ મળી રહેતી હોય તેની ટકાવારી ૧૭% છે. ધાર્મિક કાર્યોમાં મદદ મળી રહેતી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૦૮% જોવા મળી હતી.

☛ જે ઉત્તરદાતાઓને મદદ નથી એવા ૫૨ ઉત્તરદાતાઓને સવાલ પૂછવામાં આવેલો કે શા માટે તમને પતિ અથવા કુટુંબના અન્ય સભ્યોની મદદ મળી નથી રહેતી. એ સવાલના જવાબમાં પોતાના પતિને ન ગમતું હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૧૨% જોવા મળી છે. સમાજના ડરનો ભોગ બનતા હોય અને મદદ મળતી ન હોય તેવા ઉત્તરદાતાઓની ટકાવારી ૩૬% જોવા મળી છે. કુટુંબના રિવાજના કારણે મદદ ના મળતી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૨૪% જોવા મળી છે. બાળકો નાના હોય તેની મદદ ના મળી રહેતી હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૧૪% જોવા મળી છે. કયારેક એવું પણ જોવા મળ્યું કે ઉત્તરદાતાઓના વડિલો ઉંમરલાયક હોવાના લીધે મદદ મળતી ના હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૧૪% જોવા મળી છે.

☛ ગૃહસંચાલન અને ગૃહવ્યવસ્થાએ ગૃહિણીનો મૂળભૂત ગુણ જોવા મળે છે. બજેટ બનાવવું એ પણ એક કળા હોવાના કારણે ઉત્તરદાતાઓને સવાલ કરવામાં આવેલો કે તમે બજેટ બનાવો છો કે કેમ ? ૭૩% એ જણાવ્યું કે તેઓ બજેટમાં માને છે. ૨૭% ઉત્તરદાતાઓ બજેટ બનાવતા નથી.

☛ બજેટ બનાવતી વખતે કોની મદદ કે કોણ બજેટ બનાવે છે તે અંગેના સવાલમાં ૧૫% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે પોતે જ બજેટ બનાવે છે. પતિ–પત્ની બંને મળીને બજેટ બનાવતા હોય તેવા ઉત્તરદાતાઓની ટકાવારી ૭૭% જોવા મળી છે. ઘરના વડિલો બજેટ બનાવતા હોય તેવા ૮% ઉત્તરદાતાઓ જોવા મળ્યા છે.

☛ બજેટ બનાવતી ગૃહિણીઓને પૂછવામાં આવેલું કે તમે બજેટનો સમયગાળો કેટલો રાખો છો ત્યારે અઠવાડિક બજેટ બનાવનાર ઉત્તરદાતાઓની ટકાવારી ૨૦% છે. માસિક બજેટ બનાવનાર ઉત્તરદાતાની ટકાવારી ૪૪% જોવા મળી છે. વાર્ષિક બજેટ બનાવનાર ઉત્તરદાતાઓની ટકાવારી ૨૨% જોવા મળી છે. પ્રસંગો દરમિયાન બજેટ બનાવતા હોય તેવા ઉત્તરદાતાઓની ટકાવારી ૧૪% જોવા મળી છે.

☛ આકસ્મિક ખર્ચ અંગેના બજેટ વ્યવસ્થાપન અંગેના સવાલમાં ૭૭% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓ બજેટમાં આવા આકસ્મિક ખર્ચને પહોંચી વળવાની જોગવાઈ રાખે છે. ૨૩% ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે તેઓ આવી કોઈ જોગવાઈ નથી રાખી.

☛ ખરીદી કરતી વખતેના નિર્ણય અંગેના સવાલ ઉત્તરદાતાને પૂછવામાં આવેલ ત્યારે ૧૦% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓ પોતે જ ખરીદીનો નિર્ણય લે છે. ૨૨% ઉત્તરદાતાઓ જણાવે છે કે પોતાના પતિ ખરીદીનો નિર્ણય લે છે. ૫૪% ઉત્તરદાતાઓ એ પ્રત્યુત્તર એવો આપ્યો કે અમે ખરીદીનો નિર્ણય બંને સાથે મળીને કરીએ છીએ. ઘરમાં વડિલો જ ખરીદીનો નિર્ણય લે

છે તેવું જણાવનાર ઉત્તરદાતાઓની ટકાવારી ૧૪% જોવા મળેલ છે.

☛ પ્રાથમિક જરૂરિયાતો પૂર્ણ કર્યા બાદ જે કંઈ આવક બચે તે શા માટે ઉપયોગ કરે છે તેવું ઉત્તરદાતાને પૂછવામાં આવેલ જેના સવાલના જવાબમાં ૨૨% ઉત્તરદાતાઓ જણાવે છે કે તેઓ વધારના શિક્ષણ પાછળ ખર્ચ કરે છે. ૧૧% ઉત્તરદાતાઓ મોજશોખ પાછળ વધારાનો ખર્ચ કરતાં જોવા મળ્યા છે. ધાર્મિક કાર્યોનું મહત્વ પણ એટલું જ આંકવામાં આવે છે એ અંગેના જવાબમાં ૨૨% ઉત્તરદાતાઓ ધાર્મિક કાર્યો પાછળ વધારાનો ખર્ચ કરે છે. બચત કરતા હોય તેવા ઉત્તરદાતાઓની ટકાવારી ૪૫% જોવા મળી છે.

☛ બચત અંગેના જે કોઈ નિર્ણયો લેવાતા હોય તે અંગેના નિર્ણય અંગેના સવાલના વર્ગીકરણમાં ૩૪% ઉત્તરદાતાઓએ જણાવેલું કે પોતે જ બચત અંગેના નિર્ણયો લે છે. ૬૬% ઉત્તરદાતાઓએ જણાવેલ કે પતિ દ્વારા બચત અંગેના નિર્ણયો લેવાય છે.

☛ બચત કેવા પ્રકારની કરવામાં આવે છે તે અંગેના વર્ગીકરણમા ૩૧% ઉત્તરદાતાઓએ જણાવેલું કે તેઓ બેંકમાં રોકડ રકમ મૂકીને બચત કરે છે. ૨૩% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓ વિવિધ પ્રકારના વિમા ઉતરાવીને બચત કરે છે. ૦૭% ઉત્તરદાતાઓ સોનું ખરીદીને બચત કરે છે. ૧૬% ઉત્તરદાતાઓ સ્થાવર મિલકત વસાવીને બચત કરે છે. અન્ય એટલે કે શેર, પોસ્ટ ઓફીસમાં બચત કરીને સર્ટીફીકેટ લેનાર ઉત્તરદાતાઓની ટકાવારી ૨૩% જોવા મળી છે.

☛ કુટુંબના નિશ્ચિત ધ્યેયો અને મૂલ્યો કોણ નક્કી કરે છે તે અંગેના નિર્ણયમાં પતિ ૨૨% ધ્યેયો કે મૂલ્યો અંગેના નિર્ણય લે છે. ૪૫% ઉત્તરદાતાઓએ જણાવેલું કે પોતે જ આ નિર્ણયો લે છે. ૧૧% ઉત્તરદાતાઓએ જણાવેલું કે વડિલો આ અંગેના નિર્ણયો લે છે. ૧૧% રીતે જ ધ્યેયો કે મૂલ્યોની પરિપૂર્તિ કરવામાં આવે છે. તેવુ જણાવનાર ઉત્તરદાતાઓની ટકાવારી ૧૧% જોવા મળી છે.

☛ ધ્યેયો કે મૂલ્યો નક્કી કરતી વખતે જ્ઞાતિ–ધર્મના કારણે સંઘર્ષ ઉભો થાય છે. તે અંગેના વર્ગીકરણમા ૧૪% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે અમે ચર્ચા કરીને સંઘર્ષ નિવારીએ છીએ. ૩૬% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે સમાધાન કરીને અમે સંઘર્ષને ટાળીએ છીએ. ૫૦% ઉત્તરદાતાઓ જણાવે છે કે અમે બાંધછોડ કરીને પણ આવા સંઘર્ષને ટાળીએ છીએ.

☛ સમયનો ઉપયોગ દર્શાવતા વર્ગીકરણના અંતે તારણો જોતા વાંચન કરીને સમય પસાર કરનાર ઉત્તરદાતાની ટકાવારી ૪૭% જોવા મળી છે. ૨૪% ઉત્તરદાતાઓ ટી.વી. ઉપર પ્રોગ્રામ જોઈને પોતાનો બચેલો સમય પસાર કરે છે. ૨૪% ઉત્તરદાતાઓ આધ્યાત્મિક કાર્યો પાછળ પોતાનો સમય પસાર કરે છે. ૦૫% ઉત્તરદાતાઓ આર્થિક ઉપાર્જન કરીને પોતાનો સમય પસાર કરે છે.

☛ સમય અને શકિતની બચતના સંદર્ભમાં ઉત્તરદાતાઓને પૂછવામાં આવેલું કે આ અંગે તમે કોઈ આયોજન કરો છો કે કેમ તે પ્રશ્નના ઉત્તરમાં કુલ ૮૯% ઉત્તરદાતાઓએ એવું

જણાવ્યું હતું કે તેઓ ચોક્કસ રીતે સમય અને શકિતની બાબતમાં આયોજન કરે છે. જ્યારે ૧૧% ઉત્તરદાતાઓ આવા આયોજનમાં માનતા નથી.

☛ વર્તમાન સમયમાં ટેકનોલોજીના વિકાસમાં સમય અને શકિત બચે તેવા ઉપકરણો ઉત્તરદાતાએ વસાવ્યા છે કે કેમ તે અંગેના જવાબમાં ૨૨% ઉત્તરદાતાઓના ઘરમાં ગેસ કનેકશન હતું. ૨૦% ઉત્તરદાતાઓના ઘરમાં મીક્ષચર હતું. ૧૭% ઉત્તરદાતાઓએ જ્યુસર વસાવેલું છે. ૧૧% ઉત્તરદાતાના ઘરમાં ઓવન વસાવેલું છે. કુલ ૧૧% ઉત્તરદાતાના ઘરમાં ઘરઘંટીની સુવિધા જોવા મળેલ. ૯% ઉત્તરદાતાના ઘરમાં વેકયુમ કલીનર હતા. ૮% ઉત્તરદાતાઓએ ડીશ વોશર વસાવેલ છે.

☛ સમય અને શકિતના બચાવ માટે સાધનો સિવાય ગૃહિણીઓ કયા સ્ત્રોત દ્વારા ગૃહવ્યવસ્થામાં મદદ મેળવે છે. તે અંગેના વર્ગીકરણમાં ૧૫% ઉત્તરદાતાઓ ઘરના સભ્યો દ્વારા મદદ મળી રહે છે. ૩૯% ઉત્તરદાતાઓએ ઘરમાં નોકરની વ્યવસ્થા કરેલી છે. બાળકો મદદરૂપ બનતા હોય એવા ઉત્તરદાતાની ટકાવારી ૧૫% છે. ગૃહકાર્યમાં પતિ મદદરૂપ બને છે તેવા ઉત્તરદાતાની ટકાવારી ૨૩% છે. પડોશીની મદદ મળતી હોય તેવા કુલ ૮% ઉત્તરદાતાઓ જોવા મળેલ છે.

☛ રહેઠાણ વ્યવસ્થા કેવા પ્રકારની છે તે અંગેના સવાલમાં ઉત્તરદાતાઓ ફલેટ, ડુપ્લેકસ કે બંગલોમાં રહેતા જોવા મળ્યા છે. જે અંગેના તારણો જોતા ૫૧% ઉત્તરદાતાઓ ફલેટમાં રહે છે. ૩૯% ઉત્તરદાતાઓ ડુપ્લેકસમાં રહે છે. સ્વતંત્ર બંગલોમાં રહેતા ઉત્તરદાતાની ટકાવારી ૧૦% છે.

☛ ઘરમાં રૂમની સુવિધાના સંદર્ભમાં અભ્યાસ કરતાં ૫૬% ઉત્તરદાતાઓ અલગ રૂમની સુવિધા ધરાવે છે. જ્યારે ૪૪% ઉત્તરદાતાઓ એવા છે જેઓના મકાનમાં બાળકોના રૂમ કે અન્ય સુવિધાઓ નથી.

જે ઉત્તરદાતાના બાળકોને અલગ રૂમની સુવિધા છે કેવા પ્રકારની છે તે અંગેના સવાલમાં ૧૯% ઉત્તરદાતાના બાળકોના રૂમમાં પલંગની સુવિધા છે. જ્યારે ૧૯% ઉત્તરદાતાના રૂમમાં કબાટની સુવિધા છે. ૧૪% ઉત્તરદાતાના રૂમમાં ખુરશીઓ મુકેલી છે. ૧૪% ઉત્તરદાતાના બાળકોના રૂમમાં ડ્રેસીંગ ટેબલની વ્યવસ્થા છે. ૧૯% ઉત્તરદાતાના રૂમમાં રાઈટીંગ ટેબલની વ્યવસ્થા જોવા મળી છે. ૧૦% ઉત્તરદાતાના રૂમમાં ટોયલેટ–બાથરૂમની સુવિધા જોવા મળી છે. જ્યારે ૫% ઉત્તરદાતાના રૂમમાં અન્ય એટલે ટેપ રેકોર્ડર કે એવું રાચરચીલું જોવા મળ્યું છે.

☛ ઉત્તરદાતાઓને ઘરની સાથોસાથ સુવિધાજનક રસોઈઘર અંગેના સવાલમાં પૂછવામાં આવેલ કે રસોડામાં પૂરતી સગવડ અથવા રસોડાની જગ્યામાં કામ કરતી વખતે વાતાવરણ આનંદપૂર્વક વ્યતિત થઈ શકે તે પ્રકારનું રસોડું છે કે કેમ ? ત્યારે ૩૪% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓ પૂરતી સગવડ તેમજ પૂરતી જગ્યા અને હવાઉજાસ જળવાળ રહે તેવા રસોડામાં રસોઈ બનાવે છે. જ્યારે ૬૬% ઉત્તરદાતાઓને આ પ્રકારનું રસોડું પ્રાપ્ય નથી.

☛ રસોડું સુવિધાજનકની સાથે હવાની અવર–જવર થાય એ પણ એટલી જ આવશ્યકતા ધરાવે છે. ત્યારે ઉત્તરદાતાઓને પૂછવામાં આવેલું કે રસોડામાં ક્રોસ વેન્ટીલેશન છે કે કેમ ? તે અંગેના જવાબમાં ૮૨% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે આવી સુવિધા છે. જ્યારે ૧૮% ઉત્તરદાતાઓને ત્યાં ક્રોસ વેન્ટીલેશન જોવા મળેલ નથી.

☛ રસોડામાં પ્લેટફોર્મ કેવા પ્રકારનું છે તે અંગેના વર્ગીકરણના અંતે તારણ જોતા I પ્રકારનું પ્લેટફોર્મ ધરાવતા ઉત્તરદાતાની ટકાવારી ૩૪% છે. L શેઈપનું પ્લેટફોર્મ ૫૫% ઉત્તરદાતાને ત્યાં જોવા મળ્યું. ૦૬% ઉત્તરદાતાને ત્યાં U શેઈપનું પ્લેટફોર્મ જોવા મળેલ. ૫% ઉત્તરદાતાઓને ત્યાં ભારતીય ઢબનું રસોડું જોવા મળ્યું હતું.

☛ રસોઈઘરમાં જે પણ સુવિધાઓ જોવા મળે છે. જેના કારણે ગૃહિણીઓની શકિત અને સમયની બચત થતી જોવા મળે છે. એ સંદર્ભમાં રસોડાની બાજુમાં કોઠાર રૂમ છે કે કેમ ? તે અંગેના સવાલના વર્ગીકરણના અંતે તારણો જોતા ૩૬% ઉત્તરદાતાઓને ત્યાં રસોડાની બાજુમાં જ સ્ટોરરૂમ હતો. જ્યારે ૬૪% ઉત્તરદાતાઓને ત્યાં સ્ટોરરૂમ જોવા મળેલ નથી. આ ઉપરાંત સ્ટોરરૂમમાં ૩૬% ઉત્તરદાતાઓને ત્યાં પાટીયાની સુવિધા જોવા મળેલી. ૬૪% ઉત્તરદાતાઓના સ્ટોરરૂમમાં આવી વ્યવસ્થા નથી. ૩૧% ઉત્તરદાતાઓને ત્યાં લાકડાના, ૦૭% ઉત્તરદાતાઓને ત્યાં સિમેન્ટના પાટીયા, ૬૨% ઉત્તરદાતાઓને ત્યાં પત્થરના પાટીયા જોવા મળ્યા હતા. ડબ્બાઓ ઉપર લેબલીંગના કારણે કોઈ પણ વસ્તુ ઝડપથી પ્રાપ્ત થાય છે. જેમાં સમય, શકિત બચે છે. ત્યારે ૧૧% જ ગૃહિણીને ત્યાં આવી લેબલીંગ વ્યવસ્થા હતી. ૮૯% ઉત્તરદાતાઓને ત્યાં આવી વ્યવસ્થા જોવા મળી નથી.

☛ રસોડાની અંદર સ્વચ્છતાનું મહત્વ પણ એટલું જ જરૂરી છે. એ સંદર્ભમાં ઉત્તરદાતાને એવો સવાલ કરવામાં આવ્યો હતો કે રસોડામાં પાણી કે કચરાના નિકાલની વ્યવસ્થા છે કેમ ? ત્યારે ૯૫% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે આવી વ્યવસ્થા છે. જ્યારે ૦૫% ઉત્તરદાતાઓએ આવી વ્યવસ્થા નથી એવું જણાવ્યું.

☛ રસોડાની આંતરિક સુવિધાઓની સાથે સાથે રસોડાની સાથે અનેક બાબતો જોડાયેલી છે જે ગૃહિણીને ઉપયોગી સાબિત થતી હોય છે. ત્યારે ઉત્તરદાતાઓને કિચન ગાર્ડન વિષે પૂછવામાં આવેલું ત્યારે ૧૧% ઉત્તરદાતાઓને ત્યા કિચન ગાર્ડન છે. જ્યારે ૮૯% ઉત્તરદાતાઓને ત્યાં આવી વ્યવસ્થા જોવા મળી નથી. વાસણોનો ઉપયોગ ગૃહિણી કેવો અને કેવા પ્રકારના વાસણો વાપરે છે તે અંગેના સવાલમાં ૪૪% ઉત્તરદાતાઓ સ્ટીલના વાસણોનો ઉપયોગ કરે છે. ૧૧% ઉત્તરદાતાઓ એલ્યુમિનિયમના વાસણો વાપરે છે. ૧૧% પીત્તળના વાસણો વાપરે છે. ૦૨% ઉત્તરદાતાઓ કાંસાના વાણસો વાપરે છે. ૨૭% ઉત્તરદાતાઓ કાચના વાસણોનો ઉપયોગ કરે છે. ૦૬% અન્ય એટલે મેલેમાઈન, જર્મન જેવી ધાતુ વાપરે છે.

☛ જીવનશૈલીના એક ભાગરૂપે જમવાની વ્યવસ્થા અંગેના સવાલમાં ૩૪% ઉત્તરદાતાઓ ભારતીય ઢબે એટલે કે નીચે પલોઠીવાળીને જમવા બેસે છે. જ્યારે ૫૫% ઉત્તરદાતાઓએ ડાઈનીંગ ટેબલ ઉપર પાશ્ચાત્ય ઢબને અપનાવી છે. ૧૧% ઉત્તરદાતાઓ ઉપરોકત બંને

પ્રકારનો ઉપયોગ કરે છે.

- બેઠક રૂમની સાઈઝ કેવડી છે તેના ઉપરથી ઉત્તરદાતાના સમગ્ર ઘરની વ્યવસ્થા તેમજ જીવનશૈલીનો અંદાજ આવી શકે છે. ૧૦% ઉત્તરદાતાઓને ત્યાં બેઠક રૂમની સાઈઝ નાની જણાય હતી. ૭૮% ઉત્તરદાતાના ઘરમાં બેઠક રૂમ મધ્યમ સાઈઝનો જોવા મળ્યો. ૧૨% ઉત્તરદાતાને ત્યાં બેઠક રૂમ મોટો જોવા મળ્યો હતો. બેઠક રૂમની વ્યવસ્થા ભારતીય ઢબની છે તેવા ઉત્તરદાતાની ટકાવારી ૪૫% જોવા મળી. ૩૭% ઉત્તરદાતાને ત્યાં પાશ્ચાત્ય ઢબની બેઠક વ્યવસ્થા જોવા મળી. ૧૮% ઉત્તરદાતાને ત્યાં અન્ય પ્રકારની વ્યવસ્થા જોવા મળી.

- ફરનિચરનો પ્રકાર જોતા ૬૫% ઉત્તરદાતાને ત્યાં લાકડાનું ફર્નિચર જોવા મળ્યું. ૨૩% ઉત્તરદાતાને ત્યાં નેતરનું ફર્નિચર જોવા મળ્યું. ૧૨% ઉત્તરદાતાને ત્યાં લોખંડનું ફર્નિચર જોવા મળ્યું હતું.

- ગૃહસજાવટની સુઝ અંગેના સવાલમાં ૭૮% ઉત્તરદાતાઓએ પોતાનું ઘર સજાવેલું હતું અથવા તો ગૃહસજાવટમાં રસ દાખવતા હતા. જ્યારે ૨૨% ઉત્તરદાતાઓ આવી સજાવટ નહોતા કરતા. સજાવટ અંગેના સિધ્ધાંતો ૦૩% ઉત્તરદાતાઓ અપનાવતા હતા. ૦૪% ઉત્તરદાતાઓ નિષ્ણાંતો પાસે સજાવટ કરાવતા હતા. ૮૩% ઉત્તરદાતાઓ ફર્નિચરની ગોઠવણી બાબતે કાળજી રાખતા હતા. ૧૦% ઉત્તરદાતાઓ નાણાકીય સગવડોને ધ્યાનમાં લઈ ગોઠવણી કરતા હતા.

- અનાજ કે કઠોળની સાચવણી કે સંગ્રહ અંગેના સવાલમાં ૮૬% ઉત્તરદાતાઓ આવો સંગ્રહ કરતા હતા. ૧૪% ઉત્તરદાતાઓ આવો સંગ્રહ નહોતા કરતા. ૭૫% ઉત્તરદાતાઓ જણાવે છે કે સિઝનમાં અનાજ સસ્તું પડે માટે ખરીદી સાથે કરે છે. ૧૯% ઉત્તરદાતાઓ જણાવે છે કે અનાજ જ્યારે જોઈએ ત્યારે મળી રહે છે. ૦૬% ઉત્તરદાતાઓ અન્ય કારણોસર વસ્તું સાથે ખરીદે છે.

- જે અનાજ કે કઠોળનો સંગ્રહ કરવામાં આવે છે તે કેવી રીતે સાચવી રાખે છે તે અંગેની વિવિધ પધ્ધતિ પૈકી દિવેલ લગાવીને ૭૫% ઉત્તરદાતાઓ અનાજ સાચવી રાખે છે. ૦૬% ઉત્તરદાતાઓ બોરિક પાવડર નાખીને વસ્તું સાચવે છે. જ્યારે ૦૯% ઉત્તરદાતાઓ પારાની ગોળી કે થેપલી બનાવીને અનાજ સાચવી રાખે છે. ૧૦% ઉત્તરદાતાઓ લીમડો કે રાખ નાખીને અનાજ સાચવે છે.

- સિઝન પ્રમાણેના શાકભાજી કે ફ્રુટની ખરીદીમાં ૮૯% ઉત્તરદાતાઓ સિઝન પ્રમાણે ખરીદી કરે છે. જ્યારે ૧૧% ઉત્તરદાતાઓ આવી ખરીદી નથી કરતા. ૬૩% ઉત્તરદાતાઓ માને છે કે સસ્તું પડવાના લીધે આવી ખરીદી કરે છે. ૧૮% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે સિઝનમાં પૌષ્ટિકતા જળવાય માટે ખરીદે છે.

  જ્યારે ૧૯% ઉત્તરદાતાઓ કયારેક આવી ખરીદી કરે છે. જે લોકો આવી ખરીદી નથી કરતા તેને પૂછવામાં આવેલ સવાલમાં ૫૭% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે કોઈપણ વસ્તુ બારેમાસ

મળે છે. ઘરમાં કોઈ ખાતું ના હોય કે ઉપયોગ ના થતો હોય માટે આવી વસ્તું નથી સાચવતા તેવું ૨૯% ઉત્તરદાતાઓએ જણાવ્યું. ૧૪% ઉત્તરદાતાઓએ બજેટની બહાર કોઈ ખરીદી નથી કરી શકતા તેવું જણાવ્યું હતું.

☛ અથાણાં કે સુકવણી અંગેના તારણો જોતા ૯૦% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓ આવી બાબતને મહત્વ આપે છે. જ્યારે ૧૦% જ ઉત્તરદાતાઓ અથાણાં કે સુકવણી કરતા નથી. ૦૪% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓને આવો શોખ હોવાથી અથાણાં કે સુકવણી કરે છે. ૦૨% જણાવે છે કે સસ્તું પડવાથી આવા પ્રકારની સુકવણી કે અથાણાં બનાવે છે. ૮૮% ઉત્તરદાતા જણાવે છે વસ્તું સારી મળે માટે આ પ્રકારની વ્યવસ્થા કરે છે. ૦૬% ઉત્તરદાતા જણાવે છે સમય મળે ત્યારે તેઓ સુકવણી કે અથાણાં કરે છે.

## ૮.૪ સૂચનો :–

- આંતર–જ્ઞાતિય કે આંતર–ધર્મીય લગ્નને પ્રોત્સાહન મળવું જોઈએ.
- દરેક ગૃહિણીએ ગૃહવ્યવસ્થા અંગેનાં ઔપચારિક કે અનૌપચારિક જ્ઞાનનું મહત્વ સમજવું જોઈએ.
- દરેક ગૃહિણીએ પોતાના કુટુંબની પ્રગતિના ધ્યેયોને નિશ્ચિત કરવા જોઈએ.
- ગૃહવિજ્ઞાનના ઔપચારિક જ્ઞાનના કારણે સમય, શકિતનો બચાવ થાય છે તેના મહત્વનો સ્વીકાર દરેક ગૃહિણીએ કરવો જોઈએ.
- કુટુંબના સભ્યો આવા લગ્નના હકારાત્મક પરિણામને મહત્વ આપે તે માટેના પ્રયત્ન વધારવા જોઈએ.
- કુટુંબના આર્થિક બજેટમાં ગૃહિણીએ પોતાના સૂચનો આપવા જોઈએ.
- ગૃહિણીના વ્યકિતત્વ અને તેના કૌટુંબિક જીવનમાં જે પરિવર્તન આવે છે તે સૂચવે છે કે જીવન પ્રત્યેનો દષ્ટિકોણ માત્ર પતિ કે પત્નીના વિચારોમાં જ નહીં પરંતુ કુટુંબનાં તમામ સભ્યોમાં પણ તેના પ્રત્યેનો દષ્ટિકોણ બદલાવવો જોઈએ.
- વ્યવસાયિક ગૃહિણી પ્રત્યેનો પૂર્વગ્રહ દૂર થવો જોઈએ. પરિણીત વ્યવસાયિક ગૃહિણીઓ પ્રત્યે સમાજના બધા જ પુરૂષો અને સ્ત્રીઓની વિચારસરણીમાં પરિવર્તન લાવવું જોઈએ.
- વ્યવસાયિક ગૃહિણી ઘર તેમજ બહારની પ્રવૃત્તિને સંભાળવામાં મુશ્કેલી અનુભવે છે. જેથી કુટુંબના બધા સભ્યોએ વ્યવસાયિક ગૃહિણીને ગૃહકાર્યમાં મદદ કરવી જોઈએ.
- આજની શિક્ષિત ગૃહિણીએ પોતાના વ્યકિતત્વ નિર્માણ માટે આત્મવિશ્વાસ વધારવાની જરૂર છે.
- ગૃહિણીએ વૈજ્ઞાનિક ઉપકરણોનો ઉપયોગ વધારવો જોઈએ. જેથી સમય અને શકિત બચાવી શકાય.

- ગૃહિણીઓએ પોતાની રીતમાં થોડું પરિવર્તન લાવવું જોઈએ.
- ગૃહિણીએ પોતાના મનની વાત, ચિંતા, સમસ્યા પોતાના મિત્રો, કુટુંબ કે જવાબદાર સભ્યોને દર્શાવવી જોઈએ.
- વ્યવસાયિક ગૃહિણીઓના કુટુંબીજનોએ વ્યવસાયિક સ્ત્રીઓની કામની સ્થિતિ, માનસિક બોજને સમજવો જોઈએ.
- જે સ્ત્રીઓ વ્યવસાયિક છે તેણે પોતાના સહકર્મચારીઓ સાથે સહજ મૈત્રીભાવ રાખવો જોઈએ. તેમજ થોડું અંતર જાળવવું જોઈએ.
- બાળકોનો સર્વાંગી વિકાસ માતા ઉપર નિર્ભર છે. આથી માતા જો નાના બાળકોની કાળજી માટે પોતાની નોકરી છોડે અને બાળકોને મોટા કરીને ફરી તેને નોકરીની જરૂર પડે તો તેને ફરી નોકરીમાં લેવી જોઈએ. એવી જોગવાઈ કરવી જોઈએ.
- ગૃહિણીઓ કુટુંબના સામાજિક, મનોવૈજ્ઞાનિક તેમજ આર્થિક જીવનમાં જે યોગદાન આપે છે અને ક્ષમતા ધરાવે છે તેના પ્રત્યે લોકોમાં વધારે સમજદારી ઉત્પન્ન કરવાની જરૂરિયાત છે.

## ૮.૫ સંશોધનના નવા ક્ષેત્રો :–

સંશોધનએ સતત ચાલતી પ્રક્રિયા છે. એક સંશોધનનો અંત એ બીજા સંશોધનની શરૂઆત ગણી શકાય. સંશોધન દ્વારા સમાજને વૈજ્ઞાનિક દષ્ટિબિંદુથી સમજી શકાય છે. જ્યારે કોઈપણ સંશોધન કરવામાં આવે ત્યારે તેનું અભ્યાસ ક્ષેત્ર મર્યાદિત હોય છે. જેથી તેના તારણો પણ તે અભ્યાસ પૂરતા મર્યાદિત હોય છે. સંશોધનનો વિષય કોઈ ચોક્કસ હેતુઓને ધ્યાનમાં રાખીને પસંદ કરવામાં આવતો હોય છે. સંશોધન પ્રક્રિયા દરમ્યાન સંશોધકને સંશોધનના નવા ક્ષેત્રો પ્રાપ્ત થાય છે. મારા સંશોધન દરમ્યાન મારા મત મુજબ નીચે મુજબના વિષયોમાં સંશોધન કરી શકાય.

- આ અભ્યાસ પોરબંદર અને જુનાગઢ જિલ્લા પૂરતો મર્યાદિત છે. તેને બદલે સમગ્ર સૌરાષ્ટ્ર કે ગુજરાતના બધા જિલ્લાઓમાંથી ઉત્તરદાતા પસંદ કરી અભ્યાસ કરી શકાય.
- સૌરાષ્ટ્ર, ગુજરાત અને દક્ષિણ ગુજરાતના આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલ લોકોનો તુલનાત્મક અભ્યાસ કરી શકાય.
- આ અભ્યાસમાં ફકત યુવતિઓની જ ઉત્તરદાતા તરીકે પસંદગી કરવામાં આવી છે. તેને બદલે યુવક–યુવતિ બંનેનો તુલનાત્મક અભ્યાસ કરી શકાય.
- આંતર–જ્ઞાતિય અને આંતર–ધર્મીય લગ્ન કરેલ યુવક–યુવતિની સમસ્યાઓનો અલગ અભ્યાસ થઈ શકે.
- પ્રસ્તુત અભ્યાસ ગૃહસંચાલનના મુદ્દાને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે, પરંતુ ગૃહવિજ્ઞાનના અન્ય વિષયો જેવા કે આહાર અને પોષણ, બાળવિકાસના સંદર્ભમાં અભ્યાસ થઈ શકે.

- સમય–શકિતના બચાવના સંદર્ભમાં ઈલેકટ્રીક અને બિનઈલેકટ્રીક સાધનોનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે.
- સૌરાષ્ટ્રમાં દરેક જ્ઞાતિ અને ધર્મના પોતાના પોષાક, ઘરેણાની આગવી વિશિષ્ટતા હોય છે, તો તેનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે.

# –: પરિશિષ્ટ – ૧ :–

## સંદર્ભ સૂચી


| | લેખક | પુસ્તકનું નામ | પ્રકાશન |
|---|---|---|---|
| 1. | Alteken A. A. | The Position of Women in Hindu civilization | M. Banarasidas Delhi - 1962 |
| 2. | Desai Neeru | Women in modern India | Vora and Co. Pub. Pvt. Ltd. Bombay - 1963 |
| 3. | Das Hamah M. Stone | A Marriage Manual | Pocket Books |
| | Abrahum Stone | Wiley Management in Family living Nickell | Eastern Private Ltd. New Delhi March - 1959 |
| 4. | Goode & Hatt | Methods in Social Research | Megraw Hill Books Co. 1952 |
| 5. | Gupta P.R. | Women in Hindu | Jyotna Prakashan New Delhi - 1982 |
| 6. | Kakar D. N. | Women and Family Planing | Sterling Publishers Printed Ltd. |
| 7. | Maeneil C. and Kar H. | Theory and Practice of Home-Management | Surjeet Publication - 1969 |
| 8. | Maeneil C. and Kar H. | Theory and Practice of Home-Management | Surjeet Publication - 1969 |
| 9. | Muellet & Schuessler | Statistical Reasoning in Sociology | Surjeet Publication - 1969 |
| 10. | Nalk R. D. | Some Structural aspects of Urban Family | |
| 11. | Paulena Nickell, Jean Muir Dorsey | Management in Family Living | Moninder Sing Sejwal for Wiley Estern Ltd. - 1967 |
| 12. | Rao V. Nandini | Marriage the Family and Women in India | |

| | | |
|---|---|---|
| 13. Rao V. V. Prakasa, | Marriage the Family and Women in India | |
| 14. Sharma Sarita | Management | Syblime Publications & Jain Bhavan, |
| | By Homi Lady | |
| 15. Western Mank | History of Women | |
| Bajpai Dhirendra | Marriage - Moderniasation and Social Change in India | Manohar Publication New Delhi 1979 |
| 16. Bhatty Ramnik M. | Sociology of Youth in India A Birefnote | Research Paper Presented at 12th All India Sociology Conference - 1974 |

## हिन्दी ग्रंथ

| लेखक | पुस्तक का नाम | प्रकाशन |
|---|---|---|
| १) मिसेज गायत्री मूर्ति | गृह व्यवस्था | नवीन गुप्त प्रथम संस्करण- १९८३ |
| २) डॉ. श्रीमति आशा पारीक डॉ. चन्द्रकान्ता महता | सर्वाधिकार प्रकाशनधीन सुरक्षीत | |
| ३) डॉ. आशा जैन डॉ. नीलिमा मल्लैया | गृह-सज्जा और गृह-व्यवस्था | विनोद पुस्तक मन्दिर प्रथम संस्करण - १९८९-९० |
| ४) श्रीमति क्रांति पांडेय | गृह प्रबंध | बिहार हिन्दी ग्रंथ अकादमी सम्मेलन भवन |
| ५) राम अहूजा श्रीमती प्रेम रावत | भारतीय सामाजिक व्यवस्था | रावत पब्लिकेशन जयपुर एवं नई दिल्ली |
| ६) डॉ. जी. पी. शेरी | वस्त्र विज्ञान के मूल सिद्धान्त | विनोद पुस्तक मंदिर आगरा-२ १९८२ |
| ७) डॉ. श्रीमती बेला भार्गव | वस्त्र विज्ञान एवं धुलाई कला | युनिवर्सिटी बुक हाउस प्रा. लि. |

| | | |
|---|---|---|
| | | 79, चौडा रास्ता, जयपुर |
| ८) डॉ जी. पी. शेरी | आहार पोषण विज्ञान | जयपुर प्रकाशन |
| ९) डॉ. रविप्रकाश अग्निहोत्री | गृह विज्ञान | ग्रन्थ विकास प्रकाशन C-37, राजा पार्क, आदर्शनगर, जयपुर |

## ગુજરાતી ગ્રંથ

| લેખક | પુસ્તકનું નામ | પ્રકાશન |
|---|---|---|
| ૧) મધુબેન વી. ઠક્કર, જયશ્રીબેન બી. રાણપરા | "કૌટુંબિક અર્થવ્યવસ્થા" | પ્રવિણ પ્રકાશન પ્રા. લિ. રાજકોટ – ૨૦૦૪ |
| ૨) શ્રીમતી મીરા ભટનાગર, શ્રીમતી વલંતી તુલસ્યા | "ગૃહવ્યવસ્થા" | અતુલ પ્રકાશન અમદાવાદ – ૧૯૮૯/૯૦ |
| ૩) દેવાંગી મહેતા, દક્ષા જોષી | ગૃહ વ્યવસ્થા અને સામાજિક જ્ઞાન | કાંતિલાલ ગો. શાહ પ્રકાશક ગાંધી માર્ગ, – ૧૯૯૪ |
| ૪) શીલાબેન નાણાંવટી ૧૯૮૬ | 'ગૃહિણી અને ગૃહ વ્યવસ્થા' | ભુ. મ. પટેલ અમદાવાદ કુલસચિવ ગુજરાત યુનિ. |
| ૫) શ્રી અનીલા શ્રોફ શ્રીમતી પ્રેમ રાવત | ગૃહ વિજ્ઞાન | જે. ભારત એન્ડ કું. મારવાડી ચાલ, જૈન મંદિર મુંબઈ – ૨૦ |
| ૬) પ્રો. દર્શના અંજારીયા | 'ચાઈલ્ડ ડેવલપમેન્ટ એન્ડ મેન્ટલ હેલ્થ' | ડો. ગાયત્રી આર. અંજારીયા |
| ૭) ડો. નવીનચંદ્ર | 'ભારતની સામાજિક સંસ્થાઓ' | ૧૯૮૨ |
| ૮) ધીરજ ધકાન | 'લગ્ન, કુટુંબ અને સમાયોજનાં' | નવભારત સાહિત્ય મંદિર અમદાવાદ |
| ૯) પ્રો. એ. જી. શાહ અને પ્રો. જે. કે. દવે | ભારતની સામાજિક સંસ્થાઓ | રચના પ્રકાશન ૧૯૯૩–૯૪ |
| ૧૦) વીરેન્દ્ર પ્રકાશ વર્મા | ભારતીય સામાજીક વ્યવસ્થા | પંચશીલ પ્રકાશન, જયપુર ૧૯૮૩ |
| ૧૧) ડો. ભટ્ટ ઉષાબેન જી. | આધુનિક ભારતમાં સ્ત્રી જાગૃતિનો ઉગમ અને વિકાસ | ગુ. યુનિ. સમાજશાસ્ત્ર ભવન ૧૯૮૫ |
| ૧૨) પાંડુરંગ ગણેશ દેશપાંડે | હિન્દુસ્તાની જ્ઞાતિ–સંસ્થાઓ | ગુ. યુનિ. અમદાવાદ – ૧૯૫૯ |

| | | |
|---|---|---|
| ૧૩)સ્વ. ડો. હરીભાઈ જી. દેસાઈ<br>ડો. કૃષ્ણકાંત જી. દેસાઈ | સંશોધન પધ્ધતિઓ | અનડા બુક ડેપો, અમદાવાદ<br>૧૯૯૨ |
| ૧૪) ડો. મોહનભાઈ પંચાલ | લગ્ન જીવન પવિત્ર બંધન | ત્રીજી આવૃતિ |
| ૧૫) સરોજીની મહેતા | લગ્ન વ્યવસ્થા અને કુટુંબ સંસ્થા | ગુજરાત વર્નાકયુલર<br>સોસાયટી – ૧૯૩૪ |
| ૧૬) ડો. દેસાઈ ધનવંત | ભારતમાં ઉચ્ચતર કેળવણીની<br>પ્રવર્તમાન સમસ્યાઓ ગુર્જર નારી | યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ,<br>અમદાવાદ<br>ગુર્જર ગ્રંથરત્ન – ૧૯૭૨ |
| ૧૭) પ્રા. દેસાઈ એચ. જી.<br>પ્રા. દેસાઈ કે. જી. | સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ | યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ<br>અમદાવાદ – ૧૯૮૯ |
| ૧૮) ડો. દેસાઈ નીરા | ભારતીય સમાજને સ્ત્રીજીવન | રિસર્ચ યુનિક ઓન<br>વિમેન સ્ટડીઝ – ૧૯૭૮ |
| ૧૯) દેસાઈ શંભુપ્રસાદ | સૌરાષ્ટ્રનો ઈતિહાસ | સોરઠ શિક્ષણ સંસ્કૃતિ સંઘ<br>જુનાગઢ – ૧૯૬૮ |
| ૨૦) દેસાઈ અરવિંદરાય એન. | સામાજીક સંશોધન પધ્ધતિઓ | યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ,<br>અમદાવાદ – દ્વિ. આ. ૧૯૯૨ |
| ૨૧) ડો. પટેલ તારાબેન | ભારતીય સમાજ વ્યવસ્થા | યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ,<br>અમદાવાદ – ૧૯૬૧ |

## સંશોધન અભ્યાસો

| | અભ્યાસકર્તા | અભ્યાસનું નામ | કોલેજ અને યુનિ.નું નામ |
|---|---|---|---|
| ૧) | બાદશાહ બીના | બે પેઢીઓ વચ્ચેનું અંતર<br>એક સમાજશાસ્ત્રીય અભ્યાસ | ગુ. યુનિ. એમ. ઓ.<br>અમદાવાદ ૧૯૮૩ |
| ૨) | દત્ત આરતી | યુનિ. મહિલા છાત્રાલયની બહેનોના<br>વલણનો અભ્યાસ | ગુ. યુનિ. ૧૯૬૯ |
| ૩) | દવે કાદમ્બરી | મહિલા વિનયન કોલેજના યુનિ.માં<br>અભ્યાસ કરતી યુવતિઓને મુંઝવતા<br>પ્રશ્નો | ગુ. યુનિ. એમ.એ ૧૯૬૯ |
| ૪) | દેસાઈ જ્યોત્સના | રાજકોટની કોલેજમાં ટી.વાય.માં<br>અભ્યાસ કરતી યુવતિઓના સામાજીક | સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ<br>પી.એચ.ડી. – ૧૯૬૮ |

વલણો

| | | | |
|---|---|---|---|
| ૫) | દેવાણી રમા | ઉચ્ચ માધ્યમિક અને કોલેજમાં અભ્યાસ કરતી યુવતિઓને મુંઝવતા પ્રશ્નો | સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ પી.એચ.ડી. – ૧૯૯૩ |
| ૬) | રેડ્ડી પી. એચ. | વિદ્યાર્થીઓ અને વડીલો વચ્ચે વૈચારિક સંઘર્ષનો અભ્યાસ | પુના યુનિ. ૧૯૬૭ |
| ૭) | રંજ એમ. પી. | યુવાજગત અને વડીલો વચ્ચે સંઘર્ષ | દિલ્હી યુનિ. ૧૯૭૧ |
| ૮) | સૂચક શારદા | કોલેજ કન્યાઓના ભાવિ જીવનસાથીની સંકલ્પનાઓ | સૌ. યુનિ. ૧૯૬૮ |

## મુલાકાત અનુસૂચિ

## "આંતર જ્ઞાતિય, આંતર ધર્મીય લગ્ન કરેલા લોકોની જીવનશૈલી – એક અભ્યાસ"


**માર્ગદર્શક**
ડૉ. હેમીક્ષા રાવ
પ્રોફેસર અને અધ્યક્ષ
સમાજશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ

**સંશોધક**
પ્રો. જયશ્રી એન. બારોટ
અધ્યક્ષ હોમ સાયન્સ વિભાગ
ગુરુકુળ મહિલા કોલેજ
પોરબંદર


### વ્યકિતગત માહિતી

### વિભાગ – ૧

૧. ઉતરદાતાનું નામ :–
૨. ગામ :–
૩. વય :–
૪. જ્ઞાતિ (પત્નિની) :– (પતિની)
૫. ધર્મ :–
(પોતાનો /પતિનો) :–
તાલુકો :–
જિલ્લો :–
૬. વૈવાહિક દરજ્જો :– પરિણીત વિધવા ત્યકતા છુટાછેડા લીધેલ
૭. શૈક્ષણિક દરજ્જો :– પ્રાથમિક માધ્યમિક ઉચ્ચ માધ્યમિક ઉચ્ચ શિક્ષણ
૮. વ્યવસાય :– ટેકનીકલ પ્રોફેશનલ

### કૌટુંબિક માહિતી

| ક્રમ | નામ | ઉતરદાતા સાથેનો સંબંધ | જાતિ | ઉંમર | શિક્ષણ | વ્યવસાય | માસિક આવક | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

## વિભાગ – ૨

૧. તમારો જીવનસાથી તમે કઈ રીતે પસંદ કર્યો ?

૧) આકસ્મિક ૨) સમયાત્રી ૩) સહ શિક્ષણ ૪) પડોશી
૫) સહકાર્યકર ૬) મિત્ર વર્તુળ ૭) અન્ય

૨. લગ્નની દરખાસ્ત કોણે મૂકી ?

તમે તમારા પતિએ

૩. તમારા લગ્ન આંતર ધર્મીય કે આંતર જ્ઞાતિ છે ?

૧) આંતર ધર્મીય ૨) આંતર જ્ઞાતિય

૪. પ્રપોઝલ પછી લગ્ન કેટલા સમયે કર્યા ?

૧) તુરત જ ૨) ૨ થી ૫ માસ ૩) ૩ થી ૬ માસ
૪) ૬ થી ૧૨ માસ ૫) ૧ વર્ષ ૬) ૨ થી ૫ વર્ષ

૫. લગ્નનો પ્રસ્તાવ મુકતા કેવા પ્રતિભાવો મળ્યા ?

પ્રતિભાવો

૧) સંમતિ ૨) વિરોધ ૩) અર્ધ સંમતિ
૪) અમે જવાબદાર નથી

તમારા ઘરમાં
પતિના ઘરમાં

૬. શિક્ષણ સંબંધી માહિતી

૧) અશિક્ષિત ૨) શિક્ષિત ૩) પ્રાથમિક
૪) માધ્યમિક ૫) ઉચ્ચમાધ્યમિક ૬) ઉચ્ચ શિક્ષિત

યુવકના પિતાનું શિક્ષણ :
યુવકના માતાનું શિક્ષણ :
યુવતિના પિતાનું શિક્ષણ :
યુવતિના પિતાનું શિક્ષણ :

૭. તમે લગ્નનો નિર્ણય કરતી વખતે કોને વધુ મહત્વ આપ્યુ હતુ ?

૧) દેખાવ ૨) આવક ૩) કુટુંબ
૪) જ્ઞાતિ ૫) શિક્ષણ ૬) અન્ય

૮. લગ્ન પહેલા તમને જાતિય જ્ઞાન હતું ?

હા ના

હા તો કયાંથી મળેલું ?

૧) પુસ્તકો ૨) શિક્ષકો ૩) મિત્રો
૪) સામાયિકો ૫) સમાચાર પત્રો ૬) ટી.વી.
૭) ફિલ્મો ૮) અન્ય માતા, ભાભી, બહેન

ના તો લગ્ન પછી કયાંથી મળ્યું ?

૧) પતિ ૨) મિત્રો ૩) કુટુંબના સ્ત્રી સભ્યો
૪) પુસ્તકો ૫) અન્ય

૯. તમારા લગ્ન કઈ વિધિથી થયા હતા ?
  ૧) કોર્ટ મેરેજ  ૨) આર્ય સમાજ  ૩) શાસ્ત્રોકત વિધિ
  ૪) સમૂહ લગ્ન

૧૦. તમારા લગ્નની વિધિ કઈ જ્ઞાતિ/ધર્મ પ્રમાણે થયા ?
  તમારી  તમારા પતિની

૧૧. તમે લગ્નને કયા દ્દષ્ટિકોણથી જુઓ છો ?
  ૧) લગ્ન એક કરાર  ૨) લગ્ન એક સંસ્કાર
  ૩) લગ્ન એ પરાપૂર્વથી ચાલી આવતી વિધિ  ૪) અન્ય

૧૨. લગ્નનો કયો રિવાજ તમને પસંદ નથી ?
  ૧) દહેજ  ૨) બાળલગ્ન  ૩) જ્ઞાતિમાંજ લગ્ન
  ૪) વિધવા પુનર્લગ્ન  ૫) અન્ય

૧૩. તમારા લગ્ન વખતે કુટુંબના કોઈ સભ્યને જાણ કરી હતી ?
  હા  ના
  લગ્ન સમયે પિયર પક્ષના સભ્યોની હાજરી હતી ?  હા  ના
  લગ્ન સમયે સસરા પક્ષના સભ્યોની હાજરી હતી ?  હા  ના
  હા તો સસરા પક્ષમાંથી કોણ ?
  હા તો પિયર પક્ષમાંથી કોણ ?

૧૪. લગ્ન સમયે કોણે મદદ કરી હતી ?

૧૫. લગ્ન સમયે કેવી મદદ કરી હતી ?
  ૧) વસ્તુ  ૨) પૈસા  ૩) વાહન
  ૪) લગ્ન વ્યવસ્થા ગોઠવી હોય  ૫) ફકત હાજર રહયા હોય
  ૬) માનસિક સાંતવન  ૭) અન્ય

૧૬. લગ્ન પછી પતિના માતા–પિતાએ કયારે સ્વીકારેલા ?
  ૧) તરત જ  ૨) એક બાળક પછી  ૩) હજુ સુધી નહી
  લગ્ન પછી પત્નિના માતા–પિતાએ કયારે સ્વીકારેલા ?
  ૧) તરત જ  ૨) એક બાળક પછી  ૩) હજુ સુધી નહી

૧૭. હાલ તમે કયો ધર્મ પાળો છો ?
  ૧) તમારો  ૨) પતિનો  ૩) બંનેનો  ૪) અન્ય

૧૮. તમારો ધર્મ પાળતા હોય તો પતિ તેમનો ધર્મ પળાવવા માટે આગ્રહ રાખે છે ?
  હા  ના

૧૯. તમારા અંગત જીવનમાં જ્ઞાતિ કે ધર્મને કારણે કોઈ અવરોધો ઉભા થાય છે ?
  હા  ના
  હા તો કેવા પ્રકારના અવરોધો ?

૨૦. તમારા આંતર જ્ઞાતિય કે આંતર ધર્મીય લગ્નથી તમે સંપૂર્ણ સંતુષ્ટ છો ?
  હા  ના
  ના તો શા માટે ?

૨૧. લગ્ન પછી તમારા જીવનસાથીમાં કોઈ પરિવર્તન જોવા મળે છે ?

હા ના

હા તો કયા પ્રકારનું ?

૧) માનસિક ૨) વૈચારિક ૩) જીવનશૈલી

૪) રિવાજોના પાલનમાં ૫) અન્ય

૨૨. કુટુંબમાં મતભેદો થાય છે ?

હા ના

હા તો કોની સાથે ?

૧) પતિ ૨) સાસુ ૩) સસરા

૪) નણંદ ૫) દેરાણી ૬) જેઠાણી

૭) બાળકો ૮) અન્ય

૨૩. મતભેદો થવા માટેના જવાબદાર કારણો કયા ?

૧) અંગત કારણો ૨) આર્થિક ૩) કૌટુંબિક

૪) સામાજિક ૫) મનોવૈજ્ઞાનિક ૬) ધાર્મિક

૭) શારીરિક ૮) આરોગ્ય ૯) અન્ય

૨૪. સમાધાન કરવામાં કોની મદદ લો છો ?

૧) જ્ઞાતિ ૨) કુટુંબિઓ ૩) મિત્રો ૪) પડોશી

૫) પોલીસ ૬) કોર્ટ ૭) જાતે ૮) અન્ય

૨૫. બીજી જ્ઞાતિમાંથી આવો છો માટે માન મળે છે ?

હા ના

હા તો કેવું ?

૧) સાધારણ ૨) સારું ૩) ખુબ સારું

૨૬. તમે તમારા પતિ પાસે કેવા પ્રકારની અપેક્ષા રાખો છો ?

૧) ગૃહ કાર્યમાં મદદરૂપ થાય ૨) ખરીદીમાં મદદરૂપ થાય

૩) બાળઉછેરમાં મદદરૂપ થાય ૪) વડીલોની સેવામાં મદદરૂપ થાય

૫) જવાબદારી તમારી પર છોડી દે ૬) બધી જ જવાબદારી પોતે સંભાળે

૭) તમને ખુશ કરવા હરવા ફરવા પણ લઈ જાય

૮) તમારુ સ્વમાન જાળવે ૯) અન્ય

૨૭. તમે કુટુંબ નિયોજનમાં માનો છો ?

હા ના

હા તો કઈ પધ્ધતિ અપનાવો છો ?

૧) લૂપ ૨) ઓપરેશન ૩) નિરોધ

૪) દવા ૫) અન્ય

ના તો શા માટે ?

૨૮. તમારા બાળકોના અભ્યાસક્રમમાં જાતીય શિક્ષણનું જ્ઞાન છે ?

હા ના

૨૯. લગ્નજીવન પહેલા તમારા બાળકોને જાતીય જ્ઞાન મળે તેમ તમે ઈચ્છો છો ?

હા ના

હા તો શા માટે ?

૧) લગ્ન જીવનની સફળતા માટે ૨) ખોટી શંકાઓથી બચવા માટે

૩૦. તમારા બાળકોને જીવનસાથીની પસંદગસીમાં સ્વતંત્રતા મળવી જોઈએ તેમ તમે ઈચ્છો છો ?

હા ના

૩૧. તમારા બાળકો કયો ધર્મ પાળે છે ?

૧) તમારો ૨) પતિનો ૩) બંનેનો ૪) અન્ય

૩૨. તમારા લગ્નથી તમારા બાળકોના લગ્નની ગોઠવણીમાં અવરોધ આવશે તેવું તમે માનો છો ?

હા ના

૩૩. તમારા બાળકના લગ્ન તમે કઈ જ્ઞાતિ/ધર્મમાં કરશો ?

૧) તમારી ૨) પતિની

૩) ઉચ્ચ જ્ઞાતિમાં ૪) તેની ઈચ્છા મુજબ

૩૪. તમારા લગ્નથી તમારા પતિની જ્ઞાતિમાં તમારા <u>કુટુંબનું</u> માન કેવુ રહયું ?

૧) વધી ગયું ૨) ઘટી ગયું ૩) કોઈ ફેર પડયો નહીં

## <u>વિભાગ – ૩</u>

૩૫. ગૃહવ્યવસ્થા વિશેનું ઔપચારિક શિક્ષણ મેળવેલ છે ?

હા ના

હા તો કયું ? કયાં ?

ડીગ્રી ડિપ્લોમા સર્ટીફિકેટ

૩૬. ગૃહ વ્યવસ્થા વિશે તમે શું સમજો છો ?

૩૭. ગૃહ વ્યવસ્થા કરવામાં મુશ્કેલી અનુભવો છો ?

હા ના

હા તો કેવી ?

૧) પહેરવેશમાં ૨) રિવાજોમાં ૩) ધર્મમાં

૪) રહેણીકરણીમાં ૫) ખાન પાનમાં ૬) અન્ય

૩૮. ગૃહ વ્યવસ્થા કરવામાં કયા પરિબળો અવરોધરૂપ બને છે ?

૧) જ્ઞાતિ ૨) ધર્મ ૩) રિવાજો

૪) આર્થિક પરિસ્થિતિ ૫) <u>કુટુંબના</u> સભ્યોની સંખ્યા

૬) <u>કુટુંબના</u> સભ્યોનો વિરોધ ૭) સ્વતંત્રતાનો અભાવ ૮) અન્ય

૩૯. તમારી ગૃહ વ્યવસ્થા કેવા પ્રકારની છે ?

૧) આયોજન પૂર્વક ૨) આયોજન વગર

આયોજન શેનું કરો છો ?

૧) નાણાકીય ૨) સામાજીક ૩) સમયનું

૪) શકિત બચે તેવું ૫) ગૃહ વ્યવસ્થાનું ૬) અન્ય

૪૦. આયોજન પૂર્વક કાર્યો કરવામાં કઈની મદદ લો છો ?

હા ના

હા તો કોની ?

૧) પતિ ૨) સંતાનો ૩) સસરા પક્ષના સભ્યોની
૪) પિયર પક્ષના સભ્યોની ૫) પડોશી ૬) મિત્રો ૭) અન્ય

૪૧. કેવા કાર્યોમાં મદદ લો છો ?

૧) રોજબરોજના કાર્યો ૨) પ્રસંગોપાત ૩) સામાજીક પ્રસંગો
૪) તહેવારોમાં ૫) ધાર્મિક કાર્યોમાં

ના તો શા માટે મદદ નથી મળતી ?

૧) પતિને ન ગમે ૨) સમાજનો ડર ૩) કુટુંબનો રિવાજ
૪) બાળકો નાના હોય ૫) વડીલો ઉંમર લાયક હોય

૪૨. તમારા ઘરમાં બજેટ બનાવવામાં આવે છે ?

હા ના

હા તો બજેટ કોણ બનાવે છે ?

૧) તમે ૨) પતિ
૩) બંન્ને મળીને ૪) ઘરના વડીલો

૪૩. તમારા ઘરનું બજેટ કેવી રીતે બનાવો છો ?

૧) અઠવાડીક ૨) માસિક
૩) વાર્ષિક ૪) પ્રસંગો દરમિયાન

૪૪. તમારા બજેટમાં આવશ્યક પ્રાથમિક જરૂરિયાતો સિવાય આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે બજેટમાં જોગવાઈ રાખો છો ?

હા ના

૪૫. તમારા ઘરમાં ખરીદીનો નિર્ણય કોણ કરે છે ?

૧) પોતે ૨) પતિ
૩) બંન્ને મળીને ૪) વડીલો

૪૬. આવકમાંથી પ્રાથમિક જરૂરિયાતોને બાદ કર્યા પછી આવકનો શેમાં ઉપયોગ કરો છો ?

૧) વધારાનું શિક્ષણ ૨) મોજ–શોખ ૩) રિવાજો
૪) ધાર્મિક કાર્યો ૫) બચત ૬) અન્ય

૪૭. વધેલા પૈસાની બચત શેમાં કરવી તે કોણ નક્કી કરે છે ?

૧) તમે ૨) પતિ
૩) વડીલો ૪) કુટુંબના સભ્યો ભેગા મળીને

૪૮. વધેલા પૈસાની બચત શેમાં કરો છો ?

૧) બેંકમાં થાપણ તરીકે ૨) વીમો ઉતરાવીને ૩) સોનુ ખરીદીને
૪) સ્થાવર મિલ્કત વસાવીને ૫) અન્ય રીતે

૪૯. કૌટુંબિક ધ્યેયો અને મૂલ્યો કોણ નક્કી કરે છે ?

૧) પતિ ૨) તમે ૩) વડીલો

૪) કુટુંબના સભ્યો ભેગા મળીને ૫) પરંપરાથી નક્કી થયેલા

૫૦. ધ્યેયને પહોંચી વળવા માટે શું કરો છો ?

૫૧. મૂલ્યો પૂર્ણ કરવામાં શું કરો છો ?

૫૨. તમારા મૂલ્યો કે ધ્યેયો નક્કી કરવામાં ધર્મ/જ્ઞાતિને કારણે સંઘર્ષ થાય છે ?

હા ના

હા તો તેનું સમાધાન કેવી રીતે કરો છો ?

૧) ચર્ચા કરીને ૨) સમાધાન કરીને

૩) બાંધછોડ કરીને ૪) અન્ય

૫૩. નવરાશનાં સમયનો ઉપયોગ શેમાં કરો છો ?

૧) વાંચન ૨) ટી.વી. જોવામાં

૩) આધ્યાત્મિક કાર્યમાં ૪) આર્થિક ઉપાર્જનમાં ૫) અન્ય

૫૪. સમય અને શકિતની બચત થાય તેવુ આયોજન કરો છો ?

હા ના

હા તો કેવી રીતે ?

૫૫. સમય અને શકિત બચાવે તેવા સાધનો ઘરમાં છે ?

હા તો કયા કયા ?

૧) ગેસ ૨) મીક્ષ્ચર ૩) જયુસર

૪) ઓવન ૫) ઘરઘંટી ૬) વેકયુમ કલીનર

૭) વોશીંગ મશીન ૮) ડીશ વોશર

૫૬. તમારી શકિતનો બચાવ થાય તે માટે સાધનો સિવાય કોઈની મદદ લો છો ?

હા ના

હા તો કોની ?

૧) ઘરના સભ્યોની મદદ ૨) નોકર ૩) બાળકો

૪) પતિ ૫) પડોશી ૬) અન્ય

૫૭. ઘર પોતાનું છે કે ભાડાનું ?

પોતાનું હોય તો

૧) ફલેટ ૨) ડુપ્લેક્ષ ૩) બંગલો

૫૮. તમારા ઘરમાં કેટલા રૂમ છે ?

૫૯. તમારા ઘરમાં બાળકોનો રૂમ અલગ છે ?

હા ના

૬૦. બાળકોના રૂમમાં કઈ કઈ સુવિધાઓ છે ?

૧) પલંગ ૨) કબાટ ૩) ખુરશી

૪) ડ્રેસીંગ ટેબલ ૫) રાઈટીંગ ટેબલ ૬) ટોઈલેટ–બાથરૂમ

૭) અન્ય

૬૧. તમને કાર્યમાં આનંદ અને સ્ફૂર્તિ રહે તે માટે રસોડુ પૂરતી જગ્યા વાળુ છે ? હા ના

હા તો કેવું ?

૧) મોટું ૨) મધ્યમ ૩) નાનુ

૬૨. તમારા રસોડામાં હવા ઉજાસ માટે ક્રોસ વેન્ટીલેશન છે ?

હા ના

૬૩. તમારા રસોડામાં પ્લેટફોર્મ છે ?

હા ના

ના તો શા માટે ?

૬૪. હા તો તમારા રસોડામાં પ્લેટફોર્મની વ્યવસ્થા કેવી છે ?

૧) I શેઈપ ૨) L શેઈપ ૩) U શેઈપ ૪) ભારતીય ઢબનું

૬૫. રસોડાની બાજુમાં કોઠાર રૂમ (સ્ટોર રૂમ) છે ?

હા ના

૬૬. કોઠારરૂમમાં પાટીયા છે ?

હા ના

હા તો કેવા ?

(૧) લાકડાના (૨) સીમેન્ટના (૩) પથ્થર (૪) અન્ય મટીરીયલ્સ

૬૭. ડબ્બાઓ ઉપર લેબલીંગ છે ?

હા ના

૬૮. રસોડામાં પાણી તથા કચરાના નિકાલની વ્યવસ્થા છે ?

હા ના

૬૯. તમારા રસોડાની પાછળ કે આસપાસ કિચનગાર્ડન છે ?

હા ના

૭૦. રસોડામાં કેવા પ્રકારના વાસણોનો ઉપયોગ કરો છો ?

૧) સ્ટીલના ૨) એલ્યુમિનિયમના ૩) પીતળના

૪) કાંસાના ૫) કાચના ૬) અન્ય

૭૧. જમવાની બેઠક વ્યવસ્થા કેવા પ્રકારની છે ?

૧) ભારતીય ૨) પાશ્ચાત્ય ૩) બંન્ને પ્રકારની

૭૨. ઘરમાં બેઠકરૂમ કેવડો છે ?

૧) નાનો ૨) મધ્યમ ૩) મોટો

૭૩. બેઠકરૂમમાં બેઠક વ્યવસ્થા કેવા પ્રકારની છે ?

૧) ભારતીય ૨) પાશ્ચાત્ય ૩) અન્ય

૭૪. ઘરમાં કયા પ્રકારનું ફર્નિચર છે ?

૧) લાકડાનું ૨) નેતરનું ૩) પ્લાસ્ટીકનું

૪) લોખંડનું ૫) સ્ટીલ ૬) અન્ય

૭૫. તમે ગૃહ–સજાવટમાં માનો છો ?

હા ના

૭૬. તમે ગૃહ–સજાવટ માટે શું કાળજી રાખો છો ?

૧) સજાવટના સિધ્ધાંતોને ધ્યાનમાં રાખીને જાતે કરો છો

૨) કોઈ સજાવટનાં નિષ્ણાંતો દ્વારા સજાવટ કરાવો છો
૩) ફર્નિચરની ગોઠવણી, સંભાળ તથા સફાઈમાં કાળજી રાખો છો
૪) નાણાકીય સગવડતાને ધ્યાનમાં રાખો છો

૭૭. તમે અનાજ–કઠોળ સિઝનમાં ખરીદો છો ?

હા ના

હા તો શા માટે ?

૧) સસ્તુ પડે છે ? ૨) જોઈએ ત્યારે મળી રહે ૩) અન્ય કારણોસર

૭૮. અનાજ અને કઠોળની સાચવણી કેવી રીતે કરો છો ?

૧) દિવેલ લગાવીને ૨) બોરીક પાવડર નાંખીને
૩) પારાની ગોળીને થેપલી બનાવીને ૪) લીમડો અને રાય નાખીને

૭૯. સિઝન પ્રમાણે શાકભાજી અને ફળ ખરીદો છો ?

હા ના

ના તો

૧) બારેમાસ મળે છે ૨) ઘરમાં કોઈ ખાય નહી
૩) બજેટ બહાર જાય ૪) અન્ય

હા તો

૧) સસ્તા પડે છે ૨) આજુબાજુમાંથી સરળતાથી મળી રહે છે
૩) સિઝનમાં પૌષ્ટિકતા સારી હોય છે ૪) અન્ય

૮૦. અથાણા તથા સૂકવણી તેમજ સોસ જેવી વસ્તુ ઘરે બનાવો છો ?

હા ના

હા તો શા માટે ?

૧) શોખ છે ૨) સસ્તુ પડે
૩) વસ્તુ સારી મળે ૪) સમય મળે

ના તો શા માટે ?

૧) સમય નથી ૨) બારેમાસ મળે ૩) કડાકૂટ ન ગમે